# વાર્તાઓ અને નાટકો

# પહેલાંના, લેખો, વાર્તાલાપો અને નોંધો

અને

# સુક્તિસુધા

શતાબ્દી ગ્રંથ

૨

# શ્રી મા

**જન્મ**

ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—

**ભારતમાં આગમન**

માર્ચ ૨૯, ૧૯૧૪

—

**મહાસમાધિ**

નવેમ્બર ૧૭, ૧૯૭૩

—

**જન્મશતાબ્દી**

ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮



**પ્રકાશક :** શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ, શ્રી અરવિંદ સોસાયટી,
'સેન્ટર', પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

૦

**શતાબ્દી ગ્રંથ ૨**

**પ્રથમ આવૃત્તિ** (શતાબ્દી આવૃત્તિ) નવેમ્બર ૧૯૭૮

**પ્રત** : ૧૦૦૦

**કિંમત** : રૂા. ૨૪-૦૦

(c) શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

**: પ્રાપ્તિ સ્થાન :**

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રિતમનગર, પહેલો ઢાળ,
એલિસબ્રિજ, **અમદાવાદ ૩૮૦ ૦૦૬.**

૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ,
દાંડિયા બજાર, **વડોદરા**

૩ SABDA, SRI AUROBINDO ASHRAM
**PONDICHERRY** 605 002.

---

**મુદ્રક :**

શ્રી ગોવર્ધન દવે, નવસર્જન એકેડેમી પ્રેસ, નારગોળ ૩૯૬ ૧૩૫, જિ. વલસાડ

# પ્રકાશકની નોંધ

શ્રી માતાજીની જન્મ શતાબ્દીના અવસરે હમણાં અંગ્રેજીમાં પ્રગટ થતાં Collected Works of the Mother ના બીજા ગ્રંથની મોટાભાગની સામગ્રીના ગુજરાતી અનુવાદનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં મુખ્યત્વે શ્રી માતાજી ૧૯૨૦માં પોંડિચેરી આવીને કાયમ માટે વસ્યા તે અગાઉની તેમની કૃતિઓ–વાર્તાઓ, નિબંધો, નોંધો અને વાર્તાલાપો આવે છે. એમાં વાર્તાઓ આવતી હોવાથી શ્રી અરવિંદ આશ્રમનું આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્ર શરૂ થયા બાદ એ કેન્દ્રના વાર્ષિકોત્સવ નિમિત્તે લખાયેલા શ્રી માતાજીના નાટકોના ગુજરાતી અનુવાદ પણ આ ગ્રંથમાં સમાવી લીધા છે. અને છેલ્લે શ્રી માતાજીની વિભિન્ન કૃતિઓમાંથી વિભિન્ન વિષયો અંગે પ્રેરક અને માર્ગદર્શક વિચારરત્નોનો શ્રી માધવ પંડિતે તેમની The Mother of Love નામની ગ્રંથશ્રેણીમાં કરેલા સંચયનો અનુવાદ પણ આ ગ્રંથમાં લઈ લીધો છે. આમ આ ગ્રંથમાં ચાર પ્રકારની કૃતિઓનો સમાવેશ થયો છે. વાર્તાઓ, નાટકો, પહેલાંના લેખો અને નોંધો અને સુકિતસુધા.

એમની વાર્તાઓ મૂળ ફ્રેન્ચ ભાષામાં Belles Histoires ના શિર્ષક સાથે ૧૯૪૬માં પ્રગટ થઈ હતી જે શ્રી માતાજીએ શ્રી એફ. જે. ગાઉલ્ડના "યુથ્સ નોબલ પાથ" માંથી સામગ્રી લઈને ફ્રેન્ચમાં લખી હતી. આ ગ્રંથમાં આ ઉપરાંત શ્રી માતાજીની બીજી હજી સુધી અપ્રગટ વાર્તાઓ–સમભાવ, કુટુંબ, રંગાનંદ અને તેના પિતા, ધોળો હાથી, વિનમ્રતા, જ્ઞાનવિજય અને દાતા–પણ સમાવી લીધી છે.

'પહેલાંના લેખો' તથા 'નોંધો અને ચિંતન' માં શ્રી માતાજીએ ૧૯૧૧ થી ૧૯૧૩ની વચ્ચે ફ્રાન્સના શ્રેયની શોધ અને સાધનામાં વ્યસ્ત એવા વિભિન્ન જુથોને અનુલક્ષીને તૈયાર કરેલા તથા તેમની સમક્ષ રજૂ કરેલા નિબંધો અને વાર્તાલાપો ઉપરાંત ૧૯૧૬ અને ૧૯૨૦ની વચ્ચે જાપાનમાં લખાયેલા વાર્તાલાપોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં 'નોંધો અને ચિંતન' શિર્ષક હેઠળ પ્રકાશિત કૃતિઓ તાજેતરમાં જ પ્રકાશમાં આવી છે. એ કૃતિઓ તથા 'વિચાર વિષે' ની એમની નોંધો અત્રે પ્રથમ વાર પ્રકટ થાય છે.

શ્રી માતાજીની જન્મશતાબ્દીના અવસરે 'શ્રી માતૃવાણી' શિર્ષક હેઠળ પ્રગટ થતા ગ્રંથોમાં આ બીજો ગ્રંથ છે. આમ ધીમે ધીમે આ અવસરે અંગ્રેજીમાં પ્રસિદ્ધ થઈ રહેલી The Collected Works of the Mother ની ગ્રંથશ્રેણીમાં પ્રકાશિત તમામ સામગ્રી ગુજરાતી ભાષામાં પ્રકટ કરવાની અમારી નમ્ર અભિલાષા છે.

*

# અનુક્રમ


**વાર્તાઓ**

આત્મ સંયમ ૨
હિંમત ૮
પ્રસન્નતા ૧૮
સ્વાશ્રય ૨૨
ધીરજ અને ખંત ૨૭
સાદું જીવન ૩૨
વિવેક બુદ્ધિ ૪૦
સત્યનિષ્ઠા ૪૫
સાચો નિર્ણય ૫૮
સુવ્યવસ્થા ૬૪
રચના અને વિનાશ ૭૧
સમભાવ ૭૭
કુટુંબ ૮૭
રંગાનંદ અને તેના પિતા ૯૮
ધોળો હાથી ૯૯
વિનમ્રતા ૧૦૧
જ્ઞાન વિજય ૧૧૦
દાતા ૧૧૫

**નાટકો**

ભાવિ તરફ ૧૨૧
મહારહસ્ય ૧૪૧
સત્ય પ્રતિ આરોહણ ૧૬૬

**પહેલાંના લેખો**

'આ હમણાં'ની કેડી ૧૮૩
નીલમ કથા ૧૮૭
એક નેતા ૧૯૨
વિચાર વિષે ૨૦૦
સામાન્ય ઉદ્દેશ ૨૦૯
અંતરમાં રહેલી દિવ્યતા ૨૧૧
સ્વપ્નો વિષે ૨૧૨
પરમ શોધ ૨૨૧
સભાઓ ૨૨૮
જાપાનની સ્ત્રીઓ સાથે વાર્તાલાપ ૨૪૬
જાપાન વિષે સંસ્મરણો ૨૫૮
વિચાર વિષે ૧ ૨૬૧
વિચાર વિષે ૨ ૨૬૨

**સુક્તિસુધા**

સામીપ્ય, આત્મનિવેદન ૨૭૮
વિરોધો ૨૭૯
ભય અને મૃત્યુ, મુશ્કેલીઓ ૨૮૦
શિસ્ત ૨૮૨
ભગવાન અને આપણે ૨૮૩
મતાગ્રહ, પૃથ્વી, પ્રયત્ન ૨૮૬
સહકાર ૨૮૭
શકિત, અનિષ્ઠ, નિષ્ફળતા, શ્રદ્ધા ૨૮૮
છેતરામણ, આનંદ, નિરાશા ૨૯૦
ભય, ખોરાક, આગળ વધો ૨૯૧
સ્વતંત્રતા, મિત્ર, પ્રતિભા, લક્ષ્ય ૨૯૨
શુભ, ગપસપ, કૃપા ૨૯૩
કૃતજ્ઞતા, સુખ ૨૯૪
સંવાદિતા, ધૃણા, ઊંચાઈ અને ગહનતા, સહાયતા ૨૯૫
પોતાના વિષે, વિરોધી બળો ૨૯૬
માનવ સ્વભાવ, વિનમ્રતા ૨૯૭

હું, વિચાર, આદર્શ, અજ્ઞાન ૨૯૮
માંદગી, અધિરાઈ, અસંભવ,
અપૂર્ણતા ૨૯૯
અપાત્રતા, અગવડ, ભારત, વ્યકિત ૩૦૦
અંતર્બાહ્ય ૩૦૧
અંતર્યામી, પૂર્ણ સાક્ષાત્કાર, બુદ્ધિ
મધ્યંતર સત્તા, ઈર્ષ્યા ૩૦૨
સચ્ચાઇનો અભાવ, આનંદ, ન્યાય ૩૦૩
ઔચિત્ય, કાલિ, કર્મ, જ્ઞાન ૩૦૪
કૃષ્ણ, આત્મા ૩૦૫
આળસ, મુકિત, જીવન ૩૦૬
પ્રકાશ, ગમા અણગમા, મર્યાદાઓ
તર્કબુદ્ધિ, લાંબો પંથ ૩૦૭
પ્રભુ, લાભહાનિ, પ્રેમ ૩૦૮
મનુષ્ય ૩૧૦
આવિર્ભાવ ૩૧૧
લગ્ન, પ્રભુત્વ, ભૌતિક પદાર્થ ૩૧૨
ચમત્કાર, ભૂલો, દુઃખ, ઉપહાસ, પૈસો ૩૧૩
નૈતિકતા, ગતિ, હેતુ ૩૧૪
ગૂઢ દ્વાર, સંગીત, રાષ્ટ્ર, નિકટતા,
પ્રકૃતિ ૩૧૫
નવીન ૩૧૬
અવાજ, સંખ્યા, તપસ્, અવરોધ,
સ્વાર્પણ, લક્ષ્ય ૩૧૭
માતાજી પોતાના વિષે, ખુલ્લાપણું ૩૧૮
અભિપ્રાયો, વિરોધ, આપણી
પ્રાર્થના ૩૧૯
દુઃખ, પક્ષપાત, ભૂતકાળ અને
ભવિષ્ય, ધીરજ ૩૨૦
શાંતિ ૩૨૧
પૂર્ણતા ૩૨૨
તત્ત્વજ્ઞાન, શારીરિક તાલીમ ૩૨૩
માલિકી, પ્રાર્થના, ઉદાહરણ ૩૨૪
શકિત, દંભ, નમ્રતા, સમસ્યા ૩૨૫
પ્રગતિ ૩૨૬
ભવિષ્યવાણી, સંરક્ષણ, ચૈત્ય સત્તા ૩૨૮
પ્રયોજન, વિશુદ્ધ ૩૨૯
પ્રતિભાવો, દુષ્ટ વિચાર, સમતુલા
વર્તણુંક, ઉદારતા, આધાર ૩૩૦
આરંભ, માનવમાં રહેલ પશુ,
જન્મ દિવસ ૩૩૧
ભાગ્યશાળી દિવસ, શરીર સૌંદર્ય ૩૩૨
પૂકાર, શાંતિ, કાળજી ૩૩૩
આપત્તિ, પરિવર્તન ૩૩૪
બાળક ૩૩૫
સંજોગો, પસંદગી ૩૩૬
સદ્ગુણો ૩૩૭
ઝઘડાઓ, પંથો નીરવતા, સાક્ષાત્કાર ૩૩૯
બુદ્ધિ, ગ્રહણશીલતા, ઓળખ, પાછે-
હઠ, આશ્રય, આરામ, ધૈર્ય, ઇલાજ,
સ્મરણ, ત્યાગ, એકાગ્રતા ૩૪૦

**નોંધો અને ચિંતન**

પ્રભુ પ્રત્યે આરોહણ ૩૪૫
બે સમાંતર ધારાઓ ૩૪૮
પરમ જ્યોતિ પ્રતિ ૩૫૦
ત્રણ સ્વપ્ન ૩૫૧
મારા વિષે ૩૫૬

**શબ્દ સૂચિ** ૩૫૭

*

# વાર્તાઓ અને નાટકો

# આત્મ-સંયમ

આપણે એક જંગલી ઘોડાને વશ કરી શકીએ છીએ, પણ વાઘના મોંમાં લગામ ચડાવી શકતા નથી.

એમ કેમ ? કારણ કે વાઘમાં એક એવી દુષ્ટ શકિત રહેલી છે કે જે ખૂબ જ ક્રૂર છે, કોઈ પણ રીતે કાબૂમાં આવે એવી નથી અને તેથી તેને કોઈ પણ સારો સંસ્કાર આપી શકાય તેમ નથી. ઊલટું, આપણે એ પ્રાણીનો નાશ કરવો એ ફરજ રૂપ થઈ પડે છે, કેમકે એમ નહિ કરીએ તો તે આપણને જ નુકસાન પહોંચાડે તેમ છે.

પરંતુ જંગલી ઘોડો શરૂ શરૂમાં ભલે ગમે તેવો તોફાની હોય, અડિયેલ હોય તો પણ થોડીએક મહેનત અને ધીરજપૂર્વક આપણે તેને કાબૂમાં લઈ શકીએ છીએ. વખત જતાં તે આપણી આજ્ઞાનું પાલન કરતો થાય છે, આપણને પ્રેમ કરતો થાય છે. અને છેવટે તો તે આપણે તેને લગામ ચડાવવા જઈએ ત્યારે પોતાનું મોં આગળ ધરે છે.

મનુષ્યની અંદર પણ આ પ્રકારની કેટલીક ઉદ્દણ્ડ, તોફાની વૃત્તિઓ રહેલી છે. પરંતુ એ વૃત્તિઓ એવી નથી કે વાઘની પેઠે તે લેશ પણ કાબૂમાં આવી જ ન શકે. આ વૃત્તિઓ મોટે ભાગે તો જંગલી ઘોડા જેવી જ હોય છે. અને તેમને સંસ્કાર આપવા માટે તેમને લગામ ચડાવવાની જરૂર રહે છે. આ વૃત્તિઓ માટે ઉત્તમમાં ઉત્તમ લગામ તો તે છે કે જે માણસ પોતે જ પોતા ઉપર ચડાવે. એ લગામનું નામ છે આત્મ-સંયમ.

***

મહંમદ પયગંબરને એક હુસેન નામે સગા હતા. તેઓ એક આલેશાન મકાનમાં રહેતા હતા. એમના ભંડાર ધનથી ભરેલા રહેતા હતા. એવા માણસને નારાજ કરવા એટલે કે એક ધનિકને નારાજ કરવો. અને ધનિકનો ક્રોધ તો ભયંકર જ હોય.

એક દિવસ હુસેન ભોજન કરતા હતા ત્યારે તેમનો એક ગુલામ ગરમાગરમ પાણીનું વાસણ લઈને ત્યાં થઈને નીકળ્યો. નસીબનું કરવું ને તેના હાથમાંનું પાણી છલકાયું અને હુસેન તો ક્રોધથી બરાડી ઊઠયા.

ગુલામ તેમની પાસે ઢીંચણિયે બેસી પડયો. એનું મન તે વખતે ઘણું સ્વસ્થ હતું અને એથી એ પ્રસંગને બંધ બેસે તેવી કુરાનની એક આયાત તેને યાદ આવી ગઈ અને તે બોલ્યો :

'સ્વર્ગ તો તેમને મળે છે કે જેઓ પોતાના ક્રોધને જીતી શકે છે.'

એ શબ્દોનો અર્થ સમજાતાં વેંત જ હુસેન બોલી ઊઠયા: 'મને કાંઈ ક્રોધ ચડયો નથી.'

એટલે ગુલામ આગળ બોલ્યે ગયો:

'અને સ્વર્ગ તેમને મળે છે કે જેઓ બીજાઓને ક્ષમા આપે છે.'

એ સાંભળીને હુસેન બોલ્યા: 'હું તને ક્ષમા કરું છું.'

ગુલામ આગળ બોલતો રહ્યો: '–કેમકે જેઓ દયાળુ છે તે અલ્લાહને પ્રિય છે.'

એ પ્રમાણે વાતચીત થતી રહી તે દરમિયાન જ હુસેનનો સઘળો ક્રોધ ઓસરી ગયો. હુસેને જોયું કે તેમનું હૃદય ખૂબ જ કોમળ થઈ રહ્યું છે. તેમણે ગુલામને ઊભો કર્યો અને કહ્યું:

'લે, આ ચારસો અશરફી લે. હું તને આજથી સ્વતંત્ર કરું છું.'

આ પ્રમાણે હુસેન પોતાના ઉદાર છતાં ઉતાવળા મન ઉપર લગામ ચડાવતાં શીખ્યા. એમના ઉમદા સ્વભાવમાં એવી કશી દુષ્ટતા ન હતી, ક્રૂરતા ન હતી કે જેને કદી કાબૂમાં લઈ જ ન શકાય.

***

એટલે, બાળકો, જો તમારાં માબાપો અથવા તો તમારા શિક્ષકો તમને તમારા સ્વભાવ ઉપર અંકુશ મૂકવાનું કહે તો તમારે એમ ન સમજવું કે તમારી અંદરના દોષ, પછી તે નાના હો કે મોટા, બિલકુલ સુધરી શકે તેવા જ નથી. ઊલટું, તમારે એમ સમજવાનું છે કે તમારું વેગીલું અને ઉતાવળું મન એક જાતવાન જુવાન વછેરા જેવું છે અને તેને તમારે એક લગામ પહેરાવવાની છે.

કહો જોઈએ, તમને એમ પૂછવામાં આવે કે એક ગરીબડી ઝૂંપડી અને એક ભવ્ય રાજમહેલ એ બેમાંથી તમે શેમાં રહેવું પસંદ કરો, તો તમે શો જવાબ આપશો? તમે જરૂર મહેલમાં જ રહેવાને તૈયાર થશો.

હજરત મહંમદ પયગમ્બરનો એક પ્રસંગ છે. એક વાર તેઓ સ્વર્ગની મુલાકાતે ગયેલા. ત્યાં તેમણે એક ઊંચા પ્રદેશ ઉપર ખૂબ જ ભવ્ય અને સુંદર મહેલો જોયા. આજુબાજુની જમીન ઉપર એ મહેલ ખૂબ જ શોભી રહ્યા હતા. તેમને સ્વર્ગ બતાવવા માટે એક દેવદૂત સાથે આવેલો હતો. આ મહેલો જોઈને એ દેવદૂતને તેમણે પ્રશ્ન કર્યો,

'હે જિબ્રાઈલ, આ મહેલો કોને માટે છે?'

દેવદૂતે જવાબ દીધો, 'જેઓ પોતાના ક્રોધને જીતી શકે છે અને પોતાને હાનિ પહોંચાડનારને ક્ષમા કરી શકે છે તેમને માટે આ મહેલો છે.'

અને સાચે જ, જે મન શાંત છે, દ્વેષરહિત છે તે ખરેખર એક મહેલ જેવું જ છે. પણ તો પછી જે મન ખૂબ જ અશાંત, ધાંધલિયું, ઝેરીલું છે તેને શું કહેવાય? ખરેખર એને મહેલ તો નહિ જ કહેવાય. આપણું મન એક મકાન જેવું છે. એને આપણે ધારીએ તો સ્વચ્છ, શાંત અને મધુર, સંવાદી સુરાવટથી ભરેલું રાખી શકીએ છીએ, અને ધારીએ તો એને એક અંધારી ભયંકર ગુફા જેવું પણ બનાવી શકીએ છીએ, એને અનેક કર્કશ ઘોંઘાટો અને બુમરાણોથી ભરી દઈ શકીએ છીએ.

***

ફ્રાન્સના ઉત્તર ભાગમાં આવેલા એક શહેરમાં રહેતો એક યુવાન મારા પરિચયમાં આવ્યો હતો. એ ઘણો જ સરલ અને નિખાલસ મનનો હતો, પરંતુ એનું હૃદય બહુ જ આવેશપ્રધાન હતું. કોઈ પણ ક્ષણે તે ગુસ્સે થવાને તૈયાર રહેતો.

એક દિવસે મેં એને કહ્યું, 'તું એક વાતનો જવાબ મને વિચાર કરીને આપીશ? તારા જેવા જોરાવર જુવાન માણસ માટે કયું કામ અઘરું ગણાય? ધારો કે તારો એક મિત્ર તને આવીને મારી જાય તો તેના બદલામાં તેને તમાચની સામે તમાચ મારવી, એના મોં ઉપર એક મુક્કી લગાવી દેવી એ તને અઘરું કામ લાગે કે એ વખતે તારી મુક્કીને તારા ખિસ્સામાં નાખી દેવી એ તને અઘરું લાગે?'

'મારી મુક્કીને ખીસ્સામાં નાખી દેવી એ,' તેણે જવાબ દીધો.

'તો હવે એ કહે કે તારા જેવા ઉત્તમ અને હિંમતવાન યુવકે સહેલું કામ હોય તે કરવું જોઈએ કે અઘરું હોય તે કરવું જોઈએ.'

એક મિનિટ તો તે વિચારમાં પડી ગયો અને પછી બોલ્યો,

'જે અઘરું હોય છે તે જ.'

'તો હવે ભવિષ્યમાં કોઈ પ્રસંગ આવે ત્યારે અઘરું કામ હોય તે જ કરવાનો પ્રયત્ન કરજે.'

તે પછી થોડાક સમય બાદ તે યુવક એક દિવસ મારી પાસે આવ્યો અને સાચા અભિમાનપૂર્વક તેણે મને કહ્યું કે તે 'પેલું અઘરું કામ' કરવામાં સફળ થયો છે.

પોતાની વાત કહેતાં તે બોલ્યો, 'અમારા કારખાનામાં મારો એક મિત્ર છે. એનો સ્વભાવ બહુ જ ખરાબ છે. એક દિવસ એણે ગુસ્સામાં આવી મને મારી દીધું. એને ખબર હતી કે હું કોઈને સામાન્ય રીતે કદી માફ કરતો નથી. હું ખૂબ જોરાવર

છું એ પણ એ જાણતો હતો. એટલે મને મારી દીધા પછી એ પોતાના બચાવ માટે તૈયાર થઈ ગયો. એ જ વખતે મને આપે કહેલી વાત યાદ આવી, તરત જ આપે કહ્યા પ્રમાણે વર્તન કરવા મેં વિચાર કર્યો પણ એ તો મેં ધાર્યા કરતાં પણ ઘણું વધારે કઠણ દેખાવા લાગ્યું. તોપણ મેં તો મારી મુક્કીને ખિસ્સામાં નાખી દીધી. અને હું એ કરી શકયો કે તરત જ મેં જોયું કે એટલામાં તો મારો ગુસ્સો કયાંય ચાલ્યો ગયો હતો. અને ઊલટું પેલા મિત્ર તરફ મને દયા આવવા લાગી હતી. અને એના તરફ મેં મારો હાથ લંબાવ્યો, એ જોઈ પેલાને ખૂબ જ આશ્ચર્ય થયું. ઘડીભર તો તે મોં ફાડીને મારી સામે મૂંગો મૂંગો જોઈ જ રહ્યો, અને પછી એકદમ ધસીને તેણે મારો હાથ પકડી લીધો, મારા હાથને ખૂબ જોરથી દબાવ્યો અને ખૂબ જ પીગળી જઈને બોલ્યો, તારે મને જે કરવું હોય તે તું કરી શકે છે. હું હવે હંમેશાં તારો મિત્ર જ રહીશ.'

એ જુવાને પોતાના ક્રોધ ઉપર ખલીફ હુસેનની માફક જ કાબૂ મેળવ્યો હતો.

પરંતુ આ ઉપરાંત બીજી પણ કેટલીક બાબતો છે કે જેમના ઉપર પણ આપણે કાબૂ મેળવવાની જરૂર છે.

*
* *

અરબસ્તાનનો એક કવિ અલ કોસઈ રણમાં રહેતો હતો. એક દિવસ નાબાનું એક સુંદર ઝાડ એના જોવામાં આવ્યું. એ ઝાડની ડાળીઓમાંથી તેણે એક ધનુષ્ય તથા બાણ બનાવ્યાં.

રાત પડી એટલે એ ધનુષ્ય બાણ લઈ તે જંગલી ગધેડાંઓનો શિકાર કરવા નીકળી પડયો. થોડી જ વારમાં એણે ગધેડાંના એક ટોળાંનાં પગલાંઓના અવાજ સાંભળ્યો. અને તેણે એક તીર છોડયું. એણે એટલા તો જોરથી ધનુષ ખેંચીને તીર છોડયું કે તે ગધેડાના શરીરને વીંધીને આરપાર નીકળી ગયું અને પાસેના એક પથ્થર સાથે જોરથી અફળાયું. બાણના એ અફળાવાનો અવાજ સાંભળીને અલ કોસઈએ વિચાર્યું કે મારો ઘા ખાલી ગયો છે. એટલે એણે બીજું તીર છોડયું. એ તીર પણ એક બીજા ગધેડાને વીંધી આરપાર નીકળી ગયું અને પથ્થર સાથે અફળાયું. અલ કોસઈએ પાછું ફરી ધાર્યું કે એનો ઘા ખાલી ગયો છે. એટલે એણે પાછું ત્રીજું બાણ છોડયું, ચોથું બાણ છોડયું, પાંચમું બાણ છોડયું. અને હરેક વખતે તેને પેલા જેવો જ પથ્થર સાથે અફળાવાનો અવાજ સંભળાયો. એમ પાંચમી વાર પણ જ્યારે એને પોતાનું તીર ખાલી જતું દેખાયુ ત્યારે એણે ક્રોધમાં આવીને પોતાનું ધનુષ જ તોડી નાખ્યું.

બીજે દિવસે સવારે આવીને તેણે જોયું તો પેલા પથ્થર પાસે પાંચ ગધેડાં મરેલા પડયાં હતાં.

એનામાં જો થોડીએક વધુ ધીરજ હોત, સવાર થાય ત્યાં સુધી એ જો રાહ જોઈ શકયો હોત તો એ પોતાના મનની શાંતિ બચાવી શકયો હોત અને સાથે સાથે પોતાનું ધનુષ પણ બચાવી શકયો હોત.

*
* *

પરંતુ આમાંથી પાછું કોઈએ એમ નથી સમજવાનું કે અમે એવી શિખામણ આપવા માગીએ છીએ કે જેને લીધે માણસનું ચારિત્ર્ય દુર્બળ થાય અને તેનામાંથી તમામ ઉત્સાહ અને બળ ચાલ્યુ જાય. આપણે જંગલી ઘોડાને લગામ ચડાવીએ છીએ તો તે કંઈ ઘોડાનું મોં ફાડી નાખવા માટે કે તેના દાંત તોડી નાખવા માટે આપણે કરતા નથી. આપણે જો ઘોડા પાસે વધારે સારું કામ લેવા માગતા હોઈએ તો પછી તેને લગામ ચડાવવાનો આપણો હેતુ એ હોય કે એ લગામ દ્વારા આપણે તેને ધાર્યો ચલાવી શકીએ. આપણે એ લગામ એવી નિર્દય રીતે કંઈ વાપરવાની નથી કે જેથી ઘોડો આગળ ચાલતો જ અટકી જાય.

એ એક કમનસીબ બાબત છે કે ઘણાએક નિર્બળ સ્વભાવના માણસો ઘેટાં જેવા જ હોય છે. એમને ચલાવવા માટે એકાદ નાનકડો ડચકારો પણ બહુ થઈ પડે છે.

વળી કેટલાક માણસો ગુલામ જેવા પણ હોય છે. એમનામાં કશું સાનભાન કે શકિત હોતાં નથી, અને તે તદ્દન નિરાધાર અને જડ જેવા હોય છે.

અબૂ ઉસ્માન અલ-હિરી તેની વધુ પડતી બેહદ ધીરજ માટે ખૂબ જાણીતો હતો. એક વાર એને એક ઉત્સવમાં જવા માટે આમંત્રણ મળ્યું. એ જ્યારે પોતાને બોલાવ-નારને ઘેર પહોંચ્યો ત્યારે તે માણસ બોલ્યો, ‘મને માફ કરશો. આજે હું તમારું સ્વાગત કરી શકું તેમ નથી. કૃપા કરી આપ પાછા જાઓ. અલ્લાહ આપના પર મહેર રાખે.’

એ સાંભળી અબૂ ઉસ્માન પોતાને ઘેર પાછો ચાલ્યો ગયો. એ ઘેર પહોંચ્યો ન પહોંચ્યો એટલામાં તો પેલો મિત્ર એની પાસે આવી પહોંચ્યો અને તેને ફરી પાછું આમંત્રણ આપ્યું.

અબૂ ઉસ્માન પાછો એ મિત્રની પાછળ પાછળ ચાલતો તેના ઉંબર સુધી પહોંચ્યો, પણ એ મિત્રે એને પાછો ત્યાં જ રોકી રાખ્યો, ફરી પાછી એની ક્ષમા માગી. અને અબૂ ઉસ્માન કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના ત્યાંથી પાછો ફરી ગયો.

આ જ રીતે એને પાછો ત્રીજી વાર, ચોથી વાર બોલાવવામાં આવ્યો અને પાછો કાઢવામાં આવ્યો. છેવટે એ મિત્રે તેનું સ્વાગત કર્યું અને સૌના દેખતાં કહ્યું, ‘અબૂ ઉસ્માન, આ બધું મે તમારા સ્વભાવની પરીક્ષા લેવા માટે કરેલું છે. તમારી ધીરજ અને નમ્રતા જોઈને મને બહુ માન થાય છે.’

જવાબમાં અબૂ ઉસ્માને કહ્યું, 'આમાં મારાં વખાણ કરવા જેવું કશું નથી. કારણ કે આવો ગુણ તો કૂતરામાં પણ હોય છે. એમને બોલાવો ત્યારે એ પાસે આવે છે અને તરછોડી કાઢો ત્યારે તે પાછાં ચાલ્યાં જાય છે.'

પણ વાત એ છે કે અબૂ ઉસ્માન માણસ હતો, કૂતરો નહિ. એણે ન્યાય કે સ્વમાનનો લેશ પણ ખ્યાલ રાખ્યા વિના પોતાની ઈચ્છાને પણ સાવ જતી કરી દીધી અને મિત્રોની આગળ મશ્કરીનું પાત્ર બની રહ્યો, અને એથી કોઈને પણ કશો લાભ થયો નહિ.

તો શું આવા અતિનમ્ર સ્વભાવના માણસમાં પણ એવી કોઈ વસ્તુ નથી કે જેને કાબૂમાં લેવાની જરૂર ન હોય? હા, છે. એ ચીજ તો વળી બીજી બધી ચીજો કરતાં પણ કાબૂમાં લેવી વધુ મુશ્કેલ છે. એ ચીજ છે માણસના સ્વભાવની દુર્બળતા. અબૂ ઉસ્માનમાં એ દુર્બળતા આવવાનું કારણ એ હતું કે તેને પણ પોતાની જાત સાથે કઈ રીતે કામ લેવું તેનું જ્ઞાન ન હતું. અને તેથી હર કોઈ માણસ આવીને પોતાની ઈચ્છા મુજબ તેને નચાવી જતું હતું.

***

એક જુવાન બ્રહ્મચારી બહુ જ ચતુર હતો અને પોતાના આ ગુણ વિષે તે સભાન પણ હતો. વળી તેને પોતાની આ શક્તિમાં હમેશાં વધારો કરતા રહેવાની ઈચ્છા પણ રહેતી અને તે દ્વારા તે પોતાની સર્વત્ર પ્રશંસા થાય એમ પણ ઝંખતો હતો. એટલા માટે તેણે અનેક દેશોમાં પ્રવાસ પણ ખેડયો હતો.

એ મુસાફરીમાં તેણે એક તીર બનાવનાર પાસેથી તીર બનાવવાનું જ્ઞાન મેળવ્યું.

થોડે આગળ જઈને તેણે હોડી બનાવવાનું અને હોડીને હંકારવાનું કામ શીખી લીધું.

ત્યાંથી આગળ ચાલતાં તેણે મકાન ચણવાની કળા શીખી લીધી. ત્યાંથી પછી બીજે ઠેકાણે જઈ તેણે બીજી કળાઓ પણ જાણી લીધી.

એમ કરતાં કરતાં સોળ દેશોમાં ફરીને તે ઘેર આવ્યો અને ખૂબ જ અભિમાન–પૂર્વક કહેવા લાગ્યો, 'આ પૃથ્વી ઉપર મારા જેવો ચતુર માણસ હવે બીજો કોણ છે?'

એક દિવસ ભગવાન બુદ્ધે આ બ્રહ્મચારીને જોયો અને તેમને થયું કે આ માણસ અત્યાર સુધીમાં ઘણી કળાઓ શીખી લાવ્યો છે. પણ તેને હજી એ સૌ કરતાં પણ વધુ મોટી કળા શીખવા મળી નથી. તેઓ પોતે એને મળે તો ખૂબ જ સારું થાય એટલે તેમણે ઘરડા શ્રાવણનું રૂપ લીધું અને પેલા યુવાનની પાસે ગયા. તેમના હાથમાં એક ભિક્ષા પાત્ર હતું.

'આપ કોણ છો?' બ્રહ્મચારીએ તેમને પૂછયું.

'હું મારા શરીરને કાબૂમાં રાખી શકું તેવો એક માણસ છું.'

'એટલે આપ શું કહેવા માગો છો?'

'એક બાણાવળી પોતાનાં બાણ ચલાવી જાણે છે.' બુદ્ધે જવાબ દીધો. 'એક નાવિક હોડી ચલાવી જાણે છે. મકાન બાંધનાર સ્થપતિ પોતાની દેખરેખ હેઠળ મકાનો બંધાવી શકે છે. પરંતુ જે જ્ઞાની છે તે બીજા કોઈ ઉપર નહિ પરંતુ પોતાના ઉપર જ શાસન કરે છે.'

'એ કઈ રીતે?'

'જો કોઈ એની પ્રશંસા કરે તો તેથી તેનું મન કંઈ ફુલાતું નથી. કોઈ તેની નિંદા કરે તો તેથી પણ તેના મનની સ્થિરતામાં ભંગ પડતો નથી. તે પ્રાણીમાત્રના હિતને ખાતર કાર્ય કરતો હોય છે અને હમેશાં શાંતિમાં રહેતો હોય છે.'

માટે હે ઉત્તમ બાળકો, તમે પણ આ પ્રમાણે પોતાના ઉપર શાસન કરતાં શીખો. અને તમારા સ્વભાવ ઉપર કાબૂ મેળવવા માટે તમારે એક કઠોર લગામ ચડાવવી પડે તો પણ તેની તમે ફરિયાદ ન કરશો.

લાકડાનો બનાવેલો ઘોડો શાંત જ હોય છે. એના બનાવનારે તેને બનાવ્યો હોય તેવો ને તેવો જ તે હંમેશાં રહે છે. તેના ઉપર લગામ ચડાવવામાં આવે તો પણ તે રમતને ખાતર જ હોય છે. એના કરતાં એક ચંચળ ઊછળતો જુવાન ઘોડો ઘણો જ વધુ ઉત્તમ ગણાય, પછી ભલે તે બહુ ધીરે ધીરે ડાહ્યો થતો હોય.

# હિંમત

તમે પાણીમાં પડી ગયા છો. પણ એ વિશાળ જળરાશિ તમને ગભરાવી મૂકતો નથી. તમે હાથ પગ હલાવવા મંડી પડો છો, અને તમારા મનમાં મનમાં તમને તરવાનું શીખવનાર ઉસ્તાદનો આભાર માનો છો. તમે મોજાં સાથે બાથ ભીડો છો. તમે બચી જાઓ છો. અને એમ તમે એક બહાદુરીનું કામ કરો છો.

તમે ઊંઘી ગયા છો. 'આગ, આગ!' એક બૂમ સંભળાય છે. તમે જાગી પડો છો, પથારીમાંથી કૂદી પડો છો. આગની લાલ લાલ ઝાળો દેખાય છે. તમે ભયભીત નથી થતા. આગના ભડકા, તણખા, ધુમાડો એ બધું વીંધતા વીંધતા તમે નાસી નીકળો છો, તમારી જાતને બચાવી લો છો. એ પણ એક હિંમતભર્યું કામ છે.

થોડા વખત ઉપર ઈંગ્લૅન્ડમાં હું એક બાળકોની શાળા જોવા ગઈ હતી. શાળાનાં બાળકો ત્રણ અને સાતની ઉંમર વચ્ચેનાં હતાં. છોકરા હતા, છોકરીઓ હતી. કોઈ ગૂંથતાં હતાં, કોઈ ચિત્ર કરતાં હતાં, કોઈ વાર્તા સાંભળતાં હતાં તો કોઈ ગાતાં હતાં.

શિક્ષકે મને કહ્યું, 'અમે હવે આગની ખબર આપીશું. આગ લાગેલી તો નથી જ, પણ બાળકોને એમ શીખવવામાં આવ્યું છે કે ભયની ઘંટડી વગાડવામાં આવે કે તરત બધાંએ ઊભા થઈ જવું અને એકદમ બહાર ચાલ્યા જવું.'

પછી શિક્ષકે એક સિસોટી વગાડી. સિસોટીનો અવાજ સાંભળતાં જ બાળકોએ પોતાનાં પુસ્તકો નીચે મૂકી દીધાં, પોતાની પેન્સિલો, સોય દોરા, બધું નીચે મૂકી દીધું અને ઊભા થઈ ગયાં. બીજી વાર સિસોટી વાગતાં, સૌ બાળકો એક પછી એક હારબંધ બહાર ખુલ્લામાં ચાલ્યાં ગયાં. થોડીક જ મિનિટોમાં વર્ગ ખાલી થઈ ગયો. એ નાનાં બાળકો આગના ડરની સામે થવાનું અને બહાદુર બનવાનું શીખ્યાં હતાં.

કહો, તમે તરવા લાગી ગયા હતા તે કોના રક્ષણ માટે હતું? તમે આગના ભડકામાંથી બહાર ધસી ગયાં હતા તે કોના રક્ષણ માટે હતું? તમારા પોતાના. પેલાં બાળકોએ આગની બીક સામે લડાઈ કરી હતી તે કોના રક્ષણ માટે હતું? તેમના પોતાના, આ દરેક બનાવમાં જે હિંમત બતાવવામાં આવી છે તે પોતાની જાતના રક્ષણ માટેની હિંમત હતી. એમાં કાંઈ ખોટું હતું ખરું? ના, જરાયે નહિ. પોતાના જીવનની સંભાળ રાખવી, પોતાના જીવનનું રક્ષણ કરવાને બહાદુરી બતાવવી એ બરાબર જ છે. પણ આના કરતાં પણ એક વિશેષ મોટા પ્રકારની હિંમત છે. એ હિંમત તે બીજાઓના રક્ષણ માટેની હિંમત છે.

*
* *

આ અંગે હું તમને કવિ ભવભૂતિએ લખેલી માધવની વાર્તા કહીશ.

યુવાન માધવ એક વાર એક મંદિરની બહાર બેઠો હતો, ત્યાં તેને કાને એક દુ:ખની ચીસ પડી. ચીસ સંભળાતાં જ તે ઊભો થઈ ગયો, મંદિરમાં દાખલ થવાનો એક રસ્તો તેણે શોધી કાઢયો અને અંદર પહોંચી એ ચામુણ્ડા દેવીના ગર્ભગૃહની અંદર તેણે નજર નાંખી.

તેણે જોયું કે એ વિકરાળ દેવી સમક્ષ કોઈ એક જણને વધ કરવા માટે ખડું કરવામાં આવેલું છે. એ માલતી હતી. એ બિચારી જુવાન બાળા ઊંઘતી હતી તેવામાં જ તેને ઉપાડી લાવવામાં આવી હતી. મંદિરનો પૂજારી અને પૂજારણ તેની સામે ઊભાં હતાં. તે એકલી અસહાય હતી. એ પોતાના પ્રેમી માધવનો વિચાર કરી રહી હતી, અને તે જ ક્ષણે પૂજારીએ પોતાનું ખડ્ગ ઉપાડયું.

માલતી પોતાના પ્રેમીને મનમાં કહેતી હતી:

'માધવ, ઓ માધવ! મારા હૃદયના નાથ! મારી હવે માત્ર એક જ ઇચ્છા છે. હુ મૃત્યુ પામું તે પછી પણ તારા સ્મરણમાં જીવતી રહું એટલું જ માંગું છું. પોતાના પ્રેમીના હૃદયમાં એક મીઠા સ્મરણ રૂપે સદાને માટે જીવતા રહી શકાય તો પછી મૃત્યુ એ મૃત્યુ નથી.'

માલતીને જોતાં જ માધવે એક ત્રાડ નાખી, અને દેવીના ઓરડામાં કૂદી પડયો. પૂજારી સાથે તેણે જીવ સટોસટનું યુદ્ધ ખેલી લીધું. માલતી બચી ગઈ.

આ હિંમત માધવે કોને માટે બતાવી હતી? એ શું પોતાને માટે જ લડતો હતો? હા. પરંતુ તેની એ હિંમત પાછળ બીજું પણ એક કારણ હતું. તે એક બીજી વ્યકિતને બચાવવા માટે પણ લડતો હતો. એક દુ:ખની ચીસ તેના કાને પડી હતી અને એ ચીસ તેની છાતીમાં આવેલા હૃદયને સ્પર્શી ગઈ હતી.

*
* *

તમે જો થોડોક વિચાર કરશો તો તમને પણ આ પ્રકારનાં બીજાં પરાક્રમો તમે જોયાં હશે તે યાદ આવશે. તમે જરૂર એવું કોઈ માણસ, કોઈ સ્ત્રી કે બાળક જોયું હશે કે જેને કોઈ બીજાએ આવીને, તેની બૂમ સાંભળીને બચાવી લીધું હશે. આવી જ રીતે તમે ઇતિહાસનાં પુસ્તકોમાં તેમ જ વર્તમાનપત્રોમાં પણ આવાં જ બહાદુરીનાં કામો વાંચ્યાં હશે.

તમે સાંભળ્યું હશે કે આગ લાગે ત્યારે કેવી રીતે આગખાતાના માણસો આવીને ઘરમાંનાં લોકોને આગમાંથી બચાવી લે છે. લોકો ખાણમાં કામ કરતા હોય છે ત્યારે

એકાએક ખાણમાં પાણીનું પૂર આવે છે, આગ ફાટી નીકળે છે, અને તેવે વખતે એ કામ કરનારાઓના સાથીઓ તેમની મદદ માટે નીચે ખાણમાં ઊંડે ઊંડે પહોંચી જાય છે. વળી ધરતીકંપ થાય છે ત્યારે મકાનો હાલી ઊઠે છે, દીવાલો ડોલી ઊઠે છે, પડું પડું થઈ જાય છે, અને તેવે વખતે લોકો સાહસ કરીને એવે સ્થળે અંદર પહોંચી જાય છે, અંદર સપડાઈ રહેલાં નિર્બળ માણસોને બહાર ઊંચકી લાવે છે. એ બિચારાંને બચાવવા જો કોઈ આવ્યું ન હોત તો એમના નસીબમાં તો મકાનના કાટમાળ હેઠળ જ દટાઈ જવાનું રહેત. આવી બધી હિંમતની વાતો ઉપરાંત તમે એ પણ સાંભળ્યું હશે કે લોકો પોતાના ગામના તેમ જ દેશના રક્ષણ માટે શત્રુ સામે લડવાને કેવા નીકળી પડે છે, ભૂખ તરસ સહે છે, લડાઈમાં ઘા ઝીલે છે, અને મૃત્યુને પણ વરે છે.

આ રીતે આપણે બે પ્રકારની હિંમત જોઈ, એક તો પોતાની જાતને માટે કરેલી હિંમત, અને બીજી અન્યને સહાય કરવા માટેની હિંમત.

***

હું તમને હવે વીર વિભીષણની વાર્તા કહીશ. તેણે પણ એક ભયનો સામનો કર્યો હતો. પણ એ ભય તો મૃત્યુના ભય કરતાં પણ મોટો ભય હતો. એ હતો એક રાજાનો ક્રોધ. એણે રાજાના ક્રોધની સામે બાથ ભીડી હતી, અને એ રાજાને તેણે એવી ઉત્તમ શિખામણ આપી હતી કે જે આપવા કોઈની હિંમત ચાલી ન હતી.

મહારાક્ષસ રાવણ લંકાનો રાજા હતો. તેને દશ મસ્તક હતાં. તે સીતાને તેના પતિ પાસેથી હરણ કરીને પોતાના રથમાં ઉપાડીને લંકા દ્વીપમાં પોતાના મહેલમાં લઈ આવ્યો હતો.

સીતાને તેણે એક ભવ્ય રાજમહેલમાં રાખી હતી. એ મહેલની આસપાસ એક ઘણો સુંદર બગીચો હતો. પરંતુ સીતાને તેમાં કશું સુખ ન હતું. એ તો રોજે રોજ આંસુ સારતી હતી. એને કશી ખબર ન હતી કે પોતાના રામ હવે તેને ફરી જોવા મળશે કે નહિ.

વાનરોના રાજા હનુમાન પાસેથી રામને ખબર મળ્યા કે પોતાની પત્ની સીતાને કઈ જગાએ કેદમાં રાખવામાં આવી છે. રામ પોતાના ભાઈ વીર લક્ષ્મણ અને એક મોટી સેનાને લઈને સીતાને છોડાવવા માટે નીકળી પડ્યા.

રાવણે જ્યારે સાંભળ્યું કે રામ આવ્યા છે, ત્યારે તે ભયથી કાંપી ઊઠ્યો.

તે પછી તેના સલાહકારોએ તેને બે પ્રકારની સલાહ આપી. તેના ખુશામતખોર દરબારીઓ તેના સિંહાસનની આસપાસ ભેગા થઈ ગયા અને કહેવા લાગ્યા, ‘મહારાજ, ગભરાશો નહિ. બધું સારું થઈ જશે. આપે તો દેવો અને દાનવોને જીત્યા છે. તો પછી

આ રામને જીતવામાં, રામના સાથીઓને જીતવામાં, હનુમાનનાં આ વાંદરાઓને જીતવામાં આપને કશી મુશ્કેલી નહિ પડે.'

અને એમ શોરબકોર કરી બોલી ગયેલા સલાહકારો રાવણ પાસેથી વિદાય લઈ ચાલ્યા ગયા ત્યારે રાવણનો ભાઈ વિભીષણ રાવણ પાસે આવ્યો. આવીને તેણે ઢીંચણે પડીને નમસ્કાર કર્યા, રાવણના પગ પર ચૂમી લીધી અને પછી ઊભા થઈને રાવણના સિંહાસનની જમણી બાજુએ જઈને બેઠો. અને પછી તેણે કહેવા માંડ્યું, 'ભાઈ, તમારે જો સુખમાં જીવવું હોય, લંકાના આ સુંદર દ્વીપનું સિંહાસન જો તમારે અખંડ જાળવવું હોય તો સુંદરી સીતાને તમે પાછી મોકલી આપો. કારણ એ તો પરસ્ત્રી છે. રામ પાસે જાઓ અને તેમની ક્ષમા માગો. રામ તમને પાછા નહિ કાઢે, તમારા તરફથી મોં નહિ ફેરવી લે. તમે અભિમાનમાં ન રહેશો, અવિચારી ન થશો.'

ત્યાં ઊભો ઊભો માલ્યવાન નામનો એક શાણો પુરુષ પણ આ વાર્તાલાપ સાંભળતો હતો. વિભીષણનાં વચન સાંભળી તેને ઘણો સંતોષ થયો. અને રાક્ષસરાજા રાવણને તેણે ખૂબ વિનંતીપૂર્વક કહ્યું, 'હે રાજા, તમારા ભાઈએ સત્ય વાત જ કહી છે. તેમનું કહેવું તમે બરાબર ધ્યાનમાં લો.'

એ સાંભળી રાવણે જવાબ આપ્યો, 'તમારા બંનેની બુદ્ધિ દુષ્ટ થઈ ગયેલી છે. તમે મારા શત્રુઓનો પક્ષ લઈ વાતો કરો છો.'

અને રાવણનાં દશ મસ્તકની આંખો એવી તો ક્રોધથી ચમકવા લાગી કે માલ્યવાન તો એકદમ ડરી ગયો અને ત્યાંથી તરત જ ચાલ્યો ગયો. પરંતુ વિભીષણ તો ત્યાં જ ઊભો રહ્યો. એને કશો ડર ન હતો. એના આત્મામાં હિંમત હતી.

અને તેણે રાવણને કહ્યું, 'મહારાજ, દરેક માણસના હૃદયની અંદર જ્ઞાન અને અજ્ઞાન, ડહાપણ અને મૂઢતા હોય છે. માણસના હૃદયમાં જો ડહાપણ હોય છે તો એનું જીવન સુખી થઈ જાય છે. એનામાં જો અજ્ઞાન અને મૂઢતા હોય છે તો તેનું જીવન નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. મને લાગે છે કે તમારા હૃદયમાં, હે ભાઈ, મૂઢતાએ વાસો કર્યો છે, કારણ કે તમને જે ખોટી સલાહ આપનારા છે તેમનું જ તમે સાંભળો છો. પણ એ તમારા સાચા મિત્રો નથી.'

આમ કહી તે અટકયો અને રાવણના પગ પર તેણે ફરીથી ચૂમી લીધી. પણ રાવણ તેના પર તડૂકી ઊઠયો, 'હઠ દુષ્ટ! તું પણ મારો શત્રુ જ છે. જા, મારે તારી આ અર્થહીન વાતો નથી સાંભળવી. આ બધી વાતો પેલા જંગલમાં રહેતા બાવાઓને કહે. પણ જેણે પોતાના સર્વ શત્રુઓને રણમાં હરાવી વિજય મેળવ્યો છે તેને આ સંભળાવવાની જરૂર નથી.'

અને એમ કહી તેણે પોતાના વીર ભ્રાતાને-વિભીષણને એક લાત મારી દીધી. વિભીષણના મનમાં બહુ જ દુઃખ થયું. તે બેઠો હતો ત્યાંથી ઊભો થઈ ગયો અને રાજાનો મહેલ છોડી ચાલ્યો ગયો.

વિભીષણને કોઈ પ્રકારનો ડર નહોતો, તેમણે રાવણને ખુલ્લા મનથી બધી વાત કહી દીધી. પણ એ દશ મસ્તકના રાજા રાવણને તેની વાત સાંભળવાની ઇચ્છા ન હતી એટલે તેણે હવે એને ત્યાં રહેવાનો કશો અર્થ ન હતો.

વિભીષણે આ જે કર્યું તે એક શારીરિક હિંમતનું કામ હતું, કેમકે તેના ભાઈએ તેના શરીરને લાત મારી તો પણ તેથી તે લેશ પણ ડર્યો ન હતો. પણ વિભીષણે જે કર્યું તેની પાછળ માનસિક હિંમત પણ હતી, કારણ કે તેના જેવા જ શરીરે જોરાવર એવા બીજા દરબારીઓમાં રાવણને જે વાત કહેવાની હિંમત ન હતી તે વાત તેણે રાવણને કહી હતી. આ જે મનની હિંમત છે તેને નૈતિક હિંમત કહેવામાં આવે છે.

*
* *

આવી જ હિંમત હજરત મૂસાએ બતાવી હતી. તે ઇઝરાઇલના નેતા હતા અને તે વખતે જુલમનો ભોગ થઈ રહેલા યહૂદી લોકોને મુક્ત કરવા માટે તેમણે ઇજિપ્તના રાજા ફારાઓ પાસે જઈને માગણી કરી હતી.

આવી જ હિંમત મહમ્મદ પયગંબરમાં હતી. અરબસ્તાનના લોકોને તેમણે ધર્મ વિષેના પોતાના વિચારોનો ઉપદેશ કરેલો. અને તે લોકોએ તેમને એ માટે મારી નાખવાની ધમકી આપેલી તોપણ તેમણે પોતાનો ઉપદેશ બંધ કરવાની ના પાડી દીધેલી.

આવી જ હિંમત ભગવાન બુદ્ધે પણ બતાવી હતી. હિંદના નિવાસીઓને તેમણે એક નવીન અને ઉમદા માર્ગનું દર્શન કરાવેલું. બોધિવૃક્ષ હેઠળ તેઓ તપ કરતા હતા ત્યારે અનેક દુષ્ટ પ્રેતોએ તેમના ઉપર હુમલા કરેલા પણ તેથી તે લેશ પણ ડર્યા ન હતા.

આવી જ હિંમત જિસસ ક્રાઇસ્ટે પણ બતાવી હતી. તેમણે લોકોને ઉપદેશ આપેલો કે, 'તમે સર્વ કોઈ એકબીજા ઉપર પ્રેમભાવ રાખો.' જેરૂસલેમના પંડિતોએ તેમને મનાઈ ફરમાવેલી કે તમારે ઉપદેશ ન કરવો, અને રોમના લોકોએ તેમને ક્રૉસ ઉપર ચડાવી તેમનો પ્રાણ લીધેલો. તો પણ ક્રાઇસ્ટે એ બેમાંથી એકેનો ડર રાખ્યો ન હતો.

આ પ્રમાણે આપણે ત્રણ પ્રકારની, ત્રણ કક્ષાની હિંમત જોઈ.

પહેલા પ્રકારની હિંમત તે પોતાના હિત માટે રખાતી શારીરિક સ્થૂલ હિંમત છે.

બીજા પ્રકારની હિંમત તે દુઃખમાં આવી પડેલાં પોતાનાં સગાંસ્નેહીઓ માટે, પોતાના મિત્રો માટે, પાડોશી માટે, પોતાના ભયમાં આવી પડેલા દેશને માટે બતાવવાની હિંમત છે.

ત્રીજા પ્રકારની હિંમત તે નૈતિક હિંમત છે. એ હિંમતના બળે તમે અન્યાય કરનારનો સામનો કરી શકો છો, ભલે પછી તેનામાં ગમે તેટલી શકિત હોય, અને એ અન્યાયીને તમે સત્ય અને પ્રામાણિકતાનો અવાજ સંભળાવી શકો છો.

***

એક વાર અલમોડાના રાજાના પહાડી પ્રદેશ ઉપર શત્રુઓ ચડી આવ્યા. શત્રુઓને મારી હઠાવવા માટે રાજાએ માણસોને લશ્કરમાં ભરતી કરી તેમની એક ટુકડી બનાવી અને એ ટુકડીના દરેક સિપાઈને એક સુંદર તલવાર આપી. અને પછી હુકમ કર્યો:

'આગે કૂચ!'

એ હુકમ સાંભળતાં વેંત જ એ સિપાઈઓએ પોતાની તલવારો દમામપૂર્વક મ્યાન-માંથી ખેંચી કાઢી, હવામાં વીંઝી અને એક બૂમ લગાવી.

'આ બધું શું?' રાજાએ પૂછ્યું.

'મહારાજ!' સૈનિકો બોલી ઊઠયા, 'અમે હમેશાં એવા તો સજ્જ રહેવા માગીએ છીએ કે શત્રુ કદી પણ અચાનક હુમલો ન કરી બેસે.'

રાજાએ તેમને કહ્યું, 'તમે લોકો મારે કશા કામ આવવાના નથી. તમે બધા દુર્બળ છો, ઉશ્કેરાઈ જનાર છો. જાઓ, તમારે ઘેર ચાલ્યા જાઓ.'

તમે જોયું હશે કે સિપાઈઓએ તલવારો ખેંચી તથા મોટો અવાજ કર્યો. તેથી રાજા પર કશી જ છાપ પડી ન હતી. રાજાને ખબર હતી કે સાચી બહાદુરીને ખાંડાં ખખડાવાની કે ઢોલ પીટવાની કશી જરૂર રહેતી નથી.

***

આના કરતાં હવે એક ઊલટી જ રીતની નીચેની વાર્તા જુઓ. તમે જોશો કે એમાં સમુદ્રના તોફાનમાં સપડાયેલા લોકોએ કેવો તો શાંતિભર્યો વર્તાવ રાખ્યો હતો અને મૃત્યુ એમની આંખો સામે આવીને ઊભું હતું તો પણ કેવા તો બહાદુર રહ્યા હતા.

૧૯૧૦ ના માર્ચ મહિનાના અંતમાં સ્કૉટલૅન્ડનું એક જહાજ ઉતારુઓને લઈને ઓસ્ટ્રેલિયામાંથી કેપ ઑવ ગુડ હોપ ભણી જઈ રહ્યું હતું. આકાશમાં એક પણ વાદળ ન હતું. સમુદ્ર શાંત, ચોકખા, નીલા રંગનો હતો.

એટલામાં જહાજ ઑસ્ટ્રેલિયાના પશ્ચિમ કિનારાથી છ માઈલ દૂર પર જ એકાએક એક ખડક સાથે અથડાઈ પડયું. તરત જ વહાણના તમામ માણસો કામે લાગી ગયા.

દરેક જણ ઝડપથી કામ કરવા લાગ્યું. ભૂંગળાં વાગવા લાગ્યાં. પરંતુ આ બધાને લીધે વહાણ પર જે અવાજો થવા લાગ્યા તેમાં કશી ગભરામણ ન હતી, કશી અવ્યવસ્થા ન હતી.

એક હુકમ ગાજી ઊઠયો :

'હોડીઓ ઉતારો.'

ઉતારુઓ પોતાના બચાવપટા પહેરવા મંડયા.

એક આંધળા માણસને તેનો નોકર દોરતો દોરતો તૂતક ઉપરથી લઈ જવા લાગ્યો. હરેક જણે તેને જવા માટે રસ્તો કરી આપ્યો. તે અશક્ત હતો અને સૌ કોઈના દિલમાં થયું કે એને પહેલો બચાવી લેવામાં આવે.

થોડીક જ વારમાં વહાણ તદ્દન ખાલી થઈ ગયું, અને જોતજોતાંમાં જ તે ડૂબી ગયું.

એક હોડીની અંદરથી એક બાઈએ ગીત ઉપાડયું. દરિયાનાં મોજાંનો અવાજ એ બાઈના અવાજને આમ તો ઢાંકી દેતો હતો. તોયે તમામ હોડીઓના માણસોને તે ગીતનું ધ્રુવપદ પહોંચી ગયું. તે ગીતના સ્વરોએ હરેક હલેસાં મારનારના હાથમાં બળ પૂરી આપ્યું. ગીત ગવાતું હતું :

'ચલો કિનારે, ચલો કિનારે, દોસ્તો!
'ચલો કિનારે, ચલો કિનારે......'

અને એ રીતે એ ભાંગેલા વહાણના ઉતારુઓ કિનારાની નજીક પહોંચ્યા અને ત્યાંના બહાદુર માછીમારોએ તેમને બચાવી લીધા. એક પણ જાનને હાનિ ન પહોંચી. અને એ રીતે ચારસો ને પચાસ માણસ પોતાના સ્થિર મગજને લીધે જીવ બચાવી શક્યા.

***

આવી શાંત હિંમતની એક બીજી વાર્તા પણ તમને કહીશ. આ શાંત હિંમતવાળા માણસો એવા હોય છે કે પોતાને વિષે તે કશો શોરબકોર કરતા નથી, કશી ધાંધલ કરતા નથી. અને કેવળ ગુપચુપ રહી તે ઉત્તમ અને ઉપયોગી કાર્યો કરતા રહે છે.

ભારતમાં એક જગાયે એક પાંચસોએક ઘરનું ગામ હતું. ગામની પાસે થઈને એક ઊંડી નદી વહેતી હતી. એ ગામડાના રહેવાસીઓને કાને હજી ભગવાન બુદ્ધના શબ્દો પડયા ન હતા. એટલે ભગવાને નક્કી કર્યું કે એ ગામમાં જવું અને ગામલોકોને ધર્મનો માર્ગ સમજાવવો.

ભગવાન બુદ્ધ આવીને નદીને કિનારે આવેલા એક વિશાળ ઝાડ હેઠળ બેઠા. ઝાડની ડાળીઓ નદીની ઉપર ઝૂકી રહી હતી. ગામના લોકો આવીને સામે કિનારે ભેગા થયા.

એટલે ભગવાન બુદ્ધે પોતાનો અવાજ મોટો કરીને ગ્રામલોકોને પ્રેમ અને પવિત્રતાનો પાઠ સમજાવ્યો. અને એમના શબ્દો, જાણે કોઈ ચમત્કારી રીતે, નદીનાં વહેતાં પાણી ઉપર થઈને સામે કિનારે પહોંચી ગયા. પણ એ ગામના લોકો બુદ્ધ જે કહેતા હતા તે માનવાને તૈયાર ન થયા, અને બુદ્ધની સામે એક છણભણાટ શરૂ થયો.

એ બધા લોકોમાં માત્ર એક જ માણસને ભગવાન પાસે વધુ જ્ઞાન સાંભળવાની ઇચ્છા થઈ અને તેમની પાસે જવાનું મન થયું.

પણ નદી ઓળંગવી કેવી રીતે? ત્યા કોઈ પૂલ નહોતો, કે હોડી પણ ન હતી. અને દંતકથા કહે છે કે, એટલે પછી એ માણસ કોઈ જબ્બર હિંમત કરીને પગે ચાલતાં ચાલતાં જ નદીનાં ઊંડા પાણી ઓળંગવા નીકળી પડયો અને સામે પાર ભગવાન પાસે પહોંચી ગયો. ભગવાનને તેણે પછી નમસ્કાર કર્યા અને ખૂબ આનંદપૂર્વક ભગવાનની વાણી સાંભળી.

વાર્તામાં કહ્યું છે તે મુજબ એ માણસે ખરેખર નદી ઓળંગી હશે કે નહિ એ આપણે જાણતા નથી. પણ એટલી વાત તો ચોક્કસ છે કે તેનામાં પ્રગતિનો પંથ લેવા માટેની હિંમત તો હતી જ. તે પછી તેનું દૃષ્ટાંત જોઈને ગામના બીજા લોકો ઉપર પણ અસર થઈ અને સર્વેએ બુદ્ધનો ઉપદેશ સાંભળ્યો, અને તેમનાં મન ઉત્તમ વિચારો તરફ વળ્યાં.

*
* *

આમ એક હિંમત એવી છે કે જે તમને પગપાળા નદીઓ ઓળંગાવી શકે છે, તો બીજી એક હિંમત એવી છે જે તમને સત્યના માર્ગ ઉપર મૂકી આપે છે. પરંતુ સત્યના માર્ગમાં દાખલ થવા કરતાં પણ તે માર્ગ ઉપર ટકી રહેવા માટે આ કરતાં પણ એક વધુ હિંમતની જરૂર રહે છે.

આ અંગે મરઘી અને તેનાં બચ્ચાંની વાર્તા છે તે સાંભળો.

ભગવાન બુદ્ધ પોતાના શિષ્યોને કહેતા હતા કે તમે તમારાથી બને તેટલી ઉત્તમ રીતે કાર્ય કરો. અને એ ઉત્તમ કર્મનાં પરિણામ એક દિવસ અવશ્ય આવશે એવી શ્રદ્ધા રાખો. આ વાતનું તેઓ એક દૃષ્ટાંત આપતા:

'જુઓ, મરઘી છે તે ઈંડાં મૂકે છે પછી તેના પર બેસીને તેમને સેવે છે. પણ તે એ બાબતની લેશ પણ ચિંતા કરતી નથી કે મારાં આ બચ્ચાં પોતાનું કોચલું તોડી બહાર નીકળી શકશે કે નહિ, તેમને સૂર્યનો પ્રકાશ જોવાનો મળશે કે નહિ. એ મરઘીની પેઠે તમારે પણ તમારાં કર્મોની લેશ પણ ચિંતા ન રાખવી જોઈએ. તમે જો ધર્મના માર્ગે બરાબર ચાલ્યા કરશો તો તમે પણ પ્રકાશની અંદર પહોંચી શકશો.'

અને સાચી હિંમત તે એ જ છે. ધર્મના સીધા માર્ગ પર ચાલવા લાગો, અને તમારે માર્ગે જે તોફાન આવે, અંધકાર અને દુ:ખ આવે તેની સામે લડી લો. ખંતથી આગે બઢતા રહો, સદા. અને એમ કરતાં કરતાં પ્રકાશમાં પહોંચી જાઓ.

પ્રાચીન કાળમાં કાશી નગરીની અંદર બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો. તેને એક બીજા દેશના રાજાની સાથે શત્રુવટ હતી. પેલા શત્રુ રાજાએ બ્રહ્મદત્તની સામે લડાઈ લડવા માટે એક હાથીને તૈયાર કર્યો.

બંને રાજા વચ્ચે લડાઈ જાહેર થઈ, અને પેલો ઉત્તમ હાથી પોતાના રાજાને પોતાની પીઠ પર બેસાડીને કાશી નગરીના ઠેઠ કિલ્લા સુધી આવી પહોંચ્યો. કિલ્લાના બુરજો ઉપર સૈનિકો ગોઠવાઈ ગયેલા હતા અને ત્યાંથી તેઓ નીચે ગોફણોમાંથી પથ્થરો વરસાવતા હતા, આગના સળગતા ગોળા નીચે ફેંકતા હતા.

દુશ્મનોના આ ભયંકર મારા સામે હાથી પ્રથમ તો ઢીલો થઈ ગયો. પણ એટલામાં હાથીને તાલીમ આપનાર તેનો ઉસ્તાદ ત્યાં દોડતો આવી પહોંચ્યો અને બોલી ઊઠયો: 'અરે હસ્તિરાજ, તું તો મહા બહાદુર છે! બહાદુરની પેઠે કામ કર. દરવાજા તોડી ભોંય ભેગા કરી દે.'

આ શબ્દો સાંભળતાં વેંત હાથીને હિંમત આવી, દરવાજાનાં તોતિંગ બારણાં ઉપર તેણે જોરથી ધસારો કર્યો, બારણાં કકડાટ કરતાં તૂટી પડયાં અને હાથીએ પોતાના રાજાને વિજય અપાવ્યો.

આ રીતે હિંમતને બળે માણસ મુશ્કેલીઓ સામે, વિઘ્નો સામે વિજયી બને છે. હિંમત માણસને માટે વિજયના દરવાજા ખોલી આપે છે.

***

હવે આ પણ જુઓ કે હિંમતનો એક શબ્દ પ્રાણીઓને તેમ જ માણસોને પણ કેટલો બધો સહાયરૂપ થઈ શકે છે.

એક સુંદર ઈસ્લામી ગ્રંથની અંદર આપણને એક કવિ અને બહાદુર માણસ અબૂ સૈયદની વાર્તા જોવા મળે છે, અને તેમાંથી આપણને આ પ્રકારનું એક દષ્ટાંત મળી રહે છે.

અબૂ સૈયદના મિત્રોને એક દિવસ ખબર મળ્યા કે કવિને તાવ આવ્યો છે એટલે તેની ખબર કાઢવા બધા તેને ત્યાં આવ્યા. અબૂ સૈયદના પુત્રે મહેમાનોને ઘરના ઉંબર પર જ આવકાર આપ્યો. તેના મોં પર સ્મિત હતું, કેમકે તેના પિતાને હવે ઠીક હતું. અબૂ સૈયદના ઓરડામાં મહેમાનો પહોંચ્યા અને આશ્ચર્ય સાથે તેમણે જોયું કે કવિ તો જાણે સાજા હોય તેમ હંમેશની માફક આનંદથી વાતચીત કરી રહ્યા છે.

તે દિવસે ગરમી પડતી હતી એટલે અબૂ સૈયદને ઊંઘ આવવા લાગી. અને એમ કવિને ઊંઘ આવી ગઈ એટલે તેના મિત્રો પણ ત્યાં ઊંઘી ગયા. સાંજ પડી ત્યારે બધા જાગ્યા. અબૂ સૈયદે મહેમાનોને નાસ્તો પાણી કરાવ્યાં, ધૂપ સળગાવડાવ્યું. ઓરડો સુગંધથી ભરાઈ ગયો. તે પછી કવિ એક ઘડી પ્રાર્થનામાં બેઠા અને પછી પથારીમાંથી નીચે આવીને પોતાની એક કવિતા મહેમાનોને સંભળાવી :

વિપત્તિમાં થાવ નિરાશ ના કદી,
આનંદ કેરો દિન એક આવશે, વિપત્તિના વાદળને હરી જશે.
વાતા ભલે ઉગ્ર પ્રચંડ વાયુઓ, કિંતુ થઈ મીઠી લહેર એ જશે.
ચડે ભલે વાદળ ઘોર શ્યામ, વર્ષા વિના એ પણ રે વહી જશે.
જલી ઊઠે આગ ભલે, પરંતુ તે
જશે બુઝાઈ, બળશે ન કાંઈ, પેટી પેટારા સઘળું બચી જશે.
આવે ભલે દુ:ખપરંપરા મહા, નિશાની એની પણ લેશ ના હશે.
વિચારી આ આપત કાળમાં સદા, ન લેશ કયારે તજવું જ ધૈર્ય,
છે વિશ્વમાં કાળ મહાન અદ્ભૂત અકલ્પ્ય કૈં કૈં ઘટના રચંતો,
સ્મરી સદા એ પ્રભુને પદે ઠરી, યાચી રહો આશિષ એની નિત્ય.

કવિનું આ આશા-કાવ્ય સાંભળી મિત્રોને ખૂબ આનંદ થયો, બળ મળ્યું. અને પછી સૌ પોતપોતાને ઘેર ગયા. એક માંદા મિત્રે પોતાના સાજાતાજા મિત્રોને કેવી રીતે સહાય કરી તેની વાર્તા આવી છે.

એક સળગતી મીણબત્તી બીજી મીણબત્તીઓને સળગાવી શકે છે તે મુજબ જેનામાં હિંમત હોય છે તે બીજાને પણ હિંમત આપી શકે છે.

તો આ વાર્તા વાંચનાર હે બહાદુર બાળકો અને બાળાઓ, તમે બીજાઓને હિંમત આપવાનું શીખજો અને તમે પોતે પણ હિંમતવાન થજો.

# પ્રસન્નતા

એક વખતે હું એક મોટા શહેરમાં હતી ત્યારે મેં જોયું કે બાળકોથી ભરેલી પાંચ સાત ગાડીઓ રસ્તા પરથી પસાર થઈ રહી હતી. બપોર પછીનો વખત હતો. એ દેશમાં ખૂબ વરસાદ પડતો હતો. આ બાળકોને સવારે શહેર બહાર પર્યટન માટે લઈ જવામાં આવ્યાં હતાં. પણ હવામાં અણધાર્યો પલટો થયો, વરસાદ તૂટી પડ્યો અને પર્યટન અધૂરું મૂકીને બાળકોને વરસતા વરસાદમાં વહેલા પાછાં ફરવું પડ્યું. આમ છતાં બાળકો આનંદ કિલ્લોલ કરતાં હતાં, ગાતાં હતાં, અને રસ્તે જનારાઓને હસતાં હસતાં સાહેબજી સલામ પણ કરી લેતાં હતાં.

આમ હવા ખરાબ થઈ ગઈ હતી છતાં બાળકોનું મન તો પ્રસન્ન જ રહ્યું હતું. અને એમાં જો કોઈ બાળક નાખુશ દેખાતું તો બીજાં બાળકો એને ગીત સંભળાવીને પાછું ખુશ કરી દેતાં હતાં. ઉતાવળે ઉતાવળે કામધંધે જઈ રહેલા લોકોને પણ બાળકોનો એ કિલ્લોલ સાંભળીને ઘડીભર તો થઈ જતું હતું કે વાદળ ચડી આવ્યાં છે તો પણ દિવસ કાંઈ એટલો બધો ખરાબ તો નથી જ લાગતો.

***

અમીર ખોરાસાન દેશનો રાજા હતો. એ ભારે વૈભવમાં રહેતો હતો. એ જ્યારે યુદ્ધ કરવા જતો ત્યારે એના રસોડાંનો સરસામાન તથા વાસણકૂસણ ઊંચકવા માટે ત્રણસો જેટલાં તો ઊંટ વપરાતાં.

એક વાર એ યુદ્ધમાં હારી ગયો અને ખલીફ઼ ઈસ્માઈલે એને કેદ કરી લીધો. માણસ ઉપર ભલે ગમે તેટલી આપત્તિ આવી પડે પણ ભૂખ કાંઈ એને છોડે છે? અમીરે જોયું કે એનો રસોઇયો પાસે જ ઊભો છે એટલે એણે કહ્યું કે, લાવ ભાઈ, કાંઈક ખાવાનું બનાવી દે.

રસોઇયા પાસે સિલકમાં થોડુંક માંસ તો હતું, એટલે દેવતા સળગાવી એના ઉપર એક વાસણમાં તે રાંધવા મૂકી દીધું અને રસોઈ જરા સ્વાદિષ્ટ થાય એટલા માટે એમાં કાંઈ શાકભાજી ઉમેરવા માટે તેની શોધમાં તે નીકળી પડયો.

એટલામાં ત્યાં થઈને એક કૂતરું પસાર થતું હતું. એને પેલા રંધાતા માંસની વાસ આવી અને ઝપ દઈને તેણે વાસણમાં મોં નાખ્યું. પણ ત્યાં તો એને ચૂલાનો તાપ

લાગ્યો ને તે એકદમ પાછું હઠી ગયું, પણ તે એવું કઢંગી રીતે હઠયું કે પેલું વાસણ એના મોં પર ચોંટી ગયું. એણે મોં કાઢવાની મહેનત તો કરી પણ કાંઈ ફાવ્યું નહિ, અને એવું ને એવું જ તે નાસવા લાગ્યું.

અને કૂતરાનું આ દૃશ્ય જોતાં જ અમીર ખડખડાટ હસી પડયો. એના પર ચોકી રાખવાને એક અમલદાર રાખેલો હતો, તે એને આમ હસતો જોઈને બોલી ઊઠયો, 'અરે, અત્યારે તો તમારે ખુશ થવા જેવું કાંઈ નથી, તોપણ તમે આમ કેમ હસો છો?'

એટલે અમીરે તેને પેલું પૂર ઝડપે નાસી રહેલું કૂતરું બતાવ્યું અને કહ્યું, 'મને એ વિચારથી હસવું આવે છે કે આજે સવારે તો મારા રસોડાનો સામાન ઊંચકવાને ત્રણસો ઊંટ ઓછાં પડતાં હતાં અને હવે આ એક જ કૂતરું મારું આખું રસોડું ઉપાડી જઈ શકે છે!'

અમીરને આમ આનંદવિનોદ ગમતાં હતાં, જોકે એ પોતે બીજાઓને આનંદ આપવા માટે કશા પ્રયત્ન કરતો ન હતો, આમ છતાં એના આનંદી સ્વભાવની કદર આપણે જરૂર કરીશું. એના ઉપર આટલી મોટી આફત ઊતરી આવી હતી ત્યારે પણ તે જો આમ હસી શકતો હતો તો પછી આપણી નાની નાની મુશ્કેલીઓની અંદર શું આપણે હસી શકીએ નહિ?

***

ઈરાનમાં એક બાઈ મધ વેચવાનો ધંધો કરતી હતી. એનો સ્વભાવ બહુ આનંદી હતો, અને એની દુકાને ગ્રાહકોની ઠઠ જામેલી રહેતી. એની વાર્તા કહેનાર કવિ આપણને એમ ખાતરી આપે છે કે આ બાઈ જો ઝેર વેચતી હોત તો પણ લોકો એને મધ સમજીને લઈ જાત.

હવે આ સ્ત્રીને આટલી બધી કમાણી કરતી જોઈને એક બીજા માણસને થયું કે લાવ હું પણ મધનો વેપાર કરું તો મને પણ ખૂબ પૈસા મળશે. એટલે એણે પણ મધની દૂકાન માંડી. પણ એ માણસ ચીડિયા સ્વભાવનો હતો. એટલે માણસોને મધનાં વાસણ પાછળ જે ચહેરો નજરે પડતો તે કાંઈ મધના જેવો મીઠો લાગતો નહિ. જે કોઈ એને ત્યાં મધ લેવા આવે તેની સાથે એ ચીડિયું મોં કરીને વાત કરતો અને લોક એને ત્યાંથી માલ લીધા વિના જ ચાલી જવા માંડયા. આપણો કવિ કહે છે કે, માણસો તો શું, પણ એના મધ ઉપર માંખ પણ ફરકતી ન હતી. અને સાંજ પડી તો પણ એને પાઈની પણ કમાણી થઈ નહિ. ત્યાં એક સ્ત્રી એના પતિ સાથે પસાર થતી હતી તેણે આ વેપારીને જોઈને કહ્યું, 'આ માણસનો ચહેરો એવો કડવો છે કે એનું મધ પણ કડવું થઈ જાય છે!'

આપણને પ્રશ્ન થશે કે આ સ્ત્રી જે હસતી હતી તે શું ગ્રાહકોનું આકર્ષણ કરવાને હસતી હતી? ના, આપણને તો એમ જ વિચારવું ગમે કે એ સ્ત્રીનો સ્વભાવ જ ઉત્તમ હતો અને એમાંથી જ એનું હાસ્ય જન્મ પામતું હતું. આ જગતમાં આપણે કાંઈ માત્ર માલ વેચવાને કે ખરીદ કરવાને જ આવેલા નથી. આપણે તો જગતમાં પરસ્પરના મિત્ર બની રહેવાનું છે, એ આપણું કર્તવ્ય છે. એ ભલી બાઈના ગ્રાહકોને પણ થતું હતું કે આ સ્ત્રી માત્ર મધ વેચનારી જ નથી. એ તો આ જગતની એક આનંદમય નિવાસિની છે.

***

હવે હું તમને એક બીજી વાર્તા કહું છું. એમાં તો આનંદનો પ્રવાહ પર્વતમાંથી ઝરણું ફુટી આવતું હોય તેવો કલકલ કરતો વહી આવે છે. અને આ જેની વાર્તા છે તેને નફા નુકસાન કે ગ્રાહકોની સાથે કશો જ સંબંધ નથી. આ તો રાજા રામની વાર્તા છે.

તમે જાણો છો કે રામે દશ માથાંવાળા અને વીસ ભુજાવાળા રાવણનો વધ કર્યો હતો. એ વાર્તાનો શરૂનો ભાગ તો મેં તમને કહ્યો છે. રાવણની સાથેની એ લડાઈ મહા ભયંકર થઈ હતી. રામને ખાતર લડતાં લડતાં હજારો વાનર અને રીંછ યોદ્ધાઓ યુદ્ધમાં માર્યા ગયા હતા અને શત્રુઓનાં મડદાંના પણ ઢગ પર ઢગ ખડકાયા હતા. રાક્ષસોનો રાજા રાવણ પણ મરણ પામીને ધરાશાયી થઈ ગયો હતો. પણ એનો વધ કરતાં કરતાં રામને કેટલી બધી તો મુશ્કેલી પડી હતી! રામ એક પછી એક બાણ મારતા ગયા અને રાવણનાં દસ માથાં અને વીસ હાથ કપાતાં ગયાં. પણ એમાં એવું થવા લાગ્યું કે એ માથાં અને હાથ કપાય કે તરત જ નવાં માથાં અને હાથ રાવણને ફૂટી નીકળવા લાગ્યાં. એટલે રામને કેટલીયે વાર એ માથાં અને હાથ કાપવાં પડયાં. અને છેવટે તો જાણે આકાશમાંથી માથાં અને હાથનો વરસાદ જ વરસી રહ્યો છે એમ થઈ રહ્યું.

છેવટે એ ભયાનક લડાઈ પૂરી થઈ, રાવણ મરાયો અને જે જે વાનરો અને રીંછ યોદ્ધાઓ મરાયા હતા તે બધાને ફરી પાછા સજીવન કરી દેવામાં આવ્યા અને પાછું આખુંયે લશ્કર રામની આજ્ઞાની વાટ જોતું હોય તેમ ખડું રહી ગયું.

રામ તો યુદ્ધમાં વિજય પામ્યા પછી તદ્દન સ્વસ્થ અને શાંત હતા, તેમનામાં કશો ગભરાટ ન હતો. અને તેઓ પ્રેમભાવે પોતાના આ બધા વફાદાર સાથીઓ ઉપર નજર નાખી રહ્યા હતા.

રાવણ મરાયા પછી લંકાનું રાજ્ય વિભીષણને આપવાનું હતું. એણે હવે લડાઈમાં આટલું બધું પરાક્રમ કરીને લડનારા યોદ્ધાઓને ભેટ આપવા માટે એક આખો રથ ભરીને કિંમતી વસ્ત્રાભૂષણો અને રત્નો મંગાવ્યાં.

આ જોઈને રામે કહ્યું, 'ભાઈ વિભીષણ, એમ કરો કે આ રથને લઈને તમે આકાશમાં જાઓ અને ત્યાંથી આ બધી ભેટો આ સેના ઉપર વરસાવો.'

વિભીષણે રામના કહેવા મુજબ આકાશમાં રથ ચડાવ્યો અને ત્યાંથી આખા લશ્કર ઉપર ઝળહળતાં હીરા, મોતી, રત્નો અને સુંદર સુંદર રંગવાળા વસ્ત્રો વરસાવવા માંડયાં.

અને પછી તો એ બધી ભેટો લેવા માટે વાનરો અને રીંછોની પડાપડી થઈ રહી. બધા ઊંચે ઊંચે ઊછળવા લાગ્યા, એકબીજાના ઉપર ગબડવા લાગ્યા. અને એમ બહુ જ ભારે ગંમત થઈ રહી અને આ બધું જોતાં જોતાં રામ પણ ખૂબ ખૂબ હસવા લાગ્યા અને સીતા તથા લક્ષ્મણ પણ ખૂબ હસવા લાગ્યાં.

આવી રીતનું હાસ્ય તો વીર પુરુષો જ કરી શકે છે, જગતમાં પ્રસન્નતાના જેટલી આનંદ આપનારી બીજી કોઈ વસ્તુ નથી. અને આ આનંદ અને વીરતા એ બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે—હૃદય.* અને ખરી રીતે તો, મુશ્કેલીઓના સમયે હૃદયમાંથી પ્રગટતી પ્રસન્નતામાંથી જ માણસ વીર બની રહે છે.

બેશક, માણસે બધો વખત હસતા જ રહેવું જોઈએ એવું તો નથી જ. પણ પ્રસન્નતા, સમતા, આનંદી સ્વભાવ એ બધી વસ્તુઓ હર સમયે આપણને કામમાં આવે જ છે. અને આ વસ્તુઓ કેટલી બધી મદદ રૂપ થાય છે! આ પ્રસન્નતા, સમતા અને આનંદી સ્વભાવને લઈને જ મા પોતાના ઘરને બાળકોને માટે આનંદથી ભર્યું ભર્યું કરી આપે છે, એને લઈને જ રોગીની સેવા કરતી નર્સ રોગીને વહેલા સાજા કરી આપે છે, માલિક પોતાના નોકરોના કામને હળવું કરી આપે છે, કારીગર માણસ પોતાના સાથીઓના મનમાં ઉત્સાહ પૂરી આપે છે, મુસાફર પોતાની સાથે યાત્રા કરતા યાત્રીઓને વિકટ પ્રવાસમાં આગળ ધપાવે છે, અને દેશભક્ત વીર પુરુષ પોતાના દેશજનોના હૃદયમાં આશાને જીવતી જાગતી રાખે છે.

તો આનંદી બાળકો અને બાલિકાઓ, તમે જો તમારો આનંદ અખંડ રાખો તો જગતમાં એવી કોઈ વસ્તુ છે જે તમે ન કરી શકો?

---

* મૂળમાં 'cordial' અને 'courage' શબ્દો છે, અને એ બંનેની ઉત્પત્તિ લૅટિન શબ્દ cor = હૃદયમાંથી થાય છે.

# સ્વાશ્રય

જૂના વખતમાં અરબસ્તાનમાં હાતિમ તાઈ કરીને એક મહા દાની પુરુષ થઈ ગયો. અનેક લોકોને તે દાન કરતો, અનેકોને ભિક્ષા આપતો. સૌ કોઈ તેની ઉદારતાનાં ખૂબ ખૂબ વખાણ કરતાં.

એક વખતે તેના મિત્રોએ તેને પૂછ્યું, 'તમને કોઈ એવો માણસ મળ્યો છે જે તમારા કરતાં પણ સારો હોય?'

'હા, મળ્યો છે.' હાતિમ તાઈએ કહ્યું.

'કોણ?'

એક વાર મેં એક મોટી મિજબાની ગોઠવેલી. જે કોઈને તેમાં આવવું હોય તે સૌને મેં આમંત્રણ આપેલું એ માટે મેં ચાળીસ જેટલાં તો ઊંટ મરાવેલાં. અને પછી હું થોડાક સરદારોને સાથે લઈ દૂર દૂરના લોકોને આમંત્રણ આપવા માટે નીકળી પડયો. રસ્તે જતાં અમને એક કઠિયારો મળ્યો. થોડાંક બાવળનાં લાકડાં કાપીને તે બેઠો હતો. એ એનું ગુજરાનનું સાધન હતું. મેં જોયું કે આ માણસ ગરીબ છે, એટલે મેં પૂછ્યું, કેમ ભાઈ, હાતિમ તાઈ આટલી બધી મિજબાનીઓ આપે છે તો તેમાં તું કેમ જતો નથી? અને ત્યારે એણે જવાબ દીધો, 'આપણો રોટલો આપણે જાતે રળતા હોઈએ તો પછી હાતિમ તાઈની ભેટ સોગાદોની શી જરૂર છે વળી?'

તો કહો હાતિમ તાઈએ શા માટે કહ્યું કે કઠિયારો તેના કરતાં વધુ સારો માણસ હતો? તેનું એમ કહેવાનું કારણ આ હતું. હાતિમ તાઈને ખબર હતી કે તમારે જેમાં કાંઈ મહેનત ન કરવાની હોય, કોઈ ત્યાગ ન કરવાનો હોય એવી ભેટો બીજાને આપવી તથા લોકોને આળસુ રહેવામાં ઉત્તેજન આપવું એના કરતાં પોતાના ગુજરાન માટે પોતે મહેનત કરવી એ વધારે સારું જ છે.

બેશક, તમે મિત્રો એકબીજાને ભેંટ આપો એ વસ્તુ તો સ્વાભાવિક જ છે; વળી શકિતવાન માણસ ગરીબો કે દુ:ખીને મદદ કરવા પોતાનો હાથ લંબાવે એ વસ્તુ પણ સારી જ છે. પણ માણસ સશક્ત હોય, હરી ફરી શકે તેવો હોય તો તેણે પોતાના હાથ વડે કામ કરવું જ જોઈએ. એ હાથ ભીખ માગવા માટે લંબાવવા ના જોઈએ. પરંતુ જે લોકો સંપૂર્ણ રીતે ધ્યાનપરાયણ જીવન ગાળવા માગતા હોય અથવા તો જ્ઞાન મેળવવા માટે જ નીકળ્યા હોય તેઓ આવી રીતે શરીરનું કામ ન કરે તો તેમાં કાંઈ દોષ ના ગણાય.

આ કઠિયારાનું વર્તન તો ઉત્તમ પ્રકારનું હતું જ, પરંતુ ઈરાનના એક રાજકુમારનું દષ્ટાંત તો તેથી પણ વધુ ઉત્તમ હતું. એ વાર્તા આવી છે.

પહેલાંના વખતમાં ઈરાનમાં એક રાજકુમાર હતો. એનું નામ ગુશ્તાસ્પ હતું, ભવિષ્યમાં એ રાજ્ગાદીનો વારસ છે એવી રીતે એના પિતા એની સાથે વર્તન રાખતા ન હતા. આથી તે બહુ જ નાખુશ થઈ ગયો અને પોતાની જન્મભૂમિનો ત્યાગ કરીને તે પશ્ચિમ દિશામાં નીકળી પડયો. હવે તો તે એકલો હતો, ભૂખ્યો હતો, પાસે ખાવાનું કંઈ હતું નહિ. એને હવે ખબર પડી કે હવે તો મારે પોતાના પર જ બધો આધાર રાખવાનો છે. એટલે પછી તે ત્યાંના રાજાની પાસે ગયો અને જણાવ્યું, 'હું એક સરસ લહિયો છું અને સારી રીતે લખી શકું છું. આપ મને લહિયા તરીકે રાખશો તો આપનો બહુ ઉપકાર થશે.'

રાજાએ જવાબમાં કહેવડાવ્યું કે થોડો વખત થોભી જાઓ જરા. હમણાં અમારે લહિયાની તાત્કાલિક જરૂર નથી. પણ ગુશ્તાસ્પને તો ભૂખ લાગી હતી. અને એ માટે કાંઈ થોડું થોભી શકાય તેમ છે? એટલે પછી તેણે રસ્તે જતા ઊંટવાળાઓ પાસે જઈ કહ્યું, મને કંઈક કામ આપશો? પણ ઊંટવાળાઓને આવો અજાણ્યો માણસ પોતામાં ભેળવવો ન હતો એટલે તેમણે ના પાડી દીધી. પણ એમણે જોયું કે આ બિચારો બહુ ભૂખ્યો લાગે છે અને તેને ખાવાનું આપ્યું.

એ ખાઈને ગુશ્તાસ્પે ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં રસ્તામાં એક લુહારની દુકાન આવી. એટલે ગુશ્તાસ્પે ત્યાં જઈને પૂછયું કે, મને કંઈક કામ આપશો?

'ઊભો રહે,' લુહારે જવાબ આપ્યો, 'મારે આ થોડું લોઢું ઘડવું છે તો ઘણ મારવા લાગ.' અને એમ કહી તેને એક ઘણ આપ્યો. ગુશ્તાસ્પ તો બહુ જોરાવર માણસ હતો. એ ભારે ઘણ ઉપાડીને એણે એવા તો જોરથી ઝીંકયો કે પહેલે જ ઘાએ લુહારની એરણાના બે ચીરા થઈ ગયા. લુહાર તો રાતોપીળો થઈ ગયો અને તરત જ તેને દરવાજો બતાવી દીધો.

અને એમ રાજકુમારને પાછું ભટકવાનું શરૂ થયું. હવે તો એની દશા બહુ જ દયાજનક થઈ પડી. એ જયાં જયાં ગયો હતો ત્યાંથી એને જાકારો મળ્યો હતો. કોઈએ પણ એને તેની ઉપયોગિતા બતાવી આપવાની તક આપી ન હતી. આખરે એ એક અનાજના ખેતરમાં પહોંચ્યો. ખેતરમાં ખેડૂત કામ કરતો હતો. ખેડૂતને ગુશ્તાસ્પની દશા જોઈ દયા આવી અને એણે તેને ખાવા આપ્યું તથા રહેવાને આશ્રય આપ્યો.

એક દિવસે ખબર આવ્યા કે રૂમના રાજાની કુંવરી હવે પરણવા લાયક ઉંમરની થઈ છે. અને રાજાએ અમીર ઉમરાવોના જુવાન છોકરાઓને પોતાના મહેલમાં એક બાદશાહી ખાણા ઉપર બોલાવ્યા છે. ગુશ્તાસ્પે નક્કી કર્યું કે આપણે પણ જઈએ

અને બીજા યુવાનો ભેગો એ પણ જઈને ટેબલ પાસે બેસી ગયો. રાજકુંવરી કિતાબનની નજર એના ઉપર પડી. એને જોતાં જ કુંવરીને તેના ઉપર પ્રેમ થયો અને પોતાના પ્રેમના ચિહ્ન રૂપે તેણે ગુશ્તાસ્પને ગુલાબની એક કલગી ભેટ આપી.

પણ કુંવરીના પિતાને આ જરા પણ ન ગમ્યું. ગુશ્તાસ્પને ગરીબ જોઈ તેના ઉપર તેને સખત અણગમો આવ્યો. પરંતુ રાજામાં કુંવરીને ના પાડવાની હિંમત ન હતી એટલે એ બંનેનું લગ્ન કરાવી તરત જ એણે તેમને પોતાના મહેલમાંથી વિદાય કરી દીધાં. ગુશ્તાસ્પ અને કુંવરી પછી એક જંગલમાં ઊંડે ઊંડે રહેવા ચાલ્યાં ગયાં અને ત્યાં એક નદીને કિનારે ઝૂંપડી બાંધી રહેવા લાગ્યાં.

ગુશ્તાસ્પ બહુ મોટો શિકારી હતો. રોજ એ હોડીમાં બેસીને નદીને સામે કિનારે જાય, જંગલમાંથી એકાદ હરણ કે જંગલી ગધેડું મારી લાવે, એમાંથી અરધો ભાગ હોડીવાળાને આપે અને બાકીનો ઘેર લઈ આવી પોતાની સ્ત્રીને આપે.

એક દિવસે હોડીવાળો એક જુવાન માણસને લઈ ગુશ્તાસ્પને ત્યાં આવ્યો. એ જુવાનનું નામ મારબિન હતું અને તે ગુશ્તાસ્પને મળવા માગતો હતો, મારબિને કહ્યું, 'સાહેબ, મારે રાજાની બીજી કુંવરી સાથે લગ્ન કરવું છે. આપની પત્નીની એ બહેન થાય. પણ આ જંગલમાં એક મોટો વરુ છે અને રાજાના મુલકમાં એ ભારે નુકસાન મચાવે છે. એ વરુને હું મારી લાવું તે પછી જ રાજા મને કુંવરી પરણાવવાનું કહે છે. પણ એ વરુને કેવી રીતે મારવો તે મને આવડતું નથી.'

'એ હું મારી આપીશ.' ગુશ્તાસ્પ શિકારીએ કહ્યું.

પછી તે જંગલમાં નીકળી પડ્યો, અને જ્યાં વરુ દેખાયો કે તેના ઉપર તેણે બાણ ચલાવ્યાં. બે બાણમાં તો વરુ ભોંયભેગો થઈ ગયો. ગુશ્તાસ્પે એની પાસે જઈ શિકારી ચાકુ વડે એનું માથું જુદું કરી નાખ્યું.

રાજા વરુને જોવા આવ્યો અને વરુને મરેલો જોઈને બહુ ખુશી થઈ મારબિનને તેણે પોતાની બીજી કુંવરી પરણાવી.

થોડા વખત બાદ પેલો હોડીવાળો ગુશ્તાસ્પ પાસે એક બીજા જુવાનને લઈને આવ્યો. એનું નામ અહરુંન હતું. અહરુંનને રાજાની ત્રીજી કુંવરી સાથે લગ્ન કરવું હતું. પણ રાજા તેને પરણાવે તે પહેલાં તેણે એક મોટા (ડ્રેગન) ભયંકર સર્પ-દૈત્યને મારી આપવાનો હતો. ગુશ્તાસ્પે એને કહ્યું, 'ભલે, એ દૈત્ય હું મારી દઈશ.'

પછી ગુશ્તાસ્પે કેટલાંક ચપ્પુ ભેગાં કરી તેનો એક દડો બનાવ્યો, અને એ ચપ્પુની અણીઓ બહાર રહે તેવી રીતે ગોઠવ્યું. પછી તે સર્પ-દૈત્યની શોધમાં નીકળ્યો. ફરતાં ફરતાં દૈત્ય મળી આવ્યો. એના મોંમાંથી આગ નીકળતી હતી. એ ભયંકર દૈત્યના

શરીર પર ગુશ્તાસ્પે બાણોનો વરસાદ વરસાવ્યો. દૈત્ય તેને પકડવા આવે ત્યારે એ ફલાંગ મારીને આઘોપાછો થઈ જતો. આખરે એક ભાલાની ટોચ પર એણે પેલો ચપ્પુનો દડો બેસાડયો અને એ ભાલો દૈત્યના મોંમાં ઘોંચી દીધો. દૈત્યે મોં બંધ કરી દીધું અને ભોંય પર ઢળી પડયો. અને રાજકુમારે પોતાની તલવાર વડે એને પૂરો કરી દીધો.

એ રીતે અહરુન રાજાની ત્રીજી કુંવરીને પરણ્યો.

આવો વીર રાજકુમાર આગળ જતાં તેના પિતાના વારસદાર તરીકે ઈરાનની ગાદી ઉપર આવે તેમાં તમને આશ્ચર્ય નહિ જ થાય. આ ગુશ્તાસ્પના રાજ્યકાળમાં પયગંબર ઝરથુસ્ત યા ઝોરોઆસ્તર થઈ ગયા અને તેમણે ઈરાનના લોકોને અહુર્મઝ્દનો ધર્મ ભણાવ્યો. આ અહુર્મઝ્દ તે પ્રકાશ, સૂર્ય તથા અગ્નિના, અને સત્ય તથા ન્યાયના અધિષ્ઠાતા દેવ મનાતા હતા.

***

આમાં તમે જોઈ શકયા હશો કે ગુશ્તાસ્પને આ જગતમાં પોતાને લાયકનું સ્થાન તેમ જ કામ એકદમ મળી આવ્યું નથી. એણે કરેલા ઘણાએક પ્રયત્નોમાં તેને સફળતા વરી ન હતી. અને શરૂ શરૂમાં તો એને પેલા લુહારના જેવા કેટલાક માણસોની દુશ્મનાવટનો સ્વાદ પણ મળ્યો હતો.

પણ છેવટે જતાં તેને તેનું સાચું સ્થાન મળી આવ્યું. અને પોતાની પ્રજા ઉપર ડહાપણભર્યું રાજ્ય ચલાવી તે લોકોને મદદગાર પણ બની શકયો. આપણે કઠિયારાની વાત કરી ગયા તેના કરતાં ગુશ્તાસ્પ વધારે સારો માણસ હતો એનું કારણ પણ એ હતું કે તે બીજાઓને મદદ કરી શકયો હતો અને વાર્તામાંનો કઠિયારો તો માત્ર પોતાને માટે જ કામ કરીને સંતોષ માનતો હતો. વળી ગુશ્તાસ્પ પેલા ઉદારદિલ હાતિમ તાઈ કરતાં પણ વધુ મહાન હતો. હાતિમ તાઈ તો પોતાની મિલ્કતમાંથી જે કાંઈ વધારે પડતી વસ્તુઓ હતી તેટલીનું જ દાન કરતો હતો. પણ આ ઈરાનનો રાજકુમાર તો ખુદ પોતાના હાથની શકિત બીજાઓને માટે વાપરતો હતો અને બીજાઓના રક્ષણ માટે પોતાની જાતને પણ એણે જોખમમાં નાખી હતી.

જે માણસ પોતાના સ્વાશ્રય ઉપર મુસ્તાક રહીને પોતાની બધી જરૂરિયાતો માત્ર પોતાની શકિત વડે જ પૂરી કરે છે એટલું જ નહિ પણ પોતાની આસપાસના અન્ય લોકોના કલ્યાણમાં તથા સુખસમૃદ્ધિમાં પણ વૃદ્ધિ કરી આપે છે તેના કરતાં માનના વધુ અધિકારી મનુષ્યો જગતમાં બહુ ઓછા જ હશે.

એ પિતાને ધન્ય છે, પછી તે ભલે એન્જિનીયર હો કે કઠિયારો હો, લેખક હો કે ખેડૂત હો, વેપારી હો, લુહાર હો કે પછી પૃથ્વીનો સંશોધક હો, પણ એવો પિતા કે

જે પોતે હરેક રીતનો શ્રમ લઈને માત્ર પોતાની સુખસગવડો સર્જે છે, એટલું જ નહિ પણ પોતાનાં પ્રિયજનોની સુખસગવડોમાં પણ વૃદ્ધિ કરી આપે છે તે અનેક ધન્યવાદને પાત્ર છે.

એ કામદારને પણ ધન્ય છે કે જે પોતાનું તેમ જ પોતાના સાથીદારોનું હિત સાધવા માટે એ સાથીઓની મદદ મેળવીને કારખાનાંઓ ઊભાં કરે છે, સહકારી ભંડારો અને મજૂર સંઘો ઊભા કરે છે અને એ દ્વારા છૂટી છવાઈ વ્યકિતઓના દુર્બળ અને કરગરતા અવાજને બદલે સંઘનો એક બળવાન અવાજ ઊભો કરી દરેક વ્યકિતને પોતાના હક્કની સ્થાપના કરવામાં મદદ પહોંચાડે છે. આવી રીતના કામદારોને પોતાની શકિત ઉપર જ આધાર રાખવાનું શીખવે છે તેમ જ અરસપરસને મદદ કરવાનું પણ શીખવે છે.

અને નાના વિદ્યાર્થીઓ, તમે પણ તમારા શિક્ષક તમને જે કામ આપે તેના ઉપર તમારું ચિત્ત એકાગ્ર કરી તમારી બુદ્ધિને સમૃદ્ધ કરવાની વિદ્યા બરાબર જાણી લેશો. તથા જ્ઞાનની સીડી પર ચડવા માટે તમે પોતે જ્યારે તમારી તમામ શકિત ખરચી રહેલા હો ત્યારે તમારાથી ઓછી શકિતવાળા કે ઓછી આવડતવાળા તમારા મિત્રોને પણ વખતોવખત મદદ કરતા રહેજો.

પરીકથાઓમાં તો એવું બને છે કે તમે એકાદ મંત્ર બોલો, દીવાનું કોડિયું ઘસો, જાદુઈ દંડ હલાવો કે જીન આવીને હાજર થઈ જાય છે. અને માણસોને તે આકાશમાર્ગે ઉપાડે છે, આંખના પલકારામાં મહેલના મહેલ ખડા કરી દે છે, જમીનમાંથી હાથી-ઓનાં, ઘોડેસવારોનાં લશ્કર ઊભાં કરી આપે છે.

પરંતુ માણસે તો પોતાના પુરુષાર્થમાંથી આ ચમત્કારો કરતાં પણ કેટલાયે મહાન ચમત્કારો નિપજાવેલા છે. એ ચમત્કારો કરીને માણસે આખીયે પૃથ્વીને ઉત્તમ ફળફળાદિથી ભરચક ભરી દીધી છે, જંગલનાં જાનવરોને હેળવી લીધાં છે, પર્વતોને ભેદી રસ્તા કોતરી કાઢયા છે. માણસે પૃથ્વી ઉપર નગરો બાંધ્યા છે, નદીઓ પર પૂલ અને બંધ બાંધ્યા છે. સમુદ્રનાં મોજાં ઉપર તેણે વહાણોના કાફલા વહેતા મૂકયા છે, આકાશમાં વિમાનો ઊડતા કર્યાં છે. અને આ બધીય વસ્તુઓએ માનવજાતિને ઘણી સુખસંપત્તિ અને સલામતી આપેલી છે.

માણસ પોતાના પ્રયત્ન વડે જ વધારે ઉમદા બની શકે છે, વધારે ન્યાયી અને પ્રેમાળ બની શકે છે. અને એમાં જ સાચી પ્રગતિ રહેલી છે.

# ધીરજ અને ખંત

પંજાબના લોકોનું એક ગીત છે :

સદા ના બાગીં બુલબુલ બોલે,
સદા ના બાગ બહારાં,
સદા ના રાજ ખુશી દે હોંદે,
સદા ના મજલિસ યારાં.*

આ ગીતનો ભાવાર્થ એવો છે કે આપણે જીવનમાં એવી આશા રાખવાની નથી કે હમેશાં બધી વસ્તુઓ આપણને અનુકૂળ પડે એ રીતે જ બનતી રહે. અને જીવનમાં એક સૌથી વધુ ઉપયોગી વસ્તુ છે ધીરજ રાખી જાણવી. આપણા જીવનમાં રોજ ને રોજ એવું કૈં પણ બન્યા વિના રહેતું નથી કે જેમાંથી આપણને વધારે ધીરજવાન બનવાનું શીખવાનું ના મળે.

ધારો કે તમારે કોઈ ખૂબ જ પ્રવૃત્તિમાં રહેતો હોય એવા માણસને કોઈ કામને માટે મળવું છે. તમે એને ત્યાં મળવા જાઓ છો ત્યારે ત્યાં કેટલાય માણસો એને મળવા માટે આવેલા હોય છે, એટલે તમારે એને મળવા માટે ખૂબ વખત રાહ જોવી પડે છે. તમે ત્યાં શાંતિથી રાહ જોતા બેસો છો, અને એ રાહ કદાચ કલાકો લગી પણ જોવી પડે. આનું નામ ધીરજ કહેવાય.

તો બીજી કોઈ વાર એવું બને છે કે તમે કોઈને ત્યાં મળવા જાઓ છો ત્યારે તે ગેરહાજર હોય છે. એટલે તમે પછી બીજે દિવસે એને ત્યાં જાઓ છો, પણ ત્યારે પણ એનું બારણું બંધ હોય છે. તમે વળી ત્રીજે દિવસે પાછા ત્યાં પહોંચો છો પણ એ દિવસે એ માંદો પડી ગયેલો હોય છે અને તમને તે મળી શકે તેમ હોતું નથી. એ પછી તમે થોડા દિવસ જવા દો છો અને પાછો એના ઘરનો રસ્તો પકડો છો અને આ વખતે પણ જો કોઈ નવી વસ્તુ આવી ચડે અને તમે એ સજ્જનને મળી ન શકો તો તેથી તમે નિરાશ થઈ જતા નથી, પણ જ્યાં સુધી તમે એને મળી શકો નહિ ત્યાં સુધી એને ત્યાં જવાનું ચાલુ જ રાખો છો. આ રીતની જે ધીરજ હોય છે તેને ખંત કહેવામાં આવે છે.

---

* સદા બાગનાં બુલબુલો બોલતાં ના, સદા બાગમાં ના રહેતી વસંત,
સદા રાજમાં ના ખુશીઓ મનાતી, સદા દોસ્તદારોની મળતી ન મજલિસ.

ખંત એટલે સક્રિય બનેલી ધીરજ, ગતિ કરવા લાગેલી ધીરજ.

***

જીનિવાનો પ્રખ્યાત ખલાસી કોલમ્બસ સ્પેનના બંદરેથી તે વખતે અણખેડાયેલા રહેલા પશ્ચિમના સાગરની સફરે નીકળ્યો હતો.

એની સફર કેટલાય દિવસો અને અઠવાડિયાં લગી ચાલુ રહી હતી. પછી તો એની સાથેના બધા માણસો નારાજ થઈ વિરોધ પણ કરવા લાગ્યા હતા છતાં એણે પોતે એક નવો દેશ શોધવા માટે જે સંકલ્પ કર્યો હતો તેમાંથી તે લેશ પણ ચલિત નહોતો થયો. એને સફરમાં ખૂબ ખૂબ મુશ્કેલીઓ તેમ જ વિલંબો નડયા હતા તો પણ એણે સફર ચાલુ રાખેલી અને આખરે અમેરિકાના કિનારે આવેલા ટાપુઓની પહેલી હરોળમાં પહોંચ્યો હતો. આ રીતે તેણે એક નવો ખંડ શોધી કાઢયો હતો.

તો કોલમ્બસે પોતાના સાથીદારો પાસેથી કઈ વસ્તુની આશા રાખી હતી? એણે એમને માત્ર એટલું જ કહેલું કે થોડી ધીરજ રાખો. લોકોએ તો એનામાં વિશ્વાસ રાખીને તે તેમને જયાં લઈ જાય ત્યાં વિના વિરોધે જવાનું હતું એટલું જ માત્ર કરવાનું હતું. અને કોલમ્બસે પોતાને પણ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કઈ વસ્તુની જરૂર હતી? એ વસ્તુ હતી એક બળવાન અને અણનમ એવી સંકલ્પશકિત. એનું નામ છે ખંત.

***

બર્નાર્ડ પાલિસી કરીને એક ઘણો વિખ્યાત માટીકામનો કારીગર થઈ ગયો હતો. પહેલાંના વખતમાં માટીનાં વાસણો ઉપર ભપકદાર રંગોવાળું એનેમલનું કામ થતું હતું, પણ તે કેવી રીતે થતું હતું તેની માહિતી હવે કોઈની પાસે હતી નહિ. પાલિસીને આ વસ્તુ શોધી કાઢવી હતી.

એ માટે તે મહિનાના મહિના સુધી, વરસોનાં વરસો લગી, જરા પણ થાકયા વિના પોતાની શોધખોળમાં લાગુ રહ્યો હતો. પણ એના એનેમલ શોધવાના પ્રયત્નોને લાંબા, વખત સુધી કશી સફળતા મળી નહોતી. એ કામમાં તેણે પોતાની તમામ સાધનસંપત્તિ ખર્ચી નાખી હતી. એણે પોતે બનાવેલી ભઠ્ઠી પાસે તે રાતોની રાતો અને દિવસોના દિવસો બેસી રહેતો અને વાસણો બનાવવા માટેની તથા પકવવા માટેની નવી નવી પદ્ધતિઓ તે અજમાવ્યા કરતો. આ કામમાં એને ઉત્સાહ આપનાર તો કોઈ જ નહોતું, પણ ઊલટું એના મિત્રો, એના પાડોશીઓ એને ગાંડો ગણી કાઢતા હતાં અને એની સ્ત્રી પણ એને એના કામ બાબત ઠપકો આપ્યા કરતી હતી.

પછી તો એની પાસેના સાધનો ખૂટી પડવા લાગ્યાં અને સાધનના અભાવે ઘણી વાર એને પોતાની શોધખોળનું કામ બંધ પણ રાખવું પડતું, પણ જ્યારે વળી એને પાછા સાધન મળી આવે કે તરત જ એ પાછું પોતાનું કામ શરૂ કરી દેતો. પણ એક દિવસ એવો તો આવ્યો કે એની ભઠ્ઠી બાળવા માટે એની પાસે લાકડાં સુદ્ધા ન હતાં, એટલે એણે ઘરમાં જે કાંઈ ફરનિચર હતું તે પણ લઈ લઈને બાળવા માંડ્યું. આ જોઈને તો એના ઘરનાં માણસો કકળાટ કરી ઊઠયાં, ધમકીઓ આપવા લાગ્યા. પણ કોઈની પણ પરવા કર્યા વિના એ લાકડાની જેટલી ચીજો ઘરમાં હતી તે બધી એક પછી એક ભઠ્ઠીમાં હોમતો ગયો. અને એ બધું સળગી રહ્યા પછી એણે જ્યારે ભઠ્ઠી ખોલી ત્યારે આખીયે ભઠ્ઠીમાં ઝગઝગાટ કરતું એનેમલ પથરાઈ ગયું હતું. એની વરસોની મહેનત સફળ થઈ હતી અને એ એનેમલે એને ઘણો નામાંકિત કરી આપ્યો.

એની પત્નીએ તથા મિત્રોએ એ જે પ્રયત્નો કરતો હતો તેના પરિણામની રાહ જોવાને બદલે તેને ઘણો ઘણો હેરાન કર્યો હતો અને તેનું કામ ઘણું વધારે મુશ્કેલ બનાવી મૂક્યું હતું. તો એ બધાંમાં કઈ વસ્તુ ખૂટતી હતી? જવાબ ઘણો સાદો છે: ધીરજ. અને આ પ્રખ્યાત શોધકે મુશ્કેલીઓ અને લોકોના તિરસ્કારનો સામનો કરીને પણ પોતાની શોધખોળ ચાલુ રાખી હતી તે કઈ રીતે બન્યું હતું? એની પાસે એવી કઈ વસ્તુ હતી કે જે કદી ખૂટી ન હતી? એ વસ્તુ હતી: ખંત, જગતની સૌથી મહાન શકિત. આ શકિત એવી છે કે એની સામે જગતની કોઈ પણ વસ્તુ ટકી શકતી નથી.

જગતમાં જે મહાન વસ્તુઓ બનેલી છે તે પણ હંમેશાં નાના નાના અણથક પ્રયત્નોના પરિણામે જ બની હોય છે. મોટા મોટા ખડક પણ, તેમના પર પાણીનાં ટીપાં જો એક જ જગાએ સતત પડતાં રહે તો આખા ને આખા તૂટી જાય છે. રેતીના એક કણમાં આપણને કશી પણ શકિત દેખાતી નથી પણ એ જ્યારે અનેક અનેક ભેગા થઈ જાય છે ત્યારે એમાંથી એવા તો મોટા મોટા ઢગ બને છે કે તે સમુદ્રને પણ રોકી પાડે છે. તમે જો પ્રાકૃતિક ઇતિહાસનો અભ્યાસ કરશો તો તમને જાણવા મળશે કે નાનાં નાનાં જંતુઓએ એક પર એક જામી જામીને સમુદ્રને તળિયે મોટા મોટા પર્વતો બનાવેલા છે, એમના અખંડ શ્રમને પરિણામે દરિયાની અંદર ઘણા સુંદર અને મોટા દ્વીપસમૂહો બની આવેલા છે.

તો પછી તમે પણ જો તમારા નાનકડા પ્રયત્નો ફરી ફરીને જારી રાખશો તો શું તેમાંથી પણ આવાં મહાન પરિણામો નહિ આવી શકે?

*
* *

તમે શંકરાચાર્યનું નામ તો જાણો જ છો. એ મહાપુરુષને લીધે મલબારનો દેશ જગતમાં જાણીતો બનેલો છે. એ લગભગ બારસો વર્ષ ઉપર થઈ ગયા હતા. એ સાવ નાના હતા ત્યારથી જ તેમણે સંન્યાસી બનવાનો સંકલ્પ કર્યો હતો. એની માતાને પણ તેમનો આ ઉત્તમ વિચાર ગમતો તો હતો જ પણ એણે ઘણા વખત સુધી શંકરને સંન્યાસી થવાની રજા આપેલી નહિ.

એક દિવસે માતા અને પુત્ર બંને નદીમાં સ્નાન કરવાને માટે ગયાં હતાં. શંકરે નદીમાં ભૂસકો તો માર્યો પણ તરત જ તેને જણાયું કે એક મગરે આવીને તેનો પગ પકડી લીધો છે. શંકરને મોત જાણે હાથવેંતમાં દેખાવા લાગ્યું. પણ એ ભયંકર ક્ષણે પણ એ બહાદુર બાળકના મનમાં પોતે સંન્યાસી થવું છે એ ભાવના જ રમી રહી હતી. એટલે એણે માને બૂમ મારીને કહ્યું, 'મા, મા, મને મગરે પકડયો છે. મારાથી હવે નહિ બચાય. તો મને સંન્યાસી રૂપે મરવાની રજા તું નહિ આપે, મા ?'

'ભલે, મારા દીકરા, ભલે ...' ગભરાઈ ગયેલી માએ ડૂસકાં ખાતાં ખાતાં કહ્યું.

પણ સદ્‌ભાગ્યે શંકરે બળ કરીને પોતાનો પગ મગરના મોંમાંથી છોડાવી લીધો અને તે કિનારે કુદી આવ્યો.

પછી તો તે વયમાં મોટો થતો ગયો અને સાથે વિદ્યામાં પણ મોટો થતો ગયો. એ પછી તે મહાન ગુરુ બન્યો અને પોતાના અદ્‌ભુત જીવનના અંત સુધી લોકોને તત્ત્વનો ઉપદેશ કરવાનું તેણે આદરેલું મહાન કાર્ય તે કરતો રહ્યો.

જે જે લોકોને ભારત ઉપર પ્રેમ છે તે સૌ મહાભારતના અતિ સુંદર કાવ્ય વિષે તો જાણતા જ હોય છે. એ કાવ્ય ઘણા ઘણા સેંકડો વર્ષ ઉપર સંસ્કૃતમાં લખાયેલું છે. પણ થોડાં વર્ષો ઉપર સ્થિતિ એવી હતી કે કોઈ યુરોપિયન, એને સંસ્કૃતનું જ્ઞાન ન હોય તો, એ કાવ્યને વાંચી શકે તેમ ન હતું. અને એવા સંસ્કૃતના જાણનાર યુરોપિયનો તો બહુ થોડા હતા. એટલે યુરોપની કોઈક ભાષામાં આ કાવ્યનું ભાષાંતર થાય એની ખાસ જરૂર હતી.

બાબુ પ્રતાપચંદ્ર રાયે આ કાર્ય ઉપાડી લેવાનો સંકલ્પ કર્યો. એમના દેશમાં એમને કિશોરીમોહન ગાંગુલી કરીને એક વિદ્વાન મિત્ર હતો. એ સંસ્કૃત મહાભારતનું અંગ્રેજીમાં ભાષાંતર કરી શકે તેમ હતું. અને એણે કરેલા ભાષાંતરના એક પછી એક બધા ભાગો પ્રસિદ્ધ થયા.

પ્રતાપચંદ્ર રાય આ ભગીરથ કાર્યમાં બાર બાર વર્ષ સુધી લાગેલા રહ્યા હતા. એ ગ્રંથને પ્રસિદ્ધ કરવામાં તેમણે પોતાની પાસે જે કાંઈ હતું તે બધું ખરચી નાખ્યું હતું. અને જ્યારે એમની પોતાની પાસે કાંઈ રહ્યું નહિ ત્યારે તેમણે ભારતના જુદા જુદા ભાગોમાં મુસાફરી કરીને જ્યાં જ્યાંથી મદદ મળી શકી ત્યાંથી ભેગી કરી હતી.

એ રીતે તેમને રાજાઓ તથા ખેડૂતો તરફથી, પંડિતો અને અભણ માણસો તરફથી, તેમજ યુરોપ તથા અમેરિકાના મિત્રો તરફથી મદદ મળી હતી.

પણ એમના પ્રવાસમાં એમને મેલેરિયાનો જીવલેણ તાવ લાગુ પડયો અને એમાંથી એમનું મૃત્યુ થયું. એ માંદા હતા ત્યારે પોતે લીધેલું કાર્ય કેવી રીતે પૂરું થાય એના જ વિચારોમાં તેમનું મન ડૂબેલું રહેલું હતું. અને પછી તો એમનામાં બોલવાની બહુ શકિત રહી ન હતી ત્યારે પણ એ પોતાની સ્રીને વારંવાર કહેતા રહેતા હતા, 'આ ગ્રંથનું પ્રકાશન તો પૂરું કરજો જ. એને છપાવવા માટે પૈસાની જરૂર પડે તો મારી મરણક્રિયા પાછળ ખર્ચ ન કરતાં તેમાંથી બચેલી રકમ આમાં વાપરજો. તમે પોતે બને તેટલું સાદું જીવન ગાળજો અને મહાભારત માટે પૈસા બચાવતાં રહેજો.'

અને એમ ભારત માટે તથા તેના એ મહાકાવ્ય માટે પ્રેમથી ભરપૂર હૃદયે તેમણે દેહત્યાગ કર્યો.

એમની વિધવા સ્રી સુંદરીબાલા રાયે પતિની આ મહાન ઈચ્છા પ્રમાણે જ બધું કર્યું. એ પછી એક વરસની અંદર ભાષાંતરકારે પોતાનું કાર્ય પૂરું કરી દીધું અને મહાભારતનો ગ્રંથ અગિયાર ભાગમાં છપાઈને યુરોપની પ્રજાના હાથમાં મુકાયો. હવે યુરોપની પ્રજા એ ભવ્ય મહાકાવ્યનાં અઢાર પર્વો વાંચી શકે તેમ જ તેનો રસ માણી શકે તેમ બન્યું. અને એ ગ્રંથના વાંચનમાંથી યુરોપની પ્રજાને એ વસ્તુ જાણવા તથા સમજવાની મળી કે પ્રાચીન ભારતના મહાન ચિંતકો તથા કવિઓમાં કેવી તો મહાન શકિત તથા જ્ઞાન રહેલાં હતાં.

પ્રતાપચંદ્ર તેમ જ તેમના જેવા બીજા અનેક પુરુષોમાં આવી રીતે ખંતપૂર્વક કામ કરવાની શકિત હતી. અને તેમણે જે મહા પ્રયત્નો આદરેલા છે તેનાં પરિણામ આવાં આવેલાં છે.

જગતમાં આવાં અનેક સ્રીઓ અને પુરુષો સારાં શુભ કાર્યો ઉપાડે છે અને એ સિદ્ધ થાય નહિ ત્યાં સુધી તે કદી વિરામ કરતાં નથી. તો બહાદુર બાળકો, તમને પણ આ સ્રીપુરુષોની મહાન સેનામાં જોડાવાનું મન શું નહિ થાય ?

આ વિશાળ જગતમાં ઉત્તમ કાર્યો કરવાની ખોટ તો કદી પણ પડવાની નથી, તેમ જ એ કાર્યો ઉપાડી લેવાને તૈયાર હોય એવા માણસોની પણ કદી ખોટ પડવાની નથી. પણ જગતમાં ઘણી વાર એક વસ્તુની ખોટ તો જોવામાં આવે જ છે : એ છે ધીરજ. એ ધીરજ હોય તો જ બધાં કાર્યો પાર પાડી શકે છે.

# સાદું જીવન

મહમ્મદ પયગમ્બરે પોતાનું સમગ્ર જીવન આરબ લોકોની ઉન્નતિ માટે અર્પણ કરી દીધું હતું. એમણે પોતાના જીવનમાં એશઆરામને કશું સ્થાન આપ્યું ન હતું, તેમ જ ધનસંપત્તિની પણ તે કશી પરવા કરતા નહિ.

એક વખતે તેમને રાત્રે એક કઠણ અને ગાંઠો ગાંઠોવાળી સાદડી પર સૂવાનું બન્યું. સવારે ઊઠયા ત્યારે એમના આખા શરીર ઉપર એ સાદડીની ગાંઠો અને તાણાવાણાની નિશાનીઓ પડી ગઈ હતી.

અને એ જોઈ એમનો એક મિત્ર બોલી ઊઠયો :

'અરે અલ્લાહના પયગંબર ! આ પથારી તો આપને માટે બહુ કઠણ નીકળી લાગે છે. આપે મને સહેજ કહ્યું હોત તો આપને સુંદર મઝાની સુંવાળી પથારી કરી આપત. મને એથી બહુ આનંદ થાત.'

એટલે પયગંબરે એને કહ્યું, 'મારે માટે સુંવાળી પથારી ન હોય, ભાઈ ! હું તો જગતમાં એક કામ કરવાને આવ્યો છું. મારા શરીરને આરામની જરૂર પડે છે ત્યારે આરામ આપી લઉં છું. મુસાફરીમાં આપણે બપોરને વખતે ઘોડાને બે ઘડી ઝાડની છાયામાં બાંધી લઈએ છીએ અને ઘોડાને આરામ મળી જાય એટલે તરત પાછી મુસાફરી શરૂ કરી દઈએ છીએ એમ બસ, હું પણ કરી લઉં છું.'

'હું તો જગતમાં એક કામ કરવાને આવ્યો છું.' પયગંબરે આમ કહ્યું. એમનું મહાન જીવન આટલું બધું સાદું હતું તે આ કારણે. એમણે પોતે જીવનમાં જે કાર્ય સ્વીકારેલું તેમાં તેમને શ્રદ્ધા હતી. એ આખી આરબ પ્રજાની ઉન્નતિ કરવા માગતા હતા. એમને પછી એશઆરામનો જરાયે વિચાર આવતો ન હતો. એમનું હૃદય ઘણી ઘણી ઉત્તમ ભાવનાઓમાં રમી રહ્યું હતું.

* * *

અહીં હવે એક અરબસ્તાનની વાર્તા આપીએ છીએ. એમાંથી તમને સમજાશે કે જે મનુષ્યનું મન તંદુરસ્ત હોય છે તેને સાદા જીવનમાં જેટલી તૃપ્તિ મળે છે તેટલી બીજી કોઈ વસ્તુમાંથી મળતી નથી.

મૈઝન કરીને એક કાલ્બ જાતિની છોકરી હતી. એનું બાળપણ તો રણની અંદર તંબુઓમાં વીત્યું હતું.

એ મોટી ઉંમરની થઈ ત્યારે તેને ખલીફ મુઆવિયા સાથે પરણાવવામાં આવી. ખલીફ તો મહા ધનવાન હતો, એને ત્યાં અનેક ગુલામો દાસદાસીઓ હતાં. પણ આ બધું હોવા છતાં મૈઝનને ખલીફની સાથેના જીવનમાં કશો આનંદ પડતો ન હતો. એની આસપાસ એશઆરામ અને આનંદ વિનોદની ભરપૂર સામગ્રી ભરેલી હતી છતાં એના મનને શાંતિ ન હતી. એવી સ્થિતિમાં એ એકલી પડતી ત્યારે ઘણી વાર તો તેણે પોતાની આરબ ભાષામાં રચેલું આવું એક ગીત મીઠા કંઠથી ગાયા કરતી :

કે ઊંટના તે વાળતણા ધાબળા જી રે,
મને લાગે રૂડાં,
ઓલ્યા રાજાનાં ચીર રંગરંગનાં રે,
નહીં લાગે રૂડાં.

કે રણમાં તાણેલ મારા તંબુ જી રે,
મને લાગે મીઠા,
ઓલ્યા રાજાના મહેલતણા ઓરડા રે,
નહીં લાગે મીઠા.

પેલાં છાવણીમાં ઠેકતા વછેરા જી રે,
ભલા જોવા જેવા,
ઓલ્યા રાજાના ઘોડલા શણગારિયા રે,
નહીં જોવા જેવા.

પેલાં ભસતાં અજાણ્યાંને કૂતરાં જી રે,
એ તો સુણવાં ગમે,
ઓલ્યા રાજાના સંતરીનાં રણશિંગાં રે,
એ ના સુણવાં ગમે.

એક વાર ખલીફના સાંભળવામાં આ ગીત આવી ગયું અને તેણે મૈઝનને પોતાને ત્યાંથી રવાના કરી દીધી. આ ગીતની બનાવનારી એ કવિને તો એથી બહુ આનંદ થયો. તે પાછી પોતાની જાતિમાં પહોંચી ગઈ. હવે એને પેલા મહેલમાંથી મુક્તિ મળી ગઈ હતી. એ ઝગઝગાટ કરતા મહેલે એના જીવનને તો ગૂંગળાવી દીધું હતું. એ હવે ફરી જોવાનો નથી એ વાતથી તેને બહુ આનંદ થઈ રહ્યો.

* * *

હવે તો જગતના બધા જ દેશોમાં સૌ કોઈને એ વાત સમજાવા લાગી છે કે બકારના મિથ્યા ડોળદમામ અને મોજશોખો કરતાં સાદાઈભરેલું જીવન વધારે ઉત્તમ વસ્તુ છે.

હવે જે લોકોની પાસે ખરચાળ ચીજો ખરીદવા માટેની સાધનસંપત્તિ છે તેમને થવા લાગ્યું છે કે આપણા પૈસાનો કોઈ વધુ સારા ઉપયોગ થઈ શકે છે. અને એવાં માણસોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. એ લોકો પોતે જે મોંઘી મસાલેદાર વાનીઓ જમતાં હતાં તેને બદલે હવે વધારે આરોગ્યપ્રદ બને તેવો ખોરાક લેવા લાગ્યા છે. પોતાનાં મકાનોમાં એ લોકો હવે ખાલી દેખાવને ખાતર કીમતી પણ નકામા એવા ફરનિચરના ખડકલા કરતાં નથી, એને બદલે તેઓ સાદી અને સુરુચિવાળી વસ્તુઓ વાપરી રહ્યા છે.

આપણે જોઈએ છીએ કે માનવજાતિના ઇતિહાસમાં જે જે ઉત્તમ અને સમર્થ પુરુષો માનવ જીવનની પ્રગતિમાં મોટો ફાળો આપી ગયા છે તેમનું જીવન શાંત અને સરળ રીતનું જ રહેલું છે. એવા જીવનને લીધે તેઓ પોતાના શરીરનું આરોગ્ય સારી રીતે સાચવી શકયા છે અને એવા શરીર દ્વારા તેઓ માનવજાતિના કલ્યાણ માટે સક્રિય રીતે કામ કરવામાં પોતાનો ફાળો આપી શકયા છે. અને એવા લોકોનું દૃષ્ટાંત જોઈને, જગતના જે જે લોકો પોતાની આસપાસ સંપત્તિના નિરર્થક ઢગલા જમાવીને બેઠેલા છે, અને એમાં પોતાના નોકરચાકરો, પોતાનાં કપડાંલત્તાં અને ફરનિચર વગેરેના દાસ બનીને રહેતા હોય છે તેમને પોતાને માટે જરૂર હંમેશાં શરમ થવાની છે.

તમે એક બાજુ જો ટેકરો કરો તો તે બીજી બાજુ ખાડો કરીને જ કરી શકો છો. જયારે કોઈ માણસ ધનવાન બનતો હોય છે ત્યારે તે ઘણુંખરું બીજા અનેકોને ગરીબ બનાવીને જ એ કરી શકતો હોય છે. એટલે જે માણસોને પોતાનો સમય અને બુદ્ધિ અને પૈસા તદ્દન નકામી વસ્તુઓમાં વેડફી ન નાખવાં જોઈએ એવું સમજવા જેટલી શકિત છે તે લોકોને માટે આ જગતમાં ઘણાં ઘણાં મહાન, સરસ અને ઉપયોગી કાર્યો કરવાનાં પડયાં છે.

***

સંત ફ્રાન્સિસ આદર્શ જીવનના એક મહાન મંત્રદ્રષ્ટા થઈ ગયા. તેઓ જે કાંઈ ઉપદેશ કરતા તે પૈસાને ખાતર કરતા નહોતા. એમનું જીવન સાદું હતું. પોતાના સદ્બોધ તેમ જ દૃષ્ટાંત દ્વારા પોતે લોકોને સન્માર્ગે વાળી રહ્યા છે એ જ તેમને માટે જીવનની કૃતાર્થતા હતી. એમને લોકો જે કાંઈ આપી જતા તેમાંથી તેઓ પોતાનો નિર્વાહ ચલાવી લેતા અને સંતોષમાં રહેતા.

એક દિવસે તેઓ અને તેમનો મિત્ર માતેઓ એક ગામમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ભિક્ષા માગવા માટે તેઓ જુદી જુદી શેરીઓમાં ચાલ્યા ગયા. માતેઓ ખાસ્સો ઊંચો અને સુંદર દેખાવનો હતો, અને સંત ફ્રાન્સિસ તો નીચા અને સાધારણ દેખાવના

હતા. એટલે લોકો તરફથી માતેઓને ખૂબ ખૂબ ભિક્ષા મળી અને સંત ફ્રાન્સિસને તો થોડુંક અમથું મળ્યું.

એ પછી બંને જણ ગામ બહાર ગયા અને એક ચોખ્ખા પાણીના ઝરા પાસે એક મોટી શિલા ઉપર બેઠા અને પોતાને મળેલી ભિક્ષા ભેગી કરીને ખાવાની તૈયારી કરવા લાગ્યા.

ભિક્ષામાં આવેલી વસ્તુઓ જોઈને સંત ફ્રાન્સિસ તો આનંદમાં આવીને બોલી ઊઠયા, 'અરે ભાઈ, આવી સરસ મિજબાની માટે આપણે તે કંઈ લાયક છીએ?'

એટલે માતેઓએ કહ્યું, 'વાત તો સાચી છે, પણ આ રોટીના થોડા ટુકડાઓને તે કંઈ મિજબાની કહેવાય? અને વળી આપણી પાસે છરી કાંટો કયાં છે, ટેબલ કયાં છે, પાથરણું કયાં છે, નોકરચાકર કયાં છે?'

ત્યારે સંત ફ્રાન્સિસે જવાબ આપ્યો, 'પણ ભાઈ, તમને ભૂખ લાગી હોય ત્યારે ખાવા માટે સારી રોટી મળે અને તરસ લાગી હોય ત્યારે ચોખ્ખા ઝરણામાંથી પીવાને ઠંડું પાણી મળે એ જ શું મિજબાની નથી?'

બેશક, આ વાર્તામાંથી એમ તો અર્થ નથી જ કાઢવાનો કે ગરીબ લોકોએ હંમેશાં પોતાની ગરીબ સ્થિતિમાં જ સંતોષ માની લેવો જોઈએ. પણ સંત ફ્રાન્સિસ બોલી ઊઠયા : 'અરે ભાઈ, આવી સરસ મિજબાની માટે આપણે તે કંઈ લાયક છીએ?' એમાંથી એટલું તો જણાય છે જ કે, તમારી પાસે ભલે ઝાઝી સાધનસંપત્તિ ન હોય કે પછી બાહ્ય પ્રકારની ધનદોલત ન હોય તો પણ તમારો આત્મા જો ઉચ્ચ સ્થિતિમાં રહેતો હશે તો તેને લીધે તમારું જીવન ઉમદા બનશે અને એ જીવનમાં આનંદ પ્રગટશે. અને એને લીધે તમને જે તૃપ્તિ મળશે તેમાં પછી પેલી સાધનસંપત્તિની ખોટ તમને લેશ પણ નહિ લાગશે.

***

અને એક વાત તો ચોક્કસ છે જ કે સાદું જીવન કદી કોઈને હાનિકારક નીવડતું નથી. પણ આ આપણે મોજશોખના કે ઘણી સાધનસંપત્તિવાળા જીવનને માટે કહી શકતા નથી. ઘણુંખરું તો એમ જ બનતું હોય છે કે જે જે વસ્તુઓ જીવન માટે કાંઈ જરૂરની હોતી નથી તે માણસને હાનિ જ કરતી હોય છે.

પ્રખ્યાત મોગલ બાદશાહ અકબર રાજ્ય કરતા હતા ત્યારે આગ્રામાં બનારસીદાસ નામના એક જૈન સંત રહેતા હતા. એક દિવસ અકબરે તેમને પોતાના મહેલમાં આમંત્રણ આપ્યું અને કહ્યું, 'હે સંત પુરુષ, આપનું ઉત્તમ જીવન જોઈને મને

ઘણો આનંદ થાય છે. તો આપને જે કાંઈ જોઈતું હોય તે માગો. આપની ઇચ્છા હું પૂરી પાડીશ.'

'ભગવાન મને મારે જોઈતું હોય છે તેના કરતાં પણ વધારે આપી રહ્યા છે,' સંતે જવાબ વાળ્યો.

'તો પણ આપ કાંઈક તો માગો જ', અકબરે આગ્રહ કર્યો.

'તો હું એટલું માગું છું કે આપ મને હવે ફરીથી કદી પણ આપના મહેલમાં બોલાવશો નહિ. મારે મારો સમય પ્રભુએ મને જે કામ સોંપ્યું છે તેમાં જ આપવો એવી મારી ઇચ્છા છે.'

'ભલે, આપની ઇચ્છા મુજબ થશે,' અકબરે કહ્યું 'પણ તો હવે મારે આપની પાસે એક વસ્તુ માગવી છે.'

'બોલો, મહારાજ!'

'તો આપ મને થોડી સારી સલાહ આપો. એને હું સ્મરણમાં રાખીશ અને તેનો અમલ કરીશ.'

બનારસીદાસે થોડી વાર વિચાર કર્યો અને પછી કહ્યું, 'તો તમે આ વાતનો હંમેશાં ખ્યાલ રાખજો કે તમારું ભોજન હંમેશાં શુદ્ધ અને આરોગ્ય આપે તેવું હોય, અને ખાસ તો રાતને વખતે તમારા ભોજનમાં જે માંસ અને પીણાં હોય તેની ખાસ સંભાળ રાખજો.'

'આપની આ સલાહ હું કદી નહિ ભૂલું,' અકબરે કહ્યું.

બનારસીદાસનો ઉપદેશ ખરેખર ઘણો સરસ અને સાચો હતો. કેમકે તમારી ખાવા-પીવાની ટેવો જો સારી હશે તો તમારું શરીર પણ તંદુરસ્ત રહેશે અને એવું શરીર તે એક શુદ્ધ મન અને પ્રાણને વસવા માટેનું યોગ્ય મંદિર પણ બનશે.

હવે એમ બન્યું કે જે દિવસે આ સંત અકબર બાદશાહને મળવા આવેલા તે રોજાનો દિવસ હતો અને બાદશાહ મધરાત પછી ઘણે મોડેથી જમવાના હતા. રાજ-મહેલના રસોઈયાઓએ તો સમી સાંજથી બધી રસોઈ તૈયાર કરીને સોનાચાંદીનાં વાસણોમાં ભરી રાખી હતી અને રોજો પૂરો થાય તેની રાહ જોતા બેઠા હતા.

બાદશાહ ભોજન કરવાને આવ્યા ત્યારે રાત તો હજી ચાલુ જ હતી. આખા દિવસના ઉપવાસ પછી રાજાનું મન ભોજન કરવાને બહુ જ આતુર થઈ ગયું હતું. પણ તે જમવાનું શરૂ કરે છે ત્યાં તો બનારસીદાસનાં વચનો તેમને યાદ આવ્યાં, 'તમારા

ભોજનમાં જે માંસ અને પીણાં હોય તેની ખાસ સંભાળ રાખજો.' એટલે એમણે પોતાની સામે મુકાયેલા થાળ ઉપર ઝીણવટથી નજર નાખી અને જોયું કે ત્યાં તો બધા ખોરાક ઉપર લાલ લાલ કીડીઓ ફરી વળેલી છે. રસોઈયાઓએ આમ કાળજી તો ઘણી જ રાખી હતી છતાં આ કીડીઓ રાજાના થાળમાં દાખલ થઈ ગઈ હતી અને બધું બગાડી મૂક્યું હતું.

અકબરે ભોજન પાછું મોકલી દીધું અને સંતે કરેલો ઉપદેશ કેવો તો મહત્ત્વનો હતો એ વાતની છાપ તેમના મન પર બરાબર અંકાઈ ગઈ.

તમે એટલું તો સમજી ગયા હશો જ કે બનારસીદાસે અકબરને કાંઈ માત્ર લાલ કીડીઓની સામે જ ચેતવણી નહોતી આપી. એમણે તો ભોજનમાંની જે જે વસ્તુઓ શરીર તથા મનને હાનિ કરે તેવી હોય તે બધાની સામે ચેતવણી આપી હતી.

આપણા મોટા ભાગના રોગો તો હાનિકારક ખોરાકમાંથી જ થતા હોય છે.

જે લોકો શરીરને નુકસાન કરે તેવી ખાવાપીવાની વસ્તુઓ જાણી કરીને વેચતા હોય છે તેઓ ખરેખર પોતાના માનવબંધુઓનો ભયંકર ગુનો કરી રહ્યા હોય છે. અને જે ખોરાક ભેળસેળવાળો હોય અથવા તો બગડી ગયેલો હોય તે જ માત્ર નુકસાનકારક હોય છે એવું નથી. જે જે ખોરાક ખાવાથી શરીરને કોઈ પણ રીતે નુકસાન થતું હોય છે તે બધો જ ખોરાક હાનિકારક છે.

*
* *

આ પછી વાર્તામાં એ આવતું નથી કે અકબરને એના પીણાંના પ્યાલામાં પણ કીડીઓ દેખાઈ હતી કે નહિ. પણ બનારસીદાસે બાદશાહને એનાં પીણાંને વિષે પણ સંભાળ રાખવાનું તો કહ્યું હતું જ.

કેમકે પીણાંના પ્યાલા વિષે પણ સંભાળવા જેવું તો હોય છે જ. આવા પ્યાલાઓ જોવામાં તો બહુ ચમકદાર હોય છે અને એમની અંદરનાં પીણાં ઉત્તેજક હોય છે તેમ જ આનંદદાયક પણ હોય છે. અને છતાં એ પ્યાલા માણસને માટે તો અત્યંત ભયંકર હોય છે. આવી રીતના પ્યાલાઓમાં સૌથી પહેલો પ્યાલો તે દારૂનો છે.

મહમ્મદ પયગંબરે લોકોને શીખવ્યું હતું કે જુગાર રમવો અને દારૂ પીવો તે પાપ છે. અને જે લોકોને કુરાન તરફ ભક્તિ છે તેઓ જુગાર અને દારૂ પીવો છોડી દઈને પોતાનું કલ્યાણ સાધે છે.

પણ ઘણા લોકોને હળવી રીતનાં માદક પીણાં પીવામાં કશું નુકસાન દેખાતું નથી. આપણે એ લોકોના અભિપ્રાયને ઘટતું માન તો જરૂર આપીશું પણ છતાં એ લોકો એમ તો કદી નહિ જ કહેશે કે દારૂ ન પીવો એમાં ભૂલ થાય છે.

એટલે કેટલાક લોકો એમ માનતા હોય છે કે દારૂ પીવો એ ખોટું જ છે–તો કેટલાક લોકોને, આથી ઊલટું, એમાં કશું નુકસાન નથી દેખાતું– પણ જગતમાં એવું કહેનાર તો કોઈ જ નહિ નીકળે કે દારૂ ન પીવો એ ભૂલ છે. આમ દારૂ પીવાથી લાભ છે કે નથી એ બાબતમાં વાદવિવાદ કરી શકાય છે પણ એવું કહેનાર તો કોઈ જ નહિ નીકળે કે દારૂ નહિ પીશો તો નુકસાન થશે. અને કાંઈ નહિ તો એક બાબતમાં તો સૌ કોઈ જરૂર એકમત થશે કે દારૂ ન પીવાથી પૈસાની બચત તો થાય છે જ.

દરેક દેશમાં મદ્યપાનસંયમ અથવા તો મદ્યપાનનિષેધ કરવા માટેનાં મંડળો આવેલાં છે અને એવાં મંડળોના સભ્યો પોતે આવાં પીણાં ન પીવાની પ્રતિજ્ઞા લેતા હોય છે. કેટલાક શહેરોમાં તો દારૂના વેચાણ ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવેલો છે.

આથી ઊલટું જગતમાં એવાં પણ સ્થળો આવેલાં છે કે જ્યાં પહેલાં દારૂના ઉપયોગની લોકોને લગભગ કશી જ ખબર ન હતી ત્યાં દારૂનો વપરાશ ફેલાવા લાગ્યો છે, દાખલા તરીકે, ભારત જેવા દેશમાં પહેલાં અનેક સૈકા લગી લોકો સંયમી જીવન ગાળતા હતા ત્યાં દારૂ પ્રવેશ પામી ગયો છે. અને આ દારૂ તો પુરાણોમાં આવતા રાક્ષસ કરતાં પણ વધારે ભયંકર રાક્ષસ છે. કથાઓમાં આવતા રાક્ષસો તો માત્ર શરીરને જ હાનિ પહોંચાડી શકતાં હતા, પણ આ દારૂમાં તો માણસની વિચારશકિતનો નાશ કરી નાંખવાની તેમ જ ચારિત્ર્યના બળને હણી નાખવાની શકિત પણ રહેલી છે.

દારૂ પ્રથમ તો માણસના શરીરનો નાશ કરી નાખે છે, અને પછીથી એ દારૂના વ્યસની માણસને જે બાળકો થતાં હોય છે તેમને પણ તે હાનિ પહોંચાડે છે, શરીરનો નાશ કર્યા પછી દારૂ માણસની બુદ્ધિનો નાશ કરી દે છે અને પછી જે લોકોએ માનવ-જાતિની સેવા કરવી જોઈએ તેમને તે પોતાના ગુલામ બનાવી લે છે.

અને માનવજાતિની સેવા કરવી એ તો આપણો પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે, આપણે જો આપણા ખોરાકને લીધે કે પીણાંને લીધે આપણાં શરીર અને મનનો વિનાશ કરી નાંખીશું તો પછી આપણે માનવજાતિના સાચા સેવક બની શકવાના નથી, આપણે ભાગે આવેલું કાર્ય પાર પાડી શકવાના નથી.

એક સૈનિક હોય અને તેના હથિયાર જો ભાંગી ગયેલાં હોય તો તે શું કરી શકવાનો છે? એક વહાણવટી હોય પણ તેના વહાણનો સ્થંભ જો તૂટી ગયો હોય, અથવા એક ઘોડેસવાર હોય અને તેનો ઘોડો લંગડાતો હોય તો તેની કેવી દશા થશે? અને એવી જ રીતે માણસે પણ જો પોતાની કિમતી શકિતઓ ગુમાવી દીધી હશે તો તે પણ પછી જીવનમાં શું કરી શકવાનો છે?

આવો મનુષ્ય તો પછી પશુના કરતાં પણ હીન છે. પશુ એટલું તો કરે જ છે કે એ પોતાને નુકસાન કરે એવી કોઈ વસ્તુ ખાતું તો નથી જ, તેમ જ પીતું પણ નથી જ.

રોમનો એક વર્જિલ નામે કવિ થઈ ગયો. તેને ખેતરોમાં રહેવાનું બહુ ગમતું હતું. એ જ્યારે બળવાન બળદોને ખેતરમાં હળ ખેંચતા જોતો ત્યારે એ બળદો તરફ એને ખૂબ જ ભાવ ઊભરાતો. એ હળ ખેંચાયું જાય એની પાછળ પેલો ચાસ પડતો જાય અને એમાં પછી કેવું કેવું ધાન ઊગશે. અને, આ બળદ તે કેવા ધિંગા છે, એના સ્નાયુઓ કેવા તો સશક્ત છે, અને આખુંયે વરસ એ કેવું તો ભારે કઠણ કામ ર્યે જાય છે.

'એ કાંઈ દારૂ પીતો નથી કે મરી-મસાલાવાળાં ભોજન જમતો નથી,' વર્જિલે એક કવિતામાં લખ્યું છે: 'એ તો કુદરતે ઉગાડેલું ઘાસ ખાય છે, ખળખળ વહેતી નદીઓનું કે નિર્મળ ઝરાનું પાણી પીએ છે. એને કોઈ ચિંતા આવી એની નિદ્રાનો ભંગ કરતી નથી.'

તો તમારા ખાવાપીવામાં તમે સંયમ રાખતા થાઓ અને તમે બળવાન બનશો.

તમને કોઈ એવા આશીર્વાદ આપે કે, 'તમે દુબળા થઈ જાઓ,' તો તો તમને જરૂર માઠું લાગે ને?

એટલે માણસ પોતાના ખાવાપીવામાં જો સંયમ રાખશે તો તેથી જે અશક્ત માણસ હશે તેની શકિતમાં ખૂબ જ વધારો થશે અને જે સશક્ત હશે તેની શકિત જળવાઈ રહેશે.

બનારસીદાસનાં બોધવચનો હંમેશાં સ્મરણમાં રાખો:

'તમારો ભોજન થાળ સમાલો,
તમારો સાચવજો ભાઈ, પ્યાલો.'

# વિવેકબુદ્ધિ

'સરસ વીંધાયું!' હિંદુ યુવાને બાણ ફેંક્યું, તેણે સીધું લક્ષ્ય વીંધી નાંખ્યુ અને લોકો પોકાર કરી ઊઠયા.

'વાત ખરી છે,' ત્યાં કોઈ બોલ્યું, 'પણ આ તો ધોળો દિવસ છે. બાણ મારનાર બધું જોઈ શકે છે. એ કાંઈ દશરથ જેવો બાણાવળી નથી.'

'હેં ભાઈ, એ દશરથ વળી કોણ છે?'

'એ તો શબ્દવેધી છે.'

'એટલે વળી શું?'

'એ અવાજના આધારે બાણ મારી શકે છે.'

'એટલે જરા સમજાવો ને.'

'એમાં એવું હોય છે કે એવો બાણાવળી અંધારામાં પણ બાણ મારી શકે છે. રાતે એ જંગલમાં જાય અને જે અવાજ સંભળાય, પાંખોનો કે પગનો, એ પરથી કઈ જાતનો શિકાર આવ્યો છે તે એ નકકી કરે અને પછી બાણ મારે, અને જાણે ધોળા દિવસે બાણ માર્યું હોય એવી રીતે શિકારને તે ચોક્કસ વીંધી શકે છે.'

અયોધ્યાના રાજકુમાર દશરથની કીર્તિ આ પ્રમાણે બધે કાનોકાન ફેલાઈ ગયેલી હતી.

એને પોતાની શબ્દવેધી શકિતનું અભિમાન હતું અને લોકો એનાં વખાણ કરે એથી એને આનંદ થતો હતો. સાંજને વખતે એ એકલો રથમાં બેસી ગાઢ જંગલમાં પહોંચી પોતાની શિકારની જગા ઉપર બેસી જતો. પછી એને અવાજો સંભળાવા લાગતા, કોઈ વાર એ નદીમાં પાણી પીવા આવતી ભેંસના કે હાથીનાં પગલાં હોય તો કોઈ વાર હરણાંનાં હળવા પગલાં હોય કે લપાતા લપાતા આવતા વાઘનાં પગલાં હોય.

આમ એક રાતે એ જંગલમાં લપાઈને બેઠો હતો અને ઝાડના પાંદડાંમાં કે પાણીમાં કાંઈ અવાજ થાય છે કે નહિ તેની રાહ જોતો હતો. ત્યાં એકાએક સરોવરને કિનારે એને કશી હિલચાલ થતી સંભળાઈ. અંધારામાં આમ તો એને કશું દેખાતું ન હતું, પણ એ તો શબ્દવેધી હતો ને? પેલો અવાજ એને માટે બસ હતો. જરૂર કોઈ હાથી

આવ્યો હશે. તેણે બાણ ચડાવ્યું ને છોડયું. તરત જ એક તીણી ચીસ સંભળાઈ અને દશરથ છળી ઊઠયો.

'બચાવો! બચાવો! મરી ગયો રે મા!'

દશરથના હાથમાંથી ધનુષ પડી ગયું. એના શરીરમાં કંપ ફેલાઈ ગયો. મેં શું કર્યું આ? જંગલી જાનવરને બદલે કોઈ માણસ તો મારી નાખ્યું નથી ને? અને ઝડપથી તે સરોવર ભણી દોડી ગયો. ત્યાં સરોવરના કિનારા પર એક જુવાન માણસ પડયો હતો, એની આસપાસ લોહીનું ખાબડું ભરાઈ ગયું હતું. એના વાળ વીખરાઈ ગયા હતા. એના હાથમાં એણે પાણી ભરવા આણેલો ઘડો હતો.

'મહારાજ,' એ ડૂસકાં ખાતાં બોલ્યો, 'શું આપે જ મને આ જીવલેણ બાણ માર્યું? મેં આપનો શો અપરાધ કર્યો કે આપે મારી આ દશા કરી? હું તો એક બ્રાહ્મણનો પુત્ર છું. મારાં વૃદ્ધ માબાપ અંધ છે. હું એમની સેવાચાકરી કરું છું, એમને જોઈતું કરતું બધું લાવી આપું છું. હું એમને માટે પાણી લેવા આવ્યો હતો, પણ હાય, હવે મારાથી એમની કશી સેવા નહિ થાય! જાઓ, આપ હવે આ રસ્તે થઈને એમની ઝૂંપડી પાસે જાઓ અને જે કાંઈ બન્યું છે તે બધું કહી સંભળાવો. પણ જતા પહેલાં મારી છાતીમાંનું આ બાણ ખેંચી લો, મને ભારે પીડા થઈ રહી છે.'

દશરથે એ જુવાનના ઘામાંથી બાણ ખેંચી કાઢયું, જુવાને છેલ્લો શ્વાસ લીધો અને તેના પ્રાણ ચાલ્યા ગયા.

પછી દશરથે પાણીથી ઘડો ભરી લીધો અને પેલા મરણશરણ થયેલા જુવાને બતાવેલા રસ્તે ચાલવા માંડયું. એને આવતો સાંભળીને પેલા જુવાનનો વૃદ્ધ પિતા બોલી ઊઠયો:

'બેટા આટલું બધું મોડું કેમ થયું? સરોવરમાં નહાવા પડયો હતો કે શું? અમને ચિંતા થતી હતી કે રખે તને કાંઈ થયું હોય, બેટા. પણ ભાઈ, તું કેમ કંઈ બોલતો નથી?'

અને કાંપતા અવાજે દશરથે જવાબ આપ્યો:

'બ્રહ્મદેવ, હું આપનો પુત્ર નથી. હું ક્ષત્રિય છું, મને બાણની વિદ્યા ઘણી સારી આવડે છે, અને એ વિદ્યાએ મને અભિમાની કરી મૂકયો છે. આજ રાતે હું શિકાર કરવા નીકળ્યો હતો અને કોઈ હાથી પાણી પીવા આવ્યો છે એમ સમજી મેં બાણ માર્યું. પણ એ બાણ તો આપના પુત્રને વાગી ગયું. મારા અપરાધનું હવે આપ કહેશો તે પ્રાયશ્ચિત્ત કરીશ.

અને આ સાંભળતાં એ વૃદ્ધ માબાપ કલ્પાંત કરવા ને રડવા લાગી ગયાં. એમણે દશરથને કહ્યું, અમારો પુત્ર, અમારો એ એકનો એક લાડીલો જયાં પડયો છે ત્યાં

૬...

અમને લઈ જાઓ. ત્યાં પહોંચ્યા પછી એ માબાપે પુત્રના શબ ઉપર મંત્રોચ્ચાર કર્યા અને તેના ઉપર પાવન કરેલું પાણી છાંટયું.

પછી વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું :

'સાંભળ, દશરથ! તારા અપકર્મને લીધે અમે અમારા પ્રિય પુત્રની પાછળ આજે આંસુ સારીએ છીએ. એક દિવસ તું પણ આ જ પ્રમાણે તારા એક પ્રિય પુત્રની પાછળ આંસુ સારીશ. જા, એ બનાવ બનતાં હજી તો ઘણાં વર્ષો લાગશે, પણ તને અપરાધની સજા તો મળશે જ.'

પછી તેમણે પુત્રના શબને બાળવા માટે ચિતા તૈયાર કરાવી અને તેના અગ્નિમાં પોતે પણ ઝંપલાવી દીધું અને પ્રાણનો ત્યાગ કર્યો.

અને વખત વહેવા વાગ્યો. દશરથ અયોધ્યાનો રાજા થયો. તે કૌસલ્યા રાણીને પરણ્યો અને તેને ત્યાં પ્રતાપી રામ પુત્રરૂપે જન્મ્યા.

રામના ઉપર આખી પ્રજાને પ્રેમ હતો. રામને જ્યારે યુવરાજ બનાવવાની વાત આવી ત્યારે દેવોએ મંથરા દ્વારા કૈકેયીની બુદ્ધિને બદલી નાખી અને એણે ગોઠવેલા પ્રપંચ મુજબ સજ્જન એવા રામને ચૌદ વર્ષ સુધી વનમાં મોકલી દેવામાં આવ્યા.

અને રામ વનમાં ગયા ત્યારે, પેલાં વૃદ્ધ માબાપ સરોવરને કિનારે મધ્ય રાતે જંગલમાં પોતાના યુવાન મૃત પુત્રની પાછળ જે રીતે રુદન કરતાં હતાં તે પ્રમાણે દશરથ પણ રુદન કરી રહ્યા.

એક સમયે દશરથને પોતાની શકિત વિષે એટલું બધું તો અભિમાન હતું કે તે બધો જ વિવેકવિચાર ભૂલી ગયા હતા. અંધારામાં પોતાનું બાણ કોઈ માણસને વાગી જશે એ વાતનો તેમને વિચાર સરખો પણ આવ્યો ન હતો. પોતાની શબ્દવેધી શકિત માટે તેમણે આટલું બધું મૂર્ખ અભિમાન નહોતું રાખવું જોઈતું. માત્ર દિવસના પ્રકાશમાં જ બાણ મારવાનો એમણે નિયમ રાખ્યો હોત તો ઘણું વધારે સારું થાત. એમના મનમાં કોઈને હાનિ કરવાની ઇચ્છા તો નહોતી જ, પણ એમનામાં પૂરતી વિવેકબુદ્ધિ ન હતી.

*
* *

બે ઘરડાં ગીધનું એક જોડું બહુ દુ:ખી હતું. કાશી નગરીના એક વેપારીને તેમની દયા આવી. તેણે એમને લઈ જઈને એક સૂકી જગામાં રાખ્યાં અને ત્યાં એમને માટે તાપણી કરી આપી અને પછી મરેલાં ઢોરને બાળવા માટેની ચિતામાંથી માંસના ટુકડા મંગાવીને તેમને તે ખવાડતો રહ્યો.

ચોમાસું આવ્યું એટલામાં તો એ ગીધ ઘણાં સાજાં તાજાં થઈ ગયાં હતાં અને એટલે એ ડુંગરોમાં પાછાં જતાં રહ્યાં.

પણ એમને થયું કે આપણે કાશીના વેપારીનો કંઈ બદલો તો વાળવો જોઈએ. એટલે એમણે નક્કી કર્યું કે એમને જે કાંઈ કપડાં નજરે પડે, પછી તે ભલે ગમે તેનાં હોય, તે ઉપાડી જઈને પોતાના પર ઉપકાર કરનાર પેલા વેપારી મિત્રને આપી આવવાં. અને પછી એ ઘેર ઘેર, ગામડે ગામડે ભમવા લાગ્યાં અને ખુલ્લી હવામાં જ્યાં જ્યાં કપડાં સુકાતાં દેખાય ત્યાં ત્યાંથી ઉપાડી ઉપાડીને તે પેલા વેપારીને ત્યાં લઈ આવવા લાગ્યાં.

વેપારી એ ગીધનો ભાવ જોઈને રાજી તો થયો પણ એણે પોતે એ કપડાંનો કશો ઉપયોગ ન કર્યો તેમ જ તેને વેચી પણ દીધાં નહિ, પણ એક ખૂણામાં એ બધાં સાચવીને મૂકી રાખ્યાં.

પણ પછી તો એ ગીધોને પકડવા માટે ઠેર ઠેર ફંદાઓ મૂકવામાં આવ્યા અને એમાં એક ગીધ પકડાઈ ગયું. એને પછી રાજા પાસે લઈ જવામાં આવ્યું. રાજાએ તેને પૂછયું:

'અરે તું મારી પ્રજાને આમ શા માટે લૂંટે છે?

એટલે પક્ષીએ જવાબ આપ્યો, 'એક વેપારીએ મારો તથા મારા ભાઈનો પ્રાણ બચાવ્યો છે. અમારા પરનું ઋણ ચૂકવવા માટે અમે આ કપડાં ભેગા કરી એને આપી આવીએ છીએ.'

એટલે પછી વેપારીને રાજા પાસે હાજર કરવામાં આવ્યો અને એને પણ એ રીતે પ્રશ્ન પૂછવામાં આવ્યો, એટલે વેપારીએ જવાબ આપ્યો:

'મહારાજ, આ ગીધો મારે ત્યાં કપડાં લઈ આવ્યા છે એ વાત તો સાચી જ છે. પણ મેં એ બધાં એક બાજુએ રાખી મૂકયાં છે. એમના માલિકોને એ પાછાં આપવા હું તૈયાર છું.'

રાજાએ ગીધોને માફી આપી. ગીધોમાં ઉપકારનો ભાવ તો હતો, પણ તેમનામાં કોઈ રીતની વિવેકબુદ્ધિ ન હતી. અને વેપારીને પણ માફી આપવામાં આવી કેમકે એણે ખરેખર વિવેકબુદ્ધિ વાપરી હતી.

*
* *

જાપાનના લોકોએ વિવેકબુદ્ધિના વિચારને એક સરસ ચિત્રાત્મક રીતે રજૂ કરેલો છે.

ત્યાંના એક મંદિરમાં એક કમળ પર બેઠેલા ધ્યાન કરતા બુદ્ધની મૂર્તિ છે. એની આગળ ત્રણ નાનકડાં વાંદરાંનાં પૂતળાં મૂકેલા છે. એમાંના એક વાંદરાએ પોતાના હાથ પોતાની આંખો પર મૂકેલા છે. બીજાએ કાન પર મૂકેલા છે અને ત્રીજાએ મોઢા પર મૂકેલા છે. આ ત્રણ વાંદરાં શું બતાવે છે? પહેલું પોતાની આ ક્રિયાથી એમ કહે છે:

'હું જગતમાંની ખરાબ અને ક્ષુદ્ર ચીજો જોતું નથી.'

તો બીજું કહે છે:

'હું જગતમાંની આવી ચીજો સાંભળતું નથી.'

અને ત્રીજું કહે છે:

હું આવું કાંઈ બોલતું નથી.'

આવી રીતે ડાહ્યો માણસ પોતે જે કાંઈ જોતો હોય છે, સાંભળતો હોય છે તેમાં વિવેકબુદ્ધિ વાપરતો રહે છે.

એવો પુરુષ પરિણામોનો વિચાર કરે છે, અગાઉથી વસ્તુને વિચારે છે અને પોતાને કાંઈ રસ્તો ન દેખાય તો તે બીજાને પૂછી લે છે.

# સત્યનિષ્ઠા

એક વાર એક સિંહ, એક વરુ અને એક શિયાળ શિકારમાં ભેગા થઈ ગયા, બધાએ મળી એક ગધેડો, એક હરણ અને એક સસલાનો શિકાર કર્યો.

તે પછી બધા શિકારની વહેંચણી કરવા બેઠા અને સિંહે વરુને પૂછ્યું, 'બોલો, વરુભાઈ, આપણે શિકારના ભાગ કેવી રીતે પાડીશું ?'

'આપણે આ ત્રણ પ્રાણીને કાપી કાપીને કંઈ વહેંચવાની જરૂર નથી,' વરુએ કહ્યું. 'આપણે એમ કરીએ, આપ ગધેડાને લઈ લો, શિયાળ સસલું લેશે અને મને તો હરણ મળશે તો ચાલી રહેશે.'

વરુ જેમ જેમ બોલતો જતો હતો તેમ તેમ તેના વાક્યે વાક્યે સિંહના મોંમાંથી એક ભયંકર ઘુરકી નીકળતી હતી. અને જ્યાં વરુએ બોલવાનું બંધ કર્યું કે એની આ શિખામણનો બદલો આપતો હોય તેમ સિંહે વરુને જોરથી પંજો લગાવી દીધો અને ડોકું ધડથી જુદું પાડી દીધું. પછી શિયાળ તરફ ફરીને પૂછ્યું :

'બોલો શિયાળભાઈ, તમે હવે શું કહો છો ?'

'અરે નામદાર !' શિયાળે ખૂબ ઝૂકીને સલામ કરી અને કહ્યું, 'એમાં કહેવાનું શું છે ? વાત તદ્દન સાદી છે. આપ સવારના નાસ્તામાં ગધેડો લેજો, આપનું સાંજનું ભોજન હરણનું કરજો, અને એ બે વચ્ચે સસલાનું સહેજ શિરામણ લેજો.'

'વાત તો બહુ સારી કહી,' આખોયે શિકાર પોતાને મળવાનો છે એથી સંતોષપૂર્વક સિંહે કહ્યું અને પછી પૂછ્યું, 'પણ શિયાળભાઈ, તમને આવી ડહાપણભરી અને સાચી સલાહ આપવાનું કોણે શીખવ્યું ?'

'વરુભાઈએ,' શિયાળે ઘણી ચાલાકીપૂર્વક જવાબ આપ્યો.

તો શિયાળ આ પ્રમાણે શા માટે બોલ્યું હશે ? એ શું પોતાના મનની સાચી વાત કહેવા માગતું હતું ? નહિ જ. તો પછી તે શું સિંહને સાચોસાચ રાજી કરવા માગતું હતું ? ના, એમ પણ નહોતું જ. શિયાળ જે બોલ્યું તે ડરના માર્યા જ બોલ્યું હતું. અને એ માટે આપણને તેના તરફ સહાનુભૂતિ પણ થાય જ. પરંતુ આપણે એટલું તો કહેવું જ પડશે કે એણે જે કહ્યું તે સત્ય નહોતું, એમાં માત્ર

ચાલાકી જ હતી. અને સિંહે શિયાળની વાત સ્વીકારી લીધી તે એને સત્ય માટે પ્રેમ હતો એટલા કારણે નહિ, એનો પ્રેમ તો માંસને માટે હતો.

*
* *

એક મુસલમાન લેખક અબૂ અબ્બાસે આપણને રાજા સોલોમનના મહા વૈભવનું વર્ણન કરી આપ્યું છે. આ સોલોમન યહૂદીઓના પવિત્ર નગર જેરૂસલેમમાં રાજ્ય કરતો હતો.

એના રાજદરબારમાં છસો આસનો હતાં. એમાંનાં અર્ધા આસનો પંડિતો માટે હતાં અને બીજાં અર્ધા ' જિન્ન ' માટે હતાં. આ જિન્નો પોતાની જાદુઈ શકિતઓ દ્વારા સોલેમનને મદદ કરતા.

રાજા સોલોમન દરબાર ભરીને બેસે ત્યારે તે એક શબ્દ બોલે કે તરત જ કેટલાંયે મોટાં મોટાં પક્ષીઓ નીકળી આવે અને એ છસો આસનો ઉપર બેઠેલાં બધાં લોકોનાં ઉપર પોતાની પાંખો ફેલાવીને રહી જાય. વળી સોલેમનનો હુકમ થાય અને રોજ સવારે અને સાંજે એક જોરદાર પવન નીકળી આવે અને આખોયે મહેલ ઉપાડીને દૂર દૂરની જગાઓએ, જ્યાં પહોંચતાં એક મહિનો લાગે ત્યાં એક જ પળમાં મૂકી આપે. આવી રીતે સોલોમન પોતાના રાજ્યના દૂર દૂરના દેશો ઉપર રાજ્ય કરતો હતો.

આ સોલોમને પોતાના માટે એક મહાન અદ્‌ભુત સિંહાસન બનાવેલું હતું. એની રચના એવી રીતે કરાવેલી હતી કે રાજાની સામે આવીને કોઈ પણ કદી જૂઠું બોલી શકે જ નહિ.

એ સિંહાસન હાથીદાંતનું બનાવેલું હતું અને એના ઉપર મોતી, નીલમ, માણેક જડેલાં હતાં. એની આસપાસ ચાર ખજૂરીનાં ઝાડ હતાં. એ ઝાડ સોનાનાં હતાં અને એના પરની ખારેકો પણ નીલમ અને માણેકની હતી. આ ચારમાંનાં બે ઝાડ ઉપર સોનાનાં મોર હતા અને બીજાં બે ઝાડ ઉપર સોનાનાં ગીધ હતાં. સિંહાસનની બેઉ બાજુ પર નીલમના બે બે થાંભલાઓની વચ્ચે સોનાના સિંહ હતા અને પેલાં ખજૂરીનાં ઝાડનાં થડ ઉપર દ્રાક્ષની સોનેરી વેલો ચડાવેલી હતી અને તેના ઉપર માણેકની દ્રાક્ષો હતી.

આ દરબારમાં ઈઝરાઈલના પંડિત લોકો રાજાની જમણી બાજુએ બેસતા અને એમનાં આસનો સોનાનાં હતાં, અને જિન્ન લોકો ડાબી બાજુએ બેસતા અને એમનાં આસનો રૂપાનાં હતાં.

રાજા જ્યારે ન્યાય ચૂકવવા બેસે ત્યારે લોકોને રાજાની સમક્ષ આવવા દેવામાં આવતા. અને માણસ જ્યારે પોતાની જુબાની આપવા લાગે ત્યારે જો એ કોઈને વિષે સહેજ પણ ખોટી વાત કહે તો એક અદ્‌ભુત બનાવ બનતો. રાજાનું સિંહાસન, એના પર બેઠેલા રાજા, સિંહ, ખજુરીનાં ઝાડ, મોર અને ગીધ, એ બધાં એકી સાથે પેલા માણસની સામે ફરી જતાં, અને સિંહો પોતાના પંજા ઉગામતા અને ભોંય પર

પૂંછડી પછાડતાં, મોર અને ગીધ પોતાની પાંખો ફફડાવતાં અને જુબાની આપતો માણસ ડરથી થરથરી ઊઠતો અને તે જૂઠું બોલી શકતો જ નહિ.

આ બધી વ્યવસ્થા તો બેશક ઘણી જ સરસ છે, અને એને લીધે રાજાનું કામ પણ ઘણું સરળ થઈ જતું હશે. પણ ભય એ હંમેશાં ઘણી જ ખરાબ વસ્તુ છે અને સત્યની સાથે તેનો સથવારો પણ સારો રહેતો નથી.

અબૂ અબ્બાસની વાર્તામાં બને છે તે મુજબ, આમ આકસ્મિક રીતે ભયને લીધે માણસ ફરજિયાતપણે સાચું બોલે તો પણ તેથી કાંઈ સત્યનિષ્ઠ માણસ બની જતો નથી. કેમકે બીજી જ ક્ષણે માણસ ભયને લીધે, આ પહેલાંની વાતમાં શિયાળે કર્યું તે પ્રમાણે, સાચું બોલતો અટકી જાય છે. અને આવું જ ઘણી વાર બનતું હોય છે.

જે માણસ પ્રામાણિક હોય છે તેને સાચું બોલવાનું શીખવા માટે સોલોમનના અદ્‌ભૂત સિંહાસનની જરૂર પડતી નથી. તેને તેના પોતાના હૃદયમાં જ સત્યનું સિંહાસન જડી આવે છે. એના આત્માની પ્રામાણિકતા એની પાસે સત્યની વાણી જ બોલાવે છે, એ સત્ય બોલતો હોય છે તે કોઈ શિક્ષકના, માલિકના કે ન્યાયાધિશના ભયને લીધે નથી બોલતો. પ્રામાણિક માણસનો સ્વભાવ જ એવો હોય છે. એના ચારિત્ર્યનું લક્ષણ જ એ પ્રકારનું હોય છે કે તે સત્ય જ બોલે.

એનામાં સત્યનો પ્રેમ એટલો બધો હોય છે કે તેને લીધે તે ભયને જીતી શકે છે. અને જે કહેવાનું હોય તે કહે જ છે, પછી ભલે જે થવાનું હોય તે થાય.

* * *

વિશ્વામિત્ર નામના એક મહા બળવાન અને ઘણા સમૃદ્ધ રાજા હતા. એમને થયું કે મારે જગતનું સૌથી શ્રેષ્ઠ સ્થાન મેળવવું જોઈએ. ક્ષત્રિય મટીને મારે બ્રાહ્મણ થવું જોઈએ. બ્રાહ્મણોમાંયે શ્રેષ્ઠ એવા બ્રહ્મર્ષિ થવું જોઈએ, અને એ માટે તે તપ કરવા નીકળી પડયા.

બ્રહ્મર્ષિ બનવા માટે તેમને જે જે રીતનું તપ કરવા જેવું લાગ્યું તે તમામ તપ તે તપ્યા. તેઓ બહારની દૃષ્ટિથી જોતાં ખૂબ જ કઠોર લાગે તેવું જીવન ગાળવા લાગ્યા અને સૌ કોઈ કહેવા લાગ્યું : 'ખરેખર આ તો મહાન બ્રહ્મર્ષિ છે.'

પણ બ્રહ્મર્ષિ વસિષ્ઠને આ વાત સાચી લાગતી ન હતી. એ જાણતા હતા કે વિશ્વામિત્ર આ બધું મિથ્યાભિમાનથી પ્રેરાઈને કરી રહ્યા હતા. એમનો ત્યાગ સાચો ન હતો. એટલે એમણે તો કહી દીધું 'ના, હું વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહી શકતો નથી.'

અને આથી તો વિશ્વામિત્રને મહા ક્રોધ ચડી આવ્યો. તેમણે વસિષ્ઠના સો પુત્રનો વધ કરી નાખ્યો. પરન્તુ આટલી ભારે કરુણ ઘટના બની ગઈ છતાં વસિષ્ઠ તો ના જ કહેતા રહ્યા, 'ના ના, વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ નથી, એમને બ્રહ્મર્ષિ કહેવા એ અસત્ય છે.'

એટલે છેવટે વિશ્વામિત્રે વિચાર કર્યો કે બસ હવે આ વસિષ્ઠને જ મારી નાખું. અને એક રાત્રે એ ઘોર કર્મ કરવા માટે તે વસિષ્ઠના આશ્રમમાં ગયા.

વસિષ્ઠની ઝૂંપડીના બારણા પાસે આવતાં તેમને વસિષ્ઠનો અવાજ સંભળાયો. વસિષ્ઠ પોતાની પત્ની સાથે વાતો કરતા હતા અને એમાં વિશ્વામિત્રનું નામ આવતું હતું. એટલે વિશ્વામિત્ર એ વાતચીત સાંભળવા થંભી ગયા. અને તેમણે સાંભળ્યું કે વસિષ્ઠના મુખમાંથી તો પોતાને માટે ખૂબ ઔદાર્ય ભરેલા ક્ષમાપૂર્ણ શાંત અને પવિત્ર શબ્દો નીકળી રહ્યા હતા. એ સાંભળતાં વિશ્વામિત્રનું હૃદય પીગળી ગયું. તેમનામાં પશ્ચાત્તાપ જાગ્યો. પોતાના હાથમાંનું હથિયાર એમણે ફેંકી દીધું અને વસિષ્ઠની ઝૂંપડીમાં દાખલ થઈ વસિષ્ઠના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કરી દીધા.

વસિષ્ઠે જોયું કે વિશ્વામિત્રના હૃદયમાં પશ્ચાત્તાપનો અગ્નિ સળગી રહ્યો છે અને તેમાં તેમનો બધો દ્વેષ ઓગળી રહ્યો છે અને તેમણે ખૂબ સ્નેહભર્યા અવાજે કહ્યું, આવો બ્રહ્મર્ષિ!’

એટલે પછી વિશ્વામિત્રે ઘણા નમ્ર ભાવે પ્રશ્ન કર્યો, ‘તો આપ પહેલેથી જ મારી તપસ્યાની કદર કરી મને બ્રહ્મર્ષિ તરીકે શા માટે ગણતા ન હતા?’

‘કારણ કે,’ વસિષ્ઠે જવાબ આપ્યો, ‘તમે તમારી સત્તાના મદમાંથી બ્રહ્મર્ષિપદ લેવા નીકળ્યા હતા. પરંતુ હવે તમારા હૃદયમાં પશ્ચાત્તાપ જન્મ્યો છે અને તમે સાચા બ્રહ્મર્ષિ બન્યા છો.’

લેશ પણ ભય વિના સત્ય કેવી રીતે બોલવું તે વસિષ્ઠ જાણતા હતા. અને દ્વેષ વિના પણ સત્ય કેવી રીતે બોલવું તે પણ તે જાણતા હતા.

*
* *

અને સત્ય બોલવામાં જોખમ રહેલું હોય તો પણ સત્ય જ બોલવું એ શું વધારે સારી વસ્તુ નથી?

જે લોકો આ જોખમ ખેડતા હોય છે તેમને માટે ઘણી વાર તો એવું પણ બને છે કે પહેલાં વસ્તુઓ જેવી લાગતી હોય છે તેના કરતાં છેવટે તે ઘણી સારી નીવડે છે. અસત્યને મળતી સફળતા થોડા સમય પૂરતી જ હોય છે. અને આથી ઊલટું સત્યનું આચરણ કરવું એ જ હંમેશાં સૌથી સરળ માર્ગ હોય છે.

દિલ્હીના શહેનશાહ એક સવારે દરબાર ભરીને બેઠા હતા અને પોતાના રાજ્યમાંથી એમને જે જે સારા માણસો લાગતા હતા તેમને તે માન અકરામની વહેંચણી કરતા

હતા. આ વિધી લગભગ પૂરો થવા આવ્યો ત્યારે શહેનશાહને યાદ આવ્યું કે એમણે આમંત્રણ આપેલા માણસોમાંથી સૈયદ અહમદ નામનો એક જુવાન હજી આવ્યો નથી.

પછી તો શહેનશાહ સિંહાસન પરથી ઊઠીને પાલખીમાં બેસી મહેલમાં જવાને નીકળ્યા એટલામાં જ પેલો જુવાન માણસ દોડતો દોડતો આવી પહોંચ્યો.

'તમારો દીકરો મોડો પડયો છે,' શહેનશાહે સૈયદના પિતાને કહ્યું. સૈયદના પિતા બાદશાહના મિત્ર હતા.

એટલે સૈયદના પિતાએ સૈયદ તરફ કડક નજર નાખીને પૂછ્યું, 'કેમ, મોડું કેમ થયું?'

અને સૈયદે નિખાલસ ભાવથી કહી દીધું: 'પિતાજી, મને આજે જરા વધારે પડતી ઊંઘ આવી ગઈ હતી.'

અને દરબારના બધા માણસો આ જુવાન માણસ સામે મોં ફાડીને જોઈ રહ્યા. અરે, શહેન-શાહની આગળ આવી રીતની વાત તે કરાય, મોડા આવવાનું શું આના કરતાં કોઈ વધારે સારું બહાનું તેને ના મળ્યું? અને આવી રીતે વાત કરવી એ તો કેવી બાલિશતા કહેવાય!

પણ શહેનશાહે એની વાત પર ઘડીક વિચાર કરી લીધો, એ જુવાને સાચી વાત કરી હતી તેથી તેના પ્રત્યે તેમને માન થયું અને તેમણે તેને મોતીની એક માળા ભેટ આપી અને પોતાના ભાવના પ્રતીક જેવું તેને એક રત્ન આપ્યું અને કહ્યું કે આને તારા માથા ઉપર પહેરજે.

આ રીતે સૈયદ અહમદને તેની સત્યપ્રિયતા માટે ઇનામ મળ્યું. સત્ય માટે એને પ્રેમ હતો અને હર કોઈ સમક્ષ તે સત્ય બોલતો હતો, પછી તે રાજા હો કે રંક.

*
* *

એ વાત તો તદ્દન સ્પષ્ટ જ છે કે તમારે જો સત્ય બોલવું હોય અને તેમાંથી પછી કોઈ પણ મુશ્કેલી ઊભી થવા ન દેવી હોય તો તમારે તમારું વર્તન એવું રાખવું પડશે કે જેમાં તમારે તમારા કોઈ પણ કામને છુપાવવાની જરૂર ન પડે. અને આ માટે આપણે પ્રત્યેક ક્ષણે જો એટલું સ્મરણમાં રાખી શકીએ કે આપણે પ્રભુના સાંનિધ્યમાં રહેલા છીએ તો આપણને તે ઘણું મદદ રૂપ થઈ પડશે.

કેમ કે તમે સત્ય બોલો છે એનો અર્થ એ થાય છે કે તમારે સત્યનું આચરણ પણ કરવાનું છે. જે માણસ સત્યનો પ્રેમી હોય છે તે પોતે જે કાંઈ બોલતો હોય છે તેમ જ જે કાંઈ કરતો હોય છે તે બધામાંથી તે દંભ માત્રને દૂર રાખતો હોય છે.

અમરોહા નામના એક શહેરમાં 'કાગજી' નામનાં માટીનાં ખાસ વાસણો બનાવવામાં આવે છે. એ વાસણો ઉપર ચાંદીની નકશી કરવામાં આવતી હોય છે. આ વાસણો જોવામાં

બહુ સુંદર હોય છે પણ તે એટલાં તો હલકાં અને નાજુક હોય છે કે તમે તેને સહેજ વાપરો કે તે ભાંગી જાય છે. એ વાસણો દેખાવમાં તો એવાં હોય છે કે તમે તેને વાપરી શકશો એમ લાગે, પણ ખરી રીતે તો તમારે તેમને માત્ર જોઈને જ સંતોષ લેવાનો રહે છે.

ઘણા માણસો આ કાગજી વાસણો જેવા હોય છે. એ માણસો દેખાવે તો ઘણા સરસ હોય છે પણ તમે તેમને સહેજ પણ કસોટીએ ચડાવી જુઓ અને તમને જણાશે કે એમનામાં દેખાવ સિવાય બીજું કાંઈ જ હોતું નથી. એવા લોકો ઉપર તમારે લેશપણ વિશ્વાસ ન મૂકવો જોઈએ. એમના નાજુક ચારિત્ર્ય ઉપર એ વજન બહુ ભારે પડતું નીવડે તેમ હોય છે.

એક બ્રાહ્મણે પોતાના પુત્રને કાશીમાં એક પંડિતને ત્યાં ભણવા મોકલ્યો. બાર વર્ષ પછી એ છોકરો પોતાને ગામ પાછો આવ્યો. ગામના લોકોને થયું કે આ તો મહા પંડિત થઈને આવ્યો હશે એટલે તેને મળવાને ખૂબ ખૂબ લોકો આવવા લાગ્યાં. પછી તેમણે એની આગળ એક પુસ્તક મૂક્યું અને કહ્યું, 'પંડિતજી, આમાં શું લખ્યું છે તે સમજાવો.'

પેલો છોકરો તો પુસ્તક ઉપર નજર માંડી બેસી રહ્યો. ખરી વાત તો એ હતી કે એને એમાંથી એક શબ્દ પણ સમજાતો ન હતો. કાશીમાં જઈને એ કક્કા સિવાય બીજું કાંઈ જ શીખ્યો ન હતો. અને ત્યાં તો વળી એને માટે એક કાળા પાટિયા ઉપર મોટા મોટા અક્ષર લખવામાં આવતા હતા કે જે રોજ રોજ જોવાથી પણ તેના મગજમાં ધીરે ધીરે દાખલ થઈ શકે.

એટલે એ તો પુસ્તકની સામે જોતો જોતો મૂંગો મૂંગો બેસી રહ્યો અને એની આંખમાં લગભગ પાણી ભરાઈ આવ્યા.

એ જોઈ લોકો બોલી ઊઠયા, 'અરે પંડિતજી, તમને આ પુસ્તક વાંચી કંઈક થયું લાગે છે. કહો કહો, પુસ્તકમાં તમે શું વાંચ્યું તે અમને સંભળાવો.'

એટલે આખરે પેલો છોકરો બોલ્યો, 'કાશીમાં તો અક્ષરો બહુ મોટા મોટા હતા. પણ અહીંના અક્ષર તો બહુ નાના નાના છે!'

આ પંડિતજી પણ શું કાગજી વાસણ જેવા ન હતા?

* * *

એક વરુ ગંગાને કિનારે આવેલા ખડકોમાં રહેતું હતું. પછી હિમાલયમાં બરફ ઓગળવા લાગ્યો એટલે નદીમાં પાણી ચડવા લાગ્યું. અને પાણી ચડતું ચડતું વરુના ખડકની ચારે બાજુએ ફરી વળ્યું. અને એક દિવસ તો તેનાથી ખોરાક શોધવાને બહાર જવાય જ નહિ તેવી સ્થિતિ થઈ રહી.

એણે જોયું કે પોતાની પાસે હવે તો કશું જ ખાવાનું છે નહિ, એટલે તે બોલ્યું, 'અરે, આજનો તો મહા પવિત્ર દિવસ છે અને આ દિવસે તો ખાસ ઉપવાસ કરવો જોઈએ.'

એટલે પછી તે ખડકની કિનાર ઉપર આવીને બેઠું અને પોતે ઉપવાસ કરે છે એવો ખૂબ જ ગંભીર ભાવ ધારણ કરી લીધો. પણ ત્યાં તો થોડી વારમાં એક જંગલી બકરું પાણીમાં થઈને ખડકો ઉપર કૂદતું કૂદતું જ્યાં વરું ભકિતભાવ ધારણ કરીને બેઠેલું હતું ત્યાં આવી ગયું. અને એને જોતાં જ વરું બોલી ઊઠયું :

'અરે અરે, આ તો કંઈક ભોજનનો પદાર્થ આવી ગયો.'

અને તેણે બકરા પર તરાપ મારી, પણ તે ચૂકી ગયું. વળી એણે ફરી તરાપ મારી અને ફરી પણ ચૂકી ગયું. અને આખરે બકરું એ ઝડપથી વહેતાં પાણી ઠેકી જઈને સામે પાર જતું રહ્યું.

અને વરુએ પાછો સાધુપણાનો દેખાવ ધારણ કરી લીધો અને બોલ્યું : 'અરે આજના જેવા પવિત્ર દિવસે બકરાનું માંસ ખાવા જેવી અપવિત્ર ક્રિયા મારાથી ના થાય. ના ના, આજે ઉપવાસના દિવસે મારે માંસ ખાવાનું ના હોય.'

આ વરુને વિષે, એની ભક્તિ વિષે, એ પવિત્ર દિવસ માટે તેને જે ભાવ હતો તે વિષે તમે શું ધારો છો? વરુના ઢોંગ જોઈ તમને જરૂર હસવું આવશે. પણ જગતમાં આ વરુના જેવી જ સચ્ચાઈવાળા લોકો કેટલા બધા છે? સારી સારી ભાવનાઓ ધારણ કરવાથી પોતાનો સ્વાર્થ સધાય છે એમ તેમને લાગવાથી તેઓ એવી ભાવનાઓ ધારણ કરીને ફરે છે, અને એ લોકો પોતે મુક્તપણે દુરાચાર કરી શકતા નથી એટલા માટે જ નાનકડા સંત બનીને ફરતા હોય છે. પણ એવા લોકો ભલે ગમે તેટલી ચતુરાઈ કે ચાલબાજી કરે છતાં તમને શું એમ લાગે છે ખરું કે એ પ્રપંચી લોકો સાચા અને ન્યાયપરાયણ લોકોની સામે લાંબો વખત ટકી શકશે?

*
* *

લંકાના યુદ્ધમાં હનુમાનની સેનાના વાનરો અને રીંછો દસ મસ્તકવાળા રાવણની સામે રામચંદ્ર અને લક્ષ્મણના પક્ષમાં રહીને યુદ્ધ કરતા હતા. રાવણના ઉપર ચારે દિશામાંથી આ યોદ્ધાઓએ પ્રખર મારો ચલાવ્યો અને રાવણ હારવા લાગ્યો. એટલે પછી તેણે પોતાની મંત્રવિદ્યાનો ઉપયોગ કર્યો.

એ મંત્રના બળે એકદમ, બધા રાક્ષસોની વચ્ચે રાવણની આસપાસ અનેક અનેક રામ અને લક્ષ્મણ દેખાવા લાગ્યા. એ કાંઈ સાચા રામ-લક્ષ્મણ ન હતા. એ તો તેમના ખોટા ભ્રાંતિરૂપ આકારો હતા. પણ વાનરો અને રીંછોએ તો તેમને સાચા રામ-લક્ષ્મણ માની લીધા અને એકદમ ગભરાઈ જઈને લડતા અટકી પડયા. પોતાના આ પૂજ્ય પુરુષોની સામે, રામચંદ્ર અને લક્ષ્મણ ઉપર પોતાથી કેવી રીતે હથિયાર ચલાવી શકાય, કેવી રીતે પથ્થરોનો મારો કરી શકાય?

એ બધાને આમ ગભરાઈ ગયેલા જોઈને રાવણના મોં ઉપર એક ક્રૂર આનંદનું હાસ્ય છવાઈ ગયું. પણ તે જોઈને રામ પણ હસ્યા. એમને પણ આ મિથ્યા આભાસનો નાશ કરવામાં, આ પ્રપંચને ખુલ્લો પાડવામાં, અને સત્યને વિજય અપાવવામાં કેટલો બધો આનંદ આવતો હતો! પછી રામે પોતાના પ્રચંડ ધનુષ્ય ઉપર એક બાણ ચડાવ્યું અને છોડયું. અને એ બાણ સમસમાટ કરતું પેલી બધી માયાવી આકૃતિઓને વીંધતું બધે ફરી વળ્યું અને એ બધું એકદમ અલોપ થઈ ગયું. પછી હનુમાનની સેનાને આ બધી માયાની ખબર પડી ગઈ અને બધામાં પાછી હિંમત આવી ગઈ.

જે કોઈ માણસ સત્યનિષ્ઠ હોય છે તેના તરફથી આવતી વાણી આ રીતે બાણની માફક કામ કરતી હોય છે. તે સર્વ અસત્યો અને દંભનો નાશ કરી દે છે.

***

દક્ષિણ ભારતની એક પ્રાચીન વાર્તામાં એક રાજકુમારની કથા આવે છે. એ રાજકુમારનું નામ હતું ચમેલીરાજ. એ જ્યારે જ્યારે હસતો ત્યારે એમાંથી ચમેલીની મીઠી સુગંધ દૂર દૂર, કેટલાય અંતર સુધી ફેલાઈ જતી પણ આ ઘટના એ રાજકુમાર સાચા આનંદ-પૂર્વક હસતાં ત્યારે જ બનતી. એના હૃદયમાં જો સાચો આનંદ ન હોય તો પછી તે ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ચમેલીની સુવાસ ફેલાતી નહિ. પણ એનું હૃદય જ્યારે આનંદમય હોય ત્યારે ચમેલીની સુવાસ એક સુગંધીદાર ઝરણની માફક બધે ફેલાઈ જતી.

એ રાજકુમારના હાસ્યમાં જે આ ગુણ હતો તે તેનામાં રહેલી સત્યનિષ્ઠામાંથી જ આવતો હતો.

દુર્યોધનના રાજમહેલમાં તો ભાતભાતનાં મોઘાંમૂલાં ભોજન બનતાં હતાં. અને ત્યાં સોનાચાંદીનાં વાસણો હતાં અને તેમના ઉપર ભારે ચમકદાર માણેક, નીલમ અને હીરા જડવામાં આવેલા હતા. દુર્યોધને એક વખતે કૃષ્ણને પોતાને ત્યાં ભોજન માટે આમંત્રણ આપ્યું. પણ તે જ દિવસે તેમને પોતાના ગરીબ ભક્ત વિદુરને ત્યાંથી પણ ભોજન માટે આમંત્રણ મળ્યું હતું. વિદુરને ત્યાંનું ભોજન ઘણું જ સાદું હતું અને એના વાસણો પણ ઘણા સાદાં હતાં. આમ છતાં કૃષ્ણ દુર્યોધનને ત્યાં ન જતાં વિદુરને ત્યાં ભોજન માટે ગયા. કેમકે વિદુરને ત્યાંનું ભોજન એ સાચા પ્રેમનું ભોજન હતું અને દુર્યોધનને ત્યાંના છપ્પન ભોગનું ભોજન એ તો માત્ર દેખાવને ખાતર જ ગોઠવેલું હતું.

આવી જ એક વાર્તા રામચંદ્ર વિષેની પણ છે. એમાં રામ એક પારધીની સ્ત્રીના, એક ઘણી ગરીબ બાઈના અતિથિ બનીને ગયા હતા. એ ગરીબ બાઈ પાસે તો જંગલનાં થોડાંક બોર સિવાય બીજું કાંઈ ન હતું. એણે એ બોર એ મહા પુરુષને ભોજન માટે આપ્યાં. પણ તેણે જે આપ્યું તે તેની ઉત્તમમાં ઉત્તમ વસ્તુ હતી અને તે તેણે ખૂબ જ પ્રેમપૂર્વક આપી હતી. એના ભાવે રામચંદ્રનું હૃદય જીતી લીધું. અને

તેમના હૃદયમાં ભાવના થઈ કે આવા સાચા પ્રેમથી અપાયેલી ભેટની સ્મરણકથા સદાકાળ ટકી રહેવી જોઈએ. અને તેથી જ આ બનાવને હજારો વર્ષ થઈ ગયાં તો પણ આ વાર્તા કહેવાતી રહે છે.

જલાલ નામના એક શિક્ષક હતા. એ ઘણા જ્ઞાની અને પ્રખ્યાત હતા. એક દિવસે બે તુર્કો તેમની પાસે વિદ્યાભ્યાસ કરવાને આવ્યા અને ગુરુને દક્ષિણા રૂપે આપવાને પણ કંઈક સાથે લાવ્યા હતા. એ બેઉ ઘણા ગરીબ હતા એટલે એમની દક્ષિણા પણ એમના જેવી ઘણી સાધારણ હતી, માત્ર મસૂરની દાળની એકેક મૂઠી. એ જોતાં જલાલના કેટલાક વિદ્યાર્થીઓએ તિરસ્કારમાં મોં મચકોડયાં. પણ તે જોઈ જલાલે કહ્યું :

'એક વાર મહમ્મદ પયગંબર સાહેબને એક મોટું કામ પાર પાડવાનું હતું અને તે માટે ખૂબ જ ધનની જરૂર હતી. એમણે પોતાના ભક્તોને કહ્યું કે પોતાનાથી જે કાંઈ આપી શકાય તે બધા આપે. એટલે કેટલાક જણ પોતાની પાસે જે કાંઈ હતું તેમાંથી અર્ધો ભાગ લઈ આવ્યા, કેટલાકે ત્રીજો ભાગ આપ્યો. અબૂ બકરે તો પોતાની તમામ મિલ્કત આપી દીધી. અને આમ પયગંબર સાહેબની પાસે ઘણાં હથિયારો અને જાનવરો ભેગાં થયાં. એવામાં ત્યાં એક ગરીબ સ્ત્રી આવી અને તેણે પયગંબરને ત્રણ ખારેક અને ઘઉંની એક રોટી ભેટ આપી. એની પાસે માત્ર એટલું જ હતું. આ જોઈને ઘણા લોકો હસવા લાગ્યા. એટલે પયગંબરે તેમને સંબોધીને કહ્યું : 'મને એક સ્વપ્ન આવ્યું હતું. એમાં ફિરસ્તાઓ એક ત્રાજવું લઈને બેઠા હતા. એ ત્રાજવાના એક પલ્લામાં ફિરસ્તાઓએ મને મળેલી બધી ભેટો મૂકી અને બીજા પલ્લામાં પેલી ગરીબ બાઈની ખારેકો અને રોટી મૂકી. અને છતાં બંને પલ્લાં એકદમ સ્થિર રહ્યાં, કેમકે બંને પલ્લામાંની ચીજોનું વજન એકસરખું હતું.' અને પછી જલાલ બોલ્યા :

'સાચા દિલથી આપેલી નાની સરખી ભેટ પણ કીમતી ચીજોના જેટલી જ મોંઘામૂલી હોય છે.'

આ સાંભળીને પેલા બંને તુર્ક વિદ્યાર્થીઓને આનંદ થયો અને પછી એમણે આણેલી મસૂરની મુઠ્ઠીભર દાળની મશ્કરી કરવાની હિંમત કોઈ પણ કરી ન શક્યું.

*
* *

એક હલકી વર્ણનો ગરીબ માણસ શિકાર કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો હતો. એક વાર તે આખોય દિવસ શિકારની શોધમાં ભટકયો પણ એના હાથમાં કાંઈ જ ન આવ્યું. રાત પડવા આવી તો પણ તે શિકારની આશામાં જંગલમાં જ ફર્યા કરતો હતો, એકલો, થાકયો પાકયો, ભૂખ્યો, શિકાર ન મળતાં નિરાશ બની ગયેલો, એને થયું કે લાવ, કોઈ ઝાડ પરથી પંખીનો માળો મળી આવે તો પ્રયત્ન કરું. અને એમ તે એક બિલીના ઝાડ ઉપર ચડયો. શિવના ભકતો આ બિલી વૃક્ષના ત્રણ ત્રણની

જોડવાળાં પાંદડાં પોતાના દેવને ચડાવતા હોય છે. એ માણસ બિલીના ઝાડ ઉપર ચડયો તો ખરો પણ એને કાંઈ જ ન મળ્યું. એને એની રાહ જોઈને ઘેર બેઠેલાં પોતાનાં નાનાં નાનાં બાળકો અને સ્ત્રી યાદ આવ્યાં. બાપા આવશે અને કંઈ ખાવાનું લાવશે. અને એ યાદ આવતાં તે રડી પડયો.

વાર્તા કહે છે કે આવાં જે દયાનાં આંસુ હોય છે તે ઘણાં જ ભારે હોય છે. આપણે આપણા પોતાને ખાતર આંસુ પાડતા હોઈએ છીએ તેના કરતાં આ આંસુનું મૂલ્ય ઘણું વધારે હોય છે.

એ શિકારીના આંસુ બિલીના પાંદડાં ઉપર પડયાં અને ત્યાંથી પછી એ ઝાડની નીચે શિવનું લિંગ હતું તેના પર જઈને પડયાં. એ જ ઘડીએ એક સાપ આવીને શિકારીને કરડયો અને તે મરી ગયો. અને તરત જ દેવદૂતો આવીને તેને ઉપાડીને દેવલોકમાં લઈ ગયા અને શિવની સામે તેને હાજર કરી દીધો.

એને જોતાં આજુ બાજુ બેઠેલા દેવો બોલી ઊઠયા, 'અરે, આવા માણસને સ્વર્ગમાં શા માટે લઈ આવ્યા? આ તો હલકી જાતનો માણસ છે. એનામાં કશી સાધુતા નથી, એ તો પાપ કરીને પેટ ભરે છે, દેવનાઓને તે રોજ કશો દેવભાગ પણ આપતો નથી.'

પરંતુ આ સાંભળીને શિવ બોલ્યા :

'એણે મને બિલીના પાંદડાં તો અર્પણ કર્યા જ છે, અને વળી સાચાં હૃદયનાં આંસુ પણ અર્પણ કર્યાં છે. સાચા હૃદયના માણસ માટે કોઈ હલકી જાત રહેતી નથી.' અને એમ કહી તેને સ્વર્ગમાં રાખી લીધો.

*
* *

આ બધી વાર્તાઓમાંથી આપણે જોઈ શકીએ છીએ કે જગતના સર્વ દેશોમાં અને સર્વ કાળમાં માણસોને તેમ જ તેમના દેવોને સત્યપ્રિયતા પ્રત્યે ઘણું માન રહેલું છે. પ્રામાણિકતા અને સત્ય તેમને હંમેશાં ગમતાં હોય છે.

જે કોઈ માણસ અસત્યમાં રહેતો હોય છે તે માનવજાતિનો શત્રુ છે. માણસે સર્જેલી બધી વિદ્યાઓ, તત્ત્વજ્ઞાન, ખગોળવિદ્યા, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન એ બધાં સત્યની જ શોધ માટે પ્રયત્ન કરતાં હોય છે. પરંતુ સત્યની જરૂર તો મોટામાં મોટી વસ્તુઓમાં જેટલી પડે છે તેટલી જ નાનામાં નાની વસ્તુઓમાં પણ પડે છે.

તો , નાનાં બાળકો, સત્યમય જીવન કેવી રીતે ગાળવું એ શીખવા માટે તમે મોટા થાઓ ત્યાં લગી રાહ ના જોશો. એ શીખવાનું કામ તો તમે ગમે તે ક્ષણે શરૂ કરી

દઈ શકો છો. અને તમારે જો જીવનભર સત્ય બોલવાનો જ અભ્યાસ પાડવો છે તો પછી સત્યને જીવનમાં ઉતારવાનું કામ પણ તમે અબ ઘડી જ શરૂ કરી દઈ શકો છો.

માણસોને સત્ય બોલવાની ઈચ્છા હોય છે તો પણ કેટલીક વાર સત્ય બોલવું ઘણું મુશ્કેલ થઈ પડે છે. કારણ કે સત્ય બોલવા માટે પ્રથમ તો તમારે સત્યને જાણવાનું રહે છે તેમ જ તેની શોધ કરી લેવાની રહે છે. અને એ કામ સહેલું નથી હોતું.

વારાણસીના રાજાને ચાર યુવાન રાજકુમારો હતા. દરેક રાજકુમારે એમના પિતાના રથના સારથિને કહ્યું 'મને કિંશુકનું ઝાડ બતાવો.' સારથિએ કહ્યું, 'હા, હું તમને બતાવીશ.' અને પછી એક દિવસ સૌથી મોટા રાજકુમારને પોતાની સાથે રથમાં બેસાડીને ફરવા લઈ ગયો. અને જંગલમાં જઈને તેણે તેને કિંશુક–ખાખરાનું વૃક્ષ બતાવ્યું.

એ સમયે પાનખર ઋતુ ચાલતી હતી. કિંશુકના ઝાડ ઉપર પાંદડાં, કળી કે ફૂલ જેવું કંઈ જ ન હતું. રાજકુમારને ખાલી ઝાડનું એક કાળું કાળું અને સૂકું ભઠ્ઠ થડ જ જોવાને મળ્યું.

થોડાંક અઠવાડિયાં પછી તે બીજા રાજકુમારને રથમાં બેસાડીને વનમાં લઈ ગયો અને તેને પણ કિંશુક બતાવ્યું. આ વખતે ઝાડ પર બધે પાંદડાં બેસી ગયાં હતાં અને આખું ઝાડ પાંદડાંથી છવાઈ ગયું હતું.

એ જ ઋતુમાં થોડા વખત પછી ત્રીજા રાજકુમારને પણ કિંશુક બતાવ્યું. એ વખતે ઝાડ લાલ લાલ ફૂલોથી ભરાઈ ગયું હતું.

અને છેલ્લે ચોથા રાજકુમારને પણ કિંશુક બતાવવામાં આવ્યું. એના પર તે વખતે પાકાં ફળ બેસી ગયાં હતાં.

પછી એક દિવસે ચારે ભાઈઓ ભેગા થયા ત્યારે એક જણે પૂછયું :

'કહો જોઈએ, કિંશુકનું ઝાડ કોના જેવું હોય છે?'

'એનું તો ખાલી થડ જ હોય છે,' મોટા રાજકુમારે કહ્યું.

'નહિ, એ તો પહોળાં પાનાંવાળી કેળના જેવું હોય છે,' બીજા રાજકુમારે કહ્યું.

'અરે એ તો એક લાલ ગુલાબની કલગી જેવું હોય છે,' ત્રીજાએ કહ્યું.

અને ચોથાએ કહ્યું, 'ના ના, એ તો એક બાવળ જેવું હોય છે અને તેના પર ફળ બેઠેલાં હોય છે.'

આમ એ ચારે જણની વાત જુદી જુદી પડી એટલે બધા કોની વાત સાચી તેનો નિર્ણય કરાવવા પોતાના પિતા પાસે ગયા. રાજાએ જ્યારે જાણ્યું કે રાજકુમારો કિંશુક વૃક્ષને જોવા માટે એક પછી એક ગયા હતા ત્યારે તે હસ્યા અને બોલ્યા :

'તમારી ચારે જણાની વાત સાચી છે, પણ તમે ચારે જણ ભૂલી જાઓ છો કે ઝાડ બધી ઋતુઓમાં એકસરખું હોતું નથી.'

દરેક રાજકુમાર માત્ર પોતે જે રીતનું ઝાડ જોયું હતું તેની જ વાત કરતો હતો અને બીજાઓને જે રીતનું તે વૃક્ષ દેખાતું હતું તેના ઉપર ધ્યાન જ આપતો ન હતો.

આ જ રીતે ઘણી વાર માણસો સત્યનો માત્ર એક નાનકડો અંશ જ જાણતા હોય છે અને એમ માનતા હોય છે કે પોતે આખુંયે સત્ય જાણે છે અને એમાંથી જ તેમની ભૂલ થતી હોય છે.

માણસોને જો નાનપણમાંથી જ સત્ય માટે ખૂબ પ્રેમ જાગે અને તેઓ સદાય સત્ય માટેની શોધ કરતા જ રહે તો જગતમાંથી કેટલી બધી ભૂલો ઓછી થઈ જાય!

***

હિમાલયમાં આવેલા કુમાંઉ પ્રદેશના રાજા એક વાર અલમોરાની ટેકરી ઉપર શિકાર ખેલતા હતા. એ વખતે એ ટેકરી જંગલોથી ભરેલી હતી.

ત્યાં પાસેની ઝાડીમાંથી એક સસલું નીકળી આવ્યું અને રાજાએ તેની પૂંઠ પકડી. પણ એ સસલું એકદમ વાઘમાં બદલાઈ ગયું અને તરત જ ત્યાંથી અદૃશ્ય થઈ ગયું.

આ અદ્‌ભૂત બનાવ જોઈ રાજા સ્તબ્ધ થઈ ગયા. વનમાંથી પાછા ફરી તેમણે પોતાના મહેલમાં પંડિતોને બોલાવ્યા અને આ બનાવનો અર્થ પૂછ્યો.

'આનો અર્થ એ છે,' પંડિતોએ કહ્યું, 'જે સ્થાને આપે વાઘને અલોપ થઈ જતો જોયો તે સ્થાને આપે એક નવું નગર બાંધવું જોઈએ. જે સ્થાનમાં માણસો મોટી સંખ્યામાં વસવાટ કરવાને માટે આવતા હોય છે ત્યાંથી જ માત્રવાઘ આ પ્રમાણે નાસીને જતા રહે છે.'

અને પછી એ નવું નગર બાંધવા માટે માણસોને કામે લગાડી દેવામાં આવ્યા. એ લોકોએ જમીનની મજબૂતી કેટલી છે તે તપાસી જોવા માટે એક જાડો સળિયો લઈ જમીનમાં ખોસી જોયો. અને એ જ ક્ષણે અકસ્માત્ ધરતીકંપનો એક હળવો આંચકો આવી ગયો.

'થોભી જાઓ,' પંડિતો બોલી ઊઠ્યા, 'સળિયાની અણી પૃથ્વીના ધારણહાર શેષ-નાગના શરીરમાં ભોંકાઈ છે. અહીં હવે નગર બાંધવું ન જોઈએ.'

વાર્તામાં પછી આવે છે કે એ સળિયાને જમીનમાંથી બહાર ખેંચી કાઢવામાં આવ્યો ત્યારે તે શેષનાગના લોહીથી આખોયે લાલ થઈ ગયો હતો.

'આ તો બહુ જ માઠું થયું કહેવાય,' રાજાએ કહ્યું, 'પણ અહીં હવે નગર બાંધવાનું નક્કી થયું છે એટલે આપણે બાંધીશું તો ખરા જ.'

એ સાંભળતાં પંડિતો ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને તેમને ભવિષ્યવાણી ભાખી કે આ નગરના ઉપર ભારે ભારે આપત્તિઓ આવી પડશે અને રાજાનો પોતાનો વંશ થોડા વખતમાં જ નાશ પામી જશે.

એ સ્થળની જમીન ફળદ્રુપ હતી અને ત્યાં પાણી પુષ્કળ હતું. છેલ્લાં છસો વરસથી અલમોરા નગર એ ટેકરી પર ઊભેલું છે અને એની આસપાસનાં ખેતરોમાંથી ખૂબ ખૂબ પાક ઊતરે છે.

આમ આ પંડિતો આટલા બધા જ્ઞાની હતા છતાં તેમની ભવિષ્યવાણી સાચી પડી નહિ. આ પંડિતોના મનમાં તો કોઈ કપટ નહોતું જ એમાં શંકા નથી અને તેઓ એમ માનતા જ હતા કે પોતે સાચું બોલે છે. પણ માણસો ઘણી વાર આવી રીતે ભૂલ કરી બેસે છે અને જે વસ્તુ માત્ર એક વહેમ રૂપે જ હોય છે તેને સાચી માની લે છે.

નાનાં બાળકો, આ જગત અનેક રીતના વહેમોથી ભરેલું છે. એમાં સત્યને શોધવા માટેનો માણસની પાસે સારામાં સારો રસ્તો માત્ર એક જ છે અને તે એ કે તે હંમેશાં સત્યનિષ્ઠ બની રહે, માણસ પોતાના વિચારોમાં, કાર્યોમાં અને વાણીમાં વધારે ને વધારે સચ્ચાઈ ધારણ કરતો બને. આપણે જો કોઈને પણ કોઈ પણ બાબતમાં છેતરવાનું બંધ કરી દઈશું તો પછી આપણને પોતાને પણ બીજું કોઈ કોઈ બાબતમાં છેતરે એ વસ્તુ બહુ બનવા નહિ પામે.

# સાચો નિર્ણય

એક સીધી લાકડી લો અને તેને અડધે સુધી પાણીમાં ડુબાડો. લાકડી વચ્ચેથી વાંકી થઈ ગયેલી દેખાશે. આ એક ખોટો દેખાવ છે. તમે જો એમ ધારશો કે લાકડી ખરેખર વાંકી છે તો એ વિચાર ખોટો ઠરશે. લાકડી બહાર કાઢી લો અને તમને જણાશે કે એ તો હંમેશાં સીધી જ છે.

અને આથી ઊલટું તમે એક વખતે વચમાંથી વાંકી હોય તેવી લાકડીને બરાબર કુશળતાપૂર્વક પાણીની અંદર અમુક રીતે ગોઠવશો તો તે સીધી પણ દેખાશે.

તો ઘણી વાર માણસોનું પણ આ લાકડીની માફક બનતું હોય છે. તમે માણસોને જો ખોટી રીતે જોશો તો એ સીધા હશે તો પણ સીધા નહિ દેખાય. અને કેટલીક વાર માણસો વાંકા હશે તો પણ તેમનો દેખાવ એવો છેતરામણો હશે કે એ તમને સીધા જ દેખાશે. એટલે જ આપણે કદી પણ દેખાવ ઉપર ભરોસો રાખવો ન જોઈએ તેમ જ કોઈને પણ વિષે ઉતાવળે અભિપ્રાય બાંધી લેવો ન જોઈએ.

ભારતમાં એક સાધુ બાવા ભિક્ષાટન કરતા ગામેગામ ફરતા રહેતા હતા. એક વાર એમને એક ખેતરમાં એક ઘેટાનો ભેટો થયો. એમને જોઈને ઘેટો ગુસ્સામાં આવી ગયો અને તેમને મારવા તૈયાર થઈ ગયો. પણ હુમલો કરતા પહેલાં તે માથું નીચું કરીને થોડાં ડગલાં પાછો હઠયો.

એને આમ કરતો જોઈને સાધુ બાવા તો વિચાર કરવા લાગ્યા, 'વાહ, આ તો બહુ સરસ બુદ્ધિવાળું જાનવર છે. એ હું સાધુ પુરુષ છું એ સમજી ગયો છે અને હવે મને પ્રણામ કરવા આવે છે!'

અને એ જ વખતે ઘેટો તેમના ઉપર તૂટી પડયો અને શિંગડાંની એક જ ભેટીમાં સાધુ બાવાને ભોંયભેગા કરી દીધા.

આવી રીતે તમે જે માણસો માન તથા વિશ્વાસને પાત્ર નથી હોતા તેમને સહેલાઈથી માન તથા વિશ્વાસને પાત્ર ગણી લો છો. દુનિયામાં કેટલીક વાર માણસો લા ફૉન્તેનની વાર્તામાં આવતા વરુ જેવા કે ગધેડા જેવા પણ હોય છે. એ વરુ ભરવાડનો ડગલો પહેરીને આવ્યો હતો એટલે ઘેટાંએ તેને ભરવાડ માની લીધો હતો, અને ગધેડો સિંહનું ચામડું ઓઢીને આવેલો એટલે તેને જોઈને લોકો બહુ જ ગભરાયા હતા.

*
* *

પણ આમ બહારના દેખાવ ઉપરથી કોઈના ઉપર વિશ્વાસ મૂકતાં આપણે છેતરાઈ જઈએ છીએ તો એથી ઊલટું ઘણી વાર એવું પણ બને છે કે બહારના દેખાવ ઉપરથી બીજા લોકો વિષે આપણે ઉતાવળો અને ખોટી રીતનો અભિપ્રાય બાંધી લેવા પણ લલચાઈ જઈએ છીએ.

એક વખતે ઈરાનનો શાહ ઈસ્માઈલ સફવી ખોરાસાન દેશ ઉપર વિજય મેળવીને પોતાની રાજધાની તરફ પાછો ફરતો હતો. ત્યાં રસ્તામાં કવિ હાતિફીનું મકાન આવ્યું અને શાહને કવિને મળવાનું મન થઈ આવ્યું. પણ રાજા કવિને મળવાના ઉત્સાહમાં એટલો બધો આવી ગયો કે એને કવિના મકાનના દરવાજા સુધી જવાની પણ ધીરજ ન રહી. કવિના મકાનના વંડાની દીવાલ ઉપર રાજાએ એક ઝાડની ડાળ લટકતી જોઈ. એ ડાળ પકડી લઈને ઠેકડો મારી એ દીવાલ ઉપર ચડી ગયો અને કવિના બાગની અંદર કૂદી પડ્યો.

તમારા મકાનમાં આવી રીતે કોઈ એકાએક આવી પડે તો તમે શું કરો ? જરૂર તમે એને કોઈ ચોર માની લેશો અને એનું એ પ્રમાણે સ્વાગત કરશો.

પણ હાતિફીએ એમ ન કર્યું. એણે પહેલી નજરે જે જોયું તે પરથી કશો જ અભિપ્રાય બાંધ્યો નહિ. એણે તો આ અણધાર્યા આવી ચડેલા મહેમાનનું સરસ સ્વાગત કર્યું. રાજાએ પછી એની આગળ બહુ જ ઉત્સાહપૂર્વક પોતાના પરાક્રમોનાં વર્ણન કરેલાં અને થોડા વખત પછી કવિએ એ પરાક્રમો વિષે નવી કવિતાઓ લખેલી.

*
* *

સામાન્ય રીતે એવું બને છે કે બીજા લોકોની કાળી બાજુ આપણને તરત જ દેખાઈ આવે છે. દરેક માણસમાં કંઈક એવી ખામી તો હોય છે જે એને નહિ પણ એના પાડોશીને જણાઈ આવે છે. એટલે તમારે જો કોઈને પણ અન્યાય ન થાય એવી રીતે તેના વિષે વિચાર બાંધવો હોય તો એનામાં જે ઉત્તમ વસ્તુ હોય તેના ઉપર જ નજર રાખવી જોઈએ. કહેવતમાં કહ્યું છે, 'તમારા મિત્રને જો એક આંખ હોય તો એનો ચહેરો તમારે બાજુ પરથી જ જોવો.'

તમારો મિત્ર તમને ભલે ઠોઠ અને આળસુ દેખાતો હોય તોપણ તે વર્ગમાં ખૂબ જ મહેનત કરતો હોય એમ બની શકે છે. તમારા શિક્ષક તમને કડક અને કઠોર લાગતા હોય છે તોપણ તે ખરેખર તમને ચાહતા હોય અને તમારી પ્રગતિ ઈચ્છતા હોય છે. તમારો કોઈ ભાઈબંધ તમને કોઈ વાર કંટાળો આપતો હોય તેમ જ ચીડિયો દેખાતો હોય તોપણ તે આખરે તમારો ઉત્તમ મિત્ર હોઈ શકે છે.

વળી જગતમાં એવા કેટલાય માણસો હોય છે કે લોકો તેમને ખરાબ ગણતા હોય છે, તેમના તરફ લેશ પણ પ્રેમભાવ દેખાડતા નથી છતાં એવા માણસોના હૃદયમાં પણ કંઈક એવું હોય છે જે કોઈ જોતું નથી હોતું.

આગોબિયો શહેરની આસપાસના જંગલમાં એક ઘણો જબરો વરુ રહેતો હતો અને ખૂબ જ રંજાડ કરતો હતો. એણે લોકોના જાનમાલની તથા ઢોરઢાંખરની ભયંકર ખાનાખરાબી કરી મૂકી હતી. એટલે લોકોમાં એનો એટલો બધો તો ત્રાસ ફેલાઈ ગયો હતો કે બહાર રસ્તા ઉપર હરવા ફરવાની કોઈ પણ હિંમત કરી શકતું નહોતું.

આ જોઈને સંત ફ્રાન્સિસે જાતે જઈને આ ભયંકર વરુને મળવાનું નક્કી કર્યું. એ શહેરમાંથી બહાર નીકળ્યા અને એમની પાછળ પાછળ થોડે દૂર સ્ત્રીઓ અને પુરુષોનું ટોળું પણ આવવા લાગ્યું. સંત ફ્રાન્સિસ જંગલની નજીક આવ્યા કે પેલો વરુ તરત જ મોં ફાડીને તેમના ઉપર ધસી આવ્યો. પણ સંત ફ્રાન્સિસે શાંતિથી હાથ ઊંચો કરી એને નિશાની કરી અને વરુ શાંત પડી ગયો અને એક ઘેટાંની માફક તેમના પગમાં આવીને ઢળી પડ્યો.

પછી સંતે તેને કહ્યું, 'ભાઈ વરુ , તેં તો આ દેશમાં ભારે રંજાડ કરી મૂકી છે. તને તો ખૂની તરીકે મોતની સજા કરવી જોઈએ. જો ને બધા જ લોકો તને ધિક્કારે છે. પણ મને થાય છે કે તું અને આગોબિયો શહેરના મારા મિત્રો તમે બધા ભેગા મળીને સુલેહ શાંતિથી રહો તો મને બહુ સારું લાગે.'

એ સાંભળી વરુએ હા કહેતો હોય તેમ પોતાનું માથું નમાવ્યું અને પૂંછડી હલાવી.

'તો ભાઈ વરુ,' સંત ફ્રાન્સિસ આગળ કહેવા લાગ્યા 'જો તું આ લોકો સાથે શાંતિથી રહીશ તો હું તને વચન આપું છું કે એ પણ તને સારી રીતે રાખશે અને તારે જેટલું રોજ ખાવાનું જોઈએ તે પણ તને આપશે. તો બોલ, તું હવે આ લોકોને કદી રંજાડીશ નહિ એવું વચન આપે છે?'

આ સાંભળી વરુએ પોતાનું માથું વધારે નીચું નમાવ્યું અને સંતના હાથમાં પોતાનો જમણો પંજો મૂક્યો. આમ એ બધાની વચ્ચે સુલેહ શાંતિ સ્થપાઈ.

પછી સંત ફ્રાન્સિસ વરુને આગોબિયોની બજારમાં લઈ ગયા અને બધા લોકોની સમક્ષ, વરુને તેમણે જે કહેલું તે ફરીથી કહી સંભળાવ્યું, અને વરુએ પણ પોતે ભવિષ્યમાં સારા વર્તનનું વચન આપતો હોય તેમ ફરીથી સંતના હાથમાં પોતાનો પંજો મૂક્યો.

વરુ એ શહેરમાં બે વરસ લગી રહ્યો અને કોઈને પણ કશી રંજાડ કરતો બંધ થઈ ગયો. દરરોજ લોક એને માટે ખાવાનું લાવતા અને તે ખાતો. એ મરી ગયો ત્યારે સૌ કોઈને ખૂબ દુ:ખ થયું.

વરુ ભલે ગમે તેટલો ખરાબ દેખાતો હતો પણ એની અંદર એક એવી વસ્તુ હતી કે જે કોઈને દેખાઈ નહોતી. સંત ફ્રાન્સિસે એને 'ભાઈ' કહીને બોલાવ્યો ત્યારે જ તે વસ્તુ પ્રગટ થઈ. બેશક, આ વાર્તામાં વરુ એટલે કે લોકો જેને ખૂબ ધિક્કારતા હોય એવો ખૂબ ખરાબ માણસ એમ સમજવાનું છે. આ વાર્તા એ બતાવે છે કે જે લોકો આપણને અત્યંત દુષ્ટ અને ખરાબ પ્રકારના જણાતા હોય છે તેમનામાં પણ સારી વસ્તુનાં બીજ રહેલાં હોય છે, અને એ માણસના ઉપર કોઈ થોડો પણ પ્રેમ કરે તો તે બહાર નીકળી આવે છે.

તમે ગમે તેવું સડી ગયેલું લાકડું લેશો તો પણ હરકોઈ સારો સુથાર તમને કહેશે કે એમાંથી અમુક ભાગ તો સારો નીકળશે જ. ખરાબ કારીગર એના અજ્ઞાનમાં એ લાકડાને તિરસ્કાર કરીને ફેંકી દેશે, પણ સારો કારીગર તો એને ઉપાડી લેશે અને એમાંથી સડેલો ભાગ કાઢી નાખીને બાકીના ભાગનો કાળજીપૂર્વક ઉપયોગ કરશે. અને કોઈ કળાકાર હશે તો તે તો ઝાડની નક્કરમાં નક્કર ગાંઠોમાંથી પણ મોહક પૂતળીઓ બનાવી લેશે.

*
* *

કેટલાંક વરસો ઉપર દક્ષિણ અમેરિકાના ફ્રેંચ ગિયાના દેશમાં એક બનાવ બન્યો હતો. આ એક ઘણો ભયંકર પ્રદેશ છે અને ઘણા યુરોપિયનોએ તેમાં પોતાના પ્રાણ ગુમાવ્યા છે. ત્યાં આગળ દેશનિકાલની તથા સખત મજૂરીની સજા પામેલા કેદીઓને જેલો બનાવીને રાખવામાં આવતા હતા. એક વખત એક લશ્કરી અમલદાર કેદીઓની ટુકડીને કાયેન શહેર તરફ કામ ઉપર લઈ જતો હતો. ત્યાં તે અકસ્માત્ બંદરના પાણીમાં પડી ગયો અને એ વખતે બંદરમાં ભરતી ચડતી હતી.

એ બંદરમાં રેતી ભરાઈ ગયેલી હતી એટલે દરિયામાં ઓટ આવેલી હોય ત્યારે એમાં કોઈ વહાણ આવી શકતું નહિ. અને જ્યારે ભરતી આવતી ત્યારે એમાં પાણીનાં પ્રવાહો જોરથી ધસી આવતા અને એ કિનારા પર રહેતી શાર્ક માછલીઓ પણ એમાં ખૂબ તણાઈ આવતી.

એટલે આ અમલદાર પાણીમાં પડી ગયો ત્યારે પરિસ્થિતિ ઘણી જ જોખમ ભરેલી હતી. એને તરતાં આવડતું નહોતું અને તેથી કોઈ પણ ક્ષણે પેલી ખાઉધરી શાર્ક માછલીઓ આવીને એને કરડી ખાય એવો સંભવ હતો. પણ એવામાં એક કેદીના હૃદયમાં એકાએક ભલી લાગણી થઈ આવી અને તે પાણીમાં કૂદી પડયો. પેલા અમલદારને એણે પકડી લીધો અને ઘણીએક મહેનત પછી તેને બચાવીને બહાર લઈ આવ્યો.

આ માણસ આમ તો એક ગુનેગાર હતો. અને જે લોકો એને હંમેશાં કેદીનાં કપડાંમાં જતો આવતો જોતા તે એને જોઈને તિરસ્કારપૂર્વક પોતાનું મોં ફેરવી લેતા.

એના કપડાં પર જેલના અળખામણા અક્ષરો હતા અને હવે એનો કેદી તરીકેનો નંબર એના નામને બદલે વપરાતો હતો. એના તરફ કોઈ પણ મીઠી નજર નાખનારું ન હતું, કોઈ એની સાથે વહાલભર્યો એકાદ શબ્દ પણ બોલનારું ન હતું. પણ આ કેદી તરફ લોકો આવી રીતનો ભાવ રાખતા તે જરા પણ સાચો ભાવ ન હતો. આ કેદીના દિલમાં તો દયા પણ હતી. એણે ગમે તેટલી ભૂલો કરી હશે તોપણ એનું હૃદય ઉદાર હતું. જે અમલદાર એની નોકરીની રૂએ એની સાથે કઠોર વર્તન રાખતો હતો તેના જ તરફ એના હૃદયમાં પ્રેમભાવ જાગ્યો હતો અને તેણે તે અમલદારને બચાવી લીધો હતો.

*
* *

કેદીઓને વિષેની એક બીજી વાર્તા પણ છે. એમાંથી તમે જોઈ શકશો કે આપણે જ્યારે લોકોને વિષે તેમના દેખાવ ઉપરથી અભિપ્રાય બાંધી લઈએ છીએ ત્યારે કેવી તો ભૂલ કરી બેસીએ છીએ.

આ જ ગિયાનામાં મારોનીના ઉત્તર પ્રદેશમાં એક સોનાના વેપારીએ પોતાને ત્યાં બે મુક્ત બનેલા કેદીઓને નોકરીએ રાખ્યા હતા. આ વેપારી દર વરસે આ કેદીઓને સોનાવાળી રેતી તેમ જ રેતીના કિનારાની રસાયણિક ક્રિયાને લીધે તૈયાર થયેલી કાચા સોનાની ધાતુનો જથ્થો આપતો અને એને તેઓ નજીકમાં નજીક જે સોના બજાર હતું ત્યાં વેચવાને લઈ જતા. એ જગાએ તેઓ નદીમાં હોડી લઈને જતા અને ત્યાં પહોંચતા તેમને ત્રીસ દિવસ લાગતા.

હવે આ મુક્ત થયેલા કેદીઓએ એક દિવસે નાસી જવાનો વિચાર કર્યો. આ કેદીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવતા, પણ તેમને પોતાના વતનમાં પાછા ફરવાની છૂટ મળતી નહોતી. આ કેદીઓને કેદીઓ માટેના આ સંસ્થાનમાં જ રહેવું પડતું અને મોટે ભાગે તેમની આખી જિન્દગી ત્યાં જ પૂરી થતી. પણ આ ગિયાનાનો પ્રદેશ હજી ખેડાયા વિનાનો તથા વસ્તી વિનાનો હતો. એમાં ગાઢ જંગલો અને ઝાબવાળા પ્રદેશો હતા, અને આ છૂટા થયેલા કેદીઓ તેમાં તાવથી રિબાઈને કે ભૂખના માર્યા ઘણી વાર મરી જતા. એટલે સ્વાભાવિક રીતે જ એમાંના ઘણા ખરા કેદીઓ તક મળે ત્યારે નાસી જવાનો પ્રયત્ન કરતા.

એટલે પેલા સોનાના વેપારીએ રાખેલા આ બે કેદીઓના હાથમાં હોડી આવી ત્યારે તેમણે તેનો લાભ લઈ લેવાનો વિચાર કર્યો અને નદીમાં સામે કિનારે આવેલા ડચ પ્રદેશમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું.

પણ તે પહેલાં તેમણે એમના માલિકના સોનાને એક સલામત જગ્યાએ જમીનમાં દાટી દીધું અને પોતાના માલિકને એક કાગળ લખીને એ સોનું કઈ જગાએ રાખેલું છે તે જણાવ્યું. અને એ કાગળમાં તેમણે લખ્યું :

'આપે અમને હંમેશાં ઘણી સારી રીતે રાખ્યા છે. એટલે અમે હવે જતા રહીએ છીએ ત્યારે આપે અમારામાં વિશ્વાસ રાખીને અમને જે વસ્તુ સોંપેલી તેને અમારી સાથે લઈ જવાને અમારું મન ના પાડે છે.'

આ બે કેદીઓને એક વખતે તો ચોરી માટે સજા થયેલી હતી. એમના હાથમાં અત્યારે જે સોનું હતું એ તો એમને માટે મોટી મિલ્કત રૂપ બની જાય તેમ હતું. પણ એમનામાં પ્રામાણિકતાનો તથા નિર્દોષતાનો પણ કંઈક અંશ હતો જ. જે લોકો એમની હકીકત જાણતા હતા તથા એમના ભૂતકાળ પરથી એમને વિષે અભિપ્રાય બાંધતા હતા તેમને માટે તો આ બે જણ અતિશય દુષ્ટ અને ખરાબ રીતના માણસો હતા. પણ જે માણસે તેમના ઉપર વિશ્વાસ મૂકયો હતો તેને એ લોકો એ વસ્તુ બતાવી શકયા કે પોતે ખરેખર વિશ્વાસને પાત્ર એવા માણસો છે.

તો નાનાં બાળકો, તમે હંમેશાં ધ્યાન રાખજો કે આપણે જ્યારે કોઈના વિષે વિચાર કરીએ ત્યારે હંમેશાં જાગૃત અને ઉદાર રહીએ. તમે જોજો કે આપણે આપણા માનવ-બંધુઓ વિષે ઉતાવળમાં કોઈ પણ નિર્ણય ન બાંધી લઈએ. અને કોઈને વિષે બનતાં સુધી આપણે કશો નિર્ણય જ ન બાંધીએ તો તો ઘણું જ સારું થાય.

# સુવ્યવસ્થા

ભારતના પુરાણોમાં જગતનું વર્ણન એક ઘણી સરસ ચિત્રાત્મક રીતે આપવામાં આવેલું છે. અને એ વર્ણનમાં તેના લેખકોએ જગતની પાછળ કેવી વ્યવસ્થિતતા આવી રહેલી છે તે બતાવ્યું છે.

એમાં આપણે આ જે પૃથ્વી ઉપર રહીએ છીએ તેને જંબુદ્વીપનું નામ આપવામાં આવ્યું છે. એનું વર્ણન આપતાં એમ કહેવામાં આવ્યું છે કે એ દ્વીપની ફરતો એક મીઠાનો સાગર આવેલો છે. એ સાગરની ફરતે પછી જમીનનો એક પટ આવેલો છે. એ પટની ફરતે પછી એક દૂધનો સાગર આવેલો છે. એ દૂધસાગરની ફરતે પાછો જમીનનો પટ અને તેની ફરતે પછી માખણનો સાગર છે. એ સાગરને વીંટીને પછી પાછો જમીનનો પટ અને તે પછી દહીંનો સાગર આવે છે. એની પછી વળી જમીનનો પટ અને તેની ચોમેર મદિરાનો સાગર છે. એ પછી વળી જમીનનો પટ અને તે બાદ સાકરનો સાગર, તે પછી પાછો જમીનનો પટ અને તેની પછી સાતમું અને છેલ્લું વર્તુળ તે શુદ્ધ પાણીનું આવે છે. અને એ પાણીનો સાગર તો બધાય સાગરો કરતાં વધુ મીઠો છે.

તમે જો આજની નિશાળોમાં વપરાતો નકશો લઈને જોવા બેસશો તો તેમાં તમને આમાંનો એકે સાગર, સાકરનો કે દૂધનો કે બીજી કોઈ પણ રીતનો જોવા નહિ મળે. અને આ હિંદુ પુરાણકારો પણ એમ નહોતા જ માનતા કે આ સાગરો સાચેસાચ આવી રહેલા છે. એમને આ રીતનું વર્ણન જે આપ્યું છે તે તો એક ગહન વિચારને રજૂ કરવા માટે છે.

આ પ્રાચીન કથામાં મૂકેલો એ ગહન વિચાર તે એ છે કે જગતમાંની બધી જ વસ્તુઓ વ્યવસ્થિત રીતે રખાવી જોઈએ. જ્યાં સુધી જગતમાંની સર્વ વસ્તુઓ પોતપોતાના યોગ્ય સ્થાને ગોઠવાઈ નહિ જાય ત્યાં સુધી જગત એ શાંતિનું ધામ બનવાનું નથી, એ રહેવાને લાયક ગણાય તેવું સુયોગ્ય સ્થાન બનવાનું નથી. જુઓને, આ બધી મીઠું, દૂધ, માખણ, મદિરા, સાકર, પાણી જેવી ઉત્તમ વસ્તુઓ પણ, જો તેમને વ્યવસ્થિત રીતે જુદી જુદી ન રાખવામાં આવે, એ બધાંનું જો તમારી કલ્પનામાં પણ ન આવે એવું કોઈ ભયંકર મિશ્રણ થઈ જાય તો પછી એમનો રસ તમે કઈ રીતે લઈ શકશો?

માનવજાતિનાં બધાં ધર્મશાસ્ત્રોમાં આ જ સુવ્યવસ્થાની વાત જુદી જુદી રીતે કહેવામાં આવી છે.

*
* *

હિબ્રૂઓના જગતની ઉત્પત્તિ વિષેના ધર્મશાસ્ત્રમાં જગત આમ વ્યવસ્થિત રીતે જ ઉત્પન્ન થયેલું તે વર્ણવેલું છે.

એમાં કહ્યું છે કે પ્રથમ તો બધે તમસ્ જ હતું, એટલે કે બધે જ અવ્યવસ્થા અને અંધકાર હતાં. અને પ્રભુએ એ અવ્યવસ્થામાં પ્રકાશ નાખ્યો, માણસ જેવી રીતે એક અંધારી ગંદી ગુફામાં દાખલ થવા પહેલાં એ અંધારામાં દીવાનો પ્રકાશ નાખે છે એવી જ રીતે.

એ પછી, બાયબલ કહે છે તે પ્રમાણે, આ અંધકારમાં રોજ રોજ વ્યવસ્થિત રીતે વસ્તુઓ સર્જાવા લાગી, અને એમ કરતાં કરતાં છેવટે ત્યાં માણસજાતિ ઉત્પન્ન થઈ.

માણસે જગતમાં જે સુવ્યવસ્થા ઊભી કરી છે તથા એને સર્વત્ર સુવ્યવસ્થા જડી આવી છે એ એને માટે ઘણા ગૌરવની વાત છે.

ખગોળશાસ્ત્રી આંખ ઉઠાવીને તારાઓનું અવલોકન કરે છે અને આકાશનો એક નકશો બનાવે છે. તે આકાશી ગોળાઓના નિયમિત ભ્રમણનો અભ્યાસ કરે છે, એ ગોળાઓને નામ આપે છે, સૂર્યની આસપાસ થતી રહેતી ગ્રહોની ગતિને તે ગણે છે. વળી જે ક્ષણે ચંદ્ર પૃથ્વી અને સૂર્યના બિંબની વચ્ચે થઈને પસાર થતો હોય છે ત્યારે આપણે જેને ગ્રહણ થતું કહીએ છીએ તે વિષે તે આપણને અગાઉથી ખબર આપતો રહે છે. ખગોળવિદ્યાનું આખુંયે શાસ્ત્ર આમ સુવ્યવસ્થાના સિદ્ધાંત ઉપર મંડાયેલું છે.

આ જ રીતે ગણિતશાસ્ત્ર પણ એક સુવ્યવસ્થાનું શાસ્ત્ર છે. એક નાનું બાળક પણ તે ખરા ક્રમ પ્રમાણે આંકડા ગણે છે ત્યારે આનંદ અનુભવે છે. પોતાનાં આંગળાં કે લખોટા ગણતાં ગણતાં એને એકદમ ખબર પડી જાય છે કે એક, પાંચ, ત્રણ, દસ એમ બોલવાનો કશો અર્થ નથી. એ તો એક, બે, ત્રણ, ચાર એમ જ ગણે છે અને આખુંયે ગણિતશાસ્ત્ર અહીંથી જ આરંભ પામે છે.

વળી સંગીત જેવા આનંદદાયક શાસ્ત્રમાં પણ જો સુવ્યવસ્થા ન હોય તો એની કેવી સ્થિતિ થાય? સંગીતના એક સપ્તકમાં સાત સ્વર હોય છે: સા, રે, ગ, મ, પ, ધ, નિ. આ સ્વરોને તમે વારાફરતી વગાડો તો જ તેમાંથી સરસ પરિણામ આવે. તમે જો બધા જ સૂરો એકી સાથે વગાડશો તો એમાંથી ભયંકર અવાજ ઉત્પન્ન થવાનો. સ્વરોને તમે અમુક ક્રમમાં વગાડો તો જ બધા મળીને એક સંવાદમય રાગ ઉત્પન્ન કરે. દા.ત. તમે સા, ગ, પ, સા એ સ્વરોને એક સાથે વગાડો તો તેમાંથી જેને 'પૂર્ણ સંવાદ' કહેવામાં આવે છે તે ઉત્પન્ન થાય છે. આમ આખુંય સંગીતશાસ્ત્ર સુવ્યવસ્થાના સિદ્ધાંત ઉપર મંડાયેલું છે.

અને આ પ્રમાણે, માણસે શોધેલાં બીજાં શાસ્ત્રો તથા બધી કળાઓના પાયામાં સુવ્યવસ્થાનું તત્ત્વ આવી રહેલું છે એમ બતાવી શકાય છે.

*
* *

પણ તો આ સુવ્યવસ્થા આ રીતે બધી જ બાબતોમાં એકસરખી રીતે અનિવાર્ય છે એમ નથી ?

તમે કોઈ મકાનમાં જાઓ અને ત્યાં જો બધું ફરનિચર તેમ જ નાની મોટી શોભાની ચીજો આડીઅવળી, ખૂણેખાંચરે પડેલી દેખાય, એમના પર ધૂળના થર જામી ગયેલા દેખાય તો તમે બોલી ઊઠશો, 'અરે, આ તે કેટલી બધી અવ્યવસ્થા, કેટલી બધી અસ્વચ્છતા!' કેમકે અસ્વચ્છતા એ પણ અવ્યવસ્થાનું જ એક રૂપ છે. જગતમાં ધૂળને માટે પણ સ્થાન છે જ, પણ એ સ્થાન તે ફરનિચર ઉપર તો નહિ જ.

આ જ રીતે સાહીનું સ્થાન તે ખડિયામાં છે, નહિ કે તમારાં આંગળાં પર કે શેતરંજી ઉપર.

પ્રત્યેક વસ્તુ એના પોતાના સ્થાનમાં હોય છે ત્યારે જ બધું સુઘડ અને સ્વચ્છ લાગે છે. તમારી નિશાળ માટેની ચોપડીઓ, તમારાં કપડાં, તમારાં રમકડાં એ બધાંને માટે પોતપોતાનું એક બરાબર સ્થાન હોવું જોઈએ અને બીજી કોઈ વસ્તુ એ સ્થાન માટે હક કરતી ન આવવી જોઈએ. નહિ તો પછી, તમારે ત્યાં એક નાનકડું કુરુક્ષેત્ર જ મચી જશે. તમારાં પુસ્તકો ફાટી જશે, તમારાં કપડાં મેલાં થઈ જશે, તમારાં રમકડાં ભાંગી જશે. એ બધા શંભુમેળામાંથી પછી તમારે જોઈતી વસ્તુ શોધવી પડશે, એ બધું વ્યવસ્થિત કરવું હશે તો તમે હેરાન હેરાન થઈ જશો, તમારે ખૂબ જ ધીરજથી કામ લેવું પડશે પણ જો આ બધું વ્યવસ્થિત રીતે રાખેલું હશે તો પછી સહેલાઈથી તમને બધું મળી આવશે.

મનુષ્યનું આખુંયે જીવન અને તેની તમામ પ્રવૃત્તિઓ, કોઈ પણ દેશની સંપત્તિ અને સમૃદ્ધિ એ બધાનો આધાર પણ આ સુવ્યવસ્થાના તત્ત્વ ઉપર જ રહેલો છે.

એટલે જ દેશની સરકારનું એક મુખ્ય કામ તે દેશની અંદર સુવ્યવસ્થા જાળવવી એ રહેતું હોય છે. એક શહેનશાહ, રાજા કે પ્રમુખથી માંડી તે અદનામાં અદના પોલીસના માણસ સુધી દરેક જણે પોતાનું કામ ઉત્તમ રીતે અદા કરવાનું રહે છે. અને સાથે સાથે દેશના બધા નાગરિકોએ, પછી તે ગમે તે પ્રવૃત્તિ કરતા હોય તો પણ, તેમણે સુવ્યવસ્થા જાળવવાના આ કાર્યમાં પોતાનો ફાળો આપવાનો છે. આ રીતે દરેક વ્યકિત પોતાના દેશને સમૃદ્ધ અને બળવાન બનાવવામાં મદદ કરી શકે છે.

કોઈ પણ બાબતમાં એક સહેજ પણ અવ્યવસ્થા ઊભી થાય તો તેનાં કેવાં ગંભીર પરિણામો આવી શકે તેનો તમે જરા વિચાર તો કરી જુઓ.

એક રેલવેનું જ તંત્ર લો. જગતના બધા દેશોમાં અસંખ્ય ટ્રેનો ચાલતી હોય છે. એ બધી કશો પણ ગોટાળો ન થાય એ રીતે મિનિટે મિનિટ ચોક્કસ સમયે વખતસર ઊપડતી રહે અને વખતસર પોતાના સ્થાને પહોંચતી રહે એ માટે રેલવેના બધા માણસોએ, ફાટકના ચોકીદારોએ, એન્જિન ડ્રાયવરોએ, સાંધાવાળાઓએ ખૂબ જ નિયમિત રીતે અને ચોકસાઈથી પોતપોતાનું કામ કરવાનું રહે છે. અને એમાં જો કોઈ અકસ્માતને કારણે કે બેદરકારીને લીધે, એકાદ ક્ષણ માટે પણ જો આ બધી વ્યવસ્થામાં ભંગ પડે તો તેમાંથી કેવાં ભયંકર પરિણામો આવીને ઊભાં રહે! એક ટ્રેન જો થોડીક જ મિનિટ મોડી આવે તો કેટલી બધી વસ્તુઓ આડીઅવળી થઈ જઈ શકે છે. મિત્રોએ એકબીજાને મળવાનું ગોઠવ્યું હશે તો તે હવે મળી શકશે નહિ, કામે જનારા માણસો કે વેપારીઓ પોતાની ઑફિસમાં કે પોતાના કામ પર મોડા પડી જશે, ઉતારુઓ પોતાની સ્ટીમર ચૂકી જશે. અને આને લીધે લોકોને જે માનસિક મૂંઝવણો થવાની તેની તો તમે કલ્પના પણ કરી નહિ શકો.

જગતમાં જે સુવ્યવસ્થા આવી રહેલી છે, જે નિયમિતતાથી બધું ચાલી રહેલું છે એ જો એકાએક અટકી પડે તો બધે કેવી દુર્દશા ઊભી થાય એનો પણ તમે જરા વિચાર કરી જુઓ.

આપણા ઘરમાં નિયમિતતાના મધુર દૃષ્ટાંત રૂપે કામ કરતું ઘડિયાળ જો અનિયમિત થઈ જાય, કોઈ ગાંડાની માફક એ જો ધીમે ધીમે ચાલવા લાગે કે પછી ઝડપથી ચાલવા લાગી જાય તો ઘરના કામકાજમાં કેવી તો હાડમારી ઊભી થઈ જાય છે. એ ઘડિયાળ જો ચોક્કસ રીતે વખત ન આપે તો તો પછી એને ગંગામાં જ પધરાવી દેવું જોઈએ.

*
* *

એક મોટા ખેતરમાં આવેલા એક જૂના મકાનના મોટા ખંડમાં એક ઘણાં વરસોનું દાદાજીનું ઘડિયાળ હતું. એ દોઢસો કરતાં પણ વધુ વરસોથી સતત ચાલતું રહ્યું હતું, એક વાર પણ અટક્યા વિના એ પોતાનો ટિકટિક અવાજ કાયમ સંભળાવતું રહ્યું હતું. એ ખેડૂત રોજ સવારે મેડા પરથી નીચે ઊતરતો અને સૌથી પહેલાં એ ઘડિયાળ પાસે જતો અને તે બરાબર ચાલે છે કે નહિ તેની ખાતરી કરી લેતો. એક સવારે એ એના રોજના ક્રમ પ્રમાણે ઘડિયાળને જોવા ઓરડામાં દાખલ થયો ત્યારે ઘડિયાળ તેને કહેવા લાગ્યું :

'સાહેબ, મને અહીં દોઢસો કરતાં પણ વધુ વરસો થયાં અને એ બધો વખત મેં જરા પણ અટક્યા વિના, લેશ પણ ચૂક વિના સમય બતાવવાનું મારું કામ કર્યું છે.

પણ હવે મને થાક લાગવા માંડ્યો છે. મને થાય છે કે હવે હું આરામ કરું અને મારું ટિકટિક બંધ કરું, આપની રજા હોય તો.'

અને એ બુદ્ધિશાળી ખેડૂતે તેને જવાબ આપ્યો: 'ભાઈ, આ તારી વાત કાંઈ બરાબર નથી. તું એક વાત કેમ ભૂલી જાય છે કે તારા દરેક ટિકટિકની વચ્ચે તને આરામ કરવા માટે એક સેકન્ડ તો મળી જ રહે છે.'

ઘડિયાળે એ વાત ઉપર ઘડીભર વિચાર કરી જોયો અને પછી જાણે કંઈ થયું ન હોય તેમ પાછું પોતાનું કામ કરવા લાગી ગયું. તો બાળકો, આ વાર્તા શું સૂચવે છે? એ એમ સૂચવે છે કે તમે જો વ્યવસ્થિતપણે કામ કરો તો એમાં કામ અને આરામનાં તત્ત્વો એક બીજાની સાથે સમતોલ બની જાય છે અને તમે જો નિયમિત રીતે કામ કરો તો તમારે માટે ઘણીએક ઉપાધિ અને મહેનત બચી જાય છે.

*
* *

કોઈ પણ વસ્તુ જ્યારે વ્યવસ્થિત રીતની બની જાય છે ત્યારે એમાં પછી કેટલી બધી શક્તિ ઉત્પન્ન થાય છે! જે યંત્રના બધાં અંગો, એનાં ખાંચા, લીવર વગેરે વ્યવસ્થિત રીતે અને ચોકસાઈપૂર્વક કામ કરતાં હોય છે તે જ સૌથી વધુ શક્તિશાળી યંત્ર હોય છે ને? અને એ યંત્રમાં એક નાનામાં નાનો સ્ક્રૂ પણ પોતાની જગા બરાબર સાચવી રાખતો હોય છે તો તે એ યંત્રના મોટામાં મોટા ચક્ર જેટલો જ કામનો હોય છે.

આવી જ રીતે, એક નાનું બાળક જો પોતાનું કામ કાળજીપૂર્વક કરતું રહે તો તે શાળાની અંદર તેમજ ઘરની અંદર–આ વિશાળ જગતમાં એનું જે આ નાનું જગત છે તેમાં એક ઉપયોગી ભાગ ભજવતું રહે છે.

કેટલીકવાર આપણને શરૂ શરૂમાં વ્યવસ્થિત બનવાનું કામ મુશ્કેલ લાગે છે. પણ જગતમાં કોઈ પણ વસ્તુ આપણને પ્રયત્ન કર્યા વિના મળતી નથી. દા. ત. તરવું કે હલેસાં મારવાં કે વ્યાયામ કરવો એમાંનું એક પણ કામ સહેલું નથી, પણ ધીરે ધીરે આપણને એ બધું આવડી જાય છે. એવી જ રીતે અમુક વખત પછી આપણને બધી વસ્તુઓ સહેજ પણ મુશ્કેલી વિના વ્યવસ્થિત રીતે કરતાં આવડી જાય છે. અને પછી તો આપણે કોઈ પણ રીતની અવ્યવસ્થા જોઈએ છીએ ત્યારે આપણને વધુ ને વધુ દુ:ખ થાય છે, અકળામણ થાય છે.

તમે પહેલી વાર ચાલતાં શીખ્યા હશો ત્યારે કેટલીયે વાર પડી ગયા હશો. તમે ગબડી પડ્યા હશો, તમને વાગ્યું હશે, તમે રડ્યા હશો. પણ હવે તમારે ચાલવા માટે વિચાર પણ કરવો પડતો નથી, હવે તો તમે ચપળતાથી દોડી પણ શકો છો. અને આમ જુઓ તો, તમે આ જે ચાલવાની તથા દોડવાની ક્રિયાઓ કરો છો તે બીજું

કાંઈ જ નથી. એ તો તમારા જ્ઞાનતંતુઓ, તમારા સ્નાયુઓ અને અવયવો વ્યવસ્થિત રીતે કામ કરતા હોય છે તેનું જ એક ઉત્તમ દૃષ્ટાંત છે.

આમ છેવટે જતાં વ્યવસ્થિત રીતે કામ કરવું એ તમારે માટે એક સહજ ટેવ રૂપ બની જાય છે.

અને એમ ન માનશો કે તમે વ્યવસ્થિત રીતે કામ કરવા માગશો, નિયમિત રીતે સમયસર બધું કરવા માગશો તો એમાં તમારો આનંદ ચાલી જશે, તમારું હાસ્ય ઊડી જશે. તમારે તમારું કામ ચોકસાઈપૂર્વક કરવું હશે તો તે માટે તમારે દીવેલ પીધું હોય તેવું મોં કરવાની કંઈ જરૂર નહિ રહે. અને આના દૃષ્ટાંત રૂપે આ પાઠ આપણે હવે એક જરા હસવાની વાર્તાથી પૂરો કરીશું.

આ એક સમયસર કામ કરવાની વાર્તા છે, પણ ધ્યાન રાખજો કે તમારે એનું અનુકરણ કરવાનું નથી.

અરબસ્તાનમાં એક બાઈને ત્યાં એક નોકર હતો. એક વાર બાઈને ઘરમાં ફરીથી દેવતા સળગાવવો હતો એટલે તેણે નોકરને પાડોશીને ત્યાંથી સળગતો દેવતા લઈ આવવાને મોકલ્યો.

ત્યાં નોકરને રસ્તામાં એક ઇજિપ્ત જતો કાફલો મળ્યો. નોકરે એ લોકો સાથે વાતો કરવા માંડી અને એમની સાથે જોડાઈ જવાનું નક્કી કરી દીધું. અને એમ તે એ કાફલા સાથે એક વરસ લગી ફરતો રહ્યો.

અને એ ફરી પાછો પેલા ગામમાં આવ્યો ત્યારે પેલો દેવતા લેવાને પાડોશીના ઘરમાં ગયો. પણ એ દેવતા લઈને આવતો હતો ત્યાં એને ઠેસ વાગી, એના હાથમાંથી દેવતા પડી ગયો અને ઓલવાઈ ગયો, અને તે બોલી ઊઠયો :

'આમ ઉતાવળ કર્યા કરવી એ તે કાંઈ રીત છે!'

# રચના અને વિનાશ

બાળકો, તમે સૌ જાણો છો કે રચવું એટલે શું અને નાશ કરવો એટલે શું?

સૈનિક હાથમાં હથિયાર લઈ લડવા જાય છે, અર્થાત્ એ નાશનું કામ કરે છે.

મકાનનો બાંધનાર નકશા બનાવે છે, પાયા નાખે છે અને માણસના મહેનતુ હાથ ખેડૂત માટે ઝૂંપડા બનાવી આપે છે, રાજા માટે મહેલ ચણી આપે છે. એ છે રચવાનું કામ.

વસ્તુનો નાશ કરવો એના કરતાં વસ્તુ બનાવવી એ તો જાણે કે વધુ સારું છે જ. પણ કેટલીક વાર વસ્તુનો નાશ કરવાની જરૂર પણ પડે છે.

બાળકો, તમારા હાથ, તમારા બાહુ તો ખૂબ બળવાન છે, તો કહો તમે માત્ર રચના જ કરશો? શું તમે કદી પણ નાશનું કામ નહિ કરો? અને તમારે નાશનું કામ કરવાનું આવે તો કહો, તમે શેનો નાશ કરશો?

સાંભળો, દક્ષિણ ભારતની તમને એક વાર્તા સંભળાવું છું.

એક વખતે ઝાડોના એક ઝુંડમાં એક તરતનું જન્મેલું બાળક પડયું હતું. તમને થશે કે એ તો હવે મરી જ જશે, કેમકે એની મા અહીં આવીને તેને મૂકી ગઈ તે કંઈ તેને લેવાને પાછી થોડી આવવાની હતી? ના, પણ બન્યું એવું કે જે ઝાડ હેઠે બાળકને મૂકયું હતું તે હ્યુપે નામનું ઝાડ હતું. તેના ઉપર સુંદર ફૂલો હતાં અને તેમાંથી મધ જેવો મીઠો રસ ટપકતો હતો. એ રસનાં ટીપાં બાળકના મોંમાં પડતાં રહ્યા અને બાળકને પોષણ મળતું રહ્યું. અને એટલામાં ત્યાં થઈને એક સ્ત્રી નીકળી. એ ઝુંડમાં એક મહાદેવનું મંદિર હતું અને ત્યાં તે પૂજા કરવા જતી હતી. બાઈ બહાદુર હતી. બાળકને જોઈ તેનું હૃદય પીગળી આવ્યું, તેણે બાળક લઈ લીધું અને પોતાને ઘેર પતિ પાસે લઈ ગઈ. એ બંનેને કોઈ સંતાન ન હતું, એટલે પતિએ બાળકને આનંદપૂર્વક વધાવી લીધું.

એ બંને પતિપત્નીએ તો હ્યુપેના ઝુંડમાંથી જડેલા એ અજાણ્યા બાળકને પોતાનું જ બાળક કરી લીધું. પણ એક બે દિવસમાં જ આડોશીપાડોશીમાં આ વાત ફેલાઈ ગઈ, અને સૌ કોઈ એમની મશ્કરી કરવા લાગ્યું, આવું નાતજાત વિનાનું છોકરું શું જોઈ ઘરમાં રાખ્યું છે એમ કહી લોકો ઠપકો પણ આપવા લાગ્યાં. અને પેલાં બે જણ ગભરાવા લાગ્યાં, એમને થયું કે આ બાળકને જો ઘરમાં રાખીશું તો લોકો બહુ

જ ગુસ્સે ભરાશે. એટલે તેમણે બાળકને એક પારણામાં સુવાડી તે પારણું તબેલાના છાપરામાં લટકાવી દીધું અને પછી એક અંત્યજના કુટુંબને ત્યાં તેને મૂકી આવ્યાં.

એ અંત્યજને ત્યાં બાળક મોટો થવા લાગ્યો. બાળક બહુ બુદ્ધિમાન હતો, શરીરે મહા બળવાન હતો. મોટી ઉંમરનો થતાં તે એક દિવસ પોતાનાં પાલક માબાપની વિદાય લઈને એકલો મુસાફરીએ નીકળી પડ્યો. ચાલતાં ચાલતાં તેને થાક લાગ્યો એટલે એક તાડના ઝાડ નીચે તે આરામ લેવા બેઠો અને ત્યાં ઊંઘી ગયો. અને પછી શું થયું? હ્યુપૈના ઝુંડમાં તેને જોઈને પેલી સ્ત્રીના હૃદયમાં પ્રેમ થયો હતો તેવો જ પ્રેમ જાણે કે એ તાડ-વૃક્ષને પણ એ બાળક ઉપર થયો. હવે તાડ જેવું ઊંચું વૃક્ષ પોતાનાં પાંદડાંનો છાંયો એક જ જગાએ લાંબો વખત રાખે એ વાત તો બનવી અશક્ય જેવી લાગે છે. પણ વાર્તા એમ કહે છે કે એ તાડનો છાંયો બાળક સૂતો હતો તેના ઉપર જ સ્થિર થઈ ગયો અને બાળક જાગ્યો નહિ ત્યાં સુધી તે વૃક્ષ પોતાની શીતળ છાયાથી તેનું રક્ષણ કરતું રહ્યું.

તો પ્રશ્ન થશે કે આવું કેમ બન્યું હશે?

શા માટે આ બાળકને એના જન્મકાળથી જ રક્ષા મળી હતી? શા માટે આ તાડના વૃક્ષે એનું સૂરજના તાપમાંથી રક્ષણ કર્યું? કારણ કે એ બાળકનું જીવન મહા કીમતી હતું. જતે દિવસે એ બાળક તિરુવલ્લુવર નામે તામિલ ભાષાનો એક મહાકવિ બનવાનો હતો, તેને હાથે 'કુરલ' નામનાં અતિ મધુર કાવ્યો રચાવાનાં હતાં.

આ રીતે જગત માટે જે જે વ્યક્તિઓ કે વસ્તુઓ કંઈ મૂલ્યવાન સંદેશ લઈ આવતી હોય છે તે સર્વની રક્ષા થવાની જરૂર રહે છે.

આપણને બળવાન બાહુ મળ્યા છે એ જાણી આપણે ખૂબ જ આનંદ પામવો જોઈએ. કારણ કે એ બાહુની શક્તિ વડે આપણે જગતમાં જે જે કંઈ સુંદર છે, શુભ છે, સત્ય છે તેનું રક્ષણ કરી શકીશું, એ સર્વને દુષ્ટતાના અને મૃત્યુના પંજામાંથી બચાવી શકીશું.

અને આ સત્ય, શિવ અને સુંદરની રક્ષા માટે આપણે કદી કદી લડવું પણ પડશે, વિનાશ પણ કરવો પડશે.

* * *

આ મહાકવિ તિરુવલ્લુવર લોકોને માત્ર અમૃત જેવી વાણી જ સંભળાવતો ન હતો. તે લડી પણ જાણતો હતો, મારી પણ જાણતો હતો. તેણે કાવેરીપકમ્‌ના રાક્ષસનો નાશ કર્યો તેની વાર્તા આ પ્રમાણે છે.

કાવેરીપકમ્ નામના એક ગામમાં એક ઘણો તાલેવંત ખેડૂત હતો. એને ત્યાં એક હજાર ઢોર હતાં, ઘઉંનાં મોટાં મોટાં વિશાળ ખેતરો હતાં. પણ એ ગામમાં એક રાક્ષસ આવી

ભારે રંજાડ કરી જતો. જમીનમાંથી તે આખા ને આખા મોલ ઉખાડી નાખતો, પશુઓને તેમ જ માણસોને મારી નાખતો. એના ત્રાસથી કાવેરીપકમ્‌ના લોકો કાંપી ઊઠ્યા હતા.

એટલે પેલા ધનવાન ખેડૂતે એક દિવસ ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ વીર પુરુષ આ રાક્ષસને મારી આપશે તેને હું એક મકાન આપીશ, જમીન આપીશ, અને પૈસા આપીશ.

કેટલોય વખત ચાલ્યો ગયો પણ રાક્ષસને મારનાર કોઈ વીર નર નીકળ્યો નહિ. એટલે હવે શું કરવું તેની સલાહ લેવા પેલો ખેડૂત પાસેના પર્વત ઉપર રહેતા મુનિઓ પાસે ગયો.

'જાઓ, તિરવલ્લુવરને જઈને મળો.' પર્વત પરના મુનિઓએ તેને આ પ્રમાણે જવાબ આપ્યો.

એટલે પછી તે ખેડૂત તે જુવાન કવિ પાસે ગયો અને તેની પાસે મદદની યાચના કરી. તિરવલ્લુવરે થોડીક રાખ લઈ પોતાની હથેળી પર મૂકી, તેમાં મંત્રના પાંચ અક્ષર લખ્યા અને પછી રાખ હવામાં ઉડાડી મૂકી. એ મંત્રની શકિત પેલા રાક્ષસ ઉપર જઈને તૂટી પડી અને તે મરી ગયો. અને એ રીતે કાવેરીપકમ્‌ના લોકો સુખી થયા.

થોડા સમય પછી તિરવલ્લુવરને મદુરા શહેરમાં જવાનું થયું. તેને આવેલો સાંભળી એનાં સુંદર કાવ્યોનું શ્રવણ કરવા માટે અનેક લોકો તેની પાસે આવવા લાગ્યા. અને હ્યુપૈના ઝુંડમાંથી મળી આવેલા એ બાળકનાં રચેલાં પદો સાંભળીને સૌ કોઈ ખૂબ જ મુગ્ધ બની રહ્યા. તેનું એક પદ એવા અર્થનું હતું :

જગ મેં સબસે બડી ભલાઈ,
ઉસસે કુછ ભી બડી ન પાઈ.

હવે એ કવિ ઊભો હતો ત્યાં પાસે એક કમળતળાવ હતું. એ તળાવમાં કમળ ખીલેલાં હતાં અને તેને કિનારે એક મોટી પાટ ઉપર કેટલા મહા વિદ્વાન કવિઓનું એક મંડળ બેઠું હતું. પણ એ મંડળ આ હલકી જાતિમાં જન્મેલા કવિબંધુને પોતાની જોડે બેસવા દેવા માટે તૈયાર ન હતું. ઊલટું એમણે તો તિરવલ્લુવરને મૂંઝવવા માટે ઘણા પ્રશ્નો પૂછવા માંડયા, અને તેની કોઈક ભૂલ થાય તો તે પકડી પાડી તેને હલકો પાડવા પ્રયત્ન કરવા લાગ્યા. છેવટે તેમણે તિરવલ્લુવરને કહ્યું :

'અલ્યા એ, એમ હોય તો તારી કવિતાની પોથી આ પાટ ઉપર મૂક. અને તારી કવિતા જો ખરેખરી ઉત્તમ કવિતા હશે તો આ પાટ 'કુરલ' વિના બીજા કોઈને પોતા પર રહેવા નહિ દેશે.

એમના કહેવા મુજબ તિરુવલ્લુવરે તળાવને કિનારેની એ પાટ પર પોતાની પોથી મૂકી. અને વાર્તામાં પછી એમ આવે છે કે તેણે પોથી મૂકતાંની વાર જ પેલી પાટ એકદમ નાની થઈને પેલી પોથીના જેટલા જ કદની બની ગઈ. અને પેલા મદુરાના

અદેખા અને અભિમાની કવિઓ ગડમ લઈને બીજી બાજુ તળાવમાં ગબડી પડયા! ખરેખર, એ ઓગણપચાસ અદેખા કવિઓ સીધા તળાવના પાણીમાં કમળોની વચ્ચે જ જઈ પહોંચ્યા. પાણીમાંથી એ મહાશયો બહાર આવ્યા ત્યારે એમના શરીર પરથી પાણી દદડી રહ્યું હતું અને શરમથી તેમનાં મોં પડી ગયાં હતાં. તે દિવસથી તામિલ ભાષા બોલતી બધી પ્રજા એ ' કુરલ ' કાવ્યો બહુ જ પ્રેમપૂર્વક ગાવા લાગી.

***

બાળકો, તો કહો જોઈએ આ કાવેરીપકમ્‌ના રાક્ષસને મારી નાખવામાં આવ્યો એ જાણી તમને દીલગીરી થાય છે ખરી? અને મદુરાના પેલા ઓગણપચાસ કવિઓ પાણીમાં ગબડી પડયા તેથી શું તમને માઠું લાગે છે ખરું?

આ જગતમાં સારી વસ્તુઓ પણ છે અને ખરાબ વસ્તુઓ પણ છે. અને જગતની જે સારી વસ્તુઓ છે તેના ઉપર આપણે પ્રેમ રાખી તેમની રક્ષા કરવાની છે, ખરાબ વસ્તુઓ સાથે લડી લઈ તેમની શકિત તોડી પાડવાની છે.

જગતમાં તિરુવલ્લુવર જેવા જે જે જ્ઞાની પુરુષો થઈ ગયા તે સર્વ આ વસ્તુ જાણતા હોય છે અને એ પ્રમાણે કરી શકતા હોય છે. જ્ઞાનીનું જ્ઞાન જેમ વધુ ઉચ્ચ પ્રકારનું હશે તેમ તેનું કાર્ય પણ વધુ ઉચ્ચ હશે. પરંતુ નાનાં બાળકોમાં હજી એટલી બધી શકિત અને એટલું બધું જ્ઞાન હોતું નથી. તો એમણે શું કરવું? નાનાં બાળકો એવા મહા પુરુષોનું અનુકરણ કરી શકે છે અને એ રીતે પોતાની શકિત અજમાવી શકે છે.

તિરુવલ્લુવરને આવે નામની બહેન હતી. એ બહેને પણ આ પ્રમાણે પોતાના ભાઈનું દૃષ્ટાંત લીધેલું.

એક દિવસ તે ઉરાઈયુર ગામની એક નાનકડી શેરીમાં નીચે જમીન પર બેઠી હતી, એવામાં ત્યાંથી ત્રણ જણ નીકળ્યા. એમાં એક રાજા હતો, અને બીજા બે કવિ હતા.

રાજા પાસે આવ્યો એટલે આવેએ રાજા તરફ માન બતાવવા માટે પોતાનો એક પગ વાળી લીધો. પછી બે કવિમાંથી પહેલો કવિ તેની પાસે આવ્યો ત્યારે તેણે તેના માન ખાતર બીજો પગ વાળી લીધો. પણ જ્યાં બીજો કવિ આવ્યો કે તરત તેણે બેય પગ ફેલાવી દીધા અને તેનો રસ્તો રોકી લીધો.

આ પ્રમાણેનું વર્તન આમ તો અસભ્ય જ લાગે. પરંતુ પોતે શું કરી રહી છે તે વાત આવે બરાબર જાણતી હતી. પેલો બીજો કવિ એક મિથ્યાભિમાની માણસ હતો. તેનામાં કશી કાવ્યશકિત ન હતી છતાં તે પોતે કવિ હોવાનું અભિમાન કરતો હતો.

આવેનું આ વર્તન જોઈ એ ખૂબ જ ચિડાઈ ગયો અને આવેને તેણે પૂછયું કે તું મારી સાથે આમ કેમ વર્તે છે?

આવેએ જવાબ દીધો, 'તમે મને કવિતાની એક એવી લીટી રચી આપો કે જેમાં 'મન' શબ્દ ત્રણ વાર આવતો હોય.'

ત્યાં ખૂબ લોકોને ભેગા થયેલા જોઈને પેલા કવિના મનમાં થયું કે વાહ, મારી હોશિયારી બતાવી આપવાનો આ બહુ સારો પ્રસંગ છે. અને એ બિચારાએ બહુ મહેનત કરી પણ, તેનાથી 'મન' શબ્દ એક લીટીમાં બેથી વધુ વાર ગોઠવાયો જ નહિ.

એટલે પછી આવેએ તેને ટકોર કરી, 'કેમ, કવિરાજ, આ ત્રીજા 'મન' શબ્દને તમે કયાં સંતાડી રાખ્યો? તમારી લીટીમાં તો એ કયાંય દેખાતો જ નથી.' અને એ સાંભળી તે મિથ્યાભિમાની કવિ શરમથી નીચું જોઈ ગયો.

તો શું તમને એમ લાગે છે કે આવી રીતનું અસભ્ય વર્તન કરવામાં આવેને આનંદ થયો હશે? જરાયે નહિ. પણ પેલા કવિને જે મિથ્યાભિમાન હતું તે કાંઈ માન આપવા જેવી વસ્તુ ન હતી. અને કઈ વસ્તુ માન આપવા યોગ્ય છે અને કઈ નથી એ બે વચ્ચેનો વિવેક આવે બરાબર જાણતી હતી.

તે કહેતી હતી, 'સારા માણસો તો હંસ જેવા હોય છે. હંસ જેવી રીતે કમળના સરોવર તરફ જ જાય છે તેવી રીતે સાધુ પુરુષો ઉત્તમ વસ્તુઓ તરફ જ વળે છે. અને દુષ્ટ માણસો તો ગીધ જેવા હોય છે. ગીધ જેવી રીતે કોઈ મરેલા જાનવરની ગંધ આવતાં તેના પર ધસી જઈ તે મડદાનું ભક્ષણ કરે છે તે મુજબ દુર્જનો ખરાબ વસ્તુઓની જ ખોજ કરતા રહે છે.'

*
* *

તો જગતના તમામ દેશોનાં હે વીર બાળકો, કહો જોઈએ એવી કઈ વસ્તુઓ છે કે જેની સાથે લડી લેતાં તમને આવડવું જોઈએ? એવી કઈ વસ્તુઓ છે કે જેને માણસે વશમાં લેવી જોઈએ? જેનો નાશ કરવો જોઈએ?

એવી વસ્તુઓ આ પ્રમાણેની છે. માણસના જીવનને જે કોઈ વસ્તુ હાનિ પહોંચાડતી હોય, માનવની પ્રગતિને જે રોકતી હોય, માનવને જે કોઈ તત્ત્વ નિર્બળ બનાવી દેતું હોય, તેને અધોગતિમાં લઈ જતું હોય, તેને દુ:ખી કરતું હોય, એ સર્વ વસ્તુઓ સાથે આપણે લડી લેવાનું છે.

માણસે નદીઓના તોફાની પ્રવાહો પર પૂલ બાંધી લેવા જોઈએ, કિનારા ભાંગી ઊભરાઈ જતી નદીઓ પર બંધ બાંધવા જોઈએ, અને એ રીતે પાણીનાં પૂરને વશ કરી લેવાં જોઈએ.

માણસે એવાં તો મજબૂત જહાજ બાંધવા જોઈએ કે જે તોફાની પવનો સામે અને ઊછળતાં મોજાં સામે ટક્કર લઈ શકે.

માણસે ભેજવાળી જમીનોમાંથી તેમાંના પ્રાણહારક પાણી હઠાવી લઈ જમીનને સૂકી બનાવી દેવી જોઈએ, અને એ પાણીના ભેજમાં છુપાઈ રહેલા તાવ રૂપી રાક્ષસનો સમૂળો નાશ કરી દેવો જોઈએ.

જ્યાં જ્યાં જંગલી જાનવરો માણસના જાનમાલને હાનિ પહોંચાડતાં હોય ત્યાં તેમને જેર કરવાં જોઈએ.

એકએક સ્થળેથી રોગની આપત્તિને હાંકી કાઢી શકે એવા કાબેલ ડૉકટરો આપણે તૈયાર કરવા જોઈએ.

આપણે ગરીબાઈને નાબૂદ કરવા પ્રચંડ પ્રયત્નો કરવા જોઈએ. ગરીબાઈમાંથી ભૂખ જન્મે છે. એ ભૂખના માર્યાં, રોટીનો એક ટુકડો પણ ન મળતાં બાળકો જ્યારે ટળવળે છે ત્યારે કેટલીયે માતાઓની આંખોમાંથી આંસુના ઝરા વહે છે, એ દરિદ્રના જગતમાંથી જવી જ જોઈએ.

જગતમાંથી દુષ્ટતા, ઈર્ષા, અન્યાય–હરેકના જીવનને દુ:ખમય કરી નાખતી આ સર્વ વસ્તુઓને આપણે મિટાવી દેવાની છે.

* * *

અને કહો, આથી ઊલટી, એવી કઈ વસ્તુઓ છે જેના ઉપર આપણે પ્રેમ ધરાવવો જોઈએ, જેમનું રક્ષણ કરવું જોઈએ? જગતમાં જે કોઈ ચીજ માનવને જીવન આપનારી છે, અને માનવના જીવનને ઉન્નત કરનારી છે, માનવને અધિક બળવાન અને અધિક આનંદમય કરનારી છે તે સર્વ પર આપણે પ્રેમ રાખવાનો છે, તે સર્વનું રક્ષણ કરવાનું છે.

આપણે આ જગતમાં જન્મ લેતા હરેક બાળકની સંભાળ લેવાની છે અને તેના અમૂલ્ય જીવનની રક્ષા કરવાની છે.

આપણે આપણાં વનસ્પતિ મિત્રોની રક્ષા કરવાની છે. આપણા પોષણ માટે, આનંદ માટે આપણે પુષ્પો, વૃક્ષો ઇ. ઉગાડવાનાં છે.

આપણને રહેવા માટે આપણે મજબૂત, વિશાળ, આરોગ્યવાળાં મકાનો બનાવવાનાં છે.

આપણે ખૂબ કાળજીપૂર્વક પવિત્ર મંદિરો, મૂર્તિઓ, ચિત્રો, વાસણો, ભરતગૂંથણીની વસ્તુઓનું સંરક્ષણ કરવાનું છે. સુંદર કાવ્યો, સુંદર ગીતો સાચવવાનાં છે, જીવનમાં

જે કોઈ ચીજ પોતાની સુન્દરતા દ્વારા માનવના સુખમાં વૃદ્ધિ કરી આપે છે તે સર્વને આપણે રક્ષવાનાં છે.

અને સૌથીયે વિશેષ તો, ભારતનાં તેમ જ અન્ય દેશોનાં ઓ બાળકો, આપણે ખાસ તો જે હૃદયમાં પ્રેમની શકિત છે, જે બુદ્ધિમાં સત્ય વિચારની શકિત છે, જે હસ્તમાં ન્યાય અને સત્યનાં કર્મ કરવાની શકિત છે તે સર્વનું રક્ષણ કરવાનું છે.

# સમભાવ

વ્યથા અને વિષાદનું મિલન ક્યારે થાય છે?

જ્યારે એક હૃદયને એવી લાગણી થતી હોય અને એની સાથે આપણું હૃદય પણ એનો અનુભવ કરતું હોય ત્યારે.

દુર્યોધન એક પ્રખ્યાત યોદ્ધો હતો. જ્યારે એ કુરુક્ષેત્રના મેદાનમાં હણાયો અને જમીન ઉપર પડી મોતને શરણ થયો ત્યારે એના મિત્રો ઉપર એટલું બધું દુ:ખ તૂટી પડ્યું કે સમસ્ત પ્રકૃતિમાં ગરબડ મચી ગઈ હોય એમ લાગ્યું. અનેક હાથ અને અનેક પગવાળાં પણ મસ્તક વિનાનાં ધડ પૃથ્વી ઉપર ભયંકર પ્રકારના નાચ નાચવા લાગ્યાં. સરોવરો અને કુવાઓનાં પાણી લોહીમાં બદલાઈ ગયાં. નદીઓ તેમની સ્વાભાવિક દિશાઓમાં વહેવાને બદલે ઊલટી દિશામાં તેમનાં મૂળ તરફ વહેવા લાગી. સ્ત્રીઓ પુરુષ જેવી દેખાવા લાગી અને પુરુષો સ્ત્રી સરખા જણાવા લાગ્યા.

અહીં, કવિ આપણને એ વસ્તુ શીખવાડે છે કે કોઈ એક વ્યક્તિને વ્યથા વેઠવી પડે છે ત્યારે એની અસર ઘણાં ઘણાં મનુષ્યોમાં ફેલાય છે. આપણે અત્યારે જે વાત સાંભળી, એમાં મરનાર રાજા અને હજારોની સંખ્યામાં જીવતાં એવાં પ્રાણીઓ વચ્ચે સમભાવની લાગણી હતી.

ત્યારે શું આ સમભાવની લાગણી કેવળ વ્યથાના પ્રસંગે જ દેખા દે છે? ના, એ તો સુખના અને દુ:ખના બન્ને પ્રસંગોમાં પ્રગટ થાય છે.

આ વિષય ઉપર હું તમને નાન્દિયા નામના એક હરણની વાત કહું છું તે સાંભળો. એ હરણ, સુખશાંતિના કાળમાં તેમજ અંધકાર અને ભયના પ્રસંગે પણ પોતાનાં માતા-પિતા સાથે સારી રીતે વર્તતો હતો.

હવે, આ નાન્દિયા નામનો હરણ જે જંગલમાં પોતાનાં માતાપિતા સાથે સુખ અને પરસ્પરના પ્રેમભાવ સાથે વસતો હતો, ત્યાં કોશલ દેશનો રાજા ઘણીવાર શિકાર કરવા જતો હતો. જ્યારે જ્યારે એ રાજા શિકારે નિકળતો ત્યારે એ પોતાના પ્રદેશમાં લાંબે સુધી ઘોડા ઉપર સવાર થઈને જતો અને કોશલ દેશના રહેવાસીઓને તેના ચાકરો અને સેવકો તરીકે તેની પાછળ પાછળ અનુસરવું પડતું હતું. આવી રીતે, ઘણાં લોકોને તેમનાં કામ પડતાં મૂકવાં પડતાં અને એ રીતે તેમને નુકસાન થતું એટલે તેઓ બડબડાટ પણ કરતા.

પરિણામે, એ લોકોએ વાડ અને દરવાજાવાળું એવું એક મોટું ઉપવન બનાવ્યું કે જેની વચમાં એક તળાવ પણ હતું. પછી એ લોકો એ હરણોને હાંકી કાઢવા જંગલોમાં ગયાં. એમનો આશય એ હતો કે એમ થવાથી રાજાને શિકાર કરવા માટે જોઈએ તેટલા પ્રાણીઓ સરળતાથી મળી રહે અને એને એટલી બધી સંખ્યામાં ચાકરોની જરૂર ન પડે.

આ સમયે નાન્દિયા તેનાં માતાપિતા સાથે એક નાની ઝાડીમાં ચરતો હતો. એણે પેલા લાઠીધારી માણસોને આવતા જોયા. એણે એનાં માબાપને કહ્યું, "તમે અહીં રહો, હું એ લોકોને મળવા જઉં છું."

અને નાન્દિયા જંગલમાંથી એકલો બહાર આવ્યો. એ લોકોએ એને પકડી લીધો અને એમ માની લીધું કે એ ઝાડીમાં બીજાં કોઈ હરણો નથી અને આગળ ચાલ્યા.

આવી રીતે પેલાં ઝાડીમાં રહી ગયેલા બે ઘરડાં હરણો સિવાયનાં બીજાં બધાં હરણોને પેલા ઉપવનમાં એકઠાં કરવામાં આવ્યાં. રાજા ખુશી થયો. અવારનવાર એ પેલાં ઉદ્યાનમાં જતો અને હરણોના ટોળામાંથી પોતાના તીર-કામઠાં વડે જોઈએ તેટલાં પ્રાણીઓનો શિકાર કરતો. જો કે આવી રીતે નાન્દિયાનો વારો આવે તે પહેલાં ઘણો લાંબો સમય વ્યતીત થઈ ગયો.

પણ જ્યારે એનો વારો આવ્યો, ત્યારે એ જરાયે હાલ્યાચાલ્યા વિના રાજાની સામે ઊભો રહ્યો, એણે નાસી જવાનો કોઈ પ્રયત્ન કર્યો નહિ.

હરણની આ અસાધારણ પ્રકારની રીતભાતની રાજા ઉપર એટલી બધી અસર થઈ કે એનાથી તીર મરાયું નહિ. પોતાનું ધનુષ્ય હેઠું રાખીને એ રાહ જોઈ રહ્યો.

નાન્દિયાએ કહ્યું, "હે રાજા, ચલાવો તમારું બાણ."

"હે હરણ, મારાથી એ નહિ બની શકે. તારામાં કોઈ વિશેષ યોગ્યતા છે. હું તને જીવનદાન આપું છું."

"તો હે રાજા, તું આ ઉપવનમાં રહેતાં બીજાં હરણોને પણ સ્વાતંત્ર્ય નહિ બક્ષે?

"હું એમ કરીશ."

"અને હે રાજા, શું તું હવામાં ઊડનાં પક્ષીઓ અને પાણીમાંની માછલીઓ ઉપર તારો અનુગ્રહ નહિ બતાવે?

"એમ જ થશે."

પૂરાતન કાળની આ વાતમાં એમ કહેવામાં આવ્યું છે કે આ હરણ પોતે બુદ્ધ ભગવાન હતા. તેમણે રાજા સાથે વાતચીત કરીને તેને સર્વ જીવંત વસ્તુઓ પ્રત્યે

દયાભાવ રાખવાનો નિયમ ભણાવ્યો. અને પછીથી એ રાજાએ આખા રાજ્યમાં દાંડી પીટાવી જાહેર કર્યું કે સર્વે હરણો, પક્ષીઓ અને માછલાંઓને રાજાએ રક્ષણ આપ્યું છે.

તમે એ વાતમાં તરત સંમત થશો કે પોતાનાં માતાપિતાનું, નાન્દિયાએ રક્ષણ કર્યું એ એક સારું કામ હતું, એવી જ રીતે પોતાનાં ભાઈઓ અને બહેનોને સહાય પહોંચાડવી એ પણ સારું કામ છે. પણ હવે હું જે વાત તમને કહીશ તેમાં એવું આવે છે કે એક મોટા મનવાળા આરબે, એક માણસ જે પોતાનો ભાઈ ન હતો તેને પણ પોતાના ભાઈ તરીકે ઓળખાવ્યો હતો.

એક વખત, એક રણમાં થઈને એક વણઝાર પસાર થતી હતી ત્યારે એ લોકો પાસેનું પાણી ખૂટી પડ્યું, એટલે પછી એ આરબ મુસાફરોને, સૌને સરખા ભાગે પાણી મળી રહે તેટલા સારું માપી માપીને પાણી આપવાની જરૂરિયાત ઊભી થઈ.

એ લોકોએ પાણી માપવા માટે યુક્તિ કરી. એક પ્યાલામાં એક પથ્થર નાખી મૂકયો. એમાં બીજા પ્યાલામાંથી પાણી રેડે અને એ પથ્થર ઢંકાઈ જાય એટલું પાણી દરેકને ભાગે આવે છે એમ ગણવામાં આવતું.

એ વણઝારના મુખ્ય માણસોને જ પાણીનો ભાગ મળતો હતો !

આવી રીતે જ્યારે પહેલી વાર પાણીની વહેંચણી થઈ અને કબઈબ્ન–મામા જ્યારે પોતાનો પ્યાલો મોઢે માંડવા જતો હતો ત્યારે એણે જોયું કે નામિર જાતિનો એક માણસ તેના તરફ આશાભરી નજરે જોઈ રહ્યો હતો. એટલે કબે પોતાને પાણી વહેંચનારનું ધ્યાન નામિર તરફ દોરીને કહ્યું, "મારા ભાગનું પાણી આ ભાઈને આપો."

એ માણસ આતુરતાપૂર્વક પાણી પી ગયો. કબ પોતે પાણી વિના રહ્યો.

બીજે દિવસે ફરીથી પાણી વહેંચવાનો સમય થયો. ફરીથી પેલો કબ તરફ લાલચુ નજરે જોઈ રહ્યો. અને ફરીથી કબે એ માણસને "ભાઈ" કહીને પોતાનો પ્યાલો આપી દીધો.

પરંતુ જ્યારે વણઝાર ઉપડવાની તૈયારી થઈ ત્યારે, કબમાં પોતાના ઊંટ ઉપર ચઢી શકવાની તાકાત નહોતી.

એ રેતી ઉપર લાંબો થઈને પડી રહ્યો.

વણઝારના બીજા માણસો રોકાઈ શકે તેમ ન હતું કારણ કે એમાં તો બધા જ તરસે મરી જાય તેવો ભય હતો. એટલે એ લોકોએ શિકારી પશુઓથી બચાવવા, કબ ઉપર એક કામળો ઓઢાડીને એને મરણને શરણે છોડી દીધો.

*
* *

આમાં તમારા ધ્યાનમાં આવ્યું હશે કે કોઈ પણ મનુષ્યને દુ:ખ થાય છે ત્યારે એની લાગણીનો તરત જ એના પાડોશીને અનુભવ થાય છે. જ્યારે દુર્યોધન પડયો, ત્યારે પ્રકૃતિને તરત જ વેદનાની લાગણી થઈ. જ્યારે પોતાનાં માતાપિતા ઉપર ભય આવી પડયો ત્યારે નાન્દિયા એમને બચાવવા બહાર ગયો. જ્યારે પેલા નામિર જાતિના તરસ્યા માણસે, કબ ઉપર પોતાની આર્તદૃષ્ટિ નાખી ત્યારે એ ઉમદા સ્વભાવવાળા આરબ મુખીએ તરત જ એને પોતાનું પાણી આપી દીધું

એક વિષાદની પાછળ બીજો વિષાદ અને એક સુખની પાછળ બીજું સુખ તરત જ આવે છે, જ્યારે સમભાવ એક એવી વસ્તુ છે કે જેને આવતાં વાર લાગે છે અને આપણે એને ખાસ કિંમતી ગણતા નથી.

ફિરદોસી નામના એક પ્રખ્યાત કવિએ પર્શિઆના રાજાઓનો ઇતિહાસ લખીને સુલતાન મહમ્મદ પાસે ગાઈ સંભળાવ્યો. એ સાંભળીને રાજા મુગ્ધ બની ગયો અને કેટલાક વખત સુધી તો કવિનું બહુ આદરમાન કરતો રહ્યો. શાહનામા નામનું કાવ્ય લખવામાં એ કવિને ત્રીસ વર્ષો લાગ્યાં હતાં અને એ કાવ્ય જ્યારે પરિપૂર્ણ કરવામાં આવે ત્યારે કવિને સાઠ હજાર સોના મહોરો આપવાનું એ રાજાએ વચન આપ્યું હતું.

પરંતુ એ સુલતાનના વઝીરને ફિરદોસી પ્રત્યે અણગમો હતો. એણે પોતાના માલિકને ગળે એ વાત ઊતારી દીધી કે રાજ્યની તિજોરીનું તળીયું સાવ નીચે બેસી ગયેલું હતું અને કવિને તો સોનાને બદલે ચાંદીના સિક્કા આપવા એ જ વધુ ડહાપણભર્યું હતું. મહમ્મદને આ સલાહ ગળે ઊતરી ગઈ અને એણે કવિને સાઠ હજાર ચાંદીના સિક્કાઓ ભરેલી થોડીક થેલીઓ મોકલી આપી.

જ્યારે એ થેલીઓ આવી ત્યારે ફિરદોસી હમામખાનામાં હતો. એને પોતાના સુલતાનની ધનલાલસા જાણીને એટલો બધો ગુસ્સો આવ્યો કે એને થયું કે એ ભેટ પોતે લેવી જ નહિ. એટલે જે દૂત એ ધન લઈ આવ્યો હતો તેને એણે એમાંથી વીસ હજાર સિક્કા આપ્યા, વીસ હજાર સિક્કા એ હમામખાનાના માલિકને આપ્યા, અને બાકી રહેલા વીસ હજાર એણે ત્યાં સંજોગવશાત્ હાજર રહેલા તે શરાબ વેચનારને આપી દીધા.

મહમ્મદને આ અપમાનની જાણ થઈ એટલે એણે હુકમ કર્યો કે, કવિને હાથીઓના પગ નીચે ચગદાવીને મારી નાખવો. ફિરદોસીને કોઈએ ચેતવી દીધા એટલે એ તરત જ એક દૂરના શહેરમાં ભાગી ગયા. આખરે એ પોતાના જન્મસ્થળ તૂસ નામના ગામમાં ઠરીઠામ થયા.

થોડાક જ વખતમાં સુલતાનને ફિરદોસી પ્રત્યેના પોતાના હલકટ વર્તાવ બદલ ખેદ ઉપજ્યો અને એને થયું કે ગમે તેમ કરીને પણ કવિનો આદર ફરીથી પ્રાપ્ત કરવો.

એટલે એણે કવિને માટે ઘણી બધી ભેટ સોગાદો લઈને એક દૂતને તૂસ ગામ રવાના કર્યો : સાઠ હજાર સોના મહોરો અને રેશમ, કિનખાબ અને મખમલ વગેરે મોકલ્યાં.

પણ અરે, એ ભેટો બહુ મોડી પહોંચી હતી.

જ્યારે રાજાનો દૂત એ શહેરના એક દરવાજાથી મહમ્મદે મોકલેલી ભેટ સોગાદોથી લાદેલાં ઊંટોને લઈને પેસી રહ્યો હતો, બરાબર એ જ વખતે બીજા દરવાજેથી કવિના અવશેષ લઈને એક ઠાઠડી, મૃત માનવીઓના છેવટના આરામગાહ તરફ લઈ જવાઈ રહી હતી.

*
* *

ચીનના લોકો કહેતા, "આપણો રાજા ન્યાયી મનુષ્ય છે કારણ કે એના કાન હમેશાં ગરીબોની ફરિયાદો સાંભળવાને પણ તૈયાર હોય છે."

પણ એક દિવસ એવો આવ્યો કે એ કાન જ સાંભળતા બંધ થયા. રાજા અચાનક બહેરો થઈ ગયો. એ હવે પક્ષીઓનાં ગીતો, પવનનો મર્મર ધ્વનિ કે મનુષ્યનો અવાજ, કાંઈ જ સાંભળી શકતો ન હતો.

એ રાજા રડવા લાગ્યો. ત્યારે ત્યાં જે ઉમરાવો અને અધિકારીઓ હતા તેમણે નિશાનીઓ વડે અને શબ્દ લખી વંચાવીને તેને આશ્વાસન આપ્યું અને આટલો બધો શોક ન કરવાની વિનંતીઓ કરવા માંડી.

ત્યારે એ રાજાએ એમને કહ્યું "તમે એમ ન માનશો કે આ ખોડને કારણે મને કોઈ દિલગીરી થાય છે કે કોઈ જાતની ચિંતા રહે છે. મને તો દુઃખ એટલા માટે થાય છે કે હવે હું આપદ્ગ્રસ્ત લોકોની અરજીઓ સાંભળી નહિ શકું."

થોડીક વાર તો સભામાં ચૂપકીદી ફેલાઈ ગઈ, કારણ કે આવા રાજાને આશ્વાસન કઈ રીતે આપવું તેની કોઈને સમજ પડી નહિ.

અચાનક એ રાજા બોલ્યો, "આહ, મને એક ઉપાય જડી આવ્યો છે. એવું ફરમાન કાઢો કે જે લોકોને મારી સહાયની જરૂર હોય તેમના સિવાય હવેથી કોઈ લોકોએ લાલ કપડાં પહેરવાં નહિ. એટલે, જ્યારે જ્યારે હું કોઈ પુરુષ કે સ્ત્રીને લાલ કપડામાં જોઈશ ત્યારે હું સમજીશ કે એમની દ્વારા મને અમુક વિનંતિ કરવામાં આવી રહી છે, મારા બહેરા કાન એને સાંભળી શકશે અને હું એ કમનસીબ મનુષ્યોને સહાય પહોં-ચાડવાની તજવીજ કરીશ."

એ દયાળુ રાજાએ પોતે બહેરો થયો એટલે એણે પોતાનું કામ બંધ કરી દીધું નહિ. એણે તરત જ ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને ખોળી કાઢવાનો માર્ગ શોધી કાઢયો-

એણે એવા લોકોની શોધ આદરી, કારણ કે જે લોકો દરિયાવદીલ હોય છે તેઓ એમની પાસે કોઈ દુ:ખની વાત લઈ આવે તેની રાહ જોતાં નથી, એ લોકો તો એમને શોધી કાઢવા પ્રયત્નશીલ રહે છે.

*
* *

કેટલાક હિંદુઓએ મળીને સારાં કાર્યો કરવા માટે દેવ સમાજ નામના એક સંઘની રચના કરી હતી. એમના એક માસિક પત્રના અંકમાં આવી કેટલીક વસ્તુઓનાં વૃત્તાંત છાપ્યાં હતાં :

**પેશાવરથી :** બે સન્નારીઓએ, સ્ત્રીઓ અને બાળકોને દરરોજ બે કલાક હિંદી ભાષા શીખવાડી હતી. પુરુષોએ બિમાર લોકોની તેમને ઘેર અથવા હૉસ્પિટલમાં શુશ્રૂષા કરી હતી, તેમની ગાયોની સંભાળ રાખી હતી અને રસ્તા ઉપર ફેંકાયેલા ભાંગેલા કાચના ટુકડાઓને ઊઠાવી લીધા હતા.

**મોગાથી :** બે સન્નારીઓએ છોકરીઓને હિંદી શીખવાડ્યું હતું. પુરુષોએ પ્રાણીઓને નિરણ નિર્યાં હતાં અને વૃક્ષો વાવ્યાં હતાં. સમાજના એક સભ્યે એક ગરીબ માણસને કંઈ પણ લીધા વિના પાઠ શીખવાડ્યા હતા.

**ફિરોઝપુરથી :** આઠ સન્નારીઓએ માંદાઓની શુશ્રૂષા કરી હતી. છોકરાઓએ પ્રવાસ ખેડીને ઘરડી અને અપંગ ગાયોને મદદ પહોંચાડી હતી, આંધળા મનુષ્યોને દોર્યા હતા અને વૃક્ષોને પાણી પાયું હતું. બીજા એક સભ્યે રસ્તા ઉપર એક ગાડીના અકસ્માતથી ગંભીરપણે ઘાયલ થઈને પડેલ અજાણ્યા મનુષ્યને હૉસ્પિટલમાં પહોંચતો કર્યો હતો. બીજા એક સભ્યે ગામડાંઓની મુલાકાત લીધી હતી અને ગરીબ અને નીચલા વર્ગના મનુષ્યોને સ્વચ્છ રહેવાનું શિક્ષણ આપ્યું હતું.

**શિયાલકોટથી :** એક વિધવા સ્ત્રીએ, બીજી એક વિધવા સ્ત્રીનો એકમાત્ર પુત્ર ગુજરી જતાં, તેને મળવા જઈને તેને આશ્વાસન આપે તેવી વસ્તુઓ વાંચી સંભળાવી હતી અને સાંત્વનદાયક વાતચીત કરી હતી.

તમે આ બધામાં જોશો કે કેટલાક કિસ્સાઓમાં કરુણાનું સ્થાન અહીં શિક્ષણે લીધું હતું. જે હૃદય બીજાને શીખવાડે છે તે અજ્ઞાન પ્રત્યે કરુણા અનુભવે છે, બીજા એક મનુષ્યને જેને જ્ઞાનની જરૂર છે તેને એ જ્ઞાન આપવા તૈયાર છે. અને ખોરાક–પાણી અને કપડાંની માફક, જ્ઞાન પણ એક એવી ભેટ છે જે એક મનુષ્ય બીજાને આપી શકે છે.

*
* *

ભગવાન રામચંદ્ર શિકાર કરવાના કાર્યમાં જેવા બળવાન અને કુશળ હતા તેવા જ એ શિક્ષણના કાર્યમાં પણ બળવાન અને કુશળ હતા. જ્યારે એ જંગલમાં શિકારની શોધમાં જતા ત્યારે તેઓ પોતાના સાથીદાર તરીકે એક ભાઈને પણ લઈ જતા હતા. જ્યારે તેઓ આરામ કરતા અને ભોજન કરતા ત્યારે તેમનો નાનો ભાઈ તેમની સાથે ભોજન કરવા બેસતો. જ્યારે આ વીર પુરુષ, પોતાના ગુરુને ત્યાં ભણવા માટે ગયા ત્યારે તેમણે, ચારેય વેદોનો અભ્યાસ રમતાં–ગાતાં શીખતા હોય તેવી રીતે કરી લીધો. પોતે આવી રીતે વેદો અને પુરાણોના જ્ઞાન વડે પોતાના મગજને તર કરી લીધું ત્યારે તેમને એ પવિત્ર શબ્દોને પોતાના હૃદયમાં ગુપ્ત રાખવાની ઇચ્છા ન હતી. તેમણે એ બધું પોતાના ભાઈને શીખવાડ્યું.

જેમનામાં સારાપણું હોય છે તેમને જેમ પોતાના જ્ઞાનનો બીજાને લાભ આપવાથી આનંદ થાય છે તેવી જ રીતે સારા સમાચારની વાત પણ બીજાને જણાવવાથી તેમને આનંદ થાય છે: આ સંબંધમાં એક વાત છે તે સાંભળો.

રામચંદ્રજીના ભાઈ ભરતજી ઉમદા સ્વભાવવાળા હતા. રામચંદ્રજી જ્યારે અયોધ્યામાંથી ચૌદ વર્ષ વનવાસ ગયા હતા ત્યારે ભરતજી તેમની વાટ જોતા રહ્યા હતા. સર્વ સૌન્દર્યધારી રામચંદ્રજીને તે સમય દરમ્યાન, જંગલમાં ભટકવું પડ્યું હતું અને યુદ્ધની ભીષણતાઓમાંથી પણ પસાર થવું પડ્યું હતું. પરંતુ ભરતને પોતાના ભાઈના નસીબમાં શાં શાં વિનકો વિત્યાં હતાં તેની જાણ ન હતી. એટલે જ્યારે ચૌદ વર્ષના સમયનો અંત નજીકમાં હતો ત્યારે એમના અંતરમાં પરિતાપ થતો હતો કે કદાચ તેઓને ફરીથી શ્રીરામનું મુખ જોવા નહિ મળે; કારણ કે એમને એમના કોઈ સમાચાર જ મળ્યા ન હતા.

ચૌદ વર્ષ પૂરાં થવાને એક જ દિવસ બાકી હતો.

ભરતજી પોતે પવિત્ર દર્ભાસન ઉપર બેઠા હતા, એમના વાળ ગૂંચવાઈ ગયા હતા, શરીર કૃશ થઈ ગયું હતું, અને તેઓ અંતરમાં નિસાસા નાખતા હતા, "હે રામ, રામ, રઘુપતિ"!

ત્યારે તેમની સમક્ષ વાનરોના રાજા હનુમાનજી આવીને પ્રગટ થયા. એ ઉત્તમ હનુમાનજીએ, વીર પુરુષ રામચંદ્રજીની તેમનાં યુદ્ધોમાં અત્યંત વફાદારીપૂર્વક સેવા કરી હતી. એવા એ હનુમાનજી પોતે શુભ સમાચારના વાહક હતા તે કારણે એટલા બધા આનંદવિભોર બની ગયા હતા કે એમની આંખમાં હર્ષાશ્રુ ઊભરાઈ આવ્યાં હતાં. પોતે ભરતજીના દુ:ખને સુખમાં ફેરવી નાખવા શકિતમાન હતા તેને કારણે તેમના હૃદયમાં જાણે સુખનો સાગર ઊભરાતો હતો. તેઓએ ભરતજીને આ પ્રમાણે કહ્યું: "આપ જેમની રાત્રિ દિવસ ચિંતા કરો છો તેઓ સહીસલામત અને સુખરૂપ પાછાં પધાર્યા છે. પોતાના દુશ્મન ઉપર વિજય પ્રાપ્ત કરીને દેવોનાં સ્તુતિગાન શ્રવણ કરતા તે પ્રભુ પોતે, સીતાજી અને પોતાના ભાઈ સાથે પાછા ફરી રહ્યા છે."

ભરતને પોતાના દુ:ખે વિદાય લીધી હતી તેનો ખ્યાલ પણ રહ્યો નહિ.

"આવા સુખદ સમાચાર લાવનાર આપ કોણ છો?"

"હું વાયુપુત્ર હનુમાન છું. વાનર હોવા છતાં રઘુપતિ રામચંદ્રજીનો સેવક છું."

ભરતજી ઊઠીને હનુમાનજીને ભેટી પડયા. અને પછી હનુમાનજીએ, ભરતને સઘળા વૃત્તાંતની વાત કરી. એક વખતના અત્યંત દુ:ખપૂર્ણ એવા ભરતજીના કૃશ થઈ ગયેલા મુખ ઉપર ફરીથી જીવ આવતો જોઈને, પોતે જે સારા સમાચાર લાવવામાં કારણ રૂપ બન્યા હતા તેથી હનુમાનજીને એટલો બધો આનંદ થયો કે જેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે.

*
* *

માનવ હૃદયમાં કરુણાની લાગણી કેવળ મનુષ્યો પ્રત્યે જ થાય છે? ના, એ તો કોઈ પશુના દુ:ખે પણ દુ:ખી અને તેના સુખે સુખી થાય છે.

એક બાઈ પાસેથી પસાર થતાં, લોકો તેની તરફ તિરસ્કારભરી નજરે જોતા હતા, તેઓ તેને પાપિણી કહેતા હતા.

આ પાપિણીની નજર એક કૂતરા ઉપર પડી. એ કૂતરાને એટલી ભયંકર તરસ લાગી હતી કે તેની જીભ મોંની બહાર નીકળી ગઈ હતી. કદાચ એ મરણ પામ્યો હોત. કોઈ જાતનો ચિત્કાર કર્યા વિના એ ગરીબડું પ્રાણી કોઈ પીવાની વસ્તુ મળે તે માટે પ્રાર્થના કરી રહ્યું હતું.

પેલી પાપિણી સ્ત્રીએ પોતાનો બૂટ કાઢીને પાસેના એક કુવામાં ઊતાર્યો. એ રીતે એણે થોડુંકેક પાણી લાવીને પેલા કૂતરાને પાયું અને એમ એની જીંદગી બચી ગઈ.

લોકોએ એ સ્ત્રી વિષેનો પોતાનો અભિપ્રાય બદલ્યો.

તેઓએ કહ્યું, "પ્રભુએ આ સ્ત્રીને તેના પાપોની માફી આપી છે."

કદાચ એ બાઈ પાપિણી હશે, પરંતુ માનવતા કેમ દાખવવી એ વસ્તુ એ સમજતી હતી.

*
* *

અને આ એક બીજી વાત છે.

એક માણસ એક વાર મહમ્મદ પયગંબર સાહેબ પાસે, એક શેતરંજીના કટકામાં વિંટાળેલાં પંખીઓના માળા સાથેનાં નાનાં નાનાં પક્ષીઓ લઈને આવ્યો.

એણે કહ્યું "માલિક, હું જંગલમાંથી પસાર થતો હતો ત્યારે મને આ પક્ષીઓ મળી આવ્યાં હતાં. પક્ષીઓનાં બચ્ચાંનો ચીં ચીં અવાજ સાંભળીને મેં એક વૃક્ષ ઉપર જોયું તો મને આ માળો મળી આવ્યો."

પયગંબરે કહ્યું, "માળાને જમીન ઉપર મૂક."

અને પછી પક્ષીઓની માતા પોતાની પાંખો ફફડાવતી આવી અને પોતાનાં બચ્ચાં પાછાં મળવાને કારણે બહુ આનંદપૂર્વક એ માળાના એક છેડે જઈને બેઠી.

મહમ્મદે કહ્યું, "આ કુટુંબ તને જયાંથી મળી આવ્યું ત્યાં પાછું મૂકી આવ." અને ઉમેર્યું, "તું તારાં પાળેલાં પશુઓ ઉપર કરુણા દાખવજે. જયારે તેઓ પોતાની મેળે બોજો ઉપાડી શકે તેટલાં બળવાન થાય ત્યારે જ તેમના ઉપર સવારી કરજે. જયારે તેઓ થાકેલાં લાગે ત્યારે નીચે ઊતરી પડજે. તેઓ તરસ્યાં થાય ત્યારે પાણી પીવડાવજે."

ઇસ્લામ ધર્મનાં ઐતિહાસિક પુસ્તકોમાં આમ લખેલું છે: એકવાર જન્નતના ફિરસ્તાઓએ ખુદાને કહ્યું.:

"અય ખુદા, શું આ ખલ્કમાં ખડકો કરતાં પણ સખત એવી કોઈ વસ્તુ છે?"

ખુદાએ કહ્યું, હા, ખડકો કરતાં લોખંડ સખત હોય છે, કારણ કે એના વડે ખડકો તોડી શકાય છે."

"અને લોખંડ કરતાં કોઈ સખત વસ્તુ હોય છે?"

"હા, અગ્નિ, કારણ કે તે લોખંડને પીગળાવી નાખે છે."

"અને અગ્નિ કરતાં વધુ બળવાન શું છે?"

"પાણી, કારણ કે તેનાથી અગ્નિ હોલવાઈ જાય છે."

"અને પાણી કરતાં કોઈ વસ્તુ બળવાન છે?"

"પવન, કારણ કે એના વડે પાણીનાં મોજાં ગતિમાન થાય છે."

"અને એનાથી પણ કોઈ વધુ બળવાન વસ્તુ હોય છે?"

"એવી વસ્તુ તે દરિયાવ દિલ છે, જે ગુપ્તપણે ખેરાત કરે છે, પોતાનો જમણો હાથ શું કરે છે તેની વાત ડાબા હાથને જાણવા દેતો નથી."

આનો અર્થ એમ નથી કે આજના જમાનામાં, સારા બનવા માટે, કેવળ ખેરાત કરવી એ જ મુખ્ય રસ્તો છે. આપણે આપણા પડોશીને આપણા માયાળુ હૃદયથી આપેલી ભેટ દ્વારા પણ મદદ કરી શકીએ છીએ. પરંતુ આ આખી વાતનો અર્થ એટલો

જ છે કે બીજાઓને પ્રેમ અને મિત્રના જીતવા માટે ભેટ સોગાદ આપીને બીજાં કોઈ સાધનો વડે પણ સારાશ દાખવવી એ આ જગતમાં મોટામાં મોટી શક્તિ છે.

બીજાઓને દુ:ખ થવાથી દુ:ખ પેદા થાય છે અને એમને સુખ આપવાથી સુખ મળે છે.

આ રીતે, સમભાવ એ પ્રકૃતિનો ભવ્ય રીતનો સુસ્થાપિત નિયમ છે.

# કુટુંબ

એક મુસાફર મોરોક્કો ગયો હતો ત્યારે એણે જોયેલું કે આખો દિવસ ઘેટાં અને તેમનાં બચ્ચાંઓનાં ટોળાંને જુદા જુદા રાખ્યા બાદ જ્યારે સાંજે તેમના મુકામે એકઠાં કરવામાં આવતાં ત્યારે એ સુંદર પ્રાણીઓ જાણે કાંઈક શોધતાં હોય તેમ તરત જ અહીં ત્યહીં નજર નાખતાં દોડાદોડ કરી મૂકતાં. વાત એમ હતી કે દરેક ઘેટી પોતાના બચ્ચાં માટે અને દરેક બચ્ચું પોતાની મા માટે શોધ કરતું હતું.

એક વાંદરીને નાનાં નાનાં બચ્ચાં હતાં અને તે એમને ખૂબ પ્રેમ કરતી હતી. પરંતુ એનો પ્રેમ તો એક ફુવારા જેવો હતો એટલે એ કેવળ જેનો હોય તેને એકલાને માટે નહિ પણ સૌ કોઈને માટે વહેતો રહેતો હતો. એટલે એ વાંદરી, બીજાં વાંદરાંઓનાં બચ્ચાંને ખોળી કાઢીને તેમની સાથે વહાલ કરતી. એટલું જ નહિ, પણ એ તો કુરકુરિયાં અને બિલાડીનાં બચ્ચાંને પણ જાણે પોતે દત્તક લીધાં હોય તેમ પોતાની આસપાસ લઈને ફરતી. અને જ્યારે એને ખાવાનું મળતું ત્યારે એ પોતાનાં બચ્ચાં અને પોતે દત્તક લીધેલાં બચ્ચાં, બધાને સરખે ભાગે વહેંચી આપતી.

માદા પક્ષી પોતાનાં ઈંડાઓને હૂંફ આપવા માટે તેમની ઉપર બેસી રહે છે અને તેનો નર સાથી તેને માટે અને તેનાં બચ્ચાં માટે ખોરાક શોધવા જાય છે. આફ્રિકાનો ગોરિલા વાનર પોતાના કુટુંબ કબીલા સાથે જાણે કોઈ સાચેસાચ સંયુક્ત કુટુંબ હોય તેમ રહે છે ચિમ્પાન્ઝી વાંદરાઓ પણ એવું જ કરે છે. એમાં જે પિતા હોય છે તે પોતાની સ્ત્રી અને બચ્ચાંને માટે ઝાડમાં એક જેવો તેવો માળો બાંધે અને શિકારીને ચિત્તાઓથી પોતાના કુટુંબનું રક્ષણ કરવા માટે એ રાત્રિએ ચોકી કરે છે.

જો આ રીતે આપણો પ્રાણીસમાજ તેમનાં બાળકો પ્રત્યે મમતા બતાવી શકે છે અને તેમનું રક્ષણ કરી શકે છે તો એમાં કોઈ આશ્ચર્યની વાત નથી કે તદ્દન પ્રાથમિ કદશામાં રહેલા માનવીઓ પણ પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની ટોળીઓ અથવા કુટુંબોનો સમુદાય એકઠો કરીને જીવતા હોય.

મા તેના બાળકને ચાહવાની શરૂઆત કયારથી કરે છે? તેના જીવનની શરૂઆતથી.

બાળક કયારથી તેની માને ચાહવાની શરૂઆત કરે છે? એકીસાથે તો નહિ જ. એણે સૌ પ્રથમ તો લાગણી અનુભવતાં, વિચારતાં અને તેને અનુસરતાં શીખવું પડે છે. પછીથી એ પોતાની માને અને પિતાને પણ ચાહતાં શીખે છે.

અને વાતમાં એવું આવે છે કે એક માસની બાળકીનો પિતા જ્યારે થોડાક દિવસ બહાર જઈને પાછો ફર્યો ત્યારે એ તેને મળવાને દોડી ગઈ, તેના ચહેરાને પંપાળવા અને ચૂમવા લાગી અને પોતાનાં બધાં રમકડાં તેને આપવા લાગી.

મનુષ્યોને ભેટ મળતાં હમેશાં આનંદ થાય છે. આપણે મુસ્લિમોના ઇતિહાસમાં વાંચીએ છીએ કે ખલીફા મામુએ પોતાની સ્ત્રીને એક સોનેરી ગાલીચો આપીને તેની ઉપર એક ઢગલો થાય તેટલાં મોતી ઠાલવેલાં અને જ્યારે તેમની બાંદીઓએ દરેકે તેમાંથી એક એક મોતી લઈ લીધું તો પણ ઝળહળતાં કિંમતી રત્નોનો એક ખાસો જથ્થો બાકી રહ્યો હતો.

અને દરેક માતા પોતાના બાળકને શું આપે છે? સુંદર તંદુરસ્તી, સુગઠિત અવયવો, વાચાશકિત અને સદાચાર પ્રત્યેની પ્રેમભાવના આપે છે.

કારણ કે એક મા, જો પોતાના બાળકની જાળવણી કરવામાં ચૂક કરે છે તો પછી, એ બાળકની તંદુરસ્તીને નુકસાન પહોંચે છે, એના અવયવો વાંકાચૂંકા બને છે, એની જીભ સારા શબ્દો બોલતી નથી અને એ પોતે સારી રીતે વર્તવાનું કે વિચારવાનું શીખતો નથી. એટલે કોઈ સોનેરી ગાલીચો અને ઢગલાબંધ મોતીઓ કરતાં આ બધી બક્ષિસો શું વધુ કિંમતી નથી?

એક માતા પોતાના બાળકને જ્યારે આ રીતની ભેટો આપે છે ત્યારે એને લાગતું હોય છે કે એ પુત્ર કે પુત્રીમાં પોતાનું જીવન છે. અને જેમ એનું બાળક જ્યારે સ્વાસ્થ્યપૂર્ણ હોય ત્યારે એનું હૃદય ખુશીથી ઊભરાઈ જાય છે તેવી જ રીતે જ્યારે એ માંદુ પડે છે કે મરી જાય છે ત્યારે એ દુ:ખપૂર્ણ બની જાય છે. તામિલ ભાષાના એક ગીતમાં મા શું કહે છે તે સાંભળો :

મારા હૃદયમાં વસનાર ગયો ક્યાં નાસીને!
  અરે મારો બાળ, અરે મારો બાળ!
કોણે ચોરી મારી સોનાની મૂર્તિ
  અરે મારો બાળ, અરે મારો બાળ!
મીઠી વાણીએ એ મને કહેતો'તો અમ્મા,
  અરે મારો બાળ, અરે મારો બાળ!
મેં તો દીઠું નથી એવું સુંદર મુખ,
  અરે મારો બાળ, અરે મારો બાળ!
મારા ગોઠણિએ રમતો એ સુંદર રમતો,
  અરે મારો બાળ, અરે મારો બાળ!

એના પિતા એને આનંદે ઊંચકતા,
  અરે મારો બાળ, અરે મારો બાળ!
એને ભાલે હતી સુંદર ભાગ્ય–રેખા,
  અરે મારો બાળ, અરે મારો બાળ!
હશે કીધી કુદૃષ્ટિ જેણે એની પ્રત્યે,
  તેનું ભૂંડું થજો તત્કાળ,
  અરે મારા બાળ, અરે મારા બાળ!
મારા બાળુડા રહે તું મારી સાથ,
  નહિ તો જઈએ આપણે સાથ,
  અરે મારા બાળ, અરે મારા બાળ!
પાછો વળ તું, અરે પાછો આવ,
  મને એકલી છોડીને ના ચાલ,
  અરે મારા બાળ, અરે મારા બાળ!

એક ઉત્તમ પિતાનું હૃદય પણ હંમેશા તેના બાળકના જીવનમાં જીવે છે અને એના મૃત્યુથી એને ઘા લાગે છે.

જ્યારે મહમ્મદે પોતાનો નાનો દિકરો ઈબ્રાહિમ ગુમાવ્યો ત્યારે એમને કેટલી બધી દારૂણ વેદના વેઠવી પડી હતી! પુરાતન કાળનાં પુસ્તકોમાં કહેલું છે કે એ બાળક, પંદર કે સોળ મહિનાની ઉંમરે અવસાન પામ્યું હતું.

પરંતુ "હસન અને હુસૈન" નામનું એક ઘણું પ્રખ્યાત નાટક છે, એમાં ઈબ્રાહિમનું પાત્ર મોટી ઉંમરનું છે. એ નાટકમાં એવું આવે છે કે, મોતનો દૂત અઝરાઈલ, મહમ્મદને ઘેર આવ્યો અને તેમના બાળકની માગણી કરી.

ત્યારે ઊંડી નિરાશાની લાગણીથી પયગમ્બરે એને કહ્યું: "હું વિનંતી સાથે કહું છું કે એ બાળક મારી સાથે આવતી કાલ સુધી રહે."

એટલે એ ફિરસ્તાએ થોડીક રાહ જોઈ, અને બરાબર તે જ વખતે એ નાનો બાળક પોતાની મદ્રેસામાં કુરાનમાંથી આ પ્રમાણે વાંચતો સંભળાયો:

"જે દુષ્ટો છે તેમનાથી બચવા માટે હું અલ્લાહને શરણે જાઉં છું. ખલ્કના રહેમતગાર અલ્લાહને નામે, હે આરામમાં વિરામ લઈ રહેલ આત્મા, તું તારા માલિક પાસે આત્મસંતોષપૂર્વક અને બીજાઓને સંતોષ આપતો પાછો ફર; મારા ખિદમતગારોમાંનો એક બની જા અને મારા જન્નતમાં મોજ કર."

જે બાલિકાઓ અને બાળકો તેમના આ પાઠ ભણતાં હતાં તેમના શબ્દો મહમ્મદના કાનને કેટલા બધા મધુર લાગ્યા હતા! હું હવે ઈબ્રાહિમના મૃત્યુના દૃશ્યના બાકીના

ભાગનું વર્ણન નહિ કરું. મારે એટલું જ કહેવાનું છે કે એ વખતે ઈબ્રાહિમની માતા મરિયમ કેવી **તો** પ્રેમપૂર્ણ દૃષ્ટિથી એની સામે જોઈ રહી હતી, એની બેન ફાતિમા કેવા તો પ્રેમપૂર્વક એની સાથે વાત કરતી હતી, પયગમ્બરના પૌત્ર હુસેને કેવી રીતે એ બાળકનું મસ્તક તેના ગોઠણો ઉપર ગોઠવ્યું અને જ્યારે પછી ઈબ્રાહિમે વિદાય લીધી ત્યારે એના પિતાએ કેવું તો રૂદન કર્યું હતું!

*
* *

શું માબાપો, તેમનાં બાળકો તેજસ્વી અને કુશાગ્ર હોય તો જ તેઓ તેમને ચાહે છે? ના, તેમના બાહુઓ તો સૌ બાળકોની આસપાસ વિંટળાયેલા રહે છે.

એક દિવસ હું એક ગામડામાં એક નાનકડા ઘરની ઉદ્યોગશાળામાં ગઈ હતી. ત્યાં જે પિતા હતો તે એક જૂના પગરખાંને તળિયું બેસાડતો હતો. મા રસોડું સાફ કરતી હતી. તેઓએ મારી સાથે વાત કરવા માટે તેમનું કામ બંધ રાખ્યું. તેમણે તેમના દિકરાની વાત કરી. એ બિચારો લગભગ બોબડો હતો. એ શું બોલતો હતો તે હું સમજી શકતી ન હતી. પરંતુ એનાં માબાપ એના અસ્પષ્ટ ઉદ્‌ગારોનો અર્થ સમજી શકતાં હતાં. એ બાળકમાં એટલી બધી ઓછી બુદ્ધિ હતી કે એ પોતે બરાબર ખાઈ કે કપડાં પહેરી શકતો પણ ન હતો. એનાં માબાપને એના ઉપર આખો દિવસ નજર રાખવી પડતી કે જેથી એ પોતે પોતાની જાતને કે પછી બીજાં બાળકોને કોઈ ઈજા ન પહોંચાડી બેસે. અને એ લોકો આ વસ્તુ સાત-આઠ વર્ષથી કરી રહ્યાં હતાં. આટલી બધી મુશ્કેલીઓ વેઠવા છતાં તેઓ એ બાળકને ચાહતાં હતાં.

એક પિતાના, પોતાનાં સર્વે બાળકો પ્રત્યેના પ્રેમ વિષે રામાયણના કવિ આ પ્રમાણે કહે છે :

"એક પિતાને અનેક બાળકો હોય છે અને એ દરેકનો સ્વભાવ અને પ્રકૃતિ અલગ અલગ પ્રકારનાં હોય છે. એક બાળક વિદ્યાર્થી હોય છે, તો બીજો શિક્ષક હોય છે અને ઉપવાસ કરતો હોય છે, બીજો એક તબીબ હોય છે, એક બાળક સૈનિક હોય છે, અથવા કોઈ કારીગર કે સાધુ હોય છે. પિતા એ સૌ પ્રત્યે સરખું મમત્વ અનુભવે છે. બીજો એક બાળક એવો હોય છે જે અભ્યાસ કરવામાં કાચો હોય છે છતાં શબ્દ, વિચાર અને કર્મ વડે પિતા પ્રત્યે ભકિતભાવ ધરાવતો હોય, અને આ બાળક જ એવો હોય છે જેને એ પિતા પોતાના આત્મા રૂપે ચાહે છે."

વહાલસોયી માતાની આંખો, બીજાઓની આંખો કરતાં વધુ ઊંડાણપૂર્વક જોઈ શકે છે. ઘણીવાર બીજાઓને તેના બાળકમાં કાંઈ ન દેખાતું હોય ત્યારે એને તેનામાં કુદરતી બક્ષિસો અને કાર્યકુશળતાનાં દર્શન થાય છે.

આવી રીતે જ શ્રી રામનાં માતા રાણી કૌશલ્યાને પોતાના પુત્રની મહત્તાનાં દર્શન થયાં હતાં. કારણ કે એક દિવસ એ એની સમક્ષ એક જુદી જ વ્યક્તિ બની રહ્યો હતો. ઘડી પહેલાં તો એ એક નાનો બાળક હતો; અને પછી એકદમ અચાનક, દસ હજાર તારાઓ તેના શરીરના એક એક રોમ ઉપર ઝળકી ઊઠયા; સૂર્યો અને ચંદ્રો તેના દેહના અવયવોની આસપાસ પ્રકાશી રહ્યા, અને એની આસપાસ અનેક નદીઓ, સમુદ્રો, ઊંચા પર્વતો અને અનેક પ્રદેશો વિસ્તરી રહ્યા; અને પ્રકૃતિની સર્વે શક્તિઓ આ અદ્ભૂત બાળકમાં એકત્રિત થઈ રહી. પોતાના બે હાથને પ્રાર્થનાપૂર્વક જોડીને એ માતાએ શબ્દ માત્રનો ઉચ્ચાર પણ ન કર્યો. આંખો મીંચીને જ્યાં સુધી રામે ફરીવાર પોતાનું બાળસ્વરૂપ ધારણ ન કર્યું ત્યાં સુધી એ તેને ચરણે પડી રહી.

આપણે જોયું કે પશુઓમાં, માતાપિતાનો પ્રેમ એ એક સરળ અને સ્વાભાવિક પ્રકારનો હોય છે અને તેઓ પોતાના બાળકને તેના છેક જીવનની શરૂઆતથી ચાહે છે; પછી ભલે એ બાળક માંદુ હોય કે તંદુરસ્ત હોય, બુદ્ધિશાળી હોય કે ખોડખાંપણ-વાળું હોય; અને ખાસ કરીને માતાની દૃષ્ટિ વધુ વેધક હોય છે અને બાળકના આત્મામાં રહેલા સારા ગુણોને શોધી કાઢે છે.

મનુષ્યોને માટે, કુટુંબ એ એક અત્યંત કિંમતી વસ્તુ છે. એ જ એનું સાચું રહે-ઠાણનું સ્થાન છે; કારણ કે રહેવા માટેનું સાચું ઘર કાંઈ લાકડાં કે પથ્થરોથી, કેનવાસના તંબૂઓથી કે આરસ જડવાથી રચાતું નથી. કુટુંબનાં નાનાં મોટાં સૌને એકત્રિત કરીને, જેમ એક મરઘી પોતાનાં બચ્ચાંને પોતાની પાંખોના રક્ષણમાં સાચવે છે, તેવી જ રીતે સ્નેહની સાંકળથી બાંધી રાખનાર વસ્તુ તે પ્રેમ જ છે.

*
* *

એક પવિત્ર મુસ્લિમને એવી ટેવ હતી કે પોતાના સાથીઓ સાથે બહાર જતાં પહેલાં માના ચરણોને ચુંબન કરીને જવું.

એક દિવસ એને પોતાના સાથીઓ પાસે પહોંચતાં વાર લાગી એટલે તેઓએ એને મોડા પડવાનું કારણ પૂછ્યું.

એણે કહ્યું, "હું જરા સ્વર્ગના બગીચાઓમાં લહેરથી લટાર મારી રહ્યો હતો; કારણ કે મેં એવું સાંભળ્યું છે કે બેહિશ્તનું સ્થાન માનાં ચરણોની સાવ નજીક હોય છે."

અલ મોસ્તત્રાફ નામની કિતાબમાં લખ્યું છે કે જ્યારે મોઝીઝે ખુદા સાથે વાર્તાલાપ કર્યો ત્યારે તેઓ ૩૫૦૦ શબ્દો બોલ્યા હતા. જ્યારે વાતચીત પૂરી થઈ ત્યારે મોઝીઝે કહ્યું, "હે મારા માલિક, મારે કઈ રીતે વર્તવું તેને માટે એક નિયમ બાંધી આપો."

ખુદાએ કહ્યું, "હું તને ફરમાન કરું છું કે તારે તારી મા પ્રત્યે સલુકાઈથી વર્તવું." તેઓ આ શબ્દો સાત વખત ફરી ફરીને બોલ્યા અને મોઝીઝે કહ્યું કે તે જરૂર તેમને યાદ રાખીને વર્તશે.

ત્યારે ખુદાએ ઉમેર્યું "હા, મોઝીઝ, જ્યારે તારી માતા તારાથી ખુશ હશે ત્યારે હું પણ ખુશી હોઈશ અને જ્યારે તે ગુસ્સે થશે ત્યારે હું પણ ગુસ્સે થઈશ."

માતાપિતા, બાળક પ્રત્યેનો પ્રેમ સુંદર શબ્દો વડે વ્યક્ત કરે છે.

એક આરબ સ્ત્રી તેના બાળકને પંપાળીને વહાલ કરતી જતી હતી અને કહેતી હતી. "હું તને એક કંજૂસ તેના ધનને ચાહે તેમ ચાહું છું."

પરંતુ જો માતાપિતાનો પ્રેમ બાળક પ્રત્યે વહેતો હોય તો શું બાળકનો પ્રેમ તેનાં માતાપિતા પ્રત્યે ન વહે?

આપણે શું પ્રેમનો બદલો પ્રેમથી ન વાળવો જોઈએ?

આખી દુનિયામાં એવા અગણિત પુત્રો અને પુત્રીઓ છે જેઓ પોતાનો સ્નેહ પોતાનાં મધુર માતાપિતા ઉપર ઢોળે છે. બાળકોએ પોતાનાં માતાપિતા પ્રત્યે જે જે પ્રકારે વહાલ દર્શાવ્યાં છે. તેની વાત કરવી હોય તો આખા ભારતના કવિઓએ લખેલાં બધા જ પુસ્તકોને ભેગાં કરીએ તેના કરતાં પણ દળદાર પુસ્તક થાય.

હું તમને અહીં એ અસંખ્ય દાખલાઓમાંનો એક જ આપું છું. એ વાત જુના કાળના ગ્રીસ દેશની છે.

વૃદ્ધ રાજા ઈડિપસ આંધળો થયો હતો. એણે દેવોને દુભવ્યા હતા અને એ એક ગામથી બીજે ગામ, એક શહેરથી બીજે શહેર ભટકતા મુસાફરની જીંદગી ગાળી રહ્યો હતો. સારા લોકો તેને ભોજન અને આશ્રય આપતા પણ કોઈ તેને એની દૃષ્ટિ પાછી આપી શકે તેમ હતું નહિ. અને તો પછી એને કોણ એક ઠેકાણેથી બીજે ઠેકાણે દોરી જાય? એની પુત્રી એન્ટીગૉન સિવાય એ કામ બીજું કોણ કરત? એની એ પુત્રી જ એને રસ્તા ઉપર દોરીને તેને પગલાં મંડાવતી હતી. જ્યારે કોઈ અજાણ્યા માણસો મળતા ત્યારે એ પુત્રી જ એને માટે દયાની ભીખ માગતી. એ પુત્રી જ એના સંદેશા લઈ જતી. એક ક્ષણ માટે પણ એન્ટીગૉન પોતાથી દૂર જતી ત્યારે વૃદ્ધ ઈડિપસ દુ:ખી થઈ જતો. જ્યારે એ પાછી આવતી ત્યારે એ ખુશખુશાલ થઈ ઊઠતો. અને જ્યારે એ ફરીથી એના હાથનો સ્પર્શ કરતી ત્યારે એ કહેતો "મારે માટે જે કાંઈ કિંમતી છે તે બધું મારી પાસે છે. હું આવી અવસ્થામાં છું ત્યારે જો મોત પણ મારી પાસે આવે તો મને કોઈ દુ:ખ નહિ થાય."

છેવટે દેવોની એના પ્રત્યે મીઠી દૃષ્ટિ થઈ. એને લાગ્યું કે તેને માટે આ દુનિયામાંથી વિદાય લેવાની ઘડી આવી પહોંચી છે. પણ પોતે તેજોમય પુરુષોના ધામમાં જનાર છે. પોતે આંધળો હતો છતાં પોતાની જાતે જ એ રસ્તો કાપીને એક ઊંચા ખડકોથી વિંટળાયેલી તળેટી તરફ ચાલીને ગયો. ત્યાં એણે સ્નાન કર્યું અને સારાં વસ્ત્રો ધારણ કર્યાં. પછી એક વિજળીની ગર્જના સંભળાઈ. અને એ વૃદ્ધ ઈડીપસ અદૃશ્ય થઈ ગયો. એ દેવોમાં પાછો ભળી ગયો હતો. એના જવાથી એન્ટીગૉન રડી પડી, "અરે, દુ:ખમાં પણ હું એમની સાથે સુખી હતી. જે કાંઈ વિરૂપ હતું તે પણ તેઓ જ્યારે મારી સાથે હતા ત્યારે સુંદર બની રહેતું."

એ રાજા ખરેખર દુ:ખમાં જીવતો હતો; પરંતુ જો એને પોતાની પુત્રીના સ્નેહની હૂંફ ન હોત તો એનું જીવન કેટલું બધું વેદનાગ્રસ્ત હોત!

*
* *

આપણે માતાપિતાના, તેમના બાળકો પ્રત્યેના અને બાળકોના, તેમનાં માબાપ પ્રત્યેના પ્રેમની વાત કરી. જો તમને કોઈ પૂછે કે કુટુંબ એટલે કોણ કોણ હોય, તો તમે શું જવાબ આપો?

મેં થોડાક દિવસ પહેલાં એક બાળકને આ વાત પૂછી ત્યારે તેણે કહ્યું, "બે." એનો કહેવાનો ભાવાર્થ એ હતો કે પતિ અને પત્નિ મળીને કુટુંબ થાય.

મેં બીજા બાળકને પૂછ્યું, ત્યારે એણે કહ્યું, "ત્રણ," એના વિચારમાં મા, બાપ અને બાળક એમ ત્રણ જણ હતાં.

પરંતુ આપણે જોઈ શકીએ છીએ કે ઘણીવાર એક કુટુંબમાં આ ત્રણ જણ કરતાં બીજાં ઘણાં માણસો હોય છે. દાખલા તરીકે, ધારો કે એમાં ચાર વ્યકિતઓ હોય; માતા, પિતા અને બે બાળકો. તો પછી એક નવો ખ્યાલ, નવું મમત્વ, ભાઈ અને બેનનો સ્નેહ આ લીલામાં જોડાય છે. આમાં આપણે બાળકોની માફક માતા–પિતા પ્રત્યે ઊંચે નજર નાખતા નથી તેમ માતા પિતા, પોતાના બાળક પ્રત્યે નાખે તેવી નીચેની બાજુની દૃષ્ટિ રાખતા નથી. આપણે એક એવા મિત્ર સાથે જોડાઈએ છીએ જે આપણી સમાન ભૂમિકા ઉપર હોય છે, જે કાંઈક અંશે આપણા સરખા–સરખીનો હોય છે, અથવા લગભગ ઉંમરમાં સરખો હોય છે. અને ભ્રાતૃભાવવાળો પ્રેમ, એ કુટુંબની સમૃદ્ધિમાં એક નવો રંગ ઉમેરે છે.

*
* *

જ્યારે રામચંદ્રજીએ તેમનાં વધુ, કમલનયની સીતાજી સાથે અયોધ્યામાં પુન:પ્રવેશ કર્યો ત્યારે તેમના ભાઈ લક્ષ્મણે પણ આનંદમાં ભાગ લીધો. આનંદ–પ્રમોદ માટે

શામિયાના બાંધવામાં આવ્યા હતા; રસ્તાઓની બાજુએ આંબા, સોપારી અને કેળનાં વૃક્ષો વાવ્યાં હતાં; બજારોમાં પુષ્પો અને પડદાઓની શોભા કરવામાં આવી હતી. ધજાઓ ફરફરતી હતી, ઢોલનગારાંનાં નાદ સંભળાતા હતા, અનેક પ્રકારનાં વાજિંત્રો મધુર સંગીત સંભળાવતાં હતાં, લોકો આનંદવિભોર બનીને, "રામ, રામ" એવો નાદ કરતા હતા અને રામના હૃદયમાં આનંદ હતો,

અને લક્ષ્મણનું પણ તેમ જ હતું, એ પણ પોતાના ભાઈના આનંદમાં ભાગ લેતા હતા.

પછી એક એવો દિવસ આવ્યો જ્યારે જીવનનું આકાશ વાદળોથી છવાઈ ગયું અને કોઈ સંગીતનો ધ્વનિ સંભળાતો ન હતો. અયોધ્યાના વૃદ્ધ રાજાએ પોતાના ભયંકર ફરમાનને જાહેર કર્યું હતું કે, રામે ચૌદ વર્ષ માટે દેશવટો લેવો.

જ્યારે લક્ષ્મણે આ હૃદયવિદારક ફરમાન સાંભળ્યું ત્યારે તેમનો દેહ વેદનાથી ધ્રૂજી ઊઠયો; એમની આંખો, આંસુઓથી ભરાઈ આવી. એ દોડીને રામની પાસે ગયા, તેમના ચરણ ચૂમવા લાગ્યા અને ઘડીકવાર તો એક શબ્દ પણ તેઓ બોલી શકયા નહિ.

પછી નરોત્તમ રામે કહ્યું, "ભાઈ, તું તારા આત્માને દુ:ખ ન આપીશ. અંતે સૌ સારાં વાનાં થશે. તું મારી સાથે આવી શકીશ નહિ. તારે અયોધ્યામાં રહીને પિતાની અને પ્રજાની સેવા કરવી જોઈએ."

લક્ષ્મણે ઉત્તર આપ્યો, "ના, ના, મારા વડીલ બંધુ, એમ નહિ બની શકે. હું કેવળ તમારી જ ભકિત કરું છું. હું મારા હૃદયપૂર્વક છડેચોક જાહેર કરું છું કે જ્યાં તમે જશો ત્યાં હું પણ આવીશ."

પછી રામ, પોતાના ભાઈને ઊંચકીને છાતીએ વળગાડી ભેટયા અને કહ્યું, "જાઓ, જઈને તમારાં માતાજીની વિદાય લઈ આવો, અને પછી મારી સાથે જંગલમાં દેશવટે જવા ચાલો."

અને લક્ષ્મણને બહુ સુખ થયું.

ભાઈઓ અને બહેનો એક બીજાનું રક્ષણ કરે છે.

જ્યારે ભાઈબીજનો તહેવાર આવે છે, ત્યારે હિંદુ કુટુંબની બેનો પોતાના ભાઈઓના કપાળે સુખડ ચંદનની આડ કરે છે, તેમને મિઠાઈ ખવડાવે છે અને તેમનાથી બને તો ઉપરણાની ભેટ આપે છે. આ રીતે તેઓ પોતાના ભાઈ તરફ યમરાજ, મૃત્યુના દેવના આગમનને અટકાવવાની આશા રાખે છે. અને તેઓ ગાય છે:

મારા વીરાને ભાલે મેં તો કરી છે રે આડ,<br>
યમના મંદિરેથી નીચે સરી પડયાં છે રે બાણ.

આમાં સુખડ નહિ પણ પ્રેમ જ રક્ષણ અને આશિષ આપે છે, બેનનો ભાઈ પ્રત્યેનો પ્રેમ અને ભાઈનો બેન પ્રત્યેનો પ્રેમ એ જ ખરો આડબંધ હોય છે.

* * *

પરંતુ આપણે કુટુંબના વર્તુળનો વિસ્તાર કરી શકીએ છીએ અને એમાં વહાલાં દાદા–દાદીઓ, કાકા–કાકીઓ અને પિતરાઈઓને પણ સ્થાન આપી શકીએ છીએ.

આપણે એથી પણ વધુ વિસ્તાર કરી શકીએ છીએ.

હું એમાં જે પુરુષો અને સ્ત્રીઓ આપણા કુટુંબ સાથે લોહીની સગાઈવાળાં ન હોય છતાં ધોવા, સાફસૂફી કરવા, રાંધવા અને બીજાં અનેક કામો કરવામાં સહાય કરતાં હોય છે તેમનો સમાવેશ કરવા માગું છું. જુના કાળના રોમમાં જ્યારે કોઈ પિતામહ પોતાના કુટુંબનો ઉલ્લેખ કરતો ત્યારે એના મનમાં કેવળ પોતાની પત્ની અને બાળકો નહિ પણ ગુલામોનો પણ સમાવેશ કરતો.

પર્શિયાના મુસ્લિમોને બહુ ગમતા એવા " હસન અને હુસેન " નામના નાટકના એક દૃશ્યની હું તમને વાત કરીશ.

અમીર હુસેન, જેમનું બેબિલોનિયાના કરબલાના યુદ્ધક્ષેત્રમાં મરણ થયું હતું તેઓ છેલ્લી લડાઈ લડવાની તૈયારીમાં હતા. એમના સૌ સાથીઓ યુદ્ધમાં કપાઈ મૂઆ હતા. એક રણદ્વિપમાં ઊભેલું એકલું–અટૂલું છેલ્લું તાડનું ઝાડ હોય તેમ તેઓ ઊભા હતા. એમના કુટુંબની સ્ત્રીઓ જે યોદ્ધાઓ અવસાન પામ્યા હતા અને હુસેન કે જેઓ દુશ્મનોને હાથે અચૂક મૃત્યુ પામવાના હતા તેમને માટે રૂદન કરી રહી હતી.

તેમણે ( હુસેને ) એ સૌની એક એક કરીને વિદાય લીધી ; પોતાની પત્ની ઉમ્મ લયલાની, પોતાની બેન ઝૈનબની, પોતાની બીજી બેન કુલસુમની અને પોતાની દિકરી સકિનાની.

એક ઘરડી હબસી સ્ત્રી એ મહાન યોદ્ધા પાસે આવી અને કહ્યું : " માલિક, હું તમારાથી વિખૂટી પડીશ એ વિચારે મારા હૃદયમાં વેદના થાય છે. હું વૃદ્ધ થઈ ગઈ છું અને હવે મારે જીવન ધારણ કરી રાખવાનું કોઈ કારણ નથી. કેવળ એક જ આશા હું રાખું છું : હું પ્રાર્થું છું કે મારી જે કાંઈ ભૂલચૂક થઈ હોય એની માફી બક્ષજો. "

બખતરધારી યોદ્ધા હુસેન કે જેઓ થોડાક જ કલાકોમાં શહીદ થઈને કરબલાના મેદાનમાં મરણશરણ થવાના હતા, તેઓએ એ વૃદ્ધ હબસી સ્ત્રી સામે મૃદુ દૃષ્ટિ નાખીને કહ્યું, " હા, તેં અમારી લાંબા સમયથી સેવા કરી છે. ઘરકામમાં તેં મારી માને માટે ઘણી વેઠ કરી છે. તેં અનાજ દળ્યું છે. તેં કેટલીયે વાર મને તારા બાહુઓમાં ઝૂલાવ્યો છે.

તારો ચહેરો કાળો છે. પણ તારું હૃદય શુદ્ધ શુભ્ર વર્ણનું છે. આજે હું તારી વિદાય લેનાર છું. હું ગણી શકું તેથી પણ ઘણી વધુ વસ્તુઓ માટે મારે આભાર માનવાનો રહે છે. કદાચ કોઈ વાર મારાથી વગર વિચાર્યું કે કઠોર આચરણ થઈ ગયું હોય તો મને માફ કરજો ".

*
* *

પરંતુ હજી આપણે શોધી કાઢયું નથી કે આ કુટુંબનું વર્તુળ કેટલું તો વિસ્તૃત છે. શું એવાં પણ બે-પગાં અને ચોપગાં સેવકો નથી કે જેઓ આપણા કુટુંબના સુખમાં વધારો કરતાં હોય? શું એવાં પક્ષીઓ નથી કે જેઓ તેમના કિલકિલાટ અને ગીતો વડે આપણું મનોરંજન કરતાં હોય? અને આપણાં એવાં પાળેલાં પશુઓ પણ નથી હોતાં કે જેઓ આપણા ઓરડાઓમાં રમતાં હોય છે કે પછી આપણાં ખેતરોમાં આપણા માટે કામ કરતાં હોય છે? તો આપણે પાળેલાં આ સહાયક પશુઓનો પણ આપણા કુટુંબમાં સમાવેશ ન કરવો જોઈએ?

આખું જગત જાણે છે કે ભારતના લોકો, પોતે જે દેશમાં વસે છે તે દેશમાં વસતાં સૌ પ્રાણીઓ માટે મિત્રભાવ રાખે છે. પરંતુ આપણાં એ પ્રાણીરૂપી ભાંડુઓ માટે શુભ લાગણીઓ ધરાવનાર લોકો કેવળ હિંદુઓ જ નથી. ઉત્તરમાં, જ્યાં સમુદ્રનો વિસ્તાર જાડા બરફનો થર બની જાય છે અને જ્યાં જમીન લગભગ હંમેશાં બરફ વડે આચ્છાદિત સફેદ રહે છે ત્યાં એસ્કિમો નામે ઓળખાતા લોકો રહે છે.

આ ધ્રુવપ્રદેશના એક સફેદ રીંછે એક દિવસ ત્રણ માણસોની જીંદગી બચાવી હતી. એ લોકો જ્યારે દરિયામાં પડી ગયા હતા ત્યારે પેલા રીંછે તરતા તરતા જઈને તેમને કિનારે લાવી મૂકયા હતા. એ લોકો ઘણા આભારવશ હતા અને પોતાના ઉપરના ઉપકારકૃત્યનો બદલો આપવા ચાહતા હતા.

એ રીંછે તેમને કહ્યું, "હું તમારો આભાર માનું છું, પણ હાલની ક્ષણે મારે કોઈ વસ્તુની જરૂરિયાત નથી. પરંતુ જો તમે કોઈવાર બીજા લોકોની સાથે શિકાર કરવા નીકળો અને મને પકડો તો કૃપા કરીને મને જીવતદાન આપશો? તમે મને મારા તાલ પડેલ માથા વડે તરત જ ઓળખી શકશો."

આટલું બોલીને એણે સમુદ્રમાં ભૂસકો માર્યો અને તરતાં તરતાં દૂર ચાલ્યું ગયું.

બીજા શિયાળામાં, એ જ ટોળીના એસ્કિમોએ બરફ ઉપર એક રીંછ જોયું એટલે તેમણે તેનો પીછો પકડયો. એ શિકારીઓમાં પેલાં ત્રણ માણસો પણ હતા જેમની જીંદગી પેલા તાલવાળા રીંછે બચાવી હતી. એમણે જોયું કે આ તો પેલું જ રીંછ હતું. એ લોકોએ પોતાના સાથીઓને વિનંતી કરી કે તેમણે એ રીંછ ને જવા દેવું.

વધુમાં તેઓએ એને માટે એક સારું ખાણું તૈયાર કર્યું અને એની સમક્ષ બરફ ઉપર પિરસ્યું. એણે પેટ ભરીને ખાધું અને બરફ ઉપર સૂઈને ઊંઘી ગયું. કોઈએ એને કશી ઈજા પહોંચાડી નહિ અને બાળકો પણ કશી બીક રાખ્યા વિના તેની આસપાસ રમવા લાગ્યાં. જ્યારે પેલું રીંછ જાગ્યું ત્યારે એ દરિયા કિનારે ગયું, કૂદકો લગાવ્યો અને થોડી જ વારમાં દૃષ્ટિ બહાર ચાલ્યું ગયું. એ એસ્કિમોએ એને ફરી કોઈવાર જોયું નહિ પણ તેમને હંમેશાને માટે પોતાના રીંછ મિત્રની યાદ રહી ગઈ.

*
* *

એટલે કુટુંબ વિષેના આપણા ખ્યાલમાં આપણે આપણા માતાપિતા, બાળક, ભાઈ, બહેન, દાદા–દાદી, નોકરચાકરો, અને મનુષ્યોને મદદ કરનાર પશુઓનો પણ સમાવેશ કરીશું.

એ ખરું કે, દુનિયાના બધા દેશોમાં કુટુંબની આદતો અને રીતરસમો એકસરખી હોતી નથી. તમે જો પ્રવાસીઓ પાસેથી, અથવા પુસ્તકોમાંથી કે તમારા શિક્ષકો પાસેથી જાપાન, ચીન, ઈરાન, અને ઈજિપ્ત, યુરોપ અને અમેરિકાનાં કુટુંબોની ટેવો વિષે જાણવા પ્રયત્ન કરશો તો તમને એ સૌમાં અનેક રીતની વિવિધતાઓ જોઈને રસ પડશે. પરંતુ એ સૌમાં, હૃદયમાં પ્રેમ અને માર્દવતાની લાગણીનો નિયમ હંમેશા પ્રવર્તમાન હોય છે. એવું હોઈ શકે કે કોઈ કુટુંબના સભ્યો એકબીજાને ચાહતા ન હોય; પરંતુ એવે પ્રસંગે એમને સાચા અર્થમાં કુટુંબીજનો ન કહેવાય.

બનવા જોગ છે કે કોઈ મનુષ્ય, અમાનવીય રીતનું વર્તન કરતો હોય, પણ તો પછી એ ખરા અર્થમાં માણસ જ ન કહેવાય.

# રંગાનંદ અને તેના પિતા

**૧૮૩૧ની** સાલમાં એક બાર વર્ષના હિંદુએ ચિત્તુરના જીલ્લા ન્યાયાધીશનું બારણું ખખડાવ્યું, એ બાળકનો પિતા એક ખેડુત હતો અને એણે મહેસુલ નહિ ભરેલું હોઈ એને જેલમાં પૂરવામાં આવ્યો હતો. એ ખેડુતે થોડીક સરકારી જમીન રાખી હતી, પણ પાક નિષ્ફળ ગયો હતો અને તે વખતે કાયદો અમલમાં હતો તે પ્રમાણે એને જેલમાં જવું પડયું હતું.

જયારે એ બાળકની વર્ષગાંઠનો દિવસ આવી રહ્યો હતો ત્યારે એનો પિતા જેલમાં હોઈ આવી શકે તેમ ન હતું એટલે એની મા રડવા લાગી હતી. આ કારણે જ રંગાનંદે જઈને જજનાં બારણાં ખખડાવ્યાં.

એ જજે એ બાળકની વાત સાંભળી અને પછી કહ્યું, કે "હું તારા બાપને છોડું તો ખરો પણ એ માટે મારે ખાતરી લાયક જામીનગીરી જોઈએ કે એ પાછો આવીને પોતાની સજાની મુદત પૂરી કરશે."

એ બાળકે કહ્યું, "અમારી પાસે પૈસા નથી, પણ હું પોતે જ જામીન થઈશ અને મારા પિતાને બદલે જેલમાં રહીશ."

એ જજનું હૃદય પીગળી ગયું. એણે એ બાળકના પિતાને છોડવાના હુકમ ઉપર સહી કરી દીધી. એક હરણની માફક દોડતો એ બાળક કેદખાને ગયો. બાપ અને દિકરો બંને આનંદપૂર્વક પોતાને ઘેર જવા નીકળ્યા અને રાત પડતા સુધીમાં પહોંચી ગયા.

પાછળથી એ રંગાનંદ, રંગાનંદ શાસ્ત્રી તરીકે પ્રખ્યાત થયા. તેઓ પંદર ભાષાઓ બોલી અને લખી જાણતા હતા.

# ધોળો હાથી

એંશી હજાર હાથીઓનું એક ટોળું હિમાલય પર્વતનાં જંગલોમાં ફરતું હતું. એમનો નેતા એક ધોળો હાથી હતો અને બધા હાથીઓ તેને ગૌરવપૂર્વક પોતાનો રાજા માનતા હતા.

આ રાજાની મા આંધળી હતી.

આ રાજા જંગલના ગમે તેટલા દૂરના ભાગોમાં ગયો હોય તો પણ પોતાની મા માટે તેને પ્રેમભાવભર્યો ખ્યાલ રહેતો અને પોતાના દૂતોની સાથે એ પોતાની માને ફળો મોકલાવતો.

પરંતુ કમનસીબે એ દૂતો જ પોતે ફળો ખાઈ જતાં અને એ રાજાની પ્રેમપૂર્ણ ભેટો તેની માને પહોંચતી નહિ.

જ્યારે એને આ છેતરપીંડીની જાણ થઈ ત્યારે તેણે પોતાના ટોળાનો ત્યાગ કર્યો અને પોતાની માને ખવડાવવાનું અને તેનું રક્ષણ કરવાનું કામ જાતે જ કરવા લાગ્યો. એટલે એ તેને કંડોરણા પર્વતના એક સરોવર પાસે આવેલા કોતરમાં લઈ ગયો અને ત્યાં તેઓ શાંતિપૂર્વક રહેવા લાગ્યાં.

એક દિવસ, બનારસ શહેરનો એક માણસ જંગલમાં ભૂલો પડી ગયો અને સાત દિવસથી એ હતાશ થઈને ભટકી રહ્યો હતો.

એ હાથી રાજા પોતાના ઘુંટણ ટેકવીને બેઠો અને એ ભૂલા પડેલા મનુષ્યને પોતાની પીઠ ઉપર સવારી કરવા જણાવ્યું. પછી એ તેને બનારસ જવાને રસ્તે લઈ ગયો અને ત્યાંથી આગળનો માર્ગ તેને બતાવ્યો.

પરંતુ એ મનુષ્ય દુષ્ટ સ્વભાવનો હતો. તેણે જઈને બનારસના રાજાને જણાવ્યું કે કેવો તો સુંદર સફેદ હાથી કંડોરણાના કોતરમાં મળી શકે તેમ હતો. અને રાજાએ તેને અનેક સહાયકો સાથે એ હાથીઓના રાજાને પકડવા મોકલ્યો. એ શિકારીઓએ એ ધોળા હાથી રાજાને સરોવરમાં ઊભેલો જોયો. તેઓએ તેને પકડયો ત્યારે તેણે પ્રતિકાર કર્યો નહિ. તેઓ તેને બનારસ લઈ ગયા.

જ્યારે પોતાનો પુત્ર પાછો ફર્યો નહિ ત્યારે એની આંધળી મા ઘણી દુ:ખી થઈ.

એ નિ:સાસા નાખવા લાગી, "અરે, લોબાનનું વૃક્ષ, કુટજ, ઘાસ, કરેણ અને જંબુપુષ્પો હજી પણ ઉગે છે. પરંતુ મારો દીકરો કયાં ગયો હશે?"

ધોળા હાથીને ફૂલોથી શણગારેલા એક તબેલામાં પૂર્યો હતો અને રાજા પોતે તેને ખવડાવવા આવતો હતો પણ એ હાથી કાંઈ ખાતો નહિ.

એણે કહ્યું, "અહીં મારી મા નથી."

બનારસના રાજાએ વિનંતી કરી, "અરે જવા દો એ વાત, તમે ખાઓ અને આપણે સારા મિત્રો બનીશું."

"અરે પણ મારી આંધળી ગરીબડી મા કંડોરણાના જંગલમાં નિ:સાસા નાખે છે."

રાજાએ પૂછ્યું, "તમે કોના વિષે વાત કરો છો?"

"મારી મા મારે માટે રડી રહી છે."

ત્યારે રાજાએ એના માણસને કહ્યું કે આ હાથીને છૂટો મૂકી દો.

અને પછી એ મહાન પ્રાણી એ શહેરમાંથી ત્વરિત ગતિએ જંગલ ભણી નાસી ગયો. સરોવરમાંથી થોડુંક પાણી ચૂસી લઈને કોતરમાં ગયો અને પોતાની આંધળી મા ઉપર એ ઠંડા છંટકાવ કરવા લાગ્યો.

એ બોલી, "આ વરસાદ પડી રહ્યો છે, પરંતુ અરે, મારો દિકરો અહીં મારી સંભાળ લેવા માટે નથી."

એ બોલ્યો, "મા, હું તારો દિકરો છું. રાજાએ મને અહીં પાછો મોકલ્યો છે."

પછી તેઓ સુખપૂર્વક સાથે રહેવા લાગ્યાં.

વખત જતાં એ મા ગુજરી ગઈ ત્યારે તેને દાટી દેવામાં આવી. અને પછી જ્યારે તેનો કાળ આવ્યો ત્યારે એ ધોળો હાથી પણ ગુજરી ગયો. રાજાએ એની પ્રતિકૃતિ સરખું એક પુતળું ત્યાં મૂકાવ્યું અને ભારતના બધા જ ભાગોના લોકો દરેક વર્ષે એ હાથીનો ઉત્સવ ઉજવવા ત્યાં ભેગા થતા.

# વિનમ્રતા

આ જાપાનીઝ ઘરના આગળને બારણેથી કોણ આવી રહ્યું છે?

એ માળી છે, પુષ્પો ગોઠવવાનું કલાકૌશલ્ય એની પાસે છે.

ઘરધણી એક ટ્રે (તાસક) લાવે છે. એની ઉપર ફૂલો, કાતર, એક ચપ્પુ, એક નાની કરવતી અને એક સુંદર ફૂલદાની છે.

એ માળી કહે છે, "હે માલિક, આવા સુંદર ફૂલદાનને શોભાવે એવી છડી હું બનાવી શકું તેમ નથી."

એ ઘરધણીએ એ ઓરડામાંથી બહાર જતાં જતાં કહ્યું, "મારી ખાતરી છે કે ત્યાં જરૂર બનાવી શકીશ."

એ કલાકાર એકલો પડયો એટલે પોતાના કામે લાગ્યો. કાપવાનું, છોલવાનું, મરડવાનું, બાંધવાનું એવું અનેક પ્રકારનું કામ કરીને છેવટે તેણે એક એવો સુંદર પુષ્પગુચ્છ બનાવીને એ ફૂલદાનીમાં ગોઠવ્યો કે એને જોતાં જ આંખોને ઠારે.

એ ઘરનો માલિક અને તેના મિત્રો એ ઓરડામાં દાખલ થયા. એ કલાકાર એક બાજુએ ઊભો રહીને, હળવે રહીને બોલ્યો, "મારો બનાવેલો ગુચ્છ ખૂબ ઉતરતી કક્ષાનો છે, એને અહીંથી લઈ જવા દો."

એ ઘરધણી કહે છે, "ના, એ સુંદર છે."

એ ફૂલદાનીની જોડેના મેજ ઉપર એ કલાકારે કાતર મૂકી રાખેલી છે. એમ કરીને એ એમ સૂચવવા માગતો હતો કે જો એ પુષ્પ ગુચ્છમાં કોઈને કાંઈ ક્ષતિ જણાય તો ગમે તે કોઈ એ કાતરને લઈને, જે ભાગ આંખોને અણગમતો લાગે તેને કાપી કાઢી શકે છે.

એ કલાકારે એક સુંદર કલાકૃતિ બનાવી છે, પરંતુ એ એની ગુણવત્તાનો દેખાડો કરવા ઇચ્છતો નથી. એ કબૂલ કરે છે કે એણે કદાચ ભૂલો કરી હોય. એ વિનમ્ર છે.

કદાચ એ જાપાનીઝ કલાકાર ખરેખર એમ માનતો હશે કે એની કલાકૃતિ ધન્યવાદને પાત્ર છે. હું એના વિચારો કહી શકતી નથી. પરંતુ ગમે તેમ તોય એ બડાશ મારતો નથી અને એનો વર્તાવ ખુશી ઉપજાવે તેવો છે.

ઊલટ પક્ષે, જે લોકો મિથ્યાભિમાની હોય છે તેમના પ્રત્યે આપણે સ્મિતહાસ્ય કરીએ છીએ.

સુલેમાન, દમાસ્કસનો ખલીફા એવો માણસ હતો. એક શુક્રવારે એણે ગરમ પાણીથી સ્નાન કરીને લીલા રંગનાં કપડાં પહેર્યાં, લીલા રંગનો સાફો બાંધ્યો, લીલા રંગના આસન ઉપર બેઠો અને ત્યાં બિછાવેલી જાજમ પણ લીલા રંગની હતી. પછી એણે પોતાની જાતને દર્પણમાં જોઈ ને એ ખુશ થયો અને બોલ્યો, "મહમ્મદ પયગંબર એક દેવદૂત હતા; અલી અકબર એક સત્યનો વફાદાર સેવક હતો; ઉમરમાં સત્યાસત્યનો વિવેક કરવાની શકિત હતી; ઉથમાન વિનમ્ર હતો; અલી બહાદુર હતો; મુઆવિયા માયાળુ હૃદયવાળો હતો; યાઝીદ ધીરજવાન હતો; અબ્દ–ઉલમલિક એક સારો વહીવ-ટકર્તા હતો; વાલિક એક શકિતશાળી માલિક હતો; પરંતુ હું યુવાન અને સુંદર છું."

ફૂલદાનીમાંનાં ફૂલ સરસ રીતે ગોઠવેલાં છે અને આપણી આંખોને આનંદ આપે છે. પરંતુ એ માટે ધન્યવાદ આપવાનું કામ આપણું છે, કલાકારનું નહિ.

સુલેમાન સુંદર હતો. એ પોતે એ વાત જાણતો હોય તેમાં કાંઈ નુકસાન નથી. પરંતુ જ્યારે એ પોતાને દર્પણમાં જોઈને પોતાને એમ કહેતો જાય છે કે એના સુંદર દેખાવને લઈને એ સત્યપાલક ઉમર અથવા ધીરજવાન યાઝીદ કરતાં પણ સારો માણસ છે, ત્યારે આપણને તેના મિથ્યાભિમાન ઉપર હસવું આવે છે.

* * *

આમ છતાં જે મનુષ્ય પોતે એમ માનતો હોય કે પોતાની મહત્તાને માટે પૃથ્વી પૂરતા પ્રમાણમાં વિશાળ નથી અને એ માટે પોતે ઊર્ધ્વના પ્રદેશોમાં વિહરવું જોઈએ એવું મિથ્યાભિમાન તો સાવ બેહૂદું કહેવાય.

એની વાત આવી છે.

કૈકઉસ નામના પર્શિયાના રાજાએ ઘણી ચડાઈઓ કરી હતી અને ઘણાં યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. દુશ્મનો પાસેથી પડાવી લીધેલા ધનથી એ એટલો બધો પૈસાદાર બની ગયો કે તેણે અલબૂર્ઝ પર્વતમાં બે મહેલ બંધાવ્યા. એના અંતઃપૂરમાં સોનું અને ચાંદી એટલા વિપુલ પ્રમાણમાં હતાં કે એ પૉલિશ કરેલી ધાતુઓનો ઝગમગાટ દિવસના અજવાળા સાથે હરીફાઈ કરતો હતો.

કૈકઉસ આથી ઉછાંછળો ગર્વપૂર્ણ બની ગયો હતો. એ એમ જ માનતો હતો કે આખી પૃથ્વી ઉપર એ જ સૌથી મહાન રાજવી હતો.

ઇબ્લિસ નામના અશુભ સત્ત્વની ધ્યાનમાં રાજાનો આ પોતાના વિષેનો ઊંચો અભિ-પ્રાય આવી ગયો અને તેણે એને છેતરવાનો નિર્ધાર કર્યો. એણે એક દૈત્યને એક

ચાકરના વેશમાં સંતાડીને રાજાને ભેટ આપવા માટે એક ફૂલના ગોટા સાથે તેના મહેલ ઉપર મોકલ્યો.

એ ચાકરે કૈકઉસની આગળની જમીનને ચુંબન કર્યું અને કહ્યું, "માલિક, આખા જગતમાં આપના જેવો કોઈ રાજા નથી. આમ છતાં આપને માટે એક જીતવા જેવું ક્ષેત્ર હજી રહી જાય છે—એ ઊર્ધ્વ પ્રદેશોનું ક્ષેત્ર છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને સ્વર્ગના ગુપ્ત ખૂણાઓ હજી બાકી છે. હે રાજા, આપ પક્ષીઓની પાછળ પાછળ જાઓ, અને આકાશમાં આરોહણ કરો."

"પરંતુ હું આસમાનમાં કઈ રીતે ચડી શકું?" રાજાએ પૂછ્યું.

"આપના બુદ્ધિમાન સલાહકારો આપને એ વાત કહેશે, મારા માલિક."

એટલે રાજાએ તેના ખગોળશાસ્ત્રીઓને પૂછ્યું કે પોતે કઈ રીતે ઊર્ધ્વના પ્રદેશોમાં ઊડી શકે અને તેઓએ એક નવીન યોજના શોધી કાઢી. એ લોકોએ સામાન્ય પદ્ધતિની વાત કરી હતી પણ રાજાને એ મંજૂર ન હતી.

એટલે એ લોકોએ ચાર નાનાં ગરુડોને એક જાળથી પકડયાં, અને તેમને ખવરાવી પીવરાવીને મોટાં અને બળવાન બનાવ્યાં.

તેમણે પછી લાકડાનું એક ચોરસ ચોકઠું બનાવ્યું, એના દરેક ખૂણે એક દંડ જડી દીધો, અને એ દરેક દંડની ઉપર બકરીના માંસનો એક ટુકડો મૂકયો. દરેક ખૂણે એક એક ગરુડને બાંધ્યું.

રાજાનું સિંહાસન એ ચોકઠા ઉપર બેસાડયું અને દારૂની એક શરાબદાની બાજુમાં મૂકી. રાજાએ પછી પોતાની બેઠક સંભાળી.

એ ચારેય ગરુડો પેલા માંસને પકડવા પ્રયત્ન કરવા લાગ્યાં અને એમ કરવા માટે તેઓ ઊંચેને ઊંચે સીધાં જ ઊડવા લાગ્યાં અને એ રીતે તેઓ એ ચોકઠાંને પણ ઉંચકી જવા લાગ્યાં. લોકોનાં જે ટોળાં જોવા માટે એકઠાં થયાં હતાં તેમના આશ્ચર્યની વચ્ચે એ ચોકઠું હવામાં ઊંચે જવા લાગ્યું. એ ગરુડો ઊંચેને ઊંચે જતાં ઊડવા લાગ્યાં, ચંદ્રની વધુ ને વધુ નજીક જવા લાગ્યાં, પણ છેવટે ઊડી ઊડીને થાકી જવાથી તેઓએ તેમની પાંખો હવામાં ફફડાવવી બંધ કરી—પછી એ ચોકઠું, સિંહાસન, રાજા, મદિરાનું પાત્ર, અને એ બધું જ ચીન દેશના રેગીસ્તાનમાં ભયંકર ધડાકા સાથે નીચે પડછાયાં. આમ એકલો પડી ગયેલો રાજા લાંબો છટ થઈને, શરીરે છોલાઈ ગયેલી અવસ્થામાં, ભૂખથી પીડાતો અને દયાજનક અવસ્થામાં પડયો હતો. છેવટે એના દૂતો આવીને પાછો એને એના મહેલમાં લઈ ગયા.

હવે રાજાને ખબર પડી કે પોતે કેવો મુર્ખ અને મિથ્યાભિમાની બન્યો હતો ! એણે નિશ્ચય કર્યો કે પોતાના ગજાં બહારનાં આવાં ઉડ્ડયનો કરવા પ્રયત્ન જ ન કરવો.

પછી એણે પોતાના રાજકાજમાં ધ્યાન પરોવ્યું અને એવા ન્યાયપૂર્વક રાજ્ય કર્યું સૌ લોકો એનાં વખાણ કરવા લાગ્યા.

આવી રીતે એ મિથ્યાભિમાનના આસમાનમાંથી મધુર અને દૃઢ પૃથ્વીની નમ્રતા ઉપર નીચે ઊતરી આવ્યો.

*
* *

કેટલીક વાર, જે લોકો મિથ્યાભિમાનથી પોતાની જાતને વધુ પડતું મહત્ત્વ આપીને અટકતા નથી પણ આત્મશ્લાઘા પણ કરે છે, તેમના પ્રત્યે આપણને તિરસ્કાર ઉપજે છે. કોઈને પણ આપવડાઈ કરનાર માણસ ગમતો નથી. અને આપવડાઈ કરનાર લોકોને પણ આપવડાઈ કરનાર લોકો પ્રત્યે હાડોહાડ તિરસ્કાર ઉપજતો હોય છે.

તો પછી શ્રી રામનો ભયંકર શત્રુ, તેમનાં પત્ની સીતાજીને ઉપાડી જનાર રાવણ જો આપવડાઈખોર હોય તેમાં આપણને કાંઈ નવાઈ લાગે તેવું નથી. એવા અસુર માટે એમ કરવું એ તદ્દન સ્વાભાવિક વસ્તુ ગણાય.

શ્રી રામ અને લંકાના અસુરો વચ્ચે જ્યારે છેલ્લું મહાયુદ્ધ લડાયું ત્યારે એ મહાપુરુષ તેમના રથમાં એ અસુરરાજની સામે જઈ ખડા હતા અને એ અસુર પણ પોતાના રથમાં આરૂઢ થઈ ઊભો હતો. એ એક દ્વંદ્વયુદ્ધ હતું. અસુરો અને વાનરો અને રીંછોનાં લશ્કરો એ યુદ્ધને જોઈ રહ્યાં હતાં.

પછી, એ લંકાનો રાજા રાવણ ભયંકર અવાજે ગર્જના કરીને બોલ્યો, 'હે રામ, તું જો તારી જાતને બચાવવા માટે આ રણક્ષેત્રને છોડીને પલાયન નહિ થઈ જાય તો આજે આ યુદ્ધનો અંત આવશે. તું જાણી લે કે તારે રાવણ સાથે યુદ્ધ કરવાનું છે.

શ્રી રામે કેવળ હાસ્ય કર્યું. તેઓ જાણતા હતા કે રાવણનો અંતકાળ નજીક હતો, અને તેમણે કહ્યું, "હે રાવણ, મેં તારા સર્વ પ્રકારના બળ વિષે સાંભળ્યું છે. પરંતુ જે વસ્તુ વિષે મેં સાંભળ્યું છે તે મારે મારી નજરે જોવી છે. મારે તને વિનંતી કરી યાદ આપવાની છે કે આ જગતમાં ત્રણ જાતનાં વૃક્ષો થાય છે, એટલે કે ધાકનું ઝાડ, આંબાનું ઝાડ, અને રોટીનું ઝાડ. આમાંથી ધાક નામના ઝાડને કેવળ ફૂલો જ થાય છે. એ કેવળ બોલી જાણનાર મનુષ્ય જેવું હોય છે. આંબાના ઝાડને મહોર અને ફળ બંને આવે છે. એ પેલા બોલનારા અને કરી જાણનારા મનુષ્ય જેવું હોય છે. રોટીના ઝાડને કેવળ ફળ આવે છે. એ પેલા બોલનારા નહિ પણ કેવળ કામ કરી જાણનારા મનુષ્ય જેવું હોય છે."

આવા ડહાપણભર્યા શબ્દો સાંભળીને એ અસુર હસવા લાગ્યો. પરંતુ થોડીક જ વારમાં એની શેખીખોર જીભ કાયમને માટે બંધ થઈ ગઈ.

*
* *

ઘણાં વર્ષો પૂર્વે, ઇઝરાઇલમાં થઈ ગયેલ મહાન રાજા સૉલોમન વિષે તો તમે સાંભળ્યું હશે. બાઈબલમાં અને બીજા ગ્રંથોમાં પણ એ રાજાની મહત્તા અને પ્રભાવ વિષે ઘણી ઘણી વાતો લખેલી છે. હું તમને એના વિષેની એક વાત કહીશ.

એ રાજા ઘણો ધનવાન હતો. એનું સિંહાસન ભવ્ય હતું. એની થાળી સોનાની હતી અને એના રાજમહેલમાં ચાંદી તો એટલી બધી પ્રચુર માત્રામાં હતી કે જાણે એ જેરૂસલેમ શહેરમાંના પથ્થરો હોય. જાત જાતના વેપારીઓ એ રાજા પાસે સોનું, ચાંદી, હાથીદાંત, મોર, વાનરો, ઝીણાં મલમલ બખ્તરો, મરીમસાલાઓ, ઘોડાઓ, ખચ્ચરો અને ઘણી બધી કિંમતી વસ્તુઓ લઈ આવતા. પોતાના વડવાઓ અને રાષ્ટ્રના દેવના માનમાં એક ભવ્ય મંદિર બંધાવનાર પણ એ રાજા સૉલોમન જ હતો. પરંતુ એ મંદિર બંધાયું પણ ન હતું ત્યારે, જ્યારે એમાં વપરાનારું લાકડું તો હજી સિડારનાં ઝાડના રૂપમાં પર્વતો ઉપર ઉગી રહ્યું હતું ત્યારે, સૉલોમનને એક સ્વપ્નું આવ્યું. એમાં પ્રભુ પોતે એની સમક્ષ પ્રગટ થયા અને બોલ્યા:

"માગ, માગ, તારી ઇચ્છા હોય તે હું તને આપું."

સૉલોમને જવાબ આપ્યો:

"મારા પિતા ડેવિડ એક ન્યાયી અને સત્યપ્રિય વ્યકિત હતા અને હું હવે તેમની ગાદીએ આવ્યો છું. મારી સમક્ષ પડેલું કામ ઘણું મોટું છે. મને લાગે છે કે હું એક નાના બાળક સરખો છું. મારે કેવી રીતે બહાર જવું કે અંદર આવવું તે પણ હું જાણતો નથી. મને એ પણ ખબર નથી કે જે લોકોનો હું રાજા છું તેમના ઉપર કઈ રીતે રાજ્ય ચલાવવું. એટલે હું ઇચ્છું છું કે મને સારાસારનો ભેદ પરખાય એવું જ્ઞાન પ્રાપ્ત થાય."

અને પ્રભુએ તેને ઉત્તરમાં કહ્યું:

"તેં કોઈ લાંબી જીંદગી કે લક્ષ્મી માગી નથી પણ ન્યાય અને અન્યાયનો ભેદ પારખી શકે તેવું જ્ઞાન ચાહ્યું છે, એટલે હું તને એવું ડહાપણભર્યું મગજ બક્ષું છું કે કશું તારી સમજશકિતથી પર નહિ હોય, અને સાથે સાથે તારે ભાગે દીર્ઘ આયુષ્ય અને લક્ષ્મી પણ આવશે."

એ રાજાએ જે નમ્ર શબ્દો ઉચ્ચારેલા તે તમારા લક્ષમાં આવ્યા હશે, "હું કેવળ એક બાળક સરખો છું."

સૉલોમન પોતે પોતાને વિષે આ રીતે નમ્રતાપૂર્વક બોલ્યો તેથી શું આપણે એનો ઓછો આદર કરીશું?

ઊલટું કોઈ મહાન વ્યકિત, નમ્ર પણ હોય તે એક આનંદદાયક વસ્તુ છે.

***

હું તમને મહમ્મદ પયગંબરની નમ્રતાની ત્રણ વાર્તાઓ કહીશ.

એમ કહેવાય છે કે ઇસ્લામ ધર્મના આ પયગંબર, હંમેશાં ગધેડા ઉપર સવારી કરવા તૈયાર રહેતા જ્યારે બીજા ગર્વિષ્ટ માણસોને જ્યાં સુધી ઘોડો ન મળે ત્યાં સુધી સંતોષ થતો નહિ. અને તેઓ આમ કહેતા :

"હું ગુલામોની માફક જમવા બેસું છું, ગુલામની માફક જમું છું, કારણ કે હું સાચે જ ગુલામ છું."

અને આ એક બીજી વાત છે.

એક દિવસ એ પયગંબર એક સભાસ્થાને ગયેલા. ત્યાં બહુ લોકો મળ્યા હતા એટલે અંદર બેસવા માટે બહુ જગ્યા હતી નહિ. એટલે તેઓ ઊભે પગે બેઠા.

ત્યાં એક રણપ્રદેશમાંથી આવેલો આરબ હાજર હતો. એને ખબર હતી કે મહમ્મદ તો એક મહાન લોકનેતા હતા. એટલે તેમને એક રાજાની માફક સિંહાસન ઉપર બેઠેલા ન જોવાથી એને આશ્ચર્ય થયું.

એણે ટોણો માર્યો, "બેસવાની તે આ કોઈ રીત છે?"

મહમ્મદે જવાબ આપ્યો, "ખરેખર, અલ્લાહે મને એક નમ્ર સેવક બનાવ્યો છે અને કોઈ ગર્વિષ્ટ રાજા નથી બનાવ્યો."

અને આ એક ત્રીજી વાત છે.

એકવાર મહમ્મદની સાથે એક કુરેશી જાતિનો મુખી ગંભીર વાતચીત કરી રહ્યો હતો. તે વખતે ત્યાં એક અબ્દુલ્લા નામનો આંધળો માણસ આવી ચઢયો અને પયગંબર સાથે કોઈ વાતચીત કરી રહ્યું છે તેની ખબર ન હોવાને લઈને તેણે એ વાતચીતમાં ધૃષ્ટતાપૂર્વક ભંગ પાડયો અને કુરાનમાંથી થોડીક આયાતો સાંભળવાની માગણી કરી.

મહમ્મદ તેની સાથે બહુ સખ્તાઈથી બોલ્યા અને તેને છાનો રહેવા કહ્યું. પરંતુ પાછળથી એમને પોતે આવા કઠોર બન્યા તે બદલ પશ્ચાતાપ થયો, અને ઘણા નમ્રભાવે

તેમણે એવા વર્તન માટે માફી માગી. અને તે વખતથી તેઓએ અબ્દુલ્લા પ્રત્યે બહુ માનપૂર્વક વર્તવા માંડયું અને એને માનપાનવાળા હોદ્દા પણ બક્ષ્યા.

*
* *

આવી બધી રાજાઓ અને પયગંબરોની વાતો કહ્યા પછી હું તમને એક પ્રખ્યાત વૈજ્ઞાનિક, એક અંગ્રેજ, આઈઝેક ન્યૂટન વિષે એક વાત કહીશ.

ન્યૂટનનો જન્મ સને ૧૬૪૨માં થયો હતો અને તેઓ સને ૧૭૨૭માં ગુજરી ગયા હતા. એમના લાંબા જીવનકાળ દરમ્યાન તેઓએ પ્રકૃતિનો અભ્યાસ કર્યો હતો—ગુરૂત્વાકર્ષણ નામની વૈશ્વિક શકિતનો, સૂર્ય અને ચંદ્રની દરિયાની ભરતીઓ ઉપરની અસરનો; સૂર્યના પ્રકાશનો, ધોળો પ્રકાશ સાત રંગોમાં વિભક્ત થાય છે તેનો, અને બીજી ઘણી વસ્તુઓનો અભ્યાસ કર્યો હતો. દરેક મનુષ્યને આ માણસ આવી સરસ રીતે પ્રકૃતિનાં કાર્યો અને આશ્ચર્યોનો ઉકેલ કરી શકતો એ જોઈ નવાઈ લાગતી. એક દિવસ એક સન્નારીએ ન્યૂટન સાથે તેના ભણતર અને જ્ઞાન વિષે વાત કરી. તેણે જવાબ આપ્યો :

"અરે, હું તો સત્યરૂપી મહાન સમુદ્રને કિનારે છીપલાં એકઠા કરતાં એક નાનકડા બાળક સરખો છું."

તમે સમજી શકયા હશો કે સત્યનો સમુદ્ર એટલે પ્રકૃતિના નિયમો અને એમના વિષે તો ખૂબ જ્ઞાની પુરુષો પણ ભાગ્યે જ કાંઈ જાણતા હોય છે. એક બાળક, સમુદ્રના કિનારે છીપલાં એકઠાં કરતો હોય છે પણ એ બાળક ધારતો હોય છે તેના કરતાં દરિયો કેટલો બધો વિશાળ હોય છે! અને વળી આપણા ક્ષુદ્ર વિચારોની સરખામણીમાં આ વિશ્વ તો કેટલું બધું મહાન છે!

ન્યૂટને પોતાની જાતની એક બાળક સાથે સરખામણી કરી તેથી શું આપણો એના પ્રત્યેનો આદરભાવ ઓછો થવો જોઈએ? હરગીજ નહિ. આપણે તેની નમ્રતા માટે તેને માન આપીએ છીએ.

*
* *

ઘણાં ઘણાં વર્ષો પહેલાં એક મહાન ઑપેરા ગાનાર બાઈ થઈ ગઈ. પોતાના મધુર અવાજ અને સર્વગ્રાહી પ્રતિભાને કારણે તે વિશ્વવિખ્યાત થઈ ચૂકી હતી. તે એક મિજબાનીમાં ગઈ હતી. ત્યાં એક મધુર અવાજવાળી બાળકીને ગાવાનું કહેવામાં આવ્યું. હવે એ બાળકીએ જે ગીત બનાવ્યું હતું તે બે જણે ગાવાનું હતું. એ સંગીતમાં બે પ્રકારના અવાજની જરૂર પડે તેમ હતું. એ બાળકી પોતે મુખ્ય ભાગ ગાતી હતી

પરંતુ એને સાથ દેવાને કોઈ તૈયાર ન હતું. સૌ કોઈ મોટી ઉંમરવાળા લોકોને એક બાળકીની સાથે સંગત કરવી પડે એ અતિશય હિણપતભર્યું લાગતું હતું. થોડીક વાર માટે ત્યાં નીરવતા છવાઈ ગઈ. કોઈ એ બાળકીની સંગત કરવા તૈયાર થયું નહિ.

ત્યારે પેલી વિખ્યાત ઓપેરા ગાનાર બાઈએ કહ્યું:

"જો તમારી ઈચ્છા હોય તો ખરજના સૂર હું ગાઈશ."

અને તે બાઈએ એમ કર્યું જ. આખા શ્રોતાગણ સમક્ષ એ બે જણે ગીત ગાયું. એ નાની બાળકીનો સૂર ઉચ્ચ અને સ્પષ્ટ રીતે આલાપ કરતો ગયો, જ્યારે પેલી વિખ્યાત બાઈનો અવાજ તેની સંગત હળવાશથી કરી રહ્યો. અને એથી એક મધુર સંવાદપૂર્ણ સમૂહગાન પ્રગટ થયું.

એક બાળકીની સંગત કરવામાં પોતાની સંમતિ આપનાર એ બાઈનું નમ્રતાપૂર્ણ હૃદય તેના ઉમદાપણાની નિશાની હતી.

*
* *

સને ૧૮૪૪માં કલકત્તાના સંસ્કૃત મહાવિદ્યાલયને એક વ્યાકરણ શિક્ષકની જરૂર પડી. એ સ્થાનને માટે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને દરખાસ્ત કરવામાં આવી. તેઓ એ વખતે દર મહિને પચાસ રૂપિયા કમાતા હતા, જ્યારે આ નવી જગ્યાએ નેવું રૂપિયા મળે તેમ હતું. પરંતુ એમને લાગ્યું કે તેમના મિત્ર તર્કવાચસ્પતિ પોતાના કરતાં ઊંચી કક્ષાના વ્યાકરણ શિક્ષક હતા એટલે તેમણે એ પ્રકારે વાત કરી. એટલે, એવું નક્કી થયું કે એ જગ્યાએ તેમના મિત્રને નીમવામાં આવે. વિદ્યાસાગર ખૂબ ખુશ થયા. તેઓ કલકત્તાથી થોડે અંતરે આવેલા પોતાના મિત્રને ત્યાં ગયા અને તેમને આ સમાચાર આપ્યા. તર્કવાચસ્પતિને આ ઉમદા સ્વભાવવાળા ચિંતકની નમ્રતાથી અચંબો ઉપજ્યો, તેઓ બોલી ઊઠ્યા, "વિદ્યાસાગર, તમે મનુષ્ય નથી પણ મનુષ્યદેહધારી દેવ છો."

*
* *

અને હવે એક દાંભિક આગિયાની વાત.

એક માણસે પોતાનું મસ્તક ઊંચું કરીને ઝળહળતા સૂર્ય પ્રત્યે જોયું અને બોલ્યો, "આનો પ્રકાશ કેટલો બધો છે!"

"અમારા જેવા સૌ પ્રકાશવાન લોકો જેવો," એક અવાજ આવ્યો.

એ માણસે આસપાસ નજર નાખી તો એક ઝાડીના છાંયડામાં એક આગિયાને જોયો.

"હમણાં તમે બોલેલા ?"

આગિયાએ કહ્યું, "હા, મેં જ કહેલુ' કે સૂર્ય અને હું બંને પ્રકાશવાન છીએ."

એ માણસે કટાક્ષમાં કહ્યું, "ખરે જ, તમે અને સૂર્ય બંને ?"

એ આગિયાએ આત્મસંતુષ્ટભાવે દૃઢતાથી કહ્યું, "હા, સૂર્ય, ચંદ્ર, તારાઓ અને હું, બધા જ."

*
* *

ઈટાલીમાં ચાર માણસો એક પર્વત ઉપર ચડી રહ્યા હતા. એ ચારેય ભિક્ષુઓ હતા. એમની આગેવાની સંત ફ્રાન્સિસે લીધેલી હતી અને તેમની સાથે તેમના જ પંથના ત્રણ સહમાર્ગીઓ હતા. એ પર્વત વૃક્ષોથી છવાયેલો હતો અને તેની ટોચ ઉપર એક ખુલ્લી સપાટ તળ-ભૂમિ હતી. સંત ફ્રાન્સિસનો એવો વિચાર હતો કે એ જગ્યાએથી પ્રાર્થના કરવી જેથી દિવ્ય વસ્તુઓનું નૂતન દર્શન થઈ શકે. એ સંત બહુ પ્રખ્યાત હતા અને સમૃદ્ધિવાન સામંતો તેમજ ગરીબ ગામડિયાઓ તેમનો આદર કરતા હતા.

એ દિવસ ગરમીનો હતો અને રસ્તો ઊંચા ચઢાણોવાળો હતો. ફ્રાન્સિસ એટલા બધા થાકી ગયા હતા કે તેમનાથી ચાલી શકાય તેમ ન હતું. એટલે એમની સાથેના ભિક્ષુઓમાંથી એકે જઈને એક ખેડૂતને વિનંતી કરી કે ફ્રાન્સિસને સવારી કરવા માટે તે તેનો ગધેડો વાપરવા આપે.

એ ખેડૂતે તરત જ સંમતિ દર્શાવી. પછી સંતે ગધેડા ઉપર સવારી કરી અને ભિક્ષુઓ એમની સાથે સાથે ચાલવા લાગ્યાં અને એમની પાછળ પાછળ ખેડૂત ચાલવા લાગ્યો.

એ ખેડૂતે પૂછયું, "શું આપ સંત ફ્રાન્સિસ છો ?"

તેમણે કહ્યું, "હા."

"તો પછી લોકો તમને જેટલા સારા માને છે તેવા બનવા પ્રયત્ન કરો કે જેથી તેમનો વિશ્વાસ તમારામાં ટકી રહે," એ ખેડૂતે કહ્યું.

આ સાંભળીને સંત ફ્રાન્સિસને કોઈ માઠું લાગ્યું નહિ, કારણ કે તેઓ રાજા કે રંક કે ખેડૂત સૌની પાસેથી શિક્ષા ગ્રહણ કરવા તૈયાર હતા. તેઓ ગધેડા ઉપરથી નીચે ઊતરી પડયા, એ ગામડિયાને વંદન કર્યા અને પોતાને સારી શિખામણ આપવા બદલ તેનો આભાર માન્યો.

# જ્ઞાન વિજય

તેજસ્વી મહર્ષિ ભૃગુ કૈલાસ પર્વતના શિખર ઉપર બેઠા હતા અને ભારદ્વાજ એમને પ્રશ્નો પૂછતા હતા :

જગત કોણે બનાવ્યું ?

આકાશનો વિસ્તાર કેટલો ?

પાણીનું અસ્તિત્વ શાથી બની આવ્યું ? અને અગ્નિ, મરુત અને પૃથ્વીની ઉત્પત્તિ કઈ રીતે થઈ ?

સારું શું ?

આ બ્રહ્માંડને પેલે પાર શું હશે ? અને એમ ને એમ આગળ. આ બધા મોટા પ્રશ્નો હતા અને એમનો સૌનો જવાબ આપી શકે તેવા ઋષિ પણ મહાન હોવા જોઈએ !

પરંતુ ભારદ્વાજની મનોદશા એવી હતી કે જે પૂછયે જ જાય, પૂછયે જ જાય અને છતાં એને પોતાના જ્ઞાનથી પૂરતો સંતોષ ન થાય.

અને આ રીતે એક બાળક એક મહાન પ્રશ્નકર્તા હોય છે, એ હંમેશાં પૂછતું રહે છે, "આ શું છે ? પેલું શું છે ? એ વસ્તુ કઈ રીતે બનાવી છે ? વિજળીનો ઝબકારો શેનાથી થાય છે ? ભરતી કેમ આવે છે ? સોનું કયાંથી આવે છે ? અને કોલસો ? અને લોખંડ ? પુસ્તક કઈ રીતે છપાય છે ?" અને આ ઉપરાંત અનેક પ્રશ્નો.

બાળકો અને મનુષ્યો પ્રશ્નો પૂછે છે. તેઓ જવાબો પણ આપે છે. આપણે જયારે કાંઈક જાણતા હોઈએ છીએ ત્યારે આપણે પ્રશ્નોના ઉત્તર આપી શકીએ છીએ, આપણે શીખવી શકીએ છીએ, આપણે જ્ઞાનનો પ્રસાર કરી શકીએ છીએ.

આપણે શું શીખીશું ? આપણે શું શીખવીશું ? અનેક યુગો દરમ્યાન શું શું બનેલું તે બધું જાણવા માટે આપણે પ્રયત્ન કરીશું ? મનુષ્ય પોતાની જીભ વડે બોલી શકે તેવા બધા જ શબ્દો આપણે શીખી લેવાનો પ્રયત્ન કરીશું ?

મહાભારતના કાવ્યમાં પાંડવ ભાઈઓએ અને બીજા યોદ્ધાઓએ છોડેલાં વિવિધ પ્રકારનાં તીરનાં નામ આપેલાં છે : શર, બાણ, ઈશુ, સાયક, પત્રિન, કંડ, વિશિખા, નારાય, વિપથ, પ્રિશત્ક, ભલ્લ, તોમર, શલ્ય, ઈશિકા, શિલીમુખ, અંજલિક. આપણે

આ બધાં તીરનાં નામ જાણવાની કોઈ જરૂર નથી એ તો ચોક્કસ છે. અને એવી બીજી ઘણી વસ્તુઓ છે કે જે શીખવાની આપણે જરૂર નથી.

આપણે સમાચારોની વાતો કરીએ છીએ. આપણે વહાણો ડૂબવાનો, ખૂનો વિષેનો, ચોરી, મારામારી, દાવાદુવી, લડાઈઓ, આગ, નાચગાન, લગ્નો, મરણોત્તર ક્રિયાઓ અને બીજી હજાર જાતની વસ્તુઓ વિષે વિચારો કરીએ છીએ, જેમના વિષે આપણે થોડીક જ મિનિટોમાં વાંચી લઈ શકીએ અને પાછળથી ભૂલી જઈએ.

આપણે કુરાનને ખોલીએ છીએ તો આ પવિત્ર ગ્રંથનાં પ્રકરણોને મથાળે આપણે "સમાચાર" એવો શબ્દ વાંચીએ છીએ. અને આપણને તરત જ ભાંગતી સ્ટીમરો અને ખૂનો......નો ખ્યાલ આવે છે. પરંતુ ઊભા રહો. મહંમદ પયગંબરનું મગજ કાંઈ એવું ન હતું કે જે દુષ્ટ કૃત્યો કે ગપસપ કે જેમાંથી કાંઈ ઉમદા શીખવાનું ન મળે તેમાં રસ લે. એટલે આપણે "સમાચાર" નામના પ્રકરણની શરૂઆતનો ભાગ વાંચીએ :

"કૃપાનિધાન, દયાવાન અલ્લાહના નામે,
તેઓ ભેગા મળીને શું વાંચે છે?
મહાન બનાવો વિષે.
શું એમને એ બાબતમાં કાંઈ તકરાર છે?
ના, પણ તેમને જાણવાની ઈચ્છા છે.
તો ખરેખર, તેઓ જાણશે જ.
આપણે શું પૃથ્વીને એક પથારી સરખી નથી બનાવી?
અને પર્વતોને તંબુની મેખો?
તમે શું યુગ્મોમાં નહિ જન્મેલા?
અને તમને આરામ મળે તેટલા સારૂં,
શું અમે તમને ઊંઘાડયા નથી?
અને રાત્રિનો અંચળો ઓરાડયો નથી?
અને દિવસ તમારી રોટી કમાવા માટે નથી બનાવ્યો?
અને તમારી ઉપર સાત આસમાનો બાંધ્યાં નથી?
અને ત્યાં એક સળગતો દિવો મૂકયો નથી?
અને વાદળોને દાબીને પાણીના ફુવારાઓ વરસાવ્યા નથી,
કે જેથી અનાજ અને વનસ્પતિઓ સર્વસ્થળે ઊગે,
અને બગીચાઓ વૃક્ષોથી છવાઈ જાય?"

આવી રીતે એ પયગંબરે મનુષ્યોનાં હૃદયો અને મનોમાં આશાના દિપક પ્રગટાવ્યા હતા જેથી તેઓ મહાન વસ્તુઓ વિષે વિચાર કરતા થાય, જે વસ્તુઓમાં સ્થાયી સૌન્દર્ય હોય, જેમના વડે મનુષ્યોને જાણવા મળે કે જીવનનું જગત કેવું તો ઉમદા છે?

એટલે આપણે એ બાબતમાં સંમત છીએ કે આવા શબ્દો અને વસ્તુઓ અને કેટલીક જાતના સમાચારો એવા છે જે આપણે સાંભળવા લાયક નથી તેમજ બીજાને કહી બતાવવા સરખા નથી. પરંતુ બીજી બાજુ એવી વસ્તુઓ છે જે સાંભળવા લાયક અને પુનરોચ્ચાર કરવા લાયક છે, ભલે પછી તેમને શોધી કાઢવા માટે આપણે સારા પ્રમાણમાં દુ:ખ વેઠવું પડે, સમય અને શકિતનો ખર્ચ કરવો પડે.

મનુષ્યની શકિત તેના વિચારમાં છે. તેના અવયવો, અને હાથ જે આટલા બધા કૌશલ્યવાળા છે તે એના વિચારના ગુલામો છે. એ વિચાર જ એમનો નિર્ણય કરે છે અને દોરવણી આપે છે.

અને જ્યારથી માનવજાતિએ આ પૃથ્વી ઉપર વસવાટ કરવાનું પસંદ કર્યું ત્યારથી તેણે આ પ્રકૃતિ ઉપર કેટલા બધા તો વિજયો પ્રાપ્ત કર્યા છે?

આપણે શ્રી રામે સમુદ્ર પાર કર્યાની કથામાં એની શકિતનું ચિત્ર નિહાળીએ છીએ.

જ્યારે તેઓ ભારતને દરિયા કિનારે પહોંચ્યા અને જાણ્યું કે પોતાની પ્રિય પત્ની તો લંકાના ટાપુ ઉપર કેદમાં છે ત્યારે એમણે સમુદ્ર ઓળંગવાની તૈયારીઓ કરવા માંડી. એમનું લશ્કર સંખ્યાતીત હતું પણ એ બધું વાનરો અને રીંછોનું બનેલું હતું. એ બધાં કઈ રીતે એ તોફાની સમુદ્રને પાર કરી શકે?

શ્રી રામનું મન ગહન હતું, એમની વિચારશકિત તીવ્ર હતી અને એમનું હૃદય હિંમતવાન હતું.

સૌ પ્રથમ તો એમણે એ પુરાતન સમુદ્રને હળવે રહીને સંબોધન કરી કહ્યું:

"હે મહાસમુદ્ર, હું વિનંતી કરું છું કે મારા લશ્કરને પસાર થવા દે."

પરંતુ એમણે જ્યારે ત્રણ દિવસ રાહ જોઈ અને છતાં એ મોજાંઓ તરફથી કોઈ ઉત્તર ન મળ્યો ત્યારે તેમણે પોતાના ભાઈને બોલાવ્યો–

"લક્ષ્મણ, મારું ધનુષ્ય અને તીર લાવ. મનુષ્યો જેમ રેતીમાં વાવેલાં બીજનો દુર્વ્યય કરે છે તેમ મેં મારા શબ્દોનો આ સમુદ્રને સંબોધન કરી વ્યય કર્યો છે."

શ્રી રામ તો દિવ્ય વીર હતા. એમણે એક બાણ ચઢાવીને ઊંડા જળમાં છોડયું. અને એ બાણ વડે એ સમુદ્રને આગ લાગી હોય તેવી બળતરા થવા લાગી અને બધાં જળચરો ભયભીત થઈ ઊઠયાં, પછી એ દરિયાનો આત્મા બ્રાહ્મણરૂપ ધારણ કરી, હાથમાં સોનાની થાળીમાં રત્નોની ભેટ લઈ આવીને પ્રભુને પગે લાગ્યો.

એ સમુદ્રે શ્રી રામના ચરણકમળને ચુંબન કર્યું અને કહ્યું:

"હે મહાપ્રભુ, મારા પાપની માફી આપો. હું મારા બંધુઓ પવન, પૃથ્વી અને અગ્નિ સરખો ધીમો છું. એ બધાં ભારે અને ધીમાં છે અને પોતાની શકિતમાં એટલાં બધાં મગ્ન છે કે તેઓ આપના સરખા પ્રભુના સાદને પણ ઉત્તર વાળતાં નથી. આ અગાઉ એવો કોઈ વીર પુરુષ થયો નથી જેણે મને પોતાના સંકલ્પથી નમાવ્યો હોય. હું આપમાં મારા સ્વામીનાં દર્શન કરું છું, આપને જે યોગ્ય લાગે તે કરો."

પછી શ્રી રામ મૃદુ હાસ્ય કરીને બોલ્યા:

"તો મને કહે કે તારા મોજાંઓ અને તોફાનોનાં સામ્રાજ્ય ઉપર થઈને મારું લશ્કર કઈ રીતે પસાર થઈ શકે?"

સમુદ્રે કહ્યું, "આપના સૈનિકો જે પથ્થરો મારા પાણી ઉપર ફેંકશે તેમને મારા પ્રવાહો પોતાના વક્ષ:સ્થળ ઉપર ધારણ કરશે અને એ રીતે ભારત અને લંકા વચ્ચે એક સેતૂ બંધાશે.

શ્રી રામે પછી તેમના લશ્કરને કહ્યું, "આ પ્રમાણે સેતૂ બાંધો."

યોદ્ધાઓએ પોકાર કર્યો, "શ્રી રામચંદ્રજીનો જય."

પછી એ બધા વૃક્ષો અને ખડકો અને મોટી મોટી કરાડોને પણ ભાંગી લાવ્યા અને નલ અને નીલ નામના બે મહાન સ્થપતિઓ પાસે રજૂ કર્યા. અને પછી નલ અને નીલે એ લાકડાં અને પથ્થરોને એકઠાં કરીને એવી રીતે બાંધ્યાં કે જેથી તેમનો એક સઘન જથ્થો એકઠો થાય અને દરિયાની સપાટી ઉપર તરે. પછી એ લશ્કર એ સમુદ્રને ઓળંગી ગયું.

શ્રી રામ, ભારતના એક પર્વત ઉપર બેઠા અને અસંખ્ય સૈનિકોને એ સેતૂ ઉપર આગેકૂચ કરતા જોઈ રહ્યા.

જેવી રીતે શ્રી રામે સમુદ્રના આત્માને પોતાને વશ વર્તાવ્યો હતો તેવી જ રીતે મનુષ્યના વિચારો, મનુષ્યની ભવ્યતા, સમુદ્રને અને સમુદ્ર સિવાયની બીજી વસ્તુઓને જીતી શકે છે. મનુષ્ય પવનનો સ્વામી છે કારણ કે એ તેનાં વહાણોના સઢમાં પવનને વહાવે છે અને તેના જ વડે પોતાની પવનચક્કીઓ ચલાવે છે. એ હિમ અને બરફ ઉપર પણ વિજય પ્રાપ્ત કરે છે કારણ કે સાહસિક શોધકો ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના ઠરી ગયેલા પ્રદેશોમાં ગયેલા છે અને ઊંચામાં ઊંચા પર્વતો ઉપર આરોહણ કરી આવ્યા છે. એ પશુઓનો સ્વામી છે કારણ કે જે પ્રાણીઓ તેને અને તેના કુટુંબને માટે ભયજનક હોય છે– સિંહ, વાઘ, વરૂ, સાપ અને શાર્ક તેમને પણ મારી નાખે છે. એની શકિત સમુદ્ર ઉપર જરા ઓછી છે તો પણ પૃથ્વી ઉપર તો એણે પોતાની તાકત બતાવી આપી છે. અને એક બાજુ એણે પોતાને નુકસાનકારક પ્રાણીઓને દૂર રાખ્યાં

છે તો બીજી બાજુ, પોતાને ઉપયોગી એવાં પ્રાણીઓને તેણે ઉછેર્યાં પણ છે અને તેમનો વંશવેલો વિસ્તરાવ્યો છે, જેમકે બળદ, ઘોડા, ઘેટાં, હાથી, વગેરે.

પરંતુ આ સર્વ વિજયો તેને પોતાના હાથ, હથિયારો અને ઓજારો વડે મળેલા છે. અને એ હાથ, હથિયારો અને ઓજારો તેના વિચારોના સેવકો છે.

મનુષ્ય જ્ઞાન વડે વિજય પામે છે. અને એ જ્ઞાન ઉપર વિજય પ્રાપ્ત કરે છે. એ પૂછે છે અને જ્યાં લગી એને સાચું જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ ખંતપૂર્વક પૂછ્યે જ જાય છે.

ઈતિહાસ કેટલાક લોકોને વિશ્વ વિજેતાઓ કહે છે, જેમકે મહાન અલેકઝાન્ડર જેણે પશ્ચિમ એશિયા અને ઈજિપ્ત ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો, જ્યુલિયસ સિઝર જેણે ફ્રાન્સ અને ઈંગ્લૅંડ ઉપર વિજય મેળવ્યો હતો; સમ્રાટ્ બાબર જેણે ઉત્તર ભારત ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો અને નેપોલિયન કે જે અમુક સમય માટે તો આખા યુરોપનો સર્વાધીશ બન્યો હતો.

પરંતુ વિજયી બનવા માટેના બીજા માર્ગો પણ છે.

તમે પણ વિજેતા બની શકો છો. જગતમાં એવી વસ્તુઓ છે જે જાણવા અને શીખવા જેવી છે. પૂછો, શોધો, શીખો, અને વિજયી બનો. ત્યાર પછી તમે તમારી જાતને વિજેતા કહી શકશો.

# દાતા

રંતિદેવ પોતે રાજા હતો છતાં જંગલમાં એક ઝુંપડામાં રહેતો હતો. એણે પોતાનું દ્રવ્ય ગરીબ લોકોને આપી દીધું હતું અને જંગલના એકાંતમાં એ સાદું જીવન જીવતો હતો. તેના પોતાના અને તેના કુટુંબ માટેની તદ્દન જીવન જરૂરિયાતની વસ્તુઓ તેની પાસે હતી.

એક દિવસ, અડતાળીસ કલાકના ઉપવાસ પછી, એને માટે ચોખા, દૂધ અને ખાંડનું બનાવેલું થોડુંક ભોજન તૈયાર કરવામાં આવ્યું હતું.

એક ગરીબ બ્રાહ્મણ તેને દરવાજે આવ્યો અને થોડાક ખોરાક માટે માગણી કરી. રંતિદેવે પોતાના ભાતમાંથી અર્ધો તેને આપી દીધો. પછી એક શુદ્ર આવ્યો અને મદદ માગી અને રંતિદેવે જે રહ્યું હતું તેનો અર્ધો ભાગ તેને આપી દીધો.

પછી એક કૂતરાનો ભસવાનો અવાજ સંભળાયો; એ ગરીબ પ્રાણી ભૂખ્યું જણાતું હતું. એટલે જે કાંઈ બાકી હતું તે રંતિદેવે તેને ખવડાવ્યું. અને છેલ્લે એક પરિ-ત્યક્ત વ્યકિત તેને બારણે આવી અને કાંઈક સહાયની તેણે માગણી કરી. રંતિદેવે તેને દૂધ અને ખાંડ આપી દીધાં અને ઉપવાસ ચાલુ રાખ્યો.

પછી ચાર દેવો એની પાસે આવ્યા અને તેને કહ્યું— "હે રંતિદેવ, તેં જેમને ભોજન આપ્યું તે અમે હતા. અમે જ બ્રાહ્મણ, શુદ્ર, કૂતરા અને ગરીબ પરિત્યકત મનુષ્યના રૂપે આવ્યા હતા. તું અમારા સૌની પ્રત્યે સારી રીતે વર્ત્યો હતો અને અમે તારા પ્રેમાળ વિચારો માટે તારી પ્રશંસા કરીએ છીએ.

આમ, એક માયાળુ હૃદય સૌ મનુષ્યો અને પ્રાણીઓને એક કુટુંબ, એક જ માનવ સમાજ ગણે છે.

* * *

આપણે શું દરરોજ એવા મનુષ્યોને મળતા નથી કે જેઓ આપણા કરતાં કાંઈક ઓછું જાણતા હોય. આપણે તેમને ઉપયોગી નીવડે તેવી વસ્તુઓ કરી શકીએ તેમ છીએ, જેવી કે, ખોરાક, કપડાં, વ્યાયામ, કામ અને રમતગમતની બાબતમાં ઘણી વસ્તુઓ કરી શકાય છે.

જેમ ભુખ્યાને અન્ન આપવું એ આપણો ધર્મ છે તેમ અન્યને જ્ઞાન આપવું એ પણ આપણો ધર્મ છે.

એક અજ્ઞાની માણસ પોતાને જ નુકસાન પહોંચાડે છે. એ પોતાના પડોશીને પણ નુકસાન કરે છે જેમ એક ખરાબ બંસીવાદકે એક બ્રાહ્મણને દુ:ખ પહોંચાડયું હતું તેની જેમ. એ વાત કેમ બનેલી તે તમે જાણો છો?

એક દિવસ એક બ્રાહ્મણ, વનપ્રદેશમાં થઈને પસાર થતો હતો ત્યારે એક પીપળાના ઝાડમાંથી અવાજ નીકળતો સાંભળી તેને આશ્ચર્ય થયું. એ અવાજે તેને ઘણીવાર કહ્યું કે તારે તળાવમાં સ્નાન ન કરવું, સાંજે સંધ્યાવંદન ન કરવાં, દૂર ન જવું.

એટલે એ બ્રાહ્મણે બૂમ પાડી પૂછ્યું, "એવો તું કોણ છે કે જે મને, કોઈ રીતે નુકસાનકારક ન હોય તેવી વસ્તુઓ કરવાનો પણ પ્રતિબંધ કરે છે?"

"હું એક બ્રહ્મરાક્ષસ છું. મારા આગલા જન્મમાં હું એક બ્રાહ્મણ હતો અને મને સંગીત વિદ્યાનું સરસ શિક્ષણ મળ્યું હતું. પરંતુ મારી ઇચ્છા બીજા કોઈને મારું જ્ઞાન આપવાની હતી નહિ. અને હવે મને આ બ્રહ્મરાક્ષસ બનવાનો અભિશાપ મળ્યો છે અને દરરોજ મારે એક બંસીવાદકને ફરજિયાત રીતે સાંભળવો પડે છે અને એ એટલી ખરાબ રીતે બજાવે છે કે હું તમને કહી શકતો નથી. એ તો ભયંકર વસ્તુ છે મને કેટલીયે વાર થાય છે કે હું આ ઝાડની બહાર નીકળી શકું, એની બંસરી ઝૂંટવી લઈને એને કેમ બજાવવી તે બતાવું, કેવી રીતે આંગળીઓ ફેરવવી, કેવી રીતે શ્વાસ લેવો. પરંતુ મારે માટે એમ કરવું અશકય છે અને મારે એના ભયંકર સૂરોને ફરજિયાત રીતે સાંભળવા પડે છે."

હું તમને બાકીની બધી વાત અહીં કહી શકું તેમ નથી. હું ફક્ત એટલું કહીશ કે સદ્‌ભાગ્યે એક એવો માર્ગ શોધી કાઢવામાં આવ્યો જેને લઈને એ બ્રહ્મરાક્ષસને તેના આ ત્રાસમાંથી મુક્ત કરવામાં આવ્યો. પરંતુ તમે જોઈ શકો છો કે આપણી આસપાસના લોકોના બૂરાં કામ, ખરાબ કળા અને ખરાબ સંગીત વડે આપણને કેટલું બધું અસુખ થાય છે.

*
* *

જો કોઈ માણસ ભૂખ્યો હોય તો કઈ એક જ વસ્તુ વડે તેને રાહત મળે? ખોરાક. જો કોઈ માણસ તરસ્યો હોય તો એને કઈ એક જ વસ્તુ રાહત આપે? પાણી. જો મનુષ્ય અજ્ઞાન હોય તો કઈ એક જ વસ્તુથી એને સહાય મળે? જ્ઞાન.

ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી અને અજ્ઞાનીને જ્ઞાન આપવું એ સારાં કાર્યો છે.

પાંડુના પાંચ પુત્રો, પાંચ ઉત્તમ પાંડવોને એક એવા મહેલમાં ઉતારો આપવામાં આવ્યો હતો જે પહેલી દૃષ્ટિએ સરસ અને આરામદાયક લાગતો હતો. પરંતુ એને એક દુશ્મન પુરોચને બાંધ્યો હતો. એણે એ મહેલનું ભોંયતળિયું, દિવાલો અને છાપરાં સહેલાઈથી સળગી ઊઠે એવા પદાર્થનાં બનાવેલાં હતાં; અને એનો ઈરાદો એવો હતો કે એક રાતે જ્યારે પાંડવો ઊંઘતા હોય ત્યારે આગ લગાડીને એ પાંચ રાજકુમારોનો, જેમને તે ધિક્કારતો હતો તેમનો નાશ કરી નાખે.

આવી એની વૈરવૃત્તિ હતી. આ દુષ્ટ આશય બર લાવવા માટે તેણે પોતાની કળાનો ઉપયોગ એ મહેલના બાંધકામમાં અને પોતાના ચાતુર્યનો ઉપયોગ એની યોજના ઘડવામાં કર્યો હતો.

એક દિવસ એ મહેલ પાસે એક કુશળ ખાણીયો આવ્યો. એણે એ રાજકુમારોને ખાનગીમાં કહ્યું:

"તમારા એક મિત્રે મને તમારી સેવા બજાવવા માટે મોકલ્યો છે. હું એક ખાણીયો છું. મને કહો કે હું તમારી કેવી રીતે સેવા કરું. મને એક વિશ્વાસપાત્ર સાધન મારફત જાણ થઈ છે કે તમારો દુશ્મન પુરોચન પોતે જ તમને આ મહેલમાં જીવતા સળગાવી દેવાનો પ્રયત્ન કરશે."

પછી એ પાંડવોમાંથી મોટા પુત્રે એ ખાણીયાને કહ્યું:

"ભલા ભાઈ તું તારી કળાનો ઉપયોગ અહીં એક સુરંગ ખોદવામાં કર. તું અમારે માટે એવી એક સુરંગ ખોદ કે જેથી દરવાજે ચોકી હોય છતાં અમે નાસી જઈ શકીએ; કારણ કે તેં તારા પાવડા વડે જે સુરંગ ખોદી હશે અને તારા કૌશલ્ય વડે પસાર થઈ શકાય તેવી બનાવી હશે તેમાં થઈને અમે નાસી છૂટીશું."

એ મહેલના બરાબર મધ્ય ભાગે એ ખાણીયાએ ખોદકામ શરૂ કર્યું. એ ખાડા ઉપર ઢાંકવા માટે પાટીયાં અને પાટીયાંને સંતાડવા માટે ગાલીચા પાંડવોએ તૈયાર રાખ્યા કે જેથી કદાચ પુરોચન પાસે આવે તો પણ ખબર ન પડે. આવી રીતે છેતરનારને જ છેતરવામાં આવ્યો.

છેવટે એ પાંચે પાંડવોને ખબર આપવામાં આવી કે સુરંગ તૈયાર છે. એ મકાનની બહુ દૂર જંગલમાં એક સુંદર જગાએ એ દોરી જતી હતી.

એક રાતે એ રાજકુમારોએ એ મહેલને આગ ચાંપી અને પછી તેમની માતા કુંતિ સાથે તેઓ જમીન નીચેની સુરંગને રસ્તે છટકી ગયા. ત્યાં અંધારું હતું પણ સલામતિ હતી. જ્યારે બળવાન ભીમે જોયું કે તેના સાથીઓ જોઈએ તેટલી ત્વરાથી દોડી શકતા ન હતા ત્યારે એણે પોતાની માને ખભે બેસાડી, બે ભાઈઓને પોતાની કેડો

ઉપર લીધા, બેને પોતાના હાથમાં તેડી લીધા અને એવી રીતે બોજો લાદીને વણથંભ્યા પવનની જેમ નાઠો, અને મારી નાખે તેવી આગમાંથી મુક્તિ પ્રાપ્ત કરી.

પુરોચનની લુચ્ચાઈને પેલા સુરંગ ખોદનારના કૌશલ્યે ઊંધી વાળી હતી. એ સુરંગ ખોદનાર પોતે પોતાને માટે ધન પ્રાપ્ત કરવા માટે જમીન ખોદીને સંતુષ્ટ નહોતો રહ્યો. એ બીજાઓને માટે પણ ખોદતો હતો. એ પોતાના જ્ઞાન વડે બીજાઓને સહાય કરતો હતો, પોતાના વિજ્ઞાનનો એ બીજાઓને પણ લાભ આપતો હતો.

***

પૃથ્વી ઉપરના મહાનમાં મહાન માણસો પણ બધી વસ્તુઓનું જ્ઞાન ધરાવતાં નથી હોતા. આપણે એકબીજા પાસેથી બધી વસ્તુઓ શીખવી પડે છે, એક માણસે બીજા માણસ પાસેથી, એક રાષ્ટ્રે બીજા રાષ્ટ્ર પાસેથી, જગતના એક ભાગે બીજા ભાગ પાસેથી; અને દરેક રાષ્ટ્રે અને દરેક મનુષ્યે બીજાને પોતાનું જ્ઞાન આપીને રાજી થવું જોઈએ.

પશ્ચિમના દેશો, પૂર્વના દેશોમાં તેમના વિજ્ઞાન, યંત્રવિદ્યા, અર્થવિદ્યા વગેરેનું જ્ઞાન લાવે છે.

પૂર્વના દેશોએ પશ્ચિમને હંમેશાં તેનું તત્ત્વજ્ઞાન અને નૈતિક જ્ઞાન આપેલું છે.

આવી રીતે ભારતે બીજા દેશોને વેદોમાં રહેલું જ્ઞાન અને યોગ્ય માર્ગ વિષેના બુદ્ધના ઉપદેશો અને અન્ય પવિત્ર ગ્રંથોનું જ્ઞાન આપેલું છે.

એક બાળક પણ કાંઈક શીખવી શકે તેમ હોય છે. એક બાળક બીજા બાળકને મૂળાક્ષરો શીખવી શકે છે. એક બાળક બીજા બાળકને સાદી ગણતરીઓ ગણતા, ઉત્તર અને દક્ષિણ વચ્ચેનો, પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો ભેદ પારખતા, ગાંઠ વાળતાં, કોઈ રમત રમતાં, બીજ વાવતાં, વગેરે શીખવાડી શકે છે.

આપણે સૌ દાતા બની શકીએ છીએ. એક પવિત્ર ગ્રંથમાં કહ્યું છે:

" લેવા કરતાં આપવું વધુ ભાગ્યશાળીપણાનું લક્ષણ છે."

# નાટકો

# ભાવિ તરફ

સ્થાનિક રીતરિવાજો મુજબ દૃશ્યની વિગતોમાં
થોડા જેવા ફેરફારો કરી હર કોઈ દેશમાં
આ નાટિકા ભજવી શકાય.

**પાત્રો**

'તે'
કવિ
પારદૃષ્ટિ સંગીતકાર
ચિત્રકાર
સખી

[ પડદો ઊપડે છે ત્યારે 'તે' અને તેની બાળપણની
સખી સોફા ઉપર પાસે પાસે બેઠેલાં છે. ]

**તે**

તું આવી તે મને બહુ જ ગમ્યું. આપણે કેટલા બધા વખત પછી મળીએ છીએ...... મેં તો ધારેલું કે તું મને ભૂલી જ ગઈ હશે.

**સખી**

ના, ના એવું તે કદી બને? પણ હું શું કરું? તારી ભાળ જ નહોતી મળતી. તને ક્યાં શોધવી એ પણ સમજાતું ન હતું. પણ આજે તને જોઉં છું ત્યારે મને જરા આશ્ચર્ય થાય છે, હોં! તું તો હવે પરણી છે, એ તો ભારે નવાઈની વાત છે. હું તો એ માની જ શકતી નથી.

**તે**

તને શું, મને પોતાને પણ ઘણું આશ્ચર્ય થાય છે.

**સખી**

સમજું છું......તે વખતે તો તું લગ્ન વિષે ખૂબ જ કટાક્ષો કરતી હતી. તું કહેતી હતી કે લગ્ન એ તો 'પેદાશ અને વપરાશની એક સહકારી મંડળી' છે, મને એ

૧૬...

બધુંયે યાદ આવે છે. જીવનમાં તને જ્યાં જ્યાં માનવ પોતાની પશુતાનું પ્રદર્શન કરતો નજરે પડતો, માણસમાં રહેલો પશુ જ્યાં જ્યાં પ્રગટ થતો દેખાતો ત્યાં ત્યાં, એ બધું જોઈ જોઈને, તને કેવી તો ઘૃણા થતી હતી. તું કેવા તો ભાવથી કહેતી, કે બાપુ, આપણે માણસો જાનવર ન થઈ રહીએ, આંચળવાળાં પ્રાણી ન બની રહીએ તો બહુ સારું.

તે

હા, તારી વાત સાચી છે. સમાજની રૂઢિઓની મશ્કરી કરવામાં મને હંમેશ મજા આવી છે. લોકોના ચાલુ વિચારોની ઠેકડી કરવામાં મને બહુ જ ગમ્મત પડી છે. પણ તું એટલું તો જરૂર કબૂલ કરીશ કે સાચા પ્રેમ સામે મેં કદીય કશું પણ કહ્યું નથી. વ્યક્તિઓ વ્યક્તિઓ વચ્ચે અંતરનું ગહન સામ્ય હોય અને તેમાંથી તેમની વચ્ચે પ્રેમ જન્મે, એ પ્રેમમાંથી તેમની વચ્ચે વિચારોની અને ભાવનાની એકતા જન્મે એ સામે મારે કદી પણ વિરોધ રહ્યો નથી. ઊલટું, હું પોતે જ હંમેશાં એક પરમ ભવ્ય પ્રેમનું સ્વપ્ન સદાય સેવી રહી છું. હું તો ઝંખતી રહી છું, કે જગતમાં વ્યક્તિઓ સાથે મળીને એક પરમ પ્રેમનો આનંદ માણે, એ પ્રેમમાં લેશ પણ પશુભાવ ન હોય. મેં ઝંખ્યું છે કે આ સ્થૂલની ભૂમિકા ઉપર પણ, જગતના સર્જનની મૂળ ક્ષણે જે પરમ પ્રેમ પ્રગટ થયો હતો તે જ પ્રેમ પાછો અહીં પ્રગટ થાય. આવું હતું મારું પ્રેમનું એક મહા સ્વપ્ન. એ સ્વપ્નને સાચું કરવાની શોધમાં મેં લગ્નનો સ્વીકાર કર્યો. પણ હવે જોઉં છું કે એ અનુભવ બહુ સુખી નથી નીવડ્યો. મારું અંતર તો કેટલીય આતુરતાથી, સાચા ભાવથી પોતાનો પ્રેમ અર્પવા તલસી રહેલું છે. પણ મારા પ્રેમને એણે ઝંખેલો પ્રેમ જડ્યો નથી.

સખી

અરે રે!

તે

ના, ના. આ કહું છું તે દયા ઉપજાવવા નથી કહેતી. મારે દયાની જરૂર નથી. હું જાણું છું કે પ્રેમ વિષેનું મારું સ્વપ્ન અત્યારના જગતમાં સિદ્ધ બને તેમ નથી. એ સ્વપ્ન સિદ્ધ થાય તે પહેલાં તો માનવ સ્વભાવે ઘણું ઘણું પલટાઈ જવું પડશે! હશે, પણ એટલું તો ખરું જ કે અમે બંને—હું ને મારા પતિ ખૂબ સરસ મિત્રો તો છીએ જ. પણ એમ છતાંયે એ વાત પણ છે કે અમને પોતપોતાના અંતરમાં એકલતા તો લાગે છે જ. હા, અમને પરસ્પર માન છે, એકબીજાને અમે પૂરેપૂરાં અનુકૂળ રહીએ છીએ. એને લીધે અમારા જીવનમાં સુમેળ પણ છે, અને તેથી જીવન સાવ ભારરૂપ નથી લાગતું. પરંતુ એને કાંઈ સુખ તે થોડું જ કહેવાય?

સખી

ઘણા લોકોને માટે તો કદાચ એટલી વસ્તુ પણ ઘણું સુખ ગણાય.

તે

એ સાચું, પણ મને તો કદી કદી જીવન ખૂબ જ ખાલી ખાલી લાગે છે! અને એ અભાવને પૂરવા માટે જ મેં આ કામ ઉપાડયું છે. અને એ કામ ખરેખર અદ્‌ભૂત છે. દુ:ખી માનવોનાં દુ:ખો હળવાં કરવાં, માનવતાની શકિતઓને જગાડવી, માનવજાતિને તેના સાચા લક્ષ્યનું દર્શન કરાવવું, માનવતાને તેનું રૂપાંતર કરી આપવું–આ મારું આજે મને બહુ પ્રિય થઈ પડેલું કાર્ય છે. એની પાછળ આજે મારી બધીયે શકિત હું રેડી રહી છું.

સખી

મને લાગે છે કે તારા જીવનમાં કોઈ અતિ મહાન, અતિ અલૌકિક વસ્તુ કાર્ય કરી રહી છે. મને પોતાને એ વસ્તુ હજી સ્પષ્ટ દેખાતી નથી અને એટલે એ મને જરા અગમ્ય પણ લાગે છે.

તે

હા, એ અગમ્ય ચીજની બધીયે વાત મારે તને કહેવી છે, પણ બધું વિગતવાર માંડીને કહેવું પડશે. એ બધું કહેવામાં થોડો વધુ વખત પણ લાગશે. કહે, એ માટે હું તારે ત્યાં જ આવું તો?

સખી

એ તો બહુ જ સારું થાય. મને ખૂબ જ આનંદ થાય. તો બોલ, કયારે આવીશ? આજે આવીશ?

તે

હા, આજે જ આવું. હું જોઉં છું કે અમારા જીવનમાં એક અદ્‌ભુત વસ્તુ અમારી આગળ પ્રગટ થઈ રહી છે, અમારા જીવનને દોરી રહી છે. એ વિષે વાત કરતાં મને બહુ જ આનંદ થાય છે. પણ હું થોડી વાર પછી નીકળીશ. હમણાં મારે થોડુંક કામ છે. મારા પતિ હવે ફરીને પાછા આવવાની તૈયારીમાં છે. તે પહેલાં તેમને માટે મારે થોડી તૈયારી કરી રાખવાની છે. એ આવીને કામે બેસી જાય પછી હું છુટ્ટી છું. એ પછી હું તારે ત્યાં આવીશ.

સખી

બહુ સરસ. તો હું જાઉં ત્યારે.

(પડદા પાછળના બારણા સુધી તે સખીને વળાવી આવે છે. ત્યાંથી પાછી ફરીને તે લખવાના ટેબલ પાસે જઈ ત્યાં થોડા કાગળો, લખવાની સામગ્રી વ્યવસ્થિત ગોઠવે છે. ટેબલ ઉપર ફૂલદાનીમાં થોડાં ફૂલ મૂકે છે અને બધુ બરાબર છે કે નહિ તે જોતી હોય તેમ બધી બાજુએ નજર નાખી લે છે. એ ક્ષણે બારણું ઊઘડવાનો અવાજ સંભળાય છે.)

તે

લો, એ આવી ગયા. (કવિ પ્રવેશે છે. તેના તરફ પ્રેમપૂર્વક જતાં) આવો. ફરવામાં તેના જેવું જ હોય છે.

**કવિ**

(શૂન્ય મને) હા, આનંદ રહ્યો. આભાર. (એક ખુરશી ઉપર તે પોતાની હૅટ મૂકે છે) આજે ફરતાં મને મારા કાવ્યનો અંત જડી આવ્યો. હું ધારું છું કે ખુલ્લી હવામાં થોડું હરવા ફરવાનું રાખ્યું હોય તો પ્રેરણાને વેગ જરૂર મળે. જો ત્યારે એ કાવ્યની સમાપ્તિ હવે આ રીતે બને તો ઘણું સરસ થાય. કાવ્યના છેવટના ભાગમાં હું હવે એક વિજયગીત મૂકીશ. માનોને કે મારી આ રચના એક વિજયસ્તોત્ર જ બની રહેશે, માનવની એક યશોગાથા બની રહેશે. આ પૃથ્વી ઉપર માનવે પોતાનો વિકાસ સાધ્યો છે, તેણે પોતાના મૂળ સ્થાનનું જ્ઞાન મેળવ્યું છે. એ જ્ઞાનમાંથી તેને પોતાની સર્વ શકિતઓનું ભાન જાગ્યું છે, અને એમાંથી એ શકિતઓને સિદ્ધ કરવાનું બળ મળ્યું છે. માનવના જીવનપંથ ઉપર એકત્વનો પ્રકાશ પથરાઈ રહ્યો છે. એ આનંદમય પ્રકાશ હેઠળ માનવે પૃથ્વી ઉપર અમરતાને ઊતારવા માટે કૂચ આદરી છે. આમ, એ આખી રચના એક ઘણી સુંદર કૃતિ બની જશે, એક સાચી વિશ્વભાવભરી રચના બની રહેશે, નહિ? અને હવે એ વખત આવી ચૂકયો છે કે જયારે કળાએ પોતે માત્ર વિરૂપતાની અને પરાજયની જ ગુણગાથા ગાવાનું કામ મૂકી દેવું પડશે...કવિતા, ચિત્ર, સંગીત—એ સર્વ કળાઓએ હવે કેવળ સૌન્દર્યનું જ ગાન ગાવું જોઈએ, વિજય અને આનંદનું જ સ્તોત્ર ઉચ્ચારવું જોઈએ, પોતાના એ ઉદ્ગારો દ્વારા કળાઓએ ભાવિ સિદ્ધિઓનો માર્ગ ખોલી આપવો જોઈએ, એક નવા જગતના આગમનનો પંથ મોકળો કરી દેવો જોઈએ. એ નૂતન જગતમાં અસત્ય નહિ હોય, દુ:ખ નહિ હોય, કુરૂપતા નહિ હોય, મૃત્યુ નહિ હોય. એવો સમય આવશે ત્યારે કળાઓ માટે સોનેરી દિવસ ઊગશે...પણ એ નથી થયું ત્યાં સુધી આહ, હમણાં તો માનવના નસીબમાં કેવળ યાતનાઓના જ ભંડાર છે. માણસે અત્યારે તો કેવળ સહન કરવાનું જ છે. ઓહ, કેવાં દુ:ખો, કેવી તો પીડાઓ, કેવી તો એકલતા...ભયંકર, ભયંકર! અને હરેક જણે પોતાનો બોજ પોતે જ ઊઠાવવાનો છે, તમે ઈચ્છો કે ન ઈચ્છો, તમારી શકિત હો કે ન હો. (વિચારમાં ગરક થઈ જાય છે.)

**તે**

(કવિની પાસે સ્નેહપૂર્વક જઈ તેના ખભા ઉપર પોતાનો હાથ મૂકતાં)

વારું, હવે કામ શરૂ કરો. ઉદાસીનતાનું ઉત્તમ ઓસડ એક જ છે, કામ. લો, ત્યારે તમારી પ્રેરણાની ગોદમાં તમને હવે મૂકી દઉં છું. મારે થોડું બહાર જવાનું છે. મારી બહેનપણીને ત્યાં આજની બપોર ગાળવાની છું. આજે એની સાથે કેટલીક વાતો કરવાની છે. આપણા જીવનને દોરતા અદ્ભુત પ્રકાશ વિષે એને મારે કંઈક કહેવાનું છે. હા, અને અમે પેલા ગ્રંથમાંથી પણ થોડુંક વાંચીશું. એ બધી બાબતોનું ચિંતન-મનન કરવામાં પણ અમને બંનેને ઘણો આનંદ પડે છે. જો કે એ વિષયો સામાન્ય માણસોના મનને તો ખૂબ જ મૂંઝવી દે તેવા અઘરા છે. તેમાં વળી આ સ્ત્રીઓ કેવી

રીતે રસ લઈ શકે એ પ્રશ્ન ઘણાને થાય પણ ખરો. લોકોને મન તો એમ જ છે કે સ્ત્રીઓ તો માત્ર કપડાંલત્તાંની વાતો કરી શકે... અને એ સાવ ખોટું પણ નથી જ. ઘણીએક સ્ત્રીઓ એવી છીછરી પણ છે જ, કંઈ નહિ તો દેખાવમાં તો એવી હોય છે જ. પણ ઘણી વાર એવી દેખાતી છીછરી વૃત્તિની પાછળ પણ દુ:ખી હૃદય છુપાયું હોય છે. એ છીછરાપણું સ્ત્રી એક બુરખા તરીકે ધારણ કરતી હોય છે, પોતાની અંદરનો ઘણો ઘણો અસંતોષ ઢાંકી રાખવા માટે. ખરેખર, જીવન કેટલું દુ:ખી છે! આવી તો કેટલીયે સ્ત્રીઓ મારી જાણમાં છે. સાચે જ, એમના તરફ આપણે દયા રાખવાની છે. બિચારાં!

### કવિ

સાચેજ. સ્ત્રીની સ્થિતિ ખૂબ જ દયાજનક છે. જગતમાં લગભગ એકેએક સ્ત્રી નિરાધાર જેવી છે. જીવનમાં તેને જે રક્ષણ મળવું જોઈએ તે તેને નથી હોતું. જીવનના તોફાની સાગરમાં નાજૂક નૌકા જેવી સ્ત્રી અથડાતી કુટાતી ભટકે છે. એ તોફાનની સામે રક્ષણ આપનારી બંદરગાહ એને માટે કયાંય નથી. સ્ત્રીની પાસે એવું જ્ઞાન નથી, સ્ત્રીને એવું શિક્ષણ નથી, કે જેથી તે પોતાની રક્ષા કરી શકે.

### તે

સાચું છે. અને વળી એમ પણ છે કે જે સ્ત્રી ઘણી ઘણી બળવાન હોય છે તેને પણ જીવનમાં કૈંક ઊંડી ઊંડી ભૂખ તો રહેલી જ હોય છે. જગતની સમર્થમાં સમર્થ સ્ત્રીને પણ એક એવો સ્નેહ જોઈતો હોય છે કે જે તેને રક્ષણ આપી રહ્યો હોય. તેણે પણ જીવનમાં કોઈ એક એવી શકિતની વાંછના રહે છે કે જે એક સર્વશકિતમાન જેવી શકિત હોય, જે એના ઉપર છત્ર બનીને ઝૂકી રહેતી હોય, પોતાની હૂંફાળી મધુરતા વડે આવરી લેતી હોય. સ્ત્રી જયારે પ્રેમ ઝંખે છે ત્યારે સાચેસાચ આવું ઝંખતી હોય છે. એવા પ્રેમ મેળવવાનું જેના ભાગ્યમાં લખાયું હોય તેનું જ જીવન કૃતાર્થ બને છે. જીવનમાં એવો પ્રેમ મળતાં સ્ત્રીની સર્વ આશાની પૂર્તિનાં દ્વાર ખૂલે છે, જીવનમાં તેને કંઈક શ્રદ્ધા બેસે છે. એવો પ્રેમ ન મળે ત્યાં સુધી સ્ત્રીનું જીવન એક સુકકા રણ જેવું જ હોય છે. અને એ શુષ્કતા, આહ, સ્ત્રીના હૃદયને કેવી શેકી નાખે છે, કેવી સૂકવી નાખે છે!

### કવિ

ઓહ, આ બધું તું કેટલું સરસ રીતે કહે છે. જાણે કે તને પોતાને જ આ સ્થિતિનો પ્રબળ અનુભવ થઈ રહ્યો છે. જરૂર, મારું હવેનું સ્ત્રીશિક્ષણ વિષે જે પુસ્તક તૈયાર થવાનું છે તેમાં આ વસ્તુ હું જરૂર મૂકીશ. ચાલો ત્યારે, હું હવે કામે બેસી જાઉં.

### તે

હા, અને હું પણ હવે જાઉં. લખો, ખૂબ સારું સારું લખો. (એક પુસ્તક લઈ બહાર જાય છે.)

### કવિ

(ટેબલ પાસે જઈને બેસે છે. પોતાના કામ માટેની બધી સામગ્રીને તૈયાર રાખેલી જુએ છે.) આ કેટલી કાળજી છે, પ્રેમળ મધુર, સદાયની, રોજરોજની. એની મધુરતા, એની કાળજી, એમાં કદી પણ ચૂક નથી. હું એને જોઉં છું, અને મને એક પ્રકાશનાં દર્શન થાય છે. એનામાંથી જાણે કે એક પ્રેમળતા નીતરી રહી છે, એક બુદ્ધિપ્રભા વિસ્તરી રહી છે. એ પ્રેમળતા, એ બુદ્ધિપ્રભા એની આસપાસનાં સૌ કોઈ ઉપર પથરાઈ રહી છે. સૌ કોઈને તે એક વિશાળ જીવન તરફ લઈ જઈ રહી છે. ખરેખર, એને જોઈને હું મુગ્ધ બનું છું, એના પ્રતિ મને પરમ માન પ્રગટે છે...પણ...પણ, આ પ્રેમ નથી...પ્રેમ! આહ, એ કોઈક જુદી વસ્તુ છે. હા, એ તો મારું હજી એક સ્વપ્ન છે, કેવું સ્વપ્ન! શું એ કદીયે સાચું પડવાનું છે? (કોઈ એક ઉત્તમ કંઠમાંથી ગવાતું સંગીત સંભળાવા લાગે છે.* કવિ ઝડપથી ઊઠે છે અને ખુલ્લી બારી પાસે જઈને

---

* ઓ નીલ ગગનની ચાંદની,
અયિ હૃદય-મન-મોહિની!
તવ વરસો અમરત ધારા–
આ જાચે સમદર ખારા,
આ જાચે ધરતી આરા.

અયિ સમસિંધુ ઉર હારિણી,
ઓ ગગનગામી ગિરિશાયિની,
તવ ચરણ સ્પર્શની આતુરા
આ જાગે કુંજ કદંબની.
ઓ નીલ ગગનની ચાંદની.

અયિ ભુવન ભુવન દગ નંદિની,
ઓ દિગ દિગંતર ગામિની.
તવ જ્યોતિ-વર્ષણ ઝંખતી
આ ઝૂરે એકલ યામિની.
ઓ નીલ ગગનની ચાંદની.

અયિ કમલ મૃદુદલ હાસિની,
ઓ શિવલલાટ નિવાસિની,
તવ પરમ સ્નેહલ જાહ્નવી
અવતાર ભૂતલ પાવિની.
ઓ નીલ ગગનની ચાંદની.

(દરબારીના સૂરોમાં) – સુન્દરમ્

ઊભો રહે છે.) શો કંઠ છે, અદ્‌ભૂત! (સંગીત પૂરું થાય ત્યાં સુધી તે શાંતિથી સાંભળ્યા કરે છે. અંતે એક નિ:શ્વાસ નાખી તે ટેબલ તરફ જવા લાગે છે ત્યાં બારણા ઉપર ટકોરો સંભળાય છે.) કોણ? (જઈને બારણું ખોલે છે. ચિત્રકાર પ્રવેશે છે.)

**કવિ**

અરે વાહ! સુપ્રભાત, આવ આવ દોસ્ત, શા શુભ સમાચાર છે?

**ચિત્રકાર**

એક વાત કરવા આવ્યો છું. હું બજારમાં નીકળ્યો હતો ત્યાં રસ્તામાં જ તારી પત્ની મળી. મને કહ્યું કે જાઓ, કવિ યજ્ઞશાળામાં બેઠેલા છે. એટલે હું આવી ચડયો છું.

**કવિ**

બહુ જ સારું કર્યું. હા, તું કહે છે તેવી યજ્ઞશાળામાં જ છું. ભલે પધારો. ચાલ, તો કહે તારી વાત, એકદમ. શું છે? ચિત્ર અંગે કંઈ છે?

**ચિત્રકાર**

ના, આજે ચિત્રની વાત નથી. એ વળી કોઈ બીજી વાર. અત્યારે તો સંગીતની, એક સંગીતકારની વાત લાવ્યો છું. (કવિ વધુ ધ્યાનપૂર્વક સાંભળે છે.) ગઈ કાલે સાંજે મારા મિત્રોને ત્યાં સંગીતનો એક જલસો હતો. એમાં એક સંગીતકાર બાઈનું સંગીત સાંભળવા મળ્યું. શું કહું ભાઈ, સાચ્ચી, ઉત્તમ કલાકાર છે. અને લાગે છે કે એ તારી પડોશમાં જ રહે છે. (કવિને આશ્ચર્ય થતું લાગે છે. તેને વાતમાં રસ વધવા માંડે છે.) તું એને ઓળખે છે ખરો?

**કવિ**

ના, સીધો પરિચય તો નથી. પણ મેં એને અહીંથી ઘણી વાર ગાતાં સાંભળી છે. સાચ્ચે જ, કંઠ તો ઘણો અદ્‌ભુત છે. એ ગાય છે અને મારામાં કંઈ કંઈ સંવેદન જાગે છે. જાણે કે જીવનનો એકેએક તાર રણઝણી ઊઠે છે. એનો કંઠ સાંભળ્યો છે ત્યારથી જ મને થતું રહ્યું છે કે જાણે હું, એને ઓળખું છું, જાણે કે કોઈ જૂના જૂના કાળમાંથી એક પડઘો આવી રહ્યો છે. હા, લગભગ છએક માસથી એ કંઠ હું સાંભળતો રહ્યો છું. મારા કામની અંદર એ કંઠ જાણે એક પ્રેમાળ સાથી બની ગયો છે. એ સંગીત જાણે કે મારા કામમાં એક મધુર સાથ પૂરી રહ્યું છે. હા, મને પણ ઘણી વાર થયું છે કે આ સુંદર કંઠવાળી વ્યકિતનો પરિચય થાય તો કેવું સારું!

**ચિત્રકાર**

લો, એ તો ઘણું જ સરસ થયું. તો કાલે મને એની સાથે પરિચય થયો છે. બહુ સારી વ્યકિત દેખાય છે. અમે બહુ બહુ વાતો કરી. તારી કવિતા તો એ ખૂબ ઉત્સાહથી

વાંચે છે. એનાં એણે વખાણ પણ બહુ જ કર્યાં. વળી એણે પોતાની કથની પણ કહી સંભળાવી. એણે કહ્યું, જીવનમાં એને કોઈનો આધાર નથી. પોતે એકલી જ છે. નિર્વાહનો પ્રશ્ન પણ કદી કદી વિકટ બની જાય છે. પણ એને એક સ્વપ્ન છે કે એક દિવસ પોતે કૉન્સર્ટોમાં ગાતી થઈ જશે. મેં એ સાંભળ્યું અને તરત જ મને તારો વિચાર આવ્યો, તારા સંગીતકાર મિત્રો યાદ આવ્યા. તું કેવો ઉદારદિલ છે તે તો હું જાણું જ છું. એટલે મેં પોતે જ એને કહ્યું કે તારે વિષે હું મારા એક મિત્રને વાત કરીશ અને એમની મારફતે તે જાણીતા સંગીતકારોના પરિચયમાં આવી શકે તો તે માટે કંઈક કરવા કહીશ, અત્યારે હું એ માટે જ આવ્યો છું.

**કવિ**

ઉત્તમ. એને સહાય કરવામાં મને જરૂર આનંદ થશે. તો કહો, તમે લોકોએ હવે શી યોજના વિચારી છે?

**ચિત્રકાર**

યોજના એમ છે કે તું હા પાડે તો હું હમણાં જ તારી સાથે એનો મિલાપ કરાવી આપું. બહુ દૂર જવાનું નથી. તું કહે તો એને હમણાં જ લઈ આવી શકું છું.

**કવિ**

ભલે. જા, લઈ આવ એને. હું બેઠો છું. (ચિત્રકાર જાય છે.)

**કવિ**

(બેચેન બની આંટા મારવા લાગે છે.) ખરેખર, કેટલું બધું વિચિત્ર!... જગતમાં કશું અકસ્માત જેવું છે જ નહિ. હરેક વસ્તુ કાર્યકારણના નિયમ મુજબ જ બને છે. માત્ર એ કારણો ઉપર આપણો કંઈ કાબૂ નથી હોતો એ જ મુશ્કેલી છે. શી ખબર, જીવનમાં અંતરનું સામ્ય શું શું નહિ કરી શકતું હોય?... ખરેખર, આ વીણાનો સ્વર જેટલો સુંદર છે એવી જ સુંદર એ પોતે પણ શું હશે? લો, એ લોકો આવી પણ ગયાં. (ખાલી વાસી રાખેલું બારણું બહારની બાજુથી ધકેલાઈને ખૂલે છે). ઓહ, શું સૌન્દર્ય છે!

(પારદૃષ્ટિ સંગીતકાર મંદમંદ હસતી પ્રવેશે છે. તેની પાછળ ચિત્રકાર આવે છે.)

**ચિત્રકાર**

આ મારા મિત્ર, જાણીતા કવિ, તમે જેમનાં ખૂબ વખાણ કરો છો તે.

**કવિ**

બહુ આનંદ થયો. અને હું પણ કહી શકું હું પણ તમારા કંઠનો મહાપ્રશંસક છું. તમારો કંઠ એક પૂર્ણ કળા સરજી રહે છે.

### પારદૃષ્ટિ સંગીતકાર

એ તો આપની કૃપા છે, મહાશય! આપની ઘણી જ આભારી છું. પણ આપની મારે ક્ષમા માગવાની છે, કશા જ ઉપચાર વિના આવી ચડી છું. પણ આપણે તો નજીક નજીકનાં જ પાડોશી છીએ આપણે મળીએ છીએ તો આજે જ, પણ તે પહેલાંયે હું આપને ઓળખું છું. મેં આપને ઘણીયે વાર આપની બારી પાસે ઊભા રહી મારું સંગીત સાંભળતા જોયા છે. અને હું ગાઈ રહેતી ત્યારે આપ જે તાળી પાડતા તે પહેલાં પહેલાં તો મને ગમતું પણ નહોતું. મને થતું કે આ તો આપ મારી મશ્કરી જ કરો છો.

### કવિ

ભારે ભૂલ થઈ એ તો! નહિ નહિ, એ તો મારી પ્રસન્નતા જણાવવાને જ હું એમ કરું છું. તમારા તરફથી મને આ જે કલારસ મળે છે તે માટે એ મારા આભારની અભિવ્યકિત જ છે.

### ચિત્રકાર

લો, ત્યારે, મારું કામ હવે પૂરું થયું. હું જઈશ હવે. મારાં ચિત્રોના વેપારીને મારે મળવા જવાનું છે. આહ! બડો ઠગ છે, ભાઈ! આજની ફેશનના નામે તે મારી પાસે એવાં તો અર્થહીન ચિત્રો કરાવવા માગે છે કે... પણ હું એનું કહ્યું લેશ પણ નથી કરવાનો.

### કવિ

હા, એમ જ કરવું જોઈએ. એવી વેપારી વૃત્તિનો સખત વિરોધ કરવો જોઈએ. બહાદુરીથી એની સામે થજે. આજના યુગની રસવૃત્તિ હીન બની ગઈ છે, લોકો કળાના એક મિથ્યાભાસમાં લપસી રહ્યા છે. અને એ વિકૃતિ આપણા આજનાં સર્વ કલાકારોમાં પણ ફેલાઈ રહી છે. એ સડો જીવનનાં સર્વ ક્ષેત્રોમાં ફેલાઈ રહેલો છે. એને આપણાથી લેશ પણ પ્રોત્સાહન ન અપાય.

### ચિત્રકાર

સાચ્ચું, સાચ્ચું. દોસ્ત. હુ જાઉં છુ આજે મને સત્યને ખાતર લડી લેવાની એક નવી હિંમત મળી છે. જાઉં ત્યારે, જય જય!

### કવિ અને પારદૃષ્ટિ સંગીતકાર

જય જય!

### કવિ

(સોફા તરફ હાથ કરીને) આવો, બેસો.

**પારદષ્ટિ સંગીતકાર**

(બેસીને) તો આપ મને થોડાક લોકોનો પરિચય કરાવશો અને મારું સંગીત સંભળાવવાની તક મેળવી આપશો, એમ માનું ને?

**કવિ**

અવશ્ય. અહીંના એક મહાન સંગીતદિગ્દર્શક મારા મિત્ર છે. હું માનું છું કે તમારા જેવી શકિતશાળી વ્યકિત માટે બધાં જ બારણાં સહેલાઈથી ખૂલી જશે.

**પારદષ્ટિ સંગીતકાર**

એમ થાય તો મને ઘણી મોટી મદદ મળી રહે. આપની હું આભારી રહીશ.

**કવિ**

ના, ના, મારો આભાર માનવાનો ન હોય. (આવીને તેની પાસે બેસે છે.) તમને કયાં ખબર છે કે તમે મને કેટલો બધો આનંદ આપેલો છે...તમે નથી જાણતાં કે તમારા કંઠની ઉષ્મા મારા નિત્યના કામમાં કેવો તો સુખદ સાથ આપી રહેલી છે. તમારે લીધે મારી કેટલીયે ક્ષણો મહા સુખમાં, મહા આનંદમાં વીતી છે. એ બધા માટે ઉપકાર તો ઊલટો મારે માનવાનો રહે છે.

**પારદષ્ટિ સંગીતકાર**

આ તો આપની ઘણી કૃપા થઈ. (પોતાની આસપાસ નજર નાખે છે અને પછી કવિ તરફ સ્મિતપૂર્વક વળે છે.) કેવું વિચિત્ર છે, અહીં જાણે કે મને આ બધું જ પરિચિત લાગે છે, આ બધી વસ્તુઓ તો નહિ, પણ આ અહીંની હવા, અહીંનું આ વાતાવરણ મને ખૂબ જ નિકટનું, પરિચિત લાગે છે. મારી ધૃષ્ટતા થતી હોય તો ક્ષમા કરજો, પણ મને જાણે એવું લાગે છે કે હું મારા જ ઘરમાં બેઠી છું, જાણે કે હું સદાય અહીં જ રહેતી આવી છું. મને એમ પણ થાય છે કે જીવનમાં હવે મને બધું જ સુખ મળી આવશે.

**કવિ**

એમ બને તો તેનો સૌથી પ્રથમ આનંદ મને જ થશે.

**પારદષ્ટિ સંગીતકાર**

(થોડીક શાંતિ પછી) અને આપને એક મજેદાર વાત પણ કહેવા જેવી છે. આ શહેરમાં હું લગભગ છ માસથી આવીને રહી છું. મારી માનું મૃત્યુ થયું, અને પછી મારા નિર્વાહની શોધમાં હું આ બાજુ નીકળી આવી. અહીં આવીને એક નાનકડું મકાન શોધવા નીકળેલી. અને એ શોધમાં ઘણાં ઘણાં મકાનો જોવા મળેલાં. કોઈમાં અમુક ખાસ સગવડ હોય તો કંઈક અગવડ પણ હોય જ. એમ કરતાં કરતાં

છેવટે મેં આપની પાસેનું જ મકાન પસંદ કર્યું. એમાં કોઈ વિશેષ સગવડ તો નહોતી જ, પણ એ મકાન જોઈને મને થયેલું કે અહીં હું સુખી થઈશ, જીવનમાં કોઈ ઉત્તમ વસ્તુઓ મને અહીં આવી મળશે...વિચિત્ર કહેવાય, નહિ?

### કવિ

(વિચારપૂર્વક) હા, વિચિત્ર જ કહેવાય...ઘણું વિચિત્ર...(સ્વગત) અંતરની સમાનતા તે શું આ જ, શી ખબર? (પારદષ્ટિ સંગીતકારને) અને જુઓ, આ પણ એવું જ આશ્ચર્યજનક છે, કે જે દિવસથી તમારો કંઠ મને પ્રતિદિન સાંભળવા મળ્યો છે, તે વખતથી મને ઘણી ઘણી શાંતિ, ઘણી ઘણી તૃપ્તિ રહેવા લાગી છે. અને તે પછી તમને મળવા માટે મને બહુ જ ઉત્કંઠા રહી છે.

### પારદષ્ટિ સંગીતકાર

મેં તો આપને માત્ર મહાલેખક તરીકે જ જાણ્યા હતા. આપની શકિત માટે મને અપાર માન રહ્યું છે, પણ એવી તો મને સ્વપ્ને પણ આશા નહોતી કે હું આપને એક દિવસ મળી શકીશ. જીવનમાં કેટલુંક તો ખૂબ જ અસાધારણ અને અગમ્ય જેવું હોય છે...હા, આપણને એ બધાંનાં કારણોની ખબર નથી હોતી એટલે જ કદાચ એ અગમ્ય કહેવાય. એ કારણો જાણી શકાય તો પછી બધુંયે સરળ અને સ્વાભાવિક જેવું જ લાગે. જુઓને, આ ક્ષણે હું પોતે પણ એક આરામની અને શાંતિની લાગણી અનુભવી રહી છું. અને એ લાગણી મને ખૂબ જ બળ આપી રહી છે. અને આજે તો મારે જીવનમાં એવા બળની, પ્રોત્સાહનની ઘણી જ જરૂર છે...આપ કયાં નથી જાણતા કે એક અનાથ સ્રીને માટે જીવન કેવું તો વિષમ હોય છે. ન કોઈની મદદ, ન કોઈનું રક્ષણ, એકલે હાથે પોતાનો નિર્વાહ કરવાનો હોય, સંકટના સમયે કોઈના તરફ પણ આધાર માટે વળવાનું ન હોય એ સ્થિતિ કેવીક તો કપરી હોય છે! પરંતુ આપને મળ્યા પછી મને થાય છે કે હવે મારી બધીયે મુસીબતો ઊકલી જશે.

### કવિ

હા, મારાથી બનતી બધી જ મદદ તમને કરીશ, નિશ્ચિત રહેજો. તમારા જેવાં કળાકાર માટે, તમારા જેવી વ્યકિત માટે કંઈ પણ કરી શકું તો મને ઘણો જ આનંદ થાય. ખરું જોતાં એ તો મારું કર્તવ્ય જ ગણાય.

### પારદષ્ટિ સંગીતકાર

(એક સ્વાભાવિક ઉમળકાથી કવિનો હાથ પોતાના હાથમાં લઈ લેતાં) આપનો બહુ જ આભાર. મને થાય છે કે જાણે આપણે હમેશાં આ રીતે, એક બીજાની પાસમાં બેઠેલાં છીએ. આપણે જાણે કે મિત્રો છીએ, જૂનાં સુપરિચિત મિત્રો છીએ... સાચે જ આપણે મિત્રો છીએ, નહિ?

કવિ

( ગંભીરભાવે ) હા, મિત્રો છીએ, સાચે જ.

પારદૃષ્ટિ સંગીતકાર

મને અહીં બહુ આરામ લાગે છે. એટલો બધો કે મારાથી શિષ્ટાચાર પણ ભૂલી જવાય છે. અને આ વળી જુઓ, ભૂલવામાં કંઈ બાકી રહેતું હોય તેમ, આ મારી આંખમાં ઊંઘ ઘેરાવા લાગી છે. મારા ઘરમાં હું ઊંઘી શકતી નથી. કેટલાય વખતથી એ પીડા ઊભી થઈ છે. સૂવા જાઉં છું ને મારી આસપાસ મને અદૃશ્ય શત્રુઓ ઊભેલા દેખાય છે, બધા મારા તરફ ડોળા કાઢી રહ્યા છે, મને મારવી ન હોય તેમ. અને એમાંથી મારો આરામ ચાલ્યો ગયો છે. બહુ જ બેચેન રહેવાય છે. મને આરામ આપે એવી શાંતિ મળતી નથી. પણ અહીં મને એક જુદો અનુભવ થઈ રહ્યો છે, જાણે કે કોઈ હૂંફભરી, કોઈ સમર્થ વસ્તુ એક સજીવન વસ્ત્ર જેવી મને વીંટાઈ રહી છે. અને...આહ...મને ઊંઘે ઘેરવા માંડી છે, ભારે ભારે, ધીરે ધીરે ઓહ, મને ઊંઘ ઘેરે છે. ઓહ...

કવિ

( તેના પ્રતિ સ્નેહપૂર્વક જોતાં ) એમ હોય તો આ સોફા ઉપર તમે સૂઈ જાઓ. નિશ્ચિત રહેજો, કશી વાતથી મૂંઝાશો મા. રૂઢિ કે શિષ્ટાચારના ખ્યાલથી સંકોચાશો નહિ. એ ચીજોનો કશો જ અર્થ નથી, એ તો માત્ર સાંકળો છે, સાંકળો. માણસે માણસને દુ:ખી કરવાને જ એ ઘડી છે.

પારદૃષ્ટિ સંગીતકાર

મારાથી ઊંઘી શકાય તો તો ઘણું જ સારું થાય. માથામાં મને એક ચાલુ દુખાવો રહે છે. અને તેની પીડા પણ બહુ ભારે છે. મારે ખૂબ જ જલ્દી આગળ વધવું હતું. અને એટલાં માટે મેં એટલી તો મહેનત કરી છે કે...મારું મગજ સાવ ધુમ્મ થઈ ગયું છે.

કવિ

( આતુરતાથી ) તમને વાંધો ન હોય તો... હું માનુ છું કે હું તમને સહેલાઈથી મટાડી શકું તેમ છું. ( તેના કપાળ ઉપર તે થોડીક વાર સુધી પોતાનો હાથ ફેરવે છે અને પછી એકાદ ક્ષણ સુધી તેના માથા ઉપર તે હાથ રાખી મૂકે છે. પારદૃષ્ટિ સંગીતકાર, જે હવે સોફા ઉપર સૂઈ ગયેલી છે, તે આનંદ અને આરામના ભાવ સાથે ઊંઘી જાય છે. )

પારદૃષ્ટિ સંગીતકાર

( અર્ધી ઊંઘમાં ) હવે તો મને તદ્દન સારું થઈ ગયું. કશી પીડા નથી હવે... બહુ જ સુખ લાગે છે.

### કવિ

( પારદૃષ્ટિ સંગીતકારની આસપાસ તેને આરામ મળે તે રીતે તકિયા ગોઠવે છે અને પછી તેની પાસમાં બેસી તેના હાથ પોતાના હાથમાં લે છે...સ્વગત ) અરે બિચારી, આટલી સુંદરતા અને સાથે આટલી બધી એકલતા.

### પારદૃષ્ટિ સંગીતકાર

( ઊંઘમાં બોલતી ) ઓહ ! કેટલું સુંદર !

### કવિ

( મીઠાશથી ) શું સુંદર છે ?

### પારદૃષ્ટિ સંગીતકાર

( ચાલુ ઊંઘમાં ) ત્યાં તમારી આસપાસ. એ જાંબલી પ્રકાશ... જાણે એક હીરો ઝળહળે છે, જીવતો અને ઝગમગતો. એ પ્રકાશ મારી આસપાસ પણ દેખાય છે. એમાંથી મને શકિત મળે છે. એ મારી રક્ષા કરી રહ્યો છે. એ જાણે કે મારું પરમ રક્ષણ બની રહ્યો છે હવે મને જગતમાં કશું પણ કનડશે નહિ. ( આનંદપૂર્વક ) આહ, કેટલો સુંદર છે એ પ્રકાશ, એ જાંબલી પ્રકાશ, તમારી આસપાસ !

### કવિ

તમને હવે આરામ થઈ ગયો છે તો હમણાં શાંતિથી ઊંઘી જાઓ. કશું જોશો નહિ.

### પારદૃષ્ટિ સંગીતકાર

( દૂર દૂરથી બોલતી હોય તેમ ) હું ઊંઘું છુ, ઊંઘું છું. ઓહ, આ કેવી શાંતિ છે, કેવું સુખ છે !

### કવિ

( તેના તરફ કોમળ ભાવથી જોતાં ) હા, ઊંઘી જા, બાળક, ઊંઘી જા. ઊંઘી લે અને જીવનમાં તાજગી મેળવી લે. તારે માટે જિંદગી વસમી બનેલી છે. તારે ખૂબ જ આરામ લેવો જોઈએ. ( એક ક્ષણ શાંત રહીને ) મારી જાતને હવે નહિ છેતરું. શા માટે છેતરું ? હા, હું કબૂલ કરુ છું. એના કંઠે જેમ મારા ચેતનને ઝંકારી મૂકયું છે, તેવું જ આજે એનું આ સાંનિધ્ય પણ મને એક પરમ સુખ આપી રહ્યું છે, શાંત અને ગહન. એ સૂતી છે અહીં, મારા રક્ષણ હેઠળ. આ છે એની પ્રથમ સચેતન નિદ્રા. મારામાં એણે વિશ્વાસ મૂકયો છે. અને એ વિશ્વાસમાંથી મારે માટે એક જવાબદારી પણ જન્મે છે. એ જવાબદારી લાગે છે પણ મીઠી. પણ... પણ હું જેને પરણ્યો છું તેનું...તેનું શું ? હા, એ સમર્થ છે, હિમતવાન છે એ હું જાણું છું. હું જાણું છું કે એને એ વાત પણ કયારની જણાઈ ગઈ છે કે એના તરફ મને માત્ર એક મિત્ર તરીકેનો જ ભાવ છે

અને એ પોતે પણ માત્ર એટલા ભાવથી તૃપ્ત થઈ શકે તેમ નથી. એના હૃદયનો ઊંડો પ્રેમભાવ તો હજી જાગ્યા વગરનો જ પડેલો છે. તોયે એના તરફ પણ મારે જવાબદારી તો છે જ. હું એને કઈ રીતે કહી શકું કે મારું સમગ્ર અંતઃકરણ તો કોઈ અન્ય ઉપર ઠરેલું છે. પણ તો પછી મારાથી દંભ પણ કેવી રીતે સેવી શકાય? જગતમાં દંભ એજ માત્ર એક પાપ છે. અને દંભ કરવા ઇચ્છું તોપણ એથી કશો અર્થ નહિ સરે. એના જેવી સ્ત્રીને છેતરી નહિ શકાય. એ છેતરાય એ અશક્ય છે. ઓહ! જીવન, ઘણી વાર તું કેટલું તો ક્રૂર છે!

### પારદૃષ્ટિ સંગીતકાર

(હજી ઊંઘમાં ને ઊંઘમાં તે પડખું ફેરવે છે અને કવિના હાથમાં પોતાનો હાથ મૂકે છે.) હું સુખી છું ...(અને બાળકના જેવા વિશ્વાસભાવથી તે કવિના ખોળામાં પોતાનું મસ્તક ઠેરવે છે)

### કવિ

મીઠડી મારી! આહ, શું કરવું?

(વિચારમાં મગ્ન બની તેના તરફ ખૂબ વખત સુધી જોઈ રહે છે. પારદૃષ્ટિ સંગીતકાર એક શ્વાસ લે છે, આળસ મરડે છે અને જાગે છે.)

### પારદૃષ્ટિ સંગીતકાર

(કંઈક આશ્ચર્ય સાથે પોતાની આસપાસ જોતી) હું ઊંઘી ગઈ હતી, ખરું?...હા, મને બહુ સરસ ઊંઘ આવી ગઈ. આવું તો જીવનમાં પહેલી જ વાર ઊંઘી છું.

### કવિ

બહુ આનંદની વાત છે.

### પારદૃષ્ટિ સંગીતકાર

(કવિ તરફ સ્નેહપૂર્વક જોતી) તમને શું કહું! તમારી આસપાસનો પેલો પ્રકાશ મારી આસપાસ પણ ફરી વળ્યો હતો. મેં જોયું કે એ મારી રક્ષા કરી રહ્યો છે, મને પુષ્ટિ આપી રહ્યો છે. આહ, એ એવો તો સુંદર હતો, એવો તો આનંદદાયી હતો! હમણાં પણ, હું જાગી છું તો પણ એ મારી આસપાસ ફેલાયેલો લાગે છે.

### કવિ

સાચું છે, તમારી આસપાસ એ પ્રકાશ હજી પણ છે. શું આવો રંગીન પ્રકાશ તમે પહેલી વાર જ જુઓ છો?

### પારદૃષ્ટિ સંગીતકાર

હા, આ પહેલાં પણ મને આવા પ્રકાશ જેવું દેખાયું છે. માણસોની આસપાસ મને કદી કદી રંગીન લાઈન પણ દેખાયા છે. અને કદી કદી રંગીન ધુમ્મસ પણ દેખાયાં છે.

પરંતુ તમારી આસપાસ હતો તેવો સુંદર પ્રકાશ તો મેં કયારેય જોયો નથી. અને એ પ્રકાશના જેવું આકર્ષણ પણ મને બીજા કોઈ પ્રકાશમાં થયું નથી. બીજા લોકોની આસ-પાસ તો ઘણી વાર એક રોગીલું મેલું ધુમ્મસ હોય એવું પણ દેખાય છે. એ શું હશે?

### કવિ

એ વાત પૂરેપૂરી સમજાવવા તો મારે જરા લાંબો જવાબ આપવો પડે. પણ તમને હું થોડાકમાં પણ એ વસ્તુ સમજાવવા પ્રયત્ન કરીશ. મારાથી બને તેટલી સારી રીતે. તમને રસ ન પડે તો મને અટકાવજો. જુઓ, આપણું સ્વરૂપ અનેક જુદી જુદી અવસ્થાઓનું બનેલું છે. જેવી રીતે પૃથ્વી, પાણી, હવા, અગ્નિ, એ જુદી જુદી અવસ્થાવાળાં તત્ત્વો છે તેના જેવી એ ભિન્ન અવસ્થાઓ છે. સમજાય છે ને?

### પારદૃષ્ટિ સંગીતકાર

કહો, હું સાંભળું છું, મને રસ પડે છે.

### કવિ

હવે આ અવસ્થાઓમાંથી જે ઓછી સઘન અવસ્થા હોય છે તે વધારે સઘન અવસ્થાની અંદર પ્રવેશ કરે છે તેમ જ તેને વીંધીને આરપાર પહોંચી જાય છે. એક છિદ્રવાળા વાસણમાંથી પાણી ઝમીને તેની વરાળ થઈ જાય તેના જેવું અહીં બને છે. એમાં ફેર માત્ર એટલો રહે છે કે આ વસ્તુઓમાંથી એક પણ નાશ પામતી નથી. એ રીતે આપણી અંદર જે સૂક્ષ્મ તત્ત્વ રહેલું છે તે આપણા શરીરની આસપાસ એક જાતનું આવરણ બની રહે છે. એ આવરણને આપણે આભામંડલ કહીએ છીએ.

### પારદૃષ્ટિ સંગીતકાર

સમજી, તમારું કહેવું બરાબર સ્પષ્ટ છે. પણ એમ હોય તો એ આભામંડલોને આ રીતે જોઈ શકાય તો ઘણો લાભ થાય, નહિ?

### કવિ

હા, તમે સાચી કલ્પના કરી. એ આભામંડલના દર્શનથી ઘણો જ લાભ થાય છે. એ વાત તો તમે સહેલાઈથી સમજી શકશો કે આ આભામંડલ આપણી આંતર સ્થિતિનું આબેહૂબ પ્રતિબિંબ જ હોય છે. આપણી લાગણીઓનું, આપણા વિચારોનું એમાં બરાબર પ્રતિબિંબ ઝિલાય છે. આ વિચારો અને લાગણીઓ જો સંવાદમય અને શાંત હશે તો આભામંડલ પણ સંવાદમય અને શાંત હશે. લાગણીઓ જો ઉશ્કેરાયેલી હશે, વિચારોમાં જો અસ્વસ્થતા હશે તો આભામંડલમાં પણ એ ઉશ્કેરાટ અને અસ્વસ્થતા જોવા મળશે. એવું આભામંડલ તમે અમુક માણસોની આસપાસ ધુમ્મસ જોયું હતું તેના જેવું જ હોય છે.

### પારદૃષ્ટિ સંગીતકાર

હા, આ સમજાય છે. એટલે કે આ આભામંડલો એક રીતે રહસ્યદર્શક જેવા હોય છે.

### કવિ

હા, એમ જ. જે લોકો માણસની આસપાસનું આ વાતાવરણ જોઈ શકે છે તેઓ કદી પણ છેતરાતા નથી. દાખલા તરીકે, કોઈ દુષ્ટ વૃત્તિનો માણસ પોતાને વિષે ગમે તેવી સારી છાપ પાડવાનો પ્રયત્ન કરે, પોતે દેવદૂત જેવો દેખાવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ એની મહેનત કશી કામ નહિ આવે. એનું આભામંડલ બતાવી દેશે કે એના વિચારો, એના હેતુઓ કેવા મલિન છે.

### પારદૃષ્ટિ સંગીતકાર

( અહોભાવથી ) વાહ, કેવું અદ્‌ભૂત ! આવા જ્ઞાનમાંથી તો જગતમાં કેવાં કેવાં પરિણામો આવી શકે ! પણ આ સુંદર વસ્તુઓ તમને ક્યાંથી જાણવા મળી ? આ તત્ત્વના જાણકાર લોકો જગતમાં બહુ દેખાતા નથી.

### કવિ

ના રે, આજના જમાનામાં તો એ જ્ઞાન ખાસ કરીને બહુ ઓછું વ્યાપક છે. આ યુગમાં તો માત્ર સફળતાની કિંમત છે, અને એ સફળતામાંથી જે સ્થૂલ ભૌતિક તૃપ્તિઓ મળી શકે છે તેનું મહત્ત્વ અંકાય છે. તોપણ હવે લોકો વર્તમાન જીવનથી અસંતુષ્ટ બનતા જાય છે, જીવનનું મૂલ કારણ શું છે, જીવનનું ધ્યેય શું છે એ વિષે લોકોમાં જિજ્ઞાસા જાગતી જાય છે. અને એવા જિજ્ઞાસુઓની સંખ્યા પણ દિન પ્રતિદિન વધી રહી છે. તો બીજી બાજુએ આ તત્ત્વના જાણકાર પુરુષો પણ જગતમાં મોજૂદ છે જ, અને તેઓ આ પીડિત માનવજાતિને સહાય કરવા મથી રહેલા છે. એ મહાપુરુષોએ જગતની એક અતિ ગુહ્ય વિદ્યાનું રક્ષણ કરેલું છે. પેઢી દર પેઢી એ વિદ્યા માનવજાતિમાં ઊતરી આવી રહી છે. એ વિદ્યાને આધારે આત્મવિકાસની એક સાધનાપદ્ધતિ રચાયેલી છે. એ વિદ્યા માણસને તેના સત્ય સ્વરૂપ પ્રત્યે જાગૃત કરવા માગે છે, માણસ શું શું સિદ્ધ કરી શકે તેમ છે એ તેને જણાવવા માગે છે. એ છે એનું લક્ષ્ય.

### પારદૃષ્ટિ સંગીતકાર

ઓહ, કેટલું સરસ એ જ્ઞાન હશે ! કહો, મને પણ એ થોડું શીખવશો ને ? આપણે હવે વારંવાર મળતાં રહીશું, નહિ ? મને તો એમ થાય છે કે આપણે કદી છૂટાં ન પડીએ...હું ઊંઘમાં હતી ત્યારે મને એક નવો જ અનુભવ થયો. મને થયેલું કે જાણે તમે જ મારું સર્વસ્વ છો, જાણે કે હું સર્વથા તમારી જ છું. મને એમ પણ થયેલું કે તમારા રક્ષણની છાયા હવે સદાયે મારી આસપાસ રહેશે. આજ સુધી તો હું બહુ જ બીતી રહી છું. મને થતું કે મારી સામે અનેક શત્રુઓ ખડા છે. પણ આ અનુભવ

પછી હવે મારામાં શાંતિ આવી છે. હું હવે સ્વસ્થ છું. મને મારામાં વિશ્વાસ આવ્યો છે. મારા શત્રુઓને, મને હાનિ કરવા માગનાર સૌ કોઈને હું હવે તો કહી શકું છું, 'આવી જાઓ, હવે હું તમારાથી ડરવાની નથી, મને એક પરમ રક્ષણ મળેલું છે. એ રક્ષણ હવે કદી હટવાનું નથી.' કહો, મારી આ વાત સાચી છે?

**કવિ**

હા, સાચી છે.

**પારદષ્ટિ સંગીતકાર**

આજે હું પરમ સુખી છું. આખરે તમને હું પામી છું. હા, તમારે માટે મેં જીવનમાં કેટલી બધી રાહ જોઈ છે! અને પૂછું, 'તમે પણ હવે સુખી છો, નહિ?'

**કવિ**

હા...તમે સૂતાં હતાં તે વેળા હું પણ એક સુખ અનુભવી રહ્યો હતો. એ બહુ શાંત સુખ હતું, સ્વસ્થ સુખ હતું. જીવનમાં એવો અનુભવ મને પહેલી વાર જ થયો. (વિચારમાં ઊતરતા) હા, સાચો પ્રેમ તે આ જ, એ પ્રેમ તે શકિત પણ છે. એવા પ્રેમના મિલનમાંથી ઊઘડે છે સિદ્ધિનો માર્ગ...પણ...

**પારદષ્ટિ સંગીતકાર**

કહો કહો, કેમ અટકયા? આપણને આપણો સહવાસ આવો આનંદદાયક છે તો પછી તેમાં વિઘ્ન કરે તેવું...

**કવિ**

(એકદમ ઊભો થઈને) આહ, તમને ખબર નથી! (કવિ 'તે' ને આવેલી જોઈ અટકી પડે છે. થોડાક વખતથી આવીને તે પડદા પાછળ ઊભી રહી હતી) ઓ!

('તે' સ્મિત કરતી કરતી બહુ સ્વસ્થ ભાવે આગળ આવે છે.)

**પારદષ્ટિ સંગીતકાર**

(એકદમ મૂંઝાઈ જતી) મને ખબર ન હતી કે તમે લગ્ન કરેલું છે.

**તે**

(પારદૃષ્ટિ સંગીતકારને) ના, ના. મૂંઝાશો મા. (કવિ તરફ વળીને) તમે પણ ન મૂંઝાશો. હા, મેં તમારી વાતચીત છેવટના ભાગમાં આખીયે સાંભળી છે. હું અંદર આવતી હતી તે જ વેળાએ આ બહેન જાગ્યાં હતાં. મારે તમને વિક્ષેપ કરવો ન હતો. એટલે હું પાછી જ ચાલી જતી હતી. પણ મને થયું કે હું સાંભળું તે જ વધુ ઠીક રહેશે, આપણને સૌનેય તેથી લાભ થશે, અને હું ઊભી રહી કારણ કે મને ખાસ

તો (કવિને ઉદ્દેશીને) તમારો જ વિચાર આવ્યો, મારા પ્રિય મિત્રનો. મને થયું કે આમાં હવે તમારી સ્થિતિ તો ખરેખર અત્યંત વિકટ બની જાય તેવી છે. હું જાણું છું કે તમે કેટલા તો પ્રામાણિક છો, કેવા તો વફાદાર છો. અને તમારા એવા હૃદયની પછી કેવી સ્થિતિ થાય! બે સામસામી દિશામાં ખેંચાતું તમારું હૃદય કેવી કરુણ અસહ્ય દશામાં જઈ પડે. આપણે જાણીએ છીએ કે આપણને લાધેલું સત્યનું દર્શન શો આદેશથી આપે છે. એ સત્ય તો કહે છે કે બે અંતરને સાચી રીતે સાંધનારી કડી તો માત્ર એક પ્રેમ જ છે. એ પ્રેમ નથી હોતો ત્યાં પછી ગમે તેવું મિલન હોય તોપણ તેમાં કશો અર્થ રહેતો નથી. હા, પ્રેમ વિનાનાં મિલનો પણ બને છે ખરાં. લોકો અન્યોન્ય તરફ માનથી પ્રેરાઈને જીવનમાં જોડાય છે, એકબીજાને અનુકૂળ બનીને સાથે રહે છે. અને એવું જીવન ઠીક ઠીક સારું ગણાય તેવું પણ હોય છે. પણ હું માનું છું કે જીવનની ભૂમિ ઉપર પ્રેમનો ઉદય થાય ત્યારે બીજી તમામ વસ્તુઓએ પોતે હઠી જઈ એને માર્ગ કરી આપવો જોઈએ. તમને તો યાદ છે કે આપણે કઈ સમજૂતિથી જોડાયા છીએ. આપણે એકબીજાને વચન આપી રાખેલું છે કે આપણામાંથી ગમે તેના જીવનમાં પ્રેમનો ઉદય થાય તે ક્ષણે આપણે અન્યોન્યને સંપૂર્ણ મુકિત આપી દેવી. એટલા માટે જ મેં ઊભાં રહી બધું સાંભળ્યું અને હવે હું તમને આ કહેવા આવી છું: 'તમે મુક્ત છો, સુખી થાઓ.'

### કવિ

(અત્યંત આર્દ્ર બનીને) પણ તું, તું? તારું શું? હું જાણું છું કે તારો નિવાસ તો તેં તારી ચેતનાના મહા ઉચ્ચ શિખર ઉપર રાખેલો છે, ત્યાંના શુદ્ધ અને નિર્મળ પ્રકાશમાં જ તું સદા વાસ કરે છે. તોય જીવન એકલું તે એકલું જ. આ એકલતા જીરવવી કદીક તો બહુ અસહ્ય થઈ પડે છે. એ જીવનની નીરસતા, નિષ્પ્રાણતા અસહ્ય છે.

### તે

ના, મારે એવી એકલતાનો ભય નથી. હું એકલી નહિ પડું. હું આપણા ગુરુઓ પાસે જઈશ, અને તેમની સાથે રહીશ. એ મહા પુરુષોએ આપણને જીવનનો માર્ગ બતાવ્યો છે, જગતના શાશ્વત જ્ઞાનના એ મહા ભંડારીઓએ, દૂર બેઠાં બેઠાં, આજ લગી આપણા જીવનને દોર્યું છે. હું માનું છું, તેઓ મને જરૂર પોતાની છાયામાં લઈ લેશે. (તે પારદૃષ્ટિ સંગીતકાર તરફ વળે છે અને તેનો હાથ પોતાના હાથમાં લે છે) આવો બહેન, તમે લેશ પણ મૂંઝાશો નહિ. જે સ્ત્રીના હૃદયમાં સંવેદનશકિત છે, જેનામાં સાચી ભાવના છે તેવી હરેક સ્ત્રીને પોતાના સાથીને શોધી લેવાનો સંપૂર્ણ અધિકાર છે. જીવનમાં પોતે કોનું રક્ષણ લેવું, કોના પ્રકાશને અનુસરવું એ નિર્ણય તેઓ પોતે કરી શકે છે. જીવનનો આ એક કુદરતી નિયમ છે. તમારું વર્તન એ નિયમ અનુસાર જ રહેલું છે. અને એ રીતે, આ જે બધું બન્યું છે તે બરાબર જ બન્યું છે. તમને

કદાચ નવાઈ થશે કે આ અમે શું કહી રહ્યાં છીએ, કેવું આચરણ કરી રહ્યાં છીએ. તમારે માટે આ બધી નવી વસ્તુઓ છે અને અમારા આ વર્તનનાં કારણોની તમને ખબર પણ નથી. (કવિ તરફ હાથ કરીને) પણ એ તમને બધુંએ સમજાવશે. વારુ ત્યારે, હું વિદાય લઉં છું હવે. પણ લાવો, જતાં પહેલાં, તમારી સંમતિ હોય તો એક કામ કરતી જાઉં. (પારદૃષ્ટિ સંગીતકારનો હાથ લઈને તે કવિના હાથમાં મૂકી આપે છે) આ હો તમારું શુભ મિલન, તમારા પ્રેમનું સાફલ્ય. પ્રેમ જ જીવનમાં મહાનમાં મહાન આશીર્વાદ છે. એથી મોટો આશીર્વાદ બીજો નથી. તોય હું મારા આશીર્વાદ તેમાં ઉમેરતી જાઉં છું કેમકે હું જાણું છું કે તમને એ આશિષ વહાલી લાગશે. અને તમારી હા હોય, તો એ આશિષમાં એક સુવિચારનો શબ્દ પણ ઉમેરવા મન થાય છે. અથવા કહું કે લગભગ એક વિનંતી કરવાનું મન થાય છે. હું માગું કે તમારું આ મિલન તે તમારા આત્મવિકાસનું એક પગથિયું બની રહે. તમારું સહજીવન તમે શરીરની ક્ષુધાને માટે ન વાપરશો, અને તમે પશુવૃત્તિની તૃપ્તિનું સાધન ન બનાવશો. ઊલટું, તમારા સહજીવનનો આધાર લઈ તમે શરીરની ક્ષુધામાંથી ઉપર નીકળી જવા પ્રયાસ કરજો. તમારા જીવનમાં સાથે રહીને તમે પૂર્ણ બનવાની સાધના આદરજો. એ માટે તમારી અંદર એક અખંડ ઝંખના જાગતી રાખજો, એ ધ્યેય તરફ પ્રગતિ કરવા તમારો પ્રયાસ સતત ચાલુ રહેજો. તમારું આ સહજીવન ઉમદા બનજો, ઉદાર બનજો. એ ઉમદાપણું તે તમારા ગુણોનું ઉમદાપણું હજો, એ ઉદારતા તે તમારા વ્યવહારની ઉદારતા હજો. જગતને તમે એક દૃષ્ટાંત બની રહેજો, અને જગતનાં સૌ કલ્યાણવાંછુઓને બતાવજો કે માનવજીવનનું સાચું લક્ષ્ય શું છે.

### પારદૃષ્ટિ સંગીતકાર

(ખૂબ જ પીગળેલા હૃદયથી) ખરેખર, આ કંઈક અલૌકિક વસ્તુ તમે આપે છો. તમે અમારામાં મહા વિશ્વાસ મૂકયો છે, અમને એક ગંભીર કાર્ય સોંપ્યું છે. તમારા વિશ્વાસનાં અમે પાત્ર નીવડીએ, તમારી આશાઓને અમે સફળ કરીએ એ માટે અમે સદાય જાગૃત રહીશું. પણ તમારે મુખેથી મારે એક વાત જાણવી છે. કહો, હું આ ઘરમાં આવી અને તે પછી આ જે ઘટના બની છે તેથી ખરેખર તમારા જીવનમાં કોઈ ભારે આઘાત તો મેં નહિ જ નિપજાવ્યો હોય.

### તે

નહિ, નહિ. એવી ભીતિ ન રાખશો. ના, હવે તો એ વાત મને બહુ જ સ્પષ્ટ થઈ ગઈ છે કે મને તો જગતમાં માત્ર એક જ પ્રેમ તૃપ્તિ આપી શકે તેમ છે. એ પ્રેમ તે પ્રભુ પ્રતિનો પ્રેમ, પ્રભુનો દિવ્ય પ્રેમ. માત્ર એ જ પ્રેમ કદી કોઈને છેહ દેતો નથી. મને શ્રદ્ધા છે કે એક દિવસ મારી એ દિવ્ય પ્રેમની સાધના સફળ થશે. એ સાધના માટેની અનુકૂળ પરિસ્થિતિ, એ માટેની જરૂર સહાય મને મળી રહેશે,

મારા જીવનમાં એ પરમ સાક્ષાત્કાર સિદ્ધ થશે, મારું સ્થૂલ સ્વરૂપ એક નવા રૂપે બની રહેશે, દિવ્ય બની રહેશે. અને એ નૂતન રૂપાંતર, એ દિવ્ય સિદ્ધિ જગતને બદલી નાખશે. આ સારુંયે જગત એક સુમેળ અને સંવાદની, પ્રકાશ અને જ્યોતિની, શાંતિ અને સૌન્દર્યની ધન્ય ભૂમિ બની રહેશે.

(પારદૃષ્ટિ સંગીતકારનું હૃદય વધુ ને વધુ આર્દ્ર થતું જાય છે. તે પ્રાર્થના કરતી હોય તેમ મૂક ઊભી ઊભી હાથ જોડે છે. કવિ 'તે' ની પ્રતિ માનપૂર્વક ઝૂકે છે, તેનો હાથ પોતાના હાથમાં લે છે અને પોતાનું લલાટ તેના ઉપર મૂકે છે. પડદો પડે છે.)

# મહા રહસ્ય

## ૭ એકોક્તિઓ અને એક ઉપસંહાર

નીચેનાઓના સહકારમાં

**નલિની** ( લેખક )
**પવિત્ર** ( વિજ્ઞાનશાસ્ત્રી )
**આન્દ્રે** ( ઉદ્યોગપતિ )
**પ્રણવ** ( વ્યાયામવિદ્ )

૭ વિશ્વવિખ્યાત પુરુષો કોઈ એક આકસ્મિક રીતે એક લાઈફબોટમાં ભેગા થઈ ગયેલા છે, જો કે આવી આકસ્મિક ઘટનાઓ ખરું જોતાં આકસ્મિક હોતી જ નથી. આ પુરુષો માનવ–પ્રગતિ માટે યોજાયેલી એક વિશ્વપરિષદમાં ભાગ લેવાને એક વહાણમાં જઈ રહ્યા હતા. એમના એ વહાણને મધદરિયે અકસ્માત થયો અને એ બધાએ એક લાઈફબોટમાં આશ્રય લીધો હતો.

આ બોટમાં એક સાતમો માણસ પણ છે. એ યુવાન છે, અથવા કહો કે એને કોઈ વય નથી, એ વયથી પર છે. એનાં વસ્ત્રો કોઈ પણ અમુક દેશની કે કાળની ન કહેવાય તેવી શૈલીનાં છે. સુકાન પાસે એ બેઠેલો છે, સ્થિર અને મૂંગો, પરંતુ બીજાઓ જે બોલે છે તેને તે ધ્યાનપૂર્વક સાંભળી રહેલો છે. આ બધા લોકો એના તરફ ઉપેક્ષાભાવથી જુએ છે, એને કોઈ ગણનાપાત્ર વ્યક્તિ ગણતા નથી.

આ માણસો આ છે:

(૧) રાજપુરુષ
(૨) લેખક
(૩) વિજ્ઞાનશાસ્ત્રી
(૪) કલાકાર
(૫) ઉદ્યોગપતિ
(૬) વ્યાયામવિદ્
(૭) અજ્ઞાત માનવ

પાણી લગભગ ખૂટી ગયેલું છે. ખોરાક પૂરો થવા આવ્યો છે. શારીરિક યાતના અસહ્ય બનવા લાગી છે. ક્ષિતિજ ઉપર કોઈ આશાનું ચિહ્ન દેખાતું નથી. મૃત્યુ નજીક આવી રહેલું છે. પોતાના આ વર્તમાન દુ:ખને ભૂલી જવા માટે દરેક જણ પોતાની જીવનકથા કહે છે.

પડદો ઊપડે છે.

૧

## રાજપુરુષ

તમારી એવી ઈચ્છા છે તો ભલે, પહેલો હું તમને મારી જીવનકથા કહીશ.

હું એક રાજપુરુષનો પુત્ર હતો. એટલે છેક બાળપણથી જ મને રાજતંત્ર અંગેના તથા રાજકારણના પ્રશ્નોનો પરિચય થઈ ગયો હતો. મારાં માતાપિતા પોતાના મિત્રોને માટે મોટા મોટા ભોજન સમારંભો યોજતાં હતાં, તેમાં આ પ્રશ્નો છૂટથી ચર્ચાતા હતા અને હું બાર વર્ષનો હતો ત્યારથી મને આ ખાણાંમાં ભાગ લેવાની તક મળેલી હતી. પરિણામે મારે માટે દરેક જુદા જુદા પક્ષના અભિપ્રાયો હવે ગુપ્ત વસ્તુ રહ્યા ન હતા. અને મારા નાનકડા ઉત્સાહી મગજે આ એકેએક મુશ્કેલીના માટે સહેલા સટ ઉકેલો શોધી કાઢયા હતા.

મેં ભણવા માંડયું ત્યારે મારો અભ્યાસ પણ સ્વાભાવિક રીતે આ જ દિશામાં આગળ વધ્યો અને રાજકારણનો હું એક તેજસ્વી વિદ્યાર્થી બની રહ્યો.

પરંતુ પછીથી જયારે આ સિદ્ધાંતોને વ્યવહારમાં ઉતારવાનો પ્રસંગ આવ્યો ત્યારે મારી સામે ગંભીર મુશ્કેલીઓ આવીને ઊભી રહેવા લાગી. હવે મને સમજાવા લાગ્યું કે પોતાના વિચારોને વ્યવહારમાં મૂર્ત કરવા એ તો લગભગ એક અશકય જેવું કાર્ય છે. હું જેમ જેમ કામ કરતો ગયો તેમ તેમ મારે સમાધાનો કરતાં જવાં પડયાં અને થોડે થોડે કરતાં મારો મહાન આદર્શ બિચારો ચીમળાઈ ગયો.

મને એ વાત પણ હવે જણાઈ આવી કે જીવનમાં માણસને જે સફળતા મળી આવે છે તે તેના વ્યકિતગત ગુણોના પ્રમાણમાં નથી હોતી. એ તો માણસમાં સંજોગોને અનુકૂળ થઈ જવાની જે આવડત હોય છે, બીજાઓને ખુશ રાખવાની જે કળા હોય છે તેમાંથી આવતી હોય છે. અને આ માટે તમારે લોકોની દુર્બળતાઓની ખુશામત કરવાની રહે છે, તેમની અપૂર્ણતાઓને સુધારવાનો પ્રયત્ન કરવાની વાત તો ભૂલી જ જવાની રહે છે.

આપ સર્વ એ તો જાણો જ છો કે મારી કારકિર્દી કેવી તો તેજસ્વી હતી. એટલે એ વિષે મારે કશું કહેવાની જરૂર નથી. પરંતુ આપને હું એક વાત કહીશ. હું જયારે વડો પ્રધાન બન્યો અને એ સ્થાને મારા હાથમાં થોડીએક સાચી સત્તા આવી ત્યારે મારી જુવાનીમાં માનવ–કલ્યાણ કરવા માટેની જે જે મહત્ત્વાકાંક્ષાઓ મેં સેવી હતી તે બધી તાજી થઈ અને એ મુજબ મેં કામ કરવાનો પ્રયત્ન કરવા માંડયો. પ્રથમ તો હું કોઈ પણ પક્ષનો ન રહું એમ બની રહેવા મેં પ્રયત્ન કર્યો. અને પછી જગતના રાજકારણના અને સમાજજીવનમાંના પ્રવાહો વચ્ચે જે મહાન સંઘર્ષ ચાલી રહેલો હતો તેનું નિરાકરણ શોધવા માટે પ્રયત્ન આદર્યો. મેં જોયું કે આ ભિન્ન પ્રવાહો વચ્ચે જગત ચિરાઈ રહેલું છે. સાથે સાથે મને એ પણ જણાયું કે આ દરેક પ્રકારના

પ્રવાહનાં લાભ પણ છે અને ગેરલાભ પણ છે. કોઈ પણ એક દૃષ્ટિબિંદુ સંપૂર્ણ રીતે સાચું નથી, તો પૂરેપૂરું ખોટું પણ નથી, સારું નથી તેમ જ ખરાબ પણ નથી. આ દરેક દૃષ્ટિમાં જે ઇષ્ટ વસ્તુ હોય તેને કેવી રીતે જાણી લેવી તે આપણે શોધવાનું રહે છે અને તે બધામાંથી એક વ્યવહારુ રીતનો સંવાદપૂર્ણ માર્ગ ઉપજાવવાનો રહે છે. પણ મારે કહેવું પડે છે કે આ બધાં વિરોધી તત્ત્વોનો મેળ મેળવી આપે તેવો કોઈ સમન્વય શોધવામાં હું નિષ્ફળ જ નીવડયો અને એથીયે વધુ તો એવા કોઈ પણ સમન્વયને હું વ્યવહારમાં ઉતારી શકયો નહિ.

મારે તો જગતમાં શાંતિ જોઈતી હતી, સુમેળ જોઈતો હતો, જગતની પ્રજા પ્રજાઓ વચ્ચે મિત્રાચારીભરી સમજૂતિ જોઈતી હતી, માનવ માત્રના હિતને માટે સર્વનો સહકાર જોઈતો હતો. પરંતુ મેં જોયું કે મારા કરતાંયે કોઈ એક મહાન એવી શકિત આવીને મને યુદ્ધ કરવાની ફરજ પાડી રહી છે, મારે યુદ્ધ આદરવું પડયું, ગમે તેવાં સાધનોનો ઉપયોગ કરીને એ યુદ્ધને આગળ ધપાવવું પડયું અને કેટલાયે કૃપણ, અનુદાર નિર્ણયો લઈને એ યુદ્ધને જીતવું પડયું.

અને મેં આ બધું કર્યું છે છતાં લોકો મને એક મહાન રાજપુરુષ તરીકે વધાવી રહેલા છે, મારા પર માનપાન અને પ્રશંસાની વૃષ્ટિ થઈ રહેલી છે. જગત મને માનવતાના મહા મિત્ર તરીકે સંબોધી રહેલું છે.

પણ હું જાણું છું કે હું કેવો તો દુર્બળ માનવ છું. મને ખબર છે કે મારા બાળપણની આશાઓને સફળ કરી શકે તેવું સાચું જ્ઞાન મારા હાથમાં આવેલું નથી, એવી કોઈ સાચી શકિત મને મળી નથી.

અને હવે તો અંત નજીક આવી રહ્યો છે. મને લાગે છે કે જગતમાં હું બહુ જ ઓછું કરી શકયો છું, અને મેં જે કંઈ કર્યું છે તે પણ બહુ જ ખરાબ રીતે કરેલું છે. મૃત્યુના દરવાજામાં હું આ પગ મૂકી રહ્યો છું ત્યારે મારું અંતર ઉદાસ છે, મારાં સ્વપ્નો ભાંગી ગયેલાં છે.

## ૨

## લેખક

હું તો વાણીની પાંખે ચડીને, જીવનમાં ધબકતા સૌન્દર્ય અને સત્યના ધબકારને ઝીલવા નીકળી પડયો હતો. આપણાં ચક્ષુ સમક્ષ આ સૃષ્ટિનો પટ પડેલો છે. અહીં પૃથ્વી ઉપર માણસો છે, પ્રાણીઓ છે, આ જીવો છે અને પદાર્થો છે, આ દશ્યો છે અને ઘટનાઓ છે. અને સાથે સાથે એક બીજું જગત પણ છે આના જેવું જ, આપણી અંદર આપણી લાગણીઓ અને ચિંતનો, આપણાં સંવેદનો અને ચેતનાની આ આંતર સૃષ્ટિ પણ ઘણી ઘણી મહાન છે. અહીં આ બધાં મળીને એક અગમ્ય

એવો પટ ગૂંથાઈ રહેલો છે, ડેડૉલસની રચેલી જાણે કે ભૂલભૂલામણી, કોઈ મયદાનવનો રચેલો માયામહેલ. આ મનોહર સૃષ્ટિએ મને જાદુ કર્યું, એનો પુકાર મારા કાને આવ્યો કે મને જાણી લે, સમજી લે, પકડી લે. એવો મધુર પુકાર, એવી આજ્ઞાકારક વાણી મેં કદી સાંભળી ન હતી. અને એ અવાજનો રણકાર હું શબ્દોમાં ઝીલવા મથ્યો છું.

મારે જગતના રહસ્યને વાચા આપવી હતી. આ સૃષ્ટિની મૂક સ્ફિન્કસને બોલતી કરવી હતી. જગતની પાછળ કશુંક છુપાયેલું છે, કશુંક અકબંધ વસાઈને પડેલું છે, અને પોતાની ગેબમાંથી સૂર્યો અને સિતારાઓને, માનવનાં હૃદયને એ ગતિમાં મૂકી રહેલું છે. એ તમામ પરનો પરદો મારે ખોલી નાખવો હતો, એ રહસ્યને દિવસની રોશનીમાં રજૂ કરી દેવું હતું. આ જગતની ઘટમાળ, સ્થૂલ અને સૂક્ષ્મ બંનેય જગતોની ઘટમાળ, જાણે કે એક કઠપુતલીનો ખેલ છે, મૂંગો મૂંગો ચાલ્યા કરતો. પણ એ ખેલ ગોટાળિયો પણ છે. એ ખેલને મેં વાચા આપી, ચેતના આપી. મેં જોયું કે આ વાણી, આ શબ્દ એ તો એક અદ્ભુત સાધન છે, પરમ સાધન છે. વાણી પોતાના દેહમાં વસ્તુને બાંધી પણ લે છે અને તેને પ્રગટ પણ કરે છે. એ પ્રવાહી છે છતાં અસ્પષ્ટ નથી, એ સઘન છે છતાં અપારદર્શક નથી. શબ્દ એકી સાથે બે જગતનો નિવાસી છે. એ સ્થૂલ જગતનો વસનારો છે અને તેથી તે સ્થૂલનું બનેલું રૂપ રચી શકે છે, એ સૂક્ષ્મ જગતનો વાસી પણ છે અને સૂક્ષ્મ વસ્તુઓ સાથે, સૂક્ષ્મ શક્તિઓ અને આંદોલનો સાથે, સિદ્ધાંતો અને વિચારો સાથે પણ સંપર્કમાં રહી શકે છે. એ અસ્થૂલને સ્થૂલમાં લાવી શકે છે, અદેહને દેહ આપી શકે છે. અને સૌથી વિશેષ તો શબ્દ વસ્તુનો મર્મ બતાવી શકે છે, રૂપમાં રહેલો ચોક્કસ ભાવ વ્યક્ત કરી શકે છે.

મારાં ઊર્મિકાવ્યોમાં મેં હૃદયની ઝંખનાઓને ગૂંથવાના પ્રયત્નો કર્યા, માનવમાં કે પ્રકૃતિમાં કઈ ઝંખના રહેલી છે, એ શાને માટે આતુર છે, શા કારણે રુવે છે. એનાં મેં ગીત ગાયાં. પછી મેં એથીયે વિશાળ પટ હાથ લીધો. કથા અને કાહિની લખી, જીવનના ભાવ અને પ્રેરણા આલેખ્યાં, અનેક રૂપે અનેક રીતે. જીવનમાં વિરલ જ પ્રગટતું શાણપણ, જીવનમાં ડગલે ડગલે ડોકાતી મૂર્ખતા એનાં મેં ચિત્રો દોર્યાં. ઈતિહાસ આલેખ્યો, માનવની ચેતનાનો, પ્રકૃતિની ચેતનાનો. મેં ઈતિહાસને સરજતી ઘટનાઓ ગૂંથી એમાં પ્રાણ પૂર્યા, એના રહસ્યો તારવ્યાં અને મેં નાટકો રચ્યાં, જીવનના મંગલ પ્રવાહોનાં અને કરુણ પ્રવાહોનાં. અને આપ સૌએ જોયું કે કળાનું આ પ્રાચીન રૂપ આજના અર્વાચીન જીવનમાં પણ કેવું તો સમર્થ વાહન બની શકે છે, આજની ક્ષુધાઓ અને લાગણીઓને કેવી તો ભવ્ય રીતે આલેખી શકે છે. અને મેં પાત્રો સર્જ્યાં, અમર અને અવિસ્મરણીય. જીવનનાં જીવતા બળોને તેમાં મેં જીવતા જાગતા કરી મૂક્યાં. એ હતી મારી નવલકથાઓ. આજના યુગ માટે, આજના વૈજ્ઞાનિક અને શોધક માનસને માટે તો આ એક ઘણું વિશાળ, ઘણું વધારે સ્પષ્ટ અને સમર્થ સાધન છે. નવલકથા

વસ્તુનું ચિત્ર આપે છે અને તેનું રહસ્ય પણ આપે છે. અને એ મહાન સાધનનો પ્રયોગ કરી મેં વ્યકિતઓની અને સમાજોની જીવનકથા આલેખી, એથીયે આગળ જઈ મેં માનવતાની કથાને પણ કહેવાનું સાહસ આદર્યું. આ માનવતાના જીવનનો ચકરાતો, અમળાતો, ઊંચે ઊંચે ઊછળતો મહા પ્રવાહ, એમાંથી પણ કંઈક મારી નવલકથામાં મૂકવા મેં મહેનત કરી. પણ મને ખબર હતી, મારું હૃદય કહેતું હતું કે માનવના આત્માને એકલી વિશાળતા, આ નર્યો વિસ્તાર—આ એકલો વિરાટ સમાનભાવ પૂરતાં નથી. એને તો ઊર્ધ્વ ગતિ પણ જાઈએ છે. એને તો કોઈ મહા શૈલી પણ જોઈએ છે અને એટલે મેં મહાકાવ્ય રચ્યું. ખરેખર મારા સારાયે જીવનનો એ પરમ પુરૂષાર્થ હતો. હા, એ ખરું છે કે આપનામાંથી ઘણાને એ મહાકાવ્ય સમજાતું નથી, તેમ જ સમજાયું પણ નથી. ઘણા લોકો માત્ર એનાથી અંજાઈ ગયા હતા. તો પણ હરેકના ઉપર એ મહાકાવ્યે પોતાનું જાદુ તો પાથર્યું જ છે. ખરેખર, જગતના રહસ્યને ભેદીને ખુલ્લું કરી દેવાનો એ મારો આખરી પ્રયાસ હતો, મરણિયો પ્રયાસ હતો.

હું મારા વિષયો બદલતો રહ્યો છું, મારી શૈલીઓ બદલતો રહ્યો છું. એક સિદ્ધહસ્ત વૈજ્ઞાનિકની ઢબે મેં શબ્દો સાથે જાદુના ખેલ કર્યા છે. હું શબ્દનું બંધારણ બદલી શકતો, શબ્દની કાયાપલટ કરી શકતો. શબ્દમાં એક નવીન અર્થ, નવીન ધ્વનિ, નવું તત્ત્વ પૂરી શકતો. મારી વાણીમાં રોમન વકતા સિસેરોની છટા હતી, આંગ્લ મહાકવિ મિલ્ટનની સભરતા હતી, ફ્રેન્ચ કવિ રાસીનની ઋજુતા હતી. વર્ડ્સવર્થની ઉત્તમોત્તમ કૃતિઓમાં આવતી સરલતા પણ હું લાવી શકતો, શેકસપિયરનું જાદુ પણ પ્રગટાવી શકતો. મારે માટે વાલ્મીકિની ભવ્યતા અને વ્યાસની ઉદાત્તતા અપ્રાપ્ય ન હતાં.

અને છતાં મારાથી સિદ્ધિ હજી દૂર જ રહી છે. મને મારી કલાથી સંતોષ નથી. હું દુ:ખી છું. મેં કરી કરીને છેવટે શું કર્યું છે? માત્ર સ્વપ્નોનું સર્જન: 'હવામાં સ્વપ્ન વાવિયાં?' મને લાગે છે જગતના સાચા સત્યને હું સ્પર્શી શકયો નથી, જગતના આત્મ-સૌન્દર્યને હું જાણી શકયો નથી. મેં માત્ર સપાટીને જ ખોતર્યા કરી છે. પ્રકૃતિના બહારના ઉપવસ્ત્રને જ હું રમાડતો રહ્યો છું. પરંતુ પ્રકૃતિનો ખરો દેહ, પ્રકૃતિનો ખરો આત્મા એ તો મારા હાથમાં આવ્યો જ નથી. આ સૃષ્ટિના શરીરની આસપાસ મેં એક કરોળિયાનું જાળું વણ્યું છે. એ ભલે ગમે તેટલું સુંદર દેખાય, પણ છેવટે એ એક જાળું જ છે. આ જગતના રહસ્યમાં દાખલ થવા માટે, તેને પ્રકટ કરવા માટે, તેને વ્યક્ત અને સાકાર કરવા માટે મેં જે જે સાધનને, જે જે કરણને શુદ્ધ અને સંપૂર્ણ માન્યાં હતાં તે આખર જતાં નક્કામાં નીવડયાં છે. મને છેવટે તો જણાયું છે કે સૃષ્ટિમાં અંતરતમ સ્વરૂપમાં તો કોઈ એક મહાન નીરવતા, કોઈ નરી મૂકતા, એના જેવું જ કાંઈક આવી રહેલું છે.

સૃષ્ટિનો આ અનંત પ્રવાહ વહી રહ્યો છે, આ લક્ષાવધિ જગતો જન્મી જન્મીને નાશ પામી રહ્યાં છે એ નશ્વરતાની સરિતાને કિનારે ઊભો ઊભો હું લાચાર બની

હાથ પ્રસારી રહ્યો છું અને પેલા ફૉસ્ટસની પેઠે પુકારી રહું છું, 'હે અનંતાનંત પ્રકૃતિ, કહે કહે, હું તને કયાં પકડી શકીશ?' એક મહાન કવિને વિષે એક એવી ઉપમા આવેલી કે એ તો શૂન્યના ભીતરમાં પોતાની સુવર્ણ પાંખોને વ્યર્થ વીંઝી રહેલો નિષ્ફળ દેવદૂત હતો. હું કહીશ, અમારી આખીયે જાતિ આવી જ છે.

મારા જીવનના અંતે, હજી પણ એક બાળક જેવી જ અબુધ દશામાં ઊભો ઊભો હું પુકારી રહું છું 'આ શું છે બધું? **कस्मै देवाय हविषा विधेम**?—અમારે કયા દેવને નમસ્કાર કરવાના છે? આ શેકિનાનું સ્વરૂપ—પ્રભુનો આ વિરાટ દેહ કોના જેવો છે?'

## ૩

## વિજ્ઞાનશાસ્ત્રી

મારા જીવનનો આરંભ આપ લોકોમાંથી કેટલાકના જીવન કરતાં જુદી જ રીતે થયો છે. મારા માનવ બંધુઓનું જીવન મારે સુધારવું જોઈએ એ ભાવના મારાં જીવનમાં પહેલેથી ન હતી. મને કર્મ કરતાં જ્ઞાનનું આકર્ષણ વિશેષ હતું અને આ જ્ઞાન તે અર્વાચીન રીતનું વૈજ્ઞાનિક જ્ઞાન, એ મને વિશેષ ગમતું હતું. મને થતું કે આ પ્રકૃતિના રહસ્ય ઉપર એક પરદો ઢંકાઈ રહેલો છે, એ પરદાનો એકાદ ખૂણો પણ જો ઊંચો કરી દઈ શકું, પ્રકૃતિની ગુપ્ત કમાનોનું રહસ્ય હું જો થોડું સરખું પણ વધુ સમજી શકું તો એ એક અદ્‌ભૂત ઘટના બની જશે, આમાં એક વિચાર તો મેં, કદાચ અજ્ઞાત રીતે જ, સ્વીકારી લીધો હતો કે માણસના જ્ઞાનમાં જે કંઈ વધારો થાય છે તેના પરિણામે તેની શકિતમાં પણ વધારો થાય જ છે. પ્રકૃતિના ઉપર કોઈ નવું પ્રભુત્વ મેળવી શકાય તો તેમાંથી, વહેલાં મોડાં, માણસની પરિસ્થિતિમાં, તેના ભૌતિક તેમ જ નૈતિક જીવનમાં પણ કાંઈક સુધારો થવો જ જોઈએ. મારી દૃષ્ટિએ, જગતમાં અજ્ઞાન એ જ એક અનિષ્ટ હતું ભલે પછી એ એકમાત્ર અનિષ્ટ ન હોય તો પણ અન્ય સર્વ અનિષ્ટોનું આદિ અનિષ્ટ તો ખરું જ. આ વિચાર એકલો મારો જ ન હતો. ગઈ સદીમાં વિજ્ઞાનનાં મંડાણ થયાં ત્યારે એના વાતાવરણમાં જન્મેલા તમામ વિચારકો પણ આમ જ માનતા હતા. અમને લાગતું હતું કે માનવજાતિની આગેકૂચ આ અજ્ઞાનને લીધે જ અટકી રહી છે. વળી અમે બીજી એક વસ્તુ પણ સ્વીકારી લીધી હતી કે માનવની પૂર્ણતાને કોઈ સીમા નથી. પ્રગતિ ભલે ધીરી થાય કે ઝડપથી, પરંતુ તે થવાની જ છે એમાં શંકા નથી. આપણે આટલે સુધી આવ્યા છીએ તો આથી પણ હવે આગળ જઈ શકીએ છીએ જ. અને પરિણામે અમો વૈજ્ઞાનિકોનો એ નિર્ણય હતો કે જગતમાં જેટલી જ્ઞાનની વૃદ્ધિ થશે તેટલી વધુ સમજ આવશે, વધુ શાણપણ આવશે, વધારે ન્યાય સ્થપાશે—ટૂંકમાં જગત વધુ પ્રગતિ કરશે.

આમાં એક બીજો વિચાર પણ અમે આપોઆપ સ્વીકારી લીધો હતો. એ વિચાર એ હતો કે આ વિશ્વનું જે ખરેખરું સ્વરૂપ છે તેને યથાર્થ રીતે જાણી શકાય તેમ છે,

વિશ્વના નિયમોને તેમના મૂળ રૂપે વસ્તુગત રીતે સમજી શકાય તેમ છે. આ વસ્તુ એટલી બધી તો સ્પષ્ટ દેખાતી હતી કે એની સત્યતા વિષે અમને શંકા પણ નહિ થયેલી. વિશ્વ અને હું–અમે બંને હસ્તીમાં છીએ. અને આમાંથી બંનેએ એકમેકને સમજવાં એ તેમનું કાર્ય છે. બેશક, હું વિશ્વનો જ એક અંશ છું પણ એ વિશ્વને સમજવાની ક્રિયા કરતી વેળા હું વિશ્વથી અલગ થઈ જઈને ઊભો રહું છું અને વિશ્વને એક ભિન્ન વસ્તુ તરીકે નિહાળું છું. હું એ વાત પણ સ્વીકારું છું કે હું જેને પ્રકૃતિના કાયદાઓ કહું છું તે મારાથી સ્વતંત્ર રીતે જ હસ્તી ધરાવી રહેલા છે. એ નિયમોને તેમનું પોતાનું આગવું અસ્તિત્વ છે અને જે જે માણસોની બુદ્ધિ એ નિયમોને સમજી શકે તેવી હશે તે સર્વને માટે એ નિયમો એકસરખા જ છે.

શુદ્ધ જ્ઞાન અંગે એ વખતે આ પ્રમાણેનો એક આદર્શ હતો. અને એ આદર્શથી પ્રેરણા પામીને મેં મારું કામ શરૂ કર્યું મેં ફિઝિકસ–ભૌતિક વિદ્યાનો વિષય પસંદ કર્યો. તેમાંયે ખાસ તો અણુનો, રેડિયો એકિટવિટીનો વિષય લીધો. આ વિષયના રાજમાર્ગો બેકરેલ અને કયુરીએ બાંધી આપેલા હતા. એ નૈસર્ગિક રેડિયો એકિટવિટીનું સ્થાન વખતે ઉત્પાદિત રેડિયો એકિટવિટી લેવા લાગેલી હતી. હવે જાણે કે આ આલ્કેમિસ્ટો–કીમિયાગરોનાં સ્વપ્ન સાચાં થવા લાગ્યાં હતા. યુરેનિયમનું ભેદન શોધી કાઢનાર જગતના મહાન ભૌતિકશાસ્ત્રીઓ સાથે હું કામ કરતો હતો. અણુ બોમ્બનો જન્મ થતો મેં સગી આંખે જોયો. એ મારે માટે એક સખત, ખંતીલી, એકાગ્ર સાધનાનો કાળ હતો એ સમયમાં જ મને એક વિચાર સ્ફૂર્યો અને એમાંથી મારી પ્રથમ શોધ સર્જાઈ. એ શોધના પરિણામે આપણે હવે ઈન્ટ્રા–એટોમિક–અણુસ્થ યા તો ન્યૂક્લિયર શકિતમાંથી જ હવે સીધેસીધી વિદ્યુત શકિત મેળવી શકીએ છીએ. આપ સૌ જાણો છો કે આ અણુસ્થ વિદ્યુતની શોધને લીધે આખાય જગતની આર્થિક પરિસ્થિતિમાં એક ધરમૂળનો ફેરફાર થઈ ગયેલો છે. કારણ કે આને પરિણામે હવે હરેક માણસને બહુ જ ઓછી કિંમતે વીજળી મળી શકે તેમ છે. આ શોધે માણસને માથેથી શારીરિક મજૂરીનો અભિશાપ હઠાવી દીધો છે પરસેવો પાડીને જ રોટી કમાવવાની ફરજમાંથી તેને મુક્ત કર્યો છે. અને પરિણામે આ શોધખોળે આખાયે જગતને આશ્ચર્યચકિત કરી મૂકી.

આ રીતે મારા યૌવનનું સ્વપ્ન સિદ્ધ બન્યું. સજજનો, આ એક ઘણી મહાન શોધ હતી. અને મનો સાથે સાથે એ પણ જણાઈ આવ્યું કે જગતને માટે આ તો એક ઘણી મહત્ત્વની સિદ્ધિ છે, એક ઘણું મહાન વરદાન છે. અને એ વસ્તુ મારી કોઈ ખાસ ઈચ્છા વિના જ બની આવી હતી.

આટલું કાર્ય તો મારે માટે ઘણું ઘણું હતું. હું તેથી જીવનમાં અપાર તૃપ્તિ અનુભવી શકું તેમ હતું. પરંતુ મને મળેલી તૃપ્તિ અલ્પજીવી જ હતી. કેમકે, આ શોધ પછી થોડા જ સમયમાં મેં એક બીજી શોધખોળ કરી. આ વાત મારા સિવાય કોઈને હજી

મેં કહી નથી, પરંતુ આપ સૌને એ કહી શકું છું. આપણે માટે હવે મૃત્યુ હાથવેંત જ દૂર રહ્યું છે, અને મારું આ ગુપ્ત રહસ્ય મારી સાથે જ દફનાઈ જવાનું છે એટલે એને કહેવામાં હવે કશી હાનિ દેખાતી નથી. આ શોધખોળમાં મેં યુરેનિયમ, થોરિયમ અને બીજી કેટલીક વિરલ ધાતુઓમાંથી અણુશકિતને મુક્ત કરવાની પદ્ધતિ શોધી કાઢી. એટલું જ નહિ પણ એથીયે આગળ વધીને મેં ત્રાંબું, એલ્યુમિનિયમ ઈ. જેવી ઘણીખરી તમામ સામાન્ય ધાતુઓમાંથી પણ અણુશકિતને મુક્ત કરવાની પદ્ધતિ ઉપજાવી. પણ આ શોધ પછી તો મારી સામે એક મહાન પ્રશ્ન આવીને ખડો થયો અને એનો વિચાર આવતાં તો મારું હૃદય લગભગ ભાંગીને ભુક્કા થઈ ગયું. હવે પ્રશ્ન એ બન્યો કે મારે આ શોધને જાહેરમાં મૂકવી કે નહિ? એ પ્રશ્ન હજી પણ અણઊકલ્યો જ રહ્યો છે. અત્યારે તો જગતમાં કેવળ હું જ એ મહા રહસ્યને જાણું છું.

આપ સૌએ ઍટમ બૉમ્બની કથા તો જાણેલી જ છે. આપ જાણો છો કે આ બૉમ્બ પછી એના કરતાં પણ અનેકગણી વધુ વિનાશક શકિતવાળું બીજું શસ્ત્ર શોધાયું છે.–હાઈડ્રોજન બૉમ્બ. આપ અને હું–આપણે સૌ જાણીએ છીએ કે આ શોધખોળોને પરિણામે માણસજાતિના હાથમાં પૂર્વે કદી ન હતી તેવી પ્રચંડ વિનાશક શકિત આવી ગઈ છે અને એ શકિતના ભારણ હેઠળ માનવજાતિ આજે થરથર કંપી રહેલી છે. પરંતુ હું જો મારી શોધ બહાર પાડું, મારા રહસ્યને જો ખુલ્લું કરી દઉં, તો તો હવે, કહો કે, હરકોઈ માણસના હાથમાં એક મહા રાક્ષસી શકિત આવી જશે. શકિતના ઉપર સરકાર કોઈ પણ રીતે કશો કાબૂ કે નિયંત્રણ નહિ મૂકી શકશે. યુરેનિયમ અને થોરિયમ ધાતુઓ વિષે તો એમ હતું કે સરકારો તેમને સહેલાઈથી પોતાના એકહથ્થુ કાબૂમાં રાખી શકતી હતી. કેમકે, પ્રથમ તો આ ધાતુઓ પોતે જ ઘણી વિરલ છે અને બીજું તેમને ઍટમિક પાઈલમાં કામ કરતી કરવી એ તો ઘણું મુશ્કેલ કામ છે. પરંતુ આ નવું હથિયાર તો કોઈ પણ સાધારણ માણસ પણ નાની સરખી પ્રયોગશાળા ઊભી કરીને બનાવી શકે છે. અને આવું પ્રચંડ હથિયાર, આખા ને આખા પૅરિસ, લંડન કે ન્યૂયોર્કને એક જ ધડાકામાં ઉડાડી દઈ શકે તેવી પ્રચંડ શકિત કોઈ પણ ચક્રમ કે ઝનૂની માણસના હાથમાં મુકાઈ જાય તો જગતનું શું થાય તે આપ કલ્પી શકશો. એ તો માનવજાતિને માટે મૃત્યુની જ ભેટ બની રહે! સજ્જનો, મારી શોધ આમ મારા હૃદય ઉપર એક મહા શિલા પેઠે તોળાઈ રહેલી છે. હું કેટલાયે વખતથી આના વિચારમાં અટવાયા કરું છું, અને મારા હૃદયને તેમ જ બુદ્ધિને બંનેને સંતોષ મળી શકે તેવા નિર્ણય ઉપર હું હજી આવી શકયો નથી.

આ રીતે, પ્રકૃતિનાં રહસ્યોની શોધ આદરતી વેળા, મારા યુવાન મગજે જે એક પહેલો વિચાર સ્વીકારી લીધો હતો તે ધરાશાયી બની ગયો. માનવતાના જ્ઞાનમાં જે જે વૃદ્ધિ થાય છે તેમાંથી જો માનવની શકિતમાં પણ સાથે સાથે વૃદ્ધિ થતી હોય છે તો પણ

એનું પરિણામ એ નથી આવતું કે એમાંથી માનવજાતિ આપોઆપ જ એક વધુ ઉત્તમ સ્થિતિમાં પહોંચી જાય છે. વિજ્ઞાનની પ્રગતિ થતાં માણસની નૈતિક પ્રગતિ પણ થાય જ છે એમ કહી શકાતું નથી. વૈજ્ઞાનિક જ્ઞાનમાં, બૌદ્ધિક જ્ઞાનમાં માનવની પ્રકૃતિને બદલવાની કોઈ શકિત નથી. અને છતાં આ પ્રકૃતિને બદલવાની તો રહે છે જ. પથ્થર યુગના માણસમાં જે રીતની લોભવૃત્તિ હતી, જે રીતના આવેશો હતા તેવા જ આવેશો અને લોભવૃત્તિ જો આજના યુગના માનવમાં પણ ટકી રહેવાનાં હશે તો માણસજાતિને માટે વિનાશ જ સર્જાયેલો છે. આજે માનવજાતિ એવી સ્થિતિએ પહોંચી છે કે તેનામાં જો હવે ઝડપથી અને સમૂળ એવું કોઈ નૈતિક પરિવર્તન નહિ આવે તો એ માનવ-જાતિ પોતાના હાથમાં આવેલી આ શકિત વડે પોતાનો જ વિનાશ કરી દેશે.

અને હવે મારા યૌવનના બીજા મહા વિચારની વાત કહીશ. એની પણ કેવી દુર્દશા થઈ ગઈ! મારે તો શુદ્ધ જ્ઞાનનો આનંદ જોઈતો હતો, પ્રકૃતિના ગુપ્ત યંત્રનું રહસ્ય પાકે પાયે હાથ કરવું હતું. પ્રકૃતિના સાચા નિયમોને મારે સમજવા હતા અને એ જ્ઞાનનો મારે આનંદ માણવો હતો. પરંતુ એમાંથી પણ કશું પ્રાપ્ત ન થયું. અહીં પણ મારો આદર્શ તૂટી પડયો...હવે અમે વૈજ્ઞાનિકોએ એ વિચાર તો કયારનોયે મૂકી દીધો છે કે કોઈ પણ વાદ કાં તો સાચો હોય કે કાં તો ખોટો જ હોય. અત્યારે અમે માત્ર એટલું જ કહીએ છીએ કે અમુક વાદ સ્વીકારવાથી આપણને વધારે અનુકૂળતા રહે છે, એ વાદ હકીકતો સાથે મળતો આવે છે, હકીકતોનો ખુલાસો આપે છે. પરંતુ આ વાદ ખરેખર સાચો જ છે, એટલે કે વાસ્તવિક સત્ય પ્રમાણેનો જ છે એવું જ્ઞાન આપણને મળ્યું છે એમ કહેવાય કે નહિ એ જુદો જ પ્રશ્ન છે. કદાચ એવો પ્રશ્ન કરવો એમાં પણ કશો અર્થ નથી. અત્યારે વિજ્ઞાનના ક્ષેત્રમાં એક કરતાં વધુ વાદો પ્રવર્તી રહેલા છે. એકની એક જ હકીકતોને એટલી જ સરસ રીતે સમજાવતા બીજા વાદો પણ અસ્તિત્વમાં છે. અને એ પણ એટલા જ સાચા હોઈ શકે છે. પણ આપણે વિચાર કરો કે આ વાદ તે ખરેખર શું છે? એ માત્ર સંકેતો જ છે. હા, એના આધારે આપણે અગાઉથી કેટલુંક જોઈ શકીએ છીએ તેટલા પૂરતા તે કામના તો છે જ. વસ્તુઓ કેવી રીતે બને છે એ આ વાદો સમજાવે છે, પરંતુ આ વસ્તુઓ શા માટે અસ્તિત્વમાં આવી, અને તેમનું અસ્તિત્વ શા માટે છે તે કોઈ વાદ સમજાવી શકતો નથી. આ વાદો આપણને વાસ્તવિકતામાં લઈ જતા નથી. આપણને જાણે એમ જ લાગે છે કે આપણે સત્યની આસપાસ, વાસ્તવિકતાની આસપાસ ગોળ ગોળ ફરી રહ્યા છીએ, તેને જુદા જુદા ખૂણાએથી, જુદા જુદા દૃષ્ટિકોણથી જોઈ રહ્યા છીએ. પરંતુ એ સત્યને સંપૂર્ણ રીતે શોધી કાઢવામાં, પકડવામાં આપણને કદી સફળતા મળેલી નથી. અને એ વાસ્તવિકતા પોતે પણ પોતાનું ઢાંકણ ખોલતી નથી, પોતાનું સ્વરૂપ બતાવતી નથી.

આમાં એક બીજી વસ્તુ પણ પાછી ધ્યાનમાં લેવા જેવી છે. આપણે પદાર્થોનું જ્યારે જ્યારે માપ લઈએ છીએ, અને એ રીતે આપણને બાહ્ય વિશ્વનું રહસ્ય કંઈક

હાથ લાગશે એમ માની લઈએ છીએ, ત્યારે એ માપ લેવાની ક્રિયા કરવા જતાં આપણે પોતે પણ એ વસ્તુમાં દાખલ થવું પડે છે. એટલે થાય છે એમ કે આ માપ લેવાની ક્રિયા કરવા જતાં જ આપણે પદાર્થોનું આ જે બાહ્ય સ્વરૂપ છે તેમાં થોડોએક, ભલે પછી તે અત્યંત અલ્પ હોય તોપણ એક ફેરફાર કરી દઈએ છીએ અને એ રીતે જગતનું સ્વરૂપ બદલી નાખીએ છીએ. અને આ રીતે માપણીમાંથી આપણને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સોએ સો ટકા ખરું જ્ઞાન છે એમ આપણે ખાતરી ધરાવી શકતા નથી. આ બધી માપ લેવાની ક્રિયાઓમાંથી આપણે જે જ્ઞાન તારવીએ છીએ તે માત્ર જગતની એક સંભવિત સ્થિતિ સૂચવી શકે છે એ કાંઈ પાકું નિશ્ચિત જ્ઞાન હોતું નથી. આપણા આ બાહ્ય જગતને અંગે આવી અનિશ્ચિતતા બહુ નાની સરખી હોય છે, નજીવી જેવી હોય છે, પરંતુ આપણે જ્યારે એક નાનામાં નાની વસ્તુનું—અણુના જગતનું જ્ઞાન મેળવવા નીકળીએ છીએ ત્યારે પરિસ્થિતિ બદલાઈ જાય છે. અહીં વસ્તુનું—આ અણુનું માપ કાઢવાની ક્રિયામાં એક મૂળગત અશકિત આવીને ઊભી રહે છે, એમાં એક એવું તો વિઘ્ન આવીને ઊભું રહે છે કે તેને જીતવાની તમારે માટે કશી આશા રહેતી નથી. આમ બનવાનું કારણ તે સંશોધનની અમારી પદ્ધતિમાં કોઈ અપૂર્ણતા રહેલી છે એવું નથી. પરંતુ જગતમાં વસ્તુઓનું સ્વરૂપ જ એવું છે. અને પરિસ્થિતિ એટલે સુધી અપરિહાર્ય જેવી છે કે વિશ્વનો અભ્યાસ કરવા માટે આપણે આપણી બુદ્ધિરૂપી જે રંગીન કાચ વાપરીએ છીએ તે કાચ વિના પણ આપણે કદી ચલાવી શકવાના નથી. હું જે જે માપ લઉં છું, જે જે વાદો રચું છું, તેમાં જેટલું જગતનું તત્ત્વ આવી રહેલું છે તેટલો જ હું પણ છું, તેટલું જ મારું સ્વરૂપ પણ છે, તેટલું જ માનવનું મન પણ છે. આ માપ જેટલાં વસ્તુગત દેખાય છે તેટલાં જ આત્મગત પ્રકારનાં પણ હોય છે. કદાચ એ માપની હસ્તી કેવળ મારા મગજમાં જ હશે.

અનંતના સાગર કિનારા પર ભમતાં ભમતાં એક પગલું મારી નજરે પડ્યું. એ પગલાની છાપ પરથી એ પગલું પાડી જનાર પ્રાણીનો આકાર ઊભો કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. આખરે હું એમાં સફળ નીવડયો છું અને મેં જોયું છે કે એ પગલું પાડનાર તો હું પોતે જ છું. અને આમ હમણાં હું અહીં બેઠો છું—આપણે બધા અહીં બેઠા છીએ— અને આમાંથી કેવી રીતે મુકિત પામીશું તે કંઈ સમજાતું નથી..

---

પણ આ હકીકતમાં એક આશાનું પણ કિરણ છે. હું જાણું છું કે જગત વિષે મને કશું પાકું જ્ઞાન નથી થયું, મને માત્ર સંભવિતતાઓ જ દેખાયેલી છે.—અને એમાંથી જ એક આશા રહે છે, આશ્વાસન રહે છે કે માનવજાતિનું ભાવિ હંમેશને માટે સિવાઈ ગયેલું નથી.

૪

## કલાકાર

હું એક ભદ્ર કુટુંબમાં જન્મ્યો હતો. અમારું કુટુંબ બહુ જ સંસ્કારી ગણાતું હતું, પણ એમાં કળાને માત્ર એક વિનોદના સાધન તરીકે જ લેખવામાં આવતી હતી. કળા એ માણસના જીવનની કારકિર્દી બની શકે છે એ ખ્યાલ અમારે ત્યાં કોઈને ન હતો.

કલાકાર તે ગંભીર માણસો હોઈ શકે એવું કોઈ જાણતું ન હતું. કલાકાર તો નૈતિક રીતે શિથિલ હોય, પૈસા પ્રત્યે લાપરવા હોય એમ સમજવામાં આવતું. અને આ વાત તો જરા જોખમકારક પણ ગણાય. આ બધાનો કદાચ વિરોધ કરવાને ખાતર જ મને થયું કે મારે કલાકાર જ થવું જોઈએ. મારી આખીયે ચેતના મારી આંખોમાં જ એકાગ્ર થઈ રહેવા લાગી. મારે જે કાંઈ કહેવું હોય તે હું શબ્દ કરતાં એકાદ સ્કેચ દોરીને વધુ સહેલાઈથી કહી શકતો હતો. પુસ્તકોના વાંચન કરતાં મને ચિત્રો જોવામાંથી વધારે સારું જ્ઞાન મળવા લાગ્યું. હું જે કાંઈ વસ્તુ એક વાર જોતો–કુદરતનાં દશ્યો, માણસોના ચહેરા કે ચિત્રો –તે કદી ભુલાતાં નહિ.

હું તેર વર્ષનો થયો ત્યારે તો ચિત્રકામની આખીયે ટેકનિક–વૉટર કલર, પેસ્ટલ, ઑઈલ પેઈન્ટિગ મેં હાથ કરી લીધાં હતાં. બેશક, એ માટેની મારી જહેમત પણ અપાર હતી. એ વખતે મને મારાં મા-બાપના મિત્રો અને ઓળખીતાઓ માટે પૈસા લઈને થોડુંક કામ કરવાનો પ્રસંગ પણ મળી ગયો. પછી હું તો કમાવા લાગ્યો. અને મારાં ચિત્રોમાંથી કમાણી થવા લાગી એટલે મારું કુટુંબ પણ મારી એ પ્રવૃત્તિને ગંભીર ભાવે જોવા લાગ્યું. એટલે તે પછી મેં એ વિષયનો સંપૂર્ણ અભ્યાસ કરી લીધો. મારે આર્ટ્સ્ સ્કૂલમાં જોડાવું હતું. પણ તે વખતે તેમાં દાખલ થવા જેટલી મારી ઉંમર ન હતી. હું એ ઉંમરે પહોંચ્યો કે તરત મેં તેમાં અભ્યાસ શરૂ કરી દીધો. સ્કૂલમાં જોડાયા પછી લગભગ તરતમાં જ હું રોમ પારિતોષિક માટેની સ્પર્ધામાં ઊભો રહ્યો અને તેમાં પ્રથમ નંબરે આવ્યો. આ ઈનામના અત્યાર સુધીના વિજેતાઓમાં હું સૌથી નાનો હતો. એ સ્પર્ધામાં જોડાવાથી મને ઇટાલીની કળાનો સંપૂર્ણ પરિચય સાધવાની તક મળી ગઈ. તે પછી મને એક પ્રવાસ સ્કૉલરશિપ મળી અને તેને આધારે હું સ્પેન, બૅલ્જિયમ, હોલૅન્ડ, ઈંગ્લૅન્ડ અને બીજા દેશોનો પ્રવાસ કરી આવ્યો. મારે માત્ર અમુક જ દેશની અમુક યુગની કળાના ચિત્રકાર બની રહેવું ન હતું. મેં તો જગતના સર્વ દેશોની કળાનો, પૂર્વ તથા પશ્ચિમની કળાનો, કળાનાં સર્વ સ્વરૂપોનો અભ્યાસ કર્યો.

આ સાથે હું મારાં પોતાનાં ચિત્રો તો કરતો જ હતો. એમાં મેં એક નવી ફૉર્મ્યુલા, નવી પદ્ધતિ શોધવાનો પ્રયત્ન કર્યો. અને પછી તો મને સફળતા મળવા લાગી, કીર્તિ આવવા લાગી. પ્રદર્શનોમાં પ્રથમ ઈનામો આવ્યાં, ચિત્રોના પંચોમાં સભ્યપદ મળ્યાં, જગતનાં મહાનમાં મહાન મ્યુઝિયમોએ મારાં ચિત્રો ખરીદ્યાં, ચિત્રના સોદાગરોમાં મારાં ચિત્રો માટે

પડાપડી થવા લાગી! આમ પૈસા આવ્યા, ઈલકાબ આવ્યા, માનપાન આવ્યાં. અરે, મારે માટે 'પ્રતિભાશીલ સર્જક' એવો શબ્દ પણ ઉચ્ચારાયો. પરંતુ આ બધું છતાં મને કશો સંતોષ નથી. પ્રતિભા વિષેની મારી કલ્પના સાવ જુદી છે. તમારે નવાં નવાં રૂપો સર્જવાં જોઈએ, નવાં સાધનો અને નવી પ્રક્રિયાઓ લાવવી જોઈએ અને તે દ્વારા એક નવીન કોટિનું, વધુ ઉચ્ચ પ્રકારનું વધારે વિશુદ્ધ, વધારે સાચું, વધારે ઉમદા એવું સૌન્દર્ય પ્રકટાવવું જોઈએ. પણ મને લાગે છે કે જ્યાં સુધી મારે માનવજાતિ સાથે બંધાઈ રહેવું પડશે ત્યાં સુધી હું જગતની સ્થૂલ પ્રકૃતિનાં રૂપોના બંધનમાંથી કદી પણ પૂરેપૂરો મુક્ત થઈ શકીશ નહિ. મારામાં આ અભીપ્સા તો હતી જ, મારે સ્થૂલતાના બંધનમાંથી મોક્ષ જોઈતો હતો. પણ એ માટેનું જ્ઞાન મને મળ્યું નથી.

અને હવે જ્યારે મૃત્યુના મુખમાં ઊભા છીએ ત્યારે મને લાગે છે કે મારે જે ચિત્ર કરવાં હતાં તેવાં ચિત્ર હું કરી શકયો નથી. મારે જે સર્જન કરવું હતું તે હું સર્જી શકયો નથી અને મારા પર આટલી બધી કીર્તિ વરસી રહી છે છતાં મને લાગે છે કે મારું કામ તદ્દન નિઃસાર રહેલું છે.

## ૫

## ઉદ્યોગપતિ

આપણે સૌ અત્યારે પોતપોતાનાં હૃદય ખોલી રહ્યા છીએ ત્યારે હું પણ હૃદય ખોલીને વાત કરીશ. વળી હું જે કહેવાનો છું તેનો ઉપયોગ મારા હરીફો યા તો મારી સફળતાનો—મારી કહેવાતી સફળતાના વિરોધીઓ હવે કોઈ રીતે કરી શકવાના નથી એટલે મારી સાચી જીવનકથા, લોકોએ ઘણી વાર વર્ણવી છે તે રીતની નહિ પણ હું પોતે મારા જીવનને જે રીતે જોઉં છું તે રીતે કહીશ.

મારા જીવનની જે જે હકીકતો આપવામાં આવી છે તે તો બરાબર સાચી જ છે. મારા પિતા એક નાનકડા શહેરમાં એક લુહાર હતા. એમના તરફથી મને ધાતુકામનો શોખ વારસામાં મળ્યો. કોઈ પણ કામ સરસ રીતે થાય એમાં જ કેવો તો આનંદ રહેલો હોય છે, જે કોઈ કામ હાથ લઈએ તેમાં કેવી રીતે પોતાની જાતને ભૂલી જઈ શકાય એ વાત પણ તેમણે મને બતાવી. એમની પાસેથી મને એ પણ જાણવા મળ્યું કે આપણામાં એવી ઈચ્છા રહે કે આપણે હંમેશાં વધુ ને વધુ સારી રીતે કામ કરતા થઈએ, બીજાઓ કરતાં વધુ સારું કામ કરીએ, આપણે પોતે પહેલાં કર્યું હોય તેના કરતાં વધુ સારું કરીએ. મારા પિતાને મન નફો એ મુખ્ય લક્ષ્ય નહોતું. પરંતુ તેઓ પોતે પોતાનાં ધંધામાં શ્રેષ્ઠ સ્થાને પહોંચ્યા હતા તે માટે તેમને ગર્વ નહોતો થતો એમ પણ ન હતું. તેમનાં વખાણ થાય ત્યારે તેમને થતો આનંદ તેઓ કદી છુપાવતા ન હતા.

આ સદીના આરંભમાં જ્યારે અંદરથી સળગતા એંજિનની પહેલી વાર શોધ થઈ ત્યારે એમાંથી જે નવી નવી શકયતાઓ ખૂલતી દેખાઈ તે જોઈને અમારા જેવા જુવાન

છોકરાઓ તો ગાંડા ગાંડા થઈ ગયા. અમે એક ઘોડા વિનાની ગાડી, થોડા વખત પછી મોટરકારના નામે ઓળખાવા લાગેલી ગાડી બનાવવા લાગી ગયા. એ માટે અમારે બેહદ મહેનત કરવી પડી. એ વખતે આવી ગાડીના થોડાક નમૂના તો લોકોએ બનાવેલા હતા પણ એ બધામાં ખામીઓ ઘણી જ હતી.

અને મેં મારી પહેલી કાર બનાવી. મારા જીવનનો એ મોટામાં મોટો આનંદ હતો. એ માટેના ભાગો હું જુદે જુદે ઠેકાણેથી ભેગા કરી લાવ્યો. અને એ ભાગો જે કામ માટે વપરાતા હતા તે કરતાં મેં તેમનો કોઈ જુદો જ ઉપયોગ કરી લીધો. એ કારને મારા પિતાની વર્કશૉપમાંથી બહાર કાઢી થોડે દૂર આવેલા ટાઉન હૉલ સુધી હું લઈ ગયો, એ પણ એક બનાવ હતો. કારની બેઠકનું કશું ઠેકાણું ન હતું. આ હમણાં, પડયા, હમણાં પડયા એમ થયા કરે. ગાડી ચાલે ત્યારે ભખભખ ધુમાડા નીકળે, ખખડ ભભડ, ખખડ ભભડ અવાજો થાય. બેય બાજુ ડોલંડોલા થતી થતી આગળ વધે. એને જોતાં રસ્તે ચાલતા લોકો ગભરાઈ ઊઠયા, કૂતરાં ભસવા મંડી પડયાં, ઘોડા ઝાડ થઈ ગયા. પણ મારે મન તો જગતની એ સર્વશ્રેષ્ઠ સુંદર ચીજ હતી.

એ પછીનાં વરસોની વાત હું છોડી દઈશ. પ્રથમ તો આ નવા યંત્ર સામે લોકો તરફથી ભયંકર વિરોધ થવા લાગ્યો. અરે, આ તે શું બનાવ્યું છે? ગાડી ખેંચવા માટે તો ભગવાને ઘોડો બનાવેલો છે. પછી ઘોડા વિનાનો સંચો બનાવાય કેવી રીતે? અને આ બધી રેલ્વેઓ બની છે તે જાણે ઓછું પડતું હોય તેમ હવે આ આપણા શહેરમાં અને આ રસ્તા પર આ બલાઓ આણી મૂકી છે. હવે અહીં ચાલવાની જગા સરખી પણ કયાં રહેશે? આવી આવી નાપાક શોધખોળોથી જગતનું કોણ જાણે કેવુંયે નખોદ જશે! કેટલાક વળી એમ પણ કહેવા લાગ્યાં કે આવાં ઢંગધડા વિનાનાં યંત્રો કંઈ બહુ ચાલવાના નથી. એને ચલાવવાનું કામ તો ખાસ તૈયાર થયેલાં માણસો જ કરી શકે, યા તો કોઈ ભેજાંગેબ ધૂની માણસ જ એ કામ કરે. પણ કેટલાક હિંમતવાળા માણસોએ મને થોડાંક નાણાં ધીર્યાં અને મેં એક નાનકડી વર્કશૉપ ઊભી કરી. ચારપાંચ માણસો રોકયા અને થોડું એક લોખંડ લઈ આવીને કામ શરૂ કર્યું. પણ મને નાણાં ધીરનાર લોકોમાં પણ કાંઈ ઝાઝી સમજ ન હતી. એ તો પહેલાંના વખતમાં કેટલાક લોકો પરદેશોમાં સોનું શોધવા નીકળી પડેલાં અને ત્યાં અજાણી ભૂમિમાં એક કલ્પિત લક્ષ્મીની શોધમાં પાયમાલ થઈ ગયેલા એમની માફક જ એક આંધળી શ્રદ્ધાથી પ્રેરાઈને કામ કરતા હતા.

મારે પોતાને તો કોઈ અઢળક પૈસો કમાવો ન હતો. મારે તો એક સહેલાઈથી ચલાવી શકાય અને બીજી મોટરો કરતાં વધુ સસ્તી હોય એવી એક મોટર ગાડી બનાવવી એટલી જ ઝંખના હતી. વળી મને એક વસ્તુ તો દેખાતી હતી કે આ વાહન રાખવું ઓછું ખર્ચાળ પણ બની શકવું જોઈએ, કેમકે એ ચાલતું હોય તેટલા વખત પૂરતો જ તેને ખોરાક આપવાનો રહે છે. એટલે જો એની વેચાણ કિંમતને ઠીક ઠીક

નીચે લઈ જઈ શકાય તો તેના ખરીદનાર ઘણા નીકળી આવશે. જે લોકો ઘરમાં બબ્બે ઘોડા રાખવાનું ખર્ચ કરતાં અચકાતા હશે તેવા લોકો તો આ મોટર ગાડી જરૂર ખરીદશે.

અને મેં જે પહેલું મૉડેલ જથાબંધ ઉત્પન્ન કર્યું તે તો હજી પણ મને સ્મરણમાં રહી ગયેલું છે. એ મશીન એવું તો મજબૂત બનાવવામાં આવેલું કે ગમે તેવો અભણ ખેડૂત પણ એને ગમે તેટલી બેદરકારીથી વાપરે તોપણ વાંધો ન આવે. પણ કેટલાક લોકો મોટરકારને હજી પૈસાદારોને માટેનું જ મોજશોખનું સાધન ગણતા હતા અને તે બધા આનો થોડોઘણો તિરસ્કાર પણ કરતા રહ્યા. આમ છતાં આ મૉડેલ હાંકવામાં ઘણું સહેલું હતું. લગભગ કશી જ મહેનત વિના એને ચલાવી શકાતું હતું. અને એ જોતાં એવી આશા બંધાવા લાગી કે હવે સારી મોટરકારો પણ એવી બનાવી શકાશે કે જેને સાવ બિનઅનુભવી માણસ ચલાવી પણ શકશે.

પરંતુ આ મોટરકારનો ઘોડા ઉપર વિજય થતાં વાર લાગી. એ વિજય પહેલા વિશ્વ યુદ્ધમાં મળી શક્યો. આ લડાઈમાં ઘાયલો માટેની ઍમ્બ્યુલન્સ ગાડીઓ, દારૂગોળાનાં વાહનો, તેમ જ બીજી જે જે વસ્તુઓ ભારવાળી યા તો ઝડપથી લઈ જવા જેવી હોય તે દરેકને યંત્રથી સજ્જ કરી દેવામાં આવી. એ યંત્રો બનાવવામાં મારી ફૅક્ટરીની પ્રવૃત્તિ કોઈ અકલ્પ્ય વેગે વધી ગઈ. લશ્કર તરફથી ખૂબ જ મોટા મોટા ઑર્ડરો આવવા લાગ્યા, અને એમાંથી મને મારી બનાવટોમાં સુધારા કરવાની તકો મળતી રહી. મેં નવાં નવાં યંત્રોને સંપૂર્ણ બનાવ્યાં, યંત્રોના ભાગોને જોડવાની પદ્ધતિઓ સંપૂર્ણ બનાવી.

યુદ્ધ પૂરું થયું ત્યારે એક સરસ રીતે ચાલ્યે જતું કારખાનું મારા હાથમાં રહ્યું. પરંતુ એ કારખાનામાં બનતી વસ્તુઓ શાંતિના કાળમાં ખપે તેવી ન હતી. અને મારા મદદનીશો ગભરાઈ ઊઠ્યા. એ મને હવે દબાણ કરવા લાગ્યા કે આપણે માલ બનાવવો ઓછો કરી નાખીએ, કામદારોની સંખ્યા કમી કરીએ, વેપારીઓને ત્યાં મૂકેલા માલના ઑર્ડરો રદ કરીએ, અને નવા ઑર્ડરો હવે કેવા આવે છે તે જોવા માટે થોડો વખત થોભી જઈએ. એમના કહેવામાં બેશક ડાહપણ તો હતું જ. પરંતુ મેં જોયું કે અમારે માટે આ એક ફરી ન આવે તેવી અપૂર્વ તક હતી. અમે હવે જગતમાં સસ્તામાં સસ્તી ગાડી બનાવી શકીએ કે નહિ તે જોવાનું હતું. માલના ઉત્પાદનમાં જો ઘટાડો કરવામાં આવે તો એનું પરિણામ તો કિંમતના વધારામાં જ આવે. એટલે મેં નક્કી કર્યું કે આપણે હવે જેટલો વેચી શકાય તેટલો જ માલ ઉત્પન્ન કરીને બેસી રહીએ એમ નહિ પણ આપણે જેટલો માલ ઉત્પન્ન કરીએ તેટલો વેચી શકાય છે કે નહિ તે જોઈએ. અને મારી દૃષ્ટિ સાચી હતી તે હું છ માસમાં જ સાબિત કરી શક્યો. મેં અમારા માલની ખૂબ જ કુશળતાપૂર્વક પુષ્કળ જાહેરાત કરવા માંડી અને અમે બનાવેલો બધો જ માલ વેચાઈ ગયો.

એ પછી મારી કંપની લગભગ પોતાની મેળે જ ચાલવા લાગી. રોજિંદા કામો અંગેના મહત્ત્વના નિર્ણયો લેવાનું કામ મારે મારા મદદનીશોના હાથમાં જ વધુ ને

વધુ સોંપવાનું થવા લાગ્યું, અને મારે ભાગે માત્ર માર્ગદર્શક સિદ્ધાંતો જ રજૂ કરવાનું કામ રહેવા લાગ્યું. આમાં હવે એ વસ્તુ વિચારવાની આવી કે માલના ગુણમાં કાંઈ પણ ઊણપ ન આવે, કામદારોના પગારમાં કશો ઘટાડો થવા ન પામે,—અને ખરું જોતાં તો મારા કામદારોને જગતમાં વધુમાં વધુ પગાર મળવો જોઈએ—અને છતાં માલને કેવી રીતે સસ્તામાં સસ્તો વેચી શકાય, અને નવા નવા ખરીદનારોને પહોંચી શકાય. વળી એ પણ વિચારવાનું હતું કે ધંધાની સમતુલાને કાંઈ હાનિ થવા દીધા વિના નફાનો ભાગ ઓછામાં ઓછો કરી શકાય કે નહિ.વળી જાહેરાત પણ એવી રીતે થવી જોઈએ કે તેને લીધે માલની બનાવટના ખર્ચમાં વધુ પડતો વધારો ન થાય છતાં માલનું વેચાણ તો બરાબર ધાર્યા પ્રમાણેનું જ થાય. અને છેવટ જતાં એ વિચાર પણ કર્યો કે અમને માલ પૂરો પાડનાર વેપારીઓ જો અમારી પાસેથી ખૂબ જ વધુ પડતો નફો કઢાવવા માગે તો પછી યંત્રના છૂટા ભાગો, અર્ધી બનાવેલી વસ્તુઓ, અને છેવટે કાચો માલ પણ અમારે પોતે જ ઉત્પન્ન કરી લેવા જેટલી તૈયારી રાખવી.

હવે મારો ધંધો જાણે કે એક જીવતી વસ્તુની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. હું જે જે વસ્તુને હાથમાં લેવા લાગ્યો તે બધી જ સફળ થવા લાગી. અને એમ કરતાં કરતાં તો હું લગભગ એક લોકવાયકા જેવો બની રહ્યો. લોકો મને એક દેવ જેવો ગણવા લાગ્યા. મેં તો જીવનમાં એક નવો પંથ રચી આપ્યો છે, હું તો હરેક જણને માટે દૃષ્ટાંત રૂપ છું એમ એમ કહેવાવા લાગ્યું. મારે માટેનો અહોભાવ એટલી હદ સુધી પહોંચ્યો કે મારા મોંમાંથી ગમે તેવો સાધારણ શબ્દ નીકળે, મારી ક્ષુદ્રમાં ક્ષુદ્ર ક્રિયા તેને લઈને લોકો પૃથક્કરણ કરવા લાગી જતા, તેને અંદરબહાર ઉથલાવી ઉથલાવીને વિચાર કર્યા કરતા, તેમાંથી એક મહાન સિદ્ધાંત ઊભો કરતા અને તેને જગત આગળ એક નવાં ધર્મશાસ્ત્ર રૂપે રજૂ કરતા.

પણ આ બધા પાછળનું ખરું સત્ય તો શું હતું? એટલું જ કે મારો ધંધો વૃદ્ધિ પામતો રહ્યો હતો એટલે જ તે જીવતો રહી શક્યો હતો. એ ધંધાની આગેકૂચમાં જો સહેજ પણ રુકાવટ આવી હોત તો તેમાં એનું મૃત્યુ જ હતું. કારણ કે, આવા વધતા જતા ધંધામાં માલના ઉત્પાદનમાં તમે જેટલો વધારો થવા દો તેના કરતાં એ ધંધામાંનાં મથાળાનાં ખર્ચ હંમેશાં તમારે થોડાંક કમી રાખવાનાં રહે છે. આ મથાળાનાં ખર્ચોને તમે જો માલના ઉત્પાદન જેટલાં જ થઈ જવા દો તો પછી, તમારા નફાનો જે કાંઈ ભાગ રહેતો હોય તે પેલાં ખર્ચોમાં સાવ હોઈયાં જ થઈ જાય. અને આ નફો તમારે માલને સસ્તો વેચવા માટે ઓછો જ રાખવો રહે છે. વારુ, મારો ધંધો તો એટલી ઝડપથી વધવા લાગ્યો કે હવે સંવાદપૂર્વક આગળ વધતાં વધતાં એક પુખ્ત અવસ્થા તરફ જઈ રહેલા જીવતા દેહ જેવો ન રહેતાં એક ફુલાવેલા બલૂન જેવો જ વધુ દેખાવા લાગ્યો. દાખલા તરીકે, અમારા કારખાનામાં એમ બનતું કે અમુક ખાતાંઓને

બીજાં ખાતાંઓ સાથે પહોંચી વળવાને માટે પોતાનાં માણસો પાસેથી વહાણના ગુલામોની માફક કામ લેવું પડવા લાગ્યું. અને એવા ખાતાંને અમે તેની સાધનસામગ્રીમાં સુધારો-વધારો કરીને ઠીક કરી લેતા તો વળી પાછી એવી જ તકલીફ કોઈ બીજે ઠેકાણે આવીને ઊભી રહેતી. અને આ પરિસ્થિતિથી તો હું સાવ લાચાર બની ગયો છું. હું જોઉં છું કે આ આખી પ્રવૃત્તિમાં જો કયાંય પણ કંઈ વાંધો આવશે તો એથી મારા કામદારોને માથે જ વધુ આફત ઊતરશે.

અને આ બધાને અંતે માનવજાતિને મેં શું આપ્યું છે? આજે લોકો વધારે સહેલાઈથી મુસાફરી કરે છે. પરંતુ તેથી શું? એના પરિણામે શું લોકો એકબીજાને વધુ સમજવા લાગ્યા છે ખરા? મારા દાખલાને અનુસરીને, જીવનને વધુ સરળ કરવા માટે કામની ગણાતી વસ્તુઓનું જથાબંધ ઉત્પાદન થવા લાગ્યું છે અને એ વસ્તુઓ વધુ ને વધુ લોકોમાં વેચાઈ રહી છે. પરંતુ આને લીધે તો શું જીવનમાં માત્ર નવી નવી જરૂરિયાતો જ ઊભી નથી થઈ? અને સાથે સાથે વધુ ને વધુ નફા માટેનો લોભ પણ શું નથી જન્મ્યો? મારા કામદારોને ઘણો સારો પગાર મળે છે. પણ મને લાગે છે કે એના પરિણામે હું તો તેમનામાં વધુ ને વધુ કમાણી કરવા માટેની–બીજાં કારખાનાંનાં માણસો કરતાં વધુ આવક મેળવવાની ઈચ્છા જ માત્ર જાગૃત કરી શકયો છું. મને થાય છે કે મારા કામદારોના હૃદયમાં સંતોષ આવેલો નથી, એટલું જ નહિ, મને તો લાગે છે કે એઓ સુખી પણ નથી. મારી આશાઓ તો એવી હતી કે આ કામદારોના જીવનનું ધોરણ જો ઊંચું આવશે, તેમને જો પોતાના જીવનની સુખસગવડો માટે અભયવચનો મળી જશે તો તેમનામાં પોતાનો માનવ તરીકે વધુ વિકાસ કરવાની ઈચ્છા જાગશે. પણ હું જોઉં છું કે એવું કશુંય થયું નથી. મારી આશાઓ ખોટી ઠરી છે. ખરેખર, માનવજાતિના દુ:ખનું પ્રમાણ તો એનું એ રહ્યું છે, એનું સ્વરૂપ પહેલાંના જેવું જ ભીષણ રહ્યું છે. મને લાગે છે કે આ દુ:ખના નિવારણ માટે મેં જે જે સાધનો પ્રયોજ્યાં છે તે દ્વારા તો એનું નિવારણ નથી જ થવાનું. માનવના જીવનમાં કોઈ એક મૂળગત ખામી આવી રહેલી છે અને મારાં કાર્યો એ ખામીને સુધારી શકયાં નથી. ખરું કહું તો એ ખામી શું છે તે હું પોતે પણ સમજી શકયો નથી. મને લાગે છે કે આપણે હજી જીવનનું રહસ્ય શોધવાનું બાકી જ રહેલું છે અને એ રહસ્ય હાથ આવે નહિ ત્યાં સુધી આપણા સર્વ પ્રયત્નો નિષ્ફળ જ જવાના છે.

૬

## વ્યાયામવિદ્

મારો જન્મ એક વ્યાયામપ્રિય માણસોના કુટુંબમાં થયો હતો. મારાં માતાપિતા હરેક પ્રકારની રમતગમતો અને કસરતો સારી રીતે કરી જાણતાં હતાં. મારી માતા તરવામાં, ડૂબકીમાં, તિરંદાજીમાં, પટાબાજીમાં અને નૃત્યમાં ખાસ પ્રવીણ હતી. તેની આ શકિત

માટે તે ખૂબ પ્રખ્યાત હતી અને કેટલીક સ્થાનિક રમતગમતોમાં તે પ્રથમ સ્થાને પણ આવી હતી.

મારા પિતા એક અદ્‌ભુત વ્યકિત હતા. એ જે કોઈ વસ્તુ હાથ લેતા તે હંમેશાં થઈને રહેતી. તેઓ ભણતા હતા ત્યારે ફૂટબૉલના ઘણા જાણીતા ખેલાડી હતા. બાસ્કેટ બૉલ અને ટેનિસ પણ તે સરસ રમતા હતા. બૉક્સિંગ તેમ જ ક્રૉસ-કન્ટ્રી (લાંબી) દોડમાં તો તેઓ અમારા જિલ્લામાં કયારનાયે પહેલે નંબરે આવી ગયા હતા. પછીથી તેઓ એક સર્કસ કંપનીમાં જોડાયેલા અને તેમાં ટ્રાપીઝ (ઝોલા) ના કામમાં અને ઘોડેસવારીનાં કામોમાં તે બહુ જ પ્રખ્યાત હતા. પરંતુ તેમનો ખાસ વિષય શરીર વિકાસ અને કુસ્તીનો હતો. આ બે વિષયોમાં તેમણે ખૂબ જ નામના મેળવી હતી.

આવાં માબાપોને પેટ જન્મ લેવો એ એક મોટું સદ્‌ભાગ્ય જ ગણાય. એક બળવાન તંદુરસ્ત અને શકિતશાળી શરીરનો વિકાસ કરવા માટે આ એક સંપૂર્ણ એવી આદર્શ પરિસ્થિતિ હતી. મારાં માતાપિતાએ તીવ્ર સાધના દ્વારા જે જે શારીરિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી હતી તે બધી મને સહજમાં વારસામાં મળી ગઈ. મારાં આ વ્યાયામપ્રિય માબાપને પોતાનું એક સ્વપ્ન પણ મારામાં સિદ્ધ થયેલું જોવાની ઝંખના હતી. તેઓ મને એક મહાન અને સફળ કસરતબાજ બનાવવા ઈચ્છતાં હતાં, એટલે તેમણે મને ખૂબ જ કાળજીપૂર્વક ઉછેરવા માંડયો. તેમની પાસે તંદુરસ્તી, શક્તિ, બળ અને તાકાત ખીલવવા માટે જે કાંઈ જ્ઞાન અને અનુભવ હતાં તે બધાં મારા વિકાસમાં યોજી દીધાં. અને મારા આવા વિકાસને માટે જે જે વસ્તુ મદદ રૂપ થાય તેમ હતી તે બધી તેમણે કરવા માંડી. એમણે મારે માટે મારા જન્મના વખતથી જ આરોગ્ય અને તંદુરસ્તી માટેની ઉત્તમોત્તમ પરિસ્થિતિ ઊભી કરી આપી. ખોરાક, કપડાં, નિદ્રા, સ્વચ્છતા, સારી ટેવો અને બીજી ઘણી બાબતોમાં સ્થૂલ રીતે શકય હતી તેટલી બધી સામગ્રી તેમણે મારે માટે એકઠી કરેલી. તે પછી તેમણે મારે માટે શારીરિક કસરતોનો એક ઘણો સરસ કાર્યક્રમ બનાવ્યો. અને ક્રમે ક્રમે મારા શરીરનો તેમણે સમતોલ અને પ્રમાણસરનો વિકાસ કરાવ્યો. મારા શરીરમાં તેમણે સુંદરતા પ્રગટાવી, લયબદ્ધતા અને સંવાદિતતા સરજાવી. તે પછી તેમણે મારામાં ચપળતા, સાહસિકતા, જાગરુકતા, ચોક્કસતા અને સંયોજકતાનાં તત્ત્વો ખીલવ્યાં અને છેવટે તેમણે મને શકિત અને સહનશીલતા ખીલવવાની તાલીમ આપી.

તે પછી મને એક છાત્રશાળામાં મોકલવામાં આવ્યો. ત્યાં જે શારીરિક કેળવણીનો કાર્યક્રમ હતો તે મને સૌથી વધુ આકર્ષક લાગ્યો. મેં એમાં ખૂબ જ રસ લેવા માંડયો અને થોડાક જ વરસોમાં શાળાના ખેલાડીઓ અને કસરતબાજોમાં હું પણ એક ગણાવા લાગ્યો. અને પછી મને જીવનમાં પ્રથમ વિજય મળ્યો. ત્યાંની શાળાઓ વચ્ચેની બૉક્સિંગની સ્પર્ધામાં હું પ્રથમ આવ્યો. મેં ચેમ્પિયનશિપ મેળવી. મારાં માબાપને પોતાનું સ્વપ્ન સિદ્ધ થવા લાગેલું જોતાં ખૂબ જ આનંદ થયો, ગર્વ થયો! મને પોતાને

પણ મારી આ સફળતાથી ખૂબ પ્રોત્સાહન મળ્યું. મેં હવે શારીરિક કેળવણીની તમામ શાખાઓની ટેક્નિક જાણી લેવાનો અને તેમાં પ્રવીણ થવાનો સંકલ્પ કર્યો અને એ વસ્તુ સિદ્ધ કરવામાં હું ખૂબ જ એકાગ્રચિત્તે કામે લાગી ગયો. મેં કાળજીપૂર્વક અને સખત રીતે મહેનત કરવા માંડી. મારા શિક્ષકોએ મને રમતગમત અને ખેલકૂદની તમામ પ્રવૃત્તિઓમાં શામેલ કર્યો અને એ રીતે મને શરીરની જુદી જુદી શકિતઓનો વિકાસ કેવી રીતે સાધવો તે શીખવાનું મળ્યું. મને લાગતું હતું કે આપણને જો એક સમગ્ર રીતની શારીરિક તાલીમ આપવામાં આવે તો એક જ વિષયમાં નહિ પણ એકથીયે વિશેષ વિષયોમાં, ઘણા વિષયોમાં આપણે સફળ થઈ શકીએ. એટલે પછી મને જે જે રમતગમતોમાં ભાગ લેવાની તક મળતી તે દરેકમાં હું ભાગ લેવા લાગ્યો. અને એમ વરસ વીતવા લાગ્યાં. નિયમિત રીતે હું ખુલ્લી સ્પર્ધાઓમાં ફતેહ પર ફતેહ મેળવતો જ ગયો. કુસ્તી, બૉક્સિંગ, વેઈટ લિફ્ટિંગ, શરીર–વિકાસ, તરવું, દોડકૂદની રમતો, ટેનિસ, વ્યાયામ અને બીજી ઘણી પ્રવૃત્તિઓમાં મને પ્રથમ સ્થાન મળતું ગયું.

હવે હું અઢાર વર્ષની વયે પહોંચ્યો અને ત્યારે મને રાષ્ટ્રીય ઓલિમ્પિક ચેમ્પિયન-શિપની સ્પર્ધામાં ભાગ લેવાની ઇચ્છા થઈ. હું તો શરીરના સર્વાંગીણ વિકાસમાં માનનારો હતો, એટલે આ ચેમ્પિયનશિપમાં મેં ડિકૅથ્લૉન—દશવિધ સ્પર્ધામાં મારું નામ આપ્યું. આ સ્પર્ધા સૌથી વધુ કઠિન સ્પર્ધા છે. એમાં તમારી ઝડપ, તમારી તાકાત, શ્રમસામર્થ્ય, સુયોજન અને બીજી ઘણી શકિતઓની ભારેમાં ભારે કસોટી થાય છે. અને પછી મેં આ સ્પર્ધા માટેની તાલીમ લેવી શરૂ કરી. છ માસ લગી મેં સખત મહેનત કરી અને હું સહેલાઈથી ચેમ્પિયનશિપ જીતી ગયો. મારી પછીના બીજા માણસને મેં કેટલોયે દૂર પાછળ મૂકી દીધો હતો.

અને આ વિજય મળ્યા પછી અમારા દેશની શારીરિક કેળવણીના સંયોજકો સ્વાભાવિક રીતે જ મને વિશ્વ ઑલિમ્પિક રમતોમાં મોકલવાનો વિચાર કરવા લાગ્યા. આ વિશ્વ ઑલિમ્પિયાડ બે વરસ પછી ભરાવાનું હતું અને મારા દેશના પ્રતિનિધિ તરીકે મારે ડિકૅથ્લૉન સ્પર્ધામાં ભાગ લેવો તેવી ઑફર મને કરવામાં આવી. પણ આ વિશ્વસ્પર્ધામાં તો જગતના ઉત્તમોત્તમ કસરતબાજો ભેગા થતા હોય છે. તેમાં ભાગ લેવો એ કંઈ હસવાનો ખેલ ન હતો. મારી પાસે હવે બહુ વખત રહ્યો ન હતો.

એટલે મેં મારા પિતાની દોરવણી હેઠળ મારી તૈયારી શરૂ કરી દીધી. અને મારી માતા બીજી રીતે બધી સંભાળ રાખવા લાગી. મારે ખૂબ જ સખત કામ કરવાનું રહેતું. કેટલીક વાર તો અમુક હદ પછી વધુ પ્રગતિ કરવી અશકય જેવું લાગતું હતું. એકએક ચીજ ખૂબ જ મુશ્કેલ દેખાતી. પરંતુ મેં મારી તૈયારી અસ્ખલિત રીતે ચાલુ જ રાખી. દિવસ પર દિવસ, માસ પર માસ જવા લાગ્યા. મારી તાલીમ વધવા લાગી અને છેવટે વિશ્વ ઑલિમ્પિકનો દિવસ આવી લાગ્યો.

મારે બડાઈ મારવાની તો ન જ હોય, પણ સાથે સાથે મારે એ હકીકત છુપાવવી પણ ન જોઈએ કે એ ઑલિમ્પિકમાં મેં પોતે આશા રાખી હતી તે કરતાં પણ હું ઘણું વધુ સારું કામ કરી શકયો. ડિકૅથ્લૉન સ્પર્ધામાં હું વિશ્વ ચૅમ્પિયન તો થયો જ. પણ આ ઉપરાંત મેં એમાં જેટલા માર્ક મેળવ્યા તેટલા ભૂતકાળમાં કે તે પછીની સ્પર્ધાઓમાં પણ કોઈએ મેળવ્યા નથી. આટલા બધા માર્ક કોઈ મેળવી શકે એવી કોઈને કલ્પના સરખી પણ ન હતી. પરંતુ એ અશકય જેવી લાગતી વસ્તુ શકય બની. અને એમ મારી તથા મારાં માતાપિતાની જીવનની મોટામાં મોટી મહત્ત્વાકાંક્ષા સિદ્ધ થઈ રહી.

પરંતુ હવે મારામાં કંઈક વિચિત્ર વસ્તુ બનવા લાગી. આમ તો હું જીવનમાં સફળતા અને કીર્તિના શિખરે પહોંચી ગયો હતો તો પણ મેં જોયું કે મારામાં ધીરે ધીરે એક જાતની ઉદાસીનતા, એક રીતનું ખાલીપણું આવી રહ્યું હતું. મારી અંદરથી જાણે કે કશુંક કહેતું હતું કે જીવનમાં કશુંક ખૂટે છે, કશુંક શોધવાનું બાકી રહે છે, મારામાં કશુંક મારે સ્થાપિત કરવાનું રહે છે. એ કશુંક જાણે મને કહેતું હતું: જીવનમાં કોઈક મહાન વસ્તુ આવેલી છે અને મારી શારીરિક શકિત અને સામર્થ્યનો, મારા કૌશલનો હું તે મહાન વસ્તુ ખાતર વધુ સારો ઉપયોગ કરી શકું તેમ છું. પણ મને કંઈ જ ખ્યાલ આવતો ન હતો કે આ મહાન વસ્તુ કઈ હશે. પછીથી એ અવસ્થા ધીરે ધીરે ચાલી ગઈ. ત્યાર બાદ મેં બીજી ઘણી ઘણી મોટી સ્પર્ધાઓમાં ભાગ લીધેલો. દરેકમાં મેં ઘણી સારી સફળતા મેળવેલી. પણ એ વખતે હંમેશાં હું જોતો હતો કે જ્યારે જ્યારે મને સફળતા મળતી ત્યારે પેલી ઉદાસીનતાની લાગણી, ખાલીપણાનો ભાવ જાગૃત થઈ મારો કબજો લઈ લેતાં હતાં.

હવે તો મારી ખ્યાતિ ખૂબ વધવા લાગી. મારી આસપાસ જુવાનોનું એક જૂથ ભેગું થવા લાગ્યું. એ જુવાનોને મારી પાસે શારીરિક તાલીમ લેવાની ઇચ્છા થવા લાગી અને મેં ખુશીથી એમને શીખવવા માંડયું. વિવિધ પ્રકારની શારીરિક તાલીમ આપવા માંડી. મેં જોયું કે આ મારા પ્રિય વિષયો બીજાઓને શીખવવામાં પણ મને ઘણો આનંદ પડે છે. અને એ રીતે બીજાઓને તૈયાર કરવાનું કામ મને બહુ સારી રીતે ફાવી ગયું. મારા ઘણા વિદ્યાર્થીઓ જુદી જુદી રમતગમતોમાં અને શારીરિક પ્રવૃત્તિઓમાં આશ્ચર્યકારક પરિણામો લાવવા લાગ્યા. આ રીતે શારીરિક કેળવણીની બાબતમાં હું એક ઘણો સફળ શિક્ષક બની રહ્યો. આ વિષય પણ મને અત્યંત પ્રિય હતો અને એને છોડવાનો વિચાર મને જરા પણ ગમતો ન હતો. અને એમાંથી પછી મને આ શારીરિક શિક્ષણના કાર્યને જ મારી જીવનભરની પ્રવૃત્તિ બનાવવાના વિચારો આવવા લાગ્યા. પણ એ રીતે કામ કરવું હોય તો આ વિષયની સૈદ્ધાન્તિક બાજુ પણ મારે જાણી લેવાની જરૂર જણાઈ અને એ માટે હું શારીરિક શિક્ષણની એક પ્રખ્યાત કૉલેજમાં અભ્યાસ માટે જોડાયો. ત્યાં મેં ચાર વર્ષ અભ્યાસ કર્યો અને શારીરિક કેળવણીની મારી ડીગ્રી પ્રાપ્ત કરી.

આમ શારીરિક કેળવણીની સિદ્ધાંત અને વ્યવહારની બંને બાજુઓમાં હું પારંગત બન્યો અને મેં મારું કામ શરૂ કર્યું. હું ફક્ત જાતે જ કસરતબાજ હતો ત્યાં લગી મારું લક્ષ્ય માત્ર મારા શરીર પૂરતું જ હતું. મારા શરીરને તંદુરસ્ત, સશક્ત બનાવવા માટે, એમ દક્ષતા અને સુંદરતા લાવવા માટે, એને એક ઉચ્ચ કોટિની પૂર્ણતાએ લઈ જવા માટે જ હું પ્રયત્ન કરતો હતો. હવે બીજા માણસો પણ આ રીતનો વિકાસ પ્રાપ્ત કરે એ દૃષ્ટિએ મેં અન્ય લોકોને મદદ આપવાનું શરૂ કર્યું. મારા આખાય દેશમાં મેં શિક્ષકોને માટેનાં તાલીમી કેન્દ્રો ઊભાં કર્યાં. અને એમાંથી શારીરિક શિક્ષણ માટે ઘણા સારા શિક્ષકો અને નિયામકો તૈયાર કર્યા. એ શિક્ષકોની મદદ લઈને મેં મારા દેશના એકએક ખૂણામાં શારીરિક કેળવણીનાં અસંખ્ય કેન્દ્રો ઊભાં કર્યાં. આ કેન્દ્રો દ્વારા અમારે દેશની સામાન્ય જનતામાં આરોગ્યની ભાવનાને વ્યાપક કરવી હતી તેમ જ શારીરિક કેળવણી અને આનંદવિનોદની પ્રવૃત્તિઓને શાસ્ત્રીય રીતે ખેડવાં હતાં તેમ જ લોકપ્રિય બનાવવાં હતાં. અમારાં કેન્દ્રોએ આ કામ બહુ સરસ રીતે પાર પાડયું. થોડાંક વરસોમાં તો મારા દેશનું સર્વસામાન્ય આરોગ્ય બહુ જ ઉત્તમ બની ગયું. અમારા કસરતબાજો દેશમાં તેમ જ દેશની બહારની રમતગમતોમાં બહુ સારાં પરિણામો લાવતા થઈ ગયા. થોડા જ વખતમાં રમતગમતની દુનિયામાં મારો દેશ આંતરરાષ્ટ્રીય ખ્યાતિવાળો બની રહ્યો. મારે એ વાત પણ સ્વીકારવાની છે કે મારા દેશની સરકારે આ કાર્યમાં મને ખૂબ જ મદદ અને ટેકો આપ્યો હતો. મારે માટે શારીરિક કેળવણીના પ્રધાન તરીકેનો એક ખાસ પોર્ટફોલિયો મારી સરકારે મને આપ્યો. હું આટલું બધું કાર્ય કરી શકયો તે એને આભારી છે.

અને થોડા જ વખતમાં હું જગતના એકેએક ભાગમાં એક મહાન શારીરિક કેળવણીકાર અને સંગઠનકાર તરીકે વિખ્યાત બની રહ્યો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં શારીરિક શિક્ષણના વિષયમાં હું એક પ્રમાણરૂપ વ્યકિત ગણાવા લાગ્યો. ઘણા દેશોની સરકારોએ મને પોતાને ત્યાં મારી શારીરિક શિક્ષણની પદ્ધતિ વિષે વ્યાખ્યાનો આપવા માટે આમંત્રણો આપ્યાં અને પોતાને ત્યાં મારી પદ્ધતિ દાખલ કરી આપવાની મને વિનંતિ કરી. મારા પર જગતના દરેક ભાગમાંથી પત્રોનો પ્રવાહ વહેવા લાગ્યો. લોકો શારીરિક કેળવણી અંગેના તેમના પ્રશ્નોમાં મારી સલાહ માગવા લાગ્યાં, મારી પદ્ધતિને સમજવાની ઈચ્છા બતાવવા લાગ્યા.

પરંતુ મારી આ વેગવાન પ્રવૃત્તિઓની વચ્ચે વચ્ચે મને ઘણી વાર એક લાગણી થઈ આવતી હતી. મને થતું હતું કે મારી આ જે શકિત અને જ્ઞાન છે, મારું આ જે દેશવ્યાપી સંગઠન અને એમાંથી પ્રગટેલ જે શકિત છે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં મારો જે પ્રબળ પ્રભાવ છે એ બધાને હું જો કોઈ આથી પણ વધુ ઉચ્ચ, વધુ ઉમદા, વધુ ઉન્નત ધ્યેય ખાતર કદાચ વાપરી શકું તો જ મારી આ બધી પ્રવૃત્તિને તેની કોઈ સાચી સાર્થકતા પ્રાપ્ત થાય. પરંતુ આ મહાન વસ્તુ કઈ હશે તે હું હજી લગી જાણી શકયો નથી.

કેટલીક વાર લોકોએ મને 'પરમ માનવ' તરીકે વર્ણવ્યો છે. પરંતુ ખરેખર, હું 'પરમ માનવ' નથી. હજી પણ હું પ્રકૃતિનો ગુલામ જ છું, હજી પણ હું માણસ જ છું. માણસ તરીકેની બધી યે અવિદ્યા, બધીય મર્યાદાઓ અને અશક્તિઓ મારામાં છે. કોઈ પણ અકસ્માત કે માંદગીનો ભોગ હું બની જઈ શકું છું. માણસની આખીયે શક્તિને નિચોવી લેતી કોઈ પણ ઉગ્ર વાસના મારો કબજો લઈ શકે છે. હું અનુભવું છું કે આખરે તો હું આ બધી વસ્તુઓથી પર નથી જ જઈ શક્યો. મારે હજી કંઈક બીજું શીખવાનું છે. કાંઈક બીજું સિદ્ધ કરવાનું છે.

અત્યારે હવે મારી સામે મૃત્યુ આવીને ઊભું છે, પરંતુ મને તેનો લેશ પણ ડર નથી. કોઈ પણ પારાવાર વેદનાનો વિચાર, ભૂખ કે તરસ મને મૂંઝવતાં નથી. મને માત્ર એક જ વસ્તુનું દુ:ખ રહી જાય છે કે મારા પ્રશ્નોનો ઉકેલ મારા આ જીવનમાં જ હું શોધી શક્યો નથી. જીવનમાં મેં ઘણી મહાન સફળતા મેળવી છે, મને કીર્તિ, માન, ધન મળ્યાં છે, માણસ જે જે ઝંખી શકે તે તે બધું મને મળ્યું છે. પરંતુ તેથી તૃપ્તિ નથી થઈ. કેમકે હું હજી એ વસ્તુ જાણી શક્યો નથી કે–

'જીવનમાં મને આટલું બધું મળ્યું છે છતાં કોક વસ્તુ મને ખૂબ ખૂટતી લાગે છે તે કઈ હશે? મારી શારીરિક પૂર્ણતાનો અને શક્તિનો ઉચ્ચમાં ઉચ્ચ ઉપયોગ કયો હશે? મારી આ દેશવ્યાપી સંગઠન શક્તિને, મારા આંતરરાષ્ટ્રીય પ્રભાવને કઈ વસ્તુને માટે ઉત્તમોત્તમ રીતે વાપરી શકાય તેમ હશે?'

૭

આ પછી પેલા અજ્ઞાત માનવનો અવાજ સંભળાવા લાગે છે,
સ્વસ્થ, નમ્ર, સ્પષ્ટ, એક ગહન શક્તિથી ભરપૂર.

### અજ્ઞાત માનવ

તમે સૌ જે જાણવા ઇચ્છો છો તે હું તમને કહી શકું છું.

તમારી સર્વની પ્રવૃત્તિઓ અને પ્રવૃત્તિઓનું ક્ષેત્ર આટલાં બધાં જુદાં જુદાં રહેલા છે છતાં તમને સર્વને એક જ પ્રકારનો અનુભવ થયેલો છે. તમને તમારી પોતપોતાની પ્રવૃત્તિમાં સફળતા મળેલી છે છતાં તમે છયે જણ એક જ સમાંતર નિર્ણય ઉપર આવ્યા છો. આમ એટલા માટે થયું છે કે તમે સૌ સપાટી પરની ચેતનામાં જ રહેલા છો, તમે વસ્તુઓના બાહ્ય સ્વરૂપને જ જોતા રહેલા છો, તમને વિશ્વની સાચી વાસ્તવિકતાનું જ્ઞાન થયેલું નથી.

તમે માનવજાતિની શ્રેષ્ઠ વ્યક્તિઓના પ્રતિનિધિ છો. માનવને માટે જે કાંઈ ઉત્તમોત્તમ સિદ્ધિ શક્ય છે તે તમે દરેકે મેળવેલી છે, તમે માનવજાતિની ઊંચામાં ઊંચી ટોચ છો

પરંતુ આ ટોચ પર પહોંચ્યા પછી હવે તમારી સામે એક ખીણ આવીને ઊભી છે, અને હવે તમારાથી આગળ વધાય તેમ નથી. તમને એકેને પણ તમારા પોતાના કાર્યથી તૃપ્તિ નથી અને છતાં તમારે હવે શું કરવું જોઈએ તે તમે કોઈ જાણતા નથી. તમારા જીવનમાંથી તેમજ તમારી શુભ નિષ્ઠામાંથી તમને એક બેવડો પ્રશ્ન ઊભો થયેલો છે અને તેનું નિરાકરણ તમને કોઈને પણ જડયું નથી. આ પ્રશ્ન બેવડો છે એમ હું કહું છું તેનું કારણ એ છે કે એને બે બાજુઓ છે. વ્યકિતગત અને સામુદાયિક. પોતાનું હિત અને બીજાઓનું હિત બંને પૂર્ણપણે કઈ રીતે સિદ્ધ થઈ શકે? જીવનની આ વિકટ સમસ્યા છે અને તમારી કોઈની પાસે એનો ઉકેલ નથી. અને તે સ્વાભાવિક છે, કેમકે આ સમસ્યા મનોમય માનવથી ઊકલવાની નથી, ભલે પછી એ માનવ ગમે તેટલો મહાન હોય. આ ઉકેલ મેળવવો હશે તો માણસે એક નવીન ચેતનામાં, એક ઊર્ધ્વ ચેતનામાં સત્ય-ચેતનામાં જન્મ લેવો પડશે. જગતના આ ક્ષણભંગુર આભાસોની પાછળ એક શાશ્વત વાસ્તવિકતા આવી રહેલી છે. આ સંઘર્ષમાં અટવાતી અચેતન માનવતાની પાછળ એક અદ્વૈતરૂપ ચેતના આવી રહેલી છે. આ સતત ચાલુ રહેતાં અસત્યોની પાછળ એક નિર્મળ જ્યોતિર્મય સત્ય આવી રહેલું છે. આ તમોમય અને હઠીલા અજ્ઞાનની પાછળ એક પરમ સમર્થ જ્ઞાન આવેલું છે.

અને આ પરમ વાસ્તવિકતા કાંઈ બહુ દૂર આવેલી નથી. એ તો તમારી પાસે છે, ઘણી પાસે છે. તમારા સ્વરૂપના કેન્દ્રમાં તે બેઠેલી છે, આખા વિશ્વના કેન્દ્રમાં તે બેઠેલી છે. અને ત્યાંથી તેને તમારે માત્ર શોધી લેવાની છે અને જીવનમાં સાકાર કરવાની છે. એ તમે કરી શકશો ત્યારે તમે તમારા બધાય પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો, તમારી સર્વ મુશ્કેલીઓને પાર કરી શકશો.

તમે કદાચ કહેશો કે આ વસ્તુ તો જગતના ધર્મોએ કયારની કહી દીધેલી છે. ઘણા ધર્મોમાં આ વાસ્તવિકતાની વાત આવે છે, એ બધા એને પ્રભુનું નામ આપે છે. હા, ધર્મોએ આ વાત તો કરી છે, પરંતુ તેમ છતાં આ ધર્મો તમારા પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ લાવી શકયા નથી, તમારા પ્રશ્નોનો નિ:શંક એવો ઉત્તર આપી શકયા નથી. ઊલટું, આ ધર્મોને તો આ દીનદુ:ખી માનવજાતિનાં દર્દોનો ઇલાજ કરવાના પ્રયત્નમાં સાવ નિષ્ફળતા જ મળેલી છે.

જગતના કેટલાક ધર્મો કોઈ પયગંબરને લાધેલા દર્શનમાંથી ઊભા થયેલા છે, તો કેટલાક ધર્મો કોઈ તત્ત્વજ્ઞાનિક તથા આધ્યાત્મિક આદર્શ ઉપર મંડાયેલા હોય છે. પરંતુ આ પયગંબરનાં દર્શનો થોડાક જ વખતમાં એક ક્રિયાકાંડમાં પલટાઈ ગયેલાં છે, અને તત્ત્વજ્ઞાને આપેલાં આદર્શો એક રૂઢ માન્યતાના રૂપે બની ગયા છે. અને એમ એ ધર્મો પાછળ રહેલું સત્ય લુપ્ત થઈ ગયું છે. આ ઉપરાંત આ ધર્મોની, એક એક ધર્મની, વિના અપવાદે, એક ખાસ વાત એ રહેલી છે કે તે બધા માનવજાતિને જે નિરાકરણ બતાવે છે તે

જીવન ઉપર નહિ પણ મૃત્યુ ઉપર મંડાયેલું, પારલૌકિક નિરાકરણ છે. એ નિરાકરણનો સાર એ હોય છે કે : ભાઈ, આ અશુભથી ભરેલા જગતનો કોઈ ઇલાજ છે જ નહિ. એટલે તમારા ઉપર જે કાંઈ દુ:ખો આવી પડે તે શાંતિથી કશી દાદ ફરિયાદ કર્યા વિના સહન કરી લો. અને તમારા આ સમર્પણ ભાવનો બદલો તમને મૃત્યુ પછી મળી રહેશે. અથવા તો બીજું નિરાકરણ એ બતાવવામાં આવે છે કે, તમે જીવન પ્રત્યેની તમામ આસકિત તજી દો અને એમાંથી પછી જીવન જીવવાની ક્રૂર ફરજમાંથી તમને હંમેશને માટે મુકિત મળી જશે. પરંતુ આવા નિરાકરણમાંથી પૃથ્વી ઉપર રહેતી માનવ જાતિનાં દુ:ખોનો કશો ઇલાજ મળી આવતો નથી, તેમ જ જગતની સર્વવ્યાપી પરિસ્થિતિનો પણ કશો ઇલાજ મળતો નથી. એટલે આપણે જગતની આ અંધાધૂંધીનો, અતંત્રતા અને દુ:ખનો જો સાચો ઉકેલ શોધવો હશે તો તે ઊલટું, જગતની અંદર જ શોધવાનો રહે છે. ખરી વાત તો એ છે કે આ ઉકેલ જગતની અંદર જ આવેલો છે, જગતમાં તે એક ગુપ્ત રૂપે પડેલો છે અને આપણે તેને બહાર લઈ આવવાનો છે. વળી આ ઉકેલ અગમ્ય રીતનો કે કોઈ કાલ્પનિક રૂપનો નથી. એ એક ઘણો જ વાસ્તવિક રૂપવાળો, સઘન ઉકેલ છે, અને કુદરતે પોતે જ એ આપેલો છે. આપણને જો કુદરતનું અવલોકન કરતાં આવડશે તો એ કુદરતમાંથી જ એ ઉકેલ મળી આવે તેમ છે. આપણે જોઈએ છીએ કે કુદરત એ એક આરોહણ રૂપની ગતિ છે. કુદરત એક રૂપમાંથી બીજું નવું રૂપ, એક જાતિમાંથી બીજી નવી જાતિ ઉત્પન્ન કરે છે. અને એ નવા રૂપમાં વિશ્વ ચેતનનું કાંઈક વધુ તત્ત્વ પ્રગટ કરવાની શકિત હોય છે. જગતની તમામ હકીકતો જોતાં એ વસ્તુ પુરવાર થાય છે કે પૃથ્વી ઉપર થયેલા વિકાસક્રમમાં માનવજાતિ એ કાંઈ છેવટનું પગથિયું નથી. આ માનવજાતિની પછી એક બીજી નવી જાતિ પૃથ્વી ઉપર અવશ્ય આવવાની જ છે. એ માનવજાતિ, અત્યારે માનવ પશુ કરતાં જેટલો આગળ વધેલો છે એના જેટલી જ અત્યારના માનવ કરતાં આગળ વધેલી હશે. જગતમાં અત્યારની માનવ-ચેતનાને સ્થાને એક નવી ચેતના, એક મનોમય નહિ પણ અતિમાનસ ચેતના આવશે, અને એ ચેતના એક વધુ ઉચ્ચ, અતિમાનવ કિંવા દિવ્ય માનવજાતિને જન્મ આપશે.

આવી જાતિના ઉદયની શકયતા છે એ વાત કેટલાય વખતથી માણસોને દેખાતી રહી છે. માનવજાતિને એ માટેનું વચન પણ મળી ગયું છે. અને પૃથ્વી ઉપર એ વસ્તુ સિદ્ધ થવાનો વખત હવે આવી ચૂકયો છે. તમને સૌને જે આટલો બધો અસંતોષ થાય છે, તમારા જીવનમાં તમારે પ્રાપ્ત કરવું હતું તે થઈ શકયું નથી એવી જે લાગણી થાય છે તેનું કારણ પણ આ જ છે. અંધકારમાં સપડાયેલા આ જગત માટે મુક્ત થવાનો આ જ એક માર્ગ છે. અને તે એ કે માનવની ચેતનામાં એક આમૂલ પરિવર્તન થઈ જવું જોઈએ. ખરી વાત તો એ છે કે ચેતનાનું આ રૂપાંતર થવું, એક વધુ ઉચ્ચ અને વધુ સત્ય ચેતનાનો આવિર્ભાવ થવો એ શકય છે એટલું જ નહિ પણ નિશ્ચિત પણ છે. એથીયે આગળ જઈને એમ પણ કહી શકાય કે આપણા જીવનનું લક્ષ્ય પણ આ

જ છે, પૃથ્વી ઉપર જીવન પ્રગટયું છે તે પણ આ કારણે જ છે. આ વિકાસક્રિયામાં પ્રથમ ચેતનાનું રૂપાંતર થવાનું રહે છે, તે પછી જીવનનું રૂપાંતર થશે અને પછી રૂપોનું રૂપાંતર થશે. નવી સૃષ્ટિ આ ક્રમમાં રચાશે. ખરી રીતે તો પ્રકૃતિની સારીયે ક્રિયા ક્રમે ક્રમે પેલી પરમ વાસ્તવિકતામાં પાછા પહોંચવા માટેની જ એક ગતિ છે. આ આખુંયે વિશ્વ,એના સમગ્ર રૂપે તેમ જ એની નાનામાં નાની વસ્તુ પણ, એ પરમ વાસ્તવિકતામાંથી જ પ્રગટ થયેલું છે. અને સાથે સાથે આ જગતનું ધ્યેય પણ એ પરમ વાસ્તવિકતા જ છે. અને આમ આપણે મૂળમાં તત્ત્વ રૂપે જે કાંઈ છીએ તે આપણે પ્રગટ મૂર્તિ રૂપે જીવનમાં બનવાનું છે. આપણા સ્વરૂપના ઊંડાણમાં એક સૌન્દર્ય, એક શકિત, એક પૂર્ણતા ગુપ્ત રૂપે રહેલાં જ છે તેમને આપણે સમગ્રપણે જીવનમાં સાકાર કરવાનાં છે. એમ બનશે ત્યારે સારુંયે જીવન પ્રભુના ભવ્ય, શાશ્વત, દિવ્ય આનંદનું પ્રગટ રૂપ બની રહેશે.

એક નીરવતા છવાય છે અને તેમાં છયે જણ સંમતિનો
ભાવ સૂચવતા એકબીજા પ્રત્યે જોઈ રહે છે.

ત્યાર પછી :

**લેખક**

તમારા શબ્દોમાં એક મહા શકિત છે, એક હૃદયસ્પર્શી બલ છે. હા, અમને લાગે છે કે અમારી આગળ એક નવું દ્વાર ખૂલ્યું છે, અમારા હૃદયમાં એક નવી આશા જન્મી છે, પણ એ આશાને સિદ્ધ થવા માટે સમય જોઈશે. હમણાં તો મૃત્યુ આપણી રાહ જુએ છે. અંત નજીક આવી રહ્યો છે. આહ, અફસોસ છે કે આ વાત આપણને બહુ મોડી જાણવા મળી.

**અજ્ઞાત માનવ**

ના, બહુ મોડું નથી થયું. આ જગતમાં કદી કશું મોડું હોતું નથી.

આવો, આપણે સર્વે એક મહાન અભીપ્સાપૂર્વક સંકલ્પ કરીએ, પ્રભુની કૃપાને અહીં આવવા માટે પુકાર કરીએ. ચમત્કાર હંમેશાં બની શકે છે. શ્રદ્ધાની શકિતને કોઈ સીમા નથી. અને પ્રભુના આ ભાવિ કાર્યમાં ભાગ લેવાનું જો આપણું નિર્માણ હશે તો પછી પ્રભુની કૃપા જરૂર અહીં આવશે અને આપણું જીવન લંબાવશે. આવો, એક જ્ઞાનીની નમ્રતા ધારણ કરીને અને બાળકની સરલ શ્રદ્ધાપૂર્વક આપણે પ્રાર્થના કરીએ. આપણે સાચા હૃદયથી આ નવી ચેતનાને, આ નવા સત્યને, આ નવા સૌન્દર્યને પુકાર કરીએ. જગતમાં આ સર્વ પ્રગટ થવાં જ જોઈશે. એ પ્રગટ થતાં પૃથ્વીનું રૂપાંતર થશે, આ સ્થૂલ જગતમાં અતિમાનસનું જીવન સિદ્ધ થશે.

બધાં શાંત બની એકાગ્રતા કરે છે.
અજ્ઞાત માનવ પાછો બોલવા લાગે છે :

'હે પરમ સત્ય, અમારી પ્રાર્થના છે કે આ જે અદ્‌ભુત રહસ્ય અમારી સમક્ષ પ્રગટ થયું છે તેને અમે જીવનમાં પૂર્ણ રીતે સાકાર કરીએ.'

બધા એ પ્રાર્થના ફરીથી બોલે છે અને એકાગ્રતામાં મગ્ન રહે છે. એકાએક કળાકારનો અવાજ સંભળાય છે:

જુઓ! જુઓ!

ક્ષિતિજ ઉપર ટપકા જેવડું એક વહાણ દેખાય છે, અને ધીરે ધીરે તે પાસે આવતું જાય છે. આશ્ચર્યના ઉદ્‌ગારો. અજ્ઞાત માનવ બોલે છે:

આપણી પ્રાર્થના સંભળાઈ છે.

વહાણ જ્યારે સ્પષ્ટ દેખાવા લાગે છે ત્યારે વ્યાયામવિદ્ કૂદીને હોડીની બાજુ પર ચડી જાય છે. પોતાનો રૂમાલ બહાર ખેંચી કાઢે છે અને હલાવે છે. વહાણ પાસે આવતું જાય છે.

વિજ્ઞાનશાસ્ત્રી બોલી ઊઠે છે:

એ લોકોએ આપણને જોયા છે. એ આવે, એ આવે!

અને અજ્ઞાત માનવ ધીરે ધીરે બોલે છે:

આ છે મુક્તિ, આ છે નવું જીવન.

( પડદો )

# સત્ય પ્રતિ આરોહણ

## જીવનનું એક નાટક

પ્રવેશક, સાત સોપાનો અને ઉપસંહારમાં

### પાત્રો

માનવકલ્યાણવાદી
નિરાશાવાદી
વિજ્ઞાનશાસ્ત્રી
કળાકાર
ત્રણ વિદ્યાર્થીઓ
બે પ્રેમીઓ
સંન્યાસી
બે અભીપ્સુઓ

પ્રવેશક : કળાકારના સ્ટુડિયોમાં, પ્રાથમિક સભા

આરોહણનાં સાત સોપાનો, સાતમું સોપાન શિખર ઉપર

ઉપસંહાર : નવું જગત

## પ્રવેશક

### કળાકારના સ્ટુડિયોમાં

સાંજ, રાત પડવા આવી છે. સત્ય પ્રાપ્તિ માટેની એક સમાન અભીપ્સા ધરાવતી વ્યક્તિઓના એક નાના મંડળની મળેલી સભાનો અંત.

હાજર રહેલા :

માનવકલ્યાણવાદી, સદ્ભાવથી ભરેલો માણસ.

નિરાશાવાદી, જીવન તરફથી નિરાશા પામેલો અને પૃથ્વી ઉપર હવે સુખ શક્ય હોઈ શકે જ નહિ એમ માનતો થયેલો માણસ.

વિજ્ઞાનશાસ્ત્રી, પ્રકૃતિના પ્રશ્નોને ઉકેલવા પ્રયત્ન કરતો.

કળાકાર, એક વધુ સુંદર આદર્શનું સ્વપ્ન સેવતો.

ત્રણ વિદ્યાર્થીઓનું જૂથ (બે છોકરાઓ અને એક છોકરી), એક વધુ ઉત્તમ કોટિના જીવનમાં તેમ જ પોતાની જાતમાં જેમને શ્રદ્ધા છે એવાં.

બે પ્રેમીઓ, માનવ-પ્રેમમાં પૂર્ણતાને શોધી રહેલાં.

સંન્યાસી, સત્યને પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રકારનાં તપ કરવાને તૈયાર.

બે અભીપ્સુઓ, એકબીજામાં સમાન અભીપ્સા હોવાને લીધે ભેગાં થઈ ગયેલાં, અને અનંત પ્રભુએ તેમની પસંદગી કરેલી હોવાથી અનંત પ્રભુની તેમણે પસંદગી કરેલી એવાં.

(પડદો ઊપડે છે.)

### કળાકાર

મારા પ્રિય મિત્રો, આપણી સભા હવે પૂરી થવા આવી છે. પરંતુ એ સભાનું આપણે વિસર્જન કરીએ અને આપણે સંગઠિત પ્રવૃત્તિ આદરવા માટે છેવટનો નિર્ણય લઈએ તે પહેલાં મારે આપને ફરી વાર પૂછી લેવું જોઈએ કે આપ સર્વેએ જે કાંઈ નિવેદનો કર્યાં છે તેમાં આપને કાંઈ વિશેષ ઉમેરવાનું હવે છે ખરું?

### માનવકલ્યાણવાદી

હાજી, મારે ફરી એક વાર જણાવવું જોઈએ કે મેં મારું સારુંયે જીવન માનવજાતિને મદદ કરવામાં સમર્પણ કરી દીધું છે. માનવજાતિને સહાય કરવા માટેની જે કોઈ પદ્ધતિઓ જાણીતી છે તથા શક્ય છે તે સર્વ મેં અનેક વરસો લગી અજમાવી જોઈ છે. પણ એમાંથી એક પણ પદ્ધતિએ મને સંતોષકારક પરિણામ આપ્યું નથી અને એટલે મને હવે પૂરી ખાતરી થઈ ગઈ છે કે મારા પ્રયત્નમાં મારે સફળ બનવું હોય તો મારે સત્ય શોધી લેવું જ જોઈએ. ખરેખર, તમને જીવનનો સાચો અર્થ જડયો ન હોય તો પછી તમે માણસોને અસરકારક મદદ કેવી રીતે આપી શકવાના છો? આપણે જેટલા જેટલા ઈલાજો અજમાવ્યા છે તે બધા રોગને કેવળ ઉપર ઉપરથી જ મટાડે છે, રોગને તે નિર્મૂળ કરી શકતા નથી. માનવજાતિનો ઉદ્ધાર કેવળ સત્યની ચેતના જ કરી શકશે.

### નિરાશાવાદી

મેં તો જીવનમાં બહુ બહુ વેઠયું છે, ભાઈ. હું તો જીવનમાં ઘણી ઘણી ભ્રાંતિઓ અનુભવી ચૂકયો છું. આહ, મારા પર તો ઘણા ઘણા અન્યાયો ગુજર્યા છે, કેવાં કેવાં તો દુઃખ ઊતર્યાં છે. હવે તો કશામાંય મારી શ્રદ્ધા રહી નથી. મારી પાસે તો હવે જગત માટે

કે માણસો માટે કોઈ જ આશા રહી નથી. મારે તો બસ, હવે માત્ર એક જ આશા છે,–સત્ય શોધી લેવું છે, જો કદી પણ સત્ય શોધાય તેમ હોય તો.

### પહેલો અભીપ્સુ

તમે જુઓ છો કે અમે બે જણ અહીં સાથે આવેલાં છીએ, પણ એનું કારણ એ છે કે એક સમાન અભીપ્સાએ અમારાં જીવન ભેગાં કર્યાં છે. અમે કોઈ કામનાના બંધનથી કે લાગણીના બંધનથી બંધાયેલાં નથી. અમારાં જીવનમાં માત્ર એક જ વસ્તુ રમી રહી છે: સત્યની શોધ.

### પ્રેમીઓમાંનું એક

( અભીપ્સુઓ પ્રત્યે આંગળી ચીંધી )

આપણા આ બે મિત્રો કરતાં અમારી સ્થિતિ તો સાવ ઊલટી જ છે. અમે બે તો (પોતાની પ્રિયતમાને આલિંગન ભરતાં) કેવળ એકબીજાને આધારે, એકબીજાને અર્થે જ જીવીએ છીએ. અમારી તો કેવળ એક જ અભીપ્સા છે કે અમે સંપૂર્ણ અદ્વૈત પામીએ, બે શરીરોમાં અમે એક જ આત્મા બની રહીએ. અમારાં બે બદનમાં એક જ ચિત્ત, એક જ સંકલ્પ, એક જ શ્વાસોચ્છ્વાસ ચાલે, બે હૃદયમાં એક જ ધબકાર ધબકે. અમારી ઝંખના છે કે અમે બંને અમારા હૃદયના પ્રેમ દ્વારા જ જીવીએ, એ પ્રેમમાં જ, એ પ્રેમને ખાતર જ જીવીએ. અમારે પ્રેમનું આ પૂર્ણ સત્ય શોધવું છે. અને જીવનમાં ઉતારવું છે. અમારું જીવન અમે આ ધ્યેયને સમર્પણ કરેલું છે.

### સંન્યાસી

મારી વાત પૂછો તો સત્ય કાંઈ આટલી બધી સહેલાઈથી મળી જશે એમ મને લાગતું નથી. સત્યમાં પહોંચવાનો માર્ગ તો મહા કઠણ હોવો જોઈએ, એમાં તો અનેક ઊંચાં ઊંચાં ચઢાણો, ઊંડી ઊંડી ખાઈઓ, ભયંકર ભયો, કારમાં જોખમો, ઘોર આપત્તિઓ, ભ્રમોત્પાદક ભ્રાંતિઓ, એ બધું હોવું જોઈએ. આ સર્વ વિઘ્નોને જીતવા માટે આપણામાં એક અચલ સંકલ્પશકિત અને લોખંડી નસો હોવી જોઈએ. અને આ રીતે, મારી સમક્ષ મેં જે ભવ્ય ધ્યેય રાખ્યું છે તેને માટે પાત્ર થવાને હું હરેક રીતનું બલિદાન આપવાને તૈયાર છું, એ માટે હું હરેક રીતની તપશ્ચર્યા, હરેક રીતનો ત્યાગ કરવા તૈયાર છું.

### કળાકાર

( બીજાઓ તરફ ફરીને )

તો તમારે શું કાંઈ વધુ કહેવાનું નથી ?...ના. તો પછી આપણે બધા હવે પૂરેપૂરા સંમત છીએ. આપણે સૌ એક સાથે નીકળીશું અને સાથે મળીને પર્વત ચડીશું. એ પવિત્ર ગિરિનું આરોહણ આપણને સત્ય તરફ લઈ જશે. આ પર્વત પર ચડવું એ તો મહા

કઠણ અને કપરું સાહસ છે, પણ છતાંયે એ સાહસ ખેડવા જેવું છે. કેમકે, આપણે એના શિખર પર પહોંચીશું ત્યારે આપણને સત્યનું દર્શન થશે અને ત્યાં પછી તમામ પ્રશ્નોનો ઉકેલ આવી જ જશે.

તો હવે આપણે સૌ આવતી કાલે પર્વતની તળેટીમાં ભેગા થઈએ છીએ. ત્યાંથી આપણો સંઘ આરોહણ શરૂ કરશે. નમસ્કાર.

(સૌ કોઈ 'નમસ્કાર' કહીને છૂટા પડે છે.)

# પહેલું સોપાન

[ હરિયાળીથી ઢંકાયેલો એક રીતનો ઉચ્ચ પ્રદેશ. એના પરથી આખી ખીણ જોઈ શકાય છે. આ ઉચ્ચ પ્રદેશમાંથી રસ્તો આગળ વધે છે. અત્યાર લગી એ રસ્તો સહેલો તેમજ વિશાળ હતો તે અહીંથી હવે એકાએક સાંકડો બની જાય છે અને ડાબી બાજુએ આવેલા પ્રચંડ ખડકોના બનેલા પર્વતની શિલાઓને વીંટળાતો વીંટળાતો આગળ વધે છે.

બધા યાત્રીઓ એકી સાથે આવી પહોંચે છે. સૌ કોઈમાં શક્તિ અને ઉત્સાહ ઊછળી રહ્યાં છે. પોતાની નીચે પથરાયેલી ખીણ ઉપર તેઓ નજર ફેરવે છે. પછી માનવકલ્યાણવાદી હાથનો ઈશારો કરીને સૌને ભેગાં કરે છે. ]

**માનવકલ્યાણવાદી**

મિત્રો, મારે તમને કાંઈક કહેવું છે. તમને મારે કેટલીક ગંભીર બાબતો જણાવવાની છે. (ચુપકીદી: બધા ધ્યાનપૂર્વક સાંભળે છે.)

આપણે સૌ આનંદ કરતા કરતા આ ઉચ્ચ પ્રદેશ સુધી સહેલાઈથી ચડી આવ્યા છીએ. અહીંથી આપણે હવે જીવનને જોઈ શકીએ છીએ અને જીવનના પ્રશ્નોને તથા માનવનાં દુ:ખનાં કારણોને વધારે સારી રીતે સમજી શકીએ છીએ. આપણું જ્ઞાન હવે વધારે વિશાળ બન્યું છે, વધારે ઊંડું બન્યું છે અને આપણે જે ઉકેલ શોધી રહ્યા છીએ તે મેળવવાની શકિત આપણામાં હવે આવી ગઈ છે...(ચુપકીદી)

પરંતુ આપણે હવે એક નવો નિર્ણય માગતી પરિસ્થિતિમાં આવી પહોંચ્યા છીએ. અહીંથી હવે આપણો ચડવાનો માર્ગ વધુ ને વધુ સીધો બનવાનો છે, માર્ગ હવે વધુ કઠણ પણ બનશે, અને ખાસ વાત તો એ છે કે આપણે પર્વતની પેલી બાજુ ચાલ્યા જઈશું ત્યાર પછી આપણને આ ખીણ અને માણસો દેખાતાં બંધ થઈ જશે. અને એનો અર્થ તો એ થાય કે મારે મારું કામ હવે છોડી દેવું પડશે, માનવતાને સહાય કરવાની મારી પ્રતિજ્ઞા મારે પડતી મૂકવી પડે. એટલે હવે તમે મને તમારી સાથે આગળ આવવા માટે આગ્રહ ન કરશો. મારે હવે તમારો સાથ પડતો મૂકવો પડે છે અને મારી ફરજ ઉપર હું પાછો પહોંચી જાઉં છું.

(તે નીચે ઉતરવાનો માર્ગ લે છે. બાકીનાં સૌ આશ્ચર્યચકિત બનીને નિરાશામાં એકબીજાની સામે જોઈ રહે છે. પછી...)

**સંન્યાસી**

બિચારો મિત્ર! એ પાછો નીચે પહોંચી ગયો. કર્મ પ્રત્યેની એની આસક્તિએ એના પર વિજય મેળવ્યો છે. બાહ્ય જગત અને તેના આભાસોની ભ્રાંતિએ એને જીતી લીધો છે. પણ તેથી કાંઈ આપણા ઉત્સાહમાં લેશ માત્ર ફેર નહિ પડે. ચાલો, આપણે આગળ ચાલતા થઈએ. આપણને કોઈ અફસોસ નથી, કશી શંકા આશંકા નથી.

(બધા ફરીથી આગળ ચાલવા લાગે છે.)

# બીજું સોપાન

[રસ્તાનો એક ભાગ. એનો ઢાળ હવે વધુ ને વધુ ઊંચો બનવા લાગે છે. રસ્તો અહીંથી હવે કાટખૂણે વળી જાય છે અને આગળ કયાં જાય છે તે જોવું અશક્ય બની જાય છે. નીચેના ભાગમાં એક લાંબું ઘટ્ટ વાદળ રસ્તાને જગતથી પૂરેપૂરો અલગ કરી નાખે છે.

સૌ કોઈ ઓછાવત્તા આનંદપૂર્વક આગળ વધતા રહે છે, સિવાય કે નિરાશાવાદી. એ સૌથી પાછળ પગ ઘસડતો આવે છે અને રસ્તાની બાજુ પરની એક ઊંચી જગા પર બેસી પડે છે. પોતાના બે હાથમાં તે માથું ઢાળી દે છે અને એ સ્થિતિમાં હાલ્યા ચાલ્યા વિના બેસી રહે છે. બીજાઓ એને પોતાની પાછળ આવતાં અટકી ગયેલો જોઈને પાછા ફરે છે. વિદ્યાર્થીઓમાંથી એક જણ તેની પાસે આવે છે અને તેના ખભાને અડે છે.]

**વિદ્યાર્થી**

કાં, ભાઈસાહેબ? શું થયું? થાક લાગ્યો?

**નિરાશાવાદી**

(ખભો હલાવીને વિદ્યાર્થીને પાછો ધકેલી દેતાં)

ના, ભાઈ, ના. રહેવા દો, મને એકલો બેસી રહેવા દો. હવે તો બહુ થઈ ગયું. એ વાત હવે અશકય છે!

**વિદ્યાર્થી**

પણ શા માટે, ભલા? ચાલો ચાલો હવે, થોડીક વધુ હિંમત રાખો!

**નિરાશાવાદી**

ના ના, કહું છું કે હવે મારાથી કશું જ નહિ બને. આપણું આ સાહસ મૂર્ખાઈ ભરેલું છે, અશકય છે. (નીચે પગ હેઠળનું વાદળ બતાવીને) આ જુઓ પેલું! આપણે

જગતથી, જીવનથી સાવ કપાઈ ગયા છીએ. હવે આપણે સમજવાને માટે આધાર રૂપ કશું જ, કશું જ રહ્યું નથી.

( ઉપર કાટખૂણે વળી જતાં રસ્તા તરફ એ પાછી નજર નાખે છે. )

અને આ પેલું ! આ હવે તમે કયાં જઈ રહ્યા છો એ પણ તમને અહીંથી દેખી શકાતું નથી. ભલા ભાઈ, આ વાત જ આખી અર્થ વિનાની છે, યા તો ભ્રાંતિ છે—કે કદાચ બંને પણ હોય ! પણ આખરે તો એમ પણ હોય કે જગતમાં કદાચ કશું શોધવા જેવું સત્ય જ નહિ હોય. જગત, જીવન—એ તો કોઈ બંધ બારણાંવાળું નરક જ છે ને ! અને આપણને એમાં કોઈએ સપડાવ્યા છે ! ભલે ભાઈ, તમારી ઇચ્છા હોય તો તમે આગળ જાઓ. બાકી આપણે તો આવવું નથી. મારે હવે કોઈ ભ્રાંતિમાં ફસાવુંનથી !

(તે પાછો પોતાનું મોઢું બે હાથમાં ઢાળી દે છે. વિદ્યાર્થી એને સમજાવવાની બધી આશા મૂકી દે છે. અને એને હવે વિલંબ કરવો નથી એટલે નિરાશાવાદીને એની નિરાશામાં પડતો રહેવા દઈને ગિરિનું આરોહણ કરનારાઓમાં જોડાવાને ચાલતો થાય છે.)

## ત્રીજું સોપાન

[ વિજ્ઞાનશાસ્ત્રી અને કળાકાર યાત્રીમંડળની પાછળ પાછળ ચાલ્યા આવે છે. તેઓ વાતોમાં ઊતરી પડેલા હોવાથી પાછળ પડી ગયેલા છે. તેમનો વાર્તાલાપ હવે પૂરો થવા આવ્યો છે. ]

### વિજ્ઞાનશાસ્ત્રી

હા, હું તમને એમ કહેતો હતો કે આ સાહસ ખરેખર આપણે જરા હળવા મનથી આદરી બેઠા છીએ.

### કળાકાર

વાત તો સાચી છે. હજી સુધી આપણે આટલું ચડયા તેનું કાંઈ પરિણામ આવ્યું નથી. બેશક, આપણને ચડતાં ચડતાં ઘણી ઘણી રસિક વસ્તુઓ અવલોકન કરવાને તો મળેલી છે જ. પરંતુ એ અવલોકનમાંથી આપણને કોઈ વિશેષ લાભદાયક વસ્તુ મળી નથી.

### વિજ્ઞાનશાસ્ત્રી

હા, હું તો મારી પોતાની કાર્યપદ્ધતિઓ જ વધુ પસંદ કરું છું. બીજી પદ્ધતિઓ કરતાં એમાં તર્કની સુસંગતતા તો વધારે જ છે. અને વળી એ પદ્ધતિઓ મેં સતત પ્રયોગોના ઉપર જ માંડેલી છે. એક પગથિયું સાચું છે એવી મને ખાતરી થઈ જાય ત્યાર પછી જ હું બીજું પગલું આગળ ભરું છું. તો હવે આપણા મિત્રોને જરા બોલાવી દઈએ. હું માનું છું કે એમને આપણે કંઈક વાત કહેવાની જરૂર તો છે જ.

(હાથનો ઈશારો કરીને તેમજ અવાજ કરીને તે બીજાઓને બોલાવે છે. બધાં પાસે આવી જતાં તે તેમને પાછો સંબોધવા લાગે છે.)

મારા પ્રિય દોસ્તો, મારા સફરના સાથીઓ, આપણે હવે જેમ જેમ જગતથી અને જગતની વાસ્તવિકતાઓથી દૂર ને દૂર જઈ રહ્યા છીએ તેમ તેમ મને હવે લાગવા માંડયું છે કે આપણે હવે બાળકના જેવું વર્તન કરવા લાગ્યા છીએ. આપણને એમ જણાવવામાં આવેલું કે આપણે જો અત્યાર લગી અગમ્ય રહેલાં શિખરોવાળા આ ઉચ્ચ પર્વત ઉપર ચડી જઈશું તો આપણને સત્યની પ્રાપ્તિ થશે. અને પછી આપણે બધા આ પર્વત પર ચઢવાનો રસ્તો કેવો છે એનો કાંઈ અભ્યાસ કર્યા વિના જ બસ નીકળી પડયા. પણ આપણે ખરે રસ્તે જઈએ છીએ કે ખોટે તે કોઈ કહી શકે તેમ છે ખરું? આપણને શું કોઈ ખાતરી આપી શકશે ખરું કે આપણા પ્રયાસોનું પરિણામ આપણે આશા રાખેલી તેવું જ આવશે? મને તો લાગે છે કે આપણા હાથે એક અક્ષમ્ય એવી ધૃષ્ટતા થઈ ગઈ છે, આપણા પ્રયાસની પાછળ કશી જ વૈજ્ઞાનિક દૃષ્ટિ રહેલી નથી. એટલે મેં તો હવે નિર્ણય કરી લીધો છે કે મારે અહીં જ અટકી જવું અને આ પ્રશ્નનો અભ્યાસ કરી લેવો, અને શકય હોય તો આપણે કયો માર્ગ લેવો જોઈએ, આપણને આપણા ધ્યેય સુધી ઠેઠ પહોંચાડી શકે તેવો સાચો રસ્તો કયો છે તે વાત ચોક્કસ કરી લેવી. બેશક, આ નિર્ણય કરતાં મને દિલગીરી તો ઘણી જ થાય છે, કારણ કે, તમારી સૌની સાથેની મારી મિત્રતા તો એવી ને એવી જ અખંડ છે.

(થોડી વાર પછી)

વળી મને એ વાતની પણ ખાતરી થઈ ગઈ છે કે હું જો કુદરતની કોઈ એક નાનામાં નાની વસ્તુના બંધારણ પાછળનું રહસ્ય મેળવી શકું, દા.ત. આ રસ્તા પર જે નાનકડો પથ્થર પડયો છે તે કેવી રીતે બનેલો છે એ વાત જો હું જાણી શકું તો એમાંથી પણ હું જે સત્યને આપણે શોધી રહ્યા છીએ તેમાં પહોંચી શકીશ. એટલે દોસ્તો, હું હવે અહીં જ થોભી જાઉં છું અને તમને સર્વને 'મિલન-વિદાય' વાંછું છું– હા, મારી આશા છે કે આ આપણી 'મિલન-વિદાય' –'ઓ રવાર' રહેશે. કારણ કે તમે બધાં પાછાં મારી પાસે આવો, વૈજ્ઞાનિક પદ્ધતિનો આશ્રય લો એવું પણ કદાચ બને ખરું જ. અથવા તો એમ પણ બને કે, હું જે શોધી રહ્યો છું તે જો મને મળી આવે તો એ શુભ સમાચાર લઈને હું પણ તમારી પાસે આવી પહોંચું.

**કળાકાર**

મને પણ આ જ વિચાર, તમારી વિદાય લેવાનો વિચાર આવી રહ્યો છે. જોકે એ માટેનાં મારાં કારણો આ મિત્રનાં કારણો જેવાં નથી. પણ છતાં એ કારણો આ વિજ્ઞાનશાસ્ત્રીનાં કારણો જેટલાં જ પ્રબળ તો છે જ.

વાત એમ છે કે આપણા આ આરોહણ દરમિયાન મને કેટલીક અનુભૂતિઓ થઈ છે. મારી સમક્ષ નવાં નવાં સૌન્દર્ય પ્રગટ કરવામાં આવેલાં છે, અથવા એમ કહો કે મારામાં સૌન્દર્યની એક નવીન દૃષ્ટિ જન્મી છે. અને એની સાથે સાથે જ હવે એ અનુભૂતિઓને નક્કર સ્વરૂપમાં રજૂ કરવા માટે, એ અનુભૂતિઓને જડતત્ત્વના ઢાળમાં ઢાળવા માટે એક તીવ્ર અને અદમ્ય ઈચ્છા પણ મારામાં જાગી છે. મને લાગે છે કે એ કળા રૂપો માણસ માત્રની કેળવણીને માટે કામમાં આવશે અને આ સ્થૂલ જગતને તે પ્રકાશિત કરી આપશે. તો મિત્રો, હું દિલગીર હૃદયે તમારી વિદાય લઉં છું. મારી નવી અનુભૂતિઓને હું આકાર આપી લઈશ ત્યાં સુધી હું અહીં જ રહીશ. અને મારે કહેવાનું જ્યારે કહેવાઈ ગયું હશે ત્યારે હું પાછો આગળ ચડવાનું શરૂ કરીશ અને નવી શોધખોળો કરવા માટે, તમે જ્યાં પહોંચ્યાં હશો ત્યાં તમારી સાથમાં આવીને પાછો જોડાઈ જઈશ.

તો નમસ્કાર, અને મારી શુભેચ્છા!

(બીજાં બધાં કાંઈક છોભીલાં પડીને એકબીજાની સામે
જુએ છે—પછી નાનકડી વિદ્યાર્થિની બોલી ઊઠે છે :)

### વિદ્યાર્થિની

અરે, કોઈ અટકી પડે તો એમાં શું થઈ ગયું, ભાઈ? જગતમાં દરેક જણ પોતાનું ભાવિ જ્યાં લઈ જાય ત્યાં જાય છે અને પોતાની જેવી પ્રકૃતિ હોય તે પ્રમાણે વર્તે છે. નહિ નહિ, આપણી શોધમાંથી આપણને કશું પણ ચળાવી શકે તેમ નથી. ચાલો, આપણે તો હિંમત અને ધીરજપૂર્વક, વગર અટક્યે આપણે માર્ગે ચાલવા જ લાગીએ.

(વિજ્ઞાનશાસ્ત્રી અને કળાકાર સિવાય બીજાં બધાં આગળ વધે છે.)

## ચોથું સોપાન

[બે અભીપ્સુઓ અને સંન્યાસીનું બનેલું એક જૂથ વગર અટક્યે પસાર થાય છે અને મક્કમ અને નિયમિત પગલે પોતાનો ચડાવ ચાલુ રાખે છે

એમની પાછળ બે પ્રેમીઓ આવે છે. બીજાઓ તરફ ધ્યાન આપ્યા વિના પોતાની અંદર જ મગ્ન રહીને તેઓ હાથમાં હાથ નાખીને ચાલે છે.

તેમની પાછળ તરત જ ત્રણ વિદ્યાર્થીઓ આવે છે. તેઓ થાકી ગયેલાં દેખાય છે અને અટકે છે.]

### પહેલો વિદ્યાર્થી

લો, બચ્ચાંઓ! તમારે ડુંગર ચડવો હતો ને, તો લો આ રહ્યો ડુંગર, ચડો હવે! બાપ રે, આ તે કેવો તો રસ્તો છે! ઊંચો, ઊંચો ને ઊંચો. ક્યાંય અટક્યા વિના બસ

ચાલ્યો જ જાય છે. અરે આપણને શ્વાસ લેવાનો પણ વખત મળતો નથી–મને તો હવે થાક લાગવા માંડયો છે.

### વિદ્યાર્થિની

આ શું? તમે પણ અમને છોડી જવા માગો છો? એ તો કાંઈ બહુ સારું ના કહેવાય.

### પહેલો વિદ્યાર્થી

ના, ના, છોડી જવાની વાત જ નથી. પણ આપણે શું જરા આરામ પણ ન લઈ શકીએ? આ જરાક એકાદ મિનિટ બેસી લઈએ ને શ્વાસ ખાઈ લઈએ–બીજું કાંઈ નહિ, થોડોક શ્વાસ ખાઈ લઈએ. અને આ પગ, બાપ રે, કેવા દુખવા લાગ્યા છે! મને લાગે છે જરા આરામ કરીશું તો પછી વધારે સારું ચડાશે. એટલે હું તો કહું છું કે આપણે જરાક બેસી લઈએ એકાદ મિનિટ, એકાદ મિનિટ જ. પછી તો પાછા આપણે વધુ જોરથી ચડવા લાગીશું, જોજોને!

### બીજો વિદ્યાર્થી

ભલે ભલે! તમને આમ થાકેલા પાકેલા મૂકી દઈને અમારાથી કાંઈ ચાલ્યા ન જવાય. અને આમ તો મને પણ થોડોક થાક તો લાગ્યો છે. આવો ત્યારે આપણે બધાં જ બેસીએ. અત્યાર સુધી આપણે જે કાંઈ જોયું છે અને શીખ્યાં છીએ એની જરા વાતો પણ કરી લઈએ.

### વિદ્યાર્થિની

(એકાદ સેકન્ડની મનમથામણ પછી તે પણ બેસે છે.)

વારુ ભાઈ, હું કંઈ તમને મૂકીને તો નહિ જ ચાલી જાઉં. પણ આપણે બહુ વખત બેસવાનું નહિ. હોં કે. રસ્તામાં વિલંબ કરવો એમાં હંમેશાં જોખમ રહે છે.

(પ્રેમીઓ પોતાની પાછળ નજર નાખે છે.
અને તેમને બેઠેલાં જોઈને ચાલ્યાં જાય છે.)

## પાંચમું સોપાન

[સ્થાન ઘણું ઊંચું છે એ દેખાઈ આવે છે. રસ્તો હવે વધુ સાંકડો બન્યો છે અને ક્ષિતિજ હવે ઘણી જ વિશાળ નજરે પડે છે. નીચેની ખીણ ઉપર ગાઢ વાદળો છવાઈ ગયેલાં હોઈ તે સતત છુપાયેલી જ રહે છે. ડાબી બાજુએ, રસ્તાથી સહેજ પાછળના ભાગમાં એક નાનકડું મકાન ઊભેલું છે અને તેની સામે ખુલ્લી જગા છે. પહેલાં ત્રણ જણનું જૂથ વિના અટકયે પસાર થઈ જાય છે. એ પછી બે પ્રેમીઓ એકબીજાને આલિંગન કરીને ચાલતાં ચાલતાં આવે છે. તેઓ પોતાના અન્યોન્યના સ્વપ્નમાં જ ડૂબેલાં છે.]

**પ્રેમિકા**

(પોતે એકલાં છે તે જોઈને)

લો જુઓ! હવે અહીં બીજું કોઈ નથી...આપણે હવે એકલાં જ છીએ.

અને બીજું કોઈ હોય તોય શું અને ન હોય તોય શું! આપણે એમની જરૂર નથી. આપણે બે જણ જ કેટલાં બધાં સુખી છીએ.

**પ્રેમી**

(રસ્તાની પડખેનું મકાન જોઈને)

વહાલી, જો તો પેલું ઘર, ટેકરીની બાજુ ઉપર, એકલું છે છતાં બહુ પ્રેમપૂર્વક બોલાવતું લાગે છે, બહુ નજીકમાં છે છતાં અનંત અવકાશ તરફ ખૂલી રહેલું છે. જાણે કે આપણા માટે જ એ બાંધ્યું ન હોય. આપણે હવે વધું શું જોઈએ? આ જ જાણે કે આપણા મિલનનું આદર્શ નિવાસસ્થાન છે. આપણે, આપણે બેએ મળીને એક પૂર્ણ સમગ્ર, છાયાહીન, નિરભ્ર, પ્રેમમિલનનો સાક્ષાત્કાર કર્યો છે. પેલાં બીજાં ભલે એમના સત્યની શોધમાં આગળ જાય–અને સત્ય જેવું કાંઈ છે કે કેમ તે પણ કોણ જાણે છે, ભલા? પણ આપણને તો આપણું સત્ય મળી આવ્યું છે. આપણે માટે એટલું સત્ય બસ છે.

**પ્રેમિકા**

વહાલા, તમારી વાત બરાબર છે. ચાલો, આપણે એ મકાનમાં જઈને જ વાસ કરીએ અને આપણો પ્રેમરસ માણીએ. આપણે હવે બીજું કશું વિચારવું નથી.

(એકબીજાના સતત આલિંગનમાં રહેતાં એ પ્રેમીઓ
રસ્તો છોડી જાય છે અને મકાન તરફ વળે છે.)

## છઠ્ઠું સોપાન

[રસ્તો હવે તદ્દન સાંકડો બની ગયો અને એક પ્રચંડ ખડક આગળ આવીને એકદમ અટકી જાય છે. ખડકની ઊંચી દીવાલ સીધી આકાશ તરફ ચડયે જાય છે અને એનું શિખર નજરથી પાર જ રહે છે. ડાબી બાજુએ એક નાનકડો સપાટ પ્રદેશ છે અને તેની પેલી બાજુએ એક નીચી અને નાનકડી ઝૂંપડી દેખાય છે. આખું દૃશ્ય તદ્દન ખાલી અને નિર્જન છે.

છેલ્લાં ત્રણ યાત્રીઓ ભેગાં આવી પહોંચે છે. પણ સંન્યાસી હવે થોભી જાય છે અને બીજાં બેને ઈશારો કરીને અટકાવે છે.]

**સંન્યાસી**

મારે તમને એક અગત્યની વાત કહેવાની છે. તમે બંને, જરા સાંભળશો ને? આ આપણા આરોહણમાં મને હવે મારું સાચું સ્વરૂપ, મારો સાચો આત્મા મળી આવ્યો

છે. શાશ્વત પરમાત્મા સાથે મારું મિલન થઈ ગયું છે. મારે માટે હવે બીજી કોઈ ચીજ અસ્તિત્વમાં રહી નથી, મારે હવે કશી ચીજની જરૂર રહી નથી. જગતમાં હવે જે કાંઈ તત્ સત્ નથી; તે બધું એક વ્યર્થ ભ્રાંતિ જ છે. એટલે હું ધારું છું કે હવે હું માર્ગના અંતે આવી પહોંચ્યો છું (પોતાના હાથ વડે તે ડાબી બાજુ પરનો સપાટ પ્રદેશ બતાવે છે). જુઓ, ત્યાં પેલું એક ભવ્ય અને એકાંત સ્થળ છે. મારે હવે જે જીવન ગાળવું છે તેને માટે ખરેખર એ ઘણું જ અનુકૂળ સ્થાન છે. ત્યાં હવે હું પૂર્ણ ધ્યાનાવસ્થામાં રહીશ, પૃથ્વી અને માનવોથી દૂર દૂર. જીવવાની ફરજમાંથી મને હવે મુક્તિ મળી ગઈ છે.

(અને કાંઈ પણ વિશેષ કહ્યા વિના, વિદાય લેવાની લેશ પણ ક્રિયા કર્યા વિના, તેમજ પાછળ દૃષ્ટિ નાખ્યા વિના; તે પોતાના અંગત ધ્યેયની સિદ્ધિ માટે સીધો ચાલ્યો જાય છે.

બંને અભીપ્સુઓ એકલાં રહી જાય છે અને સંન્યાસીના વ્યવહારની ભવ્યતાથી કંઈક અંજાઈને એકબીજા સામે જોઈ રહે છે. પણ તેઓ તરત જ સ્વસ્થ બની જાય છે અને અભીપ્સુ બાલા બોલી ઊઠે છે.)

### અભીપ્સુ બાલા

નહિ નહિ! એ કહે છે તે સત્ય ના હોઈ શકે, પૂર્ણ સત્ય ના હોઈ શકે. આ વિશ્વરૂપી સર્જન તે કેવળ ભ્રાંતિ જ છે, અને એમાંથી આપણે માત્ર નાસી છૂટવું જ જોઈએ એમ હોઈ જ ન શકે. અને આપણે હજી પર્વતની ટોચ ઉપર તો પહોંચ્યાં પણ નથી. આપણું ચડાણ તો હજી આપણે પૂરું કરવાનું છે.

### અભીપ્સુ કિશોર

(રસ્તો લગભગ સીધા કાટખૂણે ઊભેલા ખડકની
દીવાલ આગળ આવીને અટકી જાય છે તે બતાવીને)

પણ આ તૈયાર કરેલો રસ્તો અહીં હવે પૂરો થઈ જાય છે. અહીંથી આગળ કોઈ માનવ પ્રાણી ગયું હોય એમ લાગતું નથી. આ ખડક તો જુઓ, સીધો દીવાલની જેમ ઊભો છે. એના પર ચડવું તો અશક્ય જેવું લાગે છે. એના પર ચડવાની રીત આપણે જ હવે શોધી લેવાની છે. એ માટેનાં સાધન પણ આપણે જ ઉપજાવવાનાં છે. હવે તો આપણે આપણા જ પ્રયત્નને બળે, એક એક ડગલું મૂકતાં આગળ વધવાનું છે. અહીં કોઈ ભોમિયો નથી, કોઈની કશી મદદ નથી. આપણો સંકલ્પ અને આપણી શ્રદ્ધા કેવળ એ બેના આધારે જ આપણે આગળ વધવાનું રહે છે. અને લાગે છે કે આપણે નવો રસ્તો ખોદીને તૈયાર કરવો પડશે.

### અભીપ્સુ બાલા

(ઉત્સાહપૂર્વક)

તે એમાં શું? વાંધો નહિ. ચાલો, આપણી કૂચ તો આપણે આગળ ને આગળ ચલાવ્યે જ રાખીએ. હજી આપણે કશુંક શોધવાનું તો બાકી છે જ. આ વિશ્વની પાછળ કંઈક અર્થ તો છે જ. આપણે એ શોધી કાઢીશું.

(બંને જણ પાછાં પોતાની કૂચ ચાલુ કરે છે.)

# સાતમું સોપાન

## શિખર

[બંને અભીપ્સુઓ માર્ગ પરની સર્વ કસોટીઓનો વીરતાપૂર્વક સામનો કરતાં કરતાં અહીં સુધી આવી પહોંચ્યાં છે. હવે તેઓ પ્રચંડ બળ વાપરીને એક ઠેકડો ભરે છે અને શિખર ઉપર પૂર્ણ પ્રકાશમાં પહોંચી જાય છે. અહીં હવે તે બંને ખડકના જે એક નાનકડા ટુકડા ઉપર ઊભેલાં છે તે સિવાય બધુ કેવળ પ્રકાશનું જ બનેલું છે. ખડકના ટુકડા પર એમના ચાર પગને માટે માંડ ઊભા રહી શકાય એટલી જ જગા છે.]

### અભીપ્સુ કિશોર

શિખર શિખર! આખરે આવી પહોંચ્યાં! ઓહ, અહીં તો કેવલ સત્ય જ છે, પ્રકાશતું, ચમકતું, ચોંકાવતું નર્યું સત્ય, બીજું કાંઈ જ નહિ.

### અભીપ્સુ બાલા

હા, સત્ય સિવાય બીજું બધું જ અહીંથી અદૃશ્ય થઈ ગયું છે. આપણે આટલી બધી મહેનત કરતાં કરતાં જે પગથિયાં ચડી ચડીને અહીં આવ્યાં એ પણ હવે તો ભૂંસાઈ ગયાં છે.

### અભીપ્સુ કિશોર

ઓહ, અહીં તો નર્યું શૂન્ય છે, આગળ, પાછળ, સર્વત્ર. માત્ર આપણને પગ મૂકવા જેટલી જ જગા અહીં છે, બાકી કાંઈ જ નહિ.

### અભીપ્સુ બાલા

તો હવે ક્યાં જઈશું? શું કરીશું?

### અભીપ્સુ કિશોર

અહીં તો સત્ય જ છે, કેવળ સત્ય, આસપાસ, ચોમેર, સર્વત્ર, માત્ર સત્ય જ છે.

### અભીપ્સુ બાલા

હા, પણ એ સત્યનો સાક્ષાત્કાર કરવાને આપણે હવે આગળ જવું જોઈશે. અને એ સાક્ષાત્કાર કરવા માટે આપણે એક બીજું રહસ્ય પણ જાણવાનું રહે છે.

**અભીપ્સુ કિશોર**

હાસ્તો, અહીં હવે આપણો અંગત પ્રયત્ન પૂરો થઈ જાય છે. હવે તો કોઈ બીજી શકિત આવીને સહાય કરે તો જ આગળ જવાય.

**અભીપ્સુ બાલા**

હા, હવે તો પ્રભુની કૃપા, કેવળ પ્રભુની કૃપા જ કાંઈ કરી શકે. એ કૃપા જ આપણને રસ્તો ખોલી આપી શકે, એ કૃપા જ હવે તો ચમત્કાર કરી શકે.

**અભીપ્સુ કિશોર**

( ક્ષિતિજ તરફ બંને હાથ લંબાવીને )

જો જો, ત્યાં, દૂર દૂર. પેલી ઊંડી ઊંડી ખીણની પેલી બાજુ પર, ઓ પેલું શિખર દેખાય. અરે, ત્યાં તો કેવો પ્રકાશ ઝળહળે છે, કેવાં તો પૂર્ણ સ્વરૂપો છે, કેવો તો અદ્‌ભુત સંવાદ છે. એ તો પ્રભુની ભાખેલી ભૂમિ છે, નૂતન પૃથ્વી છે!

**અભીપ્સુ બાલા**

હા, એ જ નૂતન ભૂમિ, એ જ, એ જ. આપણે ત્યાં જ જવાનું છે. પણ અરે, કેવી રીતે જઈશું ત્યાં?

**અભીપ્સુ કિશોર**

આપણે ત્યાં જવાનું છે તો ત્યાં જવાનાં સાધન પણ આપણને મળી આવશે.

**અભીપ્સુ બાલા**

હાસ્તો, આપણે પૂર્ણ શ્રદ્ધા રાખીએ, પૂર્ણ વિશ્વાસ રાખીએ પ્રભુની કૃપામાં. પ્રભુને આપણું સમર્પણ કરી દઈએ, પૂરેપૂરું, સંપૂર્ણ.

**અભીપ્સુ કિશોર**

હા, પ્રભુની ઈચ્છાના હાથમાં આપણું પૂર્ણ સમર્પણ કરી દઈએ અને હવે એ શિખર પર પહોંચવાના રસ્તા તો સૌ અદશ્ય થઈ ગયા છે. એટલે આપણે તો હવે એક જ કરવાનું રહે છે, ભય કે સંકોચ કશું પણ રાખ્યા વિના ઝુકાવી દઈએ, પૂરી શ્રદ્ધાથી.

**અભીપ્સુ બાલા**

હા, અને આપણે જ્યાં જવાનું છે ત્યાં આપણને કોઈ ઉપાડીને પહોંચાડી દેશે.

( બંને કૂદકો મારે છે. )

# ઉપસંહાર

( એક જાદુઈ પ્રકાશનો પ્રદેશ )

**અભીપ્સુ કિશોર**

આવી પહોંચ્યાં, આવી પહોંચ્યાં, કોઈ અદૃશ્ય પાંખો પર, કોઈ અદૃશ્ય શકિત આપણને લઈ આવી!

**અભીપ્સુ બાલા**

( આસપાસ સર્વત્ર નજર નાખતાં)

ઓહ, અદ્‌ભૂત, અદ્‌ભૂત પ્રકાશ! હવે તો આ નૂતન જીવન આપણે કેવી રીતે જીવીએ એ જ આપણે શીખીએ.

( પડદો )

# પહેલાંના લેખો

# ' આ હમણાં ' ની કેડી

'આ હમણાં'ની કેડી અને 'આવતી કાલે'નો
માર્ગ કેવલ શૂન્યના કિલ્લામાં જ લઈ જાય છે.

**રસ્તાની** બે ય બાજુએ વિવિધ રંગના ફૂલો આંખને પ્રસન્ન કરી રહ્યા છે, નાના નાના છોડ પરની ગંઠાળી ડાળો પર લાલ લાલ બોર ચમકી રહ્યાં છે, અને ખેતરોમાંના પાકેલા ઘઉં પર દૂર દૂર સુધી સૂર્યનો પ્રકાશ ઝળહળતો રેલાઈ રહ્યો છે.

આવા માર્ગ ઉપર એક નવજુવાન પ્રવાસી સ્ફૂર્તિથી ચાલી રહ્યો છે. પ્રભાતની શુદ્ધ હવા તે આનંદપૂર્વક ફેફસાંમાં ભરી રહ્યો છે. એ આનંદમાં મસ્ત લાગે છે, ભાવિની એને ફિકર દેખાતી નથી. રસ્તો આગળ વધતાં વધતાં એક મોટા ચોગાનમાં પહોંચે છે અને એ ચોગાનમાંથી પાછી અનેક દિશાઓમાં અનેક નાની નાની કેડીઓ ફંટાય છે.

જુવાન જુએ છે કે એ કેડીઓ ઉપર અનેક પગલાં પડેલાં છે અને તે બધાં એક-બીજામાં ભેળસેળ થઈ ગયેલાં છે. સૂર્ય તો આકાશમાં એવો જ બરાબર ઝળહળી રહ્યો છે. પંખીઓ વૃક્ષોની અંદર કૂજી રહેલાં છે. લાગે છે કે આખો યે દિવસ બહુ સરસ નીવડવાનો છે. જુવાન ઝાઝો વિચાર કર્યા વગર, નજીકમાં નજીકની કેડી, બીજી કેડીઓ કરતાં વધારે સરળ લાગતી કેડી પકડી લે છે. ઘડીભર એને થાય કે બીજી કેડી લીધી હોત તો સારું થાત. પણ વળી વિચારે છે કે, કાંઈ નહિ, આ કેડી આગળ જતાં અટકી જશે તો વળી પાછા ફરી જઈશું. પૂરતો વખત છે. ત્યાં તો એક અવાજ તેને કહેતો સંભળાય છે: ' પાછો જા, પાછો જા આ માર્ગ સાચો નથી. તું ભૂલ્યો છે.' પણ જુવાનને આસપાસનું દૃશ્ય બહુ મનોહર લાગે છે. શું કરવું? એને કંઈ ખબર નથી પડતી. એ ચાલ્યો જ જાય છે, કંઈ પણ નક્કી કર્યા વિના. વર્તમાનની મઝા તે લૂંટયે જાય છે અને પેલા અવાજને જવાબ આપે છે: ' આ હમણાં જરા થોડું ફરી લઉં, પછી વિચાર કરીશ. વખત પૂરતો છે.' ત્યાં એની આસપાસનું જંગલ એને કાનમાં કહે છે, ' હમણાં જ.' હા ભાઈ, હમણાં જ, હા, હમણાં જ. માથે સૂર્યનાં તેજસ્વી કિરણ હવાને હૂંફથી ભરી રહેલાં છે, આ સુગંધી હવા વાઈ રહી છે, એનો ઉચ્છ્વાસ કેવો તો મધુર છે! આ હમણાં જ, હમણાં જ પાછો વળું છું. એમ વિચા-રતો વિચારતો જુવાન આગળ વધ્યે જાય છે. એની કેડી પહોળી થવા લાગે છે. દૂર દૂરથી અવાજો સંભળાવા લાગે છે, ' તું કયાં જાય છે, ભલા માણસ? આ તો તારા વિનાશનો માર્ગ છે. અરે, તું તો હજી બચ્ચું છે. આવ આવ. એ મારગ મૂકી અમારી

પાસે આવ, શિવ અને સત્યની પાસે આવ. સુંવાળી ને સરળ ચીજોથી ભરમાતો ના. વર્તમાનને ખોળે પોઢીશ ના. ભાવિની ભણી જાગૃત થા, જાગૃત થા.' અને એ અળખામણા અવાજોને જુવાન જવાબ આપે છે, 'આ હમણાં જ, હમણાં જ આવું છું.' તેને જતો જોઈને માર્ગનાં ફૂલો હસે છે અને વારંવાર બોલે છે, 'આ હમણાં જ, આ હમણાં જ.' અને કેડી વધુ ને વધુ વિશાળ બનતી જાય છે. સૂર્ય ચડતો ચડતો માથે આવે છે. દિવસ બરાબર ખીલી રહે છે. નાનકડી કેડી હવે મોટો માર્ગ બની રહે છે.

રસ્તો હવે સફેદ છે, ધૂળથી ભરેલો છે. બે ય બાજુએ નાજુક નાજુક સરુના ઝાડ આવે છે. એક ઝરણું પોતાનો આછો કલરવ સંભળાવે છે. જુવાન ચારે કોર નજર નાખે છે, પણ આ લાંબા લાંબા માર્ગનો કયાં ય છેડો દેખાતો નથી.

જુવાનને મનમાં હવે છૂપી છૂપી બેચેની થવા લાગે છે. તે બોલી ઊઠે છે, 'આ હું કયાં આવ્યો છું? કયાં જાઉં છું? હશે, પણ વિચાર કરવાની, ચિંતા કરવાની જરૂર જ શી છે? ચાલો, હમણાં તો આ અનંત માર્ગે ચાલ્યે રાખીએ, આગળ આગળ. વિચારવાનું કાલે કરીશું.'

હવે નાનાં નાનાં સરૂ અદૃશ્ય થવા લાગે છે. અને મોટાં મોટાં ઓક આવવા લાગે છે. એક નાનકડી ખીણ હવે શરૂ થઈ છે, અને રસ્તાની બે ય બાજુએ જમીન ઊંડે ઊતરવા લાગી છે. મુસાફરને કશો થાક દેખાતો નથી. ઘેનમાં ચાલતો હોય તેમ એ આગળને આગળ ખેંચાતો જાય છે.

ખીણ હવે વધુ ઊંડી થવા લાગે છે. ઓકને બદલે હવે ફર વૃક્ષો આવવા લાગે છે. સૂર્ય હવે ઢળવા લાગ્યો છે. જુવાન બેબાકળો થઈ ચારે કોર જોવા લાગે છે. તે જુએ છે કે ખીણની અંદર અનેક માનવ આકારો આળોટી રહેલા છે. કેટલાક ઝાડોને વળગી રહેલા છે, તો કેટલાક સીધા ખડકોને બાઝી રહેલા છે, તો કેટલાક જમીનમાંથી બહાર નીકળેલાં મૂળને પકડી રહેલા છે. એમાંથી કેટલાક ઉપર ચડવાને તનતોડ મથી રહેલા છે. પણ એ ખીણની ટોચ સુધી પહોંચે ન પહોંચે અને ત્યાં તો પાછું મોં ફેરવી લે છે, પાછા નીચે સરી પડે છે.

કેટલાક ગૂંગળાતા રૂંધાયેલા અવાજો મુસાફરને કહે છે, 'જતો રહે, જતો રહે. ભાગી જા અહીંથી. પેલા ચોગાનમાં ચાલ્યો જા. હજી વખત છે, હજી વખત છે.' જુવાન આદમી ઘડીક અચકાય છે અને કહે છે, 'આવતી કાલે.' નીચે ખીણમાં આળોટતાં માનવ શરીર જોવાં ન પડે માટે તે બે ય હાથથી આંખો ઢાંકી લે છે અને દોટ મૂકે છે. કોઈ અદમ્ય વસ્તુ હજી એને ધકેલી રહી છે. પોતે કયાં જઈ રહ્યો છે એની હવે એને પરવા નથી રહી. એનાં ભવાં ચડી ગયાં છે, કપડાં વીંખાઈ ગયાં છે, જીવ પર આવી એ પૂર વેગમાં દોડી રહ્યો છે. આખરે એને લાગે છે પેલી ગોઝારી જગા પોતે

વટાવી ચૂકયો છે, અને એ આંખો ખોલે છે. હવે ફૂર ચાલ્યાં ગયાં છે. ચારે કોર હવે ભૂખરી ભૂખરી ધૂળ છે અને એમાં લુખ્ખા લુખ્ખા પથ્થર પડેલા છે. સૂર્ય ક્ષિતિજની પાછળ અદૃશ્ય થઈ ગયો છે, રાત્રિનું આગમન દેખાવા લાગ્યું છે. અને ત્યાં તો રસ્તો હવે એક અફાટ રણમાં ગુમ થઈ જાય છે. પેલો જુવાન મુસાફર હવે હતાશ થઈ ગયો છે. એને હવે થોભવું છે, પણ થોભાય તેમ નથી. એને ચાલ્યે જ છૂટકો છે. એની આસપાસ બધું વેરાન છે. ગૂંગળાયેલી ચીસો એને સંભળાય છે. એના પગમાં હાડપિંજરો ભટકાય છે. દૂર દૂર ઘેરું ધુમ્મસ ભયાનક આકારો ધારણ કરી રહ્યું છે, કાળા કાળા ઢગલા આકાર લઈ રહ્યા છે. અને કોઈક મહા કદરૂપી, પ્રચંડ આકારની વસ્તુ આછી આછી દેખાઈ રહી છે. મુસાફરને થાય છે કે એ આરામની જગા હશે. એને ત્યાં પહોંચવું છે. પણ એ જગા જાણે આવતી જ નથી. તે જાણે તેનાથી દૂર ને દૂર જ સરકતી રહે છે. અને હવે તો તે ચાલતો નથી, દોડે છે. જંગલી અવાજો તેના કદમને ધકેલી રહ્યા છે. જાણે ભૂતાવળોને ઘસાતો તે દોડી રહ્યો છે.

આખરે એ જુએ છે કે પોતે એક મોટા કિલ્લાની સામે આવીને ઊભો છે. જાણે કે ભૂતનો વાસ હોય એવો એ ભેંકાર, ઉજ્જડ, ઉદાસ કિલ્લો હતો. પણ આ જુવાન એ સ્થળની ઉદાસીનતાનો વિચાર કરતો નથી. કિલ્લાની કાળી કાળી ઊંચી દીવાલો એને ડરાવતી નથી. કિલ્લાના બિહામણા બુરજો જોઈ, એની આસપાસની ધૂળભરી જમીન જોઈ એ ગભરાતો નથી. એને માત્ર એક જ વિચાર આવે છે, હાશ, છેવટે કોઈ જગાએ પહોંચાયું છે ખરું. પોતાનો થાક, નિરાશા એ બધું તે ભૂલી જાય છે. તે કિલ્લાની પાસે પહોંચે છે. અને શું બને છે? આહ, કિલ્લાની ભીંત સાથે એ સહેજ ઘસાય છે ત્યાં તો એ આખી યે કડેડાટ કરતી તૂટી પડે છે. અને તે જ ક્ષણે આખો કિલ્લો તૂટવા લાગે છે. ચારે કોર બુરજો, કાંગરા, કોટ ફટાફટ પડવા લાગે છે. જોતજોતાંમાં આખો યે કિલ્લો ધૂળનો ઢગ થઈ જાય છે, આસપાસની ધૂળ ભેગી થઈને એક મોટો ધૂળનો ઢગ બની જાય છે.

અને કિલ્લામાંની વસ્તી, ઘુવડ, કાગડા, ચામાચીડિયાં ચીસાચીસ કરતાં ઊડવા લાગે છે, પેલા મુસાફરના માથા પર ઘૂમવા લાગે છે. એ જુવાન આ બધું જોઈ દિગ્મૂઢ થઈ જાય છે, હતાશ થઈ જાય છે, થાકી જાય છે, ઊભો છે ત્યાં ને ત્યાં જ ચોંટી જાય છે. અને આફતમાં કાંઈ બાકી રહ્યું તેમ એની સામે એક ભેંકાર ભૂતાવળ આવીને ખડી થાય છે. એ બધાં ભાતભાતનાં પ્રેત છે. એમનાં નામ છે નિરાશા, એકલતા, જીવન પ્રતિ ઘૃણા ઈ૦. અને એ મહા ખંડેરની વચ્ચે એને છેવટે એક મહા ભયંકર પ્રેત દેખાય છે. એ છે આપઘાત, ફિક્કો અને શ્યામ. એક ખીણની ટોચ ઉપર તે ઊભો છે. અને આ આખી પિશાચ દુનિયા જુવાનને ઘેરી લે છે, ધસી ધસીને એને બાઝે છે, પેલી ખીણના ખુલ્લા ડાચા તરફ તેને ધકેલે છે. બિચારો જુવાન, આ બળવાન દુશ્મનો

સામે થવા તે પ્રયત્ન કરે છે. અને હવે પાછા જતા રહેવું છે, અહીંથી નાસી છૂટવું છે, આ અદૃશ્ય હાથોની ચૂડમાંથી ભાગી છૂટવું છે. પણ અફસોસ, હવે બાજી એના હાથમાં નથી. પેલી મોતની ખીણ તરફ તે ધકેલાતો જાય છે. કોઈ એને ખેંચી રહ્યું છે, ભૂરકી નાખી રહ્યું છે. એ બૂમ પાડી ઊઠે છે, પણ કોઈ જવાબ મળતો નથી. પેલાં ભૂતો પર એ ધસે છે, પણ કોઈ એના હાથમાં આવતું નથી. જુવાન બેબાકળો થઈ જાય છે. ગભરાયેલી, મૂંઝાયેલી આંખે એ ખાલી આકાશ ભણી તાકી રહે છે. અને એ મદદ માટે પુકાર કરે છે, કોઈ અદૃશ્ય તત્ત્વને કરગરે છે, પણ જવાબમાં એને સંભળાય છે એક અટ્ટહાસ્ય, ક્રૂર અને કઠોર.

અને હવે એ ધકેલાતો ખીણના મથાળા સુધી આવી લાગ્યો છે. આ હવે એક ડગલું, બીજું ડગલું અને ખલાસ. બચવાને એણે એક મરણિયો પ્રયત્ન કરી લીધો, પણ હાય, એ પણ કામ ન આવ્યો. અને એ ગબડ્યો. ગબડ્યો, નીચે......પથારીમાંથી.

એક જુવાન વિદ્યાર્થીને આવેલું આ સ્વપ્ન હતું, અને એ સ્વપ્નમાં તેને આ રીતનો ઓથાર ચડી આવેલો હતો. આવતી કાલે સવારે તેને એક પાઠ તૈયાર કરવાનો હતો. પણ દિવસના કામથી એ સહેજ થાકેલો હતો એટલે ઘેર આવી એ બોલ્યો, 'આ હમણાં જ થોડી વાર પછી કરી નાખું છું.' પણ થોડી વાર બેઠા પછી તેને થયું, આમ કરું તો? અત્યારે વહેલો સૂઈ જાઉં તો સવારે વહેલું ઉઠાશે, અને થોડી વારમાં જ બધું કામ થઈ જશે. અને 'ચાલો ભાઈ, સૂઈ જ જઈએ ત્યારે. સવારે કામ સારું થશે, અને રાતમાં જ્ઞાન પણ વધશે.' એમ કહી તે સૂઈ ગયો. પણ પોતે કહે છે તેમ થશે જ તેવી તેને શ્રદ્ધા ન હતી. આપણે જોઈ ગયા તેવું સ્વપ્ન, તેવો ઓથાર તેને ઊંઘમાં ચડી આવ્યો. તેની ઊંઘ બગડી ગઈ. પથારીમાંથી ગબડી પડતાં તે ચોંકીને જાગી પડયો. અને પોતાને આવેલા સ્વપ્નનો વિચાર કરતાં તે બોલી ઊઠયો: 'અરે, પણ આ વાત તો સાવ સાદી છે. આ જે કેડી મેં જોઈ તે 'આ હમણાં' ની કેડી છે, પેલો રસ્તો જોયેલો તે 'આવતી કાલે' નો રસ્તો છે. અને પેલો મોટો કિલ્લો જોયો તે 'મહા શૂન્ય' નો કિલ્લો છે.' અને પોતાને સ્ફુરેલા આ જ્ઞાનથી ઉલ્લાસમાં આવી તે કામ કરવા બેસી ગયો. અને પોતાના મનમાં તેણે પાકો નિશ્ચય કરી લીધો કે જે કામ આજે કરી શકાય તે આવતી કાલ પર નહિ રાખું. 'આ હમણાં' ની કેડી કદી નહિ લઉં.

(૧૮૯૩ માં લખાયેલું)

# નીલમ કથા

દૂર દૂરના પ્રદેશમાં એક સમયે એક નાનકડો દેશ હતો. એમાં બધું જ સુવ્યવસ્થિત અને સંવાદપૂર્ણ હતું. એમની પ્રત્યેક વ્યકિત પોતાના યથાર્થ સ્થાને હતી, અને જગતમાં જે ભાગ ભજવવાને માટે તે નિર્માઈ હતી તે કામ તે બરાબર અદા કરતી હતી. તેમાંનાં સર્વ માનવો સર્વનું વધુમાં વધુ કલ્યાણ સદાય એ રીતે જીવન ગાળતાં હતાં.

એ દેશમાં ખેડુતો હતાં, કારીગરો, મજુરો વેપારીઓ હતા. અને એ બધાને માત્ર એક જ મહત્ત્વાકાંક્ષા રહેતી : પોતાનું કામ બને તેટલું ઉત્તમોત્તમ રીતે કરવું. એ લોકો સમજતા કે આપણે આ રીતે કામ કરીએ એમાં જ આપણું હિત છે. પોતાની પ્રવૃત્તિઓ લોકો આ રીતે કરતા તેનું પ્રથમ કારણ તો એ હતું કે તેમણે પોતાનું કાર્ય પોતાની સ્વેચ્છાથી જ પસંદ કરેલું હતું અને એટલે એ કાર્ય તેમની પ્રકૃતિને પૂરેપૂરું સાનુકૂળ રહેતું, એ કાર્યમાંથી તેમને આનંદ મળતો. વળી આ લોકો એ વાત પણ જાણતા હતા કે જગતમાં દરેક સારા કામને તેનો યોગ્ય બદલો મળી જ રહે છે. અને બનતું પણ એમ જ હતું. આ સૌને તેમની પ્રવૃત્તિઓમાંથી એટલી બધી વસ્તુઓ મળી રહેતી કે તેને લીધે તેઓને તથા તેમની સ્ત્રીઓ તથા બાળકોને આપણે વર્ણવ્યું તેવું શાંત અને શાંતિમય જીવન ગાળવાની પૂરેપૂરી અનુકૂળતા મળતી હતી. એમના જીવનમાં અર્થ વિનાના વિલાસો નહોતા, પરંતુ તેમને જીવન માટેની જરૂરી વસ્તુઓ પ્રચુર પ્રમાણમાં મળી રહેતી હતી અને તેથી તેમના જીવનમાં તૃપ્તિ રહેતી હતી.

એ દેશમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ અને કલાકારોની સંખ્યા બહુ ન હતી. પરંતુ એ જેટલા કંઈ હતા તેમને સૌને પોતાના પ્રાણ સરખા વિષય પ્રત્યે, પોતાના વિજ્ઞાન કે કળા પ્રત્યે પ્રેમ રહેતો. એમના પ્રતિ કૃતજ્ઞ રહેતો દેશ એમને જીવન નિર્વાહની સર્વ સગવડો મેળવી આપતો હતો. કેમ કે દેશવાસીઓ જાણતા હતા કે આ વિજ્ઞાનશાસ્ત્રીઓ જે જે ઉપયોગી શોધખોળો કરશે તેનો સૌથી પ્રથમ લાભ એમને જ મળવાનો છે, એમના કળાકારોની ઉન્નતિદાયક કૃતિઓનો આનંદ પ્રથમ એમને જ માણવા મળવાનો છે. આમ આ વિજ્ઞાનશાસ્ત્રીઓ અને કળાકારો જીવનસંઘર્ષમાંથી મુકત રહેતા. અને પછી વિજ્ઞાનશાસ્ત્રીઓ સમક્ષ માત્ર એક જ ધ્યેય રહેતું : પોતે પ્રયોગો કરીને જે કાંઈ શોધખોળો કરે, પોતે જે કંઈ અધ્યયનો ગંભીર ભાવે અને સાચા હૃદયથી કરે તે એવાં નીવડવાં જોઈએ કે જેથી માનવજાતિના દુ:ખ નિવારણમાં કંઈક મદદ થાય, પોતે જે કાંઈ જ્ઞાનનું સર્જન કરે તેના પ્રકાશથી અને આશ્વાસનથી માનવજાતિનું અજ્ઞાન, માનવ-

જાતિમાં રહેલાં વહેમ અને ક્રુરતાનાં તત્ત્વો શકય તેટલાં દૂર હઠે અને લોકોની જીવન-શકિત અને કલ્યાણમાં વૃદ્ધિ થાય. કળાકારો પણ પોતાની સારીયે સંકલ્પશકિત પોતાની કળા ઉપર એકાગ્ર કરી શકતા હતા અને તેમના જીવનમાં માત્ર એક જ ઈચ્છા રહેતી કે પોતાને લાધેલા ઉત્તમોત્તમ દર્શન મુજબ પોતાને હાથે સૌન્દર્યનો આવિર્ભાવ થાય.

આ સર્વમાં, સૌ કોઈના મિત્ર અને ગુરુ જેવા ચાર તત્ત્વજ્ઞાનીઓ હતા. તેઓ પોતાનું આખુંયે જીવન ગંભીર અધ્યયનોમાં અને પ્રકાશમય ચિંતનોમાં જ વ્યતીત કરતા હતા. અને એ રીતે તેઓ માનવજ્ઞાનના ક્ષેત્રાને અવિરત રીતે વિસ્તાર આપ્યે જતા હતા, અને જગતમાં હજી પણ જે તત્ત્વ એક અગમ્યતા રૂપે રહેલું છે તેના પરનાં આવરણોને એક પછી એક ઊંચકયે જતા હતા.

એ દેશમાં સૌ કોઈ સંતુષ્ટ હતાં, કેમકે તેમને કોઈપણ રીતની હરીફાઈમાં ઊતરવાનું ન હતું. હરેક માણસને પોતાનું કામ આનંદપ્રદ રહેતું, પોતાનો અભ્યાસ આનંદદાયક રહેતો અને એટલે પોતાની પ્રવૃત્તિ તેઓ પૂરેપૂરી એકાગ્રતાથી કરી શકતાં. આ દેશમાં સૌ કોઈ સુખી હતાં, અને એટલે તેમને ખૂબ ખૂબ કાયદાઓની જરૂર રહેતી ન હતી. તેમના જીવનશાસ્ત્રનો સાર માત્ર આટલો જ રહેતો, સૌ કોઈને માત્ર એક સાદી સલાહ આપવામાં આવતી–'તમારું પોતાનું સ્વરૂપ બની રહો.' અને સૌ કોઈને માટે એક જ કાયદો હતો તેનો અમલ બહુ જ કડક રીતે થતો હતો, એ હતો ઔદાર્યનો કાનૂન. એ ઔદાર્યનું ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વ તે ન્યાય હતું, એમા કશા બગાડને માટે રજા ન હતી, એમાં કોઈને પણ તેના વિકાસમાં બાધા કરવાની પરવાનગી નહોતી. અને આમ સ્વાભાવિક રીતે એ દેશની દરેક વ્યકિત પોતાને ખાતર અને સાથે સાથે સમષ્ટિને ખાતર પોતપોતાનું કામ કરતી રહેતી હતી.

આવા એ સુવ્યવસ્થા અને સુસંવાદના દેશનો એક રાજા હતો. એ દેશનાં માનવોમાં આ રાજા સૌથી વધુ બુદ્ધિશાળી વ્યકિત હતો, સૌથી વધુ જ્ઞાની પુરુષ હતો, અને એટલા જ કારણે તે સર્વનો રાજા હતો. વળી આ આખા દેશમાં એ જ એક વ્યકિત સૌ કોઈને માટે જે જે વસ્તુની જરૂર હોય તે બધું મેળવી આપી શકે તેવી સમર્થ હતી. વળી એ દેશના તત્ત્વજ્ઞાનીઓમાં ગહનમાં ગહન ચિંતનોને સમજી શકે તેમ જ તેમને માર્ગદર્શન આપી શકે એટલું જ્ઞાન એક તેનામાં જ હતું. અને સાથે સાથે એ રાજા અતિશય વ્યવહારકુશળ પણ હતો, પોતાની પ્રજાને શાની જરૂર છે તેનું તેને જ્ઞાન રહેતું અને તેથી પ્રજાના જીવનનું સંગઠન સાધવામાં અને પ્રજાનું કલ્યાણ સાધવામાં તે બરાબર ધ્યાન આપી શકતો હતો.

આપણી વાર્તા શરૂ થાય છે તે સમયે આ મહાન અસાધારણ રાજા અતિશય વૃદ્ધ અવસ્થાએ પહોંચેલો હતો. એનું વય બસો વર્ષનું થઈ ચૂકયું હતું. આ ઉંમરે પણ એની વિચારશકિત સંપૂર્ણપણે જળવાઈ રહી હતી, તે હજી પણ પહેલાંના જેવો જ પ્રાણ-

વાન અને જાગૃત હતો. પણ હવે એને પોતે આટલા બધા લાંબા કાળથી ધારણ કરેલી રાજ્યની ભારે જવાબદારીઓનો થોડોક થાક લાગવા માંડયો હતો અને તેને હવે નિવૃત્તિના વિચાર આવવા લાગ્યા હતા. એટલે એક દિવસ તેણે પોતાના નાના પુત્ર મેઓથાને પોતાની પાસે બોલાવી મંગાવ્યો. એ રાજકુમાર યુવાન હતો, સર્વ વિદ્યાઓથી સંપન્ન હતો. માણસો સામાન્ય રીતે હોય છે તેના કરતાં પણ તે વધુ સુન્દર હતો. એની ઉદારતા એટલી તો સમુચિત હતી કે તે લગભગ ન્યાયની કોટિએ પહોંચી જતી હતી. એની બુદ્ધિ સૂર્યના જેવી દેદીપ્યમાન હતી, એના જ્ઞાનની કોઈની સાથે તુલના થઈ શકે તેમ ન હતું. કેમકે એ રાજકુમાર યુવાન બન્યા પછી અમુક કાળ તે મજૂરો અને કારીગરોની વચ્ચે ગાળી આવ્યો હતો. અને એ સૌના જીવનની માગણીઓ અને જરૂરિયાતો કેવા પ્રકારની છે તે તેણે સ્વાનુભવથી જાણ્યું હતું અને તે પછીનો બાકીનો વખત તે રાજમહેલના ચોરસ મિનારાના એકાંતવાસમાં ગાળતો રહ્યો હતો અથવા તો પેલા તત્ત્વજ્ઞાનીઓનો શિષ્ય બનીને તેમની સાંનિધ્યમાં તે અભ્યાસ કરતો રહ્યો હતો અથવા તો પછી નિવૃત્ત બનીને ચિંતન કરતો રહ્યો હતો.

મેઓથાએ આવીને પિતાને વિનયપૂર્વક પ્રણામ કર્યા. પિતાએ તેને પોતાની પાસે બેસાડયો અને પછી આ પ્રમાણે તેને કહેવા માંડયું: 'મારા પુત્ર, તું જાણે છે કે હું આ દેશ ઉપર કેટલાંય વરસોથી, એકસો અને સિત્તેર કરતાં પણ વધુ વર્ષથી રાજ્ય કરતો રહ્યો છું. હજી લગી તો દેશમાંના સર્વ સારા માણસોને મારા રાજ્યથી સંતોષ જ રહેલો છે. પણ મને હવે લાગે છે કે મારી અવસ્થા હવે વૃદ્ધ થવા લાગી છે. આખી પ્રજાના કલ્યાણની સંભાળ રાખવી, આખાયે દેશમાં સુવ્યવસ્થા રાખવી એ એક મોટી ભારે જવાબદારી છે અને મને લાગે છે કે એ મોટો ભાર હવે હું આનંદપૂર્વક વહન કરી શકીશ નહિ. મારા પુત્ર, તું મારી આશા છે, તું મારો આનંદ છે. કુદરત તારા ઉપર પરમ ઉદાર રહી છે. એણે તારા ઉપર પોતાની ખૂબ ખૂબ બક્ષિસો વરસાવી છે. અને તેં એક જ્ઞાનપૂર્ણ અને નિયમિત કેળવણી લઈને એ બધી બક્ષિસોને ખૂબ જ સંતોષદાયક રીતે વિકસાવી છે. આપણો આ આખો યે દેશ નાનાંમાં નાના ખેડૂતથી માંડીને તે આપણા મહાનમાં મહાન તત્ત્વજ્ઞાનીઓ સુધીની સર્વ પ્રજા તારામાં પૂર્ણ રીતે વિશ્વાસ ધરાવે છે, તારા પ્રત્યે સૌ કોઈને સદ્ભાવ છે. અને વળી તારી ઉદારતા દ્વારા તેં સૌ કોઈનો પ્રેમ જીતી લીધો છે, તારી ન્યાયવૃત્તિ દ્વારા તેં સૌ કોઈનું માન મેળવ્યું છે. આ કરવાની કળા તેં સિદ્ધ કરી લીધેલી છે. એટલે હું હવે જો દેશના લોકો પાસે માગણી કરું કે મને હવે આરામ લેવાનો હક મળી ગયો છે તો એ લોકો સ્વાભાવિક રીતે તને જ પોતાના રાજા તરીકે પસંદ કરશે. પરંતુ, પુત્ર, તું આપણી હંમેશની માનવંતી પ્રણાલી શી છે તે તો બરાબર જાણે છે જ. આપણા રાજ્યના સિંહાસન પર માણસ એકલો બેસી શકતો નથી. આ દેશના રાજા થનારે કોઈ સુયોગ્ય સ્ત્રી સાથે અંતરની એકતા દ્વારા પોતાનું જીવન જોડેલું હોવું જોઈએ. એ સ્ત્રીમાં

રસવૃત્તિઓની અને શકિતઓની એક સંપૂર્ણ સમતુલા હોવી જોઈએ અને એ સમતુલા દ્વારા તે પોતાના પતિને સમતાની શાંતિ આપી શકે તેવી હોવી જોઈએ. આવી સ્ત્રી જેણે પ્રાપ્ત કરી હોય તેવો પુરુષ જ રાજ્યાસનનો અધિકારી બની શકે છે. આજે મેં તને આ પ્રણાલિનું સ્મરણ આપવાને માટે મારી પાસે બોલાવ્યો છે. તો ભાઈ તું મને હવે કહે કે તને આવી કોઈ યુવતી મળી છે ખરી? એનામાં આ રીતની સર્વ યોગ્યતા હોવી જોઈએ અને આપણી ઇચ્છા અનુસાર, તે તારા જીવન સાથે પોતાનું જીવન જોડવાને ઇચ્છુક હોવી જોઈએ. મારે તને આ પ્રશ્ન કરવાનો છે.'

'પિતાશ્રી, હું જો એમ કહી શકું કે મારું અંતર જેની રાહ જોઈ રહ્યું છે એ મને મળી આવી છે તો મને બહુ જ આનંદ થાય. પરંતુ દિલગીરીની વાત છે કે એ હજી બન્યું નથી. આપણા રાજ્યમાં પૂર્ણ વિકાસ પામેલી યુવતીઓ કોણ કોણ છે તે હું જાણું છું. એમાંથી ઘણીના પ્રત્યે મને સાચા દિલથી સદ્‌ભાવ જાગે છે, તેમના પ્રત્યે સાચું માન પ્રગટે છે. પરંતુ એ કોઈપણ કન્યાએ મારામાં પ્રેમ પ્રગટાવ્યો નથી. અને એ પ્રેમ હોય તો જ જીવન જોડાઈ શકે. અને હું માનું છું કે હું એમ પણ કહી શકું છું, અને તે મારી જાતને છેતર્યા વિના કે આ કન્યાઓમાંથી પણ કોઈને મારા પ્રત્યે પ્રેમ જાગેલો નથી. આપ મારી નિર્ણયશકિતને બહુ ઊંચું સ્થાન આપો છો તો હવે મારા મનમાં જે વાત છે તે હું આપને કહીશ. મને લાગે છે કે મને જો અન્ય દેશના રીતરિવાજો અને કાનૂનોનું જ્ઞાન થાય તો આપના આ નાનકડા રાષ્ટ્રનું શાસન કરવા માટે મારામાં વધુ યોગ્યતા આવે. એટલે મારી એવી ઇચ્છા છે કે હું એક વરસ સુધી પૃથ્વીનો પ્રવાસ કરી લઉં અને એ રીતે જગતને જોઉં અને મારો પોતાનો વિકાસ પ્રાપ્ત કરું. તો પિતાશ્રી, મારી આપને વિનંતી છે કે આ પ્રવાસ માટે આપ મને અનુમતિ આપો, અને–શી ખબર ?– હું પાછો આવીશ ત્યારે કદાચ મારા જીવનની સાથી પણ લઈને આવીશ, અને એ સ્ત્રીનું હું સંપૂર્ણ સુખ અને રક્ષણ બની શકીશ.'

'પુત્ર તારી ઇચ્છા જ્ઞાનીની ઇચ્છા છે, તું જઈ શકે છે અને તારા પિતાના આશીર્વાદ તારી સાથે રહેશે.'

*
* *

પશ્ચિમ દિશાના સાગરમાં એક નાનકડો દ્વીપ છે. એના ઉપર ઘણાં કીમતી અરણ્યો આવેલાં છે અને અરણ્યોને લીધે એ દ્વીપ ઘણો મૂલ્યવાન બનેલો છે.

આ દ્વીપમાં, ગ્રીષ્મના એક ઝળહળતા દિવસે, એક યુવાન કન્યા ઊંચા ઊંચા ભવ્ય વૃક્ષોની છાયા હેઠળ મંદ મંદ ચાલી રહી છે. એનું નામ છે લિયાન. જગતની કોઈ પણ સ્ત્રી કરતાં તે અધિક સુંદર છે. એનું ચપળ શરીર એણે ધારણ કરેલાં હળવાં વસ્ત્રો હેઠળ સુંદર રીતે આંદોલિત થઈ રહ્યું છે. એનો ચહેરો આછા પાણ્ડુ વર્ણનો છે, અને એ ચહેરા પર ગોઠવાયેલું લાલ ઓષ્ઠવાળું મુખ એ એ ચહેરાને તે છે તે કરતાં યે વધુ ધવલ બનાવી રહ્યું છે. વેણીમાં

ગૂંથાયેલા એના ઘટ્ટ કેશ એના શિર ઉપર મુગટની જેમ ગોઠવાયેલા છે અને પોતાના સોનેરી રંગથી ચમકી રહ્યા છે. એની આંખો, નીલ આકાશ ઉપર ખુલ્લાં કરેલાં બે ગહન દ્વાર જેવી લાગે છે. એમાં રહેલો બુદ્ધિનો પ્રકાશ એના ચહેરાને દીપ્તિમાન કરી આપે છે.

લિયાન એક અનાથ કન્યા છે. જીવનમાં તે એકલી જ છે. પરંતુ એનું મહાન સૌન્દર્ય તથા એની વિરલ બુદ્ધિમત્તાને લીધે અનેક જણની તીવ્ર ઝંખનાઓ અને સાચા પ્રેમભાવો તેના પ્રત્યે વહેતા રહેલા છે. પરંતુ લિયાને પોતાના સ્વપ્નમાં એક પુરુષને જોયેલો છે. એ પુરુષ, એનાં વસ્ત્રો ઉપરથી જોતાં, કોઈ દૂર દૂરના દેશનો નિવાસી લાગે છે. આ અજાણી વ્યક્તિની મધુર અને ગંભીર દૃષ્ટિએ લિયાનના હૃદયને એવું તો વશ કરી લીધું છે કે તે હવે અન્ય કોઈને ચાહી શકે તેમ નથી. એ સ્વપ્ન આવ્યા પછી એને આશા રહેલી છે કે એનો આ પ્રિયતમ એની પાસે આવશે અને તેની રાહમાં તે રહેવાં લાગી છે. રાત્રિમાં દેખાયેલા એ પુરુષના ભવ્ય વદનનું સ્વપ્ન સેવવામાં પોતાને કોઈ બાધા ન કરે એટલા માટે તે આ ઊંચાં વનતરુઓના એકાન્તમાં આ રીતે એકલી એકલી વિચરી રહી છે.

સૂર્યનો પ્રખર પ્રકાશ વૃક્ષોની ઘન ઘટાને ભેદીને નીચે આવી શકતો નથી. એ વૃક્ષઘટામાં ચાલી રહેલી આ યુવતીના ચરણ ભોંય પરની લીલને હળવે હળવે કચડતા જાય છે પણ તેને લીધે આ સ્થળની નીરવતામાં કશો ભંગ થતો નથી. વનમાંનું સર્વ કોઈ આ ઉષ્ણ પ્રહરોના ભારે ઘેનમાં ઢળેલું છે. અને છતાં લિયાનને એક એવી આછી આછી આશંકા થાય છે કે આ વૃક્ષોની પાછળ કોઈ અદૃશ્ય સત્ત્વો સંતાઈ રહેલાં છે, કોઈ ચોકી કરતી આંખો આ વૃક્ષોની પાછળથી એને જોઈ રહી છે.

એકાએક એક પક્ષી ટહુકી ઊઠે છે, સ્પષ્ટ અને આનંદસભર. ચિંતા માત્ર અદૃશ્ય થઈ જાય છે. લિયાન જાણે છે કે અરણ્ય તો ઉદાર છે. વૃક્ષોમાં જો કોઈ સત્ત્વો રહેતાં હશે તો પણ તે એને કશી ઈજા પહોંચાડવા માગતાં ન હોઈ શકે. લિયાનના હૃદયમાં એક અતિ મધુર ભાવ જાગે છે. એને બધું જ સુંદર અને શુભ લાગે છે. એની આંખમાં આંસુ આવી જાય છે. પોતાના અજાણ્યા પ્રિયતમનો વિચાર કરતાં કરતાં એને અત્યારે જે ઉત્કટ આશા જાગી રહી છે એવી ઉત્કટ આશા એણે પહેલાં કદી અનુભવી નહોતી. એને લાગે છે કે પવનની લહેરખીઓમાં કંપી રહેલાં આ વૃક્ષો, એના પગ નીચે કચડાઈ રહેલી આ લીલ, પોતાનું ગીત વારંવાર ગાતું રહેતું પક્ષી એ બધાં જાણે કે એની રાહ જોઈ રહેલાં એનાં પ્રિયતમ વિષે એની સાથે વાત કરી રહ્યાં છે, એને વિચાર આવે છે કે કદાચ એને હવે પોતાના પ્રિયતમનું મિલન થઈ આવશે. એને આખા શરીરમાં કંપ થઈ આવે છે, તે ચાલતાં અટકી જાય છે. પોતાના હૃદયના વધી રહેલા ધડકારને તેણે હાથ વડે રોકી રાખ્યા છે. અને આ ઉત્તમ પ્રેમાનુભવ પોતે વધુ ને વધુ માણી શકે તે માટે તેણે પોતાનાં નેત્ર બંધ કરી લીધાં છે. અને હવે તો એ લાગણી વધુ ને વધુ પ્રબળ બની રહી છે. એ ભાવ હવે તો એટલો બધો દૃઢ બની

જાય છે કે લિયાનને લાગે છે કે હવે તો જરૂર તેની પાસે કોઈ આવીને ઊભું રહેલું છે. અને લિયાન પોતાનાં ચક્ષુ ખોલે છે. આહ! શો અદ્ભૂત ચમત્કાર! એ ત્યાં આવીને ઊભો છે, ખરેખર એ જ, પોતે સ્વપ્નમાં એને જોયો હતો તેવો જ......માનવો સામાન્ય રીતે હોય છે તેના કરતાં ઘણો સુન્દર...એ મેઓથા હતો.

એક જ દૃષ્ટિપાતથી તેઓ અન્યોન્યને ઓળખી લે છે. એક જ દૃષ્ટિમાં તેઓ પોતાની વાત કહી દે છે કે આપણે કયારનાંયે અન્યોન્યની પ્રતીક્ષા કરી રહેલાં છીએ, આપણને અન્યોન્યને મળતાં કેવો તો આનંદ થઈ રહ્યો છે. હવે એમને ખાતરી થઈ ગઈ છે કે દૂર દૂરના ભૂતકાળમાં તેઓ પરસ્પરને જાણતાં હતાં.

મેઓથા પોતાનો હાથ લંબાવે છે; લિયાન એ હાથમાં પોતાનો હાથ મૂકે છે. બંનેના વિચારો એક બીજામાં સંક્રાંત બની જાય છે, અને એનાથી સભર બનેલા મૌનમાં બંને મૂંગાં મૂંગાં અરણ્યમાં થઈને ચાલવા લાગે છે. એમની સામે હવે સમુદ્ર આવીને ઊભો રહે છે, શાંત અને નીલ, સૂર્યના આનંદપૂર્ણ પ્રકાશ હેઠળ ઝળહળી રહેલો. કિનારા પાસે એક મોટું જહાજ ઝૂલી રહ્યું છે.

કિનારાની રેતી પર એક હોડી ખેંચી લાવવામાં આવી છે. હોડી એમની રાહ જોઈ રહી છે. વિનમ્ર અને વિશ્વાસભરી લિયાન મેઓથાની પાછળ પાછળ હોડીમાં ચડે છે. બે મજબૂત ખલાસીઓ હોડીને દરિયામાં તરતી કરી દે છે, અને ઝડપથી તેને જહાજ પાસે પહોંચાડી દે છે.

અને પછી એ નાનકડો દ્વીપ ક્ષિતિજ પર જયારે લગભગ અદૃશ્ય બની જવા લાગે છે ત્યારે જ એ યુવતી પોતાના સાથીને સંબોધીને બોલે છે: 'હું તમારી રાહ જોતી હતી અને તમે આવ્યા એટલે કંઈ પણ પ્રશ્ન કર્યા વિના હું તમારી પાછળ નીકળી આવી છું. આપણે અન્યોન્યને અર્થે જ સરજાયાં છીએ, હું આ અનુભવું છું, જાણું છું અને હું એ પણ જાણું છું કે આજે અને સદાયને માટે તમે જ મારું સર્વ સુખ રહેશો, તેમ જ મારું રક્ષણ બની રહેશો. પણ મને મારો આ વતનનો બેટ અને એના સુંદર અરણ્યો પ્રિય રહેલાં છે. અને મને જાણવાનું મન થાય છે કે તમે મને કયા દેશનાં કિનારે લઈ જઈ રહ્યા છો.'

'તને શોધવાને તો હું આખું જગત ભમી વળ્યો છું, અને તું મને મળી આવી છે. તારી દૃષ્ટિમાં મેં વાંચ્યું છે કે તું મારી રાહ જોઈ રહેલી છે. અને કાંઈ પણ પ્રશ્ન વિના મેં તારો હાથ ગ્રહણ કર્યો છે. આ ક્ષણેથી અને સદાયને માટે મારી પ્રિયતમા એ જ મારું સર્વસ્વ બની રહેશે. અને એને જો એના અરણ્યોના બનેલા નાનકડા દ્વીપમાંથી હું લઈ જાઉં છું તો તે એને એના રાજ્યની રાણી તરીકે લઈ જાઉં છું. પૃથ્વી ઉપર એ જ એક એવો દેશ છે કે જેમાં સર્વ કાંઈ સંવાદમય છે, પૃથ્વી ઉપર આ જ એક એવી પ્રજા છે કે જે એને માટે સુપાત્ર છે.'

# એક નેતા

એ ૧૯૦૭ નો જાન્યુઆરી મહિનો હતો. હજી થોડા વખત પૂર્વે જ રશિયામાં સરકારે ભારે દમનખોરી વાપરીને ત્યાંની ક્રાંતિની ચળવળને દાબી દીધી હતી.

એ દિવસે હું અને મારા થોડા મિત્રો, અમારું એક નાનકડું મંડળ, તત્ત્વચર્ચા માટે ભેગાં થયાં હતાં. તેવામાં અમને ખબર આપવામાં આવ્યા કે એક ભેદી વ્યક્તિ અમને મળવા માટે આવેલી છે.

અમે ઊઠીને તેને મળવાને સામે ગયાં. ત્યાં દીવાનખાનાની બહારના નાનકડા ખંડમાં એક માણસ ઊભો હતો. એનો પોષાક સ્વચ્છ તો હતો પણ તે વપરાઈને જૂનો થઈ ગયેલો હતો. તેણે પોતાના હાથ શરીરની સાથે દાબી રાખેલા હતા, અને પોતાનો ફિક્કો ચહેરો જાણે કે ખૂબ ભાનપૂર્વક જમીન તરફ ઝુકાવી રાખેલો હતો. એક કાળી ફેલ્ટ હેટ એ ચહેરાને અર્ધો ઢાંકી રહી હતી. અને આ બધાથી તે જાણે કે એક શિકારનો ભોગ બનેલા પ્રાણી જેવો દેખાતો હતો.

અમે તેની પાસે ગયાં એટલે તેણે પોતાની હેટ માથેથી ઉતારી, માથું ઊંચું કર્યું અને અમારા તરફ એક ઝડપી પણ નિખાલસ નજર નાખી લીધી.

એ ખંડના આછા અજવાળામાં તેના ચહેરાની રેખાઓ પૂરેપૂરી તો દેખી શકાતી ન હતી. એ ચહેરો જાણે કે મીણનો બનેલો હોય તેમ લાગતું હતું, અને એ ચહેરા પરની શોકની છાયા જ માત્ર સ્પષ્ટ વરતાતી હતી.

અમારી વચ્ચેનું મૌન જરા મૂંઝવે તેવું બનવા લાગ્યું હતું, એટલે મેં જ વાત શરૂ કરી અને પૂછ્યું, 'આવો મહાશય, આપની શી ઈચ્છા... ?'

'હું આપને મળવા માટે કીવથી આવું છું.'

તેનો અવાજ થાકેલો હતો, ઊંડો હતો, જરા દબાયેલો હતો, તેના ઉચ્ચારમાં સ્લાવોનિક છાયા હતી.

ઠેઠ કીવથી અમને મળવાને ! આ કોઈ સામાન્ય વસ્તુ ન હતી. અને એ સાંભળતાં અમે આશ્ચર્યચકિત થઈ ગયાં. અમને મૂંગાં રહેલાં જોઈને એને એમ થતું લાગ્યું કે અમને તેના વિષે કાંઈ શક છે. અને થોડાએક સંકોચ પછી તેણે ધીરા અવાજે કહ્યું, 'હા, કીવથી આવું છું. ત્યાં એક અભ્યાસી મંડળ છે અને એના સભ્યોને તત્ત્વજ્ઞાનના

મોટા મોટા વિષયોમાં ખૂબ જ રસ છે. આપનાં પુસ્તકો અમારી પાસે આવેલાં છે, અને એ વાંચતાં અમને ખૂબ જ આનંદ થયો. અમે જોયું કે ખરેખર આમાં એક પૂર્ણ સમન્વયવાળી દૃષ્ટિ છે, અને એ માત્ર સિદ્ધાંત ચર્ચામાં જ પુરાઈ રહેતી નથી પણ કાર્યની અંદર પણ તે પોતાનો વિસ્તાર કરે છે. એ વાંચ્યા પછી, મારા સાથીદારોએ અને મિત્રોએ મને કહ્યું, "તમે જઈને આ મિત્રો પાસેથી આપણી પ્રવૃત્તિ અંગે સલાહસૂચન લઈ આવો અને એ રીતે હું આવ્યો છું."

આ બધું એણે બહુ જ સ્પષ્ટ રીતે કહ્યું, એની ભાષામાં જો કે બહુ છટા ન હતી, પણ તેને જે કહેવું હતું તે તેમાં બરાબર આવી જતું હતું. અમે એ વસ્તુ પણ તરત જ જોઈ શકયાં કે અમુક કારણસર એ કોઈક વસ્તુ અમારી પાસે હજી મૂકતો નથી તો પણ તે અમને જે કાંઈ કહે છે તે તો સાચું જ છે.

અમે તેને દીવાનખાનામાં અંદર લઈ આવ્યાં અને તેને બેસવાને કહેતાં તેણે બેઠક લીધી. અને ત્યારે અમે એને પૂરા પ્રકાશમાં જોઈ શકયાં. આહ, એ ચહેરો કેવો તો કરુણા પ્રેરે તેવો હતો! લાંબા ઉજાગરાને લીધે હો યા તો હવા અજવાળાથી દૂર રહેવાને લીધે હો, એ ચહેરો ફિક્કો થઈ ગયેલો હતો. તેના પર દુ:ખનાં ચિહ્ન હતાં, ચિંતાની રેખાઓ હતી. અને છતાં ત્યાં બુદ્ધિનો પ્રકાશ ઝળહળતો હતો. કપાળ પર એક જાતનો ઓપ હતો, આંખોમાં ચમક હતી. પણ એ ફિક્કી ઉદાસ આંખો લાલ હતી, કાં તો ખૂબ કામને લીધે હોય, યા તો કદાચ આંસુને લીધે પણ હોય.

આમ એને જોઈ અમે સહેજ મૂંઝાયા, અને ચૂપ બેસી રહ્યાં. છેવટે થોડીક વાર પછી, એના આગમનનું પ્રયોજન જાણવા માટે અમે પૂછ્યું, 'આપના દેશમાં આપની પ્રવૃત્તિ શી છે?' એ પ્રશ્ન સાંભળતાં જ તે જાણે મનને એકાગ્ર કરીને, કોઈ નિર્ણય કરી લેતો હોય તેવું લાગ્યું. અને પછી ધીરેથી બોલ્યો:

'મારું કામ ક્રાન્તિનું છે.'

અમારા એ ધનિક વર્ગના એશઆરામથી ભરેલા ખંડમાં એનો અવાજ જાણે મૃત્યુના ઘંટ જેવો રણકી રહ્યો.

પણ અમે અમારી એ લાગણી પ્રગટ થવા ન દીધી. તેનામાં રહેલી આવી હિંમતભરી સત્યનિષ્ઠા માટે અમને ખૂબ જ માન થયું અને તેને કહ્યું:

'તો આપ અમને કહો કે અમે આપને માટે શું કરી શકીએ?'

એણે જોયું કે તેનો જવાબ સાંભળ્યા પછી તેના પ્રત્યેના અમારા ભાવમાં કશો ફેરફાર થયો નથી. તેને અમારામાં વિશ્વાસ બેઠો અને તેણે પોતાની કથા કહેવા માંડી:

'રશિયામાં શું થઈ રહ્યું છે એ તો આપ જાણો છો એટલે એ વિષે તો આપને હું કાંઈ નહિ કહું. પરંતુ આપને કદાચ એ ખબર નહિ હોય કે એ ક્રાંતિની પ્રવૃત્તિના કેન્દ્ર રૂપે એક નાનકડું મંડળ આવી રહેલું છે. એ મંડળ પોતાને વિદ્યાર્થીઓ તરીકે ઓળખાવે છે અને હું પોતે એ કેન્દ્રસ્થ મંડળનો એક સભ્ય છું. અમારે જ્યારે સૌએ મળીને કોઈ નિર્ણય લેવાના હોય છે ત્યારે અમે કદી કદી મળીએ છીએ. પણ મોટે ભાગે તો અમે છૂટાં છવાયાં જ રહીએ છીએ. આમ કરવાનું એક કારણ તો એ છે કે અમે અમારા તરફ કોઈનું ધ્યાન દોરવા માગતાં નથી, ઉપરાંત બીજું કારણ એ પણ છે કે એ રીતે અમે અમારા કાર્યની નજીક રહીને અંગત રીતે અમારી પ્રવૃત્તિનું સંચાલન કરી શકીએ છીએ. આ બધા સભ્યોને સાંધનારી સાંકળ હું છું. આ લોકોને જ્યારે ભેગા મળીને કાંઈ કરવાનું હોય છે ત્યારે તે બધા હું જ્યાં રહું છું ત્યાં ભેગા મળે છે.

ઘણો વખત સુધી તો અમે ખુલ્લેખુલ્લી રીતે, હિંસાની પદ્ધતિએ લડ્યા છીએ. અમને આશા હતી કે ત્રાસને માર્ગે અમે ફતેહ પામી શકીશું. જગતમાં ન્યાય અને મુક્તિની સ્થાપના થાય, સર્વત્ર પ્રેમનું સામ્રાજ્ય સ્થપાય એ માટે અમને બહુ જ તમન્ના હતી, અને એ ધ્યેય સાધવા માટે અમને હરકોઈ સાધન યોગ્ય જ લાગતું હતું. અને અમારી એ ભાવનાને સિદ્ધ કરવા અમે શું શું કર્યું છે! આમ તો મારું હૃદય ખૂબ જ કોમળ છે. માનવજાતિના દુ:ખ મને પારાવાર પિગળાવી મૂકે છે. અને એ દુ:ખનું નિવારણ કરવા માટે તો હું ખાસ ડૉક્ટર બન્યો છું. પણ અમારી આસપાસની પરિસ્થિતિ એવી હતી કે અમારે ભયંકરમાં ભયંકર હિંસાનો માર્ગ લેવો પડ્યો છે. આ વાત ખૂબ નવાઈ પમાડે તેવી છે, નહિ? અને એ માર્ગે કામ કરતા મને પોતાને જ વ્યથા થઈ છે એ તો કોઈ માને પણ નહિ. પણ એ હકીકત છે. અને આમ એક બાજુ મારું અંત:કરણ આ વસ્તુનો વિરોધ કરતું રહ્યું છે તો બીજી બાજુથી બીજાઓ મને એ જ દિશામાં ધકેલી રહ્યા હતા, મારા પર દલીલોનો વરસાદ વરસાવી રહ્યા હતા અને કદી કદી મારી પાસે તેમની વાત કબૂલ પણ કરાવી શકતા હતા. પણ, આ રીતની પ્રવૃત્તિમાં હું પૂર વેગે કામ કરતો હતો ત્યારે પણ એક વાત તો મારા મનમાં હંમેશાં રહેતી હતી કે અમે જે કરી રહ્યા છીએ તેના કરતાં કોઈ વધુ સારી ચીજ જગતમાં કરવા જેવી છે ખરી. અમને એ લાગતું હતું કે અમારી કાર્યપદ્ધતિ એ સૌથી વધુ અસરકારક પદ્ધતિ તો નથી જ. અમને થતું કે અમે અમારી સારામાં સારી શક્તિઓ નિરર્થક વેડફી રહ્યા છીએ, અને ભલે ને અમારામાં પારાવાર ઉત્સાહ રહ્યો હોય તો પણ અમે હારી જઈએ એ પણ તદ્દન બનવા જોગ છે.

અને એમ જ બન્યું. અમારી આખીયે પ્રવૃત્તિ કડડભૂસ કરતી પડી ભાંગી છે. ખેતરના ધાનની પેઠે અમને કાપી નાખવામાં આવ્યાં છે. અને આ કરુણ પરિણામે અમને બધાને પાછા ભેગા કરીને વિચાર કરતા કરી મૂક્યાં છે. અમારા સારામાં સારા

માણસો તો હવે ખલાસ થઈ ગયા છે. અમારામાં જે વધુમાં વધુ બુદ્ધિશાળી હતા, અમને દોરી શકે તેવા હતા એમને તો પોતાની વીરતાના બદલામાં કાં તો દેશનિકાલ મળ્યો છે કાં તો મોત મળ્યું છે. અમારા મંડળમાં ત્રાસ ફેલાઈ ગયો છે. અને હવે છેવટે મને જે સમજાયું છે, મને જે લાગવા માંડયું છે તે હું મારા મિત્રોને સમજાવી શકયો છું.

અમારામાં એટલી બધી તાકાત તો નથી જ કે અમે સામા પક્ષને શકિતને જોરે જીતી શકીએ. અમારામાં એ માટે જે એકતા જોઈએ, જે સંગઠન જોઈએ તે અમારી પાસે નથી. અમારે હજી અમારો બુદ્ધિવિકાસ પણ સાધવાનો છે, અને એમ કરીને કુદરતના કાનૂનોને, તેમના ઠેઠ ઊંડાણમાં જઈને વધારે સારી રીતે સમજવાના છે. કેવી રીતે વ્યવસ્થિતપણે કામ કરી શકાય, અમારા પ્રયત્નોમાં કેવી રીતે સંગઠન લાવી શકાય એ અમારે શીખવાનું છે. વળી અમારે અમારી આસપાસના લોકોને પણ કેળવવાના છે, તે લોકોને ચિંતન કરવાની, પોતાની મેળે વિચાર કરતા થવાની ટેવ પાડવાની છે. એ લોકોને અમારે એ વસ્તુ સ્પષ્ટ રીતે સમજાવવી છે કે અમારું લક્ષ્ય શું છે, અમે શું કરવા માગીએ છીએ. તે લોકો અત્યારે તો અમને વિઘ્ન રૂપ જ બને છે તેને બદલે આ વસ્તુ સમજાવીને તેઓ અમને મદદ રૂપ બને તેમ કરવું છે.

મેં આ વાત તો એ લોકોને કહી છે કે જે કોઈ દેશે સ્વતંત્રતા મેળવવી હશે તેણે પ્રથમ તો તે માટે લાયક બનવાનું રહે છે, એ સ્વતંત્રતાને ઝીલવા માટે, તેનો આનંદ માણવા માટે પોતાની જાતને સુપાત્ર કરવાની રહે છે. અને રશિયાની પ્રજા આ સ્થિતિએ પહોંચેલી નથી. લોકોને કેળવવા માટે, તેમની ઘોર નિદ્રામાંથી તેમને ખેંચી કાઢવા માટે અમારે હજી ખૂબ ખૂબ કરવાનું છે. પણ આ કામ અમે હવે જેટલું વહેલું ઉપાડી લઈએ તેટલું સારું. નવેસરથી કામ ઉપાડવા માટે અમારી તૈયારી એટલી વહેલી શરૂ થશે.

મારા મિત્રોને હું આ વસ્તુ સમજાવી શકયો છું. તેમણે પણ મારામાં વિશ્વાસ મૂકયો છે અને અમે આ પ્રશ્નનો અભ્યાસ હાથ લીધો છે. એ અભ્યાસ કરતાં કરતાં આપનાં પુસ્તકો અમારા વાંચનમાં આવ્યાં અને તે ઉપરથી હવે હું આપની પાસે આવ્યો છું. અમારી અત્યારે જે પરિસ્થિતિ છે તેની જરૂરિયાતો સાથે આપના વિચારોને કેવી રીતે બંધબેસતા કરવા એ બાબતમાં આપની અમારે સહાયતા જોઈએ છે. આપની મદદથી કાર્યની એક યોજના ઘડી લેવાની પણ ઇચ્છા છે, અને તેમાંથી એક નાનકડી પત્રિકા પણ તૈયાર કરવી છે. એ પત્રિકા અમારું એક નવું હથિયાર બની રહેશે. એ પત્રિકા મારફતે અમે લોકોની અંદર એકતાની, સંવાદિતતાની, સ્વતંત્રતા અને ન્યાયની ઉત્તમ ભાવનાઓ ફેલાવી શકીશું.'

આટલું કહી તે ઘડીક વિચારમાં ઊતરી ગયો, અને ચૂપ રહ્યો અને પછી ખૂબ ધીરા અવાજે બોલવા લાગ્યો :

'આમ સ્થિતિ છે છતાં કદી કદી મને સવાલ થાય છે કે મારું આ તત્ત્વજ્ઞાનીનું સ્વપ્ન એ કોઈ ખાલી હવાઈ કિલ્લો તો નહિ હોય? મારા અન્ય મિત્રોને આમાં ખેંચવામાં હું ભૂલ તો નહિ કરતો હોઉં? આવી વિચારસરણીમાં કાયરતા તો નથી? એટલે કે આને બદલે હિંસાની સામે હિંસા, વિનાશ સામે વિનાશ, ખૂન સામે ખૂન એ રીતે જ ઠેઠ સુધી લડી લેવું એ જ વધુ સારું નહિ હોય?'

'હું નથી ધારતી. તમે જે રીતનું કામ હાથ લીધું છે તેમાં હિંસાને માર્ગે તો તમને ભાગ્યે જ સફળતા મળી શકે. અન્યાયની મદદ વડે તમે ન્યાય કેવી રીતે મેળવી શકશો? તિરસ્કારની મદદ વડે તમે પ્રેમની અને સંવાદની સ્થાપના કેવી રીતે કરી શકશો?'

'જાણું છું, જાણું છું. અમારામાં લગભગ બધાનો અભિપ્રાય આ જ પ્રમાણેનો છે. મને પોતાને તો હિંસાની પદ્ધતિ પ્રત્યે ખૂબ જ ઘૃણા છે. હું એથી કમકમી ઊઠું છું. જ્યારે જ્યારે અમે કોઈ નવા માણસનો ભોગ લેતા ત્યારે ત્યારે મને એક તીવ્ર પશ્ચાત્તાપ થઈ આવતો અને મને થતું કે અમારા આ કાર્યને લઈને જ અમે અમારા લક્ષ્યથી દૂર સરતા જઈએ છીએ. પણ સંજોગો તમને ફરજ પાડતા હોય તો પછી બીજુ શું થઈ શકે? તમારો સામો પક્ષ તમારું નિકંદન કરવા માટે તમારી કત્લેઆમ કરવા સુધી તૈયાર હોય પછી તમે બીજું શું કરી શકો? પણ અમારા શત્રુ એમની રીતે કદી સફળ થવાના નથી. ભલે અમારો એકેએક માણસ ખલાસ થઈ જાય, પણ અમે જે પવિત્ર કાર્ય હાથ લીધું છે તે અમે કદી મૂકી દેવાના નથી. અમે એ કાર્ય માટે અમારા અંતરમાં પ્રતિજ્ઞા લીધી છે કે અમારામાં છેલ્લો શ્વાસ હશે ત્યાં સુધી અમે લડી લઈશું.'

આ થોડાએક શબ્દો તેણે એક વિનમ્ર દૃઢતાથી ઉચ્ચાર્યા, અને એ અજાણ્યો વીર પુરુષ બોલી રહ્યો હતો ત્યારે તેના ચેહરા ઉપર એક ગહન અગમ્ય ભાવની છાયા પથરાઈ રહી હતી. અને મને થયું કે આ માણસના માથા ઉપર એક દિવસ શહીદનો કાંટાનો મુગટ જો ચડે તો નવાઈ નહિ. પછી મેં એને જવાબ આપતા કહ્યું:

'પરંતુ હમણાં શરૂઆતમાં તમે અમને કહી ગયા કે તમારી આ ખુલ્લી લડાઈમાં, તમારા આ મરણિયા જંગમાં તમને એક બાજુ ખૂબ જ નિર્ભય વીર લડવૈયાઓ મળતા રહ્યા છે, તો બીજી બાજુ એ પણ બન્યું છે કે તમારી પ્રવૃત્તિમાં પુષ્કળ અવિચારીપણું પણ આવી ગયેલું છે. તમારા ઘણાં કાર્યો મૂર્ખાઈભરેલાં અને કશા યે અર્થ વિનાનાં બનેલાં છે. એને લીધે તમારે થોડો વખત લડત પડતી પણ મૂકવી પડી છે, અંધારામાં ચાલ્યા જવું પડ્યું છે, ત્યાં રહીને તમે ચુપચાપ તૈયારી કરતા રહ્યા છો, તમારી શક્તિ પાછી મેળવી છે, તમારાં દલ બાંધ્યાં છે, તમારી એકતા હંમેશાં વધુ બળવાન બનાવી છે, અને એમ કરીને, તમને અનુકૂળ સમય આવે ત્યારે શત્રુને હરાવવાની આશા સેવી છે, અને આ કામમાં તમે બુદ્ધિની, સંગઠન કરી આપતી બુદ્ધિની મદદ લીધી છે. આ બુદ્ધિ તો એવું પરમ સમર્થ હથિયાર છે કે હિંસાની પેઠે એને

હરાવી શકાય તેમ નથી. આ બધી વસ્તુનો તમને સ્વીકાર કરવો પડયો છે. તો હવે તમારે એ સાવધાની રાખવાની કે તમારા દુશ્મનોના હાથમાં હથિયાર સોંપશો નહી. તેમની આગળ કદી ય નમતું ન આપશો. દુશ્મનને પણ તમે શાંત હિંમતનો, પ્રમાણિકતાનો, ન્યાયનો દાખલો બતાવી આપજો. અને એમ થશે તો તમારો વિજય જરૂર આવી બનશે, કારણકે તમારા પક્ષમાં સત્ય હશે, સંપૂર્ણ સત્ય હશે, તમારું ધ્યેય જ નહિ પણ તમારાં સાધનો પણ સાચાં હશે.'

મારું કહેવું તે બહુ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. અને પોતે સંમત થતો હોય તેમ વચ્ચે પોતાનું માથું હલાવ્યે જતો હતો. હું બોલી રહી અને થોડો વખત ચુપકીદી છવાઈ ગઈ. એ નીરવ શાંતિમાં જાણે કે અનેક વિચારો ગતિ કરી રહ્યા હતા, અને એ મહેમાનની આસપાસ તેનાં સંગ્રામના સાથીઓની તમામ દર્દમય આશાઓ, સઘળી તીવ્ર અભીપ્સાઓ જાણે ઘૂમી રહી હોય તેમ લાગતું હતું. અને પછી મારા તરફ ફરી તે કહેવા લાગ્યો:

'હું ખરેખર ભાગ્યશાળી છું કે આ પ્રકારના પ્રશ્નો વિષે વિચાર કરનારાં આપના જેવાં સન્નારીનું મિલન મને થઈ શકયું છે. જગતમાં ઉત્તમ સ્થિતિનું સર્જન કરવામાં સ્ત્રીઓ ઘણું ઘણું કરી શકે તેમ છે. અમારે ત્યાં પણ સ્ત્રીઓએ અમને ઘણી કિંમતી સેવાઓ આપેલી છે. અમારી મદદમાં એ લોકો ન હોત તો અમારામાં આટલી બધી હિંમત, આટલી બધી સહનશકિત, બળ આવી શકયાં ન હોત. એ સ્ત્રીઓ અમારી વચ્ચે હરતી ફરતી રહે છે, એક શહેરથી બીજે શહેરે, એક મંડળમાંથી બીજા મંડળમાં આવજા કરે છે, એ રીતે અમારો એક બીજા સાથે સંપર્ક જોડી આપે છે, નિરાશ થયેલાઓને આશ્વાસન આપે છે, પડેલાઓને ઉઠાડે છે, માંદાઓની માવજત કરે છે. તેઓ જયાં જયાં જાય છે ત્યાં પોતાની સાથે એક આશા, એક શ્રદ્ધા, એક અણથક એવો ઉત્સાહ લેતી જાય છે.

મારા કાર્યમાં પણ એક આવી સ્ત્રી મારી મદદે આવી છે. રાતોની રાતો લગી એકાદ મીણબત્તીના ઝાંખા અજવાળે મારે લખવું પડતું હતું. એમાં મારી આંખો બગડી અને ત્યારથી એ મને મદદ કરવા લાગેલી છે. મારી તરફ કોઈનું ધ્યાન ન જાય માટે દિવસના વખતે હું કાંઈક કામકાજ કરતો રહેતો. અને અમારા પક્ષનું કામ તો હું રાત્રે જ કરી શકતો. યોજનાઓ ઘડવી, પ્રચારની પત્રિકાઓ તૈયાર કરવી, તેની નકલો કરવી, યાદીઓ બનાવવી અને એવાં એવાં બીજાં ઘણાંએક કામો રાતને વખતે જ અમે કરી શકતા. પણ એનું એક પરિણામ એ આવ્યું કે ધીરે ધીરે મારી આંખો ઘસાઈ ગઈ. અત્યારે હવે હું ન જેવું જ જોઈ શકું છું. આવી કટોકટીમાં એ જુવાન બાઈ અમારા કામમાં જોડાઈ, મારા સેક્રેટરી તરીકેનું કામ તેણે ઉપાડી લીધું. હું એને જયાં લગી, જેટલું લખાવું ત્યાં લગી તે બધું લખતી જ રહે છે, કામથી તે લેશ

પણ થાકતી નથી, કંટાળતી નથી.' અને આ બોલતાં એને એ સ્ત્રીના વિનમ્ર ભકિત, એનો ત્યાગ યાદ આવ્યાં અને તેના ચહેરા ઉપર પ્રેમની કોમળ રેખાઓ પથરાઈ ગઈ.

'મારી સાથે એ પૅરિસ આવી છે. અમે અહીં રોજ રાત્રે સાથે કામ કરીએ છીએ. મેં જે પત્રિકા લખવાની વાત કરી છે તે હું એની મદદથી લખી શકીશ. મારા જેવા અસ્થિર જીવનના માણસની પાછળ પાછળ જવું એ ખરેખર મહા હિંમતનું કામ છે. મારી સ્વતંત્રતા હંમેશાં જોખમમાં છે, અને એને જાળવી રાખવા માટે હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં મારે ચોર લૂંટારાની પેઠે સંતાઈ છુપાઈને રહેવું પડે છે.'

'પણ અહીં પૅરિસમાં તો તમે સલામત હશો જ.'

'છું અને નથી. અહીંની સરકારને પણ અમારી બીક લાગતી લાગે છે. ખબર શા માટે. આ લોકો એમ સમજતા લાગે છે કે અમે કોઈ ભયંકર અરાજકતાવાદીઓ છીએ. અને અમારા દેશમાં થતી હતી તેવી જ જાસૂસી અને ચોકીપહેરો અહીં પણ અમારા ઉપર ચાલે છે. પણ એ લોકોને ખબર નથી કે જે માણસો પોતાના પ્રાણના ભોગે પણ જગતમાં કેવળ ન્યાયનો જ વિજય માગે છે, તેઓ ફ્રાંસ જેવા દેશ પ્રત્યે કૃતજ્ઞ ન હોય એ બની જ કેવી રીતે શકે? આ ફ્રાંસ જેવા દેશે તો હંમેશાં દુર્બળોને રક્ષણ આપેલું છે, ન્યાયની રક્ષા કરેલી છે, તેની સામે કૃતઘ્ન થઈ જ કેવી રીતે શકાય? અને આવા માણસોને તેમની કપરામાં કપરી હાલતમાં જે નગરમાં આશ્રય મળ્યો તે નગરની શાંતિનો ભંગ તેઓ કયા કારણથી કરશે?'

'તો તમે થોડો વખત અહીં રહેશો ત્યારે?'

'હા રહેવું તો છે, મારાથી રહેવાશે ત્યાં સુધી. ત્યાં મારા સાથીઓની મારી જરૂર નહિ પડે ત્યાં સુધી અહીં રોકાવા માગું છું. અહીં રહીને અમારા હવે પછીના સંગ્રામ માટેની જરૂરી સામગ્રી ભેગી કરી લેવાનો વિચાર છે. પણ આ વેળા અમારે અમારી લડાઈ બને તેટલી શાંતિમય બનાવવી છે, બને તેટલી બુદ્ધિ ઉપર પ્રતિષ્ઠિત કરવી છે.'

'તો તો તમે અમને પાછા મળશો ને? તમે આવો ત્યારે તમારી પત્રિકાની યોજનાઓ અને ખરડાઓ લેતા આવજો, આપણે એ વિષે પૂરી વિગતમાં વિચાર કરીશું.'

'હાજી, હું મારું કામ શરૂ કરીને પછી બનતી ઉતાવળે આપને મળવા આવીશ, આપને ફરીથી મળી શકાશે અને આપણી વાતચીત આગળ ચલાવી શકાશે તો મને બહુ જ આનંદ થશે.'

અને એમ કહી તેણે અમારા હાથ સાથે એનો હાથ બહુ જ ભાવપૂર્વક જોરથી દબાવ્યો અને તેની વિશ્વાસ અને આશાથી ભરેલી પ્રેમાળ ઉદાસ આંખો અમારા

ઉપર મંડાઈ રહી. અમે એને બારણા સુધી વળાવવા ગયાં. બારણે પહોંચતા પાછા ફરીને તેણે ફરી વાર ખૂબ ભાવપૂર્વક અમારી સાથે હાથ મિલાવ્યા અને ગંભીર અવાજે કહ્યું :

'આપણે વિશ્વાસ મૂકી શકીએ, આપણા જેવો જ જેને ન્યાય વિષેનો આદર્શ હોય, અને એ આદર્શને સિદ્ધ કરવા આપણે માગીએ છીએ. માટે આપણને જે ગુન્હેગાર કે પાગલ ન ગણી કાઢતા હોય તેવાં માણસોને મળી શકવું એ ઘણું મોટું સદ્‌ભાગ્ય છે. આવજો. નમસ્કાર....'

પરંતુ એ ફરી કદી ન આવ્યો.

તેના તરફથી એક ઉતાવળે લખાયેલી ચિઠ્ઠી આવી. પોતે નથી આવી શકતો એ બદલ તેમાં માફી માગેલી હતી. સખત ચોકીપહેરો, શંકાખોરી, પીછો, અનેક વાર રહેઠાણની ફેરબદલી, આ બધાને અંતે આ વિનમ્ર, ન્યાયપ્રિય માણસને પાછા જવું પડયું હતું પોતાના દેશમાં, એ ભયંકર દેશમાં કે જ્યાં તેને માટે કદાચ કોઈ કરુણ અંત રાહ જોઈ રહ્યો હશે.

# વિચાર વિષે

## ( એક મહિલા મંડળમાં વાતચીત )

આપણે વધુ સારી રીતે જીવન ગાળવું હોય તો વધુ સારી રીતે વિચારતાં શીખવા ઈચ્છા રાખીએ છીએ. નારીરૂપ અર્ધાંગ તરીકે આપણું સ્થાન અને મોભો જીવનમાં પુનઃ પ્રાપ્ત કરવા માટે અને આપણે ગુપ્તપણે જે છીએ તે સહાયક, પ્રેરક સમતુલા પ્રદાન કરનાર તત્ત્વ તરીકે બની રહેવા માટે આપણે કેવી રીતે વિચારવું જોઈએ તે જાણવાની ઈચ્છા આપણે રાખીએ છીએ, માટે એમ લાગે છે કે સૌ પ્રથમ તો આપણે વિચાર શું વસ્તુ છે તે જાણવી અનિવાર્ય છે.

વિચાર...એ એક ઘણો વિસ્તૃત વિષય છે, સૌથી વધુ વિસ્તૃત હોય તેમ હોઈ શકે. એટલે એ શું વસ્તુ છે તેને સંપૂર્ણપણે અને ચોક્કસ રીતે એ શું છે કહેવાનો દાવો કરતી નથી. પરંતુ વિશ્લેષણ કરીને આપણે એ શું વસ્તુ છે તેનો બને તેટલો ચોક્કસ ખ્યાલ બાંધવા પ્રયત્ન કરીશું.

મારે કહેવું જોઈએ કે આ માટે શરૂઆતથી જ આપણે વિચારના બે અત્યંત જુદા જુદા પ્રકારો વચ્ચેનો ભેદ પારખવો જોઈએ. એક જાતના વિચારો આપણી અંદર આપણાં સંવેદનોને પરિણામે, તેમના પરિપાક તરીકે પ્રગટ થાય છે. બીજા પ્રકારના વિચારો, જાણે જીવંત સ્વરૂપો હોય તેમ આપણી અંદર આવે છે, ક્યાંથી ?... મોટેભાગે આપણે તે જાણતાં નથી : આપણા બાહ્ય સ્વરૂપમાં તેઓ સંવેદનો રૂપે પ્રગટ થાય તે પહેલાં આપણે તેમને મનોમય રીતે જોઈએ છીએ.

જો તમે તમારી જાતનું કોઈવાર થોડું સરખું પણ નિરીક્ષણ કર્યું હશે તો તમને જણાયું હશે કે જે વસ્તુ તમારા સ્વરૂપના ભાગરૂપ નથી હોતી તેમની સાથેનો સંપર્ક તમને તમારી ઈંદ્રિયો, જેવી કે દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ, ગંધ, વગેરે પારખનારી ઈન્દ્રિયોનો માર્ગે થઈને થાય છે. આ રીતે તમને જે હળવો કે ભારે, ગમતો કે અણગમતો આંચકો લાગે છે તે તમારી અંદર એક પ્રકારની લાગણી, વિરોધની કે સમભાવની, આકર્ષણની કે વિરોધની, જન્માવે છે અને એને લઈને તરત જ તમે જે કોઈ વસ્તુને પરિણામે એ સંસ્પર્શ બની આવ્યો હોય છે તે વસ્તુ વિષે તમારો ખ્યાલ અથવા અભિપ્રાય બાંધો છો.

આપણે એક ઉદાહરણ લઈએ : જાણે કે તમે બહાર જવા નીકળો છો : તમે ઘરની બહાર પગ મૂકો છો કે તરત જ તમે જુઓ છો કે વરસાદ વરસી રહ્યો છે અને

સાથે સાથે તમને જાણે એની ભીની ભીની ઠંડી જકડી લેતી હોય તેવી લાગણી થાય છે; એ આખું સંવેદન અણગમો ઉપજાવે છે, તમને વરસાદ પ્રત્યે વિરોધીભાવ જન્મે છે અને લગભગ યંત્રવત્ તમારા મનમાં બબડો છે: “આ વરસાદ તે કેવો કંટાળાજનક છે, જ્યારે મારે ખાસ બહાર જવું પડે તેમ છે ત્યારે આવી લાગ્યો! એને લઈને મને કેટલો બધો કાદવ ચોંટશે એની તો વાત જ શી કરવી; આ વરસાદથી આખું પરિસર તદ્દન ગંદુ થઈ ગયું છે, અને ખાસ કરીને અત્યારે તો બધા રસ્તાઓ, ખાઈઓ જેવા થઈ ગયા છે”... (અને એવું બધું).

હવે, વરસાદ પડવાની આ ઘટના તદ્દન સાદીસીધી છે. પરંતુ જો બહારની કોઈ વસ્તુ કે અંદરની કોઈ વસ્તુ આવીને તમારું ધ્યાન બીજી બાજુ નહિ વાળે તો આ બધા અને એવા ઘણા બીજા એના જેવા વિચારો આવીને એ વરસાદની બાબતમાં તમારા મગજ ઉપર તૂટી પડશે. તમને લગભગ ખબર પણ નહિ પડે તેવી રીતે આ તદ્દન ક્ષુદ્ર અને અગત્ય વિનાની લાગણીની આસપાસ વિચારોનું ખાસું જાળું કાંત્યાં કરશે.

માણસોની જીંદગી ઘણે ભાગે આવી રીતે પસાર થાય છે; મોટે ભાગે લોકો આને જ વિચારો કરવા, એ સંજ્ઞાથી ઓળખે છે,—એ આખી પ્રવૃત્તિ લગભગ યંત્રવત્, તર્કહીન, છતાં તમારા કાબૂ બહારની એક પ્રતિકાર્ય જેવી થઈ ગઈ હોય છે. ભૌતિક જીવન અને તેની અસંખ્ય માગણીઓને લગતા વિચારો આ જ પ્રકારના હોય છે.

હવે, આપણે અહીં આપણી પ્રથમ મુશ્કેલીને ઓળંગવાની છે; આપણે જો સાચા અર્થમાં ચિંતન કહેવાય તેવા વિચારો સેવવા હશે, એટલે કે, આપણે પાયાના અને જીવંત વિચારો ગ્રહણ કરવા હશે, ઘડવા હશે, તેમને આકાર આપવો હશે તો સૌ પ્રથમ તો આપણે આપણા મગજને આ અવ્યવસ્થિત અને ગૂંચવાડાભરી અવસ્થામાંથી મુક્ત કરવું પડશે. અને ખાતરી રાખજો કે આપણે કરવાના કાર્યનો આ કોઈ સહેલામાં સહેલો ભાગ નથી. કારણકે આ બધી તર્કહીન માનસિક પ્રવૃત્તિ જ આપણી ઉપર કાબૂ ધરાવતી હોય છે, આપણું આધિપત્ય તેની ઉપર હોતું નથી.

આ બાબતમાં એક પ્રક્રિયાની ભલામણ થઈ શકે છે તેમ ધ્યાન કરવું, પરંતુ મેં જેમ તમને ગઈ વેળાએ કહેલું તેમ, ધ્યાન કરવાની અસંખ્ય પદ્ધતિઓ છે, એમાંની કેટલીક ઘણી અસરકારક હોય છે, તો કેટલીક ઓછા પ્રમાણમાં અસરકારક હોય છે.

દરેક વ્યકિતએ એક પછી એક કામચલાઉ પદ્ધતિઓ અપનાવી જોઈ, પોતે અપનાવવા જેવી પ્રક્રિયા નક્કી કરવી જોઈએ. ગમે તેમ પણ દરેક વ્યકિતને આત્મનિરીક્ષણ કરવાની સલાહ આપવી જોઈએ, એટલે કે, એકાગ્રતા કરવાની, એકાંત અને નીરવ અવસ્થામાં પોતાની જાત પ્રત્યે પાછા વળવાનું, કહેવું જોઈએ; અને આપણી ઉપર જે

લાખો ક્ષુદ્ર અને છીછરા વિચારો સતતપણે હુમલો કર્યા કરતા હોય છે તેમનું ઝીણવટ-ભર્યું અને કઠોરપણે વિશ્લેષણ કરવાને કહેવું જોઈએ.

ધ્યાન કરવાની આ દૈનિક પ્રક્રિયા કરતાં, જે થોડી ક્ષણોમાં તમે એકાગ્રતા કરતા હો ત્યારે, જો શકય હોય તો તમારી લાગણીઓ, સંવેદનો, અને તમારા મનની અવસ્થાઓ વિષે આત્મસંતોષની લાગણી ધરાવવાનું ટાળજો.

આપણામાં આપણી પોતાની જાત માટે એક અખૂટ આત્મલાલનનો ખજાનો હોય છે, અને આપણી અંદર ચાલતી આ બધી ક્ષુદ્ર આંતરિક ગતિઓને બહુ માનભરી રીતે જોતા હોઈએ છીએ, અને આપણા ઉત્કર્ષ માટે પણ જેટલી અગત્ય હોવી જોઈએ તેટલી અગત્ય તેમનામાં ન હોવા છતાં આપણે તેમને મહત્ત્વની ગણીએ છીએ.

જ્યારે આપણે એટલા બધા પૂરતા પ્રમાણમાં આપણી જાત ઉપર પ્રભુત્વ કર્યું હશે કે આપણે ટાઢે પેટે આત્મપૃથકકરણ કરી શકીશું, આવી બધી મનોદશાઓની કાપકૂપ કરીને તેમની ઉપરનો દેખીતો પ્રભાવશાળી કે પછી દુ:ખપૂર્ણ ભાગ ઉતરડી નાખી શકીશું અને તેમનામાં રહેલી બાલિશ ક્ષુદ્રતાને તેના મૂળ સ્વરૂપમાં નિહાળી શકીશું, ત્યારે પછી એમના ઉપર ધ્યાન દઈને આપણે તેમનો અભ્યાસ કરી શકીશું. પરંતુ આ પરિણામે પહોંચવા માટે આપણે તદ્દન નિષ્પક્ષપણે, ખૂબ ખૂબ આત્મનિરીક્ષણ કરીને, થોડે થોડે કરીને સિદ્ધિ પ્રાપ્ત કરવાની રહે છે. અહીં હું વચમાં એક ક્ષેપક મૂકવા માગું છું કે જેથી જે એક પ્રકારનો ગુંચવાડો થવાનો ફરી ફરીને સંભવ ઊભો થાય છે, તેનાથી તમે સાવધ રહો.

મેં હમણાં જ કહ્યું કે આપણે આપણી જાતનું અવલોકન કરવા બેસીએ તો આપણને જણાશે કે આપણે પોતાની જાત પ્રત્યે ખૂબ આત્મલાલન દાખવીએ છીએ. મને લાગે છે કે આપણી પ્રકૃતિમાં રહેલી નાની નાની ભૂલો આપણને આહ્લાદપૂર્ણ લાગે છે અને આપણી સર્વે નિર્બળતાઓને આપણે વ્યાજબી ઠરાવતા રહીએ છીએ. પરંતુ ખરું જોતાં તો, આપણે એમ કહીએ છીએ, કારણકે આપણામાં આપણી પોતાની જાત ઉપર જ વિશ્વાસ નથી હોતો. તમને આ વાત નવાઈભરી લાગે છે?...... હા, તો હું ફરી ફરીને કહીશ કે આપણને આપણી પોતાની જાત ઉપર જ શ્રદ્ધા નથી. આ જાત તે આપણું અત્યારની ક્ષણે જેવું છે તે બાહ્ય ક્ષણભંગુર અને પરિવર્તનશીલ સ્વરૂપ નહિ—એના તરફ તો આપણી દૃષ્ટિ હંમેશાં મીઠી જ રહે છે. પરંતુ આપણે સ્વપ્રયત્ને કરીને જેવા બની શકીએ છીએ તેના ઉપર આપણને વિશ્વાસ નથી, આપણા સાચા, શાશ્વત અને સર્વે પ્રાણીઓમાં વસી રહેલાં દિવ્ય સ્વરૂપને જો તેની રીતે કાર્ય કરવા દઈએ, આપણે જો બાળકોની જેમ, એ સ્વરૂપના પરમ પ્રસાદપૂર્ણ અને દીર્ઘદૃષ્ટિવાળા માર્ગ-દર્શનના દોરમાં આપણી જાતને વહેતી મૂકી દઈએ તો આપણને જે સર્વાંગ સંપૂર્ણ અને આમૂલ રૂપાંતર પ્રાપ્ત થઈ શકે છે તેની ઉપર જ આપણને શ્રદ્ધા નથી.

એટલે આપણે આત્મસંતોષ અને આત્મવિશ્વાસને એક જ વસ્તુ સમજવાનો ગોટાળો નહિ કરીએ...... અને હવે આપણા વિષય પ્રત્યે પાછા વળીએ.

જ્યારે તમે ધોરણસરના અને વારંવારના પ્રયત્નો વડે કરીને, તમારી ઉપર આક્રમણ કરી રહેલાં આ અસંબદ્ધ વિચારોના પ્રવાહને દૂર રાખીને તેમને કોઈ બહારની વસ્તુ હોય તે રીતે નિહાળશો તો તમને એક નવીન ઘટના જોવા મળશે.

તમે જોશો કે તમારી અંદર અમુક વિચારો બીજા વિચારો કરતાં વધુ જોરદાર, વધુ ચોંટી રહે તેવા છે. એ બધા વિચારો સામાજિક રીતરિવાજો, રીતરસમો, નૈતિક નિયમો, અને પૃથ્વી અને મનુષ્યને દોરતા સામાન્ય નિયમો પણ હોઈ શકે.

એ બધા વિચારો, વસ્તુઓ વિષેના તમારા અભિપ્રાયો હોય છે, અથવા એવો તમારો અભિપ્રાય છે એમ માનવાનો તમારો દાવો હોય છે અને એમને અનુસરીને ચાલવાનો તમારો પ્રયત્ન હોય છે.

આમાંનો ગમે તે એક વિચાર, તમને જે સૌથી વધુ પરિચિત હોય તેવો વિચાર હાથ ઉપર લો, એનું અત્યંત ધ્યાનપૂર્વક અવલોકન કરો, એના ઉપર એકાગ્ર ભાવ, એના ઉપર સંપૂર્ણ સત્યનિષ્ઠા સાથે ચિંતન કરો, શક્ય હોય તો તમારા સર્વે પૂર્વગ્રહોને વેગળા મૂકો, અને પછી તમારી જાતને પ્રશ્ન કરો કે એ વસ્તુ વિષે તમારો અભિપ્રાય અમુક જ જાતનો કેમ છે, અન્ય જાતનો કેમ નથી.

એ બધાનો જવાબ લગભગ અનિવાર્યપણે એક જ જાતનો અથવા લગભગ એવો જ હશે :

કારણ કે એ અભિપ્રાય તમારા ઘડતરમાં વણાઈ ગયેલા છે, એને વળગી રહેવું સારું દેખાય છે, અને એને લઈને તમે ઘણીક અથડામણો, મનદુ:ખો અને ટીકાઓમાંથી બચી જાઓ છો.

અથવા તો, તમારા પિતાજી કે માતાજી એમ માનતાં હતાં અને એના વડે જ તમારા બાળપણનું ઘડતર થયેલું છે.

નહિ તો પછી, તમારી યુવાવસ્થામાં તમે જે ધાર્મિક કે બીજા પ્રકારની કેળવણી પ્રાપ્ત કરી હશે તેના સાહજિક પરિણામરૂપ હશે. એ તમારો પોતાનો વિચાર નહિ હોય.

એ વિચાર તમારો પોતાનો હોય તેને માટે તો તમારા જીવન દરમ્યાન તમે નીપજાવેલ તર્કબદ્ધ સામંજસ્યના એક ભાગરૂપ હોવો જોઈએ. પછી ભલે એ કાં તો અવલોકન, અનુભવ, અને તાર્કિક અનુમાન અથવા તો ગહન અપાર્થિવ ધ્યાન અને મનનને પરિણામે પ્રાપ્ત થયો હોય.

ત્યારે આ આપણી બીજી શોધ છે.

એટલે—હવે જ્યારે આપણામાં શુભની કામના છે, અને આપણે સર્વાંશે સત્યનિષ્ઠ બનવાનો પ્રયત્ન કરીએ છીએ, એટલે કે, આપણે આપણું વર્તન આપણા વિચારો અનુસારનું થાય તેમ કરવા પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણે એ વસ્તુનો સ્વીકાર કરવો જોઈએ કે આપણે અમુક મનોમય નિયમો પ્રમાણે કાર્ય કરીએ છીએ અને એ મનોમય નિયમો આપણે પ્રૌઢ વિચારધારા કે વિશ્લેષણનું પરિણામ નથી. આપણે એ વિચારોને સ્વેચ્છાએ અને સભાનપણે ગ્રહણ કરેલા નથી. આપણે તો અભાનપણે, આપણા પેઢીગત સંસ્કારોને પરિણામે, આપણા ઉછેર અને શિક્ષણને પરિણામે અને સૌથી વધુ તો એક એવા અત્યંત શકિતશાળી અને પ્રભાવપૂર્ણ સામૂહિક સૂચનને પરિણામે એમની છાયામાં આવી ગયા છીએ કે જેમાંથી સંપૂર્ણપણે છટકી જવામાં બહુ થોડા લોકોને સફળતા મળે છે.

આપણે જે મનોમય વ્યકિતત્વની પ્રાપ્તિ કરવા માગીએ છીએ તેનાથી કેટલા દૂર છીએ!

આપણું સર્જન તો આપણા પૂરોગામીઓ વડે નિર્મિત થઈ ચૂકયું હોય છે; આપણા સમકાલીન લોકોના અંધ અને મનસ્વી સંકલ્પો વડે આપણે દોરાવું પડે છે.

આ એક શોચનીય તમાશો છે... પરંતુ આપણે એનાથી અભિભૂત થઈ જવાની જરૂર નથી; આપણે પ્રતિકાર્ય કરવું જોઈએ, જેટલું અંધાધૂંધ અશુભ હોય અને જેટલો ઝડપી એનો ઈલાજ હોય તેટલા પ્રમાણમાં આપણું પ્રતિકાર્ય પણ એવું જ જોરદાર હોવું જોઈએ.

આને માટેની પ્રક્રિયા તો હંમેશાં એકની એક જ રહેવાની; શોધો, વિચારો, ચિંતન કરો.

આપણે આ બધા વિચારોને એક પછી એક હાથ ઉપર લેવા, એમનું પૃથક્કરણ કરવું, આપણી તમામ શુભ લાગણીઓ, આપણી સર્વોત્તમ બુદ્ધિ, આપણી વ્યાજબીપણાની ઉચ્ચતમ લાગણીને આપણે બોલાવીને કામમાં લેવી; આપણે એ વિચારોને, આપણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની અને સંગ્રહિત અનુભવોની તુલનામાં તોલી જોવા, પછી એ બધાને એક બીજા સાથે સુયોગ્ય જોડાણ થાય તેવી રીતે ગોઠવવા અને તેમની વચ્ચે સંવાદની સ્થાપના કરવી. ઘણીવાર આમ કરવું ઘણું અઘરૂં પડે છે, કારણ કે આપણામાં એવી શોચનીય વૃત્તિ હોય છે કે તદ્દન પરસ્પર વિરોધી એવા વિચારોને આપણા મગજમાં સ્થાન હોય છે.

આપણે એ સર્વેને યોગ્ય સ્થાને મૂકવા પડશે, આપણા મનની બહારની ઓરડીમાં સુવ્યવસ્થા સ્થાપવી પડશે. અને જેમ આપણે જે ઓરડાઓમાં રહેતા હોઈએ છીએ તેને દરરોજ સાફસૂફ અને વ્યવસ્થિત કરીએ છીએ તેમ આમાં પણ દરરોજ આવું કરતાં રહેવાનું રહે છે.

પરંતુ ફરી એકવાર, આપણું કાર્ય સાચી રીતે અસરકારક બને એટલા માટે આપણે એ વસ્તુ આપણી પોતાની બની રહે તે માટે આપણે આપણાથી જે કાંઈ થઈ શકે તે

કરવું જોઈએ, આપણી અંદર શકય હોય તેટલી ઉત્તમ આધ્યાત્મિક, વધુમાં વધુ અચલ, વધુમાં વધુ સત્યનિષ્ઠ અવસ્થા જાળવી રાખવી જોઈએ.

આપણે તદ્દન નિર્મળ બની રહેવું જોઈએ કે જેથી આપણી અંદર જે પ્રકાશ રહેલો છે તે, આપણે જે વિચારોનું અવલોકન કરવા માગીએ છીએ, જેમનું વિશ્લેષણ અને વર્ગીકરણ કરવા માગીએ છીએ તેમને પૂર્ણપણે પ્રકાશિત કરે. આપણે નિષ્પક્ષ અને હિંમતવાન બનીને આપણા નાના નાના પૂર્વગ્રહો અને સર્વ ક્ષુદ્ર અંગત સુખસગવડોને બાજુએ મૂકી દઈએ. આપણે વિચારોનું અવલોકન તેમનામાં, તેમને માટે, કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના કરવું જોઈએ.

અને ધીરે ધીરે કરીને, આપણે જો આપણું વર્ગીકરણનું કાર્ય ખંતપૂર્વક ચાલુ રાખીશું તો આપણે આપણા મગજમાં વ્યવસ્થા અને પ્રકાશની સ્થાપના થતી જોઈશું. પરંતુ આપણે એ વસ્તુ કદી ભૂલવી નહિ કે આપણે ભવિષ્યમાં જે સુવ્યવસ્થા પ્રાપ્ત કરનાર છીએ તેની પાસે તો આ વ્યવસ્થા એક ગેરવ્યવસ્થા કરતાં કાંઈ વધારે નથી; આપણને થોડા સમય પછી જે પ્રાપ્ત થનાર છે તેની આગળ તો અત્યારે જે પ્રકાશ જણાય છે તે કેવળ ધૂંધળાપણું જ છે.

જીવન એ એક સતત ઉત્ક્રાંતિની ક્રિયા છે. જો આપણે આપણી મનોદશાને હંમેશાં જીવંત રાખવી હશે તો આપણે અવિરતપણે પ્રગતિ કરતાં રહેવું પડશે.

વધુમાં, આ કેવળ એક પ્રાથમિક કાર્ય જ છે. જે સત્ય વિચાર આપણને જ્ઞાનના અનંત સ્રોતો સાથે સંપર્કમાં લાવે છે તેવા સત્ય વિચારથી આપણે ઘણાં દૂર છીએ.

પોતાના વિચારો ઉપર વ્યકિતગત કાબૂ મેળવવા માટે થોડે થોડે કરીને તાલીમ પ્રાપ્ત કરવા માટેનો આ તો કેવળ વ્યાયામ જ છે. કારણકે જે કોઈ વ્યકિતને ધ્યાન કરવું હોય તેને માટે માનસિક ક્રિયા ઉપર પ્રભુત્વની પ્રાપ્તિ અનિવાર્ય છે.

આજે હું ધ્યાનની બાબતમાં વિગતવાર કહી શકતી નથી; હું તમને આટલું કહીશ કે ધ્યાન સાચી રીતનું થાય, એ તેનું સંપૂર્ણ મૂલ્ય પ્રાપ્ત કરે તેટલા માટે એ વસ્તુ સર્વાંશે નિર્વૈયકિતક હોય એ ખાસ આવશ્યક છે.

અહીં એક જુના ભારતના પુસ્તકમાંથી લીધેલ ધ્યાનાવસ્થાનું ઉદાહરણરૂપ વર્ણન છે:

"એ મહાન ઐશ્વર્યવાળો રાજા મહાન આત્મનિગ્રહના ઓરડા સુધી ઉપર ગયો અને પછી તેના ઉંબરે ઊભો રહીને તીવ્ર આવેશભર્યા શબ્દે બોલ્યો:

'ઊભા રહો, લાલચુવેડાના વિચારો, અશુભ સંકલ્પોના વિચારો, જરા પણ આગળ વધશો નહિ! ઊભા રહો, ધિક્કારના વિચારો, જરા પણ આગળ વધશો નહિ.'

પછી એ રાજા એ ઓરડામાં ગયો અને એક સુવર્ણના આસન ઉપર બેઠો. પછી તેણે સર્વ આવેગોનો ત્યાગ કર્યો, સદાચાર વિરોધી સર્વ લાગણીઓનો ત્યાગ કર્યો અને એ રીતે તેણે એકાંતાવસ્થાએ પ્રગટાવેલ સહજભાવ અને આનંદની, મનનની અને શોધકની એવી પ્રથમ **धम्म**ની અવસ્થા પ્રાપ્ત કરી.

પછી તેણે મન અને શોધની વૃત્તિઓને દૂર કરી. અને જેમાં ચિંતન અને શોધના ક્ષોભનો અભાવ હોય છે તેવી નિર્મળ પ્રશાંત અવસ્થા, શાંતિ અને આત્માના ઊર્ધ્વ-ગમનની બીજી **धम्म**ની અવસ્થા પ્રાપ્ત કરી.

પછી તેણે આનંદ અવસ્થામાં ભાગ લેવાનું બંધ કર્યું, નિર્લેપ, સચેતન, અને **स्वराट्** બની રહ્યો અને એવા ત્રીજા **धम्म**ને પ્રાપ્ત કર્યો જેના વિષે મુનિઓ કહે છે "જે કોઈ નિર્લેપભાવ વડે પોતાનો સ્વરૂપનો સ્વામી થઈને જીવન ધારણ કરે છે તે અનંત નિર્મળ પ્રશાંત ભાવનું તાદાત્મ્ય અનુભવે છે."

પછી એણે આ નિર્મળ પ્રશાંતાવસ્થાનો ત્યાગ કર્યો, દિલગીરીનો ત્યાગ કર્યો, આનંદ પ્રત્યે અને પીડા પ્રત્યે મૃતવત્ બની રહ્યો, અને એ રીતે એ પોતાનો અને નિર્મળ અને પ્રશાંત એવી સહજાવસ્થાનો સંપૂર્ણપણે સ્વામી બની રહીને, ચતુર્થ **धम्म**ને પામ્યો.

પછી એ પ્રતાપપૂર્ણ રાજાએ મહાન આત્મનિગ્રહના અંત:પુરમાંથી બહાર નીસર્યો અને સુવર્ણના બનેલા અંત:પુરમાં પ્રવેશ કરીને ત્યાં એક રજતઆસન ઉપર બેઠો. પછી એણે સમસ્ત વિશ્વ પ્રત્યે પ્રેમભાવભરી દૃષ્ટિ ફેરવી અને એકે એકે કરીને એનો પ્રેમ ચારેય દિશાઓમાં પ્રસરી ગયો, પછી એના પ્રેમથી સભર એવા હૃદય વડે, અવિરત અને અમેય એવા પ્રેમ વડે એણે સમસ્ત વિસ્તૃત વિશ્વને તેના છેક છેડાઓ સુધી આવરી લીધું.

એણે સમસ્ત વિશ્વને પોતાની કરુણાભરી દૃષ્ટિથી નિહાળ્યું અને એકે એકે કરીને એની કરુણા ચારેય દિશાઓમાં પ્રસરી ગઈ, પછી એના કરુણાથી છલકાતા હૃદયમાંથી અવિરત અને અમાપ એવી ઉભરાઈ રહેલી કરુણા વડે એણે સમગ્ર વિસ્તૃત વિશ્વને તેના ખૂણે ખૂણાઓ સુધી ભરી દીધું.

એણે સમસ્ત વિશ્વનું પોતાની સમભાવભરી નજરે અવલોકન કર્યું અને એકે એકે કરીને એનો સમભાવ ચારેય દિશાઓમાં વ્યાપી ગયો, પછી એના સમભાવપૂર્ણ હૃદય-માંથી ઉભરાઈ રહેલી સમભાવની લાગણી વડે એણે સમસ્ત વિસ્તૃત વિશ્વને તેના છેક છેડાઓ સુધી ભરી દીધું.

એણે વિશ્વનું શાંત નજરે અવલોકન કર્યું અને એકે એકે કરીને એની પ્રશાન્તિ ચારેય દિશાઓમાં વ્યાપી ગઈ, એના પ્રગાઢ શાન્તિપૂર્ણ હૃદયમાંથી ઉભરાઈ રહેલ એ શાંતભાવની લાગણી વડે એણે સમસ્ત વિસ્તૃત વિશ્વને તેના છેક છેડાઓ સુધી નિર્મળ-તાથી ભરી દીધું.

જે કોઈ વ્યક્તિ સત્યને પામવાને માટે ખરા દિલથી પ્રયત્નો કરે છે, જો જરૂર પડે તો, આ અવિરતપણે અનંત પ્રગતિશીલ એવા સમગ્ર વિશ્વના ઉત્તરોત્તર વિકાસશીલ જ્ઞાનરૂપી પૂર્ણ સત્યની વધુને વધુ નજદીક પહોંચવા માટે, પોતે જેને અત્યાર લગી સાચું માન્યું હોય તેનો ભોગ આપવાને પણ તૈયાર હોય છે, તે મનુષ્ય ધીરે ધીરે કરીને ગહનતમ, પૂર્ણતમ અને ઉત્કટ પ્રભાપૂર્ણ વિચારોની સમગ્રતાના સંપર્કમાં આવે છે.

ધ્યાન અને નિદિધ્યાસનના પ્રભાવ વડે આવી વ્યક્તિ, શુદ્ધ બુદ્ધિશક્તિના મહાન વૈશ્વિક પ્રવાહના સીધેસીધા સંપર્કમાં આવે છે અને પછી કોઈ જ્ઞાન એનાથી છૂપું રાખી શકાતું નથી.

ત્યાર પછી નિર્મળ શાંતિ અને મનોમય પ્રશાન્તિ એના સ્વરૂપના ભાગ બની રહે છે. એની સમક્ષ જે બધી માન્યતાઓ, સર્વ પ્રકારનું માનવજ્ઞાન, સર્વ પ્રકારનાં ધાર્મિક શિક્ષણો આવે છે અને જે કેટલીકવાર અત્યંત વિરોધાભાસવાળાં જણાય છે તે સર્વની વચમાં થઈને પણ એ મનુષ્ય એ બધામાં રહેલ ગહન સત્યને જાણે છે, કારણકે એની દૃષ્ટિથી કોઈ વસ્તુ સંતાઈ રહી શકતી નથી. અરે, ક્ષતિઓ અને અજ્ઞાનને લઈને પણ તે ચડભડાટ અનુભવતો નથી, કારણકે જેમ એક અજ્ઞાત સંત કહે છે તેમ:

"જે પુરુષ સત્ય પ્રત્યે ગતિ કરે છે તેને કોઈ ક્ષતિને કારણે ક્ષોભ થતો નથી, કારણ કે તે જાણે છે કે સત્ય પ્રત્યે પ્રયાણ કરતા જીવનતત્ત્વનું સ્વરૂપ જ સૌ પ્રથમ ક્ષતિ રૂપે પ્રગટ થાય છે."

પરંતુ આવી સંપૂર્ણ નિર્મળ અવસ્થાને પ્રાપ્ત કરવી એનો અર્થ એ કે વ્યક્તિ પોતે વિચારની સર્વોત્તમ અવસ્થાએ પહોંચી છે.

આપણે એટલે બધે સુધી તાત્કાલિક જવાની આશા ન રાખીએ તો પણ આપણે આપણું વ્યક્તિગત ચિંતન એવું તો બનાવી શકીએ કે જે મૌલિક હોય અને સાથે સાથે શક્ય તેટલું વ્યાજબીપણાના લક્ષણવાળું પણ હોય. પછી આપણે એક રીતે, ગણનાપાત્ર બુદ્ધિશાળી વ્યક્તિઓના સમૂહમાં પ્રવેશ કરીશું, અને એ સમૂહ, સમાજને માટે પોતાની સર્વોત્તમ અંતઃસ્ફુરણાઓનો લાભ આપણે માટે સુયોગ્ય હશે.

આજની સાંજે મેં ઘણીવાર વિચારનો ઉલ્લેખ એવી રીતે કર્યો છે કે જાણે તે કોઈ જીવંત અને સક્રિય સ્વરૂપ હોય. આ વસ્તુ એક સ્પષ્ટતા માગી લે તેવી છે. આપણી હવે પછીની સભામાં (આપણે જો રસાયણ શાસ્ત્રની ભાષામાં કહેવું હોય તો), એ વિચારનું આત્મગત માળખું કેવું હોય છે, એની સંરચના કેવી રીતે થયેલી હોય છે, એનો આકાર કેવી રીતે બંધાય છે, એ કેવી રીતે જીવન ધારણ કરે છે અને રૂપાંતર પામે છે તેનો હું ખ્યાલ આપીશ.

અને હવે આપણી વાત પૂરી કરીએ તે પહેલાં મને મારી એક માગણી પ્રગટ કરવાની રજા આપશો.

મારી માગણી એ છે કે આપણે દરરોજ આપણી જાતને ઊર્ધ્વગામી બનાવવાનો એક સંકલ્પ કરીએ, એ પ્રતિજ્ઞા પૂર્ણ સત્યનિષ્ઠા અને શુભેચ્છાપૂર્વક, સત્યના સૂર્ય પ્રતિ, પરમ જ્યોતિ પ્રતિ, વિશ્વના જીવનના બૌદ્ધિક સ્રોત પ્રત્યે, આપણી એક આતુર અભીપ્સાના સ્વરૂપમાં, એ સંકલ્પ પ્રગટ થાઓ કે જેથી કરીને એ આપણી અંદર સંપૂર્ણપણે પ્રસરી જાય અને તેના મહાન ભવ્ય આત્મા વડે આપણાં મન અને હૃદય, આપણાં સર્વ વિચારો અને આપણાં સર્વ કાર્યો આલોકિત બની રહે.

ત્યારે પછી ભૂતકાળના એક મહાન ગુરુના શિક્ષણનું અનુસરણ કરવાનો હક્ક અને માન આપણને મળશે, જેઓ આપણને કહે છે:

"સંતાપથી વિક્ષુબ્ધ એવા આ જગતમાં કરુણાથી ઊભરાતાં તમારાં હૃદયોને લઈને વિહાર કરો, શિક્ષણ આપો, અને જ્યાં કોઈ પણ ઠેકાણે અજ્ઞાનનો અંધકાર રાજ્ય કરતો હોય ત્યાં મશાલનો પ્રકાશ ધખાવો."

# સામાન્ય ઉદ્દેશ

ક્રમે ક્રમે વર્ધમાન એવી વિશ્વવ્યાપી સંવાદિતાનું આગમન સાધવું એ આપણો સામાન્ય ઉદ્દેશ છે.

આ ઉદ્દેશને પ્રાપ્ત કરવાનું સાધન, આ પૃથ્વી પૂરતું એ છે કે સર્વમાં એક રૂપે રહેલી આંતર દિવ્યતાની સર્વ મનુષ્યોમાં જાગૃતિ દ્વારા તથા સૌ કોઈ વડે તેના આવિર્ભાવ દ્વારા માનવજાતિની એકતાને સિદ્ધ કરવી.

બીજા શબ્દોમાં, – આપણા સર્વની અંદર રહેલા પ્રભુના સામ્રાજયની સ્થાપના કરીને એકતાનું સર્જન કરવું.

તેથી કરીને, સૌથી ઉપયોગી કાર્ય આ છે:

( ૧ ) વ્યકિતગત રૂપે, દરેક જણે દિવ્ય સન્નિધિ વિષે, ભગવાનની ઉપસ્થિતિ વિષે પોતાની અંદર સચેતન થવું અને તેની સાથે પોતાનું તાદાત્મ્ય સાધવું.

( ૨ ) માનવના અંતઃકરણમાં અત્યાર સુધી ચેતનાની જે અવસ્થાઓ જાગ્રત થઈ નથી તેમને આત્મસાત્ કરવી અને એ રીતે હજી સુધી વિશ્વશકિતના જે સ્રોતો અપ્રગટ છે તેમાંના એક કે વધારેની સાથે પૃથ્વીનો સંબંધ સ્થાપિત કરવો.

( ૩ ) જગતની આધુનિક મનોદશાને અનુરૂપ એવા નવાં રૂપમાં સનાતન શબ્દબ્રહ્મનો ફરીને ઉચ્ચાર કરવો.

એ ઉચ્ચાર માનવના જ્ઞાન સમસ્તનો સમન્વય હશે.

( ૪ ) સામુદાયિક રૂપે, કોઈ સુયોગ્ય સ્થાનમાં નવી માનવજાતિના, એટલે કે પ્રભુનાં દિવ્ય સંતાનોની જાતિના વિકાસ માટે એક આદર્શ સમાજની સ્થાપના કરવી.

*
* *

પૃથ્વી ઉપર આ રૂપાંતર અને સંવાદિતા બે પ્રક્રિયાઓ વડે સાધી શકાય તેમ છે. એ બે પ્રક્રિયાઓ એકબીજાની વિરોધી દેખાતી હોવા છતાં તેમણે પરસ્પર સંયુક્ત થવું જોઈએ, એકબીજા ઉપર કાર્ય કરવું જોઈએ, તથા પરસ્પરની પૂર્તિ કરવી જોઈએ. તે પ્રક્રિયાઓ આ છે:

૨૭...

(૧) વ્યકિતગત રૂપાંતર, એટલે કે ભગવાનની સાથે સંપૂર્ણ અદ્વૈત પ્રત્યે દોરી જનાર આંતરિક વિકાસ.

(૨) સામાજિક રૂપાંતર, એટલે કે વ્યકિતના વિકાસ અને સંવર્ધનને અનુકૂળ પરિસ્થિતિની સ્થાપના.

પરિસ્થિતિ વ્યકિત ઉપર અસર કરે છે તેથી અને બીજી બાજુ, વ્યકિતના મૂલ્ય ઉપર પરિસ્થિતિનું મૂલ્ય આધાર રાખતું હોવાથી એ બન્ને કાર્યો સાથે સાથે આગળ વધવાં જોઈએ. પરંતુ એ કાર્ય શ્રમના વિભાગ દ્વારા જ થઈ શકે, અને તેમ કરવા માટે વિવિધ જૂથોની રચના શકય હોય તો ચડતી ઉતરતી શ્રેણીબદ્ધ રચના આવશ્યક બને છે.

પ્રત્યેક જૂથના સભ્યોનું કામ ત્રણ પ્રકારનું હોવું જોઈએ.

(૧) સિદ્ધ કરવાના આદર્શનો પોતાનામાં સાક્ષાત્કાર કરવો, અચિંત્ય પરમ તત્ત્વ પોતાના સર્વ ગુણો, ધર્મો તથા સ્વરૂપો સહિત પોતાનો જે પ્રથમ આવિર્ભાવ કરનાર છે તેના આ પૃથ્વી ઉપર સંપૂર્ણ પ્રતિનિધિ બનવું.

(૨) આ આદર્શનો વાણી વડે, પરંતુ તેથી યે વિશેષ તો, ઉદાહરણ દ્વારા ઉપદેશ કરવો જેથી એને સિદ્ધ કરવાને તત્પર હોય એવા બધા લોકોને શોધી શકાય તથા આગામી મુકિતના સંદેશવાહક પણ થઈ શકાય.

(૩) એક વિશિષ્ટ દૃષ્ટાંતરૂપ સમાજની સ્થાપના કરવી અથવા તો વિદ્યમાન એવા સમાજોની પુનર્ઘટના કરવી.

*
* *

પ્રત્યેક વ્યકિતએ પણ બે પ્રકારનું કાર્ય કરવાનું છે. વળી, તે એકી સાથે કરવાનું છે, તેથી દરેક બાજુ બીજાને મદદ કરનારી અને પૂર્તિ કરનારી છે. તે કાર્ય આ છે:

(૧) આંતર વિકાસ, દિવ્ય જ્યોતિ સાથે ક્રમે ક્રમે વર્ધમાન એવા અદ્વૈતની સાધના. એ અદ્વૈત જ એકમાત્ર એવી અવસ્થા છે કે જેમાં રહીને વિશ્વજીવનના મહાન પ્રવાહ સાથે હંમેશાં સંવાદમાં રહી શકાય.

(૨) કોઈ બાહ્ય કર્મ, કે જે પ્રત્યેક વ્યકિતએ પોતાની શકિતઓ અને અંગત રુચિઓ પ્રમાણે પસંદ કરવાનું રહેશે. પ્રત્યેકે પોતાનું અનોખું સ્થાન શોધી કાઢવાનું રહેશે કે જે સ્થાન સમગ્રના વૃંદસંગીતમાં તે પોતે જ લઈ શકે તેમ છે અને એ કર્મને તેણે પોતાની જાતને સંપૂર્ણપણે સોંપી દેવી જોઈએ. વળી તેણે ભૂલવું ન જોઈએ કે પૃથ્વીના વૃંદસંગીતમાં પોતે માત્ર એક જ સ્વર ગાઈ રહેલ છે અને છતાં એ સ્વર સમગ્રની સંવાદિતા માટે અનિવાર્ય છે તથા તેનું મૂલ્ય તેની સંપૂર્ણ યથાસ્થિતતા પર અવલંબે છે.

# અંતરમાં રહેલી દિવ્યતા

આપણું જે કાંઈ આપણા અંતરમાં રહેલી દિવ્યતાને સંપૂર્ણપણે સમર્પિત થયેલું નથી હોતું તે આપણી ચારે બાજુ આવી રહેલી વસ્તુઓના સમગ્ર સમુચ્ચયના કબજામાં ટુકડે ટુકડે જઈ પડેલું હોય છે. આપણે જેને અયોગ્ય રીતે 'આપણી જાત' કહીએ છીએ તેના ઉપર એ વસ્તુ સમુચ્ચય આપણી ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા યા તો મન ઉપર સીધેસીધા સૂચન વડે કાર્ય કરે છે.

સચેતન વ્યકિત બનવાનો, સ્વ–રૂપ થવાનો એકમાત્ર માર્ગ એ છે કે સર્વમાં રહેલા દિવ્ય આત્મા સાથે એકતા સાધવી. એમ કરવા માટે આપણે એકાગ્રતાની સહાય વડે બાહ્ય અસરોમાંથી આપણી જાતને મુક્ત કરી દેવી જોઈએ.

જ્યારે તમારી અંદરની દિવ્યતા સાથે તમે અદ્વૈત પામ્યા હો છો ત્યારે સર્વ વસ્તુની સાથે પણ, તેમની ગહનતામાં, તમે અદ્વૈત પામો છો. અને એ અદ્વૈત દ્વારા, અને એના વડે જ, તમારે અન્ય વસ્તુઓ સાથે સંબંધમાં આવવું જોઈએ. ત્યાર પછી આકર્ષણ કે પ્રત્યાકર્ષણથી મુક્ત થઈને તમે તેની તે દિવ્યતાની – જે કાંઈ સમીપ હશે તેની સમીપ હશો અને દૂર હશે તેનાથી દૂર.

બીજાઓની વચ્ચે રહેતા હો ત્યારે તમારે એક દિવ્ય દૃષ્ટાંત રૂપ થવું જોઈએ, — દિવ્ય જીવનના માર્ગને સમજવા માટે તથા તેમાં પ્રવેશ કરવા માટે લોકોની આગળ ઉપસ્થિત થયેલા એક નિમિત્ત રૂપ તમારે બની રહેવું જોઈએ, એથી વધારે કાંઈ જ નહિ. બીજાઓને પ્રગતિ કરાવવાની કામના પણ તમારે સેવવી ન જોઈએ; કારણકે એ કામના પણ તમારો વ્યકિતગત તરંગ હોઈ શકે.

પ્રભુ સાથે નિશ્ચિનપણે તમે અદ્વૈત સાધ્યું ન હોય ત્યાં સુધી તમારા બહારના સંબંધો પરત્વે સારામાં સારો રસ્તો એ છે કે જેમને એ અદ્વૈતનો અનુભવ થયો હોય તેવાઓની સર્વસંમત સલાહ અનુસાર વર્તવું.

ભૂતમાત્રની હિતકામનાની સતત અવસ્થામાં રહેવું, કશાથી ઉદ્વેગ પામવો નહિ અને કોઈને પણ ઉદ્વેગના કારણરૂપ ન થવું, શકય હોય ત્યાં સુધી કોઈને દુ:ખ ન પહોંચાડવું; આ તમારો નિયમ બનાવો.

તા. ૮–૬–૧૯૧૨.

# સ્વપ્નો વિષે

પ્રથમ દૃષ્ટિએ જોતાં આપણને એમ લાગવાનો સંભવ છે કે આ સ્વપ્નનો વિષય કશા ઢંગધડા વિનાનો છે; સામાન્ય રીતે એ પ્રવૃત્તિ આપણી જાગ્રત અવસ્થાની સરખામણીમાં ઘણી ઓછી અગત્યની હોય એમ લાગે છે.

આપણે આ પ્રશ્નને જરા વધુ નજીકથી નિહાળીએ છીએ ત્યારે આપણને જણાય છે કે વસ્તુસ્થિતિ લેશમાત્ર એવી નથી.

પ્રથમ તો આપણે એ યાદ રાખવું જોઈએ કે આપણા જીવનના ત્રીજા કરતાં મોટો ભાગ નિદ્રામાં પસાર થાય છે અને એટલે, આ ભૌતિક નિદ્રામાં ગાળેલો સમય આપણું સારું એવું ધ્યાન માગી લે તેવો છે.

હું 'ભૌતિક નિદ્રા' એવો શબ્દ વાપરું છું, કારણકે આપણું શરીર ઊંઘતું હોય છે ત્યારે આપણું સમગ્ર સ્વરૂપ પણ નિદ્રાધીન હોય છે તેમ માનવું ખોટું છે.

વિજ્ઞાનની પદ્ધતિ પ્રમાણેનાં કડક ધોરણો હેઠળ જે પ્રયોગો કરવામાં આવેલાં તેના પરિણામો, વીસ વર્ષ ઉપર "નિદ્રા અને સ્વપ્નો" નામના એક પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં.

જે ડૉક્ટરોએ એ પ્રયોગો કરેલા તેઓ એવા તારણ ઉપર પહોંચ્યાં છે કે મનની પ્રવૃત્તિ કદી પણ બંધ રહેતી નથી, એટલે કે, આ પ્રવૃત્તિ જ આપણા મગજમાં ઓછાવત્તા ગોટાળા સાથે આપણે જેને સ્વપ્ન કહીએ છીએ તેના સ્વરૂપમાં રૂપાંતર પામે છે. આમ આપણે એ વસ્તુ વિષે સભાન હોઈએ કે નહિ તો પણ, આપણે હંમેશા સ્વપ્નાવસ્થામાં હોઈએ છીએ.

આ પ્રવૃત્તિને સદંતર દબાવી દઈને નિઃસ્વપ્ન નિદ્રા લેવી એ જરૂર શક્ય છે; પરંતુ આપણા મનને આપણા ભૌતિક દેહ જેવી વિશ્રાંતિની અવસ્થામાં ડૂબકી લગાડાવવી એ કોઈ સરળ વસ્તુ નથી, અમે એને માટે તો આપણા મનોમય સ્વરૂપ ઉપર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરવું જરૂરી છે.

મોટા ભાગના કિસ્સાઓમાં તો એવું બને છે કે દેહ નિદ્રા લેતો હોવાને કારણે આ આંતરિક જ્ઞાનસાધનો ભૌતિક જીવન ઉપર કેન્દ્રિત હોતાં નથી અને એ રીતના ઉપયોગમાં

જોડાયાં ન હોવાને કારણે નિદ્રા દરમ્યાન તેમની આ રીતની પ્રવૃત્તિ ઉલટી સારા પ્રમાણમાં વધી પડે છે.

કેટલીક વાર એમ કહેવામાં આવે છે કે, મનુષ્યને પોતાની સાચી પ્રકૃતિની જાણ તેની સ્વપ્નાવસ્થામાં જ થાય છે. હકીકતમાં ઘણી વાર એવું બને છે કે આ સંવેદનશીલ સ્વરૂપ, જેની ઉપર દિવસ દરમ્યાન સક્રિય સંકલ્પશકિતનો અંકુશ હોય છે તે રાત્રિ દરમ્યાન જ્યારે આ લગામ છૂટી હોય છે ત્યારે વધુ ઉગ્રપણે પ્રતિકાર્ય કરે છે.

આપણે જે સર્વ કામનાઓને સંતુષ્ટ કર્યા વિના દબાવી દીધી હોય છે તે નિદ્રા દરમ્યાન તેમની તુષ્ટિ ખોળે છે. એમનાથી છૂટા પડી જવા માટે અસંખ્ય વિશ્લેષણો કરવાં પડે છે, અને આખી વસ્તુ ઉચ્ચ કક્ષાની સમગ્રતાપૂર્વકની પ્રમાણિકતા માગી લે છે.

અને કામનાઓ તો ખૂદ-બ-ખૂદ, રૂપઘડતરનાં સક્રિય કેન્દ્ર હોય છે. એટલે તેઓ આપણી અંદર અને આસપાસ તેમનાં સંતોષ માટે જે સર્વ સંજોગો સૌથી વધુ સગવડ-ભર્યા હોય છે તેમને આપણી અંદર ગોઠવે છે.

અને આમ, આપણે સચેતન વિચાર વડે દિવસ દરમ્યાન અનેક વિચારોને અંતે જે ફળ પ્રાપ્ત કર્યું હોય છે તે થોડાક જ કલાકોમાં નષ્ટ કરી દેવામાં આવે છે.

આપણી શુભેચ્છા એટલી બધી પૂર્ણ લાગે છે કે આપણી અંદર પ્રગતિ કરવાનો જે સંકલ્પ હોય છે તેમાં અવરોધ ઊભા કરનાર, જે કેટલીક મુશ્કેલીઓ આપણને અનુલ્લંઘનીય લાગે છે તેના કારણરૂપ, અને આપણે જેનો ખુલાસો કરી શકતા નથી તેવી વસ્તુ તરીકે આ સ્વપ્નો જ હોય છે.

આ કારણસર આપણે આપણાં સ્વપ્નોને પારખતાં શીખવું જોઈએ અને, સૌથી વધુ તો, એમની અંદર રહેલો ભેદ પારખવો જોઈએ. કારણકે એમની પ્રકૃતિ અને ગુણવત્તામાં ઘણો ફરક હોય છે. એક જ રાત્રિમાં આપણને જુદી જુદી કક્ષાઓનાં સ્વપ્નો આવી શકે છે, અને એનો આધાર આપણી નિદ્રાની ગહરાઈ ઉપર રહે છે.

સામાન્ય રીતે દરેક વ્યકિતને, તેનાં સ્વપ્નોની બાબતમાં જ્યારે એની પ્રવૃત્તિ વધુ પ્રમાણમાં ઉત્પાદક હોય છે ત્યારે એક વધારે લાભદાયી ક્ષણ આવતી હોય છે; ત્યારે એની પ્રવૃત્તિ વધુ બુદ્ધિપૂર્વકની અને જે મનોમય સંજોગોમાંથી એ પ્રસાર થતો હોય છે તે વધુ રસપ્રદ હોય છે.

ઘણા મોટા ભાગનાં સ્વપ્નોની તો કેવળ યાંત્રિક અને નિરંકુશ ભૌતિક મનની પ્રવૃત્તિ કરતાં વધુ કોઈ કિંમત હોતી નથી. ભૌતિક મનના કેટલાક કોષાણુઓ બહારથી ઝીલેલી ઈન્દ્રિયગમ્ય છાપો અને છાયાઓને મળતી પ્રતિકૃતિઓ પેદા કરવાનું ચાલુ રાખે છે.

સ્વપ્નો લગભગ હંમેશાં શુદ્ધ ભૌતિક સંજોગો, જેવાં કે, સ્વાસ્થ્યની સ્થિતિ, પાચનક્રિયા, પથારીની સ્થિતિ વગેરે ઉપર પણ આધાર રાખતાં હોય છે.

જરાક થોડા અમસ્થા આત્મનિરીક્ષણ અને થોડીક સાવધાની રાખવાથી આ વર્ગનાં સ્વપ્નો આવતાં સહેલાઈથી અટકાવી શકાય છે. એમાં એનાં ભૌતિક કારણોને આપણે અલગ કરી દેવાં જોઈએ કારણ કે એ સ્વપ્નો તદ્દન નિરૂપયોગી અને થાક લગાડનારાં હોય છે.

વળી બીજાં કેટલાંક સ્વપ્નો એવાં હોય છે જે કેટલીક મનોમય શકિતઓના ક્ષતિપૂર્ણ કાર્યને લઈને જોગાનુજોગપણે, વિચારો, વાતો અને સંસ્મરણોને જોડી દઈને અર્થહીન અનુભવો ઊભા કરતા હોય છે.

આવાં સ્વપ્નો વધુ અગત્યવાળાં હોય છે, કારણકે આ બધી ક્ષતિપૂર્ણ પ્રવૃત્તિઓ આપણને બતાવી આપે છે કે આપણાં સંકલ્પબળનો અંકુશ જતો રહે કે તરત જ આપણા મનોમય સ્વરૂપમાં કેવી ગેરવ્યવસ્થા વ્યાપી રહે છે. અને એના ઉપરથી આપણને પ્રતીતિ થાય છે કે એ સ્વરૂપ હજી સુવ્યવસ્થિત થયું નથી, એમાં હજી ક્રમિક શ્રેણી-બદ્ધતા આવી નથી અને હજી સ્વતંત્ર જીવન માટે લાયક બન્યું નથી.

હવે હું તમને થોડાંક સ્વપ્નો વિષે વાત કરીશ જે દેખાવમાં તો આગળ કહ્યાં તેવી આકૃતિવાળાં જ હોય છે પરંતુ તેમનાં પરિણામો વધુ અગત્યનાં હોય છે કારણકે આપણે આપણા અંતઃસ્વરૂપ ઉપર મૂકેલો અંકુશ ઉઠાવી લઈએ એના પડઘા રૂપે તેઓ તેમાંથી મુક્ત થઈને બહાર આવે છે. આવા સ્વપ્નો આપણને ઘણીવાર આપણી અંદર રહેલી કેટલીક વૃત્તિઓ, રસના વિષયો, આવેગો અને કામનાઓનાં દર્શન કરાવે છે જે આપણે આદર્શ સિદ્ધ કરવાના સંકલ્પને કારણે દબાઈને, આપણા સ્વરૂપના કોઈ અંધારા ખૂણામાં સંતાઈ રહેત અને આપણે તેમના વિષે સભાન ન બનત.

તમે સહેલાઈથી સમજી શકશો કે એમને આવી રીતે અજ્ઞાત રહેવા દેવાને બદલે, બહાદૂરીપૂર્વક અને હિંમતપૂર્વક દિવસના પ્રકાશમાં બહાર ખેંચી લાવીને અનિવાર્યપણે આપણને છોડી જવાની ફરજ પાડવી એ વધુ સારું છે.

તો આપણે આપણાં સ્વપ્નોનું ધ્યાનપૂર્વક અવલોકન કરીશું, કારણકે તેઓ આપણને ઘણી વાર સહાય મળે તેવી સૂચનાઓ આપનારાં હોય છે, અને આપણને આપણી જાત ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવાના માર્ગ પ્રત્યે જવામાં અસરકારક સહાય પહોંચાડનારા હોય છે.

જે વ્યકિત તેની રાત્રિ દરમ્યાનની સ્વતંત્ર પ્રવૃત્તિઓને જાણતી નથી અને જે પોતાની ભૌતિક નિદ્રા દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તેના વિષે પૂર્ણપણે સભાન નથી હોતી તે પોતાની જાતના સ્વામી તરીકે પોતાને ઓળખાવી શકતી નથી.

પરંતુ સ્વપ્નો કાંઈ કેવળ આપણી નિર્બળતાઓને ખુલ્લી કરનારાં ચતુરાઈભર્યાં સૂચકો નથી હોતાં તેમ જ આપણી દૈનિક પ્રગતિનો વિનાશ કરનાર વિષપૂર્ણ વિનાશકો નથી હોતાં. એવાં સ્વપ્નો છે જેમની સાથે આપણે બાથ ભીડીને તેમનું રૂપાંતર કરવાનું હોય છે, જ્યારે એથી ઊલટું બીજાં કેટલાક એવાં પણ હોય છે જેમને આપણે આપણી ઉપરના અને આપણી આસપાસના કાર્ય માટે ખીલવવાનાં હોય છે.

એમાં તો કોઈ શંકા નથી કે અનેક દૃષ્ટિબિંદુઓથી જોતાં આપણા અવચેતન ભાગમાં આપણી સ્વભાવગત ચેતના કરતાં વધુ જ્ઞાન હોય છે.

એવો અનુભવ કોને નથી થયો કે કોઈ મીમાંસાને લગતા, નૈતિક અથવા વ્યાવહારિક પ્રશ્નનો આપણે સાંજે વ્યર્થ સામનો કરી રહ્યા હોઈએ છીએ, એનો ઉકેલ જડવો અશક્ય લાગે છે, પણ સવારમાં આપણે જાગીએ છીએ ત્યારે એ સ્પષ્ટ અને ચોક્કસરૂપે દૃષ્ટિગોચર થાય છે? નિદ્રા દરમ્યાન માનસિક સંશોધનની ક્રિયા ચાલુ રહી હોય છે, અને તે સમયે બાહ્ય ભૌતિક રોકાણોથી મુક્ત હોઈને, માનસિક શક્તિઓ પોતાને જે વિષયમાં રસ હતો તેના ઉપર જ એકાગ્ર થઈ રહી હોય છે.

ઘણી વાર તો આપણી એ આખી ક્રિયા પોતે અભાનપણે થાય છે, કેવળ એનું પરિણામ જ જોવા મળે છે.

પરંતુ કેટલીક વાર, કોઈ સ્વપ્નને લઈને આપણે મનોમય પ્રવૃત્તિની ઝીણામાં ઝીણી વિગતોમાં ભાગ લઈ શકીએ છીએ. કેવળ આ પ્રવૃત્તિની સ્થૂલ મગજમાં પડતી છાપ ઘણી વાર એટલી બધી બાલિશ હોય છે કે, સામાન્ય રીતે, આપણે તેના પ્રત્યે ધ્યાન આપતા નથી.

આ દૃષ્ટિબિંદુથી જોતાં, એ નોંધવું રસપ્રદ રહેશે કે મનોમય પ્રવૃત્તિનું જે સાચું સ્વરૂપ હોય છે અને જે રીતે આપણે નિહાળીએ છીએ અને ખાસ કરીને આપણે જે પ્રકારે તેને વિષે સભાન રહીએ છીએ તે બધામાં લગભગ હંમેશાં એક ગણનાપાત્ર તફાવત રહે છે. એના પોતાના ક્ષેત્રમાં, આ પ્રવૃત્તિ નક્કી કરી છે કે આપણા સ્થૂલ મગજરૂપી અવયવના કોષાણુઓના તંત્ર સુધી પ્રત્યાઘાત દ્વારા, ક્યાં ક્યાં આંદોલનોનો પ્રસાર કરવો. પરંતુ આપણા ઊંઘણશીલ મગજમાં, ઇન્દ્રિયાતીત પ્રદેશમાંથી આવતાં આંદોલનો કેવળ અત્યંત મર્યાદિત સંખ્યાના કોષાણુઓ ઉપર અસર પહોંચાડે છે; સ્થૂલ મગજના આધારરૂપ ઇન્દ્રિયગત વસ્તુઓમાં રહેલી જડતા અને તમોગ્રસ્તતાને કારણે, તેમના સક્રિય તત્ત્વોની સંખ્યામાં ઘટાડો થાય છે; તેને લઈને સામંજસ્યની મનોમય શક્તિમાં ગ્રામ્યતા દાખલ થાય છે અને અંતરની અવસ્થાઓની પ્રવૃત્તિની પ્રતિકૃતિ પ્રગટ કરવાને તેઓ કેવળ અમુક માનસિક છાપો, અને તે પણ ઘણી વાર તો અત્યંત ધૂંધળી અને અપૂરતી છાપો પ્રગટ કરવા સિવાય બીજી કોઈ રીતે રજૂઆત કરવા અસમર્થ નીવડે છે.

આ વિસંવાદને સ્પષ્ટ કરવા માટે, મારી જાણમાં જે અનેક દાખલાઓ આવ્યા છે, તેમાંનો એક હું કહું :

તાજેતરમાં એક લેખક એક વિષય ઉપરનું એક પ્રકરણ લખી રહ્યો હતો પણ એનાથી એ પૂરું ન થઈ શક્યું અને અધુરું રહ્યું. એનું મન એ વિષયમાં ખાસ રસ લઈ રહ્યું હોવાને કારણે એ વસ્તુ એણે રાત્રિ દરમ્યાન પણ ચાલુ રાખી અને એ વિષયના જુદા જુદા ફકરાને વળી વળીને ફેરવી જોવાના પરિણામે તેને જણાઈ આવ્યું કે એમાં જે વિચારો રજૂ થયા હતા તે બરાબર તર્કબદ્ધ શ્રેણીમાં ગોઠવેલા ન હતા એટલે એ ફકરાઓમાં ફરીથી હેરફેર કરવાની જરૂર હતી.

આ સર્વ કાર્યનું રૂપપરિવર્તન, એ લેખકના મગજમાં આવા સ્વપ્ન રૂપે આવ્યું. એ તેના અભ્યાસખંડમાં બેઠો હતો, એની સામે એણે હમણાં જ આણેલી અનેક આરામખુરસીઓ ગોઠવેલી હતી. એ એમની અહીંથી તહીં હેરફેર કરીને સૌ સૌના યથાયોગ્ય સ્થાને ગોઠવાય ત્યાં સુધી ગોઠવણીમાં ફેરફાર કરતો રહેલો.

સરળચિત્ત મનુષ્યોને કેટલીક પ્રચલિત માન્યતાઓમાં આવાં સ્વપ્નોનો અર્થ ઉકેલવાની ચાવીઓ દેખાય છે અને તેઓ એ જાણીને ખૂબ ખુશ થતાં હોય છે. એ સર્વનું મૂળ આવાં અધૂરાં રૂપપરિવર્તનોની છાયાઓમાં હોય છે; તેને લઈને આપણે એમનું એવું અપૂર્ણ જ્ઞાન ધરાવતા હોઈએ છીએ.

પરંતુ એ તો સહેલાઈથી સમજાય તેવું છે કે આવા ગોટાળીયાં રૂપપરિવર્તનોની છાંપોની આકૃતિ દરેક મનુષ્ય માટે આગવી હોય છે; દરેક મનુષ્ય, મૂળ વસ્તુમાં તેની પોતાની આગવી રીતની વિકૃતિ દાખલ કરે છે. પરિણામે, કોઈ એક વ્યકિતએ પોતાની બાબતમાં સ્વપ્નોનો અમુક અર્થ બેસાડયો હોય તે એને માટે તો તદ્દન ખરો હોય છે, પરંતુ એના ઉપરથી જે સર્વસામાન્ય અર્થઘટનો ઠરાવવામાં આવે છે તે વ્યાજબી કે ખરાં હોતાં નથી અને તેમાંથી કેવળ અસંસ્કૃત અને મૂર્ખતાભર્યા વહેમો જ જન્મે છે.

એ પેલા એના જેવી વસ્તુ છે કે જાણે આપણે હમણાં જ જે લેખક વિષે વાત કરી તે અત્યંત ગુપ્તપણે એના મિત્રને અને સંબંધીઓને જણાવે છે કે જ્યારે જ્યારે તેમને એવું સ્વપ્ન આવે કે તેઓ ખુરસીઓની હેરફેર કરી રહ્યા છે ત્યારે સમજવું કે તેમણે એમનાં લખાણોના ફકરાઓની ગોઠવણીને ઉલટાસુલટી કરવી જરૂરી છે.

કેટલીક વાર, રાત્રિ વેળાની મગજની તરજુમો કરવાની પ્રવૃત્તિ એટલી બધી વિકૃત હોય છે કે તેઓ અમુક ઘટનાને જે ઢાળ કે આકાર આપે છે તે સાચી વસ્તુથી બરાબર ઊલટો જ હોય છે.

દાખલા તરીકે, જ્યારે કોઈને કોઈ વ્યકિત પ્રત્યે કોઈ અશુભ લાગણી હોય, અને જ્યારે, એ વિચારને છૂટો દોર આપવામાં આવ્યો હોય એટલે રાત્રિ દરમ્યાન એ પૂર

જોસમાં હોય, ત્યારે વ્યકિતને એવું સ્વપ્ન આવે છે કે એ વ્યકિત તેને મારી રહી છે, એની સાથે ગેરવર્તાવ કરી રહી છે અને વળી એને ઘા કરીને મારી નાખવાનો પ્રયત્ન પણ કરી રહી છે.

એક સામાન્ય નિયમ તરીકે, સ્વપ્નોનું અર્થઘટન કરવામાં અત્યંત બૌદ્ધિક સાવધાની રાખવાની જરૂર હોય છે. અને સૌથી વધુ તો એમને કોઈ વસ્તુગત સત્ય તરીકેનું મૂલ્ય અર્પતા પહેલાં આપણે સર્વ પ્રકારના વ્યકિતગત ખુલાસાઓને તિલાંજલિ આપવાની રહે છે.

પરન્તુ એવા કિસ્સાઓ હોય છે, ખાસ કરીને એવા લોકોના જેમણે પોતાના સર્વ વિચારોનું કેન્દ્ર પોતાને જ બનાવવાની કુટેવ સુધારી દીધી હોય છે અને જેઓ પોતે પોતાની બહારની હકીકતોના કેવળ સાક્ષીઓ જ હોય છે અને પોતાના વ્યકિતગત મનની રચનાઓના પડછાયાઓને વસ્તુઓ તરીકે ગણતા નથી અને આવી અવસ્થામાં જો વ્યકિત પોતે આ હકીકતોને પોતાનું મગજ ઓછીવત્તી અપૂર્ણ રીતે આ છાપોનું બુદ્ધિની ભાષામાં રૂપાંતર કેવી રીતે કરે છે તે જાણે તો, એ વ્યકિતને ઘણી એવી વસ્તુઓ જાણવા મળે છે જે સામાન્ય રીતે અત્યંત મર્યાદિત ભૌતિક જ્ઞાનનાં કારણો આપણને જાણવા દેતાં નથી.

કેટલાક લોકો એવી ખાસ પ્રકારની કેળવણી અને તાલીમ પ્રાપ્ત કરીને એવી શકિત મેળવે છે જેને પરિણામે તેઓ તેમના આંતર સ્વરૂપની ગહનતર પ્રવૃત્તિઓને તેમના સ્થૂલ મનના તરજૂમાથી અલગ પાડી શકે છે. એવા લોકો તેમની જાગ્રત અવસ્થામાં એ જ્ઞાનકરણોને તેમની પૂર્ણ શકિત સાથે બોલાવી લાવી શકે છે અને ઓળખી કાઢી શકે છે.

આ વિષયમાં તો અનેક રસપ્રદ વિધાનો કરી શકાય, પણ કદાચ દરેક વ્યકિત પોતે પોતાની અંદર જે ક્ષેત્રને વણખેડ્યું રાખે છે તેમાં શું શું કરવાની શકયતા છે તે પોતે પ્રયોગ કરીને જાણે એ વધુ સારું ગણાય.

બિનખેડાયેલ ખેતરોમાં ઝાંખરાં ઉગે છે. આપણે આપણી અંદર નિંદામણ ઉગાડવા માગતાં નથી; તો પછી ચાલો આપણે આપણી રાત્રિઓનાં ક્ષેત્રોને ખેડીએ.

એમ ન માનશો કે આ વસ્તુ જરા જેટલી પણ આપણી નિદ્રાની ગહનતામાં અને જે વિશ્રાંતિ આપણે માટે ફલદાયી તેમજ અનિવાર્ય પણ છે તેને કોઈ અસર કરશે. ઊલટું, એવા અસંખ્ય લોકો છે જેઓને દિવસ કરતાં રાત્રિનો વધુ થાક લાગે છે પણ તેના કારણો તેમને શોધ્યાં જડતાં નથી. એ લોકોએ એ કારણોને ખોળી કાઢવાં જોઈએ. પછી તેમનું સંકલ્પબળ તેમના ઉપર કાર્ય કરવાની શરૂઆત કરે તે શકય બનશે, અને એ બધી લગભગ હંમેશાં નકામી અને કેટલીકવાર નુકસાનકારક એવી પ્રવૃત્તિઓને બંધ પાડી દેશે.

જો આપણને રાત્રિ દ્વારા કોઈ નૂતન જ્ઞાન પ્રાપ્ત થયું હશે, કોઈ સમગ્ર ધ્યાન માગી લેતા પ્રશ્નનો ઉકેલ જડયો હશે, આપણા આંતરિક સ્વરૂપમાં કોઈ કેન્દ્રસ્થ જીવન કે જ્યોતિ સાથે સંબંધ બંધાયો હશે, અથવા કોઈ ઉપયોગી કામ સિદ્ધ થયું હશે તો હંમેશાં આપણે જ્યારે ઊઠીશું ત્યારે જોખમભર્યા અને સ્વસ્થચિત્ત હોઈશું.

એ તો જે ઘડીઓ દરમ્યાન આપણે કોઈ ઉપયોગી કે સારું કામ કરતા નથી તે આપણને અત્યંત થકાવી દેનારી નિવડે છે.

પરંતુ પ્રવૃત્તિના આ ક્ષેત્રને કઈ રીતે ખેડવું? રાત્રિ દરમ્યાન થતી પ્રવૃત્તિઓ વિષે સજ્ઞાનતા કઈ રીતે પ્રાપ્ત કરવી?

આપણે આપણા આંતરિક જીવનનો અભ્યાસ કરીને જે પુસ્તકો લખીશું તેના એક જ ભાગના કોઈ એક પાન ઉપર આપણે એમ કરી શકવાનાં સાધનોની રૂપરેખા દોરી આપેલી સત્વરે જડી આવશે.

જાગ્રત અવસ્થા દરમ્યાનની પોતાની આંતરિક પ્રવૃત્તિઓને એકાગ્રતાની જે તાલીમ તેમના વિષે અણજાણ રહેવા દેતી નથી તે તાલીમ જ તે તેના પેલી, એથી વધુ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ નિદ્રાવસ્થાને અજ્ઞાનમાંથી મુક્તિ અપાવે છે.

સામાન્ય રીતે આ પ્રવૃત્તિઓ બહુ ઓછી અને ધૂંધળી સ્મૃતિઓ જ તેમની પાછળ મૂકતી જતી હોય છે.

પરંતુ કેટલીક વાર, કોઈ નસીબજોગ પ્રાપ્ત થયેલ સંજોગવશાત્ કોઈ વસ્તુની આપણે અસર ઝીલીએ છીએ અથવા કોઈ શબ્દ બોલાય છે એટલા માત્રથી અચાનક આપણામાં એક આખા લાંબા સ્વપ્નની સભાન અવસ્થા જાગ્રત થઈ આવે છે જે એક ક્ષણ પહેલાં આપણને સ્હેજ પણ યાદ નથી હોતી.

આ સાદી હકીકત ઉપરથી આપણે અનુમાન લગાવી શકીએ કે આપણી સભાન પ્રવૃત્તિની અસર આપણી નિદ્રાહીન અવસ્થાની ઘટનામાં બહુ આછેરી અસર ઉપજાવતી હોય છે, કારણ કે વસ્તુઓની સામાન્ય પરિસ્થિતિમાં એ વસ્તુઓ હંમેશને માટે આપણી અવચેતન સ્મૃતિમાં જ દટાઈ રહે છે.

આ વિષયમાં, એકાગ્રતાની સાધનાએ એકી સાથે સ્વપ્નાવસ્થા દરમ્યાનની પ્રવૃત્તિઓ વિષેની સભાનતામાં ભાગ લેવા ઉપર અને સાથે સાથે સ્મૃતિની વિશેષ શક્તિ ઉપર દબાણ લાવવું જોઈએ.

જે કોઈને પોતાના ભૂલાયેલા સ્વપ્નની સ્મૃતિ પ્રાપ્ત કરવી હોય તેણે સૌ પ્રથમ તો એ સ્વપ્ને એની પાછળ સ્મૃતિના જે અંશોના અસ્પષ્ટ છાપોના લીસોટા છોડયા હોય

તેના ઉપર પોતાનું ધ્યાન સ્થિર કરવું જોઈએ, અને ત્યાર પછી શકય હોય તેટલું એ અસ્પષ્ટ લીસોટાઓને માર્ગે પાછા જવું જોઈએ.

આ પ્રકારનો વ્યાયામ નિયમિતપણે કરવાથી વ્યકિત દરરોજ પોતાની અચેતન અવસ્થાના તમોગ્રસ્ત આશ્રયસ્થાન, જેમાં નિદ્રા દરમ્યાન બનેલી પણ ભૂલાયેલી ઘટનાઓ સંતાઈ રહેલી હોય છે તેના પ્રત્યે વધુને વધુ આગળ વધવા દે છે, અને એ રીતે પછી ચેતનાના બે પ્રદેશોમાં આવાગમન કરવાનો એક સરળ રસ્તો અંકાઈ રહે છે.

આ દૃષ્ટિએ જોતાં એક વ્યવહારુ સૂચન થઈ શકે તેમ છે અને તે એ કે સ્વપ્નો ભૂલાઈ જવાનું કારણ ઘણુંખરું એ હોય છે કે તમે નિદ્રામાંથી એકદમ જાગ્રત અવસ્થામાં ધસી આવો છો (એકદમ જાગ્રન અવસ્થામાં આવવું જોઈએ નહિ).

આ ક્ષણે હકીકત એવી બને છે કે જાગ્રત અવસ્થાની નૂતન પ્રવૃત્તિઓ ચેતનાના ક્ષેત્રમાં ધસી આવે છે અને ત્યાં જે કાંઈ તેમને આણજાણ હોય છે તેને ધક્કો મારીને બહાર ધકેલી દે છે અને એને લઈને પછી એવી બહાર ફેંકી દેવાયેલી વસ્તુઓને પાછી બોલાવી લાવવા માટે જે એકાગ્રતાનું કાર્ય કરવું પડે છે તે ઘણું વધારે મુશ્કેલી-ભર્યું બને છે. આથી ઊલટું જ્યારે એક અવસ્થામાંથી બીજીમાં જવાની ક્રિયાની બાબતમાં અમુક માનસિક અને શારીરિક તકેદારીઓ રાખવામાં આવે છે ત્યારે આ વસ્તુમાં ઘણી મદદ મળે છે (શકય હોય તો, જાગ્રત થતાં પહેલાં પથારીમાં બહુ ઝડપી હીલચાલ ન કરવી જોઈએ).

આમ છતાં આવી વિશિષ્ટ તાલીમ વડે પણ નિદ્રા દરમ્યાનની જે ઘટનાઓ બનતી વેળાએ થોડી ઘણી સભાનાવસ્થા હશે તેમને જ તમે જાગ્રત અવસ્થાની સચેતન અવસ્થામાં પરિવર્તિત કરી શકશો. કારણકે જ્યાં ચેતના નથી હોતી ત્યાં સ્મૃતિ હોઈ શકતી નથી.

એટલે, બીજા તબક્કામાં, વ્યકિતએ પોતાની ચેતના વડે નિદ્રાની પ્રવૃત્તિઓમાં વધુને વધુ પ્રમાણમાં ભાગ લેવાનું કાર્ય કરવું જોઈએ.

આ દૃષ્ટિએ જોતાં, રાત્રિ દરમ્યાન આવેલાં અનેક સ્વપ્નોમાં રસ લઈને, તેમ જ દરરોજનું સ્મરણ કરવાની ટેવ પાડવાથી અને એ રીતે તેમના અવશિષ્ટ રહેલા ભાગોને કકડે કકડે કરીને સુનિશ્ચિત સ્મરણોમાં પરિવર્તિત કરવાથી અને જાગ્યા પછી તેને નોંધી લેવાથી, બહુ લાભ થાય છે.

આવી ટેવો પાડવાને કારણે, મનોમય શકિતઓનું શકિત સંચાલન આ નિદ્રાવસ્થાની ઘટનાઓ સાથે પોતાનો સુમેળ સાધવા માટે અને તેમના ધ્યાન, કુતૂહલવૃત્તિ અને વિશ્લેષણ શકિતને તેમની ઉપર પ્રેરવા પ્રત્યે ઉત્તેજન પ્રાપ્ત કરે છે.

ત્યારે પછી સ્વપ્નોમાં એક પ્રકારની તર્કસંમત વ્યવસ્થા રચાઈ આવશે, અત્યાર સુધીની, નિદ્રાવસ્થાની અવ્યવસ્થિત પ્રવૃત્તિઓને વધુને વધુ પ્રમાણમાં સભાન પ્રવૃત્તિના રૂપમાં વચમાં વચમાં મૂકવાનું બેવડું પરિણામ પણ સિદ્ધ થશે, અને ઉત્તરોત્તર આ પ્રવૃત્તિઓના ક્ષેત્રને વધુને વધુ પ્રમાણમાં સતર્ક અને પ્રેરણાદાયી બનાવવામાં ફાળો આપતી રહેશે.

પછી આપણાં સ્વપ્નો, સૂક્ષ્મ દર્શનોનું સ્થાન લેશે અને કેટલીક વાર, ભવિષ્યદર્શક સ્વપ્નો પણ બની રહેશે. એથી આગળ જતાં આખીયે અગત્યની વસ્તુઓના ક્ષેત્રનું ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરવું આપણે માટે શકય બનશે.

# પરમ શોધ

જો આપણે સમગ્રતાયુક્ત પ્રગતિ કરવાની ઇચ્છા રાખતા હોઈએ તો આપણે આપણા સચેતન સ્વરૂપમાં એક બલિષ્ઠ અને વિશુદ્ધ સામંજસ્યભર્યો મનનો સમન્વય ઊભો કરવો જોઈએ. આવો સમન્વય બહારના પ્રલોભનોની સામે આપણે માટે રક્ષારૂપ બને છે, આડાઅવળા બધા માર્ગોમાંથી આપણને બચાવી લેતા સીમાચિહ્નની ગરજ સારે છે, ચલાયમાન જીવનસાગર પર આપણા પ્રવાસપથને અજવાળનાર દીવાદાંડીનું કાર્ય કરે છે.

દરેક વ્યક્તિએ પોતપોતાનાં વલણ અનુસાર, સહજ સંબંધના મેળ અને અભીપ્સાઓ અનુસાર આ મનોમય સમન્વય ઘડી કાઢવાનો છે. પરંતુ જો આપણે એને સત્યત: જીવંત અને જ્યોતિર્મય બનાવવા માગતા હોઈએ તો જે વસ્તુ આપણા આખા આત્માના કેન્દ્રસ્થાને છે, આપણું જીવન અને જ્યોતિ છે તે વસ્તુની આપણી બુદ્ધિ માટે પ્રતીકરૂપ બનેલી ભાવના એ સમન્વયના કેન્દ્રમાં ય હોવી જોઈએ.

સર્વ દેશોમાં અને દરેક યુગમાં સઘળા મહા ગુરુઓએ જુદે જુદે રૂપે પરમ ભવ્ય વાણીમાં વ્યકત કરેલી આ ભાવના ઉપદેશી છે.

પ્રત્યેક વ્યકિતનો અહં અને વિશ્વનું મહા અહં એક જ છે.

જે બધું અસ્તિત્વમાં આવેલું છે તે બધું તેના અસલ રૂપમાં અને તત્ત્વમાં શાશ્વત કાળથી છે; તો પછી સત્ત્વની અને તેના ઉદ્‌ભવની વચ્ચે, આપણે અને આપણે જેને આપણું આદિ ગણીએ છીએ તેની વચ્ચે ભેદભાવ શા માટે?

પુરાણી પરંપરાઓએ સાચું જ કહ્યું છે "આપણે અને આપણા અસ્તિત્વનું આદિ કારણ, આપણે અને આપણો પ્રભુ એકરૂપ છીએ."

અને આ એકતાને ઓછાવત્તા નિકટના અને અંતરંગી સંબંધ જેવી કેવળ નહીં, પરંતુ સાચા અદ્વૈત રૂપ જ સમજવી જોઈએ.

આમ જ્યારે ભગવાનની શોધમાં નીકળેલો માણસ ક્રમે ક્રમે અગમ્યની પ્રતિ આરોહણ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તે ભૂલી જાય છે કે તેનું બધું જ્ઞાન, બધું અંત:સ્ફૂરણ એ અનંતમાં તેને એક ડગલું પણ આગળ લઈ જઈ શકે તેમ નથી. તેને ખબર નથી કે જેને તે પોતાનાથી આટલું બધું દૂર માની પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે તે તો પોતાની અંદર છે.

કારણકે જ્યાં સુધી વસ્તુમાત્રના મૂળનું સંજ્ઞાન તેની પોતાની અંદર ન જાગે ત્યાં સુધી તે તેના આદિ કારણ વિષે કશું જ શી રીતે જાણી શકે?

માણસ પોતાના સ્વરૂપને સમજતો થાય, તેને જાણતાં શીખતો થાય ત્યારે તેના વડે તે એ પરમ શોધ કરવાને શકિતમાન બને, અને બાઈબલમાં કહેલા કુલપતિની માફક આશ્ચર્યના ઉદ્‌ગાર કાઢે, "આ રહ્યું, પ્રભુનું ધામ તો આ રહ્યું! ને મને એની ખબરે ન'તી!"

તેટલા માટે તો સર્વ પાર્થિવ જગતોની સર્જનહાર એ ઉત્તમ તત્ત્વભાવનાને અભિ-વ્યકિત આપવી જોઈએ, જેથી કરીને પૃથ્વીલોકને તથા સ્વર્લોકોને સભર ભરતો આ શબ્દ સમસ્ત વિશ્વ સાંભળે, "વસ્તુમાત્રમાં, ભૂતમાત્રમાં હું છું."

જે સમયે સર્વને આ જ્ઞાન થઈ જશે તે સમયે મહાન રૂપાંતરોનો પ્રતિજ્ઞાત દિવસ ઉપસ્થિત થયો હશે. માણસો જ્યારે પદાર્થના પ્રત્યેક પરમાણુમાં વિરાજમાન પ્રભુની ઈચ્છાને પિછાનતા થશે, જ્યારે માનવ જીવમાત્રમાં ઈશ્વરના ઇંગિતની રૂપરેખા નીરખતા થશે, જ્યારે માનવ પોતાના બંધુમાં ભગવાનનાં દર્શન કરતાં શીખશે ત્યારે સમસ્ત પ્રકૃતિને અતિ ભારકારી બની રહેલા અંધકારોને, અસત્યોને, અજ્ઞાનોને, દોષોને અને દુ:ખોને દૂર ભગાડી મૂકનાર પ્રભાતનો ઉદય થશે. કારણ "પ્રભુના પુત્રો પોતાનો આવિર્ભાવ કરે તેની પ્રતીક્ષા કરતી સમસ્ત પ્રકૃતિ પીડાય છે, ક્રન્દન કરે છે."

બીજી બધી ભાવનાઓના સારના સરવૈયા રૂપ કેન્દ્રવર્તી ભાવના તે ખરેખર આ. આ ભાવના જ આપણા સમસ્ત જીવનને પ્રકાશિત કરનાર સૂર્યની માફક આપણી સ્મૃતિમાં નિરંતર વિદ્યમાન રહેવી જોઈએ.

તેથી તો આજે હું એને તમારા ધ્યાનમાં લાવું છું. કારણ કે જો આપણે આ ભાવનાને કોઈ અત્યંત વિરલ રત્નની માફક યા કોઈ મહામૂલ ખજાનાની માફક આપણા હૃદયમાં ધારણ કરીને આપણો માર્ગ અનુસરીશું, આપણી અંદર એને એનું પ્રકાશ પ્રગટાવવાનું અને રૂપાંતર સાધવાનું કાર્ય કરવા દઈશું, તો પ્રત્યેક વસ્તુના ને પ્રત્યેક સત્ત્વના કેન્દ્રમાં ને જીવંત ભાવે રહેલી છે એવું જ્ઞાન આપણને થશે ને એના અંતરમાં વિશ્વ સકલની અદ્‌ભૂત એકતા આપણે અનુભવીશું.

ત્યારે આપણને સમજાશે કે આપણા કંગાલ ભોગો કેવા નિ:સાર અને બાલિશ હતા. આપણા મૂર્ખાઈભર્યા કજિયા કેવા નિરર્થક હતા, આપણા ક્ષુદ્રભાવી આવેશો અને આંધળા રોષો કેવા ફોગટના હતા. આપણી લઘુતાભરી ખામીઓ આપણે વિલીન થઈ જતી નિહાળીશું, આપણા પરિમિત વ્યકિતભાવના ને અક્કલ વગરના અહંભાવના છેવટના મોરચા પડી ભાંગતા જોઈશું. આપણાં પરિબદ્ધ ચોકઠાંઓમાંથી તથા સાંકડી સરહદોમાંથી આપણને બહાર કાઢનાર સાચી આધ્યાત્મિકતાના પરમ ભવ્ય પ્રવાહમાં આપણી જાતને પ્લાવિત થતી અનુભવીશું.

વ્યકિતનું 'હું' અને વિશ્વનું 'હું' એકરૂપ છે; એકે એક જગતમાં, એકે એક જીવમાં, એકે એક વસ્તુમાં, એકે એક પરમાણુમાં ભગવાનની સંનિધિ છે, અને તેનો આવિર્ભાવ કરવો એ મનુષ્યનું આદિષ્ટ કાર્ય છે.

એ માટે માણસમાં પોતાના અંતરમાં વિરાજમાન પ્રભુની સંનિધિનું ભાન જાગવું જોઈએ. આ પરિણતિએ પહોંચવા માટે કેટલાકને શિખાઉપણાના ગાળામાંથી પસાર થવાનું હોય છે; એમનો અહંભાવ એમને અતિશય ગરકાવ કરી દેનાર, સ્થિતિબદ્ધ અને સ્થિતિચુસ્ત હોવાને લીધે, તેની સામેની એમની મથામણ લાંબી અને કલેશકારક નીવડવાની. તેથી ઉલટું, બીજાઓ વધારે પ્રમાણમાં વ્યકિતભાવરહિત, નમનશીલ માર્દવભર્યા તથા આધ્યાત્મિકતામાં વધારે વિકસેલા હોવાને લીધે પોતાના અસ્તિત્વના અખૂટ દિવ્ય ઊગમની સાથે સહેલાઈથી સંપર્ક સાધે છે. પરંતુ આપણે ભૂલવું જોઈએ નહીં કે આવાઓએ પણ અખંડપણે હરહંમેશ પોતાની જાતને અનુકૂલ બનાવવાના અને નવું રૂપ આપવાના પદ્ધતિસરના કાર્યમાં પરાયણતાપૂર્વક મંડયા રહેવું જોઈએ; જેથી આ નિર્મળ જ્યોતિના અંબારને આવૃત કરી નાંખે એવું કશું જ પોતામાંથી ફરી ઉદ્‌ભવે નહીં.

અહો! એકવાર આ ગહન ચૈતન્યની માનવને પ્રાપ્તિ થઈ જાય છે. ત્યારે તેનું દૃષ્ટિ-બિન્દુ કેવું બદલાઈ જાય છે! સમજ કેવી વિશાળ બને છે! કલ્યાણભાવના કેવી વૃદ્ધિગત થાય છે!

આના સંબંધમાં એક ઋષિએ કહ્યું છે:

"હું તો ઇચ્છું કે આપણે બધા જ તે કોટિએ પહોંચીએ, જ્યાંથી દુષ્ટમાં દુષ્ટ માણસમાં પણ આપણને અંતર્યામી ભગવાનનાં દર્શન થાય ને તેવા માણસની ઉપર દોષનો આરોપ મૂકયા વગર આપણે કહીએ, 'ઊભો થા, જ્યોતિર્મય આત્મા! તું તો સદાકાળનો શુદ્ધ છે, જન્મ મરણ તેં જાણ્યાં નથી: હે સર્વ શકિતમાન! ઊભો થા, અને તારા સ્વભાવને પ્રકટ કર."

આ સુંદર વચનને, ચાલો, આપણે આપણા આચારમાં ઉતારીએ, અને આપણી આસપાસનું બધું કોઈ ચમત્કારથી થતું હોય તેમ રૂપાંતર પામતું નિહાળીએ.

આ છે વલણ સાચા, સજ્ઞાન અને નિર્મળ દૃષ્ટિવંત પ્રેમનું, દેખાવોની પાછળ જોઈ શકનાર, શબ્દો આડે આવે છતાં સમજી શકનાર પ્રેમનું, બધા ય અંતરાયોની આરપાર થઈને ઊંડાણો જોડે અખંડ અનુસંધાન રાખનાર પ્રેમનું.

આ મહિમાવંત પરમ ભાગવત પ્રેમ કે જે આપણી નિર્બળતાઓને લાડ લડાવતો, આપણી ભૂલોને સુધારી લેતો, આપણા ઘા રુઝાવી દેતો, પુનર્જીવન અર્પતા એના પ્રવાહોમાં આપણા આખા આત્માને અંઘોળતો, આપણા અસ્તિત્વના અંતરતમ ઊંડાણમાંથી

આપણી ઉપર લળી રહ્યો છે, તે ભાગવત પ્રેમની આગળ આપણા આવેગો અને કામનાઓ આપણી યાતનાઓ અને દારુણતાઓ, આપણી પીડાઓ અને આપણી મથામણો, તથા આપણી અનિયંત્રિત કલ્પના જેને અણઘટતો નાટકીયતાનો વેશ પહેરાવે છે તે બધા અંતરંગી ભાગ્યપલટાઓનો તે શો ભાર?

કેમકે, અંતરમાં વિરાજતી ભગવતી દિવ્યતા પોતાના પ્રભાવનો દાબ દાખવતી નથી. કોઈપણ પ્રકારનો કશો દાવો કદી કરતી નથી, કદી ઠરાવતી નથી; તે તો આત્મનિવેદન કરે છે, પોતાની જાતને સમર્પી દે છે, ભૂતમાત્રના ને વસ્તુમાત્રના હૃદયમાં પોતાની જાતને છુપાવી રાખે છે ને તેને વિસારી જાય છે. તે નથી કાઢતી કોઈનો વાંક, નથી કોઈનો ન્યાયાધીશ બનતી, નથી કોઈને શાપ આપતી કે નથી કોઈને ગુન્હેગારીની સજા ફરમાવતી; પરંતુ તે સતત કાર્ય કરતી રહીને, જકડી નાખ્યા વગર પૂર્ણતા પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે, ઠપકાનાં વચનો ઉચ્ચાર્યા વગર સુધારવાનું સુધારી લે છે, ધીરજ ખોયા વગર પ્રોત્સાહન આપ્યે જાય છે, પોતપોતાની ગ્રહણશકિત અનુસાર સૌને ય ભંડારોથી સમૃદ્ધ બનાવતી રહી છે. આ છે મા, પોતાના પ્રેમવડે ધારણ કરતી, પોષતી, ચોકીદાર બની રક્ષા કરતી, હિતવાકય કહેતી, આશ્વાસન આપતી મા. તે સર્વ સમજે છે, તેટલા માટે તે બધાંને આધાર આપે છે, ભૂલો જતી કરી બધાંને માફી આપે છે, સર્વને માટે આશા સેવે છે અને સૌને તૈયાર કરે છે. સમસ્તને પોતાનામાં વહન કરતી હોવા છતાં તેની પાસે એવું કશું જ નથી કે જે સઘળાંનું ન હોય. સર્વની ઉપર તે અમલ ચલાવે છે તેથી તો તે સર્વની સેવિકા છે; ને એ કારણથી તો જેઓ તેના સમાન રાજત્વ ઈચ્છે છે તથા તેનામાં રહી દેવત્વ પામવા માગે છે તેઓ નાના હોય કે મોટા, તમામ પોતાના માનવ બંધુઓની મધ્યે આપખુદ નહીં પણ તેની માફક સેવકો બને છે.

સેવક તરીકેનો નમ્રતાઈભર્યો આ સ્વાંગ કેવો સુંદર છે! આ સ્વાંગ તો તે સર્વનો છે જેઓ સર્વમાં વિરાજમાન પ્રભુનો, વિશ્વસકલમાં ચૈતન્યનો સંચાર કરનાર ભાગવત પ્રેમનો આવિર્ભાવ કરવાના છે, તેની વધામણી આપવાના છે.........

અને જ્યાં સુધી આપણે તેમના દૃષ્ટાંતને અનુસરવાને શકિતમાન ન થઈએ, જ્યાં સુધી આપણે તેમના જેવા સાચા સેવકો ન બનીએ ત્યાં સુધી ઉચિત છે કે આપણે આપણી જાતને આ ભાગવત પ્રેમ વડે ઓતપ્રોત થવા દઈએ, સ્વભાવપલટો પામવા દઈએ, તથા આપણું આ અદ્ભૂત કરણ – પાર્થિવ જીવનયંત્ર – જરા જેટલું ય સાચવી રાખ્યા વગર તેને સમર્પિત કરી દઈએ. પ્રભુ પોતે એ કરણની શકિતની પરિસીમા પર્યંતનું સર્વ ક્રિયાની પ્રત્યેક ભૂમિકા ઉપર તેની પાસે ઉત્પન્ન કરાવશે.

આત્મસમર્પણની આ અવસ્થાએ પહોંચવા માટે બધાં જ સાધનો સારાં છે, બધી જ પદ્ધતિઓ પોતપોતાની રીતે મૂલ્યવાન છે. જે એક વસ્તુ કેવળ અનિવાર્ય છે તે આ કે ધ્યેયની પ્રાપ્તિના નિશ્ચયમાં ખંતપૂર્વક મંડયા રહેવું. કારણકે એમ થાય ત્યારે સેવાતી

બધી અભ્યાસવૃત્તિઓ, સાધ્ય થતાં બધાં કાર્યો, સામે મળતાં બધાં મનુષ્યો ધ્યેયમાર્ગે જતાં આપણને એકાદ સૂચન, કંઈ મદદ તથા પથદર્શક જ્યોતિ આપતા જાય છે.

અત્યાર સુધીમાં દેખીતી રીતે નિષ્ફળ એવા કેટલાક પ્રયત્નો જેવો કરી ચૂકયા છે. જેઓને માર્ગ ઉપર સપડાવનારી જાળોનો પરિચય થઈ ગયો છે, પોતાની નિર્બળતા જેઓએ માપી લીધી છે, તથા જેઓ શ્રદ્ધા ને હિંમત હારી જવાના ભયમાં આવી પડયા છે તેઓને માટે પૂરું કરતાં પહેલાં થોડાં પાનાં ઉમેરીશ. પાવન કરનાર પાવકો સમી સર્વ પ્રકારની કસોટીઓ જે સમયે પોતાની ઉપર ધસી આવતી હતી તે સમયે વ્યથિત થઈ રહેલાં હૃદયોમાં આશા જગાડવાના ઉદ્દેશથી એક આધ્યાત્મિક કાર્યકર્તાએ આ પાનાં લખેલાં છે.

*
* *

'તમે કે જેઓ થાકયા છો, રગદોળાયા છો, પતન પામેલા છો, ને પોતે પરાસ્ત થઈ ગયા છો એમ કદાચ માનો છો, તે તમે એક મિત્રનાં વચનોને લક્ષમાં લો. તમારી વેદનાને તે પિછાને છે, તે એમાં ભાગીદાર બનેલો છે; તેણે પણ તમારી માફક પૃથ્વીના પાપ તાપ સહન કર્યા છે; તમારી માફક દિવસના ત્રાસના બોજ તળે રણ ઓળંગ્યા છે; ભૂખ, તરસ, નિર્જનતા, પરિત્યાગ, અને સૌથી વધારે ક્રુર એવી હૃદયની શુષ્ક દશા તેણે પણ ભોગવી છે; અફસોસ! શંકાની ઘડીઓ પણ તેણે જાણી છે; ભૂલોનો, દોષોનો, અનિશ્ચિતતાનો, અને બધી જાતની નિર્બળતાઓનો તેને અનુભવ છે.

પણ તમને તે કહે છે: 'હિંમત રાખો!' ઊગતો સૂરજ પૃથ્વીને હરહંમેશ જે બોધપાઠ આપે છે તે ધ્યાનમાં લો; એ આશાનો પાઠ છે, આશ્વાસનનો સંદેશો છે.

'ઓ રુદન કરનારાઓ! ઓ પીડા પામનારાઓ! ઓ ગભરાઈ ગયેલાઓ! પોતાના દુર્ભાગ્યની અવધિ અને વેદનાનો અંત કયારે આવશે તેની અગાહી કરવામાં અસમર્થતા અનુભવનારાઓ! જુઓ તમે! પ્રભાત વિનાની કોઈ રાત નથી; અંધકાર જ્યારે ગાઢમાં ગાઢ હોય છે ત્યારે પરોઢિયું તૈયાર થતું હોય છે. એવું એકે ધુમ્મસ નથી જેને સૂર્ય વિખેરી નાંખતો ન હોય, એવું એકે વાદળું નથી જેને તે ઓપ ચડાવતો ન હોય, સૂર્ય કોઈ દિવસે સૂકવતો ન હોય એવું એકે આંસુ નથી, એવું એકે તોફાન નથી કે જેને અંતે તેનું વિજયી ધનુષ્ય પ્રકાશી ઊઠતું ન હોય, સૂર્ય ઓગળી નાંખતો ન હોય એવો કોઈ બરફ નથી, વિલસતી વસંતમાં તે પલટાવી નાંખતો ન હોય એવો કોઈ શિયાળો નથી.'

અને એ પ્રમાણે તમારે માટે પણ એવો કોઈ સંતાપ નથી જે સમતોલ મહિમાને પ્રગટાવતો નથી, એવું કોઈ દુ:ખ નથી જે આનંદમાં રૂપાંતર નથી પામતું, એવી કોઈ હાર નથી જે વિજયમાં ફેરવાઈ નથી જતી, એવું કોઈ પતન નથી જે ઉચ્ચતર શિખરના આરોહણનું રૂપ નથી લેતું, એવી કોઈ નિર્જનતા નથી જે જીવનનું સાક્ષાત

નિવાસસ્થાન નથી બનતી, એવો એકે વિસંવાદ નથી જે સુસંવાદિતામાં પરિણત થતો ન હોય: કેટલીક વાર તો બે મન વચ્ચેની ગેરસમજ જ બે હૃદયોને ભાવ–ભેળાં થવા માટે ખુલ્લાં થવાની ફરજ પાડે છે. ટૂંકામાં એવી પાર વગરની કોઈ નિર્બળતા નથી જે બલિષ્ટતામાં પલટાઈ ન શકે અને સર્વશકિતમાન તો પ્રસન્ન થઈને પરમ નિર્બળ-તામાં ય પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે જ ને.

સાંભળ મારા નાનકડા બાળક! તને લાગે છે કે તું છેક બેહાલ બની ગયો છે, છેક પતિત થઈ ગયો છે, તારી દુર્દશાને ઢાંકવા ને તારા અભિમાનને પોષવા તારી પાસે કશું જ રહ્યું નથી; છતાંય અત્યારે તું જેવો મહાન છે તેવો પૂર્વે કદી ય ન હતો! ઊંડાણમાં ઉદ્બોધન પામનારો કેટલો શિખરોની નજીક છે! કારણકે અંધાર–ખીણ જેમ વધારે ઊંડી તેમ શિખરો પોતાને વધારે પ્રગટ કરે છે.

આ તું નથી જાણતો કે વિશ્વવિસ્તારની ઉત્તમોત્તમ શકિતઓ પોતાને વસ્ત્રાવૃત કરવા માટે પાર્થિવ તત્ત્વના ગાઢમાં ગાઢ પડદા શોધે છે? રાજરાજેશ્વર પ્રેમ સાથે તમિસ્રમાં તમિસ્ર ઘાટગ્રાહી નમનીય માટીનાં, પરમ ઐશ્વર્યયુકત પ્રકાશ સાથે અંધકારની અભી-પ્સાનાં. અહો! મહાભવ્ય વિવાહમંગલો!

કઠિન કસોટીએ અને સ્ખલને જો તને નીચે નાખી દીધો હોય, દુ:ખના સાગરમાં તું ડૂબી ગયો હોય, તો પણ કશો શોક કરતો નહીં, કારણકે ત્યાં જ તને દિવ્ય સ્નેહ અને પરમ આશિષ આવી મળશે. પાવનકારી દુ:ખોના તપન–પાત્રમાં થઈને તું પસાર થયો છે, તેટલા માટે મહોજ્જવલ આરોહણો તારાં થયાં છે.

તું વિજન રણમાં છે તો ભલે મૌનની વાણીને સાંભળ, બહારના જગતની પ્રશંસાના અને ‘વાહ વાહ’ ના પોકારે તારાં શ્રવણોનું રંજન કર્યું છે, પરંતુ મૌનની વાણી તો અંતરમાં ઊંડાણોના પડઘા અને દિવ્ય સૂરતાઓનું સંગીત જગાડી તારા આત્માને આનંદિત કરશે.

તું ગહન રાત્રિમાં ગતિ કરી રહ્યો છે: તો ભલે, રાત્રિના અમૂલ્ય ખજાનાઓ ભેગા કર. ઝળહળતા સૂર્યપ્રકાશથી બુદ્ધિના માર્ગો અજવાળાય છે, પણ શુભ્ર જ્યોતિષ્કોએ ભરી રાત્રિમાં પૂર્ણતાના ગુપ્ત પંથ તથા આત્માના ધનભંડારોની ગૂઢ ચાવી હાથ આવે છે.

તેં અકિંચનતાનો માર્ગ લીધો છે; એ તો તને ભરપૂર થઈ જવાની દિશામાં દોરી જાય છે. જ્યારે તારી પાસે કશું જ ન રહે ત્યારે બધું જ તને આપવામાં આવશે. જેઓ સાચા દિલના, સીધા અને સરળ છે તેઓને માટે ખરાબમાં ખરાબમાંથી ય સારામાં સારું જ નીપજે છે.

જમીનમાં વવાયેલો દરેક કણ હજાર કણ ઉત્પન્ન કરે છે. દુ:ખની પાંખનું પ્રત્યેક સ્પંદન મહિમાધામે લઈ જતું ઊંડાણ બનવા સમર્થ છે.

અને વિરોધો જ્યારે માણસ ઉપર ઝનૂની હલ્લો કરે છે ત્યારે તેને દૂર કરવા માટેની પ્રત્યેક પ્રવૃત્તિ માણસને મહાન બનાવનારી જ નીવડે છે.

વિશ્વની ગાથા તરફ કાન માંડ. જો, મહાશત્રુનો વિજય થતો દેખાય છે. જ્યોતિના જીવોને તે રાત્રિનાં અંધકારમાં નાખે છે, ત્યાં તો રાત્રિ તારાઓથી ભરાઈ જાય છે. વિશ્વના સંચાલને સામે વધતા જતા રોષથી તે ઝૂઝે છે, આદ્ય બ્રહ્માંડના મહારાજ્યની અવિચ્છિન્ન એકતા ઉપર તે આક્રમણ કરે છે, એના મેળને છિન્ન ભિન્ન કરી નાખે છે, ખંડો અને ઉપખંડોમાં તેને વિભક્ત બનાવી દે છે, ચોગમ અનંતતામાં એની રજકણો વેરે છે; અને એ રજકણો અનંતતાને ફળદ્રુપ બનાવતી સોનેરી વાવણીમાં પરિણત થાય છે, ને પછી પોતાના શાશ્વત કેન્દ્રની આસપાસ વિશાળતર વર્તુળમાં આકર્ષાતાં જતાં જગતોથી અવકાશને વસાવે છે. આમ વિભક્ત કરવાની ક્રિયા પોતે જ વધારે સમૃદ્ધ અને વધારે ગહન એકતાને જન્મ આપે છે, અને પાર્થિવ જગતની સપાટીના વિસ્તારને અનેકગણો કરી જે સામ્રાજ્યનો વિનાશ કરવાનો તેણે આરંભ કર્યો હતો તે સામ્રાજ્યના મહિમાને જ તે વધારે બહલાવે છે.

પારાવારતાના હૃદય ઉપર ઝૂલતા આદિ બ્રહ્માંડગોલકનું ગાન બેશક સુંદર હતું; પરંતુ નક્ષત્રમંડળોની સંવાદિતા, ગોલકોનું સંગીત, વિજયના શાશ્વત સ્તોત્રથી સ્વર્ગોને ભેદી દેતું સીમાતીત સહગાન,–એ એ કેટલું વધારે સુંદર અને જયમંગલમય છે!

હજી વળી સાંભળ, પોતાના દિવ્ય ઊગમથી વિખૂટા પડેલા માનવની દશા કરતાં વધારે વિપદ્‌ગ્રસ્ત દશા બીજી કોઈ કદી હતી નહીં. એની ઉપર જોરજુલમથી ધણી થઈ બેઠેલાની વેરી સરહદ વિસ્તારી હતી ને દિગ્‌મંડળના દરવાજાઓએ ઝાળ કાઢતી તરવારો લઈ દરોગાઓ ચોકી કરતા હતા. એ સ્થિતિમાં જીવનના મૂળ પ્રતિ આરોહણ કરીને જવું એને માટે સર્વથા અશક્ય હતું, તેથી એ મૂળ એના પોતાના અંતરમાં પ્રગટી ઊઠ્યું; ઊર્ધ્વની જ્યોતિ ઝીલવાનું એનામાં કશું સામર્થ્ય હતું નહીં તેથી સાક્ષાત્ એના અસ્તિત્વના કેન્દ્રમાં એ જ્યોતિ ઝળહળી ઊઠી; પરાત્પર પ્રેમ સાથે અંતરનું અનુસંધાન સાધવાની એનામાં શકિત હતી નહીં તેથી પાર્થિવ જીવમાત્રને પ્રત્યેક માનવી 'અહં' ને પોતાનું ધામ, મંગલ મંદિર બનાવી તે પ્રેમે પોતાની જાતને યજ્ઞમાં હોમી આત્માર્પણ કરી દીધું.

આવી રીતે આ તિરસ્કૃત થયેલ છતાં ફળદ્રુપ, વેરાન છતાં પરમ ધન્ય પાર્થિવ તત્ત્વના પ્રત્યેક પરમાણુમાં એક દિવ્ય ભાવના સમાયેલી છે. ભૂતમાત્ર અંતર્યામી ભગવાનને પોતાના અંતરમાં લઈને ફરે છે, ને આખા જગતમાં માણસના જેવું નિર્બળ બીજું કશું જ નથી, છતાં યે એના જેવું દિવ્ય પણ બીજું કશું નથી જ!

સાચે જ સાચે, દીનતામાં ઉજ્જ્વલ મહિમાનું પારણું મળી આવે છે!

# સભાઓ

(૧૪મી મે ૧૯૧૨ થી ૨૪મી જૂન ૧૯૧૨ વચ્ચેની સભાઓ).

**નોંધ**

૧૯૧૨ની સાલમાં સત્યશોધકોનું એક નાનકડું મંડળ જ્ઞાન પામવા અને પોતાની જાત ઉપર પ્રભુત્વ પામવાના આશયથી મળતું હતું.

દરેક બેઠકને અંતે એ સર્વસામાન્ય પ્રશ્ન પૂછવામાં આવતો અને તેનો દરેક સભ્યે વ્યક્તિગત રીતે ઉત્તર આપવાનો રહેતો. એ ઉત્તરો ત્યારે પછીની બેઠકમાં વાંચવામાં આવતા. પછી સમાપન કરવા માટે એક નાનકડો નિબંધ વાંચવામાં આવતો. અહીં એ નિબંધો આપ્યા છે.

## ૧૪મી મે, ૧૯૧૨ની સભા

**પ્રશ્ન :** વિશ્વના કાર્યમાં મારું શું સ્થાન છે?

**ઉત્તર :** આપણે દરેકે અમુક ભાગ ભજવવાનો છે, એક કામ કરવાનું છે, એક એવું સ્થાન પ્રાપ્ત કરવાનું છે જે કેવળ આપણે જ કરી શકીએ તેમ છે.

પરંતુ આ જે કાર્ય કરવાનું છે તે આપણા સ્વરૂપના અત્યંત ઊંડાણમાં આવેલ કેન્દ્રનો બાહ્ય આવિર્ભાવ છે, જ્યારે આપણે આપણી અંદર આવી રહેલ આ ગહરાઈ વિષે સભાન બનીએ છીએ ત્યારે જ એ કાર્યની સુનિશ્ચિત રૂપરેખા વિષે આપણે સભાન બનીએ છીએ.

જ્યારે મનુષ્યમાં સાચું પરિવર્તન આવે છે ત્યારે કેટલીકવાર આમ જ બને છે. જ્યારે આપણે રૂપાંતરકારી જ્યોતિને નિહાળીએ છીએ અને કોઈ પણ પ્રકારના બંધન વિના આપણી જાત તેને સોંપી દઈએ છીએ ત્યારે વધુમાં વધુ ચોક્કસપણે અને અચાનક જ આપણને ખ્યાલ આવે છે કે આપણું સર્જન શા માટે થયેલું અને પૃથ્વી ઉપર આપણું અસ્તિત્વ હોવા પાછળ શું કારણ છે?

પરંતુ આવી રીતે પ્રકાશ પ્રાપ્ત કરવાનું જવલ્લે જ બને છે. એ વસ્તુ તો આપણી અંદર શ્રેણીબંધ પ્રયત્નો અને આંતરિક વલણોને પરિણામે જ નિર્મિત થાય છે. અને આપણી અંદર આ પ્રકારનાં વલણો અને આત્માવસ્થાઓ પ્રાપ્ત કરવાની અને જાળવી

રાખવાની અનિવાર્ય શરતોમાંથી એક એ છે કે આપણે દરરોજ આપણા સમયમાંથી અમુક હિસ્સો કોઈ નિ:સ્વાર્થી કાર્ય માટે કાઢવો. રોજ આપણે એવું કાંઈ કરવું જોઈએ જેનાથી બીજાને લાભ થાય.

તત્ત્વત: આપણે શું સિદ્ધ કરવાને માટે નિર્માયા છીએ એ વસ્તુની આપણને જાણ થાય ત્યાં લગી આપણે આપણા માટે એક એવો કામચલાઊ વ્યવસાય શોધી કાઢવો જોઈએ જેના વડે આપણામાંથી હાલની કાર્યક્ષમતાઓ અને આપણામાં રહેલો શુભસંકલ્પ ઉત્તમમાં ઉત્તમ રીતે અભિવ્યક્ત થાય.

પછી આપણે એ વ્યવસાયમાં સંનિષ્ઠા અને ખંતપૂર્વક આપણી જાતને પરોવી દેવી જોઈએ, અને સાથે સાથે એ વસ્તુ પ્રત્યે સભાન રહેવું જોઈએ કે જેમ જેમ આપણને આદર્શ અને આપણી અંદર રહેલી શકિતઓ વિકાસ પામશે તેમ તેમ, એક દિવસ આપણી દૃષ્ટિ સમક્ષ એ વસ્તુ વધુ સ્પષ્ટપણે ખુલ્લી થશે કે આપણે શું કાર્ય સિદ્ધ કરવાનું છે. જેટલા પ્રમાણમાં આપણે દરેક વસ્તુને આપણી જાત સાથે જોડવાની ટેવથી છૂટા થઈશું અને આપણી જાતને વધુને વધુ પ્રમાણમાં અને વધુ પ્રેમપૂર્વક આપણી જાતને પૃથ્વી અને મનુષ્યોને અર્પણ કરી દઈશું, તેમ તેમ આપણને જણાતું જશે કે આપણાં ક્ષિતિજો વિશાળ થઈ રહ્યાં છે, આપણી ફરજો વધી પડી છે અને સ્પષ્ટ થઈ રહી છે.

આપણને જણાશે કે આપણા વિશિષ્ટ સ્વભાવને લઈને આપણું કાર્ય એક અમુક રીતની પ્રગતિ કરવાની રેખાને અનુસરે છે.

આપણા નિર્માણ થયેલા કાર્યની ચોક્કસ રૂપરેખા વિષે આપણે સભાન બનીશું તે પહેલાં આપણે જે કાંઈ કાર્યોમાં એક પછી એક જોડાયે જઈશું તે બધાં એક જ દિશામાં જતાં હશે, એક જ પ્રકારનાં હશે; એનો અમુક એક ખાસ પ્રકાર હશે જેના દ્વારા આપણી પ્રકૃતિ, આપણું ચારિત્ર્ય અને આપણો સ્પંદન આપોઆપ પ્રગટ થતો હશે.

આ પ્રકારના વલણની શોધ, આ પ્રકારનો વિશિષ્ટ દૃષ્ટિકોણ અપનાવવાનું કાર્ય, કુદરતી રીતે જે રીતનો પોતાનો શોખ હોય તેને માર્ગે, એક સ્વતંત્ર પસંદગી દ્વારા, અને સર્વ પ્રકારનાં બાહ્ય અને સ્વલક્ષી કારણોથી પર રહીને થવી જોઈએ.

લોકોને ઘણીવાર તેમનાં સાધનોના ગજાબહારની પસંદગી કરવાનું કહેવામાં આવે છે. અહીં જરા ગોટાળો થાય છે.

જે લોકો પોતાને જે કાર્ય કરવા માટે અભિરુચિ હોય છે તેને સ્વતંત્ર રીતે પસંદ કરે છે, તેઓ મારી દૃષ્ટિએ જોતાં, તેની દિશાની બાબતમાં કોઈ ભૂલ કરતાં નથી: આ કાર્ય તેમના વિશિષ્ટ વલણની અભિવ્યકિતરૂપ હોવું જોઈએ. પરંતુ એમની ભૂલ એ બાબતમાં થાય છે કે એ લોકો એમના કાર્યને એક જ ધડાકે સંપૂર્ણ રૂપમાં, સમગ્ર-

તયા, એની ગહરાઈ અને ખાસ કરીને એની સપાટી ઉપરના વિસ્તારને આવરી લઈને પૂરું કરી નાખવા ઇચ્છા રાખે છે. એ લોકો ભૂલી જાય છે કે એમના પોતામાં રહેલી અપૂર્ણતાના પ્રમાણમાં એમના કાર્ય વિષેનો ખ્યાલ પણ અપૂર્ણ જ હોય છે અને જો તેઓ ડાહ્યા હોય તો, તેમણે પોતે જે કરવાની ઇચ્છા રાખતા હોય છે તેના જ્ઞાનમાં પોતે એ ક્ષણે જે કાંઈ કરવાની ક્ષમતા ધરાવતા હોય છે તેના જ્ઞાનને ઉમેરવું જોઈએ.

આ બે પાસાંને લક્ષમાં લીધાં પછી જ તેઓ ઓછામાં ઓછા સમય અને શકિતના ઓછામાં ઓછા વ્યય દ્વારા પોતાની ઉપયોગિતા સાબીત કરી શકે છે.

પરંતુ ઘણા થોડા લોકો એટલી બધી સ્પષ્ટ દૃષ્ટિ અને ડહાપણ સાથે કાર્ય કરે છે–પોતાનો માર્ગ શોધનાર મનુષ્ય ઘણું ખરું આ પરસ્પર વિરોધી લાગતી એવી બે ભૂલોમાંથી એક કરી બેસે છે અને તે એ કે:

તેઓ પોતાની કામનાઓને સત્ય તરીકે માની લે છે, એટલે કે, પોતાની સાચી શકિતઓ અને ક્ષમતાઓ વિષે પહેલેથી નિશ્ચય બાંધી લે છે અને એમ માને છે કે પોતે અમુક સ્થાન અને ભાગ ભજવવાનું કાર્ય તરતમાં જ કરી શકે તેમ છે જ્યારે ખરી રીતે એ સ્થાનને યોગ્ય માનપૂર્વક ભરવા માટે તો વર્ષોના પદ્ધતિસરના ખંતપૂર્ણ પ્રયત્નોની આવશ્યકતા હોય છે.

અથવા તો તેઓ પોતામાં રહેલી સુષુપ્ત શકિતઓ વિષે યોગ્ય તુલના કર્યા વિના પોતાની જાતની મર્યાદા બાંધી દે છે, અને પોતામાં ઊંડી અભીપ્સા હોવા છતાં, પોતે એક એવા કાર્યમાં જોડાય કે જે પોતાનાં સાધનોના પ્રમાણમાં ઘણું નીચલી કક્ષાનું હોય છે અને જેને લઈને પોતાની અંદર રહેલી જે જ્યોતિએ પોતાનાં કિરણો બીજાઓ પ્રત્યે રેલાવ્યા હોત તેને ધીરે ધીરે ઠારી નાખે છે.

આવા ખડકાળ રસ્તે પોતે પોતાની જાતને દોરવાનું અને સમતુલાનો મધ્યમ માર્ગ શોધવાનું કાર્ય શરૂઆતમાં અઘરૂં લાગે છે ખરું.

પરંતુ એક એવું ખાતરીલાયક હોકાયંત્ર પણ છે જેના વડે આપણે એ કામ કરી શકીએ છીએ. એમાં એવું કરવાનું કે, આપણે જે કાંઈ કામ માથે લઈએ તે કોઈ રીતની પ્રદર્શનવૃત્તિથી ન કરવું. કારણકે આપણે જ્યારે કીર્તિ, મોટાઈ કે આપણા સમકાલિન લોકોનો આદર પ્રાપ્ત કરવા માગીએ છીએ ત્યારે તરત જ તેમને નમતું આપવામાં તણાઈ જવું પડે છે. અને જો આપણને પોતાની આત્મશ્લાઘા કરવાની તક જોઈતી હોય છે તો આપણે સહેલાઈથી આપણે જેવા નથી હોતા તેવા પોતે છીએ એમ માની બેસીએ છીએ–અને આપણી અંદર રહેલા આદર્શ કરતાં બીજી કોઈ વસ્તુ એને અટકાવી શકતી નથી.

આપણે ખુલ્લેખુલ્લું કે આડકતરી રીતે કદાપિ એમ ન કહેવું: "મારે મહાન બનવું છે," અથવા તો પછી "મહાન બનવા માટે મારે કયો ધંધો ખોલી કાઢવો જોઈએ?"

એને બદલે આપણે આમ કહેવું જોઈએ, "એવી કોઈ વસ્તુ જરૂર હોવી જોઈએ કે જે હું બીજા કોઈ પણ કરતાં વધુ સારી રીતે કરી શકું, કારણકે આપણામાંની દરેક વ્યકિત, પ્રભુની શકિતનો એક વિશિષ્ટ પ્રકારનો આવિર્ભાવ છે, એ શકિત સર્વમાં તત્ત્વત: એકરૂપ હોય છે. એ વસ્તુ તેટલી નમ્ર અને સાધારણ કોટિની હશે, છતાં હું તેની પ્રત્યે મારી જાતનું સ્વાર્પણ કરી દઈશ, અને એને શોધવા માટે મારી રસવૃત્તિઓ, વલણો, અને પસંદગીઓનું હું અવલોકન તેમજ વિશ્લેષણ કરીશ, અને કોઈ પણ પ્રકારના ગર્વ કે વધુ પડતી નમ્રતા દાખવ્યા વિના હું એ વસ્તુ કરીશ, પછી ભલે બીજાઓ એને માટે ગમે તેમ ધારે. હું એમ કરીશ કારણકે મારાથી એ સિવાય બીજું કાંઈ થઈ શકે તેમ નથી, જેમ હું શ્વાસ લઉં છું, જેમ ફૂલો તેમની આસપાસની હવાને તદ્દન સરળપણે, કુદરતી રીતે સુગંધીનો પુટ આપી દે છે તેમ હું પણ સાહજીક રીતે વર્તીશ."

જે પળથી, આપણે એક ક્ષણમાત્રને માટે પણ, આપણી અંદરની સર્વ અહંમૂલક કામનાઓનો જે સર્વ વ્યકિતગત અને સ્વાર્થી લક્ષ્યોનો આપણે વિનાશ કર્યો હશે, તે ક્ષણથી આપણે આપણી જાતને આ આંતરિક સહજાવસ્થા, આ ગહન અંત:સ્ફૂરણા ઉપર છોડી દઈ શકીએ છીએ. એમ કરવાથી આપણે વિશ્વની જીવંત અને પ્રગતિશીલ શકિતઓ સાથે સંપર્કમાં આવી શકીએ છીએ.

જેમ જેમ આપણે આપણી જાતને સ્વાભાવિકપણે પૂર્ણ કરતા જઈશું તેટલા પ્રમાણમાં આપણા કાર્ય વિષેનો ખ્યાલ પણ પૂર્ણતા ધારણ કરતો જશે, અને આ પૂર્ણતા સિદ્ધ કરવા માટે આપણે આપણી તરફથી કોઈ પ્રયત્ન કરવાનો બાકી રાખવો નહિ, પરંતુ એને પરિણામે જે કાર્ય બની આવે તે, જેમ કોઈ ઝરણામાંથી પાણીની સરવાણી ફૂટી નીકળે છે તેમ, હંમેશાં અને વધુને વધુ પ્રમાણમાં આનંદદાયક અને સ્વાભાવિક બની રહેવું જોઈએ.

## ૨૧મી મે, ૧૯૧૨ની સભા

**પ્રશ્ન :** નિ:સ્વાર્થ કર્મ કરવામાં મોટામાં મોટું વિઘ્ન કયું હોય છે?

**ઉત્તર :** આ વસ્તુને આપણે અત્યંત સામાન્ય દૃષ્ટિબિંદુથી નિહાળીએ તો આપણે જે કાર્ય કરવાનું છે તેના હેતુથી આ વિઘ્નને અલગ પાડી શકાય તેમ નથી: ભૌતિક જડતત્ત્વની હાલની અવસ્થામાં રહેલ અપૂર્ણાવસ્થા જ વિઘ્નરૂપ છે.

આપણે એક અપૂર્ણ પદાર્થમાંથી ઘડાયેલાં છીએ એટલે આપણે ભાગે પણ એની અપૂર્ણતા આવ્યા વિના રહે તેમ નથી.

એટલે, આપણા ગહનતર આંતર સ્વરૂપમાં જે કાંઈ પૂર્ણતા, ચેતના અને જ્ઞાનની શકયતાનો અંશ રહેલો છે, છતાં આ સાદી વાત પણ ઊભી છે કે એ જે ભૌતિક દેહને ધારણ કરે છે તેમાંથી જ એના આવિર્ભાવની શુદ્ધિમાં આવાં વિઘ્નો આવે છે. અને છતાં, આ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરવો, જડ પદાર્થનું રૂપાંતર કરવું એ જ એકમાત્ર લક્ષ્ય છે. એટલે આપણી અંદર જો કોઈ વિઘ્નો જોવામાં આવે તો તેથી આશ્ચર્ય પામવું નહિ કે દીલગીર થવું નહિ, કારણકે આ પૃથ્વી ઉપર એવું કોઈ સ્વરૂપ નથી જેને કોઈ જાતની મુશ્કેલીઓ ઓળંગવાની ન હોય.

આ અપૂર્ણતાનું કારણ આપણી સમક્ષ બે દૃષ્ટિબિંદુઓમાંથી આવી શકે: એક સર્વ-સામાન્ય, બીજું વ્યકિતગત.

સામાન્ય દૃષ્ટિબિંદુથી જોતાં, પદાર્થતત્ત્વમાં જે અપૂર્ણતા છે તે, જે સૂક્ષ્મ શકિત-ઓને તેની મારફત વ્યક્ત થવાનું હોય છે તેના પ્રત્યે ખુલ્લાપણાના અભાવમાંથી આવે છે પરંતુ આ ખુલ્લાપણાના અભાવનાં અનેક કારણો હોય છે અને એવું સ્પષ્ટિકરણ કરવા જતાં આપણે આપણા વિષયના હાર્દમાંથી દૂર ચાલ્યા જઈએ તેવો સંભવ છે. આ સિવાય, મને લખો છે કે, છેવટે જતાં તો, સૌ વિશ્લેષણોને અંતે એમ જણાય છે કે સર્વ મુશ્કેલીઓનું મૂળ આપણી વ્યકિતતાના ભ્રમમાં રહેલું છે, એટલે કે, સર્વ વસ્તુઓથી અલગ એવી કોઈ વસ્તુનું અસ્તિત્વ હોઈ શકે છે એ એક ભ્રમ છે.

છતાં આ વિશ્વને તે જેવું છે તેવું જાણીએ તેવો ભ્રમ ઉત્પન્ન થવાના કારણ ઉપર તર્ક લડાવવા કરતાં, હું આ પ્રશ્નને તદ્દન પાર્થિવ અને માનવીય દૃષ્ટિબિંદુથી નિહાળીશ.

સૌથી અલગ એવા અહંભાવના અસ્તિત્વના ભ્રમને કારણે આપણી અંદર બે વૃત્તિઓ ઊભી થાય છે.

પહેલી વૃત્તિ તો સર્વની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરવાની અભાન જરૂરિયાતમાંથી ઊભી થાય છે. પરંતુ આ વ્યકિતતાના ભ્રમને કારણે જ, સૌ કોઈ આ તાદાત્મ્યને પોતાની અંદર આત્મસાત્ કરવાનો ખ્યાલ રાખે છે અને ઓછાવત્તો અંશે, સૌના કેન્દ્ર બની રહેવાની કામના સેવે છે. પરિણામે, પોતાની બૌદ્ધિક અથવા ભૌતિક શકિતના પ્રમાણમાં દરેક વ્યકિત, પોતે જે બધી વસ્તુઓ વિષે સભાન હોય છે તેને પોતાની પ્રત્યે ખેંચી લેવાની ઈચ્છા રાખે છે. અને એમ કરીને હંમેશાં પોતાની વ્યકિતતાને વધુને વધુ વિસ્તૃત કરવાની કામના સેવે છે.

મૂળમાં તો આ વૃત્તિ વ્યાજબી હોય છે કારણકે સર્વ વસ્તુઓ વિષે સભાનની કામનામાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ એનો આવિર્ભાવ અજ્ઞાનની રીતે થાય છે, કારણકે જો સર્વ વસ્તુઓ વિષે સભાન થવાનો કોઈ રસ્તો હોય તો પણ તે કાંઈ સર્વ વસ્તુઓને પોતાની તરફ ખેંચવામાં નથી પણ પોતાની ચેતનાને સર્વની ચેતના સાથે એક કરવામાં

રહેલો છે, અને એમ કરવા માટે કેવળ તદ્દન ઊલટી ક્રિયા અને વલણ ધારણ કરવાની જરૂર હોય છે.

વળી બીજી વૃત્તિ, જે પ્રથમની વૃત્તિનું સામાન્ય પરિણામ હોય છે તે એક વધુ પડતું રૂઢિચુસ્ત વલણ, આખી પ્રકૃતિનું જડસુપણું હોય છે — એ બૌદ્ધિક, નૈતિક કે પછી ભૌતિક હોઈ શકે — એને લઈને આપણે વિશ્વવ્યાપી પ્રગતિના નિયમની સાથે હંમેશાં સંવાદમાં રહી શકીએ તે માટે જેટલી ઝડપથી આપણું રૂપાંતર થવું જોઈએ તે થવું અશક્ય બની જાય છે.

તમે એમ કહી શકો કે વ્યક્તિને ભય હોય છે કે જો એ સૌની સાથે વધુ પડતો છૂટથી અને વિશાળતાપૂર્વક ભમતો રહે છે તો એ બીજાઓની પૂરતા પ્રમાણમાં ભિન્ન પ્રકારનો રહેતો નથી.

એ સિવાય, વસ્તુઓને પોતાની કરી લેવાની કામનામાંથી અને જે ભૂલને લઈને આપણે એમ માની બેસીએ છીએ કે આપણે કોઈ પણ વસ્તુના માલિક થઈ શકીએ છીએ તેમાંથી એવી સ્થિતિચુસ્તતા ઊભી થાય છે. આપણને એમ લાગે છે કે જે તત્ત્વોમાંથી આપણે બનેલા છીએ તે આપણા હોવાનો આપણો હક્ક છે. સભાનપણે કે અચેતનપણે આપણે તેમને આપણે માટે જાળવી રાખવા માગીએ છીએ, અને સાથે સાથે આપણે એમાં બીજાં તત્ત્વોનો ઉમેરો કરવાને પણ તૈયાર હોઈએ છીએ. પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે હકીકતમાં કોઈ સાચો ભેદ હોતો નથી, અને આપણે કોઈ વસ્તુ આપી શકતા નથી કે લઈ શકતા નથી.

આપણે સાંકળની એક કડીરૂપ બની રહેવું જોઈએ; એ કડીએ તેની પાસેની કડીઓના ભોગે તેનું કદ વધારવું જોઈએ નહિ. પરંતુ એણે જે પ્રવાહને ઝીલ્યો હશે તેને એ આબેહૂબ રીતે વહેતો કરશે તો એનામાં બીજો પ્રવાહ આવશે: અને જેટલા પ્રમાણમાં આપણી પ્રસાર શક્તિ પૂર્ણ અને ઝડપી હશે તેટલા પ્રમાણમાં એને જે શક્તિઓ અથવા વસ્તુઓને મોટા પ્રમાણમાં વાપરવાની કે અભિવ્યક્ત કરવાની છે તેમની સાથે વધુ ગાઢ સંપર્ક પ્રાપ્ત થશે. એટલે પછી કોઈ વસ્તુ લીધા વિના, પોતાને માટે કશું રાખી મૂકયા વિના, એને થોડે થોડે કરીને, સૌની સાથે આપ–લે દ્વારા સૌ વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત થશે.

મારી સામે જે વાંધા ઉઠાવવામાં આવશે અને જેમને હું અગાઉથી જોઈ શકું છું તેમને માટે હું આટલું ઉમેરીશ :

જ્યારે હું વ્યક્તિત્વના ભ્રમની વાત કરું છું ત્યારે હું એ વસ્તુ ઈન્કાર કરવા માગતી નથી કે દરેક વ્યક્તિની અભિવ્યક્તિ વિશિષ્ટ પ્રકારની હોય છે. પરંતુ વૈવિધ્યનો અર્થ વિભાજન એવો થતો નથી.

જો દરેક કડીને પોતાનું આગવું કાર્ય ન હોય તો પછી સાંકળમાં આ બધી અસંખ્ય કડીઓ શા માટે હોય ?

અને બીજી સરખામણીને પરિપૂર્ણ કરવા માટે અહીં વળી એક બીજી સરખામણી ઉમેરવી પડે તેમ છે કારણકે દરેક સરખામણી અધૂરી હોય છે.

આપણે કલ્પના કરો કે એક વિસ્તૃત જીવંત પ્રાણીના આપણે કોષ છીએ, અને આપણે તરત જ સમજી શકીશું કે જે કોષને પોતાના જીવન માટે સૌના જીવન ઉપર આધાર રાખવાનો છે તે અન્યથી છૂટો પડે તો તેને માટે વિનાશનો ભય રહેલો છે, અને છતાં એને સમગ્ર જીવનવ્યવસ્થામાં પોતાનો વિશિષ્ટ ભાગ પણ ભજવવાનો હોય છે.

પરંતુ એ જે ભાગ ભજવવાનો હોય છે તે આપણા સ્વરૂપમાં અત્યંત ગહનપણે જે વસ્તુ સ્વાભાવિક રીતે રહેલી હોય છે તે છે. એને શોધી કાઢવા માટે આપણે આપણા વ્યકિતત્વ ઉપર અહંકારપૂર્વકનો ભાર મૂકવાની જરૂર નથી. એથી ઊલટું, જેટલા પ્રમાણમાં આપણે આપણી જાતને એક નિર્વૈયકિતક કાર્યમાં સમર્પિત કરી દઈએ છીએ તેટલા પ્રમાણમાં આપણે ભજવવાનો ભાગ બળવાન અને સુનિશ્ચિત બને છે. અને આ જે ભાગ છે તે જ આપણું સાચું વ્યકિત–સ્વરૂપ છે, કારણકે દિવ્ય સત્ત્વને પ્રગટ કરવાની એ આપણી વિશિષ્ટ રીત છે, એ દિવ્ય સત્ત્વ સર્વમાં અને સર્વ વસ્તુઓમાં એકરૂપ હોય છે.

## ૨૮મી મે, ૧૯૧૨ની સભા

**પ્રશ્ન :** એવી કયી મનોવૈજ્ઞાનિક મુશ્કેલી હોઈ શકે કે જેનો હું કેવળ અનુભૂતિ વડે જ સારી રીતે અભ્યાસ કરી શકું ?

**ઉત્તર :** આપણા દરેકમાં એવી એક મુશ્કેલી હોય છે જે બીજી બધી કરતાં વધુ કેન્દ્ર સ્થાને હોય છે. એ મુશ્કેલી આપણે વિશ્વમાં જે ભાગ ભજવવાનો હોય છે તેને લગતી હોય છે, એ જાણે કે પ્રકાશની છાયા સરખી હોય છે, એ છાયાનો અંધકાર ક્રમેક્રમે હળવો થતો જાય છે; જેમ જેમ પ્રકાશનું પ્રમાણ વધુ તીવ્ર, વધુ ઝળહળાટવાળું, વધુ શકિતશાળી બનીને, આખા યે સ્વરૂપને પોતાના પ્રભાવ હેઠળ લેતું જાય છે તેમ તેમ એ છાયા કકડે કકડે કરીને વિલીન થઈ જાય છે.

આ મુશ્કેલી આપણા સર્વને માટે વિશિષ્ટ પ્રકારની હોય છે, એ ખાસ કરીને આપણું સમગ્ર ધ્યાન અને પ્રયત્ન માગી લે છે: કારણકે જો આપણે આપણી જાતનું અવલોકન કયી રીતે કરવું તે જાણીશું તો આપણે જાણીશું કે એ મુશ્કેલીમાંથી જ બીજી બધી એવી મુશ્કેલીઓ પેદા થાય છે જે આપણા માર્ગની આડે આવીને ઊભી રહે છે.

આજે સાંજે હું આ પ્રકારની મુશ્કેલીનો અભ્યાસ કરવાની રૂપરેખા દોરવા માગું છું.

એક અમુક પ્રકારની વધુ પડતી સંવેદનશીલતા એટલી બધી સક્રિય હોય છે કે એ જવલ્લે જ નજરે પડે છે. એ કાંતો હૃદયસ્પર્શી અથવા ઊર્મિમય પ્રકારની હોય છે.

આ પ્રકારના સંવેદનશીલતા એક પ્રકારના નાડીતંત્રોત્તર પદાર્થમાંથી આવે છે, જે અતિઘણો બુદ્ધિવાન બનેલો હોય છે છતાં તેની બુદ્ધિમત્તાના પ્રમાણમાં જોઈએ તેટલો આધ્યાત્મિક બનેલો હોતો નથી.

ઉત્ક્રાંતિની આ એક અવસ્થા છે જેમાં સ્વરૂપ પોતે સમર્પણ માટે તૈયાર હોય છે, કારણકે એ પોતાની વિષે સભાન હોય છે પરંતુ એમાં એણે પોતાનો વ્યકિતભાવ અને બુદ્ધિમત્તાને કેળવતાં કેળવતાં દરેક વસ્તુને પોતાની જાતના સંદર્ભમાં જોવાની ટેવ પાડી દીધી હોય છે અને એ રીતે તે વ્યકિતત્વની લાગણીના ભ્રમને તેની આત્યંતિક કક્ષા સુધી પહોંચાડી દીધો હોય છે.

કેટલીકવાર એવું બને છે કે વ્યકિતને માટે પોતે કર્મની કર્તા છે, લાગણીઓ અનુભવનાર અને વિચારોનું સેવન કરનાર પણ પોતે જ છે એવી દૃષ્ટિથી તે અત્યંત મુશ્કેલ કાર્ય બની જાય છે. પછી એમાંથી એક એવી અસ્વાભાવિક અવસ્થા ઉત્પન્ન થાય છે જે લગભગ, સત્યનિષ્ઠાના અભાવ સરખી જ ગણી શકાય.

વ્યકિતનું સ્વરૂપ, પોતાની આત્યંતિક સંવેદનશીલતામાં ખૂબ રસ લે છે, એ વ્યકિત-સ્વરૂપ અત્યંત નાજુક સાધન છે અને જરા અમસ્થા આંદોલનનો પણ અદ્ભૂત રીતનો પ્રત્યુત્તર આપે છે, અને આમ, પોતાની જાતને બહિર્ગત કરવાને બદલે, પોતાની જાતને ભૂલી જવાનું જરૂરી કામ કરવાને બદલે, એ પોતે પોતાની જાત પ્રત્યે જ વળી વળીને પાછી ફરે છે, પોતાની જાતનું જ અવલોકન અને વિશ્લેષણ કર્યા કરે છે અને એમ કરીને લગભગ સર્વાંશે પોતાની જાતને જ પોતાના ચિંતનનો વિષય બનાવી દે છે.

આ રીતની ઊર્મિમય સંવેદનશીલતાને જેમ જેમ ખીલવવામાં આવે છે તેમ તેમ એ વધુને વધુ ચોક્કસ સ્વરૂપની અને ગ્રહણશકિતવાળી બને છે. અને જીવનમાં તો સુખ કરતાં દુ:ખના પ્રસંગો વધુ આવે છે એટલે આ જે લાગણીની સૂક્ષ્મ ગતિઓને અનુ-ભવવાની અને તેમનો અભ્યાસ કરવાની જે જરૂરિયાત ખીલવવામાં આવી હોય છે તેમાંથી દુ:ખનો આસ્વાદ લેવા પ્રત્યેનું વલણ કેળવાય છે. આ એક રહસ્યમય માનસિક રૂગ્ણાવસ્થા હોય છે જે બીજું કાંઈ નહિ પણ દુ:ખના અનુભવ દ્વારા આત્મખોજ કરવાની એક રીત હોય છે. એ અહંકારનું એક બહુ સુસંસ્કૃત પણ ઘણું નુકસાનકારક રૂપ હોય છે.

હવે, આ વેદના સહન કરવાની જે જરૂરિયાત ઊભી થઈ હોય છે, તેમાં જો તમે સ્વયંસ્ફુરણા વડે પણ અસ્પષ્ટ સભાનતા સાથે જે એક એવી લાગણી ઉમેરાય છે કે,

તમારે જે કાર્ય સિદ્ધ કરવાનું છે તેને માટે, તમારા આ જગતના ઉપરના અસ્તિત્વના કારણમાં જ, બીજાઓનું દુ:ખ તમારી ઉપર ઓઢી લેવાની જરૂર છે – કારણ કે એ રીતે જ તમે તેમને સંવાદપૂર્ણ બનાવી શકો તેમ છે – તો પછી એનાં પરિણામો સર્વથા ભયંકર આવે છે.

ખરી રીતે જોતાં, આ વસ્તુની એક બીજી બાજુ પણ છે અને તે એ કે ઉપર જણાવેલું જ્ઞાન અપૂર્ણ છે કારણ કે તમે જાણતા નથી કે બીજાઓને સુખશાંતિ આપવાનો એક માત્ર માર્ગ, એ છે કે જગતના દુ:ખને થોડા અંશે પણ નાબૂદ કરવું. અને એમ કરવા માટે, એ દુ:ખ ગમે તેટલું ત્રાસદાયક લાગે તો પણ તેનાથી તમારામાં કોઈ જાતની એવી દુ:ખદાયક લાગણી ન જાગવી જોઈએ કે જેથી તમારી શાંતિ અને નિશ્ચલતામાં ભંગ પડે. વળી એક બીજી વાત પણ છે: તમારે અમુક કાર્ય સિદ્ધ કરવાનું છે એ ખ્યાલ પણ તમારામાં રહેલી વ્યકિતભાવની લાગણીને લઈને ખોટો પડે છે. એમાં ખરી રીતે પોતાની ઉપર સર્વ દુ:ખ ઓઢી લેવાનો ખ્યાલ જ ન રાખવો જોઈએ, કારણ કે એમ કરવું શકય જ નથી. એને બદલે તમારે બીજાઓના દુ:ખાનુભવ સાથે તાદાત્મ્ય સિદ્ધ કરવું જોઈએ કે જેથી કરીને તમે તેમાં તમારા પ્રેમ અને જ્યોતિના બીજકને સાથે લઈને પ્રવેશ કરી શકો અને એને પરિણામે સૌમાં એક ઊંડી સમજશકિત, આશા, વિશ્વાસ, અને શાંતિની ભાવના જન્મ પામે.

જ્યાં સુધી આ વસ્તુ સારી પેઠે સમજાઈ જતી નથી ત્યાં લગી, આપણા સ્વરૂપમાં આત્મબલિદાનની ભાવના જાગ્રત થાય છે; અને જ્યારે જ્યારે એને માટેના સંજોગો ઊભા થાય, ત્યારે એ વસ્તુ લાગણીવેડાવાળી, તર્કહીન, અને વિચિત્ર ભૂલો, કેટલીકવાર તો ભયંકર પરિણામો લાવનારી બને છે, કારણ કે એ પ્રશ્નની બાબતમાં **उदासीन** નથી હોતા, તમારામાં એ વસ્તુ પ્રત્યેની **कामना** હોય છે. તમારામાં કદાપિ કોઈ કાર્ય કરતાં પહેલાં બરાબર વિચાર કરીને પગલું ભરવાની ટેવ હશે તો પણ કાર્ય કરતાં પહેલાં જે વિચાર વૃત્તિ હશે તેમાં પણ અનિવાર્ય રીતે અમુક રીતનો ઝોક હશે, કારણ કે તમારામાં દુ:ખમાં રસ લેવાની જે અનિચ્છનીય સ્વાદવૃત્તિ હશે, પોતાની જાતને દુ:ખદાયક આત્મબલિદાનમાં ઝૂકાવવાની કામના હશે તેને લઈને એ વિચારપૂર્વક કાર્ય કરવાની ટેવમાં પણ ખોટાપણું દાખલ થવાનો પ્રસંગ ઊભો થશે.

આમ, સભાનપણે અથવા અભાનપણે, બીજાઓના સારાને માટે તમારું આત્મબલિદાન આપવાને બદલે, તમે કેવળ પોતાના આત્મત્યાગને ખાતર જ આત્મબલિદાન આપો છો, અને એતો તદ્દન બેહૂદી વાત છે એનાથી કોઈને લાભ થતો નથી.

આપણે કોઈ કાર્ય સારું છે એવો નિર્ણય કરીને હાથ ધરીએ તે પહેલાં આપણે તેનાં તાત્કાલિક,–અને શકય હોય તો લાંબા ગાળાનાં પણ, શું પરિણામો આવશે તેનો ખ્યાલ હોવો જોઈએ અને આપણને જો એમ લાગે કે અંતે જતાં તો એ કાર્યો, ગમે

તેટલા થોડા પ્રમાણમાં પણ, પૃથ્વી ઉપરના સુખમાં વધારો કરે તેમ છે, તો જ તે કરવાં જોઈએ. પરંતુ આવી વસ્તુઓની બુદ્ધિપૂર્વક તુલના કરી શકીએ તે માટે એ વસ્તુ જરૂરી છે કે આપણી તુલનામાં વ્યકિતગત પસંદગીઓ દાખલ થઈ જઈને ક્ષોભ ઉપજાવવો ન જોઈએ, અર્થાત્ આપણામાં નિર્લેપભાવ હોવો જોઈએ.

એ નિર્લેપભાવ એવો ન હોવો જોઈએ કે જે કેવળ આપણી લાગણીઓને બૂઠી કરી નાખે તેવો હોય, પરંતુ એનામાં દુ:ખનું સંવેદન નાબૂદ કરવાની ક્ષમતા આણવાની શકિત તો હોવી જ જોઈએ.

આ સર્વ ઉપરથી તમે સમજી શકશો કે, ઘડીભરને માટે તો હું પેલા કેવળ રીઢા લોકોને તો ગણત્રીની બાજુએ જ રાખું છું, એમને કશું દુ:ખ થતું નથી; કારણકે એ લોકો જે પદાર્થમાંથી બનેલા છે, તે અત્યંત અપરિપકવ, લાગણીશૂન્યતાની હદે જાય તેટલો જડ હોય છે, એ લોકો તો હજી દુ:ખનો અનુભવ લઈ શકે તેટલો પણ વિકાસ કરી શકયા નથી હોતા.

પરંતુ જે લોકોમાં આ સંવેદનશીલતા ઘણી ઊંચી કક્ષાએ પહોંચેલી હોય છે, તેમના માટે એમ કહી શકાય કે એમની દુ:ખ વેઠવાની શકિત, બરાબર તેમની અપૂર્ણતાના માપેમાપ મળી રહેતી હોય છે.

ખરેખર, જીવનમાં સાચા ચૈતસિક સત્ત્વનું પ્રગટ થવું એ તો એક શાંતિદાયક, આનંદદાયક નિર્મળતા હોય છે.

એટલે હવે, આપણને જે કાંઈ દુ:ખ પડતું હોય તેનું કેન્દ્ર જ આપણી અપૂર્ણતા કયાં છે તેનો અંગુલિનિર્દેશ કરનારી વસ્તુ હોય છે. ત્યાર પછી આપણે આપણી સૌથી વધુ આધ્યાત્મિક સાધનાઓ એ બિંદુ પ્રત્યે દોરવાની રહે છે.

આમ આપણી અંદર રહેલા આ વેદના પ્રત્યેના આકર્ષણનો ઈલાજ કરવા માટે આપણાં દુ:ખોના કારણોરૂપ જે બેહૂદી વસ્તુઓ, ક્ષુદ્ર અહંભાવો આપણી અંદર રહેલા હોય છે તેમને આપણે સમજી લેવાના રહે છે.

અને આપણી અંદર રહેલી વધુ પડતી અને ઉપહાસને પાત્ર જે આત્મત્યાગની કામના રહેલી હોય છે, – એ કેટલીકવાર કેવળ આત્મબલિદાનને ખાતર જ, એના કોઈ ઉપયોગી પરિણામનો ખ્યાલ રાખ્યા સિવાયની જ હોય છે – તેને માટે પણ આપણે સમજી રાખવું જોઈએ કે આપણી સંવેદનશકિત વડે આપણે જો બધાં મનુષ્યોનાં દુ:ખો સાથે સંપર્ક રાખવાનો હોય, તો પછી આપણે એટલા પ્રમાણમાં સાવધ અને વિચક્ષણ બનવું જોઈએ કે જેથી કરીને, એક સ્પષ્ટ દૃષ્ટિવાન મનુષ્યને એ બધી દુ:ખદાયી

વસ્તુઓ કેવળ કાલ્પનિક જ છે એમ ચોકખું દેખાઈ આવતું હોય છે, તેમને આપણે ધીરે ધીરે કરીને ઓગાળી નાંખીએ.

કારણકે આ દૃષ્ટિએ જોતાં, મનુષ્યોને સહાય કરવી હોય તો તેની રીત એક જ છે અને તે એ કે આપણે, નિર્વ્યકિતક પ્રેમના ઉચ્ચતમ માનવીય આવિર્ભાવના રૂપમાં એક અવિચલ અને સ્મિતભરી નિર્મળતા વડે એ દુ:ખોનો વિરોધ કરવો.

છેવટે મેં જે પ્રકારનો કિસ્સો હમણાં તમારી સમક્ષ મૂકયો છે તેવા પ્રસંગે તો, બીજી કોઈ વસ્તુ કરતાં, એ વસ્તુ મનમાં રાખવી સૌથી વધુ અનિવાર્ય છે કે કેવળ કર્મમાં પોતાની જાતને ખોઈ દેવાથી સાચી નિર્વ્યકિતકતા આવતી નથી પણ એ તો આપણે આપણી જાતને ભૂલી ગયા છીએ તેનો ખ્યાલ પણ ન રહે ત્યારે આવે છે.

ટૂંકમાં કહીએ તો આપણે સાચી નિર્વ્યકિતક બની રહેવું હોય તો આપણને એનો ખ્યાલ પણ ન આવવો જોઈએ.

જ્યારે એવું થઈ શકે છે ત્યારે આપણું કાર્ય આપણે સ્વાભાવિક ઔદાર્ય સાથે, સર્વાંગી પૂર્ણતા સાથે કરી શકીએ છીએ.

## ૪થી જૂન, ૧૯૧૨ની સભા

**પ્રશ્ન :** આપણે આપણાં મિલનોમાં સુધારો કરવો હોય તો શું કરવું ?

**ઉત્તર :** જે અસંખ્ય મંડળો રચાય છે અને લગભગ તરત જ અદૃશ્ય બની જાય છે તે વિષયની વાત કરી ત્યારે આપણે એકવાર એમ કહેલું કે આ ઝડપી મૃત્યુની ઘટના બનવાનું કારણ એ હકીકતમાં છે કે કોઈ ચિલાચાલુ અને મનસ્વી વસ્તુઓ આ મંડળોના સંયોજનોમાં પ્રવેશ પામી ગઈ હોય છે.

ખરી વાત તો એ છે કે એ બધાંનું ઘડતર એક કે અનેક મસ્તકોમાંથી ઊઠતા આદર્શના પ્રકારનું હોય છે, એવી સંરચના આમ જોતાં તાત્ત્વિક રીતે બહુ સુંદર લાગે; પણ એમાં જે વ્યકિતઓ એ સમૂહના જીવંત કોષો બની રહેવાની છે તેમને અમે તેમની મુશ્કેલીઓને અને નિર્બળતાઓને લક્ષમાં લેવામાં આવતી નથી.

કોઈ વ્યકિતને કે કોઈ સામૂહિક સ્વરૂપને અમુક પ્રકારનું રૂપ આડેધડે આપી દેવું એ વસ્તુ તો મને અશકય લાગે છે; ખરી રીતે તો જે તત્ત્વ વડે એમનું ઘડતર થયેલું હોય તેમની ગુણવત્તા જે પ્રકારની હોય તેના પ્રમાણમાં એમનો જોઈએ તેટલા જરૂરી પ્રમાણમાં બાહ્ય આવિર્ભાવ થયેલો હોય છે.

આ નિયમ, કોઈ પણ પ્રકારના રૂપઘડતરના પ્રાણરૂપ છે અને એનું અનુસરણ કરવામાં નથી આવતું એટલે જ એક પછી એક સમૂહો આવ્યે જાય છે, સંખ્યામાં વધતા જાય છે, અને એ સૌના ભાવિમાં ઝડપી વિનાશ લખાયેલો હોય છે. કારણકે સ્વાભાવિક વિકાસ, ખીલવણી અને પ્રફુલ્લનની શકયતાવાળાં જીવંત જીવ સ્વરૂપો બની રહેવા બદલે તેઓ કેવળ સંજ્ઞાહીન સંયૂજો બની રહેલાં હોય છે અને એમનામાં પછી કોઈ રીતની પ્રગતિની શકયતા હોતી નથી.

આપણે નિર્ણય કર્યો હતો કે આપણે આ નિયમ ઉપર ધ્યાન આપીશું અને આપણા નાનકડા મંડળનું નિયમન કરવાની શરતો પહેલેથી બાંધી દેવાનું ટાળીશું. એ હજી જન્મ્યું નથી, એણે હજી પોતાની ગર્ભાવસ્થાનો સમય પણ હજી ભાગ્યે જ શરૂ કર્યો હશે. આપણે એને એની પોતાની આકૃતિ પોતાની મેળે ઘડવા દઈશું. આપણે એના અસ્તિત્વ ઉપર કોઈ નિયમનો લાવીશું તે પહેલાં એને ધીરે ધીરે ખીલવા દઈશું.

એટલે આપણા સંમેલન આપણે કોઈ પૂર્વનિર્ણિત યોજના પ્રમાણે અથવા આપણામાંના કોઈ એકના અથવા બધાંના આદર્શ અનુસાર એનું સંયોજન કરવું એ મને ભયજનક લાગે છે. એ રીત આપણે કૃત્રિમ અને અમુક રીતની વિચારસરણી અનુસાર ઘડાયેલાં સંયોજનોમાં પ્રવેશ કરીએ છીએ. અને જે સંસ્થાઓ પોતાની સ્વાભાવિકતા સાથે વિકાસ કરે છે, પોતાના સભ્યોમાં રહેલી વિવિધ વૃત્તિઓનો પોતાનો સમાવેશ કરે છે તેના કરતાં પેલી કૃત્રિમ સંસ્થાઓ ઘણી વહેલી વિનાશ પામે છે.

એ ખરું કે આપણું સંમેલન પ્રગતિશીલ હોવું જોઈએ, કારણકે દીર્ઘાયુષ્યની એ ચાવીરૂપ છે. પરંતુ એ વસ્તુ તો ત્યારે જ બની શકે જ્યારે એ સૌને માટે પ્રગતિ કરવાની તક પૂરી પાડવાની ગરજ સારે.

સાચે જ, જો આપણામાં આગળ વધવાની ઈચ્છા હોય તો આપણે વધુ ગહન અને સાચા બની રહેવું જોઈએ. અને એનો આધાર આપણી ઉપર છે.

જો આપણે સૌ આપણી અંદર એક વધુ જ્ઞાન, વધુ ડહાપણ માટે એક આર્તભાવવાળી અભીપ્સા લઈને અહીં આવીશું તો આપણે એક એવું અવિચલ અંતર્મુખતાનું વાતાવરણ સર્જીશું જેને હું ધાર્મિક પ્રકારનું વર્ણવવાનું પસંદ કરું, અને આ વાતાવરણ આપણને આપણી જાતની પૂર્ણતા પ્રાપ્ત કરવામાં અત્યંત સહાયક નીવડશે.

કેટલીકવાર શાબ્દિક આપ–લે કરતાં એક આધ્યાત્મિક વાતાવરણ વધુ સહાયક નીવડે છે: જો આપણામાં આપણા ઉત્તમમાં ઉત્તમ વિચારોને પણ ઊર્ધ્વતર લાગણીઓમાં, વધુ સ્પષ્ટ સંવેદનાના રૂપમાં અને વધુ સારા કાર્યોના રૂપમાં પરિવર્તિત કરવાનો સંકલ્પ સતતપણે બન્યો નહિ રહેતો હોય તો આપણે બહુ પ્રગતિ નહિ કરી શકીએ.

એટલે આપણા સંમેલનમાં સુધારો કરવા માટેની ખાસ જરૂરની શરત તો આપણી પોતાની જાતમાં સુધારો કરવો એ છે.

આપણે અદ્વૈતની ભાવના કેળવવી જોઈએ; આપણે આપણી ચેતનાનું દિવ્ય સ્વરૂપ સાથે તાદાત્મ્ય કરવું જોઈએ અને પછી આપણું મંડળ એકતાવાળું બની રહેશે. આપણે જ્ઞાન જ્યોતિ પ્રાપ્ત કરવી જોઈએ, આપણાં બૌદ્ધિક કરણોને જાજવલ્યમાન બનાવવાં જોઈએ. એમ થશે એટલે આપણા મંડળ દ્વારા પ્રકાશનો આવિર્ભાવ થઈ શકશે. આપણા પોતાના સ્વરૂપમાં નિર્વૈયકિતક પ્રેમને આપણે પ્રસરવા દઈશું તો આપણું મંડળ પણ પ્રેમભાવનું ફેલાવો કરશે. છેવટે, આપણે આપણી પોતાની જાતને સુવ્યવસ્થિત કરીશું તો પછી આપણું મંડળ પણ પોતાની મેળે સુવ્યવસ્થિત બની રહેશે. એને માટે આપણે એની સંરચનામાં કોઈ તરંગી હસ્તક્ષેપ નહિ કરવો પડે.

એક શબ્દમાં કહેવું હોય તો આપણે જે સમાજને આ જગતમાં જન્મ અપાવવા માગીએ છીએ તેના આપણે જીવંત કોષો બની રહીએ એટલું બસ છે. અને આપણે ભૂલવું ન જોઈએ કે સામૂહિક સ્વરૂપનું મૂલ્ય અને કાર્ય, અને વિશ્વવ્યાપી સંવાદની સ્થાપના કરવામાં તેની ઉપયોગિતાનો આધાર તેના ઘટકરૂપ કોષોની ગુણવત્તા ઉપર જ રહેનાર છે.

## ૧૧મી જૂન, ૧૯૧૨ની સભા

**પ્રશ્ન :** પોતાના વિચારના સ્વામી કઈ રીતે બનવું?

**ઉત્તર : પ્રથમ શરત :** આપણે સંશોધન અને અવલોકન વડે આ વસ્તુની અગત્ય જાણવી જોઈએ કે આપણાં કર્મો, એ આપણા વિચારોની આબેહૂબ અભિવ્યક્તિરૂપ હોય છે, અને જ્યાં લગી આપણે આપણી મનોમય પ્રવૃત્તિ ઉપર સર્વાંશે પ્રભુત્વ મેળવ્યું નથી હોતું ત્યાં સુધી આ માનસિક વિચારો કેવળ બાહ્ય અસરો (સંવેદનો અને સૂચનોની) પ્રત્યેની આપોઆપ બનતી પ્રતિક્રિયારૂપ હોય છે. આમ આપણી જાત આપણા વશમાં નથી હોતી અને જ્યાં લગી આપણે આપણા વિચારોના સ્વામી બન્યા નથી હોતા ત્યાં સુધી આપણે આપણા માટે જવાબદારીપૂર્ણ પ્રત્યુત્તર આપી શકતા નથી.

**બીજી શરત :** આપણી મનોમય પ્રવૃત્તિને અસરકારક રીતે દોરવા માટે અવિરત-પણે સંકલ્પ સેવવો.

**ત્રીજી શરત :** આપણે આપણા વિચારો વિષે માહિતગાર થઈએ તે માટે આપણે તેમનું અવલોકન કરવું, તેમની સ્વભાવગત ગતિનો માર્ગ જાણવો અને જે વિચારોને આપણી સંવેદન પ્રધાન અને ઊર્મિમય પ્રકૃતિ સાથે ખાસ આકર્ષણ હોય તેમની નોંધ લેવી.

**ચોથી શરત :** આપણે આપણી અંદરથી જે ઉત્તમોત્તમ, ઉદાત્ત, શુદ્ધતમ, નિતાંત સ્વાર્થહીન વિચાર હોય તેની ખોજ કરી કાઢવી અને જ્યાં સુધી એના બદલે વધુ સારો વિચાર ન મળી જાય ત્યાં સુધી એને એક એવી કેન્દ્રસ્થ ધરી રૂપ બનાવી રાખવો જેની આસપાસ મનોમય સમન્વયની બાંધણી કરી શકે, જે એવો નિયામક વિચાર બની રહે જેના પ્રકાશમાં બીજા બધા વિચારો જોઈ શકાય અને તેમની તુલના કરી શકાય, એટલે કે તેમનો સ્વીકાર કરી શકાય કે ત્યાગ કરી શકાય.

**પાંચમી શરત :** દરરોજ અમુક નિયમિત રીતની માનસિક તપસ્યા કરવી. એ વિષય ઉપર જે કાંઈ ઉપદેશો લખાયેલા છે તેમાંથી પોતાને સૌથી વધુ અસરકારક લાગે તેવી પદ્ધતિ શોધી કાઢવી અને તેનું ચીવટપૂર્વક, કડકપણે, શકિત અને ખંતપૂર્વક અનુસરણ કરવું.

### કેટલીક મહત્ત્વની ભલામણો

આપણને જરૂરી માનસિક આરામ લેતાં આવડવું જોઈએ.

અને આપણાથી થઈ શકે તેટલું હોય તેથી વધુ કરવાની આપણી જાત પાસે માગણી ન કરવી.

સમયને પણ તેનો ભાગ આપવો અને આપણા પ્રયત્નનું ફળ આવે તે માટે ધીરજ-પૂર્વક રાહ જોતાં શીખવું.

છેલ્લે આપણે જે કાંઈ કરી શકીએ તેમ છીએ તેમાંનું કાંઈ પણ કરવાનું ટાળ્યા વિના, આપણે એક બાળકના જેવા વિશ્વાસથી જે બળશાળી અને પરમ શકિત, દિવ્ય શકિત સર્વ સ્વરૂપોમાં અને વસ્તુઓમાં એક જ રૂપે વ્યાપી રહેલી છે તેને સર્વભાવે આપણી જાત સોંપી દેતાં શીખવું.

## ૧૮મી જૂન, ૧૯૧૨ની સભા

દરરોજ કેટલા બધા અર્થહીન શબ્દો બોલવામાં આવે છે તે તરફ તમારું ધ્યાન દોરવું જરૂરી લાગતું નથી. સૌ કોઈ એ દૂષણને જાણે છે, જો કે બહુ થોડા એનો ઉપાય કરવાનો વિચાર કરે છે.

પરંતુ એ સિવાય એક બીજી જાતના શબ્દોનો પણ એવો મોટો ભાગ છે જેનો ઉચ્ચાર બિનજરૂરી રીતે થાય છે. એટલે કે આખા ગામમાં આપણે માટે એક ફળદાયી ઈચ્છા પ્રગટ કરવાનો પ્રસંગ આવે છે જ્યારે આપણે જો એ શબ્દ પાછળ જે વિચાર હોવો જોઈએ તે કેવી રીતે મૂકવો જાણતા હોઈએ છીએ તો એક યા બીજો શબ્દ બોલીએ છીએ.

૩૧...

પરંતુ એવા કેટલા બધા પ્રસંગો આવે છે જ્યારે આપણે જે વ્યક્તિઓને ઓળખતા હોઈએ છીએ તેમની આસપાસ એક પ્રકારનું શુભકારી મનોમય વાતાવરણ સ્થાપી શકીએ છીએ અને એ રીતે તેમને સાચી રીતની મદદ કરી શકીએ તેમ હોય છે છતાં આપણે એ તક ગુમાવીએ છીએ. આ નિષ્કાળજીને સુધારીએ તો બહુ ઉપયોગી કામ થાય.

આપણે જો એમ કરવું હોય તો, મોટા ભાગના લોકોમાં જે અસ્પષ્ટ અને અકર્મણ્ય બિનચોકસાઈની અવસ્થા હોય છે તેવી અવસ્થામાં આપણું મન જઈ પડે તેનો ખ્યાલ રાખવો જોઈએ.

આપણે આપણામાંની આ રીતની તંદ્રાવસ્થાને ધીમે ધીમે કરીને ઘટાડી શકીએ છીએ, આપણી જાતને ઉપકૃત કરી શકીએ છીએ, અને એમ કરવા માટે જ્યારે આપણે કોઈ શબ્દ બોલીએ ત્યારે એનો ચોક્કસ શો અર્થ થાય, એનો અર્થવિસ્તાર કેટલો હોઈ શકે, એના ઉપર ચિંતન કરવું જોઈએ કે જેથી આપણે એને તેની પૂર્ણ અસર-કારકતા અર્પી શકીએ.

આ સંબંધમાં આપણે કહી શકીએ કે શબ્દોની સક્રિય શક્તિ ત્રણ જુદા જુદા સ્રોતોમાંથી આવે છે. એમાંના બે સ્રોત તો શબ્દમાં પોતામાં જ રહેલા હોય છે અને એ શક્તિઓની બૅટરી રૂપે કામ કરી શકે છે. ત્રીજો સ્રોત આપણા સ્વરૂપમાં પડેલો હોય છે. જ્યારે આપણે કોઈ શબ્દનો ઉચ્ચાર કરીએ છીએ ત્યારે એની પાછળ રહેલા ગહન વિચાર પ્રત્યે એ સંપૂર્ણપણે સજાગ હોય છે.

એ તો સ્વાભાવિક છે કે આ ત્રણે કારણો અસરકારક રીતે એકબીજા સાથે જોડાઈ જાય તો એને લઈને શબ્દની શક્તિ ઠીક ઠીક પ્રમાણમાં વધી જાય છે.

(૧) કેટલાક શબ્દો એવા હોય છે કે જેમનામાં રહેલી ભૌતિક જગતમાંની સમ-વાદિતા, વિચારના પોતાના પ્રદેશમાં તેનું જે સૂક્ષ્મ આંદોલન હોય છે તેને અનુરૂપ પૂર્ણ ભૌતિક સ્પંદન સરખી જ હોય છે.

જો આપણે વિચાર અને શબ્દ વચ્ચેના આ સાદૃશ્યનો પૂરતા પ્રમાણમાં અને ઝીણ-વટથી અભ્યાસ કરીશું તો આપણને અમૂક પાયાના ધાતુરૂપ ઉદ્ગારો જડી આવશે જે તદ્દન સર્વસામાન્ય વિચારોને પ્રગટ કરતા હોય છે અને મોટા ભાગની બોલવામાં આવતી ભાષાઓમાં એમનો લગભગ એકસરખો અર્થ થતો હોય છે (બોલાતી ભાષાના આ મૂળનો આપણે લેખિત ભાષાઓ સાથે ગોટાળો ન કરવો જોઈએ — એ જુદા પ્રકારની હોય છે અને જુદી રીતની જરૂરિયાતો સંતોષે છે).

(૨) કેટલાક શબ્દો એવા છે જેમનો અમુક સંજોગોમાં ઉપયોગ કરવાનું કાર્ય સૈકાઓથી વપરાશમાં છે અને જે તેમને ઉચ્ચારનાર સર્વ લોકોની મનોમય શક્તિઓ વડે પાણીદાર બનેલા હોય છે. એવા શબ્દો તો ખરે જ શક્તિની સાક્ષાત્ બૅટરીઓ જેવા હોય છે.

( ૩ ) છેવટે, શબ્દો એવા હોય છે જેઓ બોલતાની સાથે જ મૂલ્યવાન બની જાય છે કારણકે તેમને ઉચ્ચારનારના જીવંત વિચારનું બળ તેની પાછળ હોય છે.

મેં હમણાં જ જે કહ્યું તેનો દાખલો આપવા માટે હું એક ભારે શકિતશાળી શબ્દને દૃષ્ટાંત તરીકે રજૂ કરું છું, એ શબ્દ છે **ओम्**. એની પાછળ પેલા ત્રણેય ગુણો આવી રહેલા છે.

એ શબ્દનો ઉપયોગ ભારતમાં સત્ – રૂપ પ્રભુની હાજરીનો નિર્દેશ પ્રગટ કરવા માટે થાય છે. એને ધ્યાન, નિદિધ્યાસન અને બીજી અનેક યોગિક પ્રક્રિયાઓ સાથે મોટા પાયા ઉપર યોજવામાં આવે છે.

**ओम्** સિવાય **બીજો** કોઈ એવો શબ્દ નથી જેનો ધ્વનિ આવી શાંતિ, નિર્મળતા અને શાશ્વતભાવની લાગણી જન્માવે.

વળી, જે વિચારને એ શબ્દ અભિવ્યક્ત કરે છે તેની મનોમય શકિતઓ વડે એ શબ્દ ભારોભાર ભરેલો છે, કારણકે એ શબ્દનો પ્રયોગ કરનારા લોકોએ એ શકિતઓનો તેની અંદર સંચય કરેલો છે; અને ખાસ કરીને ભારતના લોકો માટે તો એ શબ્દ દ્વારા જે દિવ્ય સત્ત્વનો આવિષ્કાર થાય છે તેનો સંપર્ક સ્થાપી આપનારી ખરી શકિત એ શબ્દમાં જ આવી રહેલી ગણાય છે.

અને પૂર્વના લોકોમાં ધાર્મિક માનસ હોવાને લઈને અને ચિંતન કરવાની ટેવ પડેલી હોઈને, એમનામાં ખરે જ એવા બહુ ઓછા લોકો હોય છે જેઓ આ શબ્દ પ્રયોગ, એની પૂર્ણ અસરકારકતા માટે જરૂરી એવી શ્રદ્ધા સિવાય કરે છે.

ચીન દેશમાં એના જેવી જ અસર એક એવા શબ્દ વડે પ્રાપ્ત કરવામાં આવે છે જેનો અર્થ **ओम्**ના જેવો જ છે અને અવાજ પણ કાંઈક અંશે મળતો આવે છે — એ શબ્દ છે **ताओ**.

આપણી પાશ્ચિમાત્ય ભાષાઓમાં ભાવ પ્રગટ કરવાની શકિત ઓછી હોય છે, જે મૂળ ભાષામાંથી તેઓ પ્રગટ થઈ છે તેના કરતાં તેમનું અત્યારનું સ્વરૂપ બહુ અલગ પડી ગયું છે. પરંતુ ગમે તે શબ્દ હોય, આપણે જો તેને જીવંત અને સક્રિય વિચારથી સંચારિત કરીએ તો આપણને એને તાદૃશ કરવાનું સાધન મળી જાય છે.

આ સિવાય, શબ્દોની એવી રચનાઓ છે જેમનો ઉપયોગ કરીને, સામાન્ય રીતે વપરાય છે તે શબ્દોની શકિતઓમાં આપણે લાભપ્રદ ઉમેરો કરી શકીએ છીએ.

આ પ્રકારનાં સૂત્રો અથવા મંત્રો કેટલીક પુરાતન શિક્ષાપ્રણાલિઓમાં ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. એ શબ્દાર્થમાં તો પ્રણામની લાગણી વ્યક્ત કરનાર રહેતા, પણ

જે લોકો એમનાં વિષે વિચાર કરી શકતા તેમનાં મુખમાં તો તેમના વડે તદ્દન વિશિષ્ટ ક્રિયાશકિત પ્રગટ થતી.

જે શિષ્યો હોતા બનતાં, જેઓ નવા ચેલા બનીને પ્રથમ પગથિયે પગલું માંડતા તેમને એમ કહેવામાં આવતું : "સંતુલનની શાંતિ તમારી સાથે રહો." (**स्वस्तिरस्तु**)

જે લોકોએ તેમના આંતરિક અને બાહ્ય વલણ–સતત અને પ્રગતિશીલ વલણ–વડે તેમનામાં રહેલી શુભ ભાવના પૂરવાર કરી આપી હોય તેમને કહેવામાં આવતું "શુભ તત્ત્વની સભરતા તમારી સાથે રહો." (**भद्रमस्तु**)

અને કેટલાક ગુરુઓમાં આ શબ્દ અ અત્યંત ઉચ્ચ કોટિની કક્ષાની શકિતઓ પ્રગટ કરતો. એ લોકો ખરેખર લાભદાયક વરદાનો આપી શકતા, દાખલા તરીકે, તે લોકોમાં રોગને મટાડી દેવાની શકિત આવી રહેતી.

## ૨૪મી જૂન, ૧૯૧૨ની સભા

**પ્રશ્ન :** વધુમાં વધુ પ્રચાર કરવા લાયક વિચાર કયો છે અને કયું કાર્ય કરવાથી સારામાં સારો દાખલો બેસે ?

**ઉત્તર :** આ પ્રશ્નનો આપણે બે રીતે વિચાર કરી શકીએ છીએ : એક તો સર્વ-સામાન્ય રીતે આખી પૃથ્વીને લક્ષમાં લઈને અને બીજી રીતે આપણું હાલનું સામાજિક વાતાવરણ લક્ષમાં લઈને.

સામાન્ય દૃષ્ટિબિંદુથી જોતાં મને લાગે છે કે જે વિચારનો પ્રચાર કરવાથી બહુ લાભ થાય તેમ છે તે બે પ્રકારનો છે :

(૧) માણસમાં પોતાનામાં જ પૂર્ણ શકિત અને જ્ઞાન અને બુદ્ધિમત્તા વસેલી છે અને તેણે જો તેમને પ્રાપ્ત કરવી હોય તો તેણે આત્મનિરીક્ષણ અને એકાગ્રતા કરીને પોતાના સ્વરૂપની ગહરાઈમાં તેમને પ્રાપ્ત કરવાં જોઈએ.

(૨) સર્વે સ્વરૂપોનાં હૃદયોમાં, તેમના કેન્દ્રમાં, આ દિવ્ય ગુણો એકસરખા અનુ-ભવવામાં આવે છે. એમાંથી જ સર્વ વસ્તુઓની તાત્ત્વિક એકતા અને તેમના સંબંધોની ઘનિષ્ટતા અને ભ્રાતૃભાવ પ્રગટ થાય છે.

સારામાં સારો દાખલો બેસાડવો હોય તો આપણામાં નિર્મળ શુદ્ધિ અને અવિચલ સુખ-મય શાંતિ હોવી જોઈએ. જે લોકો 'એક જ પ્રભુ સર્વમાં વસી રહ્યો છે' એ વિચારને પૂર્ણપણે જીવી જાણે છે તેમને માટે તો આ વસ્તુ તેમના પદાધિકારની બની જાય છે.

આપણા અત્યારના વાતાવરણની દૃષ્ટિએ જોતાં મને આ વિચારનો પ્રચાર કરવો ઘણો ઉપયોગી લાગે છે :

સાચી પ્રગતિશીલ ઉત્ક્રાન્તિ, જે મનુષ્યને તેના સુખરૂપી જન્મજાત હક્ક પ્રત્યે દોરી જાય છે તે, કોઈ બાહ્ય સાધનોમાં, કોઈ ભૌતિક સુધારામાં અથવા સામાજિક પરિવર્તનમાં સમાયેલી નથી. એ તો વ્યકિત જ્યારે તેના અંતરની ગહરાઈ સુધી પૂર્ણતા પ્રાપ્ત કરે છે ત્યારે જ સાચી પ્રગતિનું ઘડતર થાય છે, એના વડે જ વસ્તુઓની જે દેખીતી અવસ્થા છે તેનું સર્વાંગીણ રૂપાંતર થઈ શકે છે, અને દુ:ખ અને વેદનાનું એક નિર્મળ અને ચિરંજીવી સંતોષમાં પરિવર્તન બની આવે છે.

એટલે, સારામાં સારો દાખલો વ્યકિતગત પૂર્ણતાનો છે. એ બીજી બધી વસ્તુઓને અંદર ખેંચી લાવે છે. અહંપ્રધાન વ્યકિતના ઉપર મેળવવા લાયક પ્રથમ વિજય છે : નિર્લેપતા.

અત્યારની ઘડીએ જ્યારે સર્વ લોકો પોતાની અસંખ્ય ક્ષુધાઓના સંતોષના સાધન તરીકે લક્ષ્મી પ્રત્યે દોટ મૂકી રહ્યા છે, ત્યારે જે વ્યકિત ધન તરફ ઉદાસીનભાવે ખડી રહે છે, અને કામ કરે છે અને તે પણ કોઈ લાભને ખાતર નહિ પણ કેવળ પોતાના એક નિ:સ્વાર્થ આદર્શને ખાતર, ત્યારે એમાં શંકા નથી કે એવી વ્યકિત દ્વારા ખૂબ ઉપયોગી દાખલો બેસે છે.

# જાપાનની સ્ત્રીઓ સાથે વાર્તાલાપ

મને લાગે છે કે જાપાનની સ્ત્રીઓ આગળ બાળકોના વિષયમાં વાત કરવી એ તો તેમના એક ઘણા ગમતા અને પવિત્રતાભર્યા વિષયની વાત કરવા સરખું છે. સાચે જ, દુનિયામાં બીજો કોઈ પણ એવો દેશ નથી જ્યાં અહીંની જેમ બાળકોને આટલું બધું અગત્યનું અને આગળ પડતું સ્થાન આપવામાં આવતું હોય. અહીં તો બાળકોને, ભાવિ માટેની આશાઓના કેન્દ્રસ્થાને મૂકવામાં આવે છે–અને એ યોગ્ય જ છે. બાળકો તો દેશની વિકાસશીલ સમૃદ્ધિનાં જીવતાં પ્રતીકો છે. એટલા માટે જ અહીં જાપાનમાં સ્ત્રીઓને જે ખાસ અગત્યનું કાર્ય સોંપવામાં આવ્યું છે તે બાળકોને જન્મ આપવા બાબતનું છે; એમ માનવામાં આવે છે કે માતૃત્વ એ જ સ્ત્રીઓએ જીવનમાં ભજવવા-લાયક મુખ્ય ભાગ છે. પરંતુ આ વસ્તુ તો આપણે જ્યાં સુધી માતૃત્વ શબ્દનો ખરો અર્થ સમજતા હોઈએ ત્યાં સુધી જ સાચી ગણી શકાય. કારણકે એ તો દેખીતું છે કે આ જગતમાં જેમ સસલાંઓ તેમની અંધપ્રેરણાને વશ થઈને અભાનપણે અને યંત્રવત્ તેમનાં બચ્ચાંઓને પેદા કરે છે, તે રીતે બાળકો પેદા કરવાં, એને તો સાચા અર્થનું માતૃત્વ ન જ કહી શકાય! સાચા માતૃત્વની શરૂઆત તો, સભાનપણે, એક નવીન દેહનો વિકાસ કરવા અને તેનો ઉપયોગ કરવા આવનાર આત્માનું સર્જન કરીને, તેનું સંકલ્પપૂર્વકનું ઘડતર કરવાથી જ થાય છે. સ્ત્રીનું સાચું કાર્યક્ષેત્ર આધ્યાત્મિક છે અને મોટાભાગે આપણે આ વસ્તુને વિસરી જતાં હોઈએ છીએ.

એક બાળકનો ગર્ભધારણ કરવો અને લગભગ અભાનપણે તેના દેહની રચના કરવા માત્રથી કામ પૂરું થતું નથી. ખરા કામની શરૂઆત તો ત્યારે થાય છે જ્યારે આપણે આપણા વિચાર અને સંકલ્પના બળ વડે કોઈ આદર્શને મૂર્તિમંત કરી શકે તેવા પાત્રનું ગર્ભધારણ કરીને સર્જન કરીએ.

અને આપણાથી એમ કહેવાય તેમ તો નથી જ કે આવી કોઈ વસ્તુ સિદ્ધ કરવા માટે આપણી પાસે કોઈ શકિત નથી. આપણી પાસે આ અત્યંત અસરકારક શકિત છે એ વસ્તુ સાબિત કરી બતાવવા માટે તો અસંખ્ય દાખલાઓ આપી શકાય તેમ છે.

સૌ પ્રથમ તો, ગર્ભમાં રહેલા બાળકની ઉપર ભૌતિક વાતાવરણની અસર પડે છે એ વાતનો ઘણા સમય પહેલાંથી સ્વીકાર કરવામાં આવેલો છે અને એ વિષયમાં સારો એવો અભ્યાસ કરવામાં આવેલો છે. જુના કાળના ગ્રીસ દેશમાં, ગર્ભવતી સ્ત્રીઓની

આસપાસ, કલા અને સૌન્દર્યની આકૃતિઓ રાખવામાં આવતી હતી. એ રીતે, ધીરે ધીરે કરીને, એ લોકોએ તેમની આખી ય પ્રજાને અસાધારણ પ્રકારના સામંજસ્યપૂર્ણ બનાવેલી. આ હકીકતના વ્યકિતગત દાખલાઓ પણ અસંખ્યપણે મળી શકે તેમ છે. એવા ઘણા દાખલાઓ બનેલા છે જેમાં સ્ત્રીએ પોતે, પોતાની સગર્ભાવસ્થા દરમ્યાન સતતપણે, કોઈ સુંદર ચિત્ર કે મૂર્તિને પ્રશંસાના ભાવપૂર્વક નિહાળ્યા કરી હોય અને જેને લઈને તેણે એ ચિત્રને અથવા મૂર્તિને આબેહૂબ મળતા આવતા દેખાવવાળા બાળકને જન્મ આપ્યો હોય. હું પોતે પણ આવા અનેક દાખલાવાળી સ્ત્રીઓને મળેલી છું, એ સૌમાંથી મને બે બાળકીઓ બહુ સ્પષ્ટપણે યાદ છે; તેઓ જોડકાં બાળકો રૂપે જન્મેલી હતી અને ખૂબ ખૂબ રૂપાળી હતી. પરંતુ સૌથી વધુ નવાઈ પમાડે એવી વાત તો એ હતી કે એમનો દેખાવ બહુ જ થોડા પ્રમાણમાં તેમનાં માતાપિતાને મળતો આવતો હતો. એ બાળકીઓને જોતાં મને પોતાને, અંગ્રેજ ચિત્રકાર રેનોલ્ડ્ઝે બનાવેલ એક બહુ જ પ્રખ્યાત ચિત્રનું સ્મરણ થઈ આવતું હતું. એક દિવસે એ બાળકીઓની મા આગળ મેં એ બાબતનો ઉલ્લેખ કર્યો ત્યારે એને ખૂબ જ આશ્ચર્ય થયું. એ બોલી ઊઠી, 'સાચું કહો છો? આ બાળકીઓ એવી જ છે ને? જો એમ હોય તો તમને એ જાણવામાં રસ પડશે કે જ્યારે આ બાળકીઓ મારા ગર્ભમાં હતી ત્યારે મેં મારી પથારીની ઉપર, માથા પાસે, એ રેનોલ્ડ્ઝનાં પ્રખ્યાત ચિત્રની એક સરસ નકલ ટાંગી રાખી હતી. સૂવા જતાં પહેલાં અને હું જાગૃત થાઉં કે તરત જ, મારા દિવસની સૌથી પહેલી અને છેલ્લી દૃષ્ટિ પેલા ચિત્ર ઉપર નાંખતી: અને હું મારા હૃદયમાં એવી આશા સેવતી કે મારાં બાળકો પણ એ ચિત્રમાં ચહેરા જેવી આકૃતિ ધરાવનારા થાય. તમે જુઓ છો કે મને ઘણી સરસ સફળતા પ્રાપ્ત થઈ છે!" ખરે જ, એ સ્ત્રી, એની સફળતા માટે ગર્વ લઈ શકે તેમ હતું અને એનો દાખલો બીજી સ્ત્રીઓ માટે પણ ઘણો ઉપયોગી નીવડે તેવો છે.

પરંતુ જ્યારે આપણે, જ્યાં વસ્તુઓ સૌથી ઓછા પ્રમાણમાં નમનીય છે એવા ભૌતિક સ્તર ઉપર પણ, જો એવાં પરિણામો પ્રાપ્ત કરી શકીએ છીએ, તો પછી જ્યાં વિચાર અને સંકલ્પની અસર અત્યંત શકિતશાળી નીવડે તેમ છે, એવી આંતરિક ભૂમિકાઓ ઉપર તો આથી પણ વધુ ઉત્કૃષ્ટ પરિણામો કેમ પ્રાપ્ત ન કરી શકીએ? આગળ કહ્યું તેમ, જો આપણે આપણી ધારણામાં આવી શકે તેવા આદર્શને અનુરૂપ સ્થૂલ વ્યકિતસ્વરૂપની રચના કરવામાં આપણી એકાગ્રતા અને સંકલ્પના પ્રયોગને કારગત કરી શકીએ છીએ તો પછી, આપણે શા માટે આનુવંશિકતા અને પેઢીગત વારસાનાં તમોમય બંધનોથી બંધાયેલા રહેવું જોઈએ? ખરી રીતે, એમાં તો આપણી એક રીતની અભાન પક્ષપાતભરી પસંદગીનું વલણ જ જવાબદાર હોય છે કારણકે એમાં આપણે ઈચ્છતા હોઈએ છીએ કે આપણું પોતાનું ચારિત્ર્ય ઘડતર જે પ્રકારનું થયેલું હોય છે તે જ પ્રકારનું ઘડતર એ બાળકનું થાય! આપણે જો આવી રીતના જ પ્રયત્નો

કરતાં રહીએ તો આપણે માતૃત્વને સાચા અર્થમાં મૂલ્યવાન અને પવિત્ર બનાવી શકીએ. અને ખરું કહું તો, આ રીતે જ આપણે પરમાત્માના ભવ્ય કાર્ય—કલાપમાં પ્રવેશ કરી શકીએ છીએ. અને તો પછી આપણું સ્ત્રીત્વ એના કેવળ પશુભાવ અને તેની અંધ પ્રેરણાઓમાંથી ઉપર ઊઠીને, સાચા અર્થનું મનુષ્યત્વ અને તેની શકિતઓને પ્રાપ્ત કરે છે. એટલે પછી આપણી સાચી ફરજ તો એ દિશામાં પ્રયત્ન અને પરિશ્રમ કરવામાં રહેલી જણાય છે.

કારણ કે, આપણે અત્યારે વિશ્વના ઈતિહાસના એક અસાધારણ વળાંકની એક અસાધારણ ઘડીમાં જીવી રહ્યા છીએ. માનવજાતને, ભૂતકાળમાં આટલા બધા ધિક્કાર, રક્તપાત અને ગુંચવાડ ભરેલા અંધકારપૂર્ણ સમયમાંથી પસાર થવાનું કદાચ નહિ આવ્યું હોય. અને સાથે સાથે એ પણ એક સત્ય છે કે, માનવ હૃદયોમાં આવી બળવાન અને આતુર હૃદયની આશા પણ કદી જાગ્રત થઈ ન હતી જો આપણે આપણા અંતરના અવાજને ધ્યાનપૂર્વક સાંભળીશું તો સાચે જ, આપણને એ વસ્તુ તરત જ જણાઈ આવશે કે આપણે ઓછીવત્તી સભાન રીતે, એક ન્યાય, સૌન્દર્ય, સંવાદપૂર્ણ શુભલાગણી છીએ. અને આમ તો આ વસ્તુ આપણી સમક્ષનું જગત જે રીતનું છે તેનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારની લાગે છે. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે રાત્રિનો અંધકાર અરુણોદય પહેલાં જેટલો ઘેરો હોય છે તેટલો અન્ય સમયે કદી પણ હોતો નથી. તો પછી, એમ ન હોઈ શકે કે આ અંધકાર જ આપણને ભાવિમાં પ્રગટ થનાર અરુણોદયનાં એંધાણ આપી રહ્યો હોય? અને જેમ અત્યાર સુધી આવી ભયંકર કાજળઘેરી રાત્રિ કદી આવી નથી, તે રીતે કદાચ હવે ભાવિમાં પ્રગટ થનાર પ્રભાત પણ આજ સુધી ઊગી ગયેલી ઉષાઓનાં કરતાં પણ અતિઘણું જાજ્વલ્યમાન, શુદ્ધ અને જ્યોતિર્મય હોય એમ પણ બનવાજોગ છે. એમ થશે તો, રાત્રિનાં દુઃસ્વપ્નો પછી, આ જગત એક નૂતન ચેતના પ્રત્યે જાગ્રત થશે.

અત્યારે જે સંસ્કૃતિનો અંત આટલી બધી નાટકીય રીતે આવી રહ્યો છે તેના પાયામાં મનની શકિત, સ્થૂલ પદાર્થ અને જીવન તત્ત્વની ઉપર કાર્ય કરતી મનની શકિત, રહેલી હતી. એણે આ જગતનું શું કર્યું છે તેની અહીં આપણે ચર્ચા નહિ કરીએ. પરંતુ એક નવીન તત્ત્વનું રાજ્ય, આત્માનું રાજ્ય આવી રહ્યું છે; મનુષ્યના રાજ્ય પછી, પ્રભુનું રાજ્ય આવી રહ્યું છે એટલું તો જરૂર કહીશું.

અને છતાં, જ્યારે મનુષ્યો આવા અલૌકિક અને અદ્દભુત સમયમાં જીવન ધારણ કરવાને ભાગ્યશાળી થયા છે ત્યારે તેમનાં હૃદયો તો ફક્ત તેમની પોતાની જાત અને કુટુંબથી આગળ જતાં નથી, એમના વિચારો એમના વ્યકિતગત સ્વાર્થો અને તાત્કાલિન કાર્યપ્રણાલિઓ કરતાં બીજી કોઈ વસ્તુને પોતાની ગણતરીમાં લેતાં નથી — આ શું વ્યાજબી ગણાય?

ટૂંકમાં કહીએ તો, જે લોકોનો અનુભવ એવો હોય કે પોતે કેવળ પોતાની જાત કે કુટુંબ માત્ર નહિ પણ પોતાના દેશના જ નથી પરંતુ સર્વ દેશોની માનવસૃષ્ટિ વડે પોતાને પ્રગટ કરી રહેલા પ્રભુના છે, એવા લોકોને બરાબર ખબર હોય છે કે તેમણે જાગ્રત થઈને, માનવજાતિને માટે, પેલા ઉજ્જવળ પ્રભાતના આગમનને માટે, કામે લાગી જવું જોઈએ.

અને આ અંતહીન, અનેક પાસાંવાળા કાર્ય કરવાની શુભઘડીએ, સ્ત્રીઓએ શું ભાગ ભજવવાનો હોઈ શકે? એ સાચું છે કે અત્યાર સુધીનો રિવાજ એવો રહેલો છે કે જ્યારે પણ કોઈ મહત્વની ઘટનાઓ કે કાર્યો હાથ ઉપર લેવાનાં હોય છે ત્યારે એક ઉપેક્ષાભર્યા અને ઉપકૃત કરતા હોય એવા સ્મિત સાથે સ્ત્રીઓને એક ખૂણે બેસાડી દેવામાં આવે છે અને જાણે કે એમ સૂચવવામાં આવે છે કે 'તમે તો બિચારાં, ગરીબડાં, દુર્બળ, નકામાં પ્રાણીઓ છો, આ બધામાં તમારું કોઈ કામ નહિ'... અને કંઈ નહિ તો ઘણાખરા દેશોમાં સ્ત્રીઓએ પણ બાળક જેવા આધીનપણાના, કદાચ અકર્મણ્યભાવને કારણે પણ, આ ખેદજનક પરિસ્થિતિને સ્વીકારી પણ લીધી છે. હું એમ કહેવાનું સાહસ કરું છું કે આ બાબતમાં તેઓ ભૂલ કરે છે.

હવેના ભવિષ્યમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે આ પ્રકારની અસમતુલા કે ભેદને જીવનમાં કોઈ પ્રકારનું સ્થાન નહિ રહે. સ્ત્રીજાતિ અને પુરુષજાતિ વચ્ચેના સાચા સંબંધનો પાયો, એકમેકને સહાય કરવા ઉપર અને એક બીજા સાથે ઘનિષ્ટ રીતનો સહકાર કરવા ઉપર રહેલો છે. અને માટે જ આપણે હવે આપણું નિયત સ્થાન ફરીથી પ્રાપ્ત કરી લેવું જોઈએ. આપણે આપણું યથાયોગ્ય સ્થાન પ્રાપ્ત કરીને, આધ્યાત્મિક ઘડતર ઘડનાર અને કેળવણી આપનાર તરીકે જે આપણું સાચું મહત્ત્વ છે તેને અડગપણે આગળ લાવવું જોઈશે. એ ખરું છે કે કેટલાક પુરુષો, પોતાની લાભદાયક પરિસ્થિતિ વિષે, થોડીક મિથ્યા આપવડાઈની લાગણી સેવે છે અને એ લોકો, સ્ત્રીની જે આ દેખીતી રીતની નિર્બળતા કહેવાય છે (જો કે હવે તો આ બાહ્ય નિર્બળતા વિષે પણ તદ્દન નિશ્ચિત પ્રકારનું વિધાન કરી શકાય તેવું રહ્યું નથી) તેને લઈને, સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કારની લાગણી સેવે છે. પરંતુ જેમ એક ઠેકાણે યોગ્ય રીતે જ કહેવામાં આવેલું કે 'પુરુષને જે ફાવે તે એ ભલે કરે, છતાં, અતિમાનવનો જન્મ તો સ્ત્રી વડે જ થવાનો છે.'

અતિમાનવનો જન્મ સ્ત્રીઓ દ્વારા જ થવાનો છે એ તો એક અપરિહાર્ય સત્ય છે; પરંતુ એ સત્ય હકીકતને કારણે આપણે કેવળ મગરૂર બની રહીએ, તેટલા માત્રથી ચાલશે નહિ. આપણે અતિમાનવના સર્જનની ઘટનાના સાચા અર્થને સમજવો પડશે, એને લઈને આપણા ઉપર જે જવાબદારી આવે છે તેના વિષે સભાન થવું પડશે, અને આપણી સમક્ષ આ જે મહાન કાર્ય મૂકવામાં આવ્યું છે તેને ખરા અંતરથી પાર પાડતાં શીખવું જોઈશે. હાલના વિશ્વવ્યાપી કાર્યમાં, આ કાર્ય જ, આપણો વિશિષ્ટ અને સૌથી અગત્યનો ફાળો બની રહેશે.

આટલા માટે, કંઈ નહિ તો એક વિશાળ રૂપરેખાની રીતે પણ, આપણે સૌ પ્રથમ તો એ વસ્તુ સમજી લેવી પડશે કે હાલની અવ્યવસ્થા અને તમોગ્રસ્તતાનું એક સંવાદ-પૂર્ણતા અને જ્યોતિર્મયતામાં રૂપાંતર કરવું હોય તો આપણે કયાં કયાં સાધનોની જરૂર પડશે. આ બાબતમાં, આમ તો ઘણાં રાજકીય, સામાજિક, નૈતિક અને ધાર્મિક પ્રકારનાં સાધનો સૂચવવામાં આવે છે. પરંતુ ખરું જોતાં એમાંનું કોઈ એવું લાગતું નથી કે જેના વડે આપણે જે મોટા પાયા ઉપરનું કાર્ય સિદ્ધ કરવાનું છે તેની બાબતમાં આપણને ખાતરી થાય તેવી સફળતા અપાવી શકે. એમ લાગે છે કે આપણા કાર્યકર્તા-ઓના માર્ગને અવરોધતી અસંખ્ય મુશ્કેલીઓને ઓળંગી શકાય તે માટે તો કોઈ નૂતન પ્રકારનો આધ્યાત્મિક સ્રોત મનુષ્યની ચેતનામાં ઉતરી આવવો જોઈએ અને તેના વડે એ મનુષ્યની ચેતનાનું નવનિર્માણ થવું જોઈએ. એમ થાય તે માટે પૃથ્વી ઉપર કોઈ નવીન આધ્યાત્મિક જ્યોતિનું આગમન થવું જોઈએ, અત્યાર સુધી અણજાણ એવી કોઈ દિવ્ય શકિતનો આવિર્ભાવ થવો જોઈએ; આપણને જે સદંતર નવો ખ્યાલ લાગે તે સિદ્ધ થઈને પ્રભુનું પોતાનું આ જગતમાં અવતરણ થવું જોઈએ અને તેમણે અહીં એક નવા રૂપે પ્રગટ થવું જોઈએ. અને આ વાત કરતાં આપણે પાછાં આપણા શરૂ-આતના મુદ્દા ઉપર આવી જઈએ છીએ. સાચી માતાઓ બનવા માટે આપણી ફરજો શું છે? જો પૃથ્વી ઉપર, તેની અત્યારની પરિસ્થિતિમાં પણ મનુષ્યનું રૂપાંતર શકય બનાવી શકે તેવી આધ્યાત્મિક શકિતને પ્રગટ કરનાર પ્રભુનું આ પ્રકારનું નવીન રૂપ રચાવાનું હોય તો સ્ત્રીઓ સિવાય બીજું કોણ એનું ઘડતર કરી આપી શકે તેમ છે?

આમ આપણે જોઈ શકીએ છીએ કે જગતના જીવનની કટોકટીના આ કાળમાં, આપણે આપણા અંગત આદર્શને અનુરૂપ હોય તેવા કોઈ જીવને જન્મ આપીશું તે પૂરતું નહિ રહે; આપણે હવે પ્રયત્ન કરીને એ વસ્તુ શોધી કાઢવી પડશે કે પ્રકૃતિ જેની રચના માટેની યોજના ઘડી રહી છે, તે ભાવિની પ્રજા કયા પ્રકારની હોવી જોઈએ. આપણે એ વસ્તુ પણ સમજી રાખવી પડશે કે અત્યાર સુધીમાં થઈ ગયેલા જે મહાન મનુષ્યો વિષે આપણે જાણ્યું કે સાંભળ્યું હોય તેઓમાંથી કોઈ વરિષ્ટ કે એમનાથી પણ ઉચ્ચતર, વધુ સિદ્ધિઓ અને કુદરતી બક્ષીસો ધરાવનાર હોય, તેવા માનવ દેહની રચના કરવી એ પણ પૂરતું નહિ થાય; આપણા વિચારો અને સંકલ્પ દ્વારા એવી સતત અભીપ્સા સેવવી પડશે, મન વડે આપણે એવી કોઈ પરમ શકયતાના સંપર્કમાં આવવાનો યત્ન કરવો પડશે કે જે વસ્તુ મનુષ્યે સ્થાપેલા માનદંડો અને ગુણવત્તાનાં ધોરણોથી પણ ઉત્કૃષ્ટ હોઈને અતિમાનવને જન્મ આપી શકે.

એમ લાગે છે કે પ્રકૃતિમાં એક મહાન આવેગની ઊર્મિ ઊઠી રહી છે. એ આવેગ, કોઈ નિતાંતપણે નૂતન, અકલ્પિત વસ્તુનું સર્જન કરવા પ્રત્યેનો હોય એમ લાગે છે. આપણે એ જ સંવેદનનો પ્રત્યુત્તર વાળવાનો છે અને એ નૂતન સર્જન પ્રત્યેની ગતિને અનુસરવાનું છે.

સૌ પ્રથમ તો આપણે એ વસ્તુ શોધવાનો પ્રયત્ન કરીએ કે પ્રકૃતિનો આ આવેગ આપણને ક્યાં દોરી જશે? આ વસ્તુ શોધી કાઢવાનો ઉત્તમ માર્ગ એ છે કે આપણને ભૂતકાળમાં મળેલા સર્વે પદાર્થપાઠોને ફરી એકવાર જોઈ જઈએ.

એ રીતે જોતાં, આપણને દેખાઈ આવે છે કે પ્રકૃતિ જ્યારે એક આગળનું ડગલું ભરે છે, જ્યારે એ કોઈ નવીન પ્રકારની કાર્યક્ષમતા અને તત્ત્વનો પૃથ્વી ઉપર આવિર્ભાવ કરે છે ત્યારે એની સાથે સાથે કોઈ નૂતન જીવજાતિ પ્રગટ થયેલી જણાય છે. આમ, દરેક માનવ-યુગ-ચક્ર દરમ્યાન, એક પછી એક; પ્રજાઓ, લોકો અને વ્યકિતઓનાં સ્વરૂપો ક્રમે ક્રમે ઉચ્ચતર થતાં જાય છે. માનવજાતિનું નેતૃત્વ કરનાર વ્યકિતઓ ફરી ફરીને નવા નવા પ્રયત્નો કરતી રહે છે અને એને પરિણામે આ પૃથ્વી ઉપર સતતપણે નવીન પ્રેરણાઓ અને ફલદાયિત્વતાનાં બીજકો ઝીલાતાં રહે છે. આ સર્વ બળોનું લક્ષ્ય-બિંદુ, વિશ્વપ્રકૃતિના ભવ્ય અને રહસ્યપૂર્ણ લક્ષ્યને અનુરૂપ જ હોય છે. આ વિશ્વ-પ્રકૃતિ એક શોધ કરી રહી છે—આ જગતમાં રહેલાં સહસ્રાવધિ મનુષ્યોમાંથી કોનામાંથી અતિમાનવનું સર્જન થઈ શકે છે. એનું લક્ષ્ય તો એ છે કે દરેક વ્યકિત એવી સિદ્ધિ પ્રાપ્ત કરે જેને લઈને એ પ્રભુ પ્રત્યે ગતિ કરે.

પ્રકૃતિના આ આહ્વાનને આપણે ઝીલી લેવાનું છે; આ ભવ્ય, મહાન કાર્યમાં આપણે જોડાઈ જવાનું છે, આ અતિ મુશ્કેલીભર્યા અને હજી સુધી વણખેડાયેલા માર્ગ પ્રત્યે પ્રયાણ કરતાં, આપણે આપણાં ડગલાં બને તેટલી ચોકસાઈપૂર્વક મૂકવાનો પ્રયત્ન કરવાનો છે.

આપણે ભવિષ્યના મનુષ્ય કે અતિમાનવની આપણી અંદર રચના કરીએ તે પહેલાં એ વસ્તુની કાળજી રાખવી પડશે કે એમ કરવામાં આપણે અત્યારના મનુષ્યની જ કોઈ વધુ પૂર્ણ અથવા વિસ્તૃત કરેલી આવૃત્તિ અપનાવી ન લઈએ. આ બાબતમાં ભૂલ થતી અટકાવવા માટે આપણે ભૂતકાળની ઉત્ક્રાન્તિ દ્વારા મળેલા પદાર્થપાઠને બરાબર ધ્યાનમાં લેવા જોઈએ.

આપણે આ અગાઉ જોઈ ગયાં છીએ કે આ પૃથ્વી ઉપર જ્યારે કોઈ નવીન તત્ત્વ, ચેતનાની ભૂમિકા અથવા બળ કે શકિત પ્રગટ થાય છે, ત્યારે એ હકીકતની સાર્વત્રિક જાણ તો કોઈ નવીન જીવજાતિ (જીવયોની) પ્રગટ થવાને કારણે જ થાય છે. પરંતુ આવી નવીન જીવજાતિ એક બાજુએ, અત્યાર સુધી આવિર્ભાવ ન પામી હોય એવી ચેતનાની શકિતઓને પ્રાપ્ત કરે છે તો બીજી બાજુએ એમ પણ શક્ય હોય છે કે એનાથી તદ્દન પાસેના ભૂતકાળમાં થઈ ગયેલી જીવજાતિમાં રહેલી એક યા વધુ, લાક્ષણિક પૂર્ણતાઓને ગુમાવી બેસે. દાખલા તરીકે આપણે વિશ્વપ્રકૃતિની ઉત્ક્રાન્તિના છેલ્લા સોપાન વિષે જ વાત કરીએ તો, મનુષ્ય અને એના સાવ પાસેના પુરોગામી વાનરની વચ્ચે કયો ખાસ મહત્ત્વનો તફાવત છે? વાનરમાં આપણે એક એવી પ્રાણમય અને

શારીરિક ક્ષમતા જોઈએ છીએ, જે લગભગ સર્વોત્તમ પૂર્ણત્વને પહોંચેલી હોય. અને એ એક એવી પૂર્ણતા છે, જેને મનુષ્યે જતી કરવી પડી છે. હવે મનુષ્ય પેલી અદ્દભૂત ચપલતાપૂર્વક વૃક્ષો ઉપર ચડી શકતો નથી, ખાઈઓ ઉપર ગૂલાંટો લગાવી શકતો નથી, એક શિખર ઉપરથી બીજા શિખર ઉપર કૂદકા મારી શકતો નથી. પરંતુ ત્યારે, એના બદલામાં એણે એક બુદ્ધિ શકિત પ્રાપ્ત કરી છે, તર્કશકિત, સંયોજનશકિત, અને રચનાત્મક કાર્ય કરવાની શકિતઓ પ્રાપ્ત કરી છે. મનોમય અથવા બુદ્ધિમાન જીવનની શરૂઆત પૃથ્વી ઉપર મનુષ્યનું આગમન થયું ત્યારથી જ થયેલી છે. મનુષ્ય પોતે તો એના મૂળમાં એક મનોમય જીવ છે. જો એનામાં જે શકયતાઓ રહેલી છે તેટલાથી જ જો એ અટકી ન જાય, જો એ પોતે, પોતાની અંદર મનસાતીત જગતોને, અન્ય પ્રકારની જ્ઞાનશકિતઓને, અને ચેતનાની અન્ય ભૂમિકાઓને અનુભવી શકે તો, જે રીતે વાનરમાં મનોમય શકયતાઓ ગુપ્તપણે રહેલી છે તેવી જ રીતે મનુષ્યમાંની આ મનસાતીત શકિતઓ તેને માટે ભાવિના જીવનની આશારૂપ બની શકે તેમ છે.

એ વાત ખરી છે કે કેટલાક અલ્પસંખ્યક લોકોએ આધ્યાત્મિક પ્રકારનાં અન્ય જગતોમાં નિવાસ કરેલો છે; એમાંનાં કેટલાક તો જયારે આ પૃથ્વી ઉપર આવ્યા છે ત્યારે તેઓ જીવંત અવતારરૂપ બની રહેલા છે. પરંતુ એ બધા તો અસાધારણ અપવાદરૂપ છે. એ લોકો, માનવજાતિની પ્રગતિના અગ્રદૂતો છે અને તેને તેના ભાવિની સિદ્ધિ ચરિતાર્થ થાય તે માર્ગે દોરી જઈ રહ્યા છે. છતાં, સર્વસાધારણ મનુષ્યો હજી એ પ્રકારના બન્યા નથી. આમ છતાં આ બધા ઉત્તમાધિકારવાળા પુરુષો, આ જગતના સ્થળ અને કાળના વિસ્તારોમાં ભિન્ન ભિન્ન સ્થળોએ વિખેરાઈ જઈને વસી રહ્યા છે. જે નૂતન પ્રકારની જીવજાતિ પ્રગટ થનાર છે, તેના મધ્યવર્તી ગુણો એ લોકો ધારણ કરવાના છે.

અત્યારનું માનવજીવન બુદ્ધિ વડે દોરાય છે. સાધારણ રીતે, મનુષ્ય પોતાના મનની જ ક્રિયાઓનો ઉપયોગ કરે છે. જ્ઞાન પામવા માટે, એ મનને માટે અવલોકન અને તારતમ્ય કાઢવાની ક્રિયા એ મુખ્ય સાધનો રહેલાં છે. જીવનમાં જરૂરી નિર્ણયો લેવા માટે, પોતાના માર્ગની પસંદગી કરવા માટે, મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે. કંઈ નહિ તો એ પોતે બુદ્ધિપૂર્વક આ બધું જ કરે છે એમ તે માને છે તો ખરો જ.

જે નવીન પ્રકારની જીવજાતિ પ્રગટ થશે તે (મન કે બુદ્ધિ વડે નહિ દોરવાય) અંતસ્ફુરણાને આધારે કાર્ય કરશે, એટલે કે એ જીવોનો પોતાના અંતરમાં રહેલા દિવ્ય નિયમનાં સીધે સીધાં દર્શન પ્રાપ્ત થશે. એમાં તો શંકા નથી કે જંગલમાં વસતા કેટલાક ગોરીલા જાતિના વાનરોમાં તર્કશકિતની ઝાંખી થાય છે. ત્યારે, આ નવીન જીવજાતિમાં, બરાબર એ જ પ્રકારની ક્રિયા થશે અને સામાન્ય મન અને બુદ્ધિના વ્યાપારને સ્થાને તેમને અંતઃસ્ફુરણાવાળું તાદૃશ જ્ઞાન પ્રાપ્ત થશે.

માનવજાતિમાંથી જે લોકોએ પોતાના આંતર સ્વરૂપનો વિકાસ સિદ્ધ કર્યો હોય છે, જેઓએ પોતાના સ્વરૂપના સત્યના નિયમ શોધ ઉપર પોતાની તમામ શકિતઓને કેન્દ્રિત કરી હોય છે, એવા લોકોમાં, આ પ્રકારની અંતઃસ્ફુરણાની શકિત, ઓછાવત્તા પ્રમાણમાં રહેલી હોય છે. જ્યારે મન પૂર્ણપણે નીરવ થઈ જાય છે, એક સારી રીતે પૉલીશ કરેલા દર્પણ જેવું સ્વચ્છ બની જાય છે, પવન વિનાના દિવસે કોઈ તળાવ જેવું તરંગવિહીન હોય છે, તેના જેવું અચલ બની રહે છે, ત્યારે, ઉપરની દિશામાંથી, અંતરમાં રહેલા સત્યરૂપ અતિમનસ તત્ત્વની જ્યોતિ એ અચંચળ મનમાં ઝળહળી ઊઠે છે, અને એમાંથી પછી અંતઃસ્ફુરણાનો જન્મ થાય છે. જે લોકો આ અંતઃસ્ફુરણાના શબ્દને મનની નીરવતામાં સાંભળે છે, તેઓ વધુને વધુ પ્રમાણમાં એનો ઉપયોગ, પોતાનાં કર્મોના પ્રેરક હેતુ તરીકે કરે છે. જ્યારે એક બાજુએ સામાન્ય લોકો, પોતાના મનની મથામણોના ગુંચવાડાભર્યા માર્ગોમાં અટવાયા કરતા હોય છે, ત્યારે અંતઃસ્ફુરણા ઉપર આધાર રાખનારાઓ, જીવનની વાંકીચૂંકી ગલીઓમાં તેમની ઉચ્ચતર સહજ પ્રેરણા વડે, અંતઃપ્રેરણા વડે, જાણે કે કોઈ બળશાળી અને આધારપાત્ર હસ્ત એમને દોરી જતો હોય તેમ તેઓ સીધેસીધા પોતાના માર્ગે ચાલ્યા જાય છે.

અંતઃપ્રેરણાની આ જ્ઞાનશકિત અપવાદરૂપ, લગભગ અકુદરતી કહી શકાય તેવી રીતે કોઈ કોઈ મનુષ્યોમાં પ્રગટ થાય છે. એ વસ્તુ ભાવિની નવીન પ્રજા માટે, આવતી કાલના મનુષ્ય માટે તદ્દન સામાન્ય અને સાહજિક બની રહેશે, એમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ એમ બને ખરું કે, અંતઃપ્રેરણાનો જ સતત ઉપયોગ કરવામાં આવે તો એ વસ્તુ, તર્કશકિતને માટે કાંઈક અંશે અપાયકારક બને. જેમ અત્યારના માનવમાં, પેલા વાનરની આત્યંતિક શારીરિક ક્ષમતા નથી, તે જ રીતે, અતિમાનવ પણ, મનુષ્યમાં રહેલી આ આત્યંતિક પ્રકારની, અત્યારની મનોમય ક્ષમતાને– એટલે કે પોતાની જાતને અને બીજાઓને છેતરવાની શકિતને–ગુમાવી બેસે એમ બને ખરું.

એટલે, મનુષ્ય જ્યારે હિંમતપૂર્વક જાહેર કરશે કે પોતે અત્યાર સુધીમાં જે કાંઈ વિકાસ સિદ્ધ કર્યો છે—પોતાની જે બુદ્ધિશકિત માટે તે યોગ્ય રીતે છતાં જરા વધુ પડતા પ્રમાણમાં ગર્વ લે છે તે સુદ્ધાં–પોતાને પર્યાપ્ત લાગતો નથી, ત્યારે જ એને માટે અતિમાનવ બનવાનો માર્ગ ખુલ્લો થશે. ત્યારે પછી એ પોતાની જાતની ભીતરમાં રહેલી આ ઉચ્ચતર શકિતને બંધનમુક્ત કરવા માટે, શોધી કાઢવા માટે અને આપણી માનવજાતિમાં પ્રવર્તમાન કરવા માટેના એક મહાન કાર્યમાં સર્વાંશે લાગી જશે. અને આ શોધ તો આપણા ઉચ્ચતમ સ્વરૂપ અને પ્રકૃતિને લગતી હોઈ એ સત્ય હકીકત રૂપે આકાર ધારણ કરશે જ. પરંતુ આ પ્રકારનું આપણું અત્યાર સુધી પ્રાપ્ત ન કરેલું અને જેને હવે પછી આપણે પ્રાપ્ત કરવાનું છે, તે સ્વરૂપ કાંઈ નિઃશેએ જેનાં ગાણાં ગાયાં છે તેવું ઉગ્ર પ્રાણમય સંકલ્પ ધારણ કરનાર સ્વરૂપ નહિ હોય–એ સ્વરૂપની પ્રકૃતિ તો આધ્યાત્મિક હશે.

આ રીતની સ્પષ્ટતા કરવાની જરૂર એટલા માટે રહે છે કે જ્યારે આપણે અતિમાનવની વાત કરવા બેસીએ છીએ ત્યારે એ વસ્તુની કાળજી રાખીએ કે એને આપણે નિત્શેના અત્યંત છીછરા અને અધુરા ખ્યાલ મુજબનો કોઈ અત્યંત બળવાન મનુષ્ય જ માની બેસવાનો ગોટાળો ન કરીએ. એ ખરું કે 'અતિમાનવ' શબ્દની શોધ નિત્શેએ જ કરી છે. પણ એને લઈને એવું બનવા સંભવ છે કે જ્યારે પણ આપણે એ શબ્દનો ઉપયોગ ભાવિમાં આવનાર પ્રજા વિષે કરીએ, ત્યારે જાણ્યે અજાણ્યે પણ, આપણામાં નિત્શેનો અતિમાનવ વિષેનો ખ્યાલ જાગ્રત થાય. એ ખરું છે કે નિત્શેનો જે ખ્યાલ કે આપણું ખરું કર્તવ્ય તો આપણા હાલના અત્યંત અસંતોષકારક મનુષ્યત્વમાંથી અતિમાનવનો વિકાસ કરવાનું છે એ એક મહત્વપૂર્ણ વિચાર છે. એ પણ સાચું છે કે "આપણા સાચા સ્વરૂપે બની રહેવું જોઈએ" એવો જે સિદ્ધાંત, માનવજાતિના લક્ષ્ય તરીકે નિત્શેએ રજૂ કર્યો છે તે, તેને આપણે એનાથી વધુ સારા શબ્દોમાં રજૂ કરી શકીએ તેમ નથી — કારણકે એ સિદ્ધાંતમાં એ વસ્તુ ગર્ભિત રીતે સમાઈ જાય છે કે મનુષ્યે હજી સુધી પોતાના સાચા સ્વરૂપને અને સાચી પ્રકૃતિને એટલા અંશે પ્રાપ્ત કર્યાં નથી કે જેથી એ સફળતાપૂર્વક અને સાહજિકપણે જીવી શકે. પરંતુ નિત્શેએ ક્યાં ભૂલ કરી હતી તેની વાત આપણે આગળ કરી ગયા છીએ : એની કલ્પના પ્રમાણેનો અતિમાનવ એટલે અત્યારના મનુષ્યની જ એક વિસ્તારિત અતિકાય આવૃત્તિ, જેની અંદર સબળ-પણાનો ગુણ એટલો બધો તો સર્વોપરિ બની રહે કે એના વજન હેઠળ, મનુષ્યના બીજા બધા સદ્ગુણો કચડાઈ જાય. આપણો આદર્શ એવો તો ન હોઈ શકે. આપણે અત્યારે સારી પેઠે જોઈ શકીએ છીએ કે બળની એકાંતિક ઉપાસના મનુષ્યને ક્યાં દોરી જાય છે — બળવાન વ્યકિતઓનાં દુષ્ટાચરણોમાં અને રાષ્ટ્રોના સર્વનાશમાં.

*
* *

ના, અતિમાનવત્વ પ્રાપ્ત કરવાનો ખરો માર્ગ એ જ છે કે આપણે આપણી ભીતરમાં રહેલ શાશ્વત પૂર્ણ આત્મતત્ત્વનો બહાર વિકાસ કરીએ, જો મનુષ્યો એકવાર આધ્યાત્મિક બનવા માટે સંમત થાય તો સર્વ કાંઈ બદલાઈ જાય, સર્વ વસ્તુઓ સરળ બની જાય. આધ્યાત્મભાવ પ્રાપ્ત કર્યો હોય એવો મનુષ્ય જ્યારે પોતે પોતાના સ્વરૂપ તરીકે સાક્ષાત્કાર કરેલા સત્યને સાહજિકભાવે અનુસરશે, જ્યારે એ પોતાના સાચા સ્વરૂપ અને વાસ્તવિક પ્રકૃતિને ધારણ કરશે, ત્યારે એને પરિણામે, આધ્યાત્મિક જીવનની ઉચ્ચ-તર પૂર્ણતા પણ એને પ્રાપ્ત થશે. પરંતુ એની આ સાહજિકતા, પશુની જેમ અંધપ્રેરણા અને અવચેતનાને આધીન નહિ હોય — એતો પૂર્ણ, સર્વાંગીણ અને સચેતન અંતઃપ્રેરણા ઉપર આધાર રાખતી સાહજિકતા હશે.

એટલે, જે લોકો એ વસ્તુનો સ્વીકાર કરતા હશે કે માનવજાતિની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ થવી એ એનું નિર્મિત અને અનિવાર્ય ભાવિ છે એવા લોકો જ માનવજાતિના

ભાવિ માટે સૌથી વધુ ઉપકારક થશે. એટલે એ વસ્તુ મોટા પ્રમાણમાં બનવી જોઈએ કે જેમ પશુરૂપ ( પ્રાણપ્રધાન ) માનવીનું ઉચ્ચ પ્રકારની મનોમયતા ધારણ કરનાર માનવ-જાતિમાં પરિવર્તન થયેલું તે જ પ્રમાણે હાલની માનવજાતિની ઉત્ક્રાંતિ એવા પ્રકારની થવી જોઈએ કે જેથી કરીને એની ચેતનાનું પ્રધાન તત્ત્વ, મનને બદલે તેનું આત્મસ્વરૂપ હોય.

જેમનામાં તેમનું આત્મસ્વરૂપ જ મુખ્ય તત્ત્વ હશે, તેઓ નિશ્ચિત માન્યતાઓ અને ધર્મોનાં બાહ્ય સ્વરૂપો પ્રત્યે ઉદાસીન હશે. એ બાબતમાં તો જે માન્યતાઓ અને સ્વરૂપો તેમને સ્વાભાવિક રીતે આકર્ષક લાગતાં હશે તેમનું અનુસરણ કરવાને તેઓ મુક્ત હશે. એ લોકો આ બાબતમાં આધ્યાત્મિક પરિવર્તનમાં શ્રદ્ધા હોય એટલી વસ્તુને જ અનિવાર્ય ગણશે. વિશેષે કરીને, એ લોકો એવું માનવાની ભૂલ તો નહિ જ કરે કે આધ્યાત્મિક પરિવર્તન કોઈ યાંત્રિક રીતે કે બાહ્ય સંસ્થાઓ વડે થઈ શકે. એ લોકો સારી પેઠે જાણતા હશે અને એમને એ બાબતનું વિસ્મરણ પણ નહિ થાય કે આ પ્રકારનું પરિવર્તન શકય બનાવવું હશે તો આ વસ્તુને મનુષ્યે પોતાના અંતરમાંથી જીવી જાણવી પડશે.

અને આ પ્રકારની વ્યકિતઓમાં સ્ત્રીઓને તો સૌથી પ્રથમ આ મહાન પરિવર્તનનો ખ્યાલ આવી જવો જોઈએ, કારણકે આ નવીન પ્રજાના પ્રથમ પ્રતીકરૂપ પ્રતિનિધિને જન્મ આપવાનું વિશિષ્ટ કાર્ય તો તેમણે જ કરવાનું છે. અને આ વસ્તુ સિદ્ધ કરવાને શક્તિમાન થવા માટે, સ્ત્રીઓએ, આ પ્રકારના આધ્યાત્મિક પરિવર્તનનાં કેવાં કેવાં પરિણામો આવશે એનો ખ્યાલ તો કાંઈક પ્રમાણમાં મેળવવો જ જોઈએ. કારણકે, સત્ય વાત એ છે કે આ વસ્તુ કેવળ બાહ્ય પરિવર્તનો દ્વારા સિદ્ધ થવાની નથી તેમ જ આંતરિક રૂપાંતર સિદ્ધ કર્યા સિવાય પણ એ વસ્તુ શકય બનવાની નથી.

બેશક, આ નવીન પ્રજા કયા પ્રકારની થશે તેનું ચિત્ર દોરવું એના જેવું મુશ્કેલ કાર્ય બીજું કોઈ નથી. એમ કરવું એ તો કોઈ અસાધ્ય વસ્તુને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવા જેવું છે. આપણે તો ચોક્કસ એની વિગતોમાં ઉતરવા પ્રયત્ન નહિ કરીએ. આ અતિ-મનસના અથવા આત્માના સર્જનના સર્વાંશે અથવા સ્પષ્ટરૂપે ધારણા કરવાનું કામ આપણા મનને નહિ સોંપીએ.

પરંતુ આપણે એ વસ્તુ તો જોઈ ગયાં છીએ કે ભાવિના જીવસ્વરૂપનું એક લાક્ષણિક ચિહ્ન તરીકે એનામાં મનોમય જ્ઞાનના સ્થાને સ્વયંસ્ફુરિત જ્ઞાન આવી ગયું હશે. તો એવી જ રીતે, એ નવીન પ્રજાના જીવનમાં નૈતિક અને સામાજિક બાબતોમાં શાં પરિણામો આવશે ?

જેમ ધાર્મિક માન્યતાઓ અને પંથો ગૌણ બની જશે તેમ, ધાર્મિક બંધનો અથવા વર્તનનાં ધોરણો, નીતિનિયમો અથવા રીતભાતની પરિપાટીઓ, એ સૌની અગત્ય ઓછી થઈ જશે.

હકીકત તો એ છે કે માનવના જીવનનો જે નૈતિક પ્રશ્ન છે તેનું કેન્દ્ર, માનવના આવેગપૂર્ણ પ્રાણ અને બળજબરી કરનાર મનોમય શક્તિ વચ્ચેના ઘમસાણમાં આવી રહેલું છે. જ્યારે પ્રાણના સંકલ્પો, મનોમય શક્તિને આધીન હોય છે ત્યારે વ્યક્તિ અથવા સમાજનું જીવન નીતિમત્તાવાળું રહે છે. પરંતુ જ્યારે પ્રાણના સંકલ્પો અને મનોમય શક્તિઓ, બંને, એક સરખી રીતે, એમનાથી કોઈ ઊર્ધ્વતર વસ્તુને એટલે કે અતિમનસને આધીન બનશે ત્યારે જ માનવજીવનની મર્યાદાઓનો અંત આવશે. એમ થશે ત્યારે જ સાચા આધ્યાત્મિક જીવનની, અતિમાનવના જીવનની શરૂઆત થશે, કારણકે એનો વિધાયક નિયમ મનુષ્યના સ્વરૂપની ભીતરમાંથી આવતો હશે, એ દિવ્ય નિયમ દરેક સ્વરૂપના કેન્દ્રમાં રહ્યો રહ્યો, બાહ્ય જીવનનું સંચાલન કરતો હશે; એની અભિવ્યક્તિ વૈવિધ્યપૂર્ણ હોવા છતાં, એના મૂળમાં તે અનન્ય પ્રકારની હશે. અને એકત્વને કારણે જ આ નિયમ એ પરમ વ્યવસ્થા અને સામંજસ્યનો નિયમ હોય છે. એટલે આમ બનશે ત્યારે, કોઈ પણ વ્યક્તિસ્વરૂપ અહંમૂલક હેતુઓથી, નિયમોથી, કે રીતરિવાજોથી નહિ દોરવાય — એ સ્વરૂપ તો સર્વ પ્રકારના સ્વાર્થમૂલક હેતુઓનો ત્યાગ કરશે. એ પૂર્ણ નિઃસ્વાર્થતાના નિયમને આધારે કાર્ય કરશે. એને માટે, આ જગતમાં કે એની પેલી પારના કોઈ જગતમાં, વ્યક્તિગત લાભની દૃષ્ટિએ કાર્ય કરવાની વાત કેવળ અકલ્પ્ય અને અશક્ય વસ્તુ બની રહેશે. એનું હરેક કર્મ સ્વયંપ્રેરિત દિવ્ય નિયમને સંપૂર્ણપણે, સરળ રીતે, અને આનંદપૂર્વક આધીન રહીને કરાતું હશે. એ કશી બાબતમાં કોઈ બદલો મેળવવાની કે પરિણામ પ્રાપ્ત કરવાની અપેક્ષા નહિ રાખે, કારણકે એને માટે તો, પરમ સંકલ્પની દોરવણી હેઠળ કર્મ કરવું અને પોતાની ભીતરમાં રહેલા દિવ્ય તત્ત્વની ચેતના અને સંકલ્પ સાથે તાદાત્મ્ય ધારણ કરવું એ જ એને સૌથી મોટી લાભપ્રદ વસ્તુ લાગશે.

અને આ પ્રકારના તાદાત્મ્યમાંથી જ એ અતિમાનવને પોતાનું સામાજિક ધોરણ પ્રાપ્ત થશે. કારણકે જ્યારે એ પોતાની અંદર કાર્ય કરી રહેલા દિવ્ય નિયમની શોધ કરશે ત્યારે એ અન્ય સ્વરૂપોમાં પણ, તાદાત્મ્યના એ દિવ્ય નિયમને જ કાર્ય કરી રહેલો જોશે. અને પોતાની ભીતરમાં એ દિવ્ય નિયમ સાથે તાદાત્મ્ય પ્રાપ્ત થવાને કારણે, એ સૌ સ્વરૂપો સાથે એકરૂપ બની રહેશે, સૌની અંદર રહેલી એકતા વિષે સભાન બનશે. આ વસ્તુ કેવળ તાત્ત્વિક રીતે કે સિદ્ધાંતમાં જ નહિ પણ બાહ્ય જીવન અને આકૃતિની બાહ્ય ભૂમિકાઓ ઉપર પણ સિદ્ધ થશે. એ સ્વરૂપ પોતે પણ કેવળ એક મન, પ્રાણ અથવા શરીર માત્ર નહિ હોય પરંતુ એ સૌને ધારણ કરનાર સર્વગ્રાહી અને સર્વધારક આત્મા, સ્વત્ત્વ; નીરવ, શાંત, અને શાશ્વત નિજસ્વરૂપ હશે. અને આવા આ સ્વત્ત્વ વડે જ એ સર્વ સ્થળે રહીને, સૌનાં જીવન, મન અને શરીરોની આસપાસ વ્યાપી રહીને તેમને ધારણ કરશે અને ટેકો આપશે. એ અતિમાનવ, સૌ અસ્તિત્વોમાં રહેલ દિવ્ય સ્રષ્ટા અને સર્વ કર્મોના કર્તા તરીકે રહેલા પોતાના સ્વરૂપ વિષે સભાન

બનશે; કારણકે વિશ્વરૂપી આવિર્ભાવમાં આવી રહેલા સૌ આત્માઓ, એક જ પ્રભુનાં ભિન્ન ભિન્ન મુખો છે. એ જોશે કે દરેક સ્વરૂપ દ્વારા, વિશ્વરૂપ પ્રભુ તેની સમક્ષ અનેક મુખો ધારણ કરીને પ્રગટ થઈ રહ્યા છે; એ પોતે પ્રભુના એ સ્વરૂપ સાથે એકરૂપ બની જશે અને જોશે કે પોતાનાં મન, પ્રાણ અને શરીર પણ એ એક આત્મસ્વરૂપના જ આવિર્ભાવો છે. વળી એને એ વસ્તુ પણ દેખાશે કે આપણે અત્યારે જેને આપણાથી અલગ વ્યકિતઓ તરીકે ગણીએ છીએ તેઓ પણ હકીકતમાં તો બીજાઓનાં મન, પ્રાણ અને શરીરો દ્વારા વ્યક્ત થતી પોતાના સ્વરૂપની જ ચેતના છે. એ અતિમાનવ, પોતાના દેહને અન્યના દેહો સાથે એકરૂપ હોવાની લાગણી અનુભવશે, સર્વ પદાર્થોના એકત્વ વિષે અવિરતપણે સભાન બનશે; પોતાનાં મન અને હૃદય વડે દરેક અસ્તિત્વધારી સ્વ-રૂપો સાથે એકાકાર થઈ જશે. ટૂંકામાં કહીએ તો, એ સર્વમાં પોતાની જાતને અને પોતાની જાતમાં સર્વે સ્વરૂપોને અનુભવશે અને એ રીતે પૂર્ણ એકત્વમાં સાચી સમરસ-તાનો સાક્ષાત્કાર કરશે.

પરંતુ આ અતિમાનવ કેવો હશે તે અંગેનો અણસાર અથવા વર્ણન આપવું અનિ-વાર્ય લાગતું હોવા છતાં, એમ કરવામાં આપણે હવે મર્યાદા જાળવવી પડશે, કારણ કે આપણે ખાતરીપૂર્વક કહી શકીએ તેમ છે કે આપણે જેટલું વર્ણન આપ્યું છે તેથી વધુ પ્રમાણમાં ચોક્કસ રીતનું વર્ણન આપવાનો પ્રયત્ન કેવળ મિથ્યા નહિ પરંતુ નિરૂપ-યોગી પણ નિવડે તેમ છે. અને આ બાબતમાં આપણે જે કોઈ એક કે અનેક નિશ્ચિત સ્વરૂપની કલ્પનાઓ કરીએ તેથી કાંઈ ભવિષ્યના સ્વરૂપની રચના કરવામાં આપણને સહાય થવાની નથી. એમ થઈ શકે તે માટે તો આપણે આપણા હૃદયમાં અને મનમાં સત્યનિષ્ઠા અને આર્તભાવવાળી અભીપ્સા વડે પ્રેરાયેલ સક્રિયતા અને અદમ્ય ઉત્સાહને દૃઢપણે ધારણ કરી રાખવાં પડશે. આ પૃથ્વી ઉપર પોતાની જાતિની અભિવ્યકિત કરવા માગતી નવીન પ્રકારની પ્રજાના પરમ સંકલ્પ પ્રત્યે આપણા સ્વરૂપમાં એક પ્રકારની ઉજ્જવલ ગ્રહણશીલતા જાળવી રાખવી પડશે. આપણે આ રીતે જ ભાવિના પુત્રોની રચના કરવા પ્રત્યે નિર્ણયાત્મક પગલાં ભરી શકીશું અને વિશ્વનો ઉદ્ધાર કરનાર સ્વરૂપોના સર્જન માટે જરૂરી એવો વચગાળાં યોગ્ય સ્વરૂપો બની રહીશું.

અને સાચે જ, એ નવાં સ્વરૂપો વિશ્વ ઉદ્ધારકો હશે. એ નવીન પ્રકારના સ્વરૂપ-માંનું એકેએક, પોતાને માટે કે રાજ્ય માટે કે સમાજ માટે કે વ્યકિતગત કે સામૂહિક અહંકારને માટે પણ જીવન ધારણ નહિ કરે. એ સ્વરૂપ એથી કોઈક ઉચ્ચતર વસ્તુ માટે પોતાની જાતમાં અને વિશ્વમાં પ્રભુની અભિવ્યકિત થાય એટલા માટે કાર્ય કરશે.

# જાપાન વિષેનાં સંસ્મરણો

મારી ઉપર જાપાનની શી છાપ પડી છે તે વિષે તમે જાણવા માગો છો. પરંતુ જાપાન વિષે કાંઈ લખવું એ એક મુશ્કેલ કાર્ય છે. એના વિષે અનેક વસ્તુઓ લખાઈ ચૂકી છે અને એમાંની કેટલીક મૂર્ખતાપૂર્ણ પણ છે...પરંતુ એ બધી વસ્તુઓ એ દેશ કરતાં ત્યાંના લોકો વિષે વધુ પ્રમાણમાં લખાયેલી છે. કારણકે એ દેશ તો અત્યંત અદ્‌ભુત, ચિત્રરંજિત, અનેકદેશીય, અકલ્પ્ય, આહ્‌લાદક, વન્યસમૃદ્ધિવાન અથવા મધુર છે. એનો દેખાવ, વિષુવવૃત્તથી માંડીને ધ્રુવ પ્રદેશ સુધીના જગતના સર્વ પ્રકારના દેશોના એક એવા સામંજસ્યથી પરિપૂર્ણ છે કે કલાદૃષ્ટિવાળી કોઈ વ્યકિત એના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ સેવી શકે નહિ. હું ધારું છું કે જાપાનના ઘણાં ઉત્કૃષ્ટ વર્ણનો આપવામાં આવેલાં છે. એટલે હું એમાં ઉમેરો કરવા પ્રયત્ન નહિ કરું, કારણકે એમાં કંઈ બહુ રસ નહિ પડે. પરંતુ સામાન્ય રીતે, જાપાનના લોકો માટે કેટલીક ગેરસમજુતી અને ગેરરજૂઆત પ્રવર્તે છે અને એ વિષયમાં કંઈક કહેવા જેવું બાકી રહે છે ખરું.

મોટાભાગના પ્રસંગોમાં એવું બને છે કે બહારના દેશોના લોકો જે જાપાનવાસીઓના સંપર્કમાં આવે છે તેઓ પરદેશીઓ સાથેના સંસર્ગના બૂરા પ્રભાવ હેઠળ આવેલા હોય છે— એ જાપાન, પૈસા પેદા કરવાવાળા અને પશ્ચિમની નકલ કરવાવાળાઓનું હોય છે. એ તો જાણીતું છે કે નકલ કરવાની બાબતમાં આ લોકો અત્યંત નિપૂણ નીવડયા છે, અને તમને અહીં ઘણી બધી એવી ચીજો જોવા મળશે જે પશ્ચિમના દેશો પ્રત્યે તિરસ્કાર ઉપજાવે. જો આપણે જાપાનની તુલના તેના રાજનીતિજ્ઞો, રાજપુરુષો અને વેપારીઓ ઉપરથી કરીશું તો એ દેશ આપણને યુરોપની કોઈ રાજસત્તા જેવો જ જણાશે, જો કે એમાં પણ આપણને દેખાશે કે હજી આ રાષ્ટ્રની પાસે એવી જીવન-શકિત અને સઘન બળ અનામત છે જે હજી તેમના પરમબિંદુએ પહોંચ્યાં નથી.

અને આ શકિત, એ જાપાનની લાક્ષણિકતાઓમાંની એક અત્યંત રસપ્રદ વસ્તુ છે. એ શકિત સર્વ સ્થળે, સૌની અંદર, વૃદ્ધો અને જુવાનોમાં, કારીગરોમાં, સ્ત્રીઓમાં, બાળકોમાં, વિદ્યાર્થીઓમાં — કદાચ "નવા શ્રીમંતો" સિવાય — સૌમાં, એમના દૈનિક જીવનમાં, તેમની આ સઘન શકિતનાં દર્શન થાય છે. પ્રકૃતિ અને સૌંદર્ય પ્રત્યેના પૂર્ણ પ્રેમભાવને કારણે, જાપાનિઝ લોકોનું આ એકત્રિત બળ, કદાચ તેમની સૌથી વધુ ઉપર તરી આવે તેવી અને સર્વવ્યાપી લાક્ષણિકતા ગણી શકાય તેમ છે. ઊગતા સૂર્યના આ દેશમાં આપણે પહોંચીએ કે તરત જ, એ એક સાંકડા ટાપુ ઉપર એકત્ર

થયેલા એટલા બધા લોકો અને તેમણે ભેગી કરેલી પ્રચુર સમૃદ્ધિમાં આપણને આ વસ્તુ જોવા મળે છે.

પરંતુ જાપાનનું સાચું સ્વરૂપ તો તેમના પુરાતન સામૂરાઈના સભ્રાંતપણા અને શૌર્યમાં આવી રહેલું છે. અમને એ પરંપરા જાળવી રાખનાર લોકોને સંપર્ક સાધવાનું બહુમાન પ્રાપ્ત થયું હતું અને તમને પણ જો એ પ્રાપ્ત થાય તો જ તમે જાપાનની પાછળ રહેલા સાચા બળનું રહસ્ય પામી શકો. એ લોકોને મૌન રહેતાં આવડે છે; અને જે અનેક પ્રકારની પ્રજાઓનાં લોકોને હું મળેલી છું તેમાં આ લોકો અત્યંત તીવ્ર સંવેદનશીલતાવાળા હોવા છતાં, એ બાબતને તેઓ સૌથી ઓછી પ્રગટ કરે છે. અહીંનો એક મિત્ર તમારી જીંદગી બચાવવા માટે અત્યંત સરળભાવે પોતાનો જાન કુરબાન કરશે, અને છતાં એ પહેલાં તેણે તમને કદી એમ નહિ કહ્યું હોય કે એ તમને એટલા બધા ગહન અને નિ:સ્વાર્થભાવે ચાહે છે. અરે, એણે તો તે તમને ચાહે છે તેની જરાક સરખી વાત પણ નહિ કરી હોય. અને જો તમે બહારના દેખાવ પાછળ રહેલા હૃદયને જો વાંચી શકતા નહિ હો તો તમને કદાચ એક અત્યંત ઉમદા કોટિના આદરભાવનું જ દર્શન થશે—અને એમાં પછી કોઈ કુદરતી લાગણીઓના પ્રદર્શનને સ્થાન હોતું નથી. આમ છતાં, એમાં લાગણીઓ તો હોય છે, કદાચ બાહ્ય રીતે પ્રગટ ન કરાતી હોવાને લઈને જ તેઓ વધુ બળવાન હશે; અને પછી જો કોઈ એવી તક પ્રાપ્ત થાય છે તો, અત્યંત નમ્રભાવપૂર્વક અને કેટલીકવાર તો અપ્રગટપણે, કોઈ કાર્ય દ્વારા જ તમને એ આત્મીયતાની ગહરાઈઓનાં દર્શન થાય છે.

આ વસ્તુ જાપાનની વિશિષ્ટતા છે, જગતનાં રાષ્ટ્રોમાં, જેઓ સાચા જાપાનિઝ છે, જેઓ પશ્ચિમના રંગે રંગાયેલા નથી—તેઓ કદાચ ઓછામાં ઓછા સ્વાર્થી હોય છે. આ પ્રકારનું નિ:સ્વાર્થીપણું કેવળ સુશિક્ષિત, વિદ્વાન અથવા ધર્મપરાયણ લોકોનો જ એકાધિકાર નથી હોતો; સમાજના બધા જ વર્ગોમાં તમને એ જોવા મળે છે. આનું કારણ એ છે કે અહીંના કેટલાક લોકપ્રિય અને અત્યંત સુંદર ઉત્સવોને બાદ રાખતાં, ધર્મ એ કોઈ વિધિનિષેધ અથવા સાંપ્રદાયિક આચરણની વસ્તુ નથી, એ તો દૈનિક જીવનમાં આત્મવિલોપન, આજ્ઞાંકિતતા અને આત્મત્યાગના રૂપમાં વણાઈ ગયેલી વસ્તુ છે.

જાપાનના લોકોને તો તેમના જીવનના પ્રારંભથી જ શીખવવામાં આવે છે કે જીવન જીવવું એટલે પોતાની ફરજ અદા કરવી – જીવન કાંઈ મઝા માણવા માટે નથી. એ લોકો ફરજનો સ્વીકાર કરે છે – કેટલીક વાર તો એ કઠોર અને દુ:ખદાયી હોય તે છતાં– અને જરા પણ વિરોધ કર્યા વિના આત્માર્પણ કરે છે. એમને કદી પોતાની જાતને સુખી કરવાના વિચારો સતાવતા નથી. આ વસ્તુ એ આખાયે દેશના જીવનને એક અનોખા આત્મસંયમમાં ઢાળે છે, એમાં આનંદપૂર્ણ અને સ્વતંત્ર આત્મવિસ્તાર હોતો નથી; એ વસ્તુ એક જાતના તનાવ અને યત્નશીલતાનું – માનસિક અને નાડીતંત્રના

તનાવનું – વાતાવરણ પેદા કરે છે. એમાંથી ભારતના જેવું આધ્યાત્મિક શાંતિનું વાતાવરણ ખડું થતું નથી. સાચે જ, ભારતમાં જે શુદ્ધ, દિવ્ય વાતાવરણ પ્રવર્તે છે અને જે તેને એક અનન્ય અને મૂલ્યવાન દેશ બનાવે છે તેની સાથે સરખાવી શકાય તેવું જાપાનમાં કાંઈ નથી. અહીં મંદિરો છે, અને અદ્‌ભુત સ્થાનો ઉપર સાધુઓના વિહારો છે, કેટલાક મઠ તો અત્યંત ઊંચા પર્વતોનાં દુર્ગમ સ્થળો ઉપર, દેવદારનાં વૃક્ષોથી આચ્છાદિત શિખરો ઉપર, નીચેની દુનિયાથી અત્યંત દૂર......બાહ્ય શાંતિ, આરામ અને નીરવતા ત્યાં રહેલાં, છે જે અનન્ય તત્ત્વના સાંનિધ્યમાં જીવન ધારણ કરવાને લઈને, અનંતતાની જે આનંદ-પૂર્ણ લાગણીનો અનુભવ થાય છે, તે ત્યાં નથી હોતી. સાચું છે કે, અહીં સૌ કોઈ એકતાની વાત આંખો અને મન વડે કરે છે — પ્રભુની મનુષ્ય સાથેની એકતા, મનુષ્યની પ્રકૃતિની સાથેની એકતા, પરંતુ આ એકતાની લાગણીનો અનુભવ બહુ ઓછા પ્રમા-ણમાં અનુભવમાં અને જીવનમાં આવે છે. બેશક, જાપાનના લોકોમાં આદરાતિથ્યની ઔદાર્યપૂર્ણતા, પારસ્પરિક સહાયની, અને એકબીજાને ટેકો આપવાની સમજશકિત બહુ ઉચ્ચ કક્ષાએ ખીલેલી છે. પરંતુ તેમની લાગણીઓમાં, વિચારોમાં, અને સર્વસામાન્ય કાર્યોમાં તેઓ અત્યંત વ્યકિતવાદી, અત્યંત અલગાવવાળા લોકો છે. એમને માટે આચાર અને આકૃતિ એ મુખ્ય વસ્તુ હોય છે, એમને આકૃતિનું આકર્ષણ હોય છે. એ વસ્તુ એક રીતે સાંકેતિક પણ છે. એ કોઈ ગૂઢ સામંજસ્ય અથવા સત્યની કે પ્રકૃતિના કે જીવનના કોઈ નિયમની વાત કરે છે. દરેક આકૃતિ, દરેક કર્મ, સાંકેતિક હોય છે: બગીચા અને મકાનોના આયોજનથી માંડીને પ્રખ્યાત ચહાપાણીની વિધિ સુધી, અને કેટલીકવાર કોઈ તદ્દન સાદી અને રોજીંદી વસ્તુમાં પણ તમે કોઈ ગહન, સુવ્યવસ્થિત હેતુપૂર્વકના સંકલ્પનું એવું પ્રતીક જુઓ છો, જેને મોટાભાગના લોકો જાણે છે અને સમજે છે; પરંતુ એ એક બાહ્ય અને શીખેલી જ્ઞાનની બાંધણી હોય છે — એક પ્રણા-લિકા હોય છે; એમાં હૃદય અને મનને આલોકિત કરનારું, આધ્યાત્મિક અનુભૂતિની ગહરાઈમાંથી આવતું કોઈ જીવંત સત્ય હોતું નથી. તત્ત્વત: જાપાન, એ એક સંવેદનોનો દેશ છે; એ તેની આંખો વડે જીવે છે; એની ઉપર સૌંદર્ય એકચક્રી સ્વામી રૂપે રાજ્ય કરે છે; અને એનું આખુંયે વાતાવરણ પ્રાણમય અને મનોમય પ્રવૃત્તિને, અભ્યાસને, અવલોકનને, પ્રગતિને, પ્રયાસને, ઉત્તેજે છે, એ વાતાવરણ કોઈ નીરવ અને આનંદપૂર્ણ ધ્યાનાવસ્થા પ્રત્યે પ્રેરતું નથી. પરંતુ આ બધી સક્રિયતાની પાછળ એક ઉચ્ચ અભીપ્સા ખડી છે અને એ ત્યાંના લોકોના ભાવિમાં સ્પષ્ટ થનાર છે.

# વિચાર વિષે

તમને કદાચ યાદ હશે કે ગયે મહિને આપણે બે મહત્ત્વની બાબતો નોંધી હતી:

એક તો એ કે વિચાર એ એક જીવંત, સક્રિય અને સ્વતંત્ર સત્તા છે.

બીજું એ કે આપણે જે દુષિત માનસિક વાતાવરણમાં રહીએ છીએ તેના હાનિકારક પ્રભાવમાંથી સફળતાપૂર્વક છૂટવા માટે આપણે આપણી અંદર એક શુદ્ધ, તેજોમય અને શકિતશાળી બૌદ્ધિક સમન્વયની રચના કરવી જોઈએ.

એ માટે આપણે આપણી અંદર આપણી પહોંચમાં હોય, એટલે કે આપણી માનસિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં આવી શકે એવા ઉમદામાં ઉમદા વિચારોને ઝીલવા જોઈએ અને એમને પોતાના બનાવી લેવા જોઈએ.

પરંતુ વિચાર જીવંત સત્તાઓ હોવાથી તેમને પણ આપણી જેમ ગમા–અણગમાઓ હોય છે, ખેંચાણો અને નફરત હોય છે.

આથી આપણે એમની બાબતમાં એક વિશેષ વલણ અપનાવવું જોઈએ, એમની સાથે સજીવ વ્યકિતની જેમ વ્યવહાર કરવો જોઈએ, એમને સમજાવવા મનાવવા જોઈએ અને કોઈને મિત્ર બનાવવા માટે લઈએ એવી એમની કાળજી લેવી જોઈએ.

આ બાબતમાં એક આધુનિક તત્ત્વચિંતક લખે છે:

"કયારેક ચિંતકો એમની ધ્યાનાવસ્થામાં, બૌદ્ધિક સૃષ્ટિના અન્વેષકો અને સંશોધકો એમની શોધખોળો દરમિયાન અને કવિઓ તથા આર્ષદ્રષ્ટાઓ તેમના સ્વપ્નોમાં એવું અનુભવતાં હોય છે કે વિચાર એ ભાવાત્મક કે અમૂર્ત બાબત નથી. એમને એ એક એવી હસ્તી લાગે છે જેને પાંખો હોય, જે ઉડે, નજીક આવે અને દૂર ચાલી જાય, આનાકાની કરે અને પોતાની જાત સોંપી પણ દે, જેને બોલાવવી પડે, જેની પાછળ પડવું પડે અને જેને જીતી લાવવી પડે.

સૂક્ષ્મ દ્રષ્ટાઓને તો આ વિચારો વિવિધ તરંગો અને ઇચ્છાઓ અને રુચિ અભિ-રુચિઓ ધરાવતી–કયારેક સમ્રાજ્ઞીની જેમ રુઠી જતી, તો કયારેક કુમારિકાની જેમ લજ્જાશીલ એવી અલગારી વ્યકિત જેવા દેખાય છે. એમને ખબર છે કે એમને જીતી લાવવા માટે કેટલી તો જહેમત ઉઠાવવી પડે છે; પણ એમને ખોઈ દેવાય છે પલકમાં.

મનની અંદર વિચાર માટે એક પ્રેમ હોય છે, સ્વાર્પણ અને આત્મનિવેદનનો બનેલો પ્રેમ, જેના વિના વિચાર આપણો પોતાનો બની શકે નહિ.

પરંતુ આ તો રૂપાળાં પ્રતીકો છે અને બહુ ઓછા લોકો એમની પાછળ રહેલાં સત્યને સ્પષ્ટ પામી શકે છે.

આ વિચારો જે જીવંત હસ્તીની જેમ ધબકતા હોય છે, ગતિશીલ અને પ્રકાશવંત હોય છે, જે સ્થળ કાળની અંદર વિહરે છે, કર્મરત છે, સંકલ્પસેવી છે અને મુક્તપણે પોતાના સમય અને સ્થાન પસંદ કરે છે, એવા વિચારોને પકડવા માટે તો–અથવા એક જીવંત હસ્તી તરીકે એમને પામવા માટે તો પ્લેટો જેવા માનવીની જરૂર રહે છે.

આ સુંદર વિવરણમાંથી આપણે ખાસ તો એક વાકય લઈએ : "મનની અંદર વિચાર માટે એક પ્રેમ હોય છે, સ્વાર્પણ અને આત્મનિવેદનનો બનેલો પ્રેમ, જેના વિના વિચાર આપણો પોતાનો બની શકે નહિ."

આ માત્ર એક રૂપક નથી. વિચાર સાથે સભાનતાપૂર્ણ અને ઘનીષ્ઠ સંબંધ બાંધવા માટે આપણે આપણી જાત એને સમર્પિત કરી દેવી જોઈએ, એને માટે, કેવળ એના ખાતર જ આપણી અંદર એક નિસ્પૃહ પ્રેમ હોવો જોઈએ.

આજે આપણે એ જાણવાનો યત્ન કરીશું કે આ પ્રેમ શાનો બનેલો છે; સાથે એ જાણવાનો પણ, કે આપણી અંદર આ પ્રેમ પાંગરે એ માટે આપણે શું કરવું જોઈએ.

પહેલી અને અત્યંત અનિવાર્ય એવી બાબત છે આપણે માટે શકય હોય એટલી વધુમાં વધુ પૂર્ણ માનસિક સચ્ચાઈ.

બધી સચ્ચાઈમાં આ માનસિક સચ્ચાઈ કદાચ સૌથી વધુ મુશ્કેલ છે. પોતાની જાતને માનસિક રીતે ન છેતરવી એ કાંઈ સહેલું નથી.

ગયા ડિસેમ્બર માસમાં મેં તમને સમજાવ્યું હતું તેમ સર્વ પ્રથમ તો આપણી અંદર વિચારની એક ટેવ પડેલી હોય છે જે આપણને મળેલી કેળવણી દ્વારા તેમજ વાતાવરણના પ્રભાવ દ્વારા આપણી અંદર રચાઈ હોય છે. અને આ વાતાવરણ તો મહદંશે સામાજિક પરંપરાઓ તેમજ સામુદાયિક સૂચનોનું જ બનેલું હોય છે. આ ટેવ એ આપણને આપણા મનના માળખાંને જરા સરખું પણ ક્ષુબ્ધ કરે એવા વિચારો કરતાં જે વિચારો આપણા મનના વિચારો સાથે મેળ ધરાવતા હોય તેમના પ્રતિ વિશેષ ગ્રહણશીલ બનાવે છે.

તમે કદાચ એ જાણતા હશો કે આ જ કારણે સ્વતંત્ર રીતે વિચાર કરતાં શીખવું કેટલું તો મુશ્કેલ હોય છે. આપણી પ્રણાલીગત વિચારસરણી જે મોટે ભાગે સામાજિક પરંપરાઓ અને સામૂહિક સૂચનોની બનેલી હોય છે, તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર

કરતાં આપણને કેટલો દગદગો રહે છે. કારણ કે આપણા સમગ્ર જીવનનો આધાર આ ટેવ હોય છે. આથી ખૂબ ગહન અને પરિણામે આસપાસની નીતિરીતિથી સ્વતંત્ર એવા વિચારોના પ્રકાશમાં પોતાના જીવનનું પરીક્ષણ કરવાને સંમત થવા માટે કેટલી મોટી હિંમતની અને પ્રગતિ માટેના ઉત્કટ પ્રેમની જરૂર રહે છે.

આ પરથી તમે પોતાની ટેવોમાં આવું મૂળગામી પરિવર્તન લાવવા માટે વિચાર સાથે વધુ ઘનીષ્ઠ અને વધુ સભાનતાપૂર્ણ સંબંધ સ્થપાય એવું સામર્થ્ય મેળવવાના એક માત્ર હેતુસર વિચાર પ્રત્યે જે ઉત્કટ પ્રેમની આવશ્યકતા રહે છે તેને પારખી શકશો.

અને આપણો બૌદ્ધિક સમન્વય જ્યારે અસ્ખલિત અને ધીરજપૂર્વકના પ્રયત્ન દરમિયાન પ્રાપ્ત કરેલા અને અપનાવી લીધેલા વિચારોનો બનેલો હોય છે, ત્યારે પણ આપણી અંદર વિચાર માટેની એક સમર્થ પ્રેમપૂર્વકની ચાહના હોવી જોઈએ, કદાચ ઘણા વધુ સમર્થ પ્રેમપૂર્વકની, કારણ કે આપણે હંમેશાં નવીન વિચારની શોધમાં જ રહીશું. આપણી પાસે આવવાને ઇચ્છા ધરાવતા વિચારનું ઉમંગથી સ્વાગત કરવાને સદા તત્પર રહીશું ; કારણ કે આપણે એ સારી રીતે જાણીએ છીએ કે પ્રત્યેક નવો વિચાર આપણા સમન્વયમાં ફેરફાર કરવાને, આપણને જે પ્રમુખ વિચાર જણાતો હતો તેને પાર્શ્વભૂમિમાં ધકેલી દેવાને, લાંબા સમય સુધી અવગણાયેલા વિચારોને પ્રકાશમાં લાવવાને તથા એમની વચ્ચે અથડામણ ન થાય એ રીતે એમને નવેસરથી ગોઠવવાને દબાણ કરશે. એનાથી આપણાં મગજને તકલીફ અવશ્ય થશે, એ ઘણું લાંબુ અને કષ્ટદાયી કામ છે. વિચારોની બાબતમાં આપણે જવલ્લે જ નિસ્પૃહ હોઈએ છીએ; મોટે ભાગે આપણે કેટલાક વિચારોને બીજાઓની સરખામણીમાં વિશેષ પસંદ કરીએ છીએ, જેથી એમને આપણી બૌદ્ધિક પ્રવૃત્તિમાં એવું સ્થાન મળી જાય છે જેને માટે તેઓ હંમેશાં યોગ્ય હોતા નથી.

અને જો એમના સ્થાને વધુ સ્પષ્ટ અને સાચા વિચારો મૂકવા હોય તો એમ કરતા આપણને ઘણો સંકોચ થાય છે, આપણે એમને જેને છેહ દઈ ન શકાય એવા મિત્ર ગણીને વળગી રહીએ છીએ, અને એમના ગુણોની જેમ એમના દોષોને સુધ્ધાં ચાહીએ છીએ–લોકોને ચાહવાની આ અત્યંત હીન તેમ જ પ્રમાદપૂર્ણ અને સ્વાર્થપરાયણ રીત છે–કારણ કે આપણે જેમની પાસે નિરંતર પ્રગતિની અપેક્ષા રાખીએ છીએ તેમની સરખામણીમાં આપણે જેમની ખુશામત કરીએ છીએ તેઓ જ આપણો વધુ આદર કરતા હોય છે. પણ આપણી મુશ્કેલીઓનો અહીં અંત આવતો નથી.

આપણે મેળવેલી કેળવણી અને આપણા અંગત ગમા અણગમાના પરિણામે વિચારોનો આપણને જે રાહે પરિચય થવો જોઈએ તે બાબતમાં પણ આપણી અંદર કેટલાય પૂર્વગ્રહો હોય છે.

આ પૂર્વગ્રહો તો ખરેખર વહેમો જ છે જે દૂર થઈ જવા જોઈએ.

અને દરેક વ્યકિતઓના વહેમો પણ અલગ અલગ હોય છે.

કેટલીક વ્યકિતઓના વહેમનો સંબંધ પુસ્તક સાથે હોય છે. કોઈ વિચાર નોંધપાત્ર બની શકે એ માટે એ કોઈક સુપ્રસિદ્ધ પુસ્તકમાં કે માનવજાતિના કોઈક ધર્મગ્રંથમાં રજૂ થયેલો હોવો જોઈએ. એનાથી અલગ રીતે આવતા વિચારને તેઓ શંકાની નજરે જોશે.

કેટલાક લોકો સર્વમાન્ય વિજ્ઞાનોમાંથી વિચારોને અપનાવે છે, તો કોઈ જૂના કે નવા સ્થાપિત ધર્મોના વિચારોને માન્ય કરે છે; જ્યારે બીજા કેટલાકને માટે તો વિચાર ઊંચી પદવીઓ ધરાવતા ખ્યાતનામ પુરુષોના મુખેથી જ આવવો જોઈએ, જેથી કોઈ એના મૂલ્યને પડકારી ન શકે.

કેટલીક ભાવુક વ્યકિતઓને વિચારના સંપર્કમાં આવવા માટે ગુરુની જરૂર રહે છે, એવા ગુરુ કે જે એમની પોતાની આદર્શ માનવની કલ્પનાને પૂર્ણપણે સાકાર કરતા હોય. પરંતુ આવી વ્યકિતઓ સખત રીતે નિરાશ થાય છે, કારણ કે તેઓ ભૂલી જાય છે કે તેમની પોતાની કલ્પનાના સાક્ષાત્કાર માટે કેવળ તેઓ પોતે જ સમર્થ હોય છે, અને એમણે જેમની ઉપર વિશ્વાસ મૂકયો છે તે ગુરુની ફરજ તો એમના પોતાના આદર્શો સિદ્ધ કરવાની છે. પરિણામે એ આદર્શ ગમે તેટલો મહાન હોય છતાં એ પોતાના આદર્શથી ભિન્ન જ હશે. આથી જયારે એમને આ ભિન્નતાનો ખ્યાલ આવી જાય છે ત્યારે પોતે કોઈ વ્યકિતને ખાતર વિચાર જોડે સંબંધ બાંધેલો હોવાથી તેઓ વ્યકિત અને વિચાર બંનેને એક સાથે છોડી દે છે.

આ મૂર્ખામી છે, કારણ કે વિચારનું પોતાનું આગવું મૂલ્ય હોય છે; કોણે એ રજૂ કર્યો છે એ સાથે એને કોઈ નિસ્બત નથી.

છેવટે એવા લોકોનો એક વર્ગ આવે છે જે ચમત્કારથી પ્રભાવિત થાય છે. તેઓ સત્યનો ત્યારે જ સ્વીકાર કરે છે જયારે એ કોઈ અલૌકિક અનુભૂતિ અથવા સ્વપ્ન કે સમાધિની રહસ્યમયતામાં લપેટાઈને એમની પાસે આવે.

એમને માટે ગુરુ એ એમના ભગવાન હોય છે, દેવદૂત કે મહાત્મા હોય છે અને તે એમને ધ્યાન કે નિદ્રાની અવસ્થામાં બોધ આપે છે.

એ કહેવાની જરૂર નથી કે બીજાની તુલનામાં આ પદ્ધતિની વિશ્વાસપાત્રતા ઘણી ઓછી છે. વિચારની પ્રાપ્તિ અલૌકિક રીતે થાય એ હકીકત કાંઈ એના સત્ય કે યથાર્થ-તાનું પ્રમાણ નથી.

એક વાત સમજી લો–વિચારનો સાચો ચાહક જાણે છે કે ઉત્કટપણે એની ખોજ કરવામાં આવે તો બધે જ એની પ્રાપ્તિ થાય છે; ખાસ તો જે પોતાની અગાઉની

વિશુદ્ધિને ખોઈ દઈ કોઈ પ્રગલ્ભ અને જાણીતી નદીના રૂપમાં પલટાઈ ગયા છે અને સાથે પોતાના પ્રવાહમાં ખેંચાઈ આવેલી ગંદકીથી દુષિત થયા છે એવા સ્રોતોને બદલે કોઈ ગુહ્ય અને સપાટી નીચે વહેતા સ્રોતોમાં એ વિશેષ પ્રાપ્ત થાય છે.

વિચારનો ચાહક એ જાણે છે કે જ્ઞાન પંડિતના મુખની જેમ બાળકના મુખથી પણ પ્રાપ્ત થઈ શકે છે.

અને ઘણીવાર તો આવી કોઈ અણધારી રીતે જ જ્ઞાન આવતું હોય છે.

આથી જ કહેવાયું છે કે "ધાવણા શિશુના મુખે સત્યનો ઉચ્ચાર થાય છે."

કારણ કે બાળકની અંદર જેમ પ્રૌઢ વ્યકિતના વિચારમાં હોય છે એવી સ્પષ્ટતા કે ચોક્કસાઈ નહિ દેખાય તેમ તેની અંદર એમના સ્વભાવગત પ્રમાદમાંથી આવતી જડતા પણ નહિ હોય, પ્રૌઢ વ્યકિત પોતાને પરિચિત ન હોય એ કોટિના વિચારને વાચા આપતા સંકોચ અનુભવશે.

આથી જ પ્રાચીન કાળમાં રૂઢ ચીલાચાલુ પરિસ્થિતિની વિકૃતિઓમાંથી છૂટવાના હેતુસર જ ભવિષ્યની આશા રૂપ નવી પેઢીની કેળવણી માટેના ગુરુકુળો નગરોથી દૂર રાખવામાં આવતા હતા.

આ જ કારણે માનવજાતિના મહાન ઉપદેશકો એમના પ્રશિક્ષણનો આરંભકાળ એકાંતમાં વ્યતીત કરતા હોય છે.

કારણકે જ્ઞાનનાં પ્રાગટય માટે જરૂરી બાબતો જેમ અસંસ્કારી મનુષ્યના મનમાં ગેરહાજર હોય છે તેમ માનવ સમાજના કૃત્રિમ જીવનમાં ઘડાયેલા સંસ્કૃત કહેવાતા મનુષ્યોના મનમાં પણ ગેરહાજર હોય છે.

દૂર સુદૂરથી આવતી જ્ઞાનની વાણીને આપણે સાંભળી શકીએ એ માટે કેટલી અગાધ શાંતિ જોઈએ છે—બાહ્ય શાંતિ નહિ જે ભ્રામક અને ક્ષણિક છે, પણ એક સાચી, ગહન, પૂર્ણ અને સ્થાયી શાંતિ!

આથી જ જ્ઞાનનો સાચો ચાહક એ પણ જાણે છે કે સૌથી મહાન જ્ઞાની પુરુષો અત્યંત વિનમ્ર અને બહુ ઓછા જાણીતાં હોય છે. કારણકે જેમની પાસે જ્ઞાન અને સામર્થ્ય છે તેઓ મૌનની અવસ્થા પસંદ કરે છે, એકાંતવાસ પસંદ કરે છે જ્યાં તેઓ પોતાનું કામ કોઈ પણ વિઘ્ન કે બાધા વિના પૂરું કરી શકે-એમને પ્રસિદ્ધિનો પણ મોહ હોતો નથી, કારણકે એવો મોહ જ એમને બીજાઓના હાથા બનાવી દે છે.

વિચારનો ચાહક જાણે છે કે તે પોતાની આસપાસ સર્વત્ર, પ્રકાશ રેલાવતા સૂર્યમાં અને નાજુક પુષ્પ સુધ્ધાંમાં સત્યને પામી શકશે, કોઈ પણ નાનામાં નાનો અને અજાણ પદાર્થ કે વ્યકિત પણ તેને માટે પોતે જેની ખોજ કરે છે તે જ્ઞાનનું માધ્યમ બની શકશે.

પરંતુ સૌથી વિશેષ તો તે આ જાણે છે કે વિચાર સાથેનો અત્યંત પ્રમાણભૂત સંબંધ એ પ્રત્યક્ષ કોટિનો સંબંધ છે.

કારણ કે આ વૈશ્વિક સામગ્રીમાંથી આપણું નિર્માણ થયું હોવાથી આપણે આ વિશ્વનું જ સૂક્ષ્મ રૂપ છીએ.

કોઈ પણ ઘટનાનું એનાં અનુરૂપ માધ્યમ વિના અસ્તિત્વ હોઈ શકે નહિ. આથી વિચારના અસ્તિત્વમાં એને અનુરૂપ ક્ષેત્રનું અસ્તિત્વ સમાયેલું છે-આ ક્ષેત્ર એ સ્વતંત્ર બુદ્ધિનો પ્રદેશ છે જેને આકાર છે, પણ જે આકારમાં બંધાયેલો નથી અને જે આપણી ભીતર છે અને વિશ્વની અંદર પણ.

આથી જો આપણે પૂરેપૂરી એકાગ્રતા કરીએ, આપણી અંતર્તમ સત્તા વિષે સભાનતા કેળવીએ તો આપણે એની અંદર અને એના દ્વારા સ્વતંત્ર વૈશ્વિક બુદ્ધિના-જ્ઞાનના લોકના સંપર્કમાં આવીશું.

પછી જો આપણે આપણો અરીસો ચોકખો રાખવાની કાળજી લીધી હશે, એના પર જામેલી પૂર્વાગ્રહો અને ટેવોની ધૂળ ઉડાડી દીધી હશે તો તેની અંદર બધા વિચારોનું કોઈ ખાસ વિકૃતિ વિના પ્રતિબિંબ પડશે અને આપણને બોધિજ્ઞાન પ્રાપ્ત થશે. આપણે સત્યના સૂર્યના કિરણોને ઝીલવાની શકિત મેળવી લીધી હશે - સિદ્ધાર્થ ગૌતમે આ આશા આપણી સમક્ષ ધરી છે.

એમને પૂછવામાં આવ્યું કે અમે બોધિજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરીશું ત્યારે એમણે કહ્યું: "બોધિજ્ઞાનનું કોઈ લક્ષણ કે નિશાની નથી, એના વિષે શું જાણી શકાય એનું ય કોઈ મહત્વ નથી; વધુ મહત્વની બાબત તો છે એના આંતર્સ્વરૂપના અભ્યાસમાં આપણે કેટલી કાળજી લઈએ છીએ તે. એ ચોકખા અને ચકચકીત અરીસા જેવું છે જે એટલો તો સ્વચ્છ અને ચમકતો થયો છે કે એમાં પડતું પ્રતિબિંબ સાફ અને સ્પષ્ટ દેખાય."

અને એ ઉપરાંત:

" જેની અંદર કોઈ તમસ્ નથી, જે નિષ્કલંક છે, ઉમદા અને પૂર્ણપણે વિશુદ્ધ ચારિત્ર્ય ધરાવે છે એવી વ્યક્તિ ભલે કોઈ પણ જાણકારી ન ધરાવતી હોય, આદિકાળથી આજ સુધીની દસે લોકની સૃષ્ટિના પદાર્થો વિષે એણે કયારેય થોડું ઘણું પણ સાંભળ્યું કે જાણ્યું ન હોય, છતાં એની પાસે સર્વજ્ઞનું તમામ જ્ઞાન રહેલું છે. એ એક એવી વ્યક્તિ છે જેના વિષે એક શબ્દ યોજી શકાય-' વિશુદ્ધિ.' અહીં તમે પાંડિત્યની સર્વથા બાહ્ય ને ઉપરછલ્લી પદ્ધતિથી વિપરિત જ્ઞાન સાથે પ્રત્યક્ષ સંબંધનો મહિમા જોઈ શકશો.

આ પ્રત્યક્ષ સંબંધના લાભ અગણિત છે.

તે આપણને એ સત્યને પામવા અને ચાહવાની શક્તિ આપે છે જે તમામ આભાસોની ભીતર રહેલું છે, તમામ પડદાઓ અને રૂપોની પાછળ છુપાયેલું છે, ભલે એ રૂપો કેટલાય બર્બર, અણઘડ અને ભ્રમપૂર્ણ કેમ ન હોય.

આ રીતે આપણે આર્ષદ્રષ્ટાની માનસિક કક્ષાનું અનુસરણ કરી શકીએ છીએ, જેના વિષે મેં અગાઉ મારા પ્રથમ વાર્તાલાપમાં તમને કહ્યું હતું અને જ્ઞાનીઓ જેના વિષે આ રીતે કહે છે.

"જેઓ સત્યની અંદર આગળ વધે છે તે ભૂલોથી ક્ષોભ પામતા નથી, કારણકે ભૂલો તો જીવનનો સત્ય પ્રતિ આગળ વધવાનો પ્રથમ પ્રયાસ છે તે તેઓ જાણે છે."

પરિણામે આપણે જ્ઞાનનો કોઈ પણ અંશ નહિ ખોઈએ, એ કયાંક પણ છૂપાયો હશે તો એને કેવી રીતે શોધવો અને પામવો તે આપણે જાણીએ છીએ.

ઉપરાંત જ્યારે આપણને સત્યનો પરિચય થઈ જાય છે, આપણે એને એની રીતે અને એના ખાતર જાણી લઈએ છીએ ત્યારે તદ્દન ભિન્નભિન્ન આભાસો અને વિવિધ ઓની પાછળ એ છુપાઈ ગયું હોય તો પણ આપણે એને પારખી લઈએ છીએ-

આ શક્તિ એ જાણવાની કસોટી પણ બની રહે છે કે કોઈ વ્યકિત સત્યના સંપર્કમાં છે કે કેમ, એટલે કે તે એને બરાબર સમજ્યો છે અને એને અપનાવી લીધું છે કે કેમ, કે પછી ય એવા સમુદાયની સભા છે જેમણે એક સિદ્ધાંત, એક વિશિષ્ટ ભાષાને સારામાં સારી રીતે આત્મસાત કરી છે અને જેઓ કેવળ એ જ ભાષાના શબ્દોમાં વિચારી શકે છે અને એ સિદ્ધાંતથી ભિન્ન કશું સમજી શકતા નથી.

બાહ્ય રૂપ માટેની આ આસકિત એ સંપૂર્ણપણે બૌદ્ધિક નિર્વીર્યતા જ છે. એ જ માણસો વચ્ચેના મતભેદોનું ઘણું મોટું શક્તિશાળી કારણ છે.

પરંતુ જે સત્યને, ઉઘાડા સત્યને જોવા માટે ઊંડાણોને ભેદી શકે છે તેને એ પ્રતીતિ થાય છે કે વિવિધ પ્રકારના અને ઓછાવત્તા પારદર્શી પડદાઓની પાછળ એક જ સત્ય રહેલું છે.

સાચી સહિષ્ણુતા કેળવવાનો આ જ એક સુનિશ્ચિત માર્ગ છે.

સાચું પૂછો તો આપણી અંદર કોઈ એક જ સિદ્ધાંત અથવા વિચારધારા કે ધર્મ માટે આત્યંતિક આસક્તિ કેવી રીતે હોઇ શકે, જ્યારે આપણને એ અનુભૂતિ થઈ ચુકી હોય છે કે એ પ્રત્યેકમાં પ્રકાશ અને સત્યના ભંડાર ભરેલા છે, ભલે પછી એ સત્યો જે બાહ્ય રૂપોમાં સચવાયા છે તે કેટલાય ભિન્ન કેમ ન હોય?

* * *

મને કાયમ એમ લાગતું રહ્યું છે કે સ્ત્રીઓનું બૌદ્ધિક કર્તવ્ય, અમુક અપવાદોને બાદ કરતાં, આપણે જે ઘટનાઓનો અનુભવ કરીએ છીએ તેમના અંગે તાત્ત્વિક ચિંતન કરવાનું નહિ, પરંતુ એ ઘટનાઓમાંથી વ્યાવહારિક નિષ્કર્ષો તારવવાનું છે.

મેડમ મારસિયાલે ગયા શુક્રવારે જે રજૂઆત કરી હતી તે યોગ્ય જ હતી કે સ્ત્રીઓ પુરુષોની જેમ જ વિચાર કરવા માગે એ અનુચિત છે; એનાથી તાર્કિક ચિંતન તથા વિશ્લેષણ તેમજ સમન્વયની શકિત જેવા પુરુષસુલભ ગુણો પ્રાપ્ત કર્યા વિના, ગહન આંતર્દૃષ્ટિ અને વ્યવહારલક્ષી નિષ્કર્ષ તારવવાની પોતાની વિશિષ્ટતા પણ ખોઈ દેવાને ભય ઊભો થાય છે.

આ કારણે જ વિચારો એક સાચી, સ્વતંત્ર, જીવંત અને ક્રિયાશીલ સત્તાઓ તરીકે અસ્તિત્વ ધરાવે છે. એ તથ્ય આજે હું તાર્કિક કે દાર્શનિક ચિંતન દ્વારા સિદ્ધ કરવાનો યત્ન નહિ કરું.

ઉપરાંત આપણે જો અર્થહીન વાતોમાં જ રચ્યાપચ્યા રહેવા માગતા ન હોઈએ, પણ સચ્ચાઈપૂર્વક જગતમાં બનતી ઘટનાઓનું સ્પષ્ટીકરણ મેળવવા માગતા હોઈએ તો આપણે હંમેશાં અત્યંત સાર્વત્રિક અને સાધારણ નિયમોની દિશામાં વળવું જોઈશે. એક રેતીના કણના સ્પષ્ટીકરણ માટે પણ સમગ્ર વિશ્વનો ઉલ્લેખ આવશ્યક બને છે. અને આપણે આપણા મહિલા અભ્યાસ-વર્તુળ માટે પસંદ કરેલો કાર્યક્રમ આ નથી. જે વ્યકિતઓ પોતે પ્રાપ્ત કરેલા શિક્ષણ અને માનસિક તાલીમના કારણે તાત્ત્વિક સમસ્યાઓ ઉપાડી લેવા માગતી હોય એમને પ્રત્યેક મહિનાના પ્રથમ શુક્રવારે યોજાતા વિચાર—મિલનોમાં ઉમદા અવસર પ્રાપ્ત થશે.

તમે બધા સહમત હો તો આપણા આ મહિલા વર્તુળમાં આપણે થોડા વિનમ્ર જ રહીશું.

સ્ત્રીઓ પોતાના સ્વભાવને લીધે જ આધ્યાત્મિક અથવા ગહનતમ અર્થમાં જેને નૈતિક ગણી શકાય એવો દષ્ટિબિન્દુ અપનાવે છે.

આધ્યાત્મિક ક્ષેત્રે આપણું વલણ મુખ્યત: વાસ્તવવાદી અને રચનાત્મક હોય છે; આપણે એ જાણવા માગીએ છીએ કે ઉમદા જીવન કેવી રીતે જીવવું, અને એ માટે આપણે સમ્યક્પણે વિચાર કરતાં શીખવું જોઈએ.

વિચારના પાયાનાં મહત્ત્વની પ્રતીતિ મેળવવા માટે આપણે એને એના મૂળ રૂપમાં, અર્થાત્ એક જીવંત સત્તા તરીકે જાણવો જોઈએ, જેથી આપણને એના સ્વતંત્ર અસ્તિત્વની ખાત્રી થાય. હું તમને તમારી મેળે જ એની ચકાસણી કરવાનું કહીશ અને એ કામ સરળ છે.

થોડાક નિરીક્ષણ પરથી જ આપણને એની પ્રતીતિ થશે કે આપણે એવા વિચારો ઝીલીએ છીએ જે ઘણુંખરું બહારથી આવતા હોય છે, જો કે એ શ્રવણ કે વાચન દ્વારા આપણા સંપર્કમાં આવેલા હોતા નથી.

અને એ ઘટના પણ કોણે નોંધી નથી કે વિચારો જાણે કે 'હવામાં, હોય છે અને અનેક સંશોધકો વૈજ્ઞાનિકો, સાહિત્યકારો એક સાથે એ વિચારો ઝીલે છે. છતાં એ માટે એમની વચ્ચે ભૌતિક સ્તરે કોઈ સીધો સંબંધ હોતો નથી.

આપણે આ પ્રકારના અસંખ્ય ઉદાહરણો આપી શકીએ છીએ. તમારામાંથી પ્રત્યેક પોતાની રીતે વિચાર કરી પોતાને ખાત્રી થાય એવા ઉદાહરણો શોધી શકે છે.

આ વિષય ઉપર આગળ વધતાં પહેલાં હું તમારી સમક્ષ વિચાર વિષે એક પૃષ્ઠમાંથી થોડુંક વાંચીશ જે તમને એની સમજણ મેળવવામાં મદદ કરશે.

આ હજી અપ્રગટ એવા એક દાર્શનિક ગ્રંથનું પૃષ્ઠ છે.

"પ્રત્યેક ઘટનાને અનુરૂપ એક પદાર્થ હોય છે, દરેક સ્પંદનને પોતાનાં એક માધ્યમની આવશ્યકતા હોય છે. પ્રકાશના સ્પંદનને જે માધ્યમની જરૂર રહે છે તેને આપણે આકાશ તરીકે ઓળખીએ છીએ તો પ્રકાશથી વધુ સૂક્ષ્મ અને ગૂઢ તેમજ વધુ વેગવંત એવા વિચારના સ્પંદનોને શું કોઈ માધ્યમની જરૂર નહિ રહે?

હું એ વિચારની વાત નથી કરતો જેણે આપણા મગજની ભૌતિક સામગ્રીમાંથી રૂપ ધારણ કરી લીધું છે. મનોવૈજ્ઞાનિકો એ સારી રીતે જાણે છે કે વિચાર એ મગજમાં સચેનત પ્રવૃત્તિનું રૂપ પામે એ માટે પ્રથમ તો એણે દૂર દૂરની અવસ્થામાંથી, જેને આપણે અવચેતન તરીકે ઓળખીએ છીએ એ અજ્ઞાત ક્ષેત્રમાંથી પસાર થવાનું હોય છે.

એ અગમ્ય એવા અંતરીક્ષમાંથી ઊતરી આવતી એક ઉલ્કાની પેઠે અંતરની કોઈ ગહનતામાંથી ચેતનાની સપાટી ઉપર તરી આવે છે.

આ ઉલ્કાનો અને આ વિચારોનો મૂળ સ્રોત કયાં છે? આપણે એ જાણતા નથી. પણ એનું અસ્તિત્વ છે. એકનું ઉદ્‌ગમસ્થાન છે સૂર્યથી ય પેલે પાર તો બીજાનું પ્રકાશને પેલે પાર.

વિચાર અને પ્રકાશ વચ્ચે એક પ્રકારનો ઉચ્ચતાનો સંબંધ છે. અગમ્યની સીડી પર એકથી બીજે પહોંચવા માટે એક પગલું ઉપર ચડવાની આવશ્યકતા રહે છે. અભિકલ્પન એ દર્શનનો જ એક વધુ ઊંચો પ્રકાર છે.

છતાં આપણે વિચારને જો જોઈ શકતાં ન હોઈએ તો એનું કારણ છે કે એની સામગ્રી પ્રકાશ કરતાં વધુ સૂક્ષ્મ છે; જેમકે આપણે પ્રકાશને સાંભળી શકતાં નથી. કારણ કે તે ધ્વનિ કરતાં વધુ સૂક્ષ્મ છે.

જે રીતે આપણું શરીર પાર્થિવ પદાર્થોની વચ્ચે વિચરે છે તેમ વિચાર પણ પોતાની કક્ષાની દ્રવ્યની વચ્ચે વિચરે છે. જેમ આપણા હાથો વસ્તુઓને કેવી રીતે આકાર આપવો તે જાણે છે તેમ વિચાર પણ આ દ્રવ્ય અગણિત કોટિના વિવિધ આકારોમાં કેવી રીતે ઢાળવું તે જાણે છે.

આમ આપણી બૌદ્ધિક ચેષ્ટાઓ આપણી શારીરિક ચેષ્ટાઓથી લેશ પણ ઓછી અસરકારક નથી. આથી આપણે આપણા કાર્યોની બાબતમાં જે રીતે કાળજી રાખીએ છીએ તે રીતે વિચારોની બાબતમાં પણ કાળજી રાખવામાં આવે એમાં શાણપણ રહેલું છે.

આમ આપણે જોયું કે વિચાર એ ખરા અર્થમાં ક્રિયાશીલ છે, એ પોતાના ક્ષેત્રમાં પોતાને ઉપયુક્ત દેહની રચના કરવા માટેની એક સર્જક શકિત તરીકે કામ કરે છે. જેમ લોહચુંબક લોહકણોને ખેંચે છે તેમ એ પણ પોતાના ધર્મ, લક્ષ્ય અને વલણને અનુરૂપ તત્ત્વોને આકર્ષે છે, એ તત્ત્વોને પ્રાણવાન બનાવે છે. આ તત્ત્વો એના દેહના ઘટક કોષો બને છે. એની બાબતમાં વધુ ખુલાસાઓ ન આપવા પડે એ માટે આ તત્ત્વોને હું પ્રવાહી કહીશ. એમને એ અનુપ્રાણિત કરે છે, ઘડે છે અને એમને એમની પ્રકૃતિને વધુમાં વધુ અનુકૂળ એવું રૂપ આપે છે.

વિચારના કાર્ય અને કોઈ અન્વેષક અથવા કોઈપણ પ્રકારના નિર્માતાના કાર્યની વચ્ચે આપણને ઘણી સમાનતા દેખાશે.

આપણે વરાળયંત્રનું ઉદાહરણ લઈએ. એક ઈજનેર નાનામાં નાની વિગતોને ધ્યાનમાં રાખીને સર્વપ્રથમ એક નકશો તૈયાર કરે, વિવિધ ગણતરીઓ કરે અને બધું જ ગોઠવે; પછી પોતાની સંકલ્પનાને મૂર્ત કરવા માટે યોગ્ય સામગ્રી પસંદ કરી નિર્માણ કાર્ય ઉપર દેખરેખ રાખે વગેરે વગેરે.

અને એ યંત્ર જ્યારે પોતાની કાર્યવિધિ દ્વારા સજીવ હસ્તી જેવું બની કાર્ય કરવા લાગે ત્યારે જે વિચારે એનું નિર્માણ કર્યું છે તેનો એ એક સંપૂર્ણ આવિર્ભાવ બની રહે છે.— એ વિચારની સંપૂર્ણ શકિતને બહાર લાવે છે. — એ ઍંજિનો, મોટરગાડીઓમાં, જાગૃત થયેલી અચેતના છે. સર્જક વિચાર આ રીતે એક જીવંત હસ્તી છે. એ મનુષ્યના હાથો દ્વારા નિર્મિત દેહને અનુપ્રાણિત કરે છે. મનોમય ક્ષેત્રે પણ આ રીતના સચેતન સર્જકો હોય છે.

એવા વિશેષ પ્રતિભા ધરાવતા લોકો પણ છે જેમણે પોતાની અંદર કોઈ વિશેષ આંતર ઇન્દ્રિય કેળવેલી હોવાથી મુખ્યત્વે દૃષ્ટિ અને સ્પર્શ દ્વારા આ મનોમય ક્ષેત્રના પ્રત્યક્ષ સંપર્કમાં આવી શકે છે.

તેઓ જ્યારે ઘટનાઓ પર દેખરેખ રાખવાને સમર્થ બને છે ત્યારે પ્રયોગશાળામાં કામ કરતાં રસાયણશાસ્ત્રીની જેમ વિવિધ તત્ત્વોને હાથ ધરે છે, તેમની પસંદગી કરે છે

અને પોતાની સંકલ્પ શકિત એમાંથી ઘડતરનું કામ કરે છે. એ પોતાના વિચારને પૂર્ણપણે સાકાર કરી શકે એવું રૂપ એના પર ચડાવે છે.

પરંતુ આ તો વૈયકિતક પ્રગતિના કોઈ એક પંથની અંતિમ અવસ્થા છે. આ પૂર્ણ ચેતના પ્રાપ્ત થાય એથી ઘણું પહેલાં કેટલાક શકિતશાળી રૂપો બનાવવાનું શકય છે. બળ અને ધીરજ ધરાવતી કોઈ પણ વ્યકિત જાણ્યે અજાણ્યે સતત આવાં રૂપો ઘડતી જ હોય છે.

જો તમે એ સમજી લેશો કે આ રૂપો એ એમના જન્મદાતા વિચારોએ એમને આપેલી દિશામાં કામ કરતી જીવંત હસ્તીઓ છે તો તમે આ માનસિક કાર્યોના અસાધારણ પરિણામો સરળતાથી જોઈ શકશો. જેમ મંગલ, કલ્યાણકારી, ન્યાયી અને ઉમદા વિચારો અત્યંત લાભદાયી હોય છે તેમ અમંગલ, દુષ્ટ, હીન અને સ્વાર્થી વિચારો અત્યંત હાનિભર્યા હોય છે.

આ બાબતમાં હું ધમ્મપદમાંથી એક કંડિકા ટાંકીશ, જે પ્રાચીન જ્ઞાન પરંપરામાં વિચારોને બક્ષવામાં આવેલા વિશેષ મહત્ત્વનો ખ્યાલ આપશે.

"એક શત્રુ બીજા શત્રુને હાનિ પહોંચાડે છે, એક વ્યકિત બીજાના પ્રત્યે ઘૃણા દાખવે છે. પરંતુ ગેરમાર્ગી વિચાર જે નુકશાન કરે છે તે એનાથી કયાંય વધુ હોય છે?

અને સુમાર્ગી વિચાર કોઈ પિતા કરી શકે નહિ, માતા કે સ્વજન પણ નહિ, એવું શુભ કરે છે."

રોજેરોજ પ્રગટ થતાં અસંખ્ય વિચારોની કલ્પના કરો તો તમે તમારી સમક્ષ એક એવું જટીલ અને કંપાવનારું ભયાનક દૃશ્ય ઊભું થતું જોશો જેમાં આ બધાં રૂપો એક બીજાને આડે આવે અને એકબીજાની સાથે અથડાતા તથા ઝઘડતા હોય; અને એવી ઝડપે અને એવા કંપ સાથે તેઓ કાંતો નાશ પામતા જાય કે વિજયી બને તેની તો આપણે કલ્પના પણ ન કરી શકીએ.

હવે તમને પ્રતીતિ થશે કે પેરીસ જેવી નગરીનું માનસિક વાતાવરણ કેવું હશે જ્યાં લાખો લોકો વિચારો કર્યા જ કરતાં હોય છે, અને એ ય તે કેવાં વિચારો! તમે આ ચોપાસ ઊભરાતાં અને આમતેમ ભમતાં અને ન ઉકેલી શકાય એવા ગૂંચવાડા ભરેલાં વિચાર સમુદાયની કલ્પના કરી શકો છો. અભિપ્રાયો અને સંકલ્પ વિકલ્પના પરસ્પર વિરોધી વલણો છતાં એ આંદોલનોમાં કોઈ એક પ્રકારની એકતા અને એકરૂપતા સ્થાપિત થઈ જતી દેખાય છે. આ આંદોલનો લાલસા દર્શાવે છે, તમામ પ્રકારની, તમામ ભૂમિકા પરની વિવિધ પાસાંઓ ધરાવતી લાલસા.

મોજમજા અને સુખોપભોગ એ સંસારી જીવોનું એકમાત્ર લક્ષ્ય હોય છે. એમના તમામ વિચારો લાલસાને પ્રગટ કરે છે.

બુદ્ધિશીલ સર્જકો અને કલાકારો યશ, પ્રતિષ્ઠા અને માનમોભાના પિપાસુ હોય છે, તેમના તમામ વિચારોમાં પણ લાલસા જ રહેલી છે.

વધુ સત્તા અને અધિકારની ખેવના કરતાં શાસકો અને અધિકારીઓના વિચારો પણ લાલસાભર્યા હોય છે.

પોતાના દુ:ખિયારા જીવનમાં કાંઈક સુધારા માટે ઝૂઝતા હજારો નોકરિયાતો અને કારીગરો, દુર્ભાગી દલીતો અને પીડિતોના વિચારોમાં પણ આ જ લાલસા રહેલી દેખાય છે.

અમીર અને ગરીબ, સત્તાધારી અને નિર્બળ, ભાગ્યશાળી અને દુર્ભાગી, બુદ્ધિશાળી અને મંદબુદ્ધિ, વિદ્વાન અને મૂર્ખ સૌ કોઈને સોનું જોઈએ છે, તેમની લાલસાની તૃપ્તિ માટે વધુ ને વધુ સોનું.

ક્યાંક ક્યાંક ક્યારેક કોઈ ઉમદા કામ કરવાની ઇચ્છા કે સત્યની નિષ્ઠાભરી શોધને પ્રગટ કરતાં વિશુદ્ધ અને નિ:સ્વાર્થ વિચારો ઝળકતા દેખાતા હોય તો એ વિચારો પણ કાદવ કીચડના આ ભારે પૂરમાં ક્યાંય ઘસડાઈ જાય છે.

છતાં આપણે એવા તારકોને પ્રદીપ્ત કરવા જોઈએ જે એક પછી એક આવીને રાત્રિને અજવાળી દે.

પરંતુ અત્યારે તો આપણે એવી લાલસામાં જ જીવીએ છીએ, એમાં જ તરબોળ થયેલાં છીએ, કારણકે સ્થૂળ અને માનસિક કક્ષાએ આપણે સતત આ વાતાવરણની સાથે આપલેના સંબંધમાં હોઈએ છીએ.

આ તો પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક દિવસે આપણે કેટલાં તો દુષિત થતાં રહીએ છીએ એનો ખ્યાલ આપવા પૂરતું.

આપણામાંથી કોઈ એમ કહી શકે એમ છે કે પોતે ક્યારેય કોઈ લાલસાનો અનુભવ નથી કર્યો, અને ક્યારેય એવો અનુભવ કરશે પણ નહિ. બીજું, આખું વાતાવરણ લાલસાથી તરબોળ હોય ત્યારે આપણે એનાથી કેવી રીતે અસ્પૃષ્ટ રહી શકીએ! આપણે જે આંદોલનો ઝીલીએ છીએ તે તૃષ્ણાથી ભરેલાં હોય તો આપણી અંદર આ તૃષ્ણાઓ ન ઊભરાય એ કેવી રીતે બની શકે ?

અને છતાં આપણે ઇચ્છતા હોઈએ કે આપણા વિચારો કલ્યાણકારી અને શ્રેયસ્કર બને તો આપણે આ બંધનમાંથી છૂટકારો મેળવી લેવો જોઈએ.

આ તથ્યને સામે રાખીને આપણે પ્રથમ તો એક વ્યાવહારિક તારણ કાઢીએ : આપણે સૌ કોઈના પ્રતિ સૌમ્ય બની રહીએ – કારણ કે લાલચ ઘણી બળવાન હોય છે અને મનુષ્યનું અજ્ઞાન અત્યંત વિશાળ.

પરંતુ જેમ આપણે બીજાઓ પ્રત્યે કરુણામય અને ઉદાર બનવું જોઈએ તેમ આપણી પોતાની જાત પ્રત્યે કડક, નિર્ભય બનવું જોઈએ. કારણ કે આપણે અંધકારની અંદર પ્રકાશ લાવવા માગીએ છીએ, આપણે રાત્રિમાં દીપ જલાવવાં માગીએ છીએ.

આથી આપણે આ રોજિંદા દુષણને સભાનતાપૂર્વક દૂર કરવાનું શીખવું જોઈએ

આ દુષણનો ચેપ લાગવાનો સતત ડર રહે છે. એ જાણી લેવામાં આવે એ પોતે જ મુક્તિ પ્રત્યેનું મહાન પગલું છે, પણ એ પર્યાપ્ત નથી.

આપણે બે વિજયો મેળવવાના છે, એક સામુદાયિક ક્ષેત્રે અને બીજો વ્યક્તિજીવનમાં; પહેલાં વિજયને વિધાયક અને ક્રિયાશીલ કહી શકાય, બીજાને નિષેધક અને નિષ્ક્રિય.

પહેલા વિજયની પ્રાપ્તિ માટે વિચારે વિચાર સામેના યુદ્ધની ઘોષણા કરવી જોઈએ. નિ:સ્વાર્થ, ઉમદા અને અભિજાત વિચારોએ સ્વાર્થમય, હીન અને ગંદા વિચારોને મહાત કરવા જોઈએ. આ ખરેખરી હાથોહાથની લડાઈ હોય છે; પ્રત્યેક પળે ચાલતી રહેતી લડાઈ જેમાં અસાધારણ માનસિક સામર્થ્યની જરૂર રહે છે. વિચારો સામે લડવા માટે સર્વ પ્રથમ તો આપણે એમને ઝીલવા જોઈએ, એમને આત્મસાત્ કરવા જોઈએ, પોતાની જાતને ઈરાદાપૂર્વક એમાં ડુબવા દેવી જોઈએ. એ રોગને પોતાની અંદર ઝીલી લઈને એના કિટાણુઓને ખતમ કરવા જોઈએ. આ એક સાચું યુદ્ધ છે, જેમાં પ્રત્યેક પળે વ્યક્તિએ પોતાની માનસિક સમતુલાને જોખમમાં મુકવી પડે છે. અને યુદ્ધમાં વીર યોદ્ધાની જરૂર હોય છે—આ પદ્ધતિની હું કોઈને ભલામણ નહિ કરું. આ લાંબી અને કઠોર સાધના દ્વારા, જેમણે પોતાની જાતને કેળવી છે એવા દીક્ષિતોના જ અધિકારની બાબત છે. અને એ આપણે એમના પર છોડી દઈએ.

આપણી બાબતમાં તો ચેપથી બચી રહેવા માટે આપણે આપણી જાતને જંતુમુક્ત કરી શકીએ તો એનાથી પણ સંતોષ મળવો જોઈએ. એટલે આપણે તો વ્યક્તિગત મુક્તિની અભીપ્સા સેવીશું. એમાં આપણે વિજય મેળવીએ તો આપણે જોઈશું કે સમુદાયને માટે પણ આપણે ધાર્યા કરતાં કાંઈક વિશેષ સિદ્ધ કર્યું છે.

આ વિજય સિદ્ધ કરવા માટે આપણી જાતની અંદર આસપાસના વાતાવરણથી વિરુદ્ધ પ્રકારના માનસની રચના કરવી જોઈએ. આપણે આપણા મનમાં રોજ ધીરે ધીરે શકય એટલાં ઉમદા, વિશુદ્ધ અને નિ:સ્વાર્થ વિચારો ભરતાં રહેવું જોઈએ, અને એ પૂરતાં પ્રાણવાન બને એ માટે ખાસ સભાનપણે કાળજી લેવી જોઈએ, જેથી બહારથી આપણી અંદર કોઈપણ ખરાબ વિચારનો પ્રવેશ થતાં એ વિચારો બહાર આવે અને આપણા પર આક્રમણ કરવાને તૈયાર છાયાનો નાખે એવા પોતાના પ્રભાવથી સામનો કરે.

આપણે આપણી અંદર એ પ્રાચીન અગ્નિ, જેની અભિવ્યક્તિ કરવી એ આપણું કર્તવ્ય છે એ દિવ્ય પ્રજ્ઞાના પ્રતીક રૂપ અગ્નિ પ્રજ્વાલીએ.

આ કાર્ય એકાદ દિવસ કે માસ કે વર્ષમાં સુધ્ધાં પૂરું થઈ શકે એમ નથી. આપણે આપણી સંકલ્પશક્તિને ધીરજપૂર્વક યોજતા રહેવાનું છે. પરંતુ એમાંથી પ્રાપ્ત થતાં લાભો જાણી લો, તૃષ્ણામાંથી જન્મતાં ભય અને ચિંતાને ધીરે ધીરે દૂર કરે એવી પૂર્ણ સ્વસ્થતા અને શાંતિનો અનુભવ કરો તો તમે નિ:સંકોચ કામે લાગી જશો.

બીજું, વિશુદ્ધ અને સમર્થ વિચારોના સમન્વય દ્વારા કેવળ આપણું પોતાનું જ સુખ પ્રાપ્ત થતું નથી. એની જ્યોતિ જેટલી વધુ ઊંચી અને પવિત્ર હશે તેટલો વધુ પ્રકાશ તે આસપાસ રેલાવશે.

આપણે આપણા દ્વારા જે તારકને પ્રકાશવા દઈએ છીએ તે પોતાના ઉદાહરણથી એવા જ બીજા તારકોને જન્મ આપશે. અને સદ્‌ભાગ્યે અજ્ઞાન અને અંધકાર જ નહિ, જ્ઞાન અને પ્રકાશ પણ પૂરતાં ચેપી હોય છે અને તે પોતાનો ફેલાવો કરે છે.

ઉપરાંત, આપણે આપણા સૌથી ઊંચા વિચારોની બાબતમાં સભાન રહેવાનો જે પ્રયત્ન કરીએ છીએ તે સતત આપણા વિચારોનું નિયમન કરવાની આપણને ફરજ પાડે છે. અને વિશ્લેષણ, ચિંતન અને ધ્યાનની જે પદ્ધતિની મેં ગયા મહિને રૂપરેખા આપી હતી તેના દ્વારા આ નિયમન સધાય છે. જેઓ પોતાના મનને વશ કરી શક્યા છે તેઓ ઈચ્છે ત્યારે પોતાની મનોમય શકિતના કોઈ એક અંશને બહાર કાઢીને સંપૂર્ણ સભાનતાપૂર્વક પોતાને યોગ્ય લાગે ત્યાં મોકલી શકે છે.

મનોમય શકિતના આ કિરણો તમારાં સાચાં સંદેશવાહકો છે અને જ્યાં તમારે માટે સ્થૂળ રૂપે જવાનું શક્ય નથી ત્યાં એ તમારા સ્થાને પહોંચી જાય છે.

આ શકિતનો લાભ તમે સરળતાથી જોઈ શકશો.

જેને કુશળતાપૂર્વક વાળવામાં અને પોષવામાં આવ્યો છે તે વિચાર પોતાના સાહચર્યથી હજી અંધકારમાં અટવાતા અનેક મનની અંદર જ્ઞાનની ચેતના જગાડી આપી શકે છે, અને આ રીતે એ એમને પોતાના વિકાસક્રમમાં પ્રગતિને પંથે મૂકી આપે છે. જો કોઈ બિમાર હશે તો એ એના તરફ સાજો થવા માટેની જરૂરી પ્રાણશકિત ખેંચવા માટેનું માધ્યમ બની શકશે. એ સહજ જ્ઞાન દ્વારા કે માનસિક સંક્રમણ દ્વારા કોઈ પ્રિય મિત્રને ચેતવણી આપીને કે જોખમના કારણો ઉપર પ્રત્યક્ષ કાર્ય કરીને સંકટો સામે એની રક્ષા કરી શકશે.

દુર્ભાગ્યે એનાથી વિપરીત ઘટના પણ શક્ય છે. અને ખરાબ વિચારોમાં પણ કાર્યશકિતની કોઈ તાણ હોતી નથી. આપણે ઘૃણા, ઈર્ષ્યા, અસૂયા, વેરભાવના. સંકુચિત અને કઠોર નિર્ણય અંગેના ખરાબ વિચારો ઝીલીને કે બહાર મોકલીને કેટલું નુકશાન પહોંચાડીએ છીએ તેની કલ્પના કરી શકાય એમ નથી.

કોઈની નિંદા કરવી કે સાંભળવી એ કેટલું હાનિકર છે તે આપણે જાણીએ છીએ. આપણે કેવળ એવા શબ્દોથી નહિ, એના વિચારોથી પણ દૂર રહેવું જોઈએ.

બીજું, થોડુંક આત્મનિરીક્ષણ કરતાં આપણે એ પણ જોઈ શકીશું કે આપણાં અભિપ્રાયો અને નિર્ણયો કેટલા તો ઉતાવળા હોય છે.

આપણા કાર્યોની બાબતમાં પણ આપણે એમનું સાચું સ્વરૂપ જાણતાં નથી એ આપણી જાતને કહી શકીશું. આપણા કામના હેતુઓ અને એમના કેટલાંક કારણો તો કયારેય આપણી પકડમાં આવતાં નથી.

અને ખામીઓની બાબતમાં પણ આપણે એ ભૂલી ન જવું જોઈએ કે બીજાની જે ખામીઓ આપણને અકારી લાગે છે તે મોટે ભાગે આપણી અંદર પૂરતાં પ્રમાણમાં હાજર હોય છે. અને ઓછામાં ઓછું, આપણી અંદર એ ખામીઓના બીજ ન હોય તો બીજે કયાંય આપણે એ જોઈ શકીશું નહિ. બીજું, આ ખામીઓ તે ખરેખર છે શું? ઘણુંખરું તો એ કોઈ સદ્ગુણની જ ઉલ્ટી બાજુ હોય છે, એ જેને તૃપ્તિનો માર્ગ ન મળ્યો હોય એવા કોઈ ગુણના અતિરેક હોય છે, અથવા છેવટે કોઈ એવી વસ્તુ કે જે એના યોગ્ય સ્થાને ન હોય.

આપણને અંગત રીતે સ્પર્શતું તથ્ય એ છે કે આપણે વધુ વિવેકશીલ હોવું જોઈએ અને એજ નિયમનું કાળજીપૂર્વક પાલન કરવું જોઈએ કે સામેની વ્યકિત ગમે તે હો, પરંતુ શકય એટલા બિનઅંગત ભાવથી પોતાની જાતને એના સ્થાને મૂકયા વિના એની બાબતમાં કોઈ પણ નિર્ણય ન બાંધવો. એણે જે અનુભવ્યું હોય તે અનુભવવાનો, જે જોયું હોય તે જોવાનો યત્ન કરો. અને આપણે બધી રીતે સચ્ચાઈ પૂર્ણ થવામાં સફળ થઈશું તો આપણા અભિપ્રાયો તરત બહુ જ ન્યાયપૂર્ણ અને અત્યંત મૃદુ બની જશે.

ઉપરાંત એક સામાન્ય નિયમ તરીકે આપણે પૂછીશું કે જેના વિષે આપણે નિર્ણય બાંધવા માગીએ છીએ તેને આપણે કયા પ્રકાશમાં જોઈશું? એ માટે આપણો માપદંડ શો હશે? શું આપણે એમ વિચારીશું કે આપણે પરિપૂર્ણ ન્યાયબુદ્ધિ અને સર્વોચ્ચ પ્રજ્ઞા ધરાવીએ છીએ જેના આધારે "આ શુભ છે અને આ અશુભ છે" એમ નિશ્ચયપૂર્વક કહી શકીએ? આપણે એ ભૂલવું ન જોઈએ કે શુભ અને અશુભના આપણા ખ્યાલો પૂરેપૂરા સાપેક્ષ હોય છે. અને બીજાઓની બાબતમાં તો એ ખ્યાલો એવા અજ્ઞાનભર્યા હોય છે કે જે કાર્યો આપણાં કરતાં વધુ ડહાપણભર્યા હોય તેમાં પણ આપણને કોઈ દોષ જ દેખાય છે.

સાચું વિજ્ઞાન નિર્ણયો નથી બાંધતું, એ પ્રત્યેક ઘટનાના અનેકવિધ કારણો અને વિભિન્ન પરિણામોની શકય એટલી ચોકસાઈથી ખોજ કરે છે. એ કહે છે, "આનું પરિણામ તે આવશે."– અને 'આ' કરતાં પહેલાં 'તે' તમારી ઇચ્છાને અનુરૂપ છે કે કેમ તે, એ જોઈ લે છે. આપણને અંગત રીત સ્પર્શતી બાબતોમાં પણ ઘણુંખરું આપણે આપણા સર્વોચ્ચ આદર્શની સાથે, તેની પૂર્ણ તીવ્રતા અને વધતી જતી તેજસ્વિતા સાથે ઓછી વત્તી સમાનતાને આપણા માપદંડ તરીકે લઈ શકીએ, પરંતુ આપણો આદર્શ બીજાના કરતાં વધુ સારો છે એ આપણે જાણતાં ન હોઈએ તો બીજાઓ પણ આપણા

આદર્શને સાક્ષાત્કાર કરે એવી માગણી કરવાનો આપણને કોઈ અધિકાર રહેતો નથી; અને આપણો આદર્શ વધુ સારો છે એ કહેવા માટે આપણને એ ખાત્રી હોવી જોઈએ કે એ પરમ આદર્શ સાથે તેમજ વિશ્વયોજનાના અંતર્તમ સારતત્ત્વ સાથે બધી રીતે મેળમાં છે.

પરંતુ એવી પરમ ઊંચાઈએ ન પહોંચ્યા હોઈએ ત્યારે પણ આપણે કાયમ એ તો ધ્યાનમાં રાખી જ શકીએ કે માણસો દ્વારા પ્રગટ થતાં દુષ્ટ તથા અનુદાર વિચારો એમની વચ્ચેના ભેદભાવનું મુખ્ય કારણ છે. તેઓ એકતા સ્થાપવા ઈચ્છતા હોય ત્યારે પણ આ વિચારો એકતાને અશકય બનાવી દે છે.

આપણે આપણા સ્થૂલ કાર્યોમાં જે સિદ્ધ કરવાને સતત યત્નશીલ હોઈએ છીએ. એને એજ વખતે આપણા માનસિક કાર્યો કાંતો રોકે છે કે એનો નાશ કરે છે.

આથી આપણે આપણા વિચારો પર નજર રાખીએ, આપણે એક સુંદર અને ઉમદા વિચારોનું વાતાવરણ રચવાનો યત્ન કરીએ, એજ વિશ્વમાં સંવાદિતાના આગમનને ઝડપી બનાવવામાં આપણો મોટો ફાળો હશે.

# સુક્તિ સુધા

# સામીપ્ય

* ચેતના, સમતા અને પ્રેમના વિકાસ સાથે હંમેશા ભગવાન સાથેનું સામીપ્ય પણ વધતું જશે.

* અસત્યથી ઉપર ઊઠો, તમારા આત્માના વિશુદ્ધ પ્રકાશમાં જીવન જીવવા લાગો અને તમે ભગવાનની વધુ ને વધુ સમીપ આવી રહેશો.

## સહયોગ

* સુસંવાદી સહયોગ દ્વારા જ અસરકારક કાર્ય થઈ શકે છે.

* આપણે સ્પર્ધા અને સંઘર્ષના સ્થાને સહયોગ અને બંધુતાને મૂકવાં જોઈએ.

* આપણને એક ખાત્રી આપવામાં આવી છે કે જે કાંઈ કરવા જેવું છે, તે કરાશે અને આપણા હાલના વ્યક્તિગત જીવનને આ ભવ્ય વિજયના, આ નવીન આવિર્ભાવના કાર્યમાં સહયોગી થવા માટે સાદ કરવામાં આવ્યો છે.

* તમે સૌ જેમાં સંમત થઇ શકતા હો એવો મુદ્દો શોધી કાઢવો એ મહત્વની બાબત છે. એક વાર એ નક્કી થઈ જાય પછી આ સંવાદિતાના મુદ્દાને સાચવી રાખવા માટે તમારે દરેક જણે પોતાની અંગત ઈચ્છાઓને નમાવવા માટે તૈયાર રહેવું જોઈએ.

* જો દરેક વ્યકિત એણે જે કાંઈ કરવું જોઈએ તે પૂર્ણપણે કરી લે તો એ બધું મળીને એક એવી વ્યકિતસત્તાની રચના થાય છે જે સૌ કોઈને માટે સાધના કરતી હોય.

* સામૂહિક સ્તરે કોઈ ગુણને સિદ્ધ કરવા માટે ભગીરથ પુરૂષાર્થની જરૂરિયાત રહે છે.

## આત્મનિવેદન

* જીવનની તમામ પ્રવૃત્તિઓ દ્વારા આત્મનિવેદન અને સમર્પણ કરાવું જોઈએ.

* ભગવાનને કરાયેલું આપણું આત્મનિવેદન સંપૂર્ણ અને સમગ્ર હોય એમ આપણે ઈચ્છતા હોઈએ, તો એ બિનશરતી અને બધા સંજોગોથી મુકત હોવું જોઈએ.

* ધ્યાનથી નહિ પણ આત્મનિવેદન અને સમર્પણભાવથી વ્યકિત પોતાની જાત ભગવાનને સમર્પિત કરી શકે છે.

* 'આત્મનિવેદન' એ શબ્દમાં 'સ્વાર્પણ' શબ્દમાં તમે જુઓ છો એના કરતાં વધુ મોટી જ્વાલાનો તમે અનુભવ કરશો.

* હંમેશાં એક જ કેન્દ્રમાં, ખાસ કરીને અભીપ્સાના કેન્દ્રમાં તલ્લીન થવું એ વધુ સારું છે.

* એકાગ્રતાનો અર્થ ધ્યાન નથી, એ તો એક એવી અવસ્થા છે કે જેને વ્યકિતએ એની જે કોઈ બાહ્ય પ્રવૃત્તિ હોય તેમાં નિરંતર સિદ્ધ કરવી જોઈએ.

* એકાગ્રતાનો અર્થ છે તમામ શકિતઓ, તમામ સંકલ્પો અને તમામ અભીપ્સાઓનું કેવળ ભગવાન પ્રતિ, આપણી ચેતનામાં એમના પૂર્ણ સાક્ષાત્કાર પ્રતિ વળવું.

* પોતાની જાતમાં તલ્લીન થવું એ મૃત્યુ અને વિનાશ તરફ લઈ જાય છે, કેવળ ભગવાનમાં કરેલી એકાગ્રતા જ જીવન, વિકાસ અને સાક્ષાત્કાર ભણી દોરી જાય છે.

* પ્રત્યેક સવારે જાગતી વેળાએ પૂરો દિવસ સંપૂર્ણ આત્મનિવેદનનો દિવસ બની રહો એવી પ્રાર્થના કરીએ.

* તમે જો એક સંકલ્પ કરો છો તો તમારે એનું પ્રત્યેક પળે સ્મરણ રાખવું જોઈએ અને તમારા જીવનની તમામ વિગતોમાં એને ઉતારવો જોઈએ.

* તમે જો તમારી જાતનું પૂર્ણ નિવેદન કરવા ચાહતા હો તો એ તમારે સમગ્રતયા કરવું જોઈએ. તમારા જીવનના છેડાઓ અહીં તહીં અટવાયેલા રહે એમ નહીં થવું જોઈએ.

* જ્યારે જ્યારે તમને એમ લાગે કે તમે ભગવાનની હાજરીનો અનુભવ કર્યા વિના પણ સંપૂર્ણપણે સ્વસ્થ રહી શકો છો, ત્યારે તમારે સમજી લેવું જોઈએ કે તમારા અસ્તિત્વના તે ભાગનું આત્મનિવેદન થયું નથી.

* તમે જે કાંઈ કરો તે ભગવાનને કરાતાં અર્પણ રૂપે થવા દો.

## વિરોધો

* વિરોધો હંમેશાં દૃષ્ટિની અધુરપમાંથી તથા કોઈ પણ તથ્યને એક જ વખતે બધા દૃષ્ટિબિન્દુઓથી જોવાના અસામર્થ્યને લીધે ઉભા થાય છે.

* જો વ્યકિત પૂરતી ઊંચે ઊઠી શકે તો પરસ્પર વિરોધી વિચારોમાં એકતા આવી શકે છે.

* ગૂંચવાડામાંથી બહાર આવવાનો કેવળ એક જ રસ્તો છે, શાંત અને સ્વસ્થ રહેવું, સમતાને જાળવી રાખવી જેથી વંટોળ પસાર થઈ જાય.

* એક જ વસ્તુ કરવા જેવી છે. પોતાની શ્રદ્ધા અને વિશ્વાસને ટકાવી રાખી પોતાનું કાર્ય ચાલુ રાખવું અને વિરોધો તથા ઈન્કારોની ચિંતા ન કરવી.

* તમે સામાન્ય માણસથી જેટલા વધુ દુર હો, અને એની રીતભાતથી જેટલા વધુ અલગ પડતા હો તેટલી જ તમારી કદર ઓછી થવાની એ સ્વાભાવિક છે, કારણકે તેઓ તમને સમજી શકશે નહીં.

* જ્યારે બે વિચારો કે સિદ્ધાંતો એક બીજાનું ખંડન કરતાં હોય ત્યારે તમારે તમારા વિચારને થોડો વધુ ઊંચે ઉઠાવવો જોઈએ અને એવી એક ભૂમિકા શોધી કાઢવી જોઈએ જેમાં સર્વ વિરોધો સર્વવ્યાપી સમન્વયમાં સમાઈ જાય.

## ભય અને મૃત્યુ

* ભયની ક્ષણોમાં પૂર્ણ સમતાની જરૂર હોય છે.

સંપૂર્ણ શાંતિ અને સ્વસ્થતા તમારો સામનો કરતાં ભયંકર અને ક્રૂર પ્રાણીઓને પણ શાંત બનાવી દે છે.

* એક વધુ મહાન ઉષાની તૈયારી કરવા માટે કયારેક રાત્રિની પણ જરૂર હોય છે.

* આકારોની જડતાને કારણે મૃત્યુ અનિવાર્ય બન્યું છે.

* બધી ટેવોમાં મૃત્યુની ટેવ સૌથી વધુ જિદ્દી છે.

* ભય પામશો નહિ, પ્રભુ તમારી સાથે છે અને તેઓ મૃત્યુથી વધુ સમર્થ છે.

* મૃત્યુની ઈચ્છા રાખશો નહિ.
મરવાનો વિચાર કરશો નહિ.
મૃત્યુથી બીશો નહિ.

* માણસોએ મૃત્યુને એક ભયાનક શોકજનક બાબત બનાવી દીધી છે.

* જ્યારે પૃથ્વી પર પ્રગતિ કરવા માટે મૃત્યુ પામવાની જરૂર નહિ રહે ત્યારે મૃત્યુ અહીં જરા વાર પણ રહેશે નહિ.

## મુશ્કેલીઓ

* મુશ્કેલીઓ હંમેશાં અહંકારમાંથી તમારી આસપાસના લોકો, સંજોગો અને ઘટનાઓ પ્રત્યેની તમારી ઓછીવત્તી અહંજન્ય અંગત પ્રતિક્રિયાઓમાંથી આવે છે.

* મુશ્કેલીઓ એમને પાર કરવાના આનંદને માટે રહેલી છે.

* જીવનની વિભિન્ન અવસ્થાઓમાં અજ્ઞાનની તમામ મુશ્કેલીઓ રહેલી છે, તેમાં જગતના દુષ્ટ પરિબળોની અમાપ લુચ્ચાઈ અને ક્રૂરતા ઉમેરાય છે.

* મુશ્કેલીઓ જેટલી વધુ હોય એટલો વધુ વિશ્વાસ તમે રાખી શકો છો કે ભગવાન તમને તમારા માટે વધુમાં વધુ શકય છે એટલી ઝડપે એમના પ્રતિ ખેંચી રહ્યા છે.

* ભગવાનની સહાય મુશ્કેલીઓના પ્રમાણને અનુરૂપ હોય છે.

* મુશ્કેલીઓ શકયતાની નિશાની છે.

* મુશ્કેલીઓ જેટલી વધુ મોટી એટલી જ વધુ મહાન આપણી શકયતાઓ હોય છે.

* જેમની પાસે પ્રચંડ સામર્થ્ય હોય છે અને જેમનું ભાવિ ઉજ્જવળ હોય છે તેમને જ ઘણા મોટા અવરોધો અને કઠણાઈઓનો સામનો કરવાનો આવે છે.

* મુશ્કેલીઓ આપણને તમામ સંજોગોમાં શાંત અને પ્રસન્નચિત્ત રહેવાનું શીખવવા માટે આવે છે.

* આપણે મુશ્કેલીઓને પ્રગતિ કરવા માટેના વધુમાં વધુ અસરકારક ઉપાય તરીકે જોઈએ તો તેમની કડવાશ ઘટી જાય છે, અને બહુ સરળતાથી એમને સહી શકાય છે.

* દરેક વ્યક્તિને એવી જ મુશ્કેલીઓ વેઠવાની આવે છે, જે એના પોતાના સર્વોચ્ચ સાક્ષાત્કારને અનુરૂપ હોય છે.

* બધી મુશ્કેલીઓ એટલા માટે જ તમારા માર્ગમાં આવે છે કે તમોએ જેને ઢાંકી રહી છે તે સત્યમાં એમનું રૂપાંતર કરવાનું શીખી શકો.

* કોઈ વસ્તુ મુશ્કેલ છે એટલા માટે એને છોડી દેવી નહિ જોઈએ, ઉલ્ટું વસ્તુ જેટલી વધુ મુશ્કેલ હોય, ત્યારે એને જીતવાનો એટલો જ અડગ નિર્ધાર હોવો જોઈએ.

* દિવ્ય ચેતનાને ભૌતિક સૃષ્ટિમાં ઉતારી લાવવી એ સૌથી વધુ મુશ્કેલ કાર્ય છે. તો શું એ કારણે એ પ્રયત્ન છોડી દેવો? નહીં જ.

* ખરેખર, તમે માની જ શકો નહીં કે મુશ્કેલીઓ વિના કોઈ સાધના થઈ શકે.

* જો તમે તમારી શ્રદ્ધાને ન ડગવા દો અને હૃદયને હંમેશાં ભગવાન પ્રત્યે ખુલ્લું રાખો તો મુશ્કેલીઓ ગમે તેટલી મોટી હોય તો પણ તે બધી તમારા જીવનની પૂર્ણતા સાધવામાં સહાયક બનશે.

* જયારે પરિસ્થિતિ મુશ્કેલ બનતી જાય છે ત્યારે તમારે શાંત અને સ્વસ્થ થવું જોઈએ.

* તમે આજે જે મુશ્કેલીને પાર કરી શકતા નથી તે આવતી કાલે કે ત્યાર પછી પાર કરાશે.

* પરિસ્થિતિ જેમ વધુ મુશ્કેલ બનતી જાય તેમ તમારે વધુ શાંત થવું જોઈએ તથા તમારી શ્રદ્ધા વધુ અડગ બનવી જોઈએ.

* જયારે કોઈક મુશ્કેલી આવે છે ત્યારે આપણે હંમેશાં એ યાદ રાખવું જોઈએ કે આપણે એક માત્ર ભગવાનનો સંકલ્પ પાર પાડવાને અહીં રહેલા છીએ.

* ખરેખર, આ બધી મુશ્કેલીઓ ક્યાંક કોઈક પ્રતિકારને કારણે, રૂપાંતરના કાર્યનો કોઈક વસ્તુ વિરોધ કરે છે તે કારણે આવે છે.

* આપણા જીવનનો કોઈક ભાગ અથવા ભાગો તેમના પર જે શક્તિ, ચેતના અને પ્રકાશ મૂકવામાં આવે છે તેને ઝીલવાનો ઈન્કાર કરીને પ્રતિકાર કરે છે અને દિવ્ય પ્રભાવ સામે બળવો પૂકારે છે તેમાંથી હંમેશાં મુશ્કેલીઓ આવે છે.

* કોઈ વ્યક્તિ એક યા બીજી મુશ્કેલીઓનો સામનો કર્યા વિના પૂર્ણપણે દિવ્ય સંકલ્પને પોતાનું સમર્પણ કરી શકે એ વસ્તુ અત્યંત વિરલ છે.

* આવિર્ભાવ તમામ મુષ્કેલીઓને પાર કરી જશે કારણકે ભગવાનના અતિમાનસ આવિર્ભાવનો અર્થ જ છે મુશ્કેલીઓને પાર કરવી.

* તમે જ્યારે પ્રગતિ કરવા ઈચ્છો છો ત્યારે તમે જે મુશ્કેલીઓ પાર કરવા ઈચ્છતા હતા તેમનું દસગણું મહત્ત્વ અને તીવ્રતા તમારી ચેતનામાં વધી જાય છે. આથી તમારે કેવળ ધીરજ રાખવી જોઈએ.

* બધું જ મુશ્કેલ, કષ્ટપ્રદ, દુ:ખદાયી અને શોકજનક છે કારણ કે એ સર્વ ભાગવત ચેતનાની બહાર થતું હોય છે.

* બધી જ મુશ્કેલીઓ વ્યક્તિની પોતાની અંદર હોય છે.

* માત્ર વર્તમાન ક્ષણની મુશ્કેલીની સામે જ જુઓ, એ તમારા પ્રયત્નને વધુ સરળ બનાવશે, કારણકે એ મુશ્કેલી તમારી પ્રતિકારશક્તિ અને બળના પ્રમાણને અનુરૂપ હોય છે,

## શિસ્ત

* શિસ્ત એ વ્યવસ્થાની અનિવાર્ય શરત છે.

* જો તમારું હૃદય નિયમિત અને નિરંતર ધબકવાની શિસ્ત પાળવાને રાજી ન હોય તો તમે આ પૃથ્વી ઉપર શરીરની અંદર રહી શકો નહીં.

* દરેક જણે પોતાની આંતરિક અભીપ્સા અને પોતાના સ્વત્વના સાક્ષાત્કારના સંકલ્પની સચ્ચાઈને અનુસરીને પોતાને પાળવાની શિસ્તને જાણી લેવી જોઈએ.

* શિસ્ત વિના તમે કાંઈ સિદ્ધ કરી શકો નહિ. એક સામાન્ય માણસ તરીકેનું સામાન્ય જીવન પણ જીવી શકો નહિ.

* તમે જો જીવનમાં કાંઈક સિદ્ધ કરવા માગતા હો તો સર્વ પ્રથમ તમારે તમારી જાતને શિસ્તબદ્ધ કરવી જોઇએ.

## ચર્ચા

* જે લોકોને પોતાના વિચારો સ્પષ્ટ કરવા માટે વિરોધની, ઉત્તેજનાની જરૂર હોય છે તે લોકો સામાન્યપણે ચર્ચા કરવાનું પસંદ કરતા હોય છે.

## અસ્વસ્થતા

* આપણે જયારે અસ્વસ્થ નથી હોતા તે વેળાએ જ યોગ્ય વસ્તુ, યોગ્ય સમયે અને યોગ્ય રીતે કહી શકીએ છીએ.

* તમારે શા માટે અસ્વસ્થ થવું જોઈએ અને એ અસ્વસ્થતા તમને પરિસ્થિતિ સુધારવામાં કેવી રીતે મદદરૂપ થશે તે મને સમજાતું નથી.

* તમે તમારી ભીતર, હૃદયની ગહનતામાં જીવન જીવો અને કોઇ વ્યકિત કે પરિસ્થિતિ તમને અસ્વસ્થ નહિ કરી શકે.

## ભગવાન અને આપણે

* ભગવાન પૂર્ણતાનું ચરમ બિન્દુ અને જે કાંઈ અસ્તિત્વમાં છે તેનો શાશ્વત સ્રોત છે.

* દિવ્યતાને જીવી શકાય. એની વ્યાખ્યા આપી શકાય નહિ.

* આપણે જે કાંઈ બનવા માગીએ છીએ એ ભગવાન છે.

* ભગવાનને ચાહો, ભગવાનને સમર્પણ કરો, ભગવાન માટે જીવો અને સચ્ચાઈપૂર્ણ બની રહો.

* ભગવાન કદી પાછા વળતા નથી, માત્ર તમે એમને ઝીલવા માટે પૂરતા તૈયાર હોતા નથી.

* પ્રભુ તો સર્વત્ર છે અને તેઓ નિરંતર વિજય પામે છે. પરન્તુ એમની પોતાની રીતે, આપણી માનવ કલ્પનાઓ મુજબ નહિ.

* માત્ર ભાગવત સંકલ્પ સંશયથી પર હોય છે, અને એને જ મનુષ્યો તેમના કાર્ય દ્વારા વિકૃત કરે છે.

* ભગવાનના નિશ્ચળ આનંદનો અતુલ તીવ્રતાયુકત પ્રગતિના અટલ બળ દ્વારા ચેતનામાં ઉતારી શકાય છે.

* બાહ્ય જીવનમાં કોઈપણ અવરોધ જેને ઉથલાવી ન શકે એવા શાંત અને સુનિશ્ચિત સમતામાં આ શકિત પોતાને રૂપાંતરિત કરે છે.

* દિવ્ય ઉચ્છ્વાસના સ્પર્શે જયારે જયારે હૈયું ઉછાળા મારે છે તે પ્રત્યેક ક્ષણે પૃથ્વી ઉપર કાંઈક વધુ સૌંદર્ય જન્મ પામતું હોય છે.

* પ્રત્યેક પળે ભાગવત સંકલ્પ દ્વારા આપણી પસંદગી નકકી થાય એવું આપણું વલણ હોવું જોઈએ જેથી ભગવાન આપણા સકળ જીવનને દિશાસૂચન કરી શકે.

* ભગવાનમાં અને ભગવાનની અંદર બધું જ રૂપાંતર પામે છે, મહીમામય થઈ જાય છે, ભગવાનમાં જ બધાં રહસ્યો અને શકિતઓની ચાવી પ્રાપ્ત થાય છે.

* ભગવાન એ અમિશ્ર સુખરૂપ અને આહ્લાદક, આનંદપૂર્ણ છે. પરંતુ એમનો આનંદ જયારે સમગ્રાત્મક હોય ત્યારે જ સંપૂર્ણ હોય છે.

* કોઈ વસ્તુ ભગવાન તરફથી આવે એ તમે ખૂબ સરળતાથી જાણી શકો છો. એ વેળાએ તમે મુકત અને શાંતિપૂર્ણ હો છો, નિરાંત અનુભવતા હો છો.

* ભગવાનનો મહીમા હારને શાશ્વતના વિજયમાં પલટી આપે છે. એમની ઉજ્જવળ કાંતિ સામે તમામ છાયાઓ ભાગી જાય છે.

* હંમેશાં ભાગવત પ્રેમ અને જ્ઞાન દ્વારા આપણા વિચારો અને કર્મોનું નિયમન થવું જોઈએ.

* દિવ્ય વાણી ધીરજ બંધાવે છે. આશિષ આપે છે, હૂંફ અને પ્રકાશ આપે છે અને ભગવાનનો ઉદાર હાથ શાશ્વતના જ્ઞાનને ઢાંકી રાખતા પડદાની ગડીઓ ઉપાડી લે છે.

* દિવ્ય પ્રેમ અંગત જીવનમાં પ્રગટ થાય છે. ત્યારે તેનો સાક્ષાત્કાર સરળ બની જાય છે.

* વધુને વધુ નિરપેક્ષભાવે દિવ્ય પ્રેમ તરફ વળો.

* દિવ્ય પ્રેમ સૌ કોઈની અંદર ઉદારતામાંથી જન્મતી શાંતિ અને પરિતૃપ્તિ અર્પે છે.

* જયારે વ્યકિત દિવ્ય પ્રેમને પામે છે ત્યારે તેને માનવપ્રેમની શી ગરજ છે?

* આ ક્ષુદ્ર ઝઘડાઓ અને મુશ્કેલીઓથી ઊપર ઊઠો અને મારા પ્રેમના પ્રકાશ અને શકિત પ્રત્યે જાગૃત થાઓ, એ પ્રેમ તમને કદી છેહ દેશે નહિ.

* જેઓ સાચા પ્રેમને વશ થવાને અસમર્થ છે તેઓ કયાંય કોઈ પ્રેમને ઓળખી શકશે નહિ. અને પ્રેમ જેટલો દિવ્ય અને નિસ્પૃહ હશે એટલી જ ઓછી એમને એની ઓળખ હશે.

* તમે દિવ્ય પ્રેમનો સ્પર્શ પામો છો ત્યારે તમામ પરિસ્થિતિ અને પદાર્થોમાં તમે એ પ્રેમ જુઓ છો.

* આપણને દિવ્ય પ્રેમમાં જ આપણો સકળ આધાર અને આશ્વાસન પ્રાપ્ત થાય છે.

* પ્રેમ એ તો તારા દિવ્ય ગુચ્છના તમામ પુષ્પોને એક સાથે બાંધી રાખનાર બંધન સિવાય બીજું શું છે?

* આપણે ભગવાનની સેવા માટે છીએ; ભગવાન જ બધું નક્કી કરે છે, આદેશ આપે છે, આરંભ કરાવે છે, દિશાસૂચન કરે છે અને કાર્ય સિદ્ધ કરે છે.

* ભગવાન તો આપણા દેહના કોષેકોષમાં રહેલા છે.

* ભગવાનની હાજરી આપણે માટે નિશ્ચલ અને અટલ એવું પરમ તથ્ય છે.

* દિવ્ય પ્રેમને ઝીલવા માટેની જ્યાં શકયતા હોય છે ત્યાં એ ધસી આવે છે.

* તમે કોઈની સાથે વાતચીત કરતા હો તે વેળાએ તમારી જાતને દિવ્ય હાજરી પ્રત્યે વાળી શકતા ન હો તેનો અર્થ એ છે કે તમે તમારી પોતાની અંદર રહેલી એ હાજરી વિષે પણ સભાન નથી.

* એવું કશું નથી જેનો દિવ્ય હેતુસર ઉપયોગ ન થઈ શકે.

* ભગવાનનો અવાજ હૃદયની શાંતિમાં એક મધુર ધ્વનિ તરીકે સંભળાય છે.

* ભગવાન અંધકારને વિદારી આપતો પ્રકાશ છે, વિજયની ખાત્રી આપતો વિજેતા છે.

* ભગવાનનો વિજય એટલો તો પૂર્ણ હોય છે કે પ્રત્યેક અવરોધ, પ્રત્યેક દુષ્ટ ઈચ્છા, એમની સાથેની પ્રત્યેક ઘૃણા એ એમના વધુ વિશાળ અને વધુ પૂર્ણ વિજયનું અભયવચન બની રહે છે.

* ભગવાનની ઈચ્છા છે કે આપણે એક એવી નહેર રૂપ બની રહીએ જે સદા ખુલ્લી અને વિશાળ હોય જેથી તેમની શકિત પૂરવેગે જગતમાં વહી શકે.

* આપણો સંકલ્પ હંમેશા ભગવાનના સંકલ્પની પૂર્ણ અભિવ્યકિતરૂપ બની રહેવો જોઈએ.

* ભગવાનનો પંથ ગોળાકાર છે અને છતાં એજ અત્યંત સીધો પંથ છે.

* તમે ભગવાન પાસે જે માગો છો તે એમની અંદર પામો છો.

* એમનો આવિર્ભાવ દરેકની ગ્રહણશીલતા અને શકિતને અનુરૂપ હોય છે.

* તમે તમારી તમામ મર્યાદામાંથી બહાર આવી શકો ત્યારે જ ભગવાન સાથે તમારું પૂર્ણમીલન શકય બને છે.

* વિશ્વમાં, અને ખાસ કરીને આ જગતમાં સર્વ કોઈ પ્રકૃતિ દ્વારા અમલમાં મૂકાતી ભગવાનની યોજનાના ભાગરૂપ હોય છે અને એની સિદ્ધિ માટે સર્વ કાંઈ જરૂરી હોય છે.

* તેઓ દૂર છે એમ આપણે વિચારીએ છીએ ત્યારે જ ભગવાન દૂર હોય છે.

* ભગવાનનો સંકલ્પ એ સાક્ષાત્કારની શક્તિ સાથે યુક્ત એવું એક દર્શન છે.

* આપણે તમામ પરિસ્થિતિમાં આપણાથી શક્ય એટલું સારું કરતા રહીએ અને તેનું પરિણામ ભગવાન ઉપર છોડી દઈએ.

* તમને જે ઉત્તમ લાગે છે તે જ સદા કરો, ભલે પછી તે અત્યંત મુશ્કેલ કેમ ન હોય.

## મતાગ્રહ

* આધ્યાત્મિક જીવન જ્યારે માનસિક આગ્રહોથી મુક્ત હોય છે ત્યારે જ પૂર્ણપણે વિશુદ્ધ હોય છે.

* તમામ કથનો સર્વ કોઈને લાગુ પાડવામાં આવતાં મતાગ્રહો બની જાય છે.

* તમામ મતાગ્રહો નકામાં હોય છે, એક ક્ષણે જે ઉમદા હોય તે બીજી ક્ષણે ન પણ હોય.

## સંશય

* આપણે તમામ સંશયોથી છૂટકારો મેળવી લેવો જોઈએ, કારણ કે એ પ્રગતિના કનિષ્ટ શત્રુઓ છે.

* મન શંકા અને સંશયશીલતામાં અટવાઈ રહે એના જેવી ભયંકર રમત બીજી કોઈ નથી.

* જાણવા કરતાં શંકા કરવી એ વધુ સરળ હોવાને કારણે મનુષ્યનું માનસ તમમ વસ્તુઓ વિષે શંકાશીલ બનવાને ટેવાઈ ગયું છે.

* શંકા એ અહંકારનો પોતાની જાતને વિલુપ્ત થઈ જતાં અટકાવવાનો ઉત્તમ ઉપાય છે.

## પૃથ્વી

* આ પૃથ્વી હજી અજ્ઞાન અને અસત્ય દ્વારા શાસિત છે. પરંતુ સત્યના આવિર્ભાવ માટેનો સમય આવી પહોંચ્યો છે.

* પૃથ્વી અને તેમાં જે કાંઈ ધારણ કરાયેલું છે તે સર્વ ભૌતિક ચક્ષુને અગોચર એવા અન્ય લોકોમાં અસ્તિત્વ ધરાવતા કેટલાક તથ્યોના સઘન સ્વરૂપો છે.

## પ્રયત્ન

* તમે પ્રયત્ન કર્યા વિના જીવી શકો નહિ. તમે પ્રયત્ન કરવાનું છોડી દો તો તમે તમારા પગ પર ઉભા રહી શકો નહિ, ખાઈ શકો નહિ.

* જીવનમાં પ્રયત્ન અને સંઘર્ષ વિના કશું પ્રાપ્ત થતું નથી.

* તમે ગમે તે માર્ગને અનુસરો, પણ તન્મયતાની ક્ષણ આવે ત્યાં સુધી પ્રયત્નની આવશ્યકતા હમેશાં રહેવાની.

* ધીરજ અને મેળ ભર્યા પ્રયત્ન દ્વારા જ બધા સારા કામો સિદ્ધ થાય છે.

* આપણો પ્રયત્ન સ્થિર હોય અને નિર્ધાર શાંત અને દૃઢ હોય તો આપણે અવશ્ય લક્ષ્યને પામીશું.

* જે આજે શક્ય નથી તે ભવિષ્યમાં અવશ્ય સિદ્ધ થશે. પ્રગતિ માટેનો કોઈ પ્રયત્ન ક્યારેય મિથ્યા જતો નથી.

* તમારે માર્ગ બનાવવાનો છે, બારણા ખોલી આપવાના છે, પરંતુ દરેક વ્યક્તિએ પોતે એ માર્ગ પર ચાલવાનું છે. બારણામાંથી પસાર થવાનું છે અને આમ પોતાના સાક્ષાત્કાર ભણી આગળ ધપવાનું છે.

## અહંકાર

* દરેક જણ પોતાનાથી શક્ય એટલું ઉત્તમ કાર્ય કરે અને પછી એના પરિણામની ચિંતા શાંતિપૂર્વક પ્રભુ પર છોડી દે.

* ભગવાનનો સાક્ષાત્કાર કરવાને તથા તેમની સાથે એકરૂપ થવા માટે તમારે અહંકારને છોડવો પડશે. તમે જો અહંકારથી છૂટા થઈ જશો તો તમે ક્યારે વિષાદમય નહિ રહો અને તમે તમારા આત્મા વિષે સભાન બનશો.

* નૈતિક અહંકાર શારીરિક અહંકાર કરતાં ખરાબ છે કારણ કે એ પોતાના ચડિયાતા-પણા વિષે સભાન હોય છે.

* પોતાના નાના અહંને વિલુપ્ત કરવો એ કાંઈ નાનું કામ નથી.

* જ્યારે અહં સમર્પિત થઈ જાય છે ત્યારે દિવ્ય સંકલ્પ સુસંવાદી રીતે આવિર્ભાવ પામે છે.

* અહંકાર આપણી જાતને વ્યક્તિ રૂપ બનવામાં મદદ કરે છે. એ જ આપણને દિવ્ય બનતા રોકે છે.

* આજે વિશ્વની જે રીતની વ્યવસ્થા છે તેમાં અહંકાર વિના વ્યક્તિત્વનો પ્રાદુર્ભાવ ન થયો હોત, અને અહંકાર સહિત જગત દિવ્ય બની શકે નહિ.

* અહંકાર જ તમને તાની જાત બીજાથી અલગ એવી હસ્તી છે એ વિષે સભાન બનાવે છે.

* અહંકાર વિલુપ્ત થઈ જાય તો જ આત્મા ખરેખર સમગ્ર જીવનનું શાસન કરી શકે.

*　તમે જો અતિમાનવતા માટેના ઉમેદવાર હો તો અહંકારથી છૂટવા માટેનો, તેનાથી ઉપર ઉઠવાનો સંકલ્પ તમારે કરી લેવો જોઈએ. કારણ કે જ્યાં સુધી તમે એને તમારી સાથે રાખશો ત્યાં સુધી અતિમનસ તમારે માટે અગમ્ય અને અજ્ઞાત રહેશે.

અહંકારને એ સમજ તો નથી કે ભગવાન જુદા જુદા લોકોમાં જુદી જુદી રીતે કામ કરે છે, અને કેવળ પોતાના અહંમય દ્રષ્ટિબિન્દુથી વસ્તુઓ વિષે અભિપ્રાય બાંધવા એ એક ભૂલ છે જે ગુંચવાડા વધારે છે.

*　સર્વ કાંઈ આપણી પહોંચની અંદર છે, પરન્તુ આપણા જીવનની અહંજન્ય મર્યાદાઓ આપણે આપણો દેહ તથા એની આસપાસની પરિસ્થિતિને ધારણ કરીએ છીએ તેમ સમગ્ર જગતને પુરેપુરું અને સઘન રીતે ભોગવતા રોકે છે.

*　અહંમાંથી મુક્ત થઈ જાઓ, નિરૂપયોગી વસ્ત્રની જેમ એને સરી જવા દો.

*　અહંમાંથી મુક્ત થાઓ, તો જ તમે સાચા લક્ષ્યને જાણી શકશો અને એજ એક માર્ગ છે.

### શકિત

*　તમને શકિત ત્યારે જ પ્રાપ્ત થાય છે જયારે તમે એનો ઉપયોગ કરો છો.

*　કઠણ પરિશ્રમ કર્યા વિના તમને શકિત પ્રાપ્ત થઈ શકે નહિ, કારણ કે એવી સ્થિતિમાં તમને એની જરૂર હોતી નથી અને તમે એને યોગ્ય પણ હોતા નથી.

*　વિશ્વશકિત સાથે સંપર્કમાં આવવા માટે વ્યકિતએ પોતાની જાતની અંદર સંવાદિતા સ્થાપિત કરવી જોઈએ.

### અનિષ્ટ

*　અનિષ્ટનો ઉપચાર પણ હંમેશાં એની અંદર રહેલો છે.

### નિષ્ફળતા

*　નિષ્ફળતા તેમ જ સફળતા બંનેમાં ભગવત્કૃપા હંમેશાં હાજર હોય છે.

*　નિષ્ફળતા અને પરાજયનું જીવન સફળતા અને વિજયના જીવનની જેમ જ આત્માના વિકાસમાં ઉપયોગી હોય છે.

### શ્રદ્ધા

*　જેને સાબિતીની જરૂર હોય એવી શ્રદ્ધા રાખશો નહિ.

*　ભૌતિક સાબિતીઓ પર આધારિત શ્રદ્ધા એ શ્રદ્ધા નથી, એ કેવળ સોદાબાજી છે.

*　જે શ્રદ્ધાવાન છે, પોતાની જાત વિષે પણ શ્રદ્ધાવાન છે તે લેશ પણ હતોત્સાહ કે નિરાશ થયા વિના તમામ મુશ્કેલીઓનો સામનો કરી શકશે.

* જે સ્વભાવની અંદર શ્રદ્ધા નથી તેની અંદર હિંમત કે ટકી રહેવાની શકિત પણ હોતી નથી.

* શ્રદ્ધા એ સૌથી વધુ ગમગીન સમયમાં ખાત્રીભર્યો માર્ગદર્શક છે.

* માનસિક શ્રદ્ધા પર્યાપ્ત નથી, એ પ્રાણની શ્રદ્ધાથી તથા શારીરિક શ્રદ્ધાથી પરિપૂર્ણ તથા સુદૃઢ થવી જોઈએ.

* કૃપા આપણને કદી ય છેહ નહિ દે - એવી શ્રદ્ધા આપણે નિરંતર આપણા હૃદયમાં ધારી રાખવી જોઈએ.

* સર્વ કાંઈ આપણી શ્રદ્ધાની તીવ્રતા, આપણા વલણની સચ્ચાઈ અને દૃઢતા પર નિર્ભર છે.

* ભગવાનની કૃપા, સંકલ્પ અને કર્મમાં પૂરી શ્રદ્ધા ટકાવી રાખો અને બધુ સારૂં થઈ રહેશે.

* દિવ્ય સંકલ્પને હંમેશાં વફાદાર રહેવાને જે બળની જરૂર છે તે સદા તમારી પાસે છે.

* એવા લોકો વિરલ છે જે ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસના ખડક પર ઉભા રહી શકે.

* આવી અચલ શ્રદ્ધા હોવી એ સારું છે એ તમારો માર્ગ સરળ અને ટૂંકો બનાવી આપે છે.

* શ્રદ્ધા એ ખરેખર દિવ્ય કૃપા દ્વારા આપણને મળેલી ભેટ છે.

* શ્રદ્ધા તો જાણે કે શાશ્વત સત્ય પ્રત્યે એકાએક ખુલી જતું દ્વાર છે, જેમાંથી આપણે સત્યને જોઈ શકીએ અથવા એમ કહો કે તેને સ્પર્શી શકીએ છીએ.

* આરંભની અજ્ઞાન અને તિમિરાવસ્થામાં શ્રદ્ધા જ દિવ્ય શાન્તિની અત્યંત સીધી અભિવ્યકિત છે જે સંઘર્ષ અને વિજય માટે અહીં અવતરી હોય.

* અત્યંત મૂલ્યવાન જીવનની ઉછેર માટે જેવા જાગરૂકતા રખાય છે એવી જ જાગરુકતા તમારે તમારી શ્રદ્ધાની બાબતમાં રાખવી જોઈએ. તથા એને ચલિત કરી દેતા તમામ પરિબળો સામે એનું રક્ષણ કરવાની પૂરતી કાળજી લેવી જોઈએ.

* અચલ શ્રદ્ધામાંજ આપણી સર્વ આશાઓ રહેલી છે.

* જો આપણી અંદર સાથેસાથ જીવંત શ્રદ્ધા અને ભગવાનની સર્વસમર્થ શાંન્તિમાં અચલ વિશ્વાસ હોય તો એમનો આવિર્ભાવ એવી તો સ્પષ્ટ ઘટના બની જાય છે કે સકળ પૃથ્વી એનાથી રૂપાંતરિત થઈ જાય.

* જ્યારે શ્રદ્ધા ચારે તરફ ફેલાઈ ગઈ હોય એ જ સાચેસાચ શ્રદ્ધાળુ બની જઈ આ વંટોળથી અસ્પર્શ્ય અને અવિચલિત રહેવાનો સમય હોય છે.

## છેતરામણ

* મનુષ્યમાં પોતાની જાતને છેતરવાની પ્રબળ વૃત્તિ હોય છે, અને જેટલી તે પોતાની જાતને વધુ છેતરે છે એટલી જ ઓછી એની ઓળખ એને હોય છે.

* વધુમાં વધુ ચતુર અસુર પણ ભગવાનને છેતરી શકે એમ નથી.

* ભગવાન સાથેના વ્યવહારમાં ક્યાંય છેતરાવાની કોઈ શક્યતા રહેતી નથી.

* તમે તમારી જાતને કે બીજાને છેતરો નહિ તથા બીજાથી છેતરાઓ નહિ એ ઘણું જરૂરી છે.

## આનંદ

* વિશ્વ આનંદમાંથી આનંદ અર્થે સર્જાયું છે.

* કેવળ આનંદ, ભાગવત આનંદ જ વિજય આણી આપશે.

* તમે તમારી અંદર નિરંતર શાંતિ, સ્વસ્થતા, તથા તેજોમય અને અચળ આનંદને ધારણ ન કરી શકો એનો અર્થ એ છે કે તમારે હજી તમારી જાતને વિશુદ્ધ કરવા માટે કામ કરવાનું છે; અને આ કામ અત્યંત કઠીન હોય છે.

* ચેતનામાં પ્રથમ આનંદની પ્રસ્થાપના થવી જોઈએ, પછી જ ભૌતિક રૂપાંતર સધાશે, તે પહેલાં નહિ.

* અનાસક્તિ વિનાનો આનંદ એ એક ભયપ્રદ બક્ષીસ છે જે બહુ જ સહેલાઈથી વિપરીત બની જાય છે.

* આનંદ એ જ સર્જક છે, આનંદ એ જ પોષક છે.

* આનંદ એ વિજયનું ચિહ્ન છે.

## નિરાશા

* તમે નિરાશામાં સરી પડો છો ત્યારે શકિતના બધા સ્રોત કપાઈ જાય છે.

* નિરાશા એ હંમેશાં ઉત્કટ અહંતાની નિશાની છે.

* આપણા વિષાદની પળોમાં આપણે જ્યારે ભગવાનને પુકારીએ છીએ ત્યારે અવશ્ય એનો પ્રત્યુત્તર આપે છે.

* વિષાદ એ ક્યારેય પ્રગતિની આવશ્યકતા રહી નથી, એ હંમેશાં નિર્બળતા અને તમસનું જ લક્ષણ છે

## ભય

* તમે જ્યાં સુધી વિચલિત થયા વિના મુક્ત ભાવે ભયની સામે ખડા નહિ રહો ત્યાં સુધી ભયના કારણો તમારી સામે ફરી–ફરીને માથું ઊંચુ કર્યા કરશે.

* જેનાથી તમે ગભરાઓ છો એ જ્યાં સુધી તમારો ગભરાટ ખાલી નહિ થાય ત્યાં સુધી વારંવાર તમારી સામે આવતું રહેશે.

* જે ભગવાનનો છે તેને કોનો ભય હોઈ શકે?

* ભય એ એક અશુદ્ધિ છે. એ એક વધુમાં વધુ મોટી એવી અશુદ્ધિ છે, જે પૃથ્વી ઉપરના ભગવાનના કાર્યને નષ્ટ કરવા માગતા ભગવાન વિરોધી બળોમાંથી સીધે સીધી આવતી હોય .

* તમને જો હંમેશા એવું લાગતું હોય કે બધી જ પરિસ્થિતિમાં જે કાંઈ ઉત્તમ છે તે જ બનશે તો તમને કોઇ ભીતિ રહેશે નહિ.

* શારીરક ભયને જીતવો અત્યંત દુષ્કર હોય છે.

## ખોરાક

* ખોરાકને આધ્યાત્મિક જીવન સાથે બહુ ઓછી નિસ્બત છે, તમે જે ખાઓ છો કે નથી ખાતા તેના કરતાં ભગવાન તથા તેમના કાર્યને કરાતું તમારું સચ્ચાઈપૂર્ણ અને સંપૂર્ણ આત્મનિવેદન અનેકગણું વધુ મૂલ્યવાન છે.

* તમે જ્યારે ભોજન કરો છો ત્યારે ભગવાન તમારા દ્વારા ભોજન કરી રહ્યા છે એમ અનુભવો.

* સાધકે પોતાના શરીરની ક્ષુધા સંતોષવા માટે ખાવું જોઈએ અને નહીં કે શરીરની લાલસાની તૃપ્તિ માટે.

* મનુષ્યે શરીરને એના આરોગ્ય અને બળને સાચવવા માટે કામના અને આસક્તિથી મુક્ત થઈને પૂરતો ખોરાક લેવો જોઇએ.

## આગળ વધો

* આગળ વધો, વિશ્વાસ રાખો અને વધુ સારું થશે.

* આધ્યાત્મિક પંથ પર આગળ વધતું પ્રત્યેક પગલું સંઘર્ષના પરિણામે પ્રાપ્ત થતો એક વિજય છે.

* પ્રકાશ આવ્યો છે, માર્ગ ખુલ્લો થયો છે, કષ્ટદાયી ભૂતકાળને કૃતજ્ઞતા ભરી રીતે વંદન કરીને આપણે પૂરેપૂરા ખૂલેલા નવા પંથ પર આગળ વધીશું.

* ઘણીવાર આપણે ભૂતકાળને વળગી રહીએ છીએ, આપણને મૂલ્યવાન અનુ-ભવોના પરિણામો ખોવાઇ જવાનો અને વિશાળ તથા ઉચ્ચતર યોજના છોડીને

નિમ્નતર અવસ્થામાં સરી પડવાનો ડર હોય છે. પણ આપણે સામે જોઈને આગળ વધતા રહેવું જોઈએ.

**સ્વતંત્રતા**

* સાચી સ્વતંત્રતા સર્વ આસકિતઓમાંથી મુકત થવામાં રહેલી છે.

* ભગવાનને તમારું સમર્પણ અમર્યાદ અને પૂર્ણ બનાવવું એ જ સાચી સ્વતંત્રતાનો એકમાત્ર માર્ગ છે.

અતિમાનસથી આવિર્ભાવ સાથે સ્વતંત્રતાની એક તદ્દન નવી શકયતા, શરીરની સ્વતંત્રતાની શકયતા ઊભી થઈ છે.

* પરમ ચેતના સાથે તદ્રુપ ચેતનામાં જ પૂર્ણ સ્વતંત્રતાની છાપ રહેલી છે.

* પરમ વાસ્તવિકતા સાથેની પૂર્ણ એકરૂપતામાં જ, અને કેવળ તેમાં જ પૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે.

* દરેક વ્યકિત પોતાના જીવનનો નિર્ણય લેવાને સ્વતંત્ર છે.

* સ્વતંત્રતા બાહ્ય પરિસ્થિતિમાંથી નહિ પણ આંતરિક મુકિતમાંથી આવે છે.

* તમારા આત્માને શોધો, તેની સાથે એકરૂપ થાઓ અને એને તમારા જીવનનું નિયમન કરવા દો અને તમે સ્વતંત્ર થશો.

**મિત્ર**

* ભગવાન જ એક એવો મિત્ર આધાર અને માર્ગદર્શક છે જે કદી છેહ દેતો નથી.

* તમારા કરતાં વધુ શાણા હોય, જેમનો સાથ તમને ઉન્નત બનાવે, તમારી જાતથી ઉપર ઉઠવામાં મદદરૂપ થાય એવી વ્યકિતઓને જ મિત્ર બનાવો.

* મનુષ્યને જે ઉત્તમોત્તમ મિત્ર હોવો જોઈએ તે શું ભગવાન નથી?

**પ્રતિભા**

* પોતાની અંદર પ્રતિભા હોય છતાં પોતે એ જાણતા ન હોય.

* તમે કોઈ આધ્યાત્મિક અભીપ્સા રાખ્યા વિના પણ પ્રતિભાશાલી હોઈ શકો છો.

**લક્ષ્ય**

* જે લક્ષ્ય પામવાનું છે એજ એકમાત્ર મહત્ત્વની બાબત છે. એના માર્ગની ખાસ ચિંતા નથી, અને ઘણીવાર તો અગાઉથી એ ન જાણીએ તે સારું હોય છે.

* ભગવાન જે કાંઈ હોય, તેમને સિદ્ધ કરવા એ લક્ષ્ય છે.

* ભાગવત ચેતનામાં આપણી જાતને વિલુપ્ત કરી દેવી એ આપણું લક્ષ્ય નથી. ભાગવત ચેતના જડ દ્રવ્યમાં ઉતરીને એનું રૂપાંતર કરી આપે એ આપણું લક્ષ્ય છે.

* આપણે એ કદાપિ ભૂલવું નહિ જોઈએ કે અતિમાનસ સત્તાનો આવિર્ભાવ એ આપણું લક્ષ્ય છે.

## શુભ

* કોઇ કાર્ય પોતે શુભ કે અશુભ નથી. એનો આધાર તો તમે કઈ ભાવનામાંથી એ કાર્ય કરો છો કેવળ તેના પર રહે છે.

* જે શુભેચ્છાયુકત છે તેની સમક્ષ બધા પદાર્થોમાં છૂપાયેલી શુભેચ્છા પોતાને પ્રગટ કરે છે.

* તમારે તમારા હૃદયમાં નિરંતર પ્રેમ અને શુભેચ્છા ધારણ કરી રાખવા જોઈએ અને એમને સર્વ કોઇ પ્રત્યે શાંતિ અને સમત્વભાવે રહેવા દેવા જોઈએ.

## ગપસપ

* અસંસ્કારી બળોને તમારા પર અસર કરવા દેશો નહિ.

* ગપસપ તમને અવનત કરે છે, તમે યોગ કરવા માગતા હો તો એમાં પડશો નહિ.

* ગપસપ એ ખરાબ અને નુકશાનકારક છે અને એ ગપસપ કરનારની ચેતનાને જ નહિ પરંતુ સમગ્ર વાતાવરણને અવનત કરે છે.

* કોઈક આ કરે છે કે નથી કરતો એવા ગપ્પાં મારવા, એવી વાત કરવી એ ખોટું છે.

એવી ગપસપ સાંભળવી એ ખોટું છે.

એવી વાતોની સચ્ચાઈની ચકાસણી કરવી એ ખોટું છે.

એવી ગપસપનો શાબ્દિક પ્રતિકાર કરવો એ પણ ખોટું છે.

## કૃપા

* ભગવાન સર્વ કાંઈ સમજે છે અને સર્વ કાંઈ દ્વારા એ લક્ષ્ય પ્રતિ દોરે છે.

* મનુષ્યો ભગવાન તરફથી પાછા વળી જાય છે, અને તેઓ અનેકવાર એવું કરે છે, પરંતુ ભગવાનનું પાછા વળવું એ અસંભવ બાબત છે.

* આપણા જીવનને પ્રત્યેક પળે એવા તો અદ્ભૂત અને સરળ રીતે બચાવી લે છે કે આપણે આપણી અંધતામાં એ જાણી શકતા નથી.

* એકવાર તમે કૃપાના સંપર્કમાં આવી જાઓ છો પછી કાળમાં એવી કોઈ પળ હોતી નથી અને અવકાશમાં એવું કોઈ સ્થળ હોતું નથી જે કૃપાના જવલંત કાર્યનું, એની નિરંતર દરમિયાનગીરીનું દર્શન ન કરાવે.

* કૃપા સર્વત્ર અને સર્વ ક્ષણે કામ કરતી હોય છે. તેથી જગત આ ક્ષણે જે સ્થિતિમાં છે તેમાં જે કોંઈ ઉત્તમ છે તે હરપળે બનતું હોય છે.

* આપણા જીવનની પ્રત્યેક પળે અને પ્રત્યેક પરિસ્થિતિમાં સર્વ મુશ્કેલીઓને પાર કરવા માટે સહાય કરવાને, ભગવાનની કૃપા સદા હાજર હોય છે.

* ભગવાનની કૃપા આપણી સાથે છે અને જ્યારે આભાસો અત્યંત અંધારભર્યા હોય છે ત્યારે પણ તે આપણને છોડતી નથી.

* કેવળ ભગવાનની કૃપા જ આપણને સાચેસાચ શાંતિ, સુખ, શકિત, પ્રકાશ, જ્ઞાન, આનંદ, પ્રેમ આપી શકે છે.

* જે લોકોએ પોતાની જાતને સુધારવાનો સંકલ્પ કર્યો હોય છે તેમને મદદ કરવા માટે ભગવાનની કૃપા હંમેશાં હાજર હોય છે.

* કૃપાના કાર્યને ઓળખવા માટે મનુષ્ય કૃપાની પદ્ધતિ અને માર્ગને અનુસરવાને સમર્થ હોવો જોઈએ.

* ગમે તે બની આવે આપણે શાંત રહેવું જોઈએ અને ભગવાનની કૃપામાં વિશ્વાસ રાખવો જોઈએ.

* એક એવી સહાય છે જે મનુષ્ય મેળવી શકે અને એણે મેળવવી જોઈએ, એ છે દરેકની જરૂરિયાત મુજબ આકાર લેતી કૃપાની સહાય.

* સકળ સૃષ્ટિમાં એક શાશ્વત કૃપા રહેલી છે જે જગતને દુઃખમાંથી, એ જે મૂર્ખતા અને અંધતાઓથી ગ્રસ્ત છે તેમાંથી બહાર કાઢવા માટે સતત કાર્ય કરી રહી છે.

## કૃતજ્ઞતા

* કૃતજ્ઞતાની વિશુદ્ધ જ્વાલા હંમેશાં આપણા હૃદયમાં પ્રદીપ્ત રહેવી જોઈએ. ઉષ્મા-પૂર્ણ, મધુર અને ઉજ્જવળ રહેવી જોઈએ, જેથી તમામ અહંકાર અને તામસિકતા ઓગળી જાય.

* ભગવાનની કૃપા માટેની કૃતજ્ઞતાની સાચી ભાવનાથી મનુષ્ય વિરોધી સૂચનોને સાંભળવાના જોખમમાંથી ઉગરી શકે છે.

* કૃતજ્ઞતા આપી શકે એવો આનંદ અન્ય કોઈ બાબત આપી શકશે નહિ.

* કૃતજ્ઞતા વગરની ભકિત પૂરેપૂરી અપૂર્ણ હોય છે.

## સુખ

* આપણે કેવળ ભગવાનમાં જ આપણું સુખ શોધીએ.

* જ્યારે ભગવાન સાચું આંતરિક સુખ અર્પે છે ત્યારે જગતની કોઈ તાકાત એને ખૂંચવી શકશે નહિ.

* આત્મા સાથે તન્મય બની રહેવું એજ નિરંતર સુખી રહેવાનો એકમાત્ર ઉપાય છે.

* તમે જે સુખ આપો છો એ તમે જે સુખ મેળવો છો એના કરતાં તમને વધુ સુખી કરશે.

## સંવાદિતા

* ભગવાન સાથેની અને ભગવાનની અંદરની એકતામાં જ સંવાદિતા અને શાંતિની સ્થાપના થઈ શકે.

* બધી સંકુચિતતા, સ્વાર્થપરાયણતા અને મર્યાદાઓને ખંખેરી નાખી માનવએકતાની ચેતના પ્રત્યે જાગૃત થાઓ. શાંતિ અને સંવાદિતા પ્રાપ્ત કરવાનો આ જ એક માર્ગ છે.

## ઘૃણા

* તમે જે ચાહો છો એના તમે દાસ છો. એટલા જ તમે જેની ઘૃણા કરો છો તેના પણ છો, કદાચ વધારે.

* તમે જેને ચાહો છો તેના કરતાં તમે જેની ઘૃણા કરો છો તેનાથી વધુ ગ્રસ્ત હો છો.

* અત્યંત કઠોર ઘૃણાનો સ્પર્શ કરી તેને તેજોમય શાંતિમાં પલટી આપવી જોઈએ.

## ઊંચાઈ અને ગહનતા

* સર્વોચ્ચ ઊંચાઈ ગહનતમ ઊંડાણોને સ્પર્શે છે.

* પરમ ઉંચાઈ અત્યંત ભૌતિક જડતાને પણ કોઈ માધ્યમ વિના સ્પર્શે છે.

* ખૂબ ઉંચે ઉડો અને તમે અતળ ગહનતાને પારખી શકશો.

## સહાયતા

* કેવળ દિવ્ય ચેતનામાં જ સાચી સહાયતા અને સાચું સુખ રહેલાં છે.

* એની ખાત્રી રાખો કે તમારા કાર્ય અને સાધનામાં મદદ કરવાને તથા દોરવણી આપવાને હું સદા તમારી વચ્ચે રહેલી છું

* મારી સહાયતા તમને તમારા કાર્ય અને પ્રગતિમાં મદદ કરવાને હંમેશાં તમારી સાથે હોય છે.

* ભગવાનની મદદ હોય ત્યારે કશું જ અસંભવ નથી હોતું.

* મારી મદદ પ્રત્યે ખુલ્લા થાઓ, એ તમને કદી છેહ નહિ દે.

* ભગવાનની સહાયતા વિના કોઈ પણ સાધના સંભવિત નથી. અને એ સહાયતા હંમેશા હાજર હોય છે.

* તમે માર્ગમાં કદી એકલા હોતા નથી. તમને વિશ્વાસ હોય તો મદદ મળી રહે છે.

* આપણે પ્રગતિ કરતા રહીએ, બીજાને પ્રગતિ કરાવવાનો એ એક ઉત્તમ ઉપાય છે.

* તમને ક્યારેય એકલા છોડી દેવામાં આવતા નથી.

## પોતાના વિષે

* હું સર્વ કોઈને માટે, મારા જીવનમાં એકાદ ક્ષણ માટે જેમને મળી હોઉં તેમને માટે પણ મારી જાતને જવાબદાર લેખું છું.

* જ્યારે કોઈ પૂકાર આવે છે, હું કોઈ શકિત, પ્રેરણા, સંરક્ષણ કે અન્ય કોઈ ચીજ મોકલી શકું એ માટે કાંઈક જાણવાની જરૂર ઊભી થાય છે. તે પ્રત્યેક ક્ષણે એકાએક કોઈક સંદેશ મારી પાસે આવે છે અને હું ત્યારે જે જરૂરી હોય તે કરું છું

* હું તારી સાથે છું, કારણ કે હું એ તું છે અને તું એ હું છું.

* હું તારી સાથે પરમચેતનાથી માંડીને ઠેઠ ભૌતિક સુધીની તમામ ભૂમિકાઓ અને સ્તરે રહેલી છું.

* મને ય વેદનાનું જ્ઞાન છે, પણ મારી અંદર હંમેશા એક ભાગ રહેલો છે જે એની પાછળ અલગ કેમ રહેવું તે જાણે છે.

## વિરોધી બળો

* વિરોધી બળો એ ભગવાનના સાક્ષાત્કારને શકય એટલો પાછળ હઠાવવાનો અને આ જગત પર પોતાનો કાબૂ શકય તેટલો લાંબો સમય ટકાવી રાખવાનો હંમેશા પ્રયત્ન કર્યો છે.

* આ વિરોધી બળ પર જ વિજય મેળવી એનો વિનાશ કરવો જોઈએ અન્યથા એ પોતાના ઉપયોગ માટે માણસો તો મેળવતું રહેશે.

* તમે જ્યાં સુધી નિમ્નસ્તરથી ઉપરની જ્યોતિમાં કાયમ આવી ન જાઓ ત્યાં સુધી વિરોધી બળોથી કયારેય મુકત થયા નહિ હો.

* કાયમ અભીપ્સા સેવવી અને ભગવાનને પૂકાર કરવો એ વિરોધી બળોનો સામનો કરવાનો ઉત્તમ માર્ગ છે. અને કયારેય ભય સેવવો નહિ.

* એમનું અસ્તિત્વ છે કારણ કે તમે એને માટે કારણ આપ્યું છે.

* જ્યારે જગતમાં એમની હાજરીની લેશ પણ જરૂર નહિ હોય ત્યારે તે અદ્રશ્ય થઈ જશે.

* તારી વિરૂદ્ધ ઊભો થતો પ્રત્યેક અવરોધ, દુર્ભાવના અને ધૃણા એ હજી વધુ વિશાળ અને વધુ પૂર્ણ એવા વિજયનો સંકેત કરે છે.

## માનવ સ્વભાવ

* વિશ્વ વિષે તમે જે જાણો છો તે બધું કેવળ ઉપલી સપાટી પરનું અલ્પજ્ઞાન છે અને એ પણ કેટલું ઉણપવાળું છે.

* માનવ બુદ્ધિની શકિત અમર્યાદ છે, એ એકાગ્રતાથી વધે છે, એ જ એનું રહસ્ય છે.

માનવ પ્રેમમાં આત્માર્પણ અત્યંત વિરલ હોય છે. એ તો સ્વાર્થપરાયણતા અને માગણીઓથી ભરેલો છે.

* માનવ સંબંધ પર જે કંઈ આધારિત છે તે અસ્થિર, અને ક્ષણભંગૂર છે, ગૂંચવાડાભરેલું અને અસંતોષકારક છે.

* મનુષ્ય ગમે તેટલો મહાન કેમ ન હોય તેની મર્યાદાઓ છે અને તેની માનવતાને કારણે જ તે લાંબા સમય સુધી મર્યાદિત જ રહેવાનો.

* માનવજાતિ ઊર્ધ્વના સત્યને એક જ શરતે આવકારે છે અને સહન કરે છે કે તેઓ એમની સેવામાં રહે.

* માનવતા એ આ સૃષ્ટિનું અંતિમ ચરણ નથી. ઉત્ક્રાંતિ ચાલુ રહે છે અને મનુષ્યથી એ આગળ વધશે.

* બીજા કાંઈક વિચારે, બોલે કે કરે તેથી ખોટું લાગવું એ નબળાઈની નિશાની છે અને સમગ્ર જીવન પૂરેપૂરું ભાગવત પ્રભાવ તરફ વળ્યું નથી તેની સાબિતી છે.

## વિનમ્રતા

સાચી વિનમ્રતા એ ભગવાન પ્રત્યેની વિનમ્રતા છે. ચૈત્ય પુરુષને જીવનનું શાસન કરવા દે એવી મનની સાચી અને નિષ્ઠાપૂર્ણ વિનમ્રતા મનુષ્યોને અજ્ઞાન અને તામસિકતામાંથી તારી શકશે.

* સાચી અને સંનિષ્ઠ વિનમ્રતા એ આપણું કવચ છે, અને એજ આપણા અહંના વિલયનો વિશ્વાસપાત્ર માર્ગ છે.

## હું

* દરેક જણની અંદર સેંકડો અને સેંકડો 'હું' બોલે છે અને એ બધા એક-બીજાથી તદ્દન ભિન્ન એવી સેંકડો રીતે બોલે છે.

## વિચાર

* વિચારોનું મૂળ મનથી વધુ ઊંડું છે.

* જે લોકો વિચારો સાથે રમત રમવાને ટેવાયેલા છે તેમની પ્રગતિ વધુને વધુ રૂંધાય છે.

* દરેક નવીન વિચાર મગજમાં નાના વલય રચે છે.

* વિચારોની એક આકારવિહિન સૃષ્ટિ છે અને તમે જો શબ્દો પાછળ શું રહેલું છે તે જાણવા માગતા હો તો તમારે એ સૃષ્ટિમાં પ્રવેશ કરવો જોઈએ.

* વિચારોની સૃષ્ટિમાં બધું જ સાપેક્ષ છે.

## આદર્શ

* તમારે વધુને વધુ, સદા વધુ ઊંચે ઉડવું જોઈએ : માનવજાતિ જે કોઈ સર્વોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે તેનાથી લેશ પણ નીચે નહિ.

* પ્રત્યેક પદાર્થમાં નિરંતર તારી શોધ કરતા રહેવું, પ્રત્યેક પરિસ્થિતિમાં તારો વધુને વધુ આવિર્ભાવ થાય તે ઈચ્છવું.

* તારી ચેતનામાં સંપૂર્ણપણે સભાન બની તારા નિયમને પ્રગટ કરવા માટે અમારે શું કરવું જોઈએ એ પ્રત્યેક પળે, વિચાર કર્યા વિના સહજ ભાવે અમે જાણી શકીએ એ એક આદર્શ અવસ્થા છે.

* આપણે પ્રત્યેક પળે, અમારી ચેતનાને શાશ્વત ચેતના સાથે એકરૂપ થવામાં મદદરૂપ થાય તે કરવાને અને એ પ્રયત્નમાં જે અવરોધક થાય તેને ટાળવાને મથવું જોઈએ.

## અજ્ઞાન

* અજ્ઞાનથી ઉપર ઊઠવું એટલે તમસ્‌ને દૂર કરવું.

* અજ્ઞાન એ ચેતનાના વિકાસ દ્વારા દૂર થાય છે.

* તામસિકતા અને વિનાશના પરિબળો દ્વારા આવતાં સૂચનોનો પ્રત્યુત્તર આપવો એ મહાન અજ્ઞાન છે.

## માંદગી

* કોઈ વસ્તુ બહારથી આવે છે, ત્યારે આપણી અંદર એની સાથે કાંઈક મેળ ધરાવતું તત્ત્વ હોય છે.

* બધી જ શારીરિક તકલીફોનું કારણ આંતરિક ગેરવ્યવસ્થા હોય છે.

* માંદગી એ કેવળ સમતુલાનો ભંગ છે.

* માંદગી એ અસત્ય છે.

* માંદગીથી ગ્રસ્ત શરીરનો કોઈ ચોક્કસ ભાગ એ સ્થાને રહેલી વિસંવાદિતાનો સૂચક છે.

* માંદગીનું નવદશાંશ જોખમ ભયમાંથી આવે છે.

* શરીરમાં વધુ શાંતિ અને સ્વસ્થતાની સ્થાપના કરો તે તમને પ્રતિકાર કરવાની શકિત આપશે.

* એક જરૂરની શરત છે શ્રદ્ધા. તમારા પર હુમલો થતો લાગે ત્યારે મદદની પૂકાર કરો.

* જો તમારી પૂકારમાં સચ્ચાઇ હશે તો તેનો પ્રત્યુત્તર મળશે અને ભગવાન કૃપા તમને સાજો કરશે.

* શરીર જો સાજું થવાનો નિર્ણય કરે તો તે સાજું થાય છે.

* દરેક વ્યકિત પોતાની રીતે માંદી હોય છે, અને પોતે જે કાંઈ છે તે એની ચેતનાની અવસ્થા છે, તે જે પ્રકારનું જીવન જીવે છે તેના પર નિર્ભર હોય છે.

## અધિરાઈ

* અધિરાઈભર્યો બળવો અને ઉતાવળ સંપૂર્ણપણે નિરુપયોગી છે. સર્વ કાંઇ ધીમે ધીમે સંગઠિત થતું હોય છે.

* અધિરાઇ તમને પ્રગતિ કરતા રોકે છે.

## અસંભવ

* આ સૃષ્ટિમાં કશું જ અસંભવ નથી, સિવાય કે એ તમારી ચેતના બહારનું હોય.

* એવું કશું જ નથી જે મનુષ્ય ન કરી શકે જો એ તેની રીત જાણતો હોય તો.

## અપૂર્ણતા

* પ્રાણની અશુદ્ધિ અને શરીરની જડતા આ બે અપૂર્ણતાનો ઈલાજ કરવો

જોઈએ, ભલે એ કેટલોય લાંબો સમય કેમ ન રહે, અને આપણે એ માટે ધીરજપૂર્વક અને હિંમતપૂર્વક કામ કરતા રહેવું જોઈએ.

## અપાત્રતા

* અપાત્રતાના સર્વ વિચારો અર્થહીન છે. એમાં પ્રગતિના સત્યનો ઇન્કાર રહેલો છે.

## અગવડ

* નાની ભૌતિક અગવડોનો પ્રગતિને ઝડપી બનાવવા માટે ઉપયોગ થઈ શકે.

## ભારત

* ભારત આધુનિક માનવજાતિની તમામ મુશ્કેલીઓનું પ્રતીકાત્મક પ્રતિનિધિ છે.

* ભારત એના પુનરુત્થાનની વધુ ઉચ્ચ અને સાચા જીવન પ્રત્યેના પુનરુત્થાનની ભૂમિ બની રહેશે.

* આ ભારત, આધ્યાત્મિક જ્ઞાન અને પ્રકાશની ભૂમિ! જગતમાં તારા મીશન અંગે જાગૃત થા અને એકતા અને સંવાદિતાનો માર્ગ દાખવ.

## વ્યકિત

* દરેક વ્યકિતએ પોતપોતાના માર્ગને અનુસરવું જોઈએ.

* દરેક વ્યક્તિ ભગવાન સાથેના સંબંધની રીતે તથા એમને અભિવ્યકિત કરવાની રીતે એક વિશેષ પ્રકારની હસ્તી છે.

* તમારા પોતાના જ પર્વત પર ચઢો, અન્યના નહિ.

* દરેક દિવ્ય ચેતનાના એક વિશિષ્ઠ પાસાંને અભિવ્યકત કરવાને માટે હસ્તીમાં છે, અને એ અભિવ્યકિતની લાક્ષણિકતા એનું વ્યકિતત્વ રચે છે.

* દરેક વ્યકિત એના કાર્યક્ષેત્રાનું પ્રતિનિધિત્વ કરતા અમુક પ્રકારના આંદોલનોને નિયંત્રિત કરવાનું કરણ છે.

* વૈયકિતક પુરુષાર્થ વ્યક્તિને કારણે છે એમ માનવું એ ભ્રમ છે.

* વ્યકિતત્વના ભ્રમમાં રહ્યા વિના વ્યકિતગત આવિર્ભાવની શકિતઓ વિકસાવો.

* પ્રત્યેક આકાર એકના બહુત્વમાં પરિવર્તનનાં કોઈ એક તથ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

* વ્યકિતત્વનું મૂળ પરમ પુરુષમાં જ છે.

* વ્યક્તિત્વનો અર્થ એ નથી કે તે ન વાળી શકાય એવી જડતા છે.

* દરેક વ્યક્તિ જે સ્થાને છે એ જ એનું પરમ લક્ષ્ય છે.

* દરેક વ્યક્તિને જે સૃષ્ટિનું મૂળ છે તથા સૃષ્ટિથી પર છે એ પરમાત્માની સાથે સીધો અને વિશિષ્ટ સંબંધ છે.

* દરેક જીવનું પરમ તથ્ય પરમાત્મા સાથેનો એનો વિશિષ્ટ સંબંધ છે તથા તે ભગવાનના આવિર્ભાવને પોતાની વિશિષ્ટ રીતે પોતાની અંદર અભિવ્યક્તિ આપે છે.

* વ્યક્તિની ગતિ વધુ ઝડપી અને પારગામી હોય છે, એ બહુ જ આગળ અને ગહનતામાં ઝડપથી જાય છે. સામૂહિક ગતિ એક આધાર રચે છે જે વ્યક્તિની ગતિનું નિયમન કરે છે પણ સાથે એને પોષે પણ છે.

* આરંભ વ્યક્તિગત કાર્યથી થવો જોઈએ. સામૂહિક કાર્ય પછી એને અનુસરે છે.

* વ્યક્તિ સમૂહ કરતાં ઝડપથી આગળ વધે છે.

* વ્યક્તિ અને સમૂહ વચ્ચે પરસ્પરાવલંબનનો સંબંધ છે. જેમાંથી કોઈ સંપૂર્ણપણે મુક્ત થઈ શકે નહિ.

* જો સામૂહિક એકતા વ્યક્તિની એકતા જેટલી સુસંયોજિત બની જાય તો એ વ્યક્તિની કાર્યશક્તિને અનેક ગણી વધારી આપે છે.

* સામૂહિક ચેતનાનું સ્તર વૈયક્તિક ચેતના કરતા હંમેશા નીચું હોય છે.

* વ્યક્તિની ગતિવિધિ વૈશ્વિક ગતિવિધિની પ્રતિનિધિમાત્ર છે. પ્રમાણ ભિન્ન છે પણ ઘટના એકજ છે.

* છેવટે વિશ્વ પણ કેવળ એક પુરુષ છે, શાશ્વત સર્જનની મધ્યે કેવળ એક વ્યક્તિત્વ છે.

* દરેક વિશ્વ એક પુરુષ છે.

## અન્તર્બાહ્ય

* અંદરથી આરંભ કરો એ પછી જ્યારે તમે અંદરથી તૈયાર હો ત્યારે બહાર પહોંચો.

* ભૌતિક ઘટના એ માનસિક ઘટનાનું એક પ્રકારનું પરિણામ છે.

* જ્યારે તમે તમારા અસ્તિત્વના સત્ય અનુસાર જીવન જીવો છો ત્યારે તમારે કામ કેવી રીતે કરવું એ શીખવાનું હોતું નથી. તમે આંતર્નિયમ દ્વારા સહજ રીતે એ કરો છો.

## અંતર્યામી

* આ ભ્રમપૂર્ણ સૃષ્ટિની ઉપર આ ગમગીન દુ:સ્વપ્નને ભગવાને પોતાની પરમ વાસ્તવિકતાનું દાન કર્યું છે. અને જડતત્ત્વનો પ્રત્યેક અણુ એમની શાશ્વતીનું કોઈક તત્ત્વ ધારણ કરે છે.

* મેં આપને જાણી લીધા છે એમ કોઈ ભગવાનને કહી શકે એમ નથી. અને છતાં પ્રત્યેક એમનું પોતાની અંદર વહન કરે છે અને પોતાના આત્માની શાંતિમાં એમના અવાજનો પડઘો સાંભળે છે.

## પૂર્ણ સાક્ષાત્કાર

* વ્યકિત સહજભાવે દિવ્ય બની રહેશે ત્યારે જ પૂર્ણ સાક્ષાત્કાર સંભવિત છે.

* સમગ્ર હસ્તીના તમામ ભાગો અને તમામ પ્રવૃત્તિઓ કેવળ ભગવાનની જ માગણી કરે છે. કેવળ એમની જ અભીપ્સા સેવે છે.

* સર્વ કાંઇ લો, એને ભેગું કરો, એનો સમન્વય કરો, ત્યારે તમને પૂર્ણ સાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે.

* જો આપણે પૂર્ણ બનવું હોય, પરિપૂર્ણ સત્તા થવું હોય, તો પૂર્ણ સાક્ષાત્કાર મેળવવો જોઇએ,આપણે આપણી આધ્યાત્મિક અનુભૂતિને મન, પ્રાણ અને શરીરમાં ઉતારી શકીએ એને યોગ્ય બનવું જોઇએ.

* પૂર્ણયોગની સાધના કરવા ઈચ્છનાર માટે કશું જ નિરુપયોગી નથી, એણે કશાની અવગણના નહિ કરવી જોઇએ.

## બુદ્ધિ

* બુદ્ધિ એના સાચાં સ્વરૂપમાં અભિવ્યકિત અને ક્રિયાનું સાધન છે.

* માનસિક સંકલ્પના અનુભૂતિ પછી આવવી જોઇએ, તેના પૂર્વે નહિ.

## મધ્યંતર સત્તા

* મનુષ્ય એ આજે જે કાંઈ છે તથા જેનો હજી સાક્ષાત્કાર કરવાનો છે તે બે વચ્ચેની મધ્યંતર સત્તા છે.

## ઈર્ષ્યા

* ઈર્ષ્યા મનની સંકુચિતતા અને હૃદયની નબળાઈમાંથી પેદા થાય છે.

## સચ્ચાઈનો અભાવ

* તમારામાં જો સચ્ચાઈ નહિ હોય તો તમે તમારી જાતને છેતરવાથી આરંભ કરશો અને તમારા તમામ અનુભવોનું કોઈ મૂલ્ય નહિ હોય.

* તમારા જીવનના સત્ય અને તમારા શરીર વચ્ચે ખાઈ ખોદવી એ મોટામાં મોટી બનાવટ છે.

* સચ્ચાઈનો અભાવ વિરોધી બળો સામે બારણાં ખોલી દે છે.

* તમે એક ભૂલ ફરી ફરીને કરો તો ખાત્રી રાખજો કે કયાંક તમારી અંદર સચ્ચાઈ નથી.

## આનંદ

* પરમ આનંદ સદાય આપણા હૃદયની ગહનતામાં નિવાસ કરે છે અને આપણે સદા એને ત્યાં પામી શકીએ છીએ.

* ભગવાનની સેવા કરવી એનાથી બીજો વધુ આનંદ કોઈ નથી.

* જે કાંઈ કરવાનું છે તે થઈ જાય પછી જ પૂર્ણ તાદાત્મ્યનો આનંદ પ્રાપ્ત થાય છે.

* દિવ્ય વ્યવસ્થાને સમર્પિત થવાથી આનંદ મેળવાય છે.

## ન્યાય

* કોઈ વ્યકિત બીજા વિષે નિર્ણય આપવાને સમર્થ નથી. એક જ પરમ સત્ય છે જે જાણી શકે છે, તેમ જ નિર્ણય આપી શકે છે.

* મન અજ્ઞાનથી નિર્ણય કરે છે. એની પાસે જ્ઞાન નથી, પદાર્થોનું સાચું દર્શન નથી,

* મન, સવિશેષપણે ભૌતિક મન કોઈ વસ્તુને સમ્યક્ રીતે જોવાને સમર્થ નથી છતાં એ હંમેશાં નિર્ણય આપે છે.

* તમે બાહ્ય સંજોગોને આધારે જે નિર્ણયો બાંધો છો તે અનિવાર્યપણે ખોટા હોય છે.

* હું તો તમને ઉતાવળિયા નિષ્કર્ષો કે નિર્ણયો પર કૂદી પડતાં રોકે એવી શાંતિનું, એવી સ્વસ્થતા, ધીરજ અને જ્ઞાનનું તમારા મનમાં આગમન થાય એમ ઈચ્છું છું.

* તમે તમામ રાગદ્વેષો જીત્યા હોય ત્યારે જ તમે સાચા નિર્ણયો બાંધી શકો છો.

* સાચા નિર્ણયો પર આવવા માટે તમારે કામનાથી મુક્ત થઈને કેવી રીતે કામ કરવું કે વ્યવહાર કરવો તે જાણવું જોઈએ.

* માણસ જેટલું ઓછું જાણે છે, તેટલા વધુ અભિપ્રાયો આપે છે.

* માણસ જેટલું વધુ જાણે, તેટલા વધુ ઓછા અભિપ્રાયો બાંધે છે.

* જ્યારે તમે સમજવા લાગો છો ત્યારે તમે લેશ પણ નિર્ણય બાંધતા નથી, પણ તમે જ્યારે નિર્ણય બાંધો છો તે બતાવે છે કે તમે સમજતા નથી.

## ઔચિત્ય

* જેનું અસ્તિત્વ છે તે તમામ પદાર્થોની તે ક્ષણે આવશ્યકતા અને અગત્ય હોય છે.

## કાલિ

* તમામ વિનાશની પાછળ હંમેશાં કાલિની શક્તિ રહેલી હોય છે.

* કાલિ પૃથ્વી પર જગતના વિકાસને ઝડપી બનાવવાને કામ કરે છે.

## કર્મ

* કર્મ એ અહંકારની રચના છે.

* જ્યારે અહંકાર પદભ્રષ્ટ થાય છે ત્યારે કાર્યનો લય થાય છે.

* જે કાંઈ ભૂતકાળમાં હતું તે હજી વર્તમાનમાં પણ રહેશે અને ભવિષ્યમાં પણ તે આવતું રહેશે.

## જ્ઞાન

* તમને જ્યારે એમ લાગે છે કે તમે કશું જ જાણતા નથી ત્યારે તમે શીખવાને તૈયાર હો છો.

* આપણી પાસે જેટલું વધુ જ્ઞાન હોય તેટલું વધુ આપણે એ જોઈ શકીએ કે આપણે જાણતા નથી.

* જ્ઞાન કેવળ તાદાત્મ્ય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

* નાનું બાળક પણ તમને બોધ આપી શકે છે.

* જીવનની પ્રત્યેક પળે તમે બીજા પાસેથી કંઈક શીખી શકો છો.

* ભગવાન પાસેથી મનુષ્ય જે મેળવે છે કે એમના વિષે જે જાણે છે તે તેના અભિગમ ઉપર આધાર રાખે છે.

* જ્ઞાન એ શકિત છે.

* તમે જે જાણો છો તે ગમે તેટલુ ઉમદા કેમ ન હોય પણ એ તમે જે જાણી શકો છો એની સરખામણીમાં કશું નથી.

* તમારી અંદર જ્ઞાન મેળવી શકે એવી શકિત ન હોય તો કોઈ ભૌતિક સાબિતીઓ તમને જ્ઞાન આપી શકે નહિ.

* ચેતનાના દ્વાર ખખડાવો અને એ તમારી સમક્ષ ખોલવામાં આવશે.

## કૃષ્ણ

* કૃષ્ણ આ પૃથ્વી ઉપર મુકિત અને આનંદ ઉતારી લાવવાને આવ્યા હતા.

* કૃષ્ણ એ જીવંત અને ક્રિયાશીલ વાસ્તવિક હસ્તી છે, એમનો પ્રભાવ પૃથ્વીની પ્રગતિ અને એના રૂપાંતર માટેનું મહત્ત્વપૂર્ણ પરિબળ રહ્યું છે.

## આત્મા

* આત્મા દિવ્ય છે, પરમાત્માનો શાશ્વત અંશ છે અને તેથી પોતાનાથી અન્ય એવા કોઈ નિયમથી બદ્ધ કે મર્યાદિત નથી.

* માનવ જીવો એક જ આત્માની અભિવ્યકિત છે.

* આત્મ તત્ત્વના વ્યાપારોને જોવા માટે તમારે આત્મતત્ત્વ વિષે સભાન થવું જોઈએ.

* આત્માઓ વચ્ચે કાયમી સંબંધ જીવનમાં એમના મિલનનું કારણ હોય છે, પણ એનાથી તેઓ અનિવાર્યપણે એક સાથે બંધાયેલા હોતા નથી કે પછી તેમનું ભાગ્ય એકસરખું હોતું નથી.

* આત્મા કોઈ મોટો કે નાનો હોતો નથી; તે બધા સમાન હોય છે અને તેમનો ઉદ્‌ગમ દિવ્ય હોય છે.

* આત્મા એ માનવજાતિની વિશેષતા છે, એ મનુષ્યમાં જ અસ્તિત્વ ધરાવે છે.

* આત્મા એ માનવજાતિમાં આત્મતત્ત્વનો પ્રતિનિધિ છે. એ ઝડપથી આગળ વધવા માટે વિશેષ સહાયરૂપ છે.

* આત્મા એ જ વ્યકિતને પ્રગતિ કરતો કરે છે.

* જો આત્મા સાથેનો સંબંધ પૂરતો સભાન અને સંપૂર્ણ હોય તો એ બાહ્ય રૂપોની દાસતામાંથી મુકત કરે છે.

* આવિર્ભાવના પડદાને ચીરીને આત્માનો અગ્નિ પ્રકાશવો જોઈએ.

* આત્મા ભગવાનનો વિચાર નથી કરતો, એમને એ ચોકકસપણે જાણે છે.

## આળસ

* જીવનમાં આળસુ લોકોને બીજા કરતાં દસવાર વધારે કામ કરવું પડે છે, કારણ કે તેઓ જે કાંઈ કરે છે એ એટલું તો ખરાબ રીતે કરે છે કે જેથી તે એમણે ફરી ફરીને કરવાનું રહે છે.

* આળસની પાછળ દુરિચ્છા રહેલી છે, પ્રયત્ન કરવાનો ઈન્કાર રહેલો છે.

## મુકિત

* પૂર્ણ મુકિતનો આધાર છે પૂર્ણ સચ્ચાઈ, પ્રેમ અને સત્ય.

* સત્ય વિના સાચી મુકિત સંભવ નથી.

* અમે સર્વ અજ્ઞાનમાંથી, અમારા અહંમાંથી મુકત થવા ઝંખીએ છીએ જેથી અમે અતિમનસના મહિમામય આવિર્ભાવના દ્વાર ખોલી આપી શકીએ.

* તમે સ્વચ્છંદ કે દુરાચારને સ્વતંત્રતા ગણવાની ભૂલ કરશો નહિ.

* જો તમે મક્કમ અને આત્મસભાન સંકલ્પશકિત ધરાવતા હો અને એ શકિત ચૈત્ય પુરુષને કેન્દ્રમાં રાખીને કામ કરતી હોય તો જ તમે સ્વતંત્રતાનો સ્વાદ ચાખી શકો છો, અન્યથા, તમે અનેકવિધ બાહ્ય પ્રભાવોના દાસ હો છો.

## જીવન

* જીવન એક પ્રવૃત્તિ છે. જીવન એક પુરુષાર્થ છે.

* જીવન રાત્રીના તિમિરમાંથી પસાર થતી એક યાત્રા છે. આંતજર્યોતિ પ્રત્યે જાગૃત થાઓ.

* પરમ જીવન સિવાય અન્ય કોઈ જીવન નથી.

* પ્રેમ અને સ્મિત એ જ જીવનમાંથી પસાર થવાનો એકમાત્ર માર્ગ છે.

* ભગવાનની બહાર સર્વ કાંઈ અસત્ય અને મિથ્યા છે. સર્વ કાંઈ દુઃખપૂર્ણ ભ્રમણા છે. ભગવાનમાં જીવન પ્રકાશ અને આનંદ છે. માત્ર ભગવાનમાં જ પરમ શાંતિ રહેલી છે.

* આપણે કેવળ ભગવાનની આંખે જોવું જોઈએ અને એમના સંકલ્પ અનુસાર કર્મ કરવાં જોઈએ.

* માણસ ભગવાનની વાતને વાચા ન આપી શકે છતાં તેમની અંદર જીવન જીવી શકે છે, એમની વ્યાખ્યા કે સ્પષ્ટીકરણ ન આપી શકે છતાં ભગવાનની અનંતતાને પામી શકે છે તથા તદ્રુપ બની શકે છે.

* જ્યારે કોઈ વ્યક્તિ ઊર્ધ્વતર ચેતનામાં નિવાસ કરે છે. ત્યારે એ જે કાંઈ વિચારે છે, કહે છે કે કરે છે તેમાં એ ચેતનાના આંદોલનો આવિર્ભાવ પામે છે.

## પ્રકાશ

* પ્રકાશનું એક રશ્મિ તમારી અંદર પ્રજ્જવલિત બની રહો, એ રશ્મિ પ્રકાશ શું છે અને એ શું કરી શકે છે એ પરના અત્યંત સુંદર પ્રવચનો કરતાં વધુ અસરકારક રીતે તમસ્‌ને ઓગાળી શકશે.

* પ્રકાશ એ ઘણું સારું પ્રતીક છે. પરંતુ એ એક પૂર્ણ પ્રતીક છે એમ હું નથી માનતી.

## ગમા અણગમા

* આધ્યાત્મિક વિકાસ સાધવા માટે તમારી નફરતોથી અને તમારી સહાનુભૂતિઓથી પણ ઉપર ઊઠો.

## મર્યાદાઓ

* તમે જેને ઓળંગી ન શકો એવી કોઈ મર્યાદા છે એમ હું માનતી નથી.

* આપણી અંદર શ્રદ્ધાનો અભાવ એ જ મર્યાદાઓ ઊભી કરે છે.

* શરીર જ્યારે નિયમોને આધીન હોય છે, ત્યારે તે નિયમોનું દાસ બને છે અને એ નિયમો દ્વારા જ એની શક્યતાઓ મર્યાદિત બની જાય છે.

## તર્કબુદ્ધિ

* તર્કબુદ્ધિની પોતાની અંદર સત્યને પારખવાની શક્તિ નથી.

* તમારો આરંભ ખોટો હશે તો તમારો નિષ્કર્ષ પણ ખોટો આવશે, ભલે પછી તમારો તર્ક પ્રમાણભૂત હોય, કદાચ એ કારણે જ નિષ્કર્ષ ખોટો આવશે.

## લાંબો પંથ

* પંથ લાંબો હોય તેની શી ચિંતા ? એટલો જ લાંબો સમય તમને અભીપ્સા, આત્મનિવેદન અને આત્માર્પણનો આનંદ પણ પ્રાપ્ત થશે.

## પ્રભુ

* પ્રભુ પોતે જ પોતાની સત્તાની ગહનતામાંથી સર્વ કાંઈને ગતિ આપે છે, એમનો સંકલ્પ માર્ગ બતાવે છે અને એમની શકિત કાર્ય કરે છે.

## લાભ હાનિ

* પ્રત્યેક પળે સર્વ કાંઈ મેળવવા માટે સર્વ કાંઈ કેવી રીતે ખોવું એ આપણે જાણવું જોઈએ.

* સર્વ કાંઈ કેવી રીતે ખોવું એ તમે જાણશો નહિ તો તમે કાંઈ પ્રાપ્ત કરી શકશો નહિ.

## પ્રેમ

* પ્રેમ એ વિશ્વનો મૂળ સ્રોત છે. એ એક એવી શકિત છે જે આ સૃષ્ટિની અંદર એકદમ એકતા આણી આપે છે અને એને એના સર્જક સાથે જોડી દે છે.
* પ્રેમ એ પરમ રહસ્ય છે અને પ્રેમ એ સાધન છે.
* પ્રેમથી વધુ મૂલ્યવાન કશું નથી, ખરેખર એ પરમ શકિત છે.
* પ્રેમ અને સત્ય અવશ્ય વિજયી થશે.
* પ્રેમ એ પરમ વિજેતા છે.
* પ્રેમ એ તમામ મુશ્કેલીઓનો વિજેતા છે.
* પ્રેમ એ અંતિમ વિજેતા બનશે.
* માત્ર પ્રેમ જ પ્રેમને ઓળખી અને માણી શકે છે.
* શાશ્વત પ્રેમ સિવાય બીજું સર્વ કાંઈ સતત પરિવર્તન પામતું હોય છે.
* સાચો પ્રેમ શાશ્વત અને અત્યંત મધુર હોય છે. જે જીવનને ચરિતાર્થ કરતો તથા પ્રકાશિત કરે છે તે સાચો પ્રેમ. એ લેતો નથી આપે છે.

* પરમ પ્રેમ એક એવો પ્રેમ છે જેનો કોઈ નિશ્ચિત વિષય નથી. તે એક એવો પ્રેમ છે જે પ્રેમ કર્યા સિવાય રહી શકતો નથી તેથી પ્રેમ કરે છે.
* તમારો આત્મા અમર છે અને પરમ પ્રેમમાં નિવાસ કરે છે.
* તમારા ચૈત્ય પુરુષને શોધી કાઢો, પછી પરમ પ્રેમ શું છે એ તમને સમજાશે.
* ભગવાનનો પ્રેમ એ જ અત્યંત પૂર્ણ પ્રેમ છે, અત્યંત પ્રેમાળ પ્રેમ છે.

* ભગવાનનો પ્રેમ એ તમામ ચમત્કારોમાં અદ્‌ભૂત છે.

* ભગવાનનો પ્રેમ સૌ કોઈને સુખી કરવા અર્થે છે; પણ ઘણા ઓછા લોકો તેની પરવા કરે છે.

* હું જ્યારે પ્રેમની વાત કરું છું ત્યારે હંમેશાં હું કેવળ સત્યમાં અભિવ્યક્તિ પામતા ભગવાનના પ્રેમની જ વાત કરું છું.

* ભગવાનનો પ્રેમ તમારા જીવનને, તમારા હૃદયને ભરી દો.

* ભગવાનનો પ્રેમ સદા તમારી સાથે હોય છે, ભલે તમે તમારી જાતને એનો અનુભવ કરવાને અસમર્થ બનાવી દીધી હોય.

* તમારા વિચારો ભગવાનના સત્યથી સભર બનો અને તમારું હૃદય ભગવાનના પ્રેમથી.

* તમે અનન્યપણે ભગવાનના પ્રેમ પ્રત્યે અભિમુખ બનો છો ત્યારે જ તમને કેવળ સાંત્વના જ નહિ પરંતુ શાંતિ અને આનંદ પણ મળે છે.

* સાચો પ્રેમ હંમેશાં સ્થિર હોય છે. માત્ર તૃષ્ણા જ અસ્થિર હોય છે.

* પ્રેમ કૃપા વિના અને કૃપા પ્રેમ વિના અસ્તિત્વમાં હોઈ શકે છે પરંતુ માનવ-ચેતના માટે કૃપાની તમામ અભિવ્યક્તિ એ અનિવાર્યપણે પરમ પ્રેમની જ અભિવ્યક્તિ હોય છે.

માનવ પ્રેમમાં પ્રિયપાત્ર માટેના પ્રેમ કરતા પોતાની જાત માટેનો પ્રેમ વિશેષ હોય છે.

* જો માનવ પ્રેમ કશાં ય મિશ્રણ વિના પ્રગટ થાય તો એ સર્વશકિતમાન બને છે.

* તમે જો સાચેસાચ પ્રેમ કરવા માગતા હો તો તમારે સર્વ પ્રથમ અને અગ્રીમ રીતે તમારી જાતને પ્રેમ નહિ કરવો જોઈએ.

* માનવજીવ જ્યાં સુધી દિવ્ય ઊંચાઈ પર ઉંચે ઊઠતો નથી ત્યાં સુધી દિવ્ય પ્રેમને જાણવાને, એને ઝીલવાને તથા એની કદર કરવાને અસમર્થ રહે છે.

* તમામ અવરોધોને જીતવાની એક માત્ર પદ્ધતિ એ પ્રેમની પદ્ધતિ છે.

પ્રેમ તમામ શકિતઓમાં સૌથી વિશેષ પ્રબળ અને સર્વગ્રાહી શકિત છે.

*

* પ્રેમને રૂપાંતર કરવા માટે વિનાશ કરવાની આવશ્યકતા રહેતી નથી, એની પાસે રૂપાંતર માટેની પ્રત્યક્ષ શકિત રહેલી છે.

* પ્રેમ એના ઉદ્‌ગમમાં એક જ્વાલા જેવો, એક શુભ્ર જ્વાલા જેવો છે જે તમામ અવરોધોને ઓગાળી શકે.

* પ્રેમ એ દિવ્ય શકિત છે.

* પ્રેમ માત્ર માનવ જીવોમાંજ પ્રગટ થતો નથી, એ સર્વત્ર છે.

* દિવ્ય પ્રેમને અભિવ્યકત કરવા માટે તમારી પાસે દિવ્ય પ્રેમને ઝીલવાનું સામર્થ્ય હોવું જોઈએ.

* પ્રેમ તત્ત્વ પ્રત્યે જે અભિમુખ નથી તે ભગવાન તરફ જઈ શકતો નથી.

* સેવા કરવી એ પ્રેમની પ્રથમ અભિવ્યકિત છે.

* પ્રેમ જ દિવ્ય વ્યાપારોના રહસ્યને સમજી તથા પામી શકે છે.

* પ્રેમ એ સ્વયંપૂર્ણ છે અને એને કોઈ પ્રતિભાવોની આવશ્યકતા નથી.

* પ્રેમ એ પોતે સાધ્ય નથી, એ એક પરમ સાધન છે.

* પ્રેમ બધા બારણાં ખોલી આપે છે, બધી દિવાલો ભેદી દે છે અને બધા અવરોધોને પાર કરે છે.

* એક ગહન અને સાચી ચેતના છે જેમાં સૌ કોઈ પ્રેમ અને સંવાદભરી રીતે મળી શકે.

* પ્રેમ એ એકતા પ્રતિ દોરી જાય છે.

**મનુષ્ય**

* મનુષ્ય જે કાંઈ થનાર છે અને જે કાંઈ છે તેની વચ્ચેની મધ્યંતર સત્તા છે, એ ખીણ પર મૂકવામાં આવેલો પૂલ છે.

* મનુષ્ય હજી એટલો અણઘડ છે કે તેને ઉગ્રતાની જરૂર રહે છે.

* શારીરિક શકિતના દષ્ટિકોણથી તો ઘણા પશુઓ મનુષ્ય કરતાં ચઢિયાતા છે.

* આપણે પશુની પવિત્રતા અને દેવોની દિવ્ય પવિત્રાતાનાં વચ્ચે રહેલી વિકૃત મધ્યંતર સત્તા છીએ.

* મનુષ્ય ઊભો રહી શકે છે એ તથ્યમાં તે ઊર્ધ્વમાંથી વસ્તુઓને જોઈ શકે છે તેનો સંકેત રહેલો છે.

* અગ્નિ પરનું પ્રભુત્વ મનુષ્યના ચઢિયાતાપણાનું ચિહન છે. જયાં જયાં મનુષ્ય રહેલો છે, ત્યાં ત્યાં અગ્નિ પેટાવવામાં આવે છે.

* મનુષ્ય માત્ર પાર્થિવ હસ્તી જ નથી, એ તત્ત્વત: એક વૈશ્વિક સત્તા છે, પણ પૃથ્વી પર તેનો એક વિશેષ આવિર્ભાવ થયો છે.

* ઘણાખરાં દેવો મનુષ્યના અસ્તિત્વ પૂર્વે અસ્તિત્વમાં હતા.

* મનુષ્યમાં અભીપ્સાના બીજનું સાચી આધ્યાત્મિકતા દ્વારા સિંચન કરવામાં આવે તો એ

## આવિર્ભાવ

* તે એક છે જે અંતર્હીન રીતે પોતાને સહુમાં વિસ્તારી રહ્યા છે.

* દરેક તત્ત્વે સમગ્ર રીતે એણે શું થવું જોઈએ એ માટે, એણે જે કરવાનું છે. તે અધિકતમ રીતે કરી શકે તે માટે શકય એટલી પૂર્ણ રીતે પોતાના નિયમને અભિવ્યકત કરવાનો છે.

* જે કેન્દ્રની અંદર અભિવ્યકિત પામે છે તે જાગૃતિ દ્વારા અને વ્યકિતરૂપમાં સંકલ્પને અપાતા પ્રત્યુત્તર દ્વારા બાહ્ય રૂપમાં સિદ્ધ થાય છે.

* આવિર્ભાવ પામવો એ ભગવાનનો સંકલ્પ છે.

* જો દિવ્ય ચેતના આવિર્ભાવ ન પામે એવા આનંદની નિષ્ક્રિયતા હોત તો આ સૃષ્ટિ કયારેય બની શકી ન હોત.

* ભગવાન જયારે જયારે અને જયાં જયાં શકય હોય ત્યાં આ પૃથ્વી ઉપર પોતાનો આવિર્ભાવ કરે છે.

* શકિત આવિર્ભાવ પામવાને રાહ જોઈ રહી છે. આપણે એવા રૂપો શોધી કાઢવા જોઈએ જેમાં તે આવિર્ભાવ પામી શકે.

* પરમાત્મા પોતે જ પોતામાં આવિર્ભાવ પામ્યા છે જેથી તેમાં પોતાના વિષે સભાન બને.

* દરેકને માટે પોતપોતાના સ્વભાવ અનુસાર આ આવિર્ભાવ ભિન્ન ભિન્ન છે.

* તારી સર્વશકિતમત્તાને આવિર્ભાવ આપતા મનુષ્યને માટે કશું અસંભવ નથી.

* વંટોળિયાથી બીશો નહિ, પવન આપણને કિનારાથી દૂર ઘસડી જાય છે પણ તે આપણને જગતનું દર્શન છે.

* આશાપૂર્વક રાહ જોનારા આનંદો, નૂતન આવિર્ભાવ નિશ્ચિત છે, એ નિકટ આવ્યા છે.

* ભગવાન પોતાનો આવિર્ભાવ કરી રહ્યા છે એ અંગે જગત સભાન બનો.

* વિષયીકરણના આનંદ માટે આવિર્ભાવ રચવામાં આવ્યો છે.
* મર્યાદાની ભાવનાના સ્વીકાર સાથે આવિર્ભાવની શકયતા ઉભી થાય છે.
* અવ્યકતનું એક વિશિષ્ટ માધુર્ય છે, વ્યકતને કારણે.

## લગ્ન

* એક જ અભીપ્સા હોવી, અધ્યાત્મપથપર એક સાથે આગળ વધતા આરોહણ કરવું છે ચિરસ્થાયી એકતાનું રહસ્ય.

## પ્રભુત્વ

* કોઈ વસ્તુપર પ્રભુત્વ ધરાવવું એટલે કોઇ શબ્દોચ્ચાર વિના, કોઈ સ્પષ્ટિકરણ આવ્યા વિના કેવળ તયારી ઉપસ્થિતિ દ્વારા વિપરિત આંદોલનોના સ્થાને સામા આંદોલનો મૂકવા જ્યાં સુધી અંદરના પદાર્થપર પ્રભુત્વ પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી બાહ્ય પદાર્થ પર પ્રભુત્વ પ્રાપ્ત થશે નહિ.

## ભૌતિક પદાર્થ

* ભૌતિક વસ્તુ વિષેના વિચારો કયા વધુ થાક પમાડે એવી કોઈ બાબત નથી.
* વસ્તુઓની ઉપરછેલ્લા ખ્યાલ પરથી ઉતાવળે કોઈ નિષ્કર્ષ તારવશો નહિ.
* માનસિક રચના કયારેયસાચી નહિ હોય.
* મન કશું જ જાણી શકશે નહિ, કારણકે એને સ્પષ્ટિકરણની જરૂર હોય છે.
* મન એ આપણું જ્ઞાનનું કરણ નથી, પણ કર્મનું આયોજન કરવા માટે જ્ઞાનનો ઉપયોગ કરી શકે છે.
* મન પ્રેરણાના વિભિન્ન તત્ત્વોને સુવ્યવસ્થિત કરે છે.
* મન એ નિયંત્રણની અને વ્યવસ્થાની શકિત છે.
* મનમાંથી જે કોઈ આવે છે તે હંમેશાં આંતરિક વિવાદને અધીન હોય છે.
* પ્રત્યેક માનસિક રચના પોતાની અંદર પોતાના ઈનકારને ધારણ કરે છે.
* મન શરીરમાં એકાગ્ર થયું છે, પણ શરીરમાં સમાઈ ગયું નથી.
* મન ચોકખો અને ચકચકતો અરીસો છે અને એને કાયમ ચોકખો રાખવો અને એના પર ધૂળ નજામવા દેઈ એ આપણું નિત્યનું કર્તવ્ય છે.
* આપણું મન શાંત અને સ્વસ્થ હોવું જોઇએ, પરંતુ આપણું હૃદય તીવ્ર અભીપ્સાથી સભર હોવું જોઈએ.

## ચમત્કાર

* દિવ્ય શક્તિ ચમત્કારો રચે એની લેશ પણ જરૂર નથી.

* અમુક સમયે સાંસારિક જીવન એક પછી એક અવસ્થાઓ વટાવતું ચમત્કારિક રીતે આગળ વધે છે જેને માટે બીજા સમયે હજારો વર્ષ લાગે.

## ભૂલો

* ભૂલો પણ સર્વગ્રાહી પ્રગતિમાં ઉપયોગી થાય છે.

* પોતાની ભૂલોનો સ્વીકાર કરવો એનાથી વધુ હિંમતની બીજી કોઈ બાબત નથી.

* કોઈ ભૂલ થાય છે ત્યારે એને હંમેશાં પ્રગતિ માટેના સાધન તરીકે યોજવી જોઈએ.

* એક વાર જરૂરી પરિવર્તન બની આવે છે પછી ભૂલ અને તેનું કારણ વિલુપ્ત થાય છે અને પછી એનું પુનરાવર્તન થતું નથી.

* બીજાની ભૂલો પર ગુસ્સે થતાં પહેલાં માણસે પોતાની ભૂલોને યાદ કરવી જોઈએ.

## દુઃખ

* જેની ચાવી આપણી પાસે ન હોય એવા જીવન વિષે જવાબદાર હોવું એનાથી વધુ દુઃખદાયી બીજી કોઈ પરિસ્થિતિ નથી.

## ઉપહાસ

* ઉપહાસ કરવો એ કદાપિ બૌદ્ધિક શ્રેષ્ઠતાની નહિ પણ અજ્ઞાન માનસિક મગરૂરીની નિશાની છે. ચૈત્ય પુરુષ કદી ઉપહાસ કરતો નથી.

## પૈસો

* આ પાર્થિવ સૃષ્ટિમાં મનુષ્યને પૈસો એ ભગવાનની ઈચ્છા કરતાં વધુ પવિત્ર લાગે છે.

* પૈસો એ પૈસા પેદા કરવાનું સાધન નથી. પૈસો એ આ પૃથ્વીને નવીન સૃષ્ટિના આગમન માટે તૈયાર કરવાનું સાધન છે.

* વાસ્તવમાં પૈસો કોઈની માલિકીનો નથી.

* પૈસાની માલિકીના ખ્યાલે સર્વ કાંઈ અર્થહીન કરી દીધું છે.

* પૈસો સ્વયં એક બિનઅંગત શકિત છે.

* પૈસો પૃથ્વી ઉપર એક કામ કરવાને માટે, પૃથ્વીને એ દિવ્ય શકિતઓને ઝીલે અને અભિવ્યકત કરે એ માટે તૈયાર કરવાને રહેલી એક શકિત છે.

* પૈસો એ સામુદાયિક સંપત્તિ છે અને જેની પાસે સર્વગ્રાહી અને પૂર્ણ વૈશ્વિક દર્શન હોય એવી જ વ્યકિતઓ દ્વારા એ વપરાવો જોઈએ.

* પૈસો કોઈ એક જુથ, દેશ અને ખાસ તો સકળ પૃથ્વીની સંપત્તિની વૃદ્ધિ માટેનું સાધન છે.

* પૈસો એ એક સાધન છે, એક શકિત અને બળ છે, એ સ્વયં સાધ્ય નથી.

* બધી જ શકિતઓ અને બળની જેમ એ વપરાશથી, વહેતો રહેવાથી વધે છે, સંગ્રહ કરવાથી કે બંધિયાર બની જવાથી નહિ.

## નૈતિકતા

* સાચું આધ્યાત્મિક જીવન, પૂર્ણ સ્વતંત્રતા એ સર્વોચ્ચ નૈતિક સિદ્ધિઓ કરતાં ઘણી વધુ મહાન બાબત છે.

* નૈતિક હિંમત અને સહનશકિત મેળવવી એ શારીરિક હિંમત અને સહનશકિત મેળવવા કરતાં ઘણી વધારે અઘરી બાબત છે.

* નૈતિકતા એ એવું કવચ છે જેનો સામાન્ય માણસ સત્યની સામે પોતાનું રક્ષણ કરવાને ઉપયોગ કરે છે.

## ગતિ

* આપણે બહારથી સંપૂર્ણપણે નિષ્ક્રિય દેખાતી અવસ્થામાં પ્રવેશ કરી લઈએ છીએ ત્યારે પણ વસ્તુઓ બદલાતી રહે છે, અને તેની સાથે આપણે પણ બદલાઈએ છીએ.

* કયાંય ગતિ અટકતી નથી, સર્વ કાંઈ નિરંતર ગતિમાં છે. કાં તો એ આગળ વધે છે અથવા પાછળ હઠે છે.

## હેતુ

* બહારના હેતુઓ ચૈત્ય પુરુષ દ્વારા પોતાના સાક્ષાત્કાર માટે યોજાતા બહાનાં માત્ર છે.

## ગૂઢ દ્વાર

* તમારે દ્વાર સામે બેસીને જ્યાં સુધી એને ખોલવાની ચાવી કે શબ્દ કે શક્તિ ન મળે ત્યાં સુધી એના પર એકાગ્રતા કરવી જોઈએ.

## સંગીત

ચેતનાને આધ્યાત્મિક ઊંચાઈ પર ઊઠાવવાને મદદ કરવી એ સંગીતનું કાર્ય છે.

* જે કાંઈ ચેતનાને અવનત કરે છે, ઇચ્છાઓને વેગ આપે છે અને કામનાઓને ઉશ્કેરે છે તે સંગીતના સાચા લક્ષ્યથી વિપરીત જાય છે અને તેનાથી દૂર થવું જોઈએ.

## રાષ્ટ્ર

* બધા દેશો સમાન છે અને તત્ત્વતઃ એક જ છે: એમાંથી દરેક પરમાત્માના એક અંશનું પ્રતિનિધિત્વ કરે છે.

* આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી કોઈ દેશનું મહત્ત્વ બીજા દેશોને સરખામણીમાં એના કદ કે શક્તિ કે સત્તા પર નહિ પરંતુ સત્યને એ જે પ્રતિભાવ આપી શકે છે તથા સત્યની જેટલી માત્રાને એ અભિવ્યક્ત કરી શકે છે તેના પર નિર્ભર છે.

## નિકટતા

* શારીરિક નિકટતા, આંતરિક અભીપ્સા અને એકાગ્રતાની અભિવ્યક્તિ રૂપ હોવી જોઈએ.

* સાચેસાચ મારી નજીક રહેવા માટે શારીરિક હાજરી એકલી પર્યાપ્ત નથી.

## પ્રકૃતિ

* અમે પ્રકૃતિના આદેશોને અનુસરવા નથી માગતા. ભલે પછી એ આદેશોની પાછળ હજારો ને હજારો વર્ષોની ટેવોનો ટેકો હોય.

* આપણે પ્રકૃતિના ક્રમને અનુસરવા માગતા નથી ભલે પછી એ ક્રમની પાછળ હજારો વર્ષની ટેવો પડેલી હોય.

## આવશ્યકતા

* ભગવાન ભગવાન છે એ કારણે તમારે શાની આવશ્યકતા છે અથવા તમારી સાચી આવશ્યકતા શું છે એ તમારાથી જરા વધુ સારી રીતે જાણે છે.

* પોતાને ખરેખર શાની જરૂર છે એ વાસ્તવમાં ઘણા ઓછાં લોકો જાણતા હોય છે.

* આપણને જેની જરૂર છે તે સર્વની પ્રાપ્તિ હંમેશાં ભગવાનની અંદર જ થઈ શકશે.

* ચેતના જેટલી વધુ વિશાળ હોય છે એટલી જ વધુ તે હકીકતો અને વાસ્તવિકતાને આવરી લે છે અને એની ભૌતિક માગણીઓનું પ્રમાણ એટલું જ ઓછું થઈ જાય છે.

## નવીન

* પરમાત્માની શાશ્વતીમાં જેનું અસ્તિત્વ નથી એવું કશું જ અસ્તિત્વમાં હોઈ શકે નહિ પણ આવિર્ભાવમાં એ નવીન હોય છે.

* શાશ્વતીની પ્રત્યેક પળે વિશ્વ નવીન હોય છે.

* નવા રૂપો નવીન પ્રગતિના અર્થે પ્રયોજાય છે.

* પ્રત્યેક પળે હંમેશાં કાંઈક નવીન કરવાનું રહે છે.

* આ અવસર તમારે માટે તમારી ચેતનાના નવીન જન્મનો અને તમારા ચૈત્ય પુરુષ સાથે સભાનતાપૂર્ણ અને નિરંતર સંબંધનો તથા તમારા સહકાર્યકર્તાઓ માટે કાર્યની અંદર નિસ્પૃહ અને સાચા સહયોગના આરંભનો અવસર બની રહો.

* સર્વ કાંઈ બદલાયું છે, સર્વ કાંઈ નવીન છે, જાુનાં વાઘાં સરી રહ્યાં છે અને નવજાત શિશુએ ઉષાના પ્રકાશ પ્રત્યે પોતાની આંખો અર્ધી ખોલી છે.

* એક નવીન પ્રકાશ, સત્ય અને સંવાદિતાનો પ્રકાશ પૃથ્વી પર પ્રગટ થશે.

* નવીન વિચારોને પ્રગટ કરવાને નવીન શબ્દોની જરૂર છે, નવીન શકિતઓના આવિર્ભાવ માટે નવીન રૂપોની જરૂર છે.

* નવીન આવિર્ભાવને શકય બનાવે એવા નૂતન રૂપો શોધવા જોઈએ.

* આ સૃષ્ટિમાં પ્રત્યેક નવી પ્રગતિ નવીન આવિર્ભાવનો શકયતા દર્શાવે છે.

* આ નવીન કામને માટે પુરાતન પદ્ધતિઓ નહિ ચાલે.

* કાંઈક અસરકારક સિદ્ધ થઈ શકે તે પૂર્વે માત્ર નવીન ચેતના જ સુદૃઢ કરવાની નથી, નવીન પ્રક્રિયાઓ પણ શોધવાની રહે છે.

## અવાજ

* આ બધા શબ્દો અને વિચારોના ઘોંઘાટથી મગજ એવું તો બહેર મારી જાય છે કે સત્ય જો આવિર્ભાવ પામવા મથતું હોય તો તેના અવાજને સાંભળતા તે આપણને રોકી દે છે.

## સંખ્યા

* આધ્યાત્મિક સત્યની મહાનતા કોઈ સંખ્યા પર નિર્ભર નથી.

## તમસ્

* વિશ્વમાં એટલું તો તમસ્ ભરેલું છે કે કેવળ અતિમાનસ આવિર્ભાવ જ તેને ઓગાળી શકશે.

## અવરોધ

* જીવનના પ્રત્યેક ભાગમાં રહેલા તમામ અવરોધો દૂર થઇ જવા જોઈએ અને અજ્ઞાનના અંધકારના સ્થાને દિવ્ય જ્ઞાન આવી રહેવું જોઈએ.

* ભગવત્કૃપામાં વિશ્વાસ રાખવાથી તમામ અવરોધોને પાર કરી શકાય છે.

* તમે જ્યારે લક્ષ્ય પર પહોંચી જાઓ છો ત્યારે જ તમામ અવરોધો એક સાથે અને કાયમ માટે સરી પડે છે.

* સર્વ કોઇ અવરોધો પોતાની જાતની અંદર જ રહેલા છે.

* અવરોધોને પાર કરવાનો ચોક્કસ માર્ગ છે પોતાની અભીપ્સાને સુદૃઢ કરવી અને સંપૂર્ણ સત્યનિષ્ઠા સહિત પોતાનું અવલોકન કરવું.

## સ્વાર્પણ

* ભગવાનને કરાતું આપણાં જીવનનું સ્વાર્પણ સંપૂર્ણ અને અસરકારક હોવું જોઈએ.

* તમારું રક્ષણ કરવામાં આવશે એ વિચારનાં બંધન સાથે તમારે તમારી જાતનું નહિ કરવું જોઈએ.

## લક્ષ્ય

* આપણે આપણા જીવનને સરળ અને સગવડભર્યું કરવા માટે અહીં રહેલા નથી. આપણે અહીં ભગવાનને શોધવા, ભગવાનને પામવા અને ભગવાનનો આવિર્ભાવ કરવાને રહેલા છીએ.

* જ્યારે રસ્તો જાણીતો હોય છે ત્યારે એના પર ચાલવું સરળ હોય છે.

* આપણે પૃથ્વી ઉપર સત્ય અને પ્રેમને આણવા માટે અહીં રહેલા છીએ અને એ કામ થઈ રહેશે.

* આધ્યાત્મિક જીવન સર્વ કાંઈમાં રહેલાં સારતત્ત્વને પ્રગટ કરે છે પણ એ સાથે અનંતવિધ વિવિધતાને પણ બહાર લાવે છે.

* આપણે અહીં પૃથ્વી પર ભગવાનના સંકલ્પની અભિવ્યકિત અર્થે રહેલાં છીએ.

## માતાજી પોતાના વિષે.

* હું ઉણપો તરફ નહિ પણ શકયતાઓ તરફ જોઉં છું. હું કપરા દિવસોની મિત્ર છું સત્ય પ્રત્યેના આરોહણની સાથી છું.

* મારી સહાય સદા તમને મળતી રહેશે અને તે કદી તમને છેહ નહિ દે.

* લોકો મને જે કાંઈ કહે છે તે બાબતમાં પ્રભુ મને કહે છે તે જ હું માનું છું

* મારે સર્વોચ્ચ ચેતનાને અહીં ઉતારી લાવવી છે. એ માટે મારે અહીં નીચે સર્વ કાંઈ ગોઠવવાનું છે અને સમસ્યાઓ હલ કરવાની છે.

* તમને દિવ્ય પ્રેમ અને સત્યનો સાક્ષાત્કાર કરાવવા માટે જે આવશ્યક છે તે જ હું કરું છું.

* મારું કોઈ પણ બાળક જ્યારે જ્યારે અસત્યના આવેગ નીચે વિચરે, બોલે કે વર્તે છે ત્યારે મારા શરીર પર એનો આઘાત હું અનુભવું છું.

* દિવ્ય સ્વસ્થતાથી સભર બની રહો. મને સુખી કરવાનો એજ ઉત્તમ ઉપાય છે.

* આપણે માનીએ એના કરતાં વધુ સારી રીતે વસ્તુઓ ગોઠવાયેલી છે.

## ખુલ્લાપણું

* ખુલ્લાપણું એ એક એવી શ્રદ્ધા છે કે શકિત અને ચેતના હંમેશાં તમારી સાથે, તમારી આસપાસ અને તમારી અંદર છે અને એને ઝીલવા માટે તમારા માર્ગમાં કશું આડે ન આવે એટલું જ તમારે કરવાનું છે.

* ખુલ્લાપણું એ દિવ્ય શકિત અને પ્રભાવને ઝીલવાનો તથા એને પ્રગતિમાં યોજવાનો સંકલ્પ છે.

* દિવ્ય ચેતના તમારાં રૂપાંતર માટે કામ કરી રહી છે, એ તમારી અંદર મુકત-પણે કામ કરી શકે તે માટે તમારે તમારી જાતને ખુલ્લી કરવી જોઈએ.

* તમારા ઉપર અને તમારી અંદર જે ચેતના કામ કરી રહી છે તેના પ્રત્યે ખુલ્લા થાઓ અને હંમેશાં શકય એટલાં શાંત અને સ્વસ્થ રહો.

* ચેતનાને તમારી અંદર અને તમારા દ્વારા કામ કરવા દો અને બધું યોગ્ય થઈ રહેશે.

## અભિપ્રાયો

* જ્યારે કોઈ વ્યક્તિ પૂર્ણપણે ભગવાનને સમર્પિત હોય છે ત્યારે બીજાના અભિપ્રાયોનું ખાસ મૂલ્ય હોતું નથી.

## વિરોધ

* જ્યારે જ્યારે તમે કાંઈક સિદ્ધ કરવા માગતા હો છો ત્યારે તમારી અંદર જે અગાઉ સક્રિય હતું અને હવે વિરોધ કરવાને જાગૃત થયું છે એવા તત્ત્વનો વિરોધ એ તમારી સમગ્ર ઉપસ્થિત થતી પ્રથમ મુશ્કેલી હોય છે.

* તમે જ્યારે વિજયની શકયતા દર્શાવો છો ત્યારે તમારી અંદર એવી કોઈક વસ્તુ રહેલી હોય છે જે આ વિજયનો વિરોધ કરે છે અને એ જ વસ્તુ તમને સતત મુશ્કેલીમાં મૂકતી રહે છે.

* કોઈ ભૂમિકાની લંબાઈ પ્રત્યેકમાં અવરોધની માત્રા કેટલી છે તેના પર નિર્ભર રહે છે.

* તમે કયાંય પણ કોઈ ઘેરી છાયા, બહુ જ અંધકારપૂર્ણ છાયા, જે ખરેખર દુ:ખપૂર્ણ હોય એવું કાંઈક જુઓ ત્યારે તમારે ખાત્રી રાખવી જોઈએ કે તમારી અંદર એ જ કક્ષાના પ્રકાશની શકયતા રહેલી છે.

* સર્વ કાંઈ અવરોધો, મુશ્કેલીઓ, અંધકાર અને અજ્ઞાન ખરેખર પોતાની અંદર જ રહેલા હોય છે.

* એવું કશું જ નથી જેનું મૂળ ભગવાન ન હોય.

## આપણી પ્રાર્થના

* આપણે પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન આપણને વધુ ને વધુ શીખવે, વધુ ને વધુ પ્રબુદ્ધ કરે, આપણા અજ્ઞાનને હરે અને મનને પ્રકાશિત કરે.

* ભગવાનના સંકલ્પને સમજવો અને તદ્દનુસાર જીવન જીવવું એ અમારી નિત્યની પ્રાર્થના છે.

* આપણે કોઈક વસ્તુના માલિક હોવાની કલ્પના કરીએ છીએ ત્યારે કેટલી મોટી તો આપણી અંધતા હોય છે.

## દુઃખ

* માણસને હંમેશાં એક ભ્રમ વળગેલો હોય છે કે દુઃખ એ એનું પોતાનું છે.

* તમે નિમ્ન પરિબળો સાથે તમારી જાતને જોડો છો તો તમે દુઃખી થાઓ છે, તમે ઊર્ધ્વના પરિબળો સાથે તમારી જાતને જોડો છો તો સુખી થાઓ છો.

## પક્ષપાત

* જ્યારે તમે કોઈના પક્ષમાં અને કોઈના વિરોધમાં હો છો ત્યારે તમે અનિવાર્ય-પણે સત્યની બહાર હો છો.

## ભૂતકાળ અને ભવિષ્ય

* જે લોકો ભૂતકાળને ઓળંગી જવા માટે તથા ભારવિહિન બની ભવિષ્ય તરફ દોટ મૂકવા માટે તત્પર હોય છે તેઓ લક્ષ્યને બહુ જ જલ્દી પામશે.

## ધીરજ

* આધ્યાત્મિક સિદ્ધાંતો અનુસાર જીવન જીવવામાં સમય લાગે છે, પણ ધીરજ ધરવામાં આવે તો એના પરિણામો જલ્દી આવે છે.

* તમે ધીરજ રાખો, દૃઢ બનો, બધું જ સારું થઈ રહેશે.

* ધીરજ અને ખંતથી બધી પ્રાર્થનાઓ પૂરી થાય છે.

* આપણે કેવળ ધીરજ રાખીને સર્વ કાંઈ શુભ બની રહે તેની રાહ જોવાની છે.

* સર્વ સંજોગો અને ઘટનાઓમાં મન જો શાંત રહે તો ધીરજ બહુ જ સરળ-તાથી વધશે.

* એક દિવસમાં કાંઈ પોતાના સ્વભાવને વટાવી શકાશે નહિ, પણ ધીરજ અને દૃઢ સંકલ્પ હશે તો વિજય નિશ્ચિત છે.

* સર્વ કાંઈ પોતાના સમયે આવી રહેશે; વિશ્વાસપૂર્વક ધીરજ રાખો અને બધું જ બરાબર થઈ રહેશે.

* તમારી અભીપ્સા દૃઢ રાખો અને તમારા પ્રયત્નમાં ધીરજપૂર્વક લાગ્યા રહો અને તમે અવશ્ય સફળ થશો.

* તમારી અભીપ્સાને ટકાવી રાખો અને એ સિદ્ધ થશે.

## શાંતિ

* તમારે પૃથ્વી ઉપર શાંતિ જોઈતી હોય તો પ્રથમ તમારા હૃદયમાં શાંતિની સ્થાપના કરો.

* તમારા હૃદય અને મનમાં દિવ્ય શાંતિનું સ્થાપન કરો.

* વિશાળ શાંતિ અને સ્વસ્થતા હાજર જ છે, તમે એના પ્રત્યે ખુલ્લાં થાઓ અને એને ઝીલો, એની રાહ જોતી રહે.

* ખરેખર શાંતિની અત્યંત જરૂર છે. શાંતિ વિના એકદમ સહેલી બાબતો પણ મોટો ગૂંચવાડો ઊભો કરી દે છે.

* તમારી અંદર શાંતિ વધુને વધુ સંપૂર્ણ અને કાયમી બનો.

* ભગવાન હંમેશાં પોતાની સાથે પૂર્ણ શાંતિ અને સ્વસ્થતા લાવે છે.

* શાંતિની પરિસ્થિતિમાં જ જ્ઞાન અને શકિત વધુ અસરકારક બને છે.

* ભગવાનની વિશાળ શાંતિ તમારી અંદર સંપૂર્ણપણે પ્રસરી રહો અને એ તમારી સર્વ પ્રવૃત્તિઓને પ્રેરો.

* શાંતિ અને મૌનમાં શાશ્વતી પોતાનો આવિર્ભાવ કરે છે; કોઈ બાબત તમને વિચલિત ન કરે એ જુઓ અને શાશ્વત સંકલ્પ આવિર્ભાવ પામશે.

* આપણા હૃદયમાં ભગવાનની શાંતિનો નિરંતર નિવાસ છે.

* ભગવાનની અંદર જ આપણને પૂર્ણ શાંતિ અને સંતૃપ્તિ પ્રાપ્ત થશે.

* સંપૂર્ણ શાંતિ, સ્વસ્થતા અને સમતાની સ્થિતિમાં સર્વ કાંઈ ભગવદ્રુપ લાગે છે, કારણ કે ભગવાન જ સર્વ કાંઈ બન્યા છે.

* સાચે જ આપણે હંમેશાં શાંતિ અને સંવાદિતાની જ માગણી કરવી જોઈએ અને આપણાથી શકય તેટલો એને માટે પ્રયત્ન કરવો જોઈએ; પણ એ માટે કાર્યનું સર્વોત્તમ ક્ષેત્ર આપણી અંદર જ રહેલું છે.

* અચલ શાંતિની અંદર જ સાચી શકિતને પામી શકીશું.

* પોતાની જાતને વિશાળ કરીને, પ્રગતિના ઉમંગથી પ્રકાશિત અને પ્રદીપ્ત કરીને આપણે આંતરિક શાંતિ અને કાયમી સુખ એક સાથે પામી શકીશું.

* ભગવાન પાસેથી જ સાધકને શાંતિ પ્રાપ્ત થાય છે, એવી શાંતિ જે સર્વ બાહ્ય પરિસ્થિતિથી સ્વતંત્ર હોય.

* ભગવાન જે ચાહે છે તે ચાહવાથી આપણને કાયમી શાંતિ પ્રાપ્ત થાય છે.

* ભગવાન તરફ વધુ વળો, સાચી આંતરિક શાંતિની અભીપ્સા કરો અને તમને કોઈ પણ મુશ્કેલી વિના કામ પાર પાડવાને પૂરતી શાંતિ મળી રહેશે.

સંતોષી રહો અને તમારા હૃદયમાં, અંદર ઊંડે ઊંડે જાઓ શાંતિ મેળવવાનો આજ એક માર્ગ છે.

* તમે સર્વ કાંઈ ભગવાન પર છોડી દો, તો તમારું હૃદય શાંત બનશે અને બધું જ શકય એટલું ઉમદા બનશે.

* શાંતિ અને નીરવતા એ આપણા જીવનની આંતરિક બાબત છે અને બહારની કોઈ વસ્તુ સાથે એનો સંબંધ નથી.

* નીરવતા એ ઊર્ધ્વનો માર્ગ ખોલી આપે છે.

* નીરવતા એ અભીપ્સાની કોટીની બાબત છે જ્યારે શાંતિ એક અવસ્થા છે.

* શાંતિ સિદ્ધિનો અનુભવ આપે છે. નીરવતા હજી વધુની આશા દર્શાવે છે.

* શાંતિ અને નીરવતાની અંદર આનંદનો આધાર રહેલો છે.

## પૂર્ણતા

* ઉતાવળ કરવા કરતા પૂર્ણતા માટે રાહ જોવામાં વધુ આનંદ રહેલો છે.

* કાર્યમાં પૂર્ણતા એ લક્ષ્ય હોવું જોઈએ, પણ એ ધીરજભર્યા પ્રયત્નથી જ સાધ્ય છે.

* કોઈ પણ તત્ત્વ ગમે તેટલું નાનું કેમ ન હો, એને આપણે છોડી દઈએ તો ભગવાન સાથેનો સંબંધ પૂર્ણ બની શકે નહિ, સાક્ષાત્કાર પ્રાપ્ત થઈ શકે નહિ.

* ઉપરથી પૂર્ણતા એ આધ્યાત્મિક અને અતિમાનવીય છે. નીચેની પૂર્ણતા એ માનવ પૂર્ણતાની પરાકાષ્ઠા છે.

* જગતને પૂર્ણતાની આવશ્યકતા પ્રત્યે જાગૃત કરવું એ મહાસરસ્વતીનું કાર્ય છે. પણ પૂર્ણતા પોતે તો પરમાત્માની પાસે જ રહેલી છે, એ શું છે તે બીજું કોઈ જાણી પણ શકતું નથી.

* પૂર્ણતા એ સર્વાંગપૂર્ણતા છે.

* પૂર્ણતા એ શિખર નથી, એ અવધિ નથી.

* પૂર્ણતા એ કોઈ સ્થિર અવસ્થા નથી, એ સ્થિતિ છે, એક ક્રિયાશીલ સ્થિતિ છે.

* પૂર્ણતા એક એવી વસ્તુ છે જેમાં કશાંની ઉણપ નથી.

* દિવ્ય પૂર્ણતા એ સમગ્ર દિવ્યતા જ છે જેમાંથી તમે કશું બાદ કરી શકો નહિ.

* પૂર્ણતા એ ભગવાન તરફ જવાનો કેવળ એક માર્ગ છે.

* પ્રથમ આવવાની મહેચ્છાના સ્થાને શકય એટલું ઉમદા કાર્ય કરવાના સંકલ્પને મૂકો.

* સફળતાની કામનાના સ્થાને પ્રગતિ માટેની ઝંખનાને મૂકો.

* કીર્તિ માટેની આતુરતાના સ્થાને પૂર્ણતા માટેની અભીપ્સાને મૂકો.

* જયારે ગ્રહણશીલતા આવિર્ભાવ પામવા મથતી શકિતની ગુણવત્તા અને પરિણામને અનુરૂપ હશે ત્યારે વ્યકિત તેમજ સમૂહમાં, પૃથ્વી તેમજ વિશ્વમાં પ્રત્યેક પળે પૂર્ણતા પ્રાપ્ત થશે.

## વિકૃતિ

* વિકૃતિ એ માનવ રોગ છે.

* વિકૃતિ અને સચેતન મન અને માનવ જાતિના આરંભ સાથે શરૂ થાય છે.

## તત્ત્વજ્ઞાન

* તમે તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્રના ગ્રંથો વાંચતા હો તો એને તમે તમારા મગજને કસવા માટેના માનસિક વ્યાયામ તરીકે લો, પણ તમારે એ કદી ભૂલવું નહિ જોઈએ કે આ વાંચન દ્વારા જ્ઞાન તરફ જવાતું નથી.

## શારીરિક તાલીમ

* શારીરિક તાલીમનો હેતુ છે શરીરમાં વધુ ઊંચા અને સારા જીવન માટે જરૂરાં છે એવી ચેતના અને સંયમ, શિસ્ત અને આત્મપ્રભુત્વ આણવું.

* ભગવાન શરીરની અંદર પોતાનો આવિર્ભાવ કરી શકે એ માટે આ કરણને તૈયાર કરવું એ જ સાચી શારીરિક તાલીમ છે.

* શરીર એ પોતે પૂર્ણ સત્તા, જ્ઞાન અને આનંદનું અધિષ્ઠાન બની શકે છે.

## માલિકી

* તમે વસ્તુઓ સાથે માલિકીની ભાવનાને જોડો છો, એ તમને તેમાં આસક્ત કરે છે અને તમને એના દાસ બનાવે છે.

* જ્યારે આપણી પાસે કશાંની માલિકી નથી હોતી ત્યારે આપણે વિશ્વ જેટલા વિશાળ બની શકીએ છીએ.

## પ્રાર્થના

* આપણે હંમેશાં ભગવાન પાસે આપણી માગણી રજૂ કરવાને મુક્ત છીએ, પણ છેવટે કેવળ એમનો જ સંકલ્પ સિદ્ધ થાય છે.

* ભગવાન હંમેશાં સાંભળે છે અને પ્રત્યુત્તર આપે છે, પરંતુ એમના પ્રત્યુત્તરને જાણવા માટે કેટલી શરતો પૂરી કરવાની હોય છે.

* કૃપાનું આહ્વાન કરવા માટે તમારો કોઈ ખાસ હેતુ હોય તો સ્પષ્ટ અને ચોક્કસપણે તમે એને વાચા આપો તો વધુ સારું રહે.

* બધી સાચી પ્રાર્થના પૂરી કરવામાં આવે છે. .બધા પૂકારનો પ્રત્યુત્તર આપવામાં આવે છે.

## ઉદાહરણ

* તમે પોતે જે ન કરતાં હો તે બીજાને કરવાનું કહી શકો નહિ.

## હાજરી

* ક્યારેક ભગવાન હોય છે અને ક્યારેક નથી હોતા, એવું ક્યારેય નથી બનતું. ભગવાન હંમેશાં હાજર હોય છે.

* ભગવાન હંમેશાં તમારા હૃદયમાં બેઠા છે. તમારી અંદર સચેતનપણે નિવાસ કરે છે.

* તમે આ હાજરી સભાનપણે સાચવી રાખવા માગતા હો તો વાણી, વ્યવહાર અને કર્મમાં તમામ અશ્લિલતાનો કાળજીપૂર્વક ત્યાગ કરો.

* તોફાન વખતે શાંતિ, કામમાં સ્વસ્થતા, સમપર્ણમાં આનંદ અને તેજોમય શ્રદ્ધા હોય તો ભગવાનની નિરંતર હાજરી વિષે તમે સભાન બની શકશો.

* દરેક હૃદયમાં રહેલી ભગવાનની હાજરી એ ભાવિની સંભવિત પૂર્ણતાનું અભયવચન છે.

## શકિત

* પરમાત્માની શકિત અમર્યાદ છે, માત્ર આપણી શ્રદ્ધા અલ્પ હોય છે.

* તમે શકિતના માલિક છો એ બતાવવાને એનો ઉપયોગ કરો તો તે અસત્ય અને મિથ્યાત્વથી એટલી તો સભર થઈ જાય છે કે છેવટે એ વિલુપ્ત થઈ જાય છે.

* તમે શકિતને કદી તમારી તરફ ખેંચવાનો યત્ન કરશો નહિ.

## દંભ

* તમામ વસ્તુઓમાં દંભ એ તમને સૌથી વધુ હાની પહોંચાડે છે.

* તમે જે કાંઈ જાણો છો તેને આચરણમાં મૂકો.

* જ્યાં ક્યાંય દંભ હોય છે, ત્યાં ભય હોય છે.

## નમ્રતા

* ભગવાનની બાબતમાં નમ્ર બનવું એટલે આપણા પૂર્વકલ્પિત વિચારો અને દૃઢ સિદ્ધાંતોના મતાગ્રહોને એમની સામે ન ધરવા.

* તમે દિવ્ય સંકલ્પની બાબતમાં વધુ ગ્રહણશીલ હો તો એ સંકલ્પના સંપર્કમાં નથી એવી માનવીય ઇચ્છાઓ સાથે તમારે વધુને વધુ સંઘર્ષમાં આવવાનું થશે.

## સમસ્યા

* ભગવાનનો સાક્ષાત્કાર કરવો અથવા તો એમ કહો કે ભગવાન જે પોતે જ આ વિશ્વ છે, જીવનના મૂળ સ્રોત, કારણ અને લક્ષ્ય છે એમના વિષે ફરીથી સભાન થવું એ આપણા જીવનની મુખ્ય સમસ્યા છે.

* સમસ્યા અને તેનો ઉકેલ તમારી અંદર જ રહેલો છે.

* તમે જ્યારે સાચી ચેતનામાં પહોંચો છો ત્યારે સમસ્યાઓ લેશ પણ રહેતી નથી.

## પ્રક્રિયા

* બુદ્ધિ અથવા સામાન્ય રીતે કહેતાં મન એ આકાર આપે છે, પ્રાણ એ ગતિશીલતા અથવા જીવનશકિત આપે છે. ભૌતિક તત્ત્વ છેલ્લે આવે છે અને તે પોતાની અંદર મૂર્ત કરે છે.

* ·સત્ય ચેતના સમગ્ર અસ્તિત્વમાં વ્યાપી જવી જોઈએ; એણે બધી પ્રવૃત્તિઓને પોતાના આધિપત્યમાં લઇ લેવી જોઈએ તથા ક્ષુબ્ધ શારીરિક મનને એણે શાંત કરવું જોઈએ.

* ભૌતિક સ્તરે સર્વ કાંઈ પદ્ધતિ પર આધાર રાખે છે, બધું જ સિદ્ધ કરવા માટે પદ્ધતિની જરૂર હોય છે.

દરેકને પોતાની આગવી પદ્ધતિ હોવી જોઈએ.

## પ્રગતિ

* સાંસારિક જીવન એ પ્રગતિનું ક્ષેત્ર છે.

* તમે જે કાંઈ કહો તેમાં વધુ સારું કરવાની શકયતા રહેલી જ છે, અને પ્રગતિ એટલે આ વધુ સારું કરવાની શકયતા.

* માનવજાતિએ પ્રગતિ કરવી જોઈએ એ જ આપણી માગણી છે, એ પ્રગતિ માટે જરૂરી પ્રયત્ન કરે તો પછી એ યૌગિક જીવનનો દાવો કરે કે નહિ એનું ખાસ મહત્ત્વ નથી.

* તમે જો માનસિક રીતે પ્રગતિ કરવા માગતા હો તો તમારે તમારા તમામ માનસિક રૂપો ભાંગી નાખવા જોઈએ જેથી તમે નવાં રૂપો રચી શકો.

* ભગવાનના સંકલ્પની મંજૂરી વિના કોઈ પ્રગતિ થઈ શકે નહિ.

* આપણે જે કાંઈ પ્રગતિ કરીએ છીએ તે સ્વાભાવિક રીતે હંમેશાં ઊર્ધ્વમાંથી અવતરતા સત્યનું પરિણામ હોય છે.

* તમે જે કોઈ વખતે તમારી અંદર કાંઈક એવું જુઓ જે તમને કુરૂપ લાગે ત્યારે એ તમે પ્રગતિ સાધી છે તેની સાબિતી છે.

* જે કાંઈ પ્રગતિ કરતું નથી તે અનિવાર્યપણે અવનતિ અને વિનાશ પામે

* તમે હંમેશાં પ્રગતિ માટેની આવશ્યકતાને તમારી અંદર લઈ લો અને એને એકતાના આનંદમાં પલટી આપો. ત્યારે તમે દિવ્ય બની રહેશો.

* આભાસો ગમે તે હોય પણ માનવજાતિ પ્રગતિ કરી રહી છે, એણે બધામાં માનસિક રીતે તો પ્રગતિ કરી છે.

* એકવાર જે પરિણામ હતું તે કેવળ તૈયારી

* સ્થિર અને પ્રસન્ન સમતાથી મહાનમાં મહાન પ્રગતિ સધાય છે.

* આપણે આંતર્શોધની અનુભૂતિને હંમેશાં તાજી કરતાં રહેવું જોઈએ તથા આપણી ચેતનાને અંતિમ અવધિમાં આરોહણ કરવું જોઈએ.

* આપણે જે કાંઈ સિદ્ધ કર્યું છે તેનાથી કદી તૃપ્ત ન થઈએ, કોઈ સાક્ષાત્કારમાં થંભી ન જઈએ.

* ગઈ કાલનો વિજય એ કેવળ આવતી કાલના વિજયનું પગથિયું બની રહેવો જોઈએ.

* જે કાંઈ પાછળ રહી જાય છે તેને વળગી રહેવું, ભૂતકાળ અમર્યાદ ટકી રહે એમ ઈચ્છવું એ માણસની ભૂલ છે.

* વિચારનાં ચાલુ રૂપો પછી હંમેશાં નવાં રૂપો આવતાં હોય છે જે વધુ શુદ્ધ, ઊંચ અને વધુ સર્વગ્રાહી હોય છે.

* પ્રત્યેક નવીન તથ્ય એક નવીન સમસ્યા બને છે જે અગાઉ આવેલી તમામ સમસ્યાઓ કરતાં વધુ અદ્‌ભુત અને રહસ્યપૂર્ણ હોય.

* તમારી ઈચ્છા છે એ કારણે નહિ પણ પ્રગતિ માટેનો સમય આવી લાગ્યો છે એમ નકકી થશે ત્યારે જ તમે પ્રગતિ કરી શકશો.

* પોતે જે કામ કરીએ છીએ તેમાંથી નહિ પણ આપણાં આંતર્બાહ્ય વલણમાં સુધારો થતાં સાધનામાં પ્રગતિ થાય છે.

* પ્રગતિનો કોઈ અંત નથી, અને પ્રત્યેક દિવસે આપણે જે કહીએ છીએ તે વધુ સારી રીતે કરવાનું શીખી શકીએ છીએ.

* પ્રગતિનો અગ્નિ હંમેશાં આપણે આપણા હૃદયમાં પ્રદીપ્ત રાખીએ.

* કદીય પાછળ ન જુઓ, હંમેશા સામે, તમે જે કરવા માગો છો એના તરફ જુઓ અને તમે અવશ્ય પ્રગતિ કરશો.

* તમે સાચેસાચ તમારી આંતરિક પ્રગતિમાં તમારી જાતને નહિ ઓળખો તો એક એવો સમય આવશે જયારે તમે જરાય આગળ વધી શકશો નહિ.

* પ્રકૃતિ ઉત્ક્રાંતિના ક્રમમાં આગળ વધે છે તેની ગતિ સાથે તાલ મિલાવવા સ્થિર અને ઝાંખી પ્રગતિ અનિવાર્ય છે.

## ભવિષ્યવાણી

* લોકોને ભવિષ્યવાણીનો શોખ હોય છે. પણ હું કોઈ ભવિષ્યવાણી કરવાનો ઈન્કાર કરું છું, કારણ કે એને માનવ મન સમજી શકે એ રીતે એ રજૂ કરાતા એ સત્યને મર્યાદિત અને સંકુચિત કરી દે છે.

## સંરક્ષણ

* ભગવત્કૃપાથી વધુ સારું કોઈ સંરક્ષણ નથી.

* તમે લોકો સાથે વાત કરો ત્યારે જીવંત હાજરી અને સંરક્ષણને તમારી સાથે ચાલુરાખવાની હંમેશાં કાળજી રાખો અને બને તેટલું ઓછું બોલો.

* સાચું બળ અને રક્ષણ હૃદયમાં રહેલી ભગવાનની હાજરીમાંથી આવી મળે છે.

* જગત નિરંતર વિકાસ પામી રહ્યું છે.

* પ્રત્યેક પરિસ્થિતિમાં તમે તમારી જાતથી ઉપર ઊઠવાનો સંકલ્પ કરો.

* પ્રગતિનો કોઈ અંત નથી, કદી નથી, તમે એમાં કયારેય પૂર્ણવિરામ મૂકી શકો નહિ.

* આપણે જે કાંઇ પ્રગતિ કરી હોય છતાં આપણે દિવ્ય અને તેજોમય લક્ષ્યથી હંમેશાં દૂર હોઈએ છીએ.

* આપણે ધ્યાન દ્વારા પ્રગતિ કરી શકીએ, પરંતુ કામ જો સાચી ભાવનાથી કરવામાં આવે તો એનાથી દસગણી પ્રગતિ થાય છે.

## ચૈત્ય સત્તા

* ચૈત્ય સત્તા એક એવી હસ્તી છે જેને આપણે મનુષ્યની પહોંચમાં રહેલા ભગવાન તરીકે ઓળખી શકીએ.

* ચૈત્ય સૃષ્ટિ અને પૃથ્વી વચ્ચે લગભગ પરસ્પરાવલંબનનો સંબંધ છે.

* માનવજીવનનું કેન્દ્ર ચૈત્ય સત્તા છે જે અંતર્યામી ભગવાનનું નિવાસસ્થાન છે.

* ચૈત્ય સત્તા વિના પદાર્થતત્ત્વ એની અચેતનતામાંથી કદી જાગૃત ન થયું હોત.

* થોડીઘણી અભીપ્સા પણ હંમેશાં ચૈત્ય પ્રભાવની જ અભિવ્યકિત હોય છે.

* તમારી ચેતનાની ગહનતામાં ચૈત્ય સત્તા રહેલી છે, એ છે તમારી અંદરનુ ભગવાનનું મંદિર.

* તમારી ચૈત્ય સત્તા તમારા અસ્તિત્વનો એ ભાગ છે જે ભગવાનને સમર્પિત થઈ ચૂકેલો છે.

* ચૈત્ય પુરુષ મૃત્યુ બાદ પણ ટકી રહે છે કારણ કે એ જ તમારો શાશ્વત આત્મા છે.

* ચૈત્ય સત્તા માત્ર શારીરિક જીવનમાં જ અને આ પૃથ્વી ઉપર પોતાનું નિર્માણ કરે છે અને પ્રગતિ કરી શકે છે.

* ચૈત્ય કેન્દ્રની ચેતનામાં નિવાસ કરો, એ રીતે જ તમારો સંકલ્પ દિવ્ય સંકલ્પને અભિવ્યક્ત કરી શકશે.

* ચૈત્ય ચેતનામાં નિવાસ કરો અને તમારું રૂપાંતર પામેલું જીવન દિવ્ય પ્રેમને ઝીલવા અને આવિર્ભાવ પામવાને સમર્થ બનશે.

* ચૈત્યની રચના એ સંસાર પરની રચના છે અને ચૈત્ય સત્તાનો વિકાસ કેવળ પૃથ્વી પર જ થાય છે.

* ચૈત્ય સત્તા જ આપણને ભગવાન પ્રત્યે દોરી જાય છે.

## પ્રયોજન

* આપણે એ કદી નહિ ભૂલવું જોઈએ કે આપણે અતિમાનસ સત્ય અને પ્રકાશની સેવા કરવાને અને આપણી અંદર તથા પૃથ્વી પર એના આવિર્ભાવની તૈયારી કરવાને અહીં રહેલા છીએ.

* જીવનમાં એક પ્રયોજન રહેલું છે, અને એજ એક માત્ર સાચું અને કાયમી પ્રયોજન છે, એ છે ભગવાન.

## વિશુદ્ધિ

* જેઓ અનિવાર્ય એવી વિશુદ્ધિનો ઈન્કાર કરે છે તેમને કોઈ કૃપા કે સંરક્ષણ બચાવી શકશે નહિ.

* ભૂતકાળને સંપૂર્ણપણે સાફ અને વિશુદ્ધ કરી દેવો જોઈએ જેથી ભવિષ્ય પર એની કોઈ અસર ન થાય.

* જ્યાં સુધી તમે તમારી ભૂલોનું પુનરાવર્તન કરતા રહો ત્યાં સુધી એ દૂર થઈ શકે નહિ, કારણ કે તમે ફરી ફરીને એનું નિર્માણ કરતાં રહો છો.

## પ્રતિભાવો

* જીવનમાં સંજોગો અને પ્રવૃત્તિઓનું વિશેષ મૂલ્ય નથી, મહત્ત્વની બાબત છે એમના પ્રત્યેના આપણા પ્રતિભાવો.

* લોકોના પ્રતિભાવો ગમે તેવા અણગમતા કેમ ન હોય તેની ચિંતા ન કરો. પ્રાણ બધે જ રહેલો છે અને બધા જ અશુદ્ધિઓથી ભરેલા છે, અને શારીરિક તત્ત્વ તો અચેતનાથી સભર છે.

## દુષ્ટ વિચાર

* આપણે આપણા વિચારોની બાબતમાં સતર્ક રહેવું જોઈએ; દુષ્ટ વિચાર એ સૌથી વધુ જોખમી તસ્કર છે.

* તમને દુષ્ટ વિચારો આવે છે કારણ કે તમારા અંતરમાં એની સાથે મેળ ખાતી કોઈ બાબત છે.

* દુષ્ટ ઈચ્છા એ પસાર થઈ જતા ધૂમાડા જેવી બાબત છે જે ભગવાનની કૃપાના મહિમાને બદલી શકતી નથી.

## સમતુલા

* બધી તકલીફો સમતુલાના અભાવમાંથી જન્મે છે. આથી કોઈ પણ પરિસ્થિતિમાં આપણે આપણી સમતુલા હંમેશાં સાચવી રાખવી જોઈએ.

## વર્તણુંક

* કોઈની વર્તણુંક વિશે ફરીયાદ કરશો નહિ, સિવાય કે તેની પ્રકૃતિમાં રહેલા એના કારણને બદલવાની તમારી પાસે શકિત હોય અને જો તમારી પાસે એવી શકિત હોય તો ફરિયાદ કરવાને બદલે એને બદલી જ આપો.

## ઉદારતા

* ઉદારતા એ ચેતના વિસ્તાર પામે અને તેજોમય બને એ માટેનું એક અનિવાર્ય પગથિયું છે.

## આધાર

* તમે સદા તમારી ચેતનાની ટોચ પર રહો અને હંમેશાં તમારા જીવનમાં જે કાંઈ ઉત્તમ હશે તે જ બનશે.

* સ્થિરતા, શાંત અને એકાગ્ર શકિત એવી સ્થિરતા કે જેને કોઈ ક્ષુબ્ધ કરી શકે નહિ, એ પૂર્ણ સાક્ષાત્કારનો અનિવાર્ય આધાર છે.

* ચિંતા ન કરો કે અધીરા ન થાઓ, બધી વિસંવાદિતાઓ નીકળી જશે; પણ એ સ્થિર બનેલી તેજોમય ચેતનાના આધારે બનવું જોઈશે, જેમાં અહંકારને માટે કોઈ અવકાશ ન રહ્યો હોય.

* આપણે આપણું કામ ચિત્તની સ્થિરતા અને હૃદયની શાંતિ સાથે પ્રસન્ન ભાવે કરતા રહીએ.

* આપણે જે કાંઈ કરીએ છીએ તે નહિ પરંતુ આપણે જે કાંઈ છીએ તે અત્યંત મહત્ત્વની બાબત છે.

* જાણવું એ સારું છે, એની વાત કરવી એય સારું છે, એ મુજબ કરવું એય ઘણું સારું છે. પરંતુ એવા બની રહેવું એ જ એક વસ્તુમાં શકિત રહેલી છે.

* તમે તમારી જાતને નાની કે મોટી મહત્ત્વની કે બિનમહત્ત્વની ન ગણો; કારણ કે આપણે આપણી જાતે કશું જ નથી. ભગવાન આપણને જે બનાવવા માગે છે તે જ બનવું એ આપણો સંકલ્પ હોવો જોઈએ.

## આરંભ

* તમારી પાસે જે છે તે સર્વનું અર્પણ કરો, એ આરંભ છે.

## માનવમાં રહેલ પશુ

* પ્રત્યેક માનવમાં એક પશુ રહેલો છે જે લેશ પણ બેદરકાર રહેતાં બહાર કૂદી પડવાને તત્પર હોય. સતત જાગૃત રહેવું એ જ એનો એકમાત્ર ઉપાય છે.

## જન્મ દિવસ

* આપણે જન્મ દિવસ ઉજવીએ છીએ, કારણ કે જીવનમાં એક લય હોય છે જેમાં એ અવસર વ્યકિતના જન્મ સમયના કેટલાક વિશ્વપરિબળો અને સંજોગોનું નિયમિત પુનરાવર્તન થાય છે.

* તમારું નવું વર્ષ શરૂ થાય ત્યારે તમારે તમારી ચેતનાને જે કાંઈ વિકૃત કરે, નીચે પાડે, ગૂંચવી દે અને છેવટે તમારી પ્રગતિ થંભાવે તથા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે તે સર્વ તમારી ચેતનામાંથી દૂર કરવાના સંકલ્પ સાથે નવું જીવન શરૂ કરવું જોઈએ.

## ભાગ્યશાળી દિવસ

* એ દિવસ ભાગ્યશાળી હશે જ્યારે સમગ્ર સૃષ્ટિ સત્ય પ્રત્યે જાગ્રત બનીને કેવળ ભગવાન માટે જ જીવન ધારણ કરશે.

## શરીર

* શરીર તો એક અદ્‌ભૂત સાધન છે, માત્ર આપણું મન એનો કેવી રીતે ઉપયોગ કરવો તે જાણતું નથી.

* શરીર તમારું આશ્રયસ્થાન અને ગઢ છે.

* શરીર આપણે માનીએ છીએ એનાથી ઘણું વધારે સહન કરી શકે છે, માત્ર એના દુ:ખમાં ભય અને ચિંતાનો ઉમેરો કરવામાં ન આવે તો.

* શરીર માટે જાણવું એટલે કરવાની ક્ષમતા હોવી. ખરેખર શરીર જે કાંઈ કરી શકે છે તેને જ જાણે છે.

* માત્ર પ્રાણે કે મને જ નહિ, શરીરે પણ પોતાના એકેએક કોષાણું દ્વારા દિવ્ય રૂપાંતર માટે અભીપ્સા કરવી જોઈએ.

* આપણે શરીરનો ત્યાગ કરવા નહિ પણ એનું રૂપાંતર કરવા માગીએ છીએ.

## સૌંદર્ય

* સૌંદર્ય અને સંવાદિતાનો આ આવિર્ભાવ એ પૃથ્વી ઉપર દિવ્યતાની અભિવ્યકિતનો એક અંશ છે. કદાચ સૌથી મોટો અંશ.

* સૌંદર્ય એ શાશ્વતને અભિવ્યકત કરે છે, પ્રગટ કરી આપે છે.

* તમે સૌંદર્યનો ત્યાગ કરો એ અસુરના કાર્યનું મોટામાં મોટું હથિયાર છે.

* ભૌતિક સૌંદર્યના પ્રાગટ્યની સમસ્યા એ એક આધ્યાત્મિક સમસ્યા છે.

* આ યોગ કરવા માટે વ્યકિત પાસે ઓછામાં ઓછું સૌંદર્યદૃષ્ટિ તો હોવી જ જોઇએ.

* બીજી બધી વસ્તુઓની તુલનામાં સૌંદર્ય એ ભૌતિક જગતમાં ભગવાનને સૌથી વધુ ઉમદા રીતે પ્રગટ કરે છે.

* ભૌતિક જગત એ રૂપનું જગત છે, અને આ રૂપની પૂર્ણતા એ છે સૌંદય.

* રૂપની સૃષ્ટિમાં સૌંદર્યનો અભાવ એ વિચારની સૃષ્ટિમાં સત્યના અભાવ જેવી બાબત છે.

* સૌંદર્ય એ વિશ્વના પરમ સ્વામીને અપાતી પ્રકૃતિની અંજલિ છે.

* સૌંદર્ય એ રૂપમાં પ્રગટ થતી ભગવાનની વાણી છે.

* જે ચેતના સૌંદર્યની સમજણ અને અભિવ્યક્તિ રૂપે બહાર પ્રગટ થતી નથી તે અધૂરી ચેતના છે.

* ભગવાનના અન્ય કોઇ આવિર્ભાવની જેમ સાચા સૌંદર્યને પણ શોધી કાઢવું, સમજવું, અને સૌથી વિશેષ તો જીવનમાં ઉતારવું એ અત્યંત કઠીન છે.

* શુદ્ધ સૌંદર્ય વિશ્વાત્મક છે અને તેથી સૌંદર્યને જોવા અને પારખવા માટે વ્યક્તિએ પણ વિશ્વમય બનવું જોઈ એ.

* ઓ પ્રેમના સ્વામી ! તારા વિના પ્રેમ અપૂર્ણ રહેશે.

## પૂકાર

* ભગવાન આત્માને ઉદય પામતા પ્રકાશના આનંદમાં સહભાગી થવાને બોલાવે છે.

* આધ્યાત્મિક પૂકાર વ્યક્તિને યોગ્ય સમયે સંભળાય છે.

## શાંતિ

* શાંતિ અને સમતા એ પ્રથમ પગલું છે.

* શાંતિ અને સ્વસ્થતા હોય ત્યારે ભગવાન - કૃપાની શક્તિઓ અધિકતમ કામ કરે છે.

* સંપૂર્ણ શાંતિ અને સ્વસ્થતા તમારો સામનો કરતા ભયંકર અને વિકરાળ પ્રાણીઓ પણ શાંત પાડી દે છે.

* જેઓ ખરેખર શક્તિશાળી અને સામર્થ્યવાન હોય છે તેઓ શાંત હોય છે. માત્ર નિર્બળ લોકો જ અસ્વસ્થ હોય છે.

* સાચી શાંતિ હંમેશ શક્તિમત્તાની નિશાની છે.

* ગહન જલની શાંતિમાં સાચી સેવાની એક માત્ર શક્યતા રહેલી છે.

## કાળજી

* તમે જે કાંઈ કરો તે હંમેશાં કાળજીપૂર્વક કરો.

* ભગવાન સ્થૂલ પદાર્થોમાં પણ છે, તેથી તેમની કાળજીપૂર્વક માવજત કરવી જોઈએ.

* તમે જે ભૌતિક પદાર્થો વાપરો છો તેની કાળજી ન લો એ અચેતના અને અજ્ઞાનની નિશાની છે.

* તમે જો ભૌતિક પદાર્થોની કાળજી ન લો તો તમને એનો ઉપયોગ કરવાનો લેશ પણ અધિકાર નથી. તમારે એની કાળજી એટલા માટે નથી લેવાની કે તમને એની આસકિત છે, પરંતુ એટલા માટે કે એ દિવ્ય ચેતનાના કોઈ અંશને અભિ-વ્યકત કરે છે.

* જરૂરિયાતો અંગેની તમામ ચિંતાઓ આપણે છોડી દેવી જોઈએ, પદાર્થોની બાબતમાં સામાન્ય દષ્ટિબિંદુમાંથી આપણે મુકત થઇ જવું જોઇએ.

## આપત્તિ

* આપત્તિ એ અવરોધની નીપજ છે.

* વિશ્વાસના શુદ્ધ પ્રકાશમાં વ્યકિત ભગવાનની હાજરી વિષે સભાન બની શકે.

* વ્યકિતએ હંમેશાં પોતાના મસ્તિષ્કમાં વિજયની નિશ્ચિતતામાં વિશ્વાસ રાખવો જોઈએ અને હૃદયમાં ભગવાનની કૃપામાં અચલ શ્રદ્ધા અને વિશ્વાસ.

* જે કાંઈ કરવા જેવું છે તે અવશ્ય કરવામાં આવશે. એવા દૃઢ વિશ્વાસ સાથે આપણે આગળ વધતાં રહેવું જોઈએ.

* વિજય નિશ્ચિત છે, આ વિશ્વાસથી આપણે ગમે તેવા મિથ્યા સૂચનો અને વિરોધી હુમલાઓનો ધીરજપૂર્વક સામનો કરી શકીએ છીએ.

* તમારા આત્મા અને એની અભીપ્સાનું સ્મરણ રાખો : સૂર્ય અવશ્ય ઊગશે, એ નિશ્ચિત છે.

## પરિવર્તન

* પ્રકૃતિને યોગસાધના દ્વારા સંપૂર્ણપણે બદલી શકાય છે.

* તમે જયારે ખરેખર બદલાયા હો છો ત્યારે તમારી આસપાસનું બધુ પણ બદલાઈ ગયું હશે.

* ચેતનાનું સાચું પરિવર્તન એ હશે જે જગતની પાર્થિવ ચેતનાને બદલી આપે અને જગતને સંપૂર્ણપણે એક નવી સૃષ્ટિ બનાવી દે.

* તમારે માટે બાહ્ય પરિવર્તન જરૂરી હોય એનો અર્થ એ થયો કે તમે આંત-રિક રીતે પ્રગતિ કરતાં નથી.

* જગત જે ચેતનામાં પડેલું છે એમાંથી ચેતનાના ક્રાંતિકારી પરિવતન સિવાય અન્ય કોઈ એને મુકત કરી શકશે નહિ.

* તમારામાં પરિવર્તન પામવા માટેની હિંમત ન હોય તો તમારા ભાગ્યને વશ થઈ જાઓ અને ચૂપ રહો.

* તમે જગતને બદલવા માગતા હો તો તમારી જાતને બદલી દો.

* નમ્રતાપૂર્વક અને છતાં આત્માર્પણના પાવક અગ્નિને હૃદયમાં રાખીને કર્મ કરવાથી અને નહિ કે જગતમાંથી નાસી છૂટીને તમે જગતને બદલી શકશો.

* ચેતનાનું પરિવર્તન અને અસત્ય પરનો વિજય જ આ જગતની પરિસ્થિતિને બદલી શકશે.

* તમારું શાંત પરિવર્તન એની સાબિતિ બની રહે કે સત્ય એમના ભૌતિક સૃષ્ટિને પોતાના તાબામાં લઈ શકે છે અને ભગવાનની એકતા જગતમાં પ્રગટ થઈ શકે છે.

* હું જાણું છું કે લોકો ધાંધલીયા અને અવિવેકી છે, પરન્તુ એમની ચેતના બદલાય નહિ ત્યાં સુધી આપણે એમની પાસે બીજી શી અપેક્ષા રાખી શકીએ ?

* લોકો પોતાની ચેતના બદલાય એમ ખરેખર ઈચ્છે છે તો જ તેમના કર્મો પણ બદલી શકશે.

* દિવ્ય ચેતનાનું એક બિંદુ પૃથ્વીની ચેતનામાં ઉતરે તો તે અહીં બધુ જ બદલી આપશે.

* પોતે કોઈ ચોક્કસ ગુણધર્મો સાથે જન્મ્યો છે અને એને કોઈ બદલી શકશે નહિ એ વિચાર કેવળ મૂર્ખતા છે.

* જયાં સુધી તમારી ચેતનાનું પરિમાણ બદલાય નહિ, ત્યાં સુધી એ અત્યારના જેવી છીછરી દૃષ્ટિવાળી જ રહેશે અને તમામ ગહન બાબતો એમાંથી સરી પડશે.

* જયાં સુધી બધું બદલાશે નહિ ત્યાં સુધી કશું જ બદલાતું નથી.

* તમે તમારી ચેતનાને બદલી આપો તો તમારે માટે જગત પણ બદલાઈ જાય છે.

## બાળક

* બાળક પોતાના વિકાસની ચિંતા કરતું નથી, એ વિકસતું રહે છે.

* પોતાની જાતને જાણવાનું અને એના ઉપર પ્રભુત્વ મેળવવાનું બાળકને શીખવવું એ એને આપવામાં આવતી સૌથી ઉમદા બક્ષીસ છે.

* બાળક તમારો આદર કરે એમ ઈચ્છતા હો તો તમારી જાત માટે આદર રાખો અને પ્રત્યેક ક્ષણે આદરને પાત્ર બની રહો.

* ભય એ બાળકોની કેળવણીનો હાનિકારક માર્ગ છે.
એ અચૂક રીતે ઢોંગ અને જૂઠાણાંને જન્માવે છે.

* કડકાઈથી નહિ પણ આત્મસંયમ દ્વારા બાળકને નિયમનમાં રાખી શકાય.

* ભગવાનની સમક્ષ નવજાત શીશુ જેવા બની રહેવું એનાથી મોટો આનંદ બીજો કોઈ નથી.

* બાળકના સરળ વિશ્વાસમાં મહાન શકિતઓ રહેલી છે.

* જે વિસ્તાર કરતું નથી અને જેને કોઈ ચિંતા નથી એવા બાળકની જેમ તમારી જાત ભગવાનને સોંપી દો અને એમની ઈચ્છા પૂર્ણ થશે.

## સંજોગો

* જે સત્યની સેવા માટે જીવન જીવે છે તે બાહ્ય સંજોગોથી વિચલિત થતો નથી.

* જ્યાં સુધી બાહ્ય સંજોગો તમને વિચલિત કરી શકે છે ત્યાં સુધી તમે તમારી અંદર પ્રભુની શાંતિ અને આનંદને રાખી શકશો નહિ.

* ભગવાન આપણા આત્માના શ્રેય માટે આપણું જીવન ગોઠવે છે અને એમનું જ્ઞાન અમર્યાદ અને પૂર્ણ છે.

## પસંદગી

* પ્રત્યેક ક્ષણે તમારે પસંદગી કરવાની રહે છે; ઉપર ઊઠવું કે નીચે જવું, આગળ વધવું કે પાછળ હઠવું.

* આપણે કાં તો વિજયી થઈએ અથવા વિનાશ પામીએ.

* એક વાર તમે માર્ગની પસંદગી કરી લો છો. પછી તમારે એ પસંદગીના તમામ પરિણામો નિર્ભય બનીને સ્વીકારી લેવા જોઈએ.

* તમે આરંભમાં અંતિમ નિર્ણય ન કરો તો પછી પ્રત્યેક ક્ષણે તમારે સત્ય અને અસત્યની વચ્ચે પસંદગી કરવાની રહે છે.

* તમારા જીવનનું સત્ય શું છે એ તો અટળ રીતે નક્કી થઈ ચૂકેલું છે, અને તદ્રુપ બનતાં તમને કોઈ રોકી શકશે નહિ; પણ ત્યાં પહોંચવા માટે તમે જે માગ લો એ તમારી મુકત પસંદગીનો વિષય છે.

* તમે જો ભગવાનને પસંદ કર્યા હોય તો એનો અર્થ એ છે કે ભગવાને તમને પસંદ કરેલા છે.

* દરેક વ્યકિતના જીવનમાં એવી ક્ષણ આવે છે જ્યારે એણે સીધા રસ્તા અને ગુંચવાડા વચ્ચે પસંદગી કરવાની રહે છે.

* જે હૃદય પસંદગી કરી શકતું નથી તે મૃત્યુ પામશે.

* તમારી જાતને સાધન તરીકે વાપરવા દેવા માટે તમે જે શકિતની પસંદગી કરો છો એના પર બધું નિર્ભર છે. અને જીવનની પ્રત્યેક ક્ષણે પસંદગી તો કરવી જ પડે છે.

* જીવનની પ્રત્યેક ક્ષણે તમારે ભગવત્કૃપા અને અંગત સુખોપભોગ વચ્ચે પસંદગી કરવાની આવે છે.

* પ્રત્યેક ક્ષણે તમારે એ નક્કી કરવાનું હોય છે કે તમે ભૂતકાળની માનવતા સાથે રહેવા માગો છો કે આવતી કાળના અતિમાનવ સાથે.

* આત્માની જ્યારે પસંદગી થઈ ગઈ હોય છે ત્યારે એ સચેતન બનવાનો જ, કારણકે એનો સમય આવી પહોંચ્યો હોય છે.

* તમે જો ભગવાનનો વિચાર કર્યો હોય તો એનું કારણ એ છે કે ભગવાને તમારો વિચાર કરેલો છે.

## સંજોગો

* સંજોગો એ હંમેશા જેને જેને દૂર કરવી જોઈએ એ તમામ છૂપાયેલી નબળાઈઓને બહાર લાવવા માટે ઉભા થાય છે.

* સંજોગો એ તો વિના અપવાદે તમે તમારી અંદર જે કાંઈ છો તેનો જ બહાર પડઘો પાડે છે.

* તમારી જાતને બદલો અને સંજોગો બદલાશે.

* ભગવત્કૃપામાં વિશ્વાસ અને શ્રદ્ધા સાથે સંપૂર્ણપણે શાંત અને સ્વસ્થ રહેવાથી જ સંજોગો શકય એટલા વધુ સારા બની શકશે.

* આત્માના આંતરિક બળ સાથે સંજોગોની સામે નજર માંડો અને તમે એમના સ્વામી બની રહેશો.

* મને મારા જીવનના સંજોગો વિષે ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી, શું એ હું જે છું તેની સાથે મેળ ખાય એવી બાબતો નથી ?

* દરેક વ્યકિતનું જીવન એના સમગ્ર વિકાસને અનુકૂળ હોય એવું હોય છે.

* વ્યકિતએ હકીકતોને એ જેવી છે તેવી સ્વીકારી લઈને આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

* જગતની અને આપણી પ્રગતિ માટે શું ઈષ્ટ છે એ ભગવાન આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે.

* આપણું શું થાય છે એ ભગવાને જોવાનું છે, એ આપણી ચિંતાનો વિષય નથી.

* તારા નિયમને કરવામાં આવતું પૂર્ણ આત્મનિવેદન સંજોગોના સમુદાયમાં પરિવર્તન લાવ્યા વિના નહિ રહે.

* આપણા જીવનના સંજોગો બાબતમાં ફરિયાદ કરવી એ ભૂલ છે, કારણકે એ તો આપણે જે કાંઈ છીએ તેની જ બાહ્ય અભિવ્યકિત છે.

**સદ્‌ગુણો**

* આંતરિક શુચિતા ઓછામાં ઓછું બાહ્ય સ્વચ્છતા જેટલી અગત્યની તો છે જ.

* તારી આંખો પ્રકાશની તરફ ઉઘાડ અને તારા મનમાં સ્વચ્છ દર્પણમાં તારે જે જાણવું છે એનું પ્રતિબિંબ પડશે.

* અહંકારની લીલા વિના સંઘર્ષો ઉભા નહિ થાય.

* ચેતના, સમતા અને પ્રેમની વૃદ્ધિ સાથે ભગવાન સાથેની નિકટતા પણ હંમેશાં અભિવૃદ્ધિ પામશે.

* અસત્યથી ઊપર ઊઠો. આત્માના શુદ્ધ પ્રકાશમાં જીવન જીવો અને તમે ભગવાનની નિકટ, વધુ નિકટ આવશો.

* જડ પદાર્થે ભાગવત પ્રકાશને પૂર્ણપણે પ્રગટ કરવાની શકિત મેળવવી હશે તો એણે જોશભેર વલોવાવું જોઈશે.

* ભાગવત પ્રકાશ પ્રત્યેની અભિમુખતા બળાત્કારે લાવી શકાય નહિ.

* કોઈ સદગુણના સામુદાયિક સાક્ષાત્કાર માટે ભગીરથ પૂરૂષાર્થની જરૂર રહે છે.

* સુસંવાદી સહયોગ દ્વારા અસરકારક કામ સિદ્ધ થઈ શકે છે.

* બધા સાજા થાય એવા મહત્ત્વનો મુદ્દો શોધવો એ અગત્યની વાત છે, એ દૃઢ રીતે સ્થાપિત થઇ જાય પછી દરેક વ્યકિત આ સંવાદિતાના મુદ્દાને સાચવી

રાખવા માટે પોતાની અંગત ઈચ્છાઓને નમાવવી જોઇએ.

**ઝઘડાઓ**

* તમે ઝઘડાઓ શરૂ કરો છો એ જાણે કે ભગવાનના કાર્ય સામે યુદ્ધ જાહેર કરવા બરાબર છે.

* કોઈનો પક્ષ લેશો નહિ કે કોઈ અંગત ઝઘડો ઉપાડી લેશો નહિ, માત્ર દિવ્ય શાંતિ, સંવાદિતા, પ્રકાશ અને આનંદનો વિચાર કરો અને તેમના વધુને વધુ વિશુદ્ધ અને સ્વસ્થ કરણ બની રહો.

## પ્રશ્નો

* જીવંત પ્રશ્ન જ એવી કોઈ અનુભૂતિને જાગૃત કરે છે જે જીવંત બોધનો અવસર બની રહે.

## નીરવતા

* અત્યંત નીરવ મન સ્પષ્ટ બોધ અને દર્શન માટે તથા સમ્યક્ કર્મ માટે અનિવાર્ય છે.

* વ્યક્તિ નિર્ભય બનીને સંપૂર્ણ સ્વસ્થ રહે તો કોઈ ગંભીર ઘટના બની શકે નહિ.

* ધ્યાન દ્વારા પ્રાપ્ત મનની નીરવતા અલ્પકાલીન હોય છે કારણ કે તમે ધ્યાનમાંથી બહાર આવો છો એ સાથે મનની નીરવતામાંથી પણ બહાર આવી જાઓ છો.

* મન, પ્રાણ અને શરીરની સાચી અને કાયમી નીરવતા ભગવાનને કરાયેલા આત્મનિવેદનમાંથી આવે છે.

* નીરવતાની સ્થિતિમાં તમે હંમેશાં એ અનુભવશો કે દિવ્ય શક્તિની સહાય અને સંરક્ષણ સદા તમારી સાથે જ હોય છે.

**સાક્ષાત્કાર**

* હંમેશાં શ્રદ્ધાવાન અને ધૈર્યવાન બની રહો અને તમને સાક્ષાત્કારમાં તમારો ભાગ મળી રહેશે.

* બાહ્ય પરિસ્થિતિથી મુક્ત એવો સાક્ષાત્કાર જ સાચો સાક્ષાત્કાર હોય છે.

* સત્ય તમારી અંદર છે. પણ એના સાક્ષાત્કાર માટે તમારે એની માગણી કરવી જોઈએ.

દિવ્ય પ્રકાશમાં આપણે જોઈશું, દિવ્ય જ્ઞાનમાં આપણે જાણીશું, દિવ્ય સંકલ્પમાં આપણે સાક્ષાત્કાર પ્રાપ્ત કરીશું.

### બુદ્ધિ

ભાગવત સંકલ્પને સાકાર કરે એવું ચૈત્ય અનુશાસન ન આવે ત્યાં સુધી બુદ્ધિના શાસનનો અંત નહિ આવવો જોઈએ.

### ગ્રહણશીલતા

તમને પૂર્ણ બળ આપવામાં આવ્યું છે અને તમે એને તમારી શ્રદ્ધા અને વિશ્વાસના પ્રમાણમાં ઝીલો છો અને ઝીલશો.

ખેંચવું નહિ પણ આપવું એ ગ્રહણ કરવાનો ઉત્તમ માર્ગ છે.

### ઓળખ

દરેક વ્યક્તિમાં એવું કાંઈક હોય છે જે સાચી મહાનતાને ઓળખે છે અને તેનો અનુભવ કરે છે.

### પીછે હઠ

તમે પ્રગતિ ન કરો તો પાછાં હઠો છો.

### આશ્રય

સત્ય જ તમારી શક્તિ હો, સત્ય જ તમારો આશ્રય હો.

ભગવાન જ એકમાત્ર આશ્રય છે, એમની સાથે પૂર્ણ સલામતી છે.

### સાપેક્ષતા

સાપેક્ષતાના આ જગતમાં બધી પૂર્ણતાઓ સાપેક્ષ હોય છે.

કોઈ વ્યક્તિ પૂરેપૂરી સાચી નથી હોતી, તેમ કોઈ પૂરેપૂરી ખોટી પણ નથી હોતી; આથી જ વિવેક કરવાનું આટલું મુશ્કેલ હોય છે.

તમારું જે શુભ કરે છે તે "સત્ય" હોય છે, પણ એ તમારે માટેનું સત્ય છે. એ તમારા પાડોશી માટેનું સત્ય ન પણ હોય.

### સંબંધ

આપણે જેને જાણીએ છીએ તે બધાની સાથે સુસંવાદી અને સ્વસ્થતાપૂર્ણ સંબંધ હોઈ શકે છે. એવો સંબંધ જે કેવળ ભગવાનની અંદર જ હોઈ શકે.

### આરામ

* સાચા આરામ માટે વ્યક્તિએ એક અંશ ઉપર, પોતાની જાતથી ઉપર ઊઠવું જોઈએ.

### ધર્મ

* ધર્મ અને યોગ જીવનની સમાન ભૂમિકાએ રહેલા નથી.

* ધર્મનું મૂળ દિવ્ય હશે પરંતુ એનું વાસ્તવિક સ્વરૂપ દિવ્ય નહિ પણ માનવીય હોય છે.

* ધર્મ દ્વારા ઉમદા ચીજોની જેમ હિન ચીજોને પણ વેગ મળ્યો છે.

* ધર્મના બાહ્ય દેહના તમે દાસ હો તો ધર્મ એ એક અવરોધ છે, બેડી છે, પણ એના આંતર્સત્ત્વનો કેવી રીતે ઉપયોગ કરવો એ તમે જાણો તો એ આધ્યાત્મિક અનુભૂતિમાં કુદી જવા માટેનું પાટિયું બની શકે.

* દરેક રાજકીય અને સામાજિક આદર્શ એ કોઈક વિચારની નિમ્ન અભિવ્યક્તિ હોય છે. પ્રાથમિક કક્ષાના ધર્મમાં રહેલા હો.

* ધર્મનો દોષ છે મનની એ જડતા જે કોઈ એકાંતિક સત્યને વળગી રહે છે.

* ધર્મો એક બીજાને ટાળવાને બદલે સર્વગ્રાહી એકતામાં એકરૂપ બની રહેવુ જોઈએ.

### ઈલાજ

* પોતાની જાતને ભૂલી જવી એ તમામ અનિષ્ટોનો ઈલાજ છે.

* ચેતનાની વિશુદ્ધિ અને વિકાસ એ જ એકમાત્ર ઈલાજ છે.

### સ્મરણ

* ભગવાનની કાયમી પ્રેમપૂર્ણ હાજરીનું સ્મરણ સેવો અને સર્વ કાંઈ સારું થશે.
* તમે જે કાંઇ કરો, સદા ભગવાનનું સ્મરણ કરો.
* તમારા હૃદયમાં સદા ભગવાનનું સ્મરણ રાખો.

### ત્યાગ

* પૂર્ણતાના આભાસનો ત્યાગ કરવો એ જીવના ભેદભાવના અજ્ઞાનના સમગ્રાત્મક ત્યાગનો એક ભાગ છે.

### એકાગ્રતા

* કોઈ એક જ કેન્દ્રમાં અને ખાસ કરીને અભીપ્સાના કેન્દ્રમાં એકાગ્રતા કરવી એ હંમેશાં વધુ સારું છે.

* કોઈ આધ્યાત્મિક અડચણ એવી નથી જે તીવ્ર એકાગ્રતાની શકિતનો સામનો કરી શકે.

* ભાગવત પ્રકાશ પ્રત્યેની અભિમુખતા બળાત્કારે લાવી શકાય નહિ.

* કોઈ સદ્‌ગુણના સામુદાયિક સાક્ષાત્કાર માટે ભગીરથ પુરુષાર્થની જરૂર રહે છે.

* સુસંવાદી સહયોગ દ્વારા જ અસરકારક કામ સિદ્ધ થઈ શકે છે.

* બધા સંમત થાય એવા મહત્ત્વનો મુદ્દો શોધવો એ અગત્યની વાત છે, એ દૃઢ રીતે સ્થાપિત થઈ જાય પછી દરેક વ્યકિતએ આ સંવાદિતાના મુદ્દાને સાચવી રાખવા માટે પોતાની અંગત ઈચ્છાઓને નમાવવી જોઈએ.

* જગતની અને આપણી પ્રગતિ માટે શું ઈષ્ટ છે એ ભગવાન આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે.

* આપણું શું થાય છે એ ભગવાને જોવાનું છે એ આપણી ચિંતાનો વિષય નથી.

* ભગવત્કૃપામાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને હંમેશાં શુભ ઘટનાઓની આશા કેળવવી એ પૃથ્વી ઉપરના અતિમાનસ કાર્યમાં અસરકારક સહયોગની રીત છે.

* આપણા જેવી જ અજ્ઞાની વ્યકિતઓ દ્વારા અપાતી શાબાસીનો કોઈ અર્થ નથી, એ એમના દ્વારા થતી નિંદા જેવી જ અર્થહીન છે.

* આપણે સ્પર્ધા અને સંઘર્ષના સ્થાને સહયોગ અને બંધુતાને મૂકવા જોઈએ.

* આપણને એ વિશ્વાસ છે કે જે કાંઈ કરવાનું છે તે કરવામાં આવશે. અને આત્માની આપણી હસ્તી આ ભવ્ય વિજયના, આ નવીન આવિર્ભાવના કાર્યમાં સહયોગી બનવા માટે છે.

* હિંમત ધરો અને ગહનતામાંથી આવતા આદેશને અનુસરો.

* આજ સુધી જે કાંઈ વિચારાયું તથા સિદ્ધ થયું છે તે હવે જે બનવાનું છે એની સરખામણીમાં અપર્યાપ્ત અને અત્યંત સામાન્ય કોટીનું છે.

* અહીં જે કાંઈ કરવામાં આવે છે તે ભગવાનની સેવાના એકમાત્ર ધ્યેયને સામે રાખીને સંપૂર્ણ સહયોગની ભાવનાથી થવું જોઈએ.

*

# નોંધો અને ચિંતન

# પ્રભુ પ્રત્યે આરોહણ

ઈતિહાસાની કોઈ ઘટનાનું મૂલ્યાંકન કરવાને માટે સમયનું થોડું અંતર હોવું જોઈએ, એવી જ રીતે વ્યક્તિ જો ભૌતિક આવશ્યકતાઓથી ઉપર ઊઠવાનું જાણી લે તો જ તે સંસારના જીવનને સમગ્રપણે જોઈ શકે. તે ક્ષણથી તેને એવી એક સરળ પ્રતીતિ થઈ જાય છે કે માનવજાતિના તમામ પ્રયત્નો છેવટે એક જ લક્ષ્યમાં એકાગ્ર થાય છે.

એ સાચું છે કે મનુષ્યો વૈયક્તિક તથા સામૂહિક રીતે લક્ષ્યને પામવા માટેના અલગ અલગ માર્ગોને અનુસરે છે. એમાંથી કેટલાક માર્ગ તો એવા આડા ફંટાય છે કે પ્રથમ નજરે તો એમ જ લાગે કે એ બધા લક્ષ્ય તરફ જવાને બદલે એનાથી દૂર જઈ રહ્યા છે, પરંતુ એ બધાનું અસ્તિત્વ છે અને ઝડપથી અથવા મંદગતિએ આપણને ત્યાં જ લઈ જાય છે.

તો આ લક્ષ્ય કયું છે?

એ માનવ જીવનના હેતુ સાથે, વિશ્વમાં માનવના જીવનકાર્ય સાથે સંકળાયેલું છે.

**લક્ષ્ય:** "તમે એને ગમે તે નામે ઓળખો, કારણકે જ્ઞાનીઓને મન તો બધા નામો એક જ તથ્યનો નિર્દેશ કરે છે."

ચીનાઓ એને તાઓ કહે છે તો હિન્દુઓ બ્રહ્મન્ અને બૌદ્ધો ધમ્મ તથા હર્મીસ એને શુભતત્ત્વ કહે છે, પ્રાચીન યહુદી પરંપરા અનુસાર એને કોઈ નામ આપી શકાય નહિ, તો ખ્રિસ્તીઓ એને પ્રભુ કહે છે અને ભૌતિકવાદીઓ એને ન્યાય અથવા સત્ય કહે છે.

માનવ જીવનનો હેતુ છે આ લક્ષ્ય વિષે સજ્ઞાન બનવું.

માનવનું જીવનકાર્ય છે એનો આવિર્ભાવ કરવો.

બધા ધર્મો અને સધુસંતોના ઉપદેશોમાં આ લક્ષ્યને પામવાની પદ્ધતિઓનો જ બોધ રહેલો છે, બીજું કાંઈ નહિ.

પહેલી પદ્ધતિ બૌદ્ધિક છે: સત્ય માટેનો પ્રેમ, પરમ તત્ત્વની ખોજ.

વિવેક, અભ્યાસ, ચિંતન, આત્મવિશ્લેષણ, આત્મસંયમ અને વિચારની એકાગ્રતા દ્વારા મનુષ્ય વ્યકિતત્વના, અહંકારના ભ્રમને હટાવી શકે છે, તે જોઈ શકે છે કે એ અણુઓના સમુચ્ચયથી બનેલો, આકાશતત્ત્વ સઘન બનતાં બનેલો એક પદાર્થ જ છે, જે સ્વયં કેવળ એક આભાસ છે.

જ્યારે આપણે 'મારી જાત' વિષે કહીએ છીએ ત્યારે આપણે શાની વાત કરીએ છીએ? શરીરની? સંવેદનાઓની? લાગણીઓની? વિચારોની? આ બધાની કોઈ સ્થિરતા નથી. અસ્તિત્વના આ પ્રત્યેક ક્ષેત્રમાં જે કઠોર ક્રમબદ્ધતા રહેલી છે, તેમાંથી સાતત્યનો આભાસ જન્મે છે અને આ ક્રમબદ્ધતામાં અનેક આંતરિક તેમજ બાહ્ય પ્રભાવો પ્રવેશે છે. તો પછી આત્મા કયાં છે, એ કાયમી અને સ્થાયી અને સદા એકસરખું રહેતું તત્ત્વ કયાં છે? એને શોધવા માટે, આ પરમતત્ત્વને પામવા માટે આપણે ગહનતામાંથી ગહનતા પ્રતિ, સાપેક્ષતામાંથી સાપેક્ષતા પ્રતિ (કારણકે રૂપધારી સર્વ કાંઈ સાપેક્ષ છે) જવું જોઈએ, ત્યાં સુધી કે જ્યાં આપણે આપણી બુદ્ધિ જેનો વિચાર કરી શકતી નથી, આપણી વાણી જેનો ઉચ્ચાર કરી શકતી નથી તે તત્ત્વને આપણે પામી લઈએ; એવું તત્ત્વ કે જે તેની સાથે તદ્રુપ થવાથી જ પામી શકાય છે, કારણકે તેને આપણે આપણી અંદર જ ધારણ કરીએ છીએ અને એ જ આપણાં અસ્તિત્વનું કેન્દ્ર અને પ્રાણ છે.

બીજી પદ્ધતિ છે પ્રભુનો પ્રેમ. જેમની ધાર્મિક વૃત્તિ વિકસેલી છે, તેમની આ પદ્ધતિ છે.

સંપૂર્ણ પ્રકાશની ક્ષણોમાં આપણાં અનુભવમાં આવતા સર્વ પદાર્થોની દિવ્ય સત્તા માટેની અભીપ્સા.

આ દિવ્ય સત્તાને, દિવ્ય ચેતનાને કરાતું આત્મનિવેદન, પોતાના તમામ કર્મોમાં અને પ્રત્યેક પળે કરાતું સમગ્ર આત્માર્પણ, પૂર્ણ સમર્પણ. પછી વ્યકિત પરમ પ્રભુનુ એક વિનમ્ર કરણ, એક વફાદાર સેવક બની રહે છે. આ પ્રેમ એટલો તો પૂર્ણ હોય છે કે જે કોઈ તત્ત્વ દિવ્ય નથી, જે તત્ત્વમાં દિવ્યતા ઉપર અંતીમ અને સંપૂર્ણ એકાગ્રતા નથી એ સર્વથી એ પોતાને અલગ કરી દે છે.

"ઉપરાંત પ્રેમથી ઉપર ઊઠવું એ કાંઈ અસંભવ નથી, કારણકે પ્રેમ સ્વયં પણ પ્રેમી અને પ્રિયતમ વચ્ચેનો એક પડદો જ છે."

## એ છે તન્મયતા

ત્રીજી પદ્ધતિ છે માનવજાતિનો પ્રેમ. માનવજાતિની અમાપ યાતનાઓના ઉત્કય દર્શનમાંથી, એક વિશુદ્ધ દૃષ્ટિમાંથી આ યાતનાઓ સંપૂર્ણપણે દૂર થઈ જાય એ કાર્યમાં પોતાની જાતને અર્પિત કરવા માટેનો એક સંકલ્પ જાગે છે.

પોતાના તમામ વિચારો, પોતાની તમામ શક્તિઓ, પોતાની તમામ પ્રવૃત્તિઓ બીજાઓને સહાયરૂપ થવામાં અર્પિત કરવી. ભલે પછી એ સહાય કેટલીય અલ્પ કેમ ન હોય, અને એમાં પોતાની જાતને ભૂલી જવી.

"કરુણાથી ઉભરાતાં હૃદયે દુઃખથી ત્રસ્ત આ જગતની અંદર ચાલ્યા જાઓ, સાચું જ્ઞાન આપો અને જ્યાં જ્યાં અજ્ઞાનનો અંધકાર છવાયો છે ત્યાં જ્યોતિ પ્રગટાવો."

માનવજાતિને કરાતું આ આત્મનિવેદન ચાર ક્ષેત્રોમાં થઈ શકે છે. બીજાને અપાતું દાન ચાર પ્રકારનું હોઈ શકે છે.

સ્થૂલ દાન , બૌદ્ધિક દાન , આધ્યાત્મિક દાન : સંવાદિતા, સૌંદર્ય, લય. સર્વાંગપૂર્ણ દાન તો કેવળ એ લોકો જ કરી શકે છે જે આ ત્રિમાર્ગને અનુસર્યા હોય, જેમણે પોતાની અંદર આત્મવિકાસની તથા શાશ્વત તત્ત્વ વિષે સજ્ઞાન થવાની તમામ પદ્ધતિઓનો સમન્વય સાધ્યો હોય : આ છે સ્વયં ઉદાહરણ બનીને અપાતું દાન, એવું ઉદાહરણ કે જેને પોતે આપે છે એવું અભિમાન નથી, એ આપે છે કારણકે એ તન્મય બનેલ હોય છે, કારણકે તે શાશ્વત દિવ્ય ચેતનામાં જીવન જીવે છે.

*

# બે સમાંતર ધારાઓ

વ્યકિતના વિકાસક્રમમાં બે સમાંતર ધારાઓ હોવી જોઈએ અને તે કોઈ એક ઉપર એકાગ્રતા કરવાને માટે એક યા બીજી ધારાની સામાન્યપણે અવગણના કરે છે, તેથી તેની પ્રગતિ આટલી લથડતી અને અસમતોલ બની જાય છે.

એમાંની એક ધારા છે, અસ્તિત્વના ઘટક તત્ત્વો, ભૌતિક, સંવેદનાત્મક, બૌદ્ધિક અને આધ્યાત્મિક તત્ત્વો વિષે સભાન થવું, આપણી ભીતરના જીવનની તમામ રચનાનો, એનાં તમામ વલણો, ગુણો, શકિતઓ અને વિવિધ પ્રવૃત્તિઓનો તટસ્થ રીતે આપણે પરિચય મેળવવો જોઈએ; તટસ્થ રીતે એટલે કે શુભ અશુભ અંગેના કોઈ પૂર્વાગ્રહ વિના, શું ટકી રહેવું જોઈએ કે લોપ પામવું જોઈએ, શાને ટેકો મળવો જોઈએ અને શું દબાવી દેવાવું જોઈએ તે વિષેના એકાંતિક અને મનસ્વી ચુકાદાઓ આપ્યા વિના (કારણકે આપણા આ ચુકાદાઓમાં સ્પષ્ટ દૃષ્ટિનો અનિવાર્ય અભાવ હોય છે.) આપણે શું છીએ એ અંગેનું આપણું દર્શન સચ્ચાઈપૂર્ણ તથા સમગ્રાત્મક હોય એમ આપણે ઈચ્છતા હોઈયે તો એ વસ્તુલક્ષી અને આગ્રહમુક્ત હોવું જોઈએ. આપણી સમક્ષ એક એવું વિશ્વ આવી ઊભેલું છે, જેની નાનામાં નાની વિગતોની આપણે ખોજ કરવાની છે અને પૂર્ણ બુદ્ધિસંગત અને બિનઅંગત વૈજ્ઞાનિક વલણથી, એટલે કે કોઈ અનુભવપૂર્વના નિર્ણયોનો આધાર લીધા વિના એના અગમ્ય અને સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વોને આપણે જાણવાના છે.

આપણે ગમે તે માનીએ પણ નિરીક્ષણ, વિશ્લેષણ અને આંતર્નિરીક્ષણનું આ કાર્ય કદાપિ પૂરું થવાનું નથી. આપણે જ્યાં સુધી આ પૃથ્વી ઉપર શરીર ધારણ કરી રહ્યા છીએ ત્યાં સુધી આપણે આપણી સંકુલ સત્તાનો હંમેશાં અભ્યાસ કરતાં રહેવું જોઈશે; જેથી એનો કોઈ પણ અંશ આપણા જ્ઞાનની પકડમાંથી અને પરિણામે આપણા અંકુશમાંથી છટકી ન જાય : કારણકે આપણે જેને જાણીએ છીએ તેના પર જ આપણું પ્રભુત્વ હોઈ શકે, અને જેના પર આપણું પ્રભુત્વ હોય તેને જ આપણે આપણા તાબામાં રાખી શકીએ.

આ તથ્ય આપણને બીજી ધારા પાસે લઈ આવે છે, જે પ્રથમ ધારાની સાથે સાથે અને તેની સમાંતર ચાલવી જોઈએ, એ છે આત્મનિવેદન. અપાણાં અંકુશમાં રહેલાં તમામ તત્ત્વોનું પરમ અને દિવ્ય ચેતનાને કરાતું અવિચળ સમર્પણ, ફરી ફરીને થતું નિરંતર સમર્પણ.

પોતાના વિષે સજ્ઞાન બનેલાં પ્રત્યેક તત્ત્વે, પ્રત્યેક વલણે અને પ્રત્યેક શકિતએ બાલસહજ -વિશ્વાસ સાથે સમગ્ર અસ્તિત્વના શાશ્વત સત્ત્વની સર્વોચ્ચ માર્ગદર્શક ચેતનાને પોતાનું આત્મસમર્પણ કરવું જોઈએ. તે ચેતના પછી આ તત્ત્વોને સમ્યક રીતે વગી - કૃત કરશે, ગોઠવશે, કાર્યમાં યોજશે, કોને કાર્યમાં યોજી શકાશે અને કોને નહિ, કોને ટેકો મળવો જાઈએ અને શું નાબૂદ કરાવું જોઈએ તેનો વિવેક કેવળ એ જ ચેતના કરી શકે, અને એ વિષે તો લેશ પણ શંકા નથી કે એ ચેતના સમક્ષ સૌનું સમાન મૂલ્ય છે, સૌનો પોતાનો ઉપયોગ છે, તેના લીધે જ સર્વ કાંઈ પરિવર્તન પામે છે, પ્રકાશિત બને છે, રૂપાંતરિત થાય છે. જે કોઈ આ પરમચેતના વિષે સજ્ઞાન બને છે અને પોતાની જાત તેને અર્પિત કરે છે, તે તદ્રૂપ બની જાય છે, અને આમ પૂરેપૂરા બાહ્ય રૂપના અને માનવીય એવા શુભ અશુભના તમામ ખ્યાલોથી તે ઉપર ઊઠે છે.

અહીં બીજી ધારાથી અસંબંધિત એવી કોઈપણ એક ધારા કે વલણ એ અપૂર્ણ અને એકાંતિક છે. પરમ ચેતનાને આપણા અસ્તિત્વનું આખું ચોકઠું સમર્પિત કરી દેવું એ પર્યાપ્ત નથી. એમાંના જે તત્ત્વોને આપણે જાણતા નથી અને તેથી જેના પર આપણું પ્રભુત્વ નથી તે આ સમર્પણમાંથી છટકી જાય છે અને તે પરમાત્માના નિયમને અનુસરવાને બદલે પોતાના નિયમને અનુસરે છે; પરિણામે જે વ્યકિત પોતાની જાતને પરમ ચેતનાની સંપૂર્ણ સેવક ગણે છે તેની અંદર જ આ તથ્ય અનપેક્ષિત વિદ્રોહ અને અનેક પ્રકારની ગરબડોનું નિર્માણ કરે છે. એ પોતાના અસ્તિત્વના એવાં અજ્ઞાત ખૂણાંઓને ભૂલી ગયો હોય છે, જેમનો એના જીવન અને પ્રવૃત્તિઓ ઉપર કોઈક દાવો હોય છે અને જે વારાફરતી પોતાનો આવિર્ભાવ કરે છે, અલબત્ત જીવનના કેન્દ્રવર્તી સંકલ્પમાંથી છટકી ગયા હોવાને કારણે પ્રમાણમાં કાંઈક અવ્યવસ્થિત અને વિસંવાદી રીતે.

બીજી તરફ આપણા અસ્તિત્વની નાનામાં નાની વિગતો વિષેની સભાનતા જો દિવ્ય ચેતના એ આ વિગતોની સર્વ શકિતમાન શાસક બને એ હેતુસરની ન હોય અને આપણે એમનું પરમ ચેતનાને નિ:સંકોચ સમર્પણ સિદ્ધ ન કરી શકયા હોઈએ તો એ મિથ્યા અને નિરર્થક હોય છે, એટલું જ નહિ, ભયકારી પણ હોય છે.

આ બે વલણોની સમતોલ એકતા સિદ્ધ થાય તો જ આપણે આપણી જાતને સાચાં અર્થમાં અને સમગ્રભાવે પરમાત્માની સેવક ગણી શકીએ.

*

# પરમ જ્યોતિ પ્રતિ

કેટલાક લોકો લગભગ બધા જ તેમની સંવેદનાઓમાં જીવે છે, એ હદ સુધી કે તેઓ કેવળ વર્તમાન ક્ષણ વિષે જ સભાન હોય છે. તેમને સમગ્ર જીવનની ચેતનાનું જ્ઞાન કરાવવું જોઈએ અને એમની લાગણીઓ ક્ષણિક છે અને તેમના જીવનકાળ દરમિયાન જ એમના સ્થાને બીજી અનેકવિધ અને વિરોધી લાગણીઓ આવી બેસશે એ તેમણે બતાવવું જોઈએ.

**મીણબત્તીની જ્યોતિ**

*

જેઓ પોતાના સમગ્ર જીવન વિષે સભાન થયા હોય તેમને પોતાની ચેતનાને પૃથ્વી સાથેની એકતામાં મૂકતાં, વિશ્વના ભાગ્ય સાથે જે જોડાયેલી છે એવી પોતાના અસ્તિત્વની એ ગહનતામાં પ્રવેશ કરતાં શીખવવું જોઈએ. (પૃથ્વીના જીવનગાળાની સરખામણીમાં એક જીવનનો ગાળાનું તે શું મહત્ત્વ હોય છે!).

**ગેસની જ્યોતિ**

*

જેઓ સાંસારિક જીવન વિષે સભાન બન્યા હોય તેમને સકળ વિશ્વની ચેતના સાથે પોતાની ચેતનાને એકતામાં મૂકતાં, તેમ જ જે વિશ્વ સાથે એકરૂપ હોય અને વિશ્વ ટકી રહે ત્યાં સુધી ટકી રહેનારું હોય એવા પોતાની અંદર જ રહેલાં એક તત્ત્વને શોધવાનું શીખવવું જોઈએ; (વિશ્વના જીવનગાળાની સરખામણીમાં પૃથ્વીના જીવનગાળાનું તે શું મહત્ત્વ હોય છે! કેવળ એક ઉચ્છ્વાસ!)

**વિજળીની જ્યોતિ**

*

જેઓ વિશ્વજીવન અને એના તમામ રૂપો વિષે સભાન બન્યા છે તેમને એવી શાશ્વત ચેતના સાથે પોતાની ચેતનાને એકતામાં મૂકતાં શીખવવું જોઈએ, જેનો કયાંય આદિ કે અંત નથી, જે અસીમ છે, જેનાથી પર કશું નથી.

અને એમને માટે અમર જ્યોતિ પ્રગટાવવામાં આવશે.

**પરમ જ્યોતિ**

*

# ત્રણ સ્વપ્ન

અમે પર્વતની ટોચ પર હતાં, એટલા ઊંચે કે ખીણો દેખાતી નહોતી. આકાશ પૂરેપૂરું સ્વચ્છ અને રંગહીન હતું. પર્વતની ટોચ ઉમદા ગોચર ભૂમિ હતી. આ ભૂમિમાં ચાર ગોવાળોથી રક્ષિત ચાર ગોધણ ચરતાં હતાં. આ ગોધણ એક બીજાથી સરખે અંતરે હતા જેથી તેઓ એક ચોરસના લગભગ ચાર ખૂણાઓ બની શકે. દરેક ગોવાળનો પોતાના વિશિષ્ટ દેખાવ અને લાક્ષણિકતા હતી. " તેઓ કોઈ એવી વસ્તુની શોધ કરતાં હતા જેને તેઓ અભિવ્યક્ત કરવા અને અસરકારક કરવા માગતા હતા, અને એ માટે તેમની પાસે અમુક તત્ત્વોની ખોટ હતી. આ તત્ત્વો પર્વતની ટોચની પેલે પાર હતાં અને તેઓ મને પૂછતાં હતાં કે ત્યાં જઈને એ તત્ત્વો લઈ આવવા માટેનો કોઈ માર્ગ છે કે કેમ? આ પ્રશ્ન મોટેથી પૂછાયો અને અમારી નજીકના ધણની બધી ગાયો આનંદથી ભાંભરતી ભાંભરતી એમની પાસે દોડી આવી. એમનો રક્ષક ગોવાળ ઊંચો અને કદાવર હતો, એની ચામડી ગોરી હતી, શરીરે કાળાં અને બરછટ વાળા હતા. ચોરસ મુખાકૃતિ હતી અને ચામડાંના કપડાં પહેર્યા હતા. એ એમની પાસે આવ્યો અને એણે મોટે અવાજે કહ્યું કે " હું મારી જાતને સંપૂર્ણપણે તમારે ચરણે મૂકી દઉં છું. મારી ગાયો અને હું પણ તમારી સેવા કરવા ચાહીયે છીએ. હું એમને તે જગ્યાએ દોરી જઈશ, જયાં તમે જેને મેળવવા માગો છો તે જ્ઞાન રહેલુ છે. અને એ અમે તમારી પાસે લઈ આવીશું."

તે બોલતો હતો તે વેળાએ એ જ રેખામાં જમણી બાજુંનું ધણ એના ગોવાળથી દોરવાતું પાસે આવ્યું. આ ગોવાળને પણ એમાં રસ હતો તેથી સાંભળવા આવ્યો. એ લાંબો અને પાતળો હતો. એની ચામડી સુંવાળી હતી, ચહેરો લંબગોળ હતો. એના કાળાં રેશમી વાળ એના ખભા પર ઝૂલતાં હતાં, એણે ભપકાદાર સુરુચિપૂર્ણ વસ્ત્રો પહેર્યા હતાં. એના ઝબ્બાનો એક ભાગ લાલ હતો, પણ તેમાં બીજા અનેક રંગો હતા. એ મૈત્રીપૂર્ણ અને અનુરૂપ વલણ ધરાવતો હતો પણ એણે મદદ કરવાની ઈચ્છા બતાવી નહિ.

**૨ ઓગષ્ટ ૧૯૧૪**

અમે અમારા લક્ષ્ય તરફ દોરી જતાં એક પહોળાં શુભ્ર ધોરી રસ્તા ઉપર આગળ વધી રહ્યા હતાં ત્યાં બીજો રસ્તો ફંટાતો હતો તે સ્થળે ભયથી વિહ્વળ લોકોની મોટી ભીડ જામી હતી. અમે અમારે રસ્તે જતા હતાં ત્યાં આ ભીડ શા માટે છે

એ પ્રશ્ન ઉભો થયો. એક સફેદવસ્ત્રધારી ભરવાડ અમને રસ્તાને કિનારે એકઠાં થયેલા લોકો સાથે જોડાવાને બોલાવી રહ્યો હતો. અમારી પૃચ્છાના પ્રત્યુત્તરમાં અમને તે કહે છે કે ગાય અને સાંઢોનું એક મોટું ધણ અત્યાર સુધી બાંધી રાખવામાં આવ્યું હતું, હવે એમને છોડી દેવાનો સમય આવ્યો છે; એમને દૂર બાંધી રાખતું દોરડું હવે છૂટી જશે અને એમ થતાં તે બધા આ પાર ધસી આવશે, અને રસ્તામાં જે કાંઈ છે તે બધું તોડી ફોડી નાંખશે. મેં ઉત્તર આપ્યો. "અલબત્ત આ પશુઓ જોમવંત છે, અને કેટલીક વાર તો દેખતાં અંધ આવેશભર્યા હોય છે. પરંતુ આપણા જેવા આપણા માર્ગે સીધા ચાલતા માણસો માટે બીવાની કોઈ જરૂર નથી. આ સાંઢોએ આપણને કયારેય નુકશાન કર્યું નથી, પણ ભરવાડે આગ્રહપૂર્વક જણાવ્યું કે અત્યારની સ્થિતિ તો ખરેખર અસાધારણ અને અપૂર્વ છે, આથી તેને ખોટું ન લાગે એટલા માટે અમે ત્યાં અટકયાં, રસ્તા બાજુના લોકોના ટોળાં આગળ ઊભા રહ્યાં. પણ ત્યાં ફરી એણે આગ્રહપૂર્વક કહ્યું કે "અહીં નહીં, અહીં નહીં, અહીં તમને પાછળ કચડી નાખશે." અને એણે અમને સૌની પાછળ, રસ્તાની પાછળની બાજુએ ઊભા રાખ્યા.

એ ક્ષણે મેં થોડેક દૂર ગાયો અને સાંઢોનું એક વિશાળ ધણ જોયું. એમને બાંધેલું દોરડું છૂટી ગયું હતું, અને તેઓ પૂરવેગે આગળ ધસી રહ્યા હતા. અને કોઈ એમના માર્ગમાં આવ્યું હોત તો અવશ્ય એને તેમણે કચડી નાખ્યો હોત. જયારે બધા પસાર થઈ ગયા ત્યારે એ ધણનો નેતા, જેને પાછળ રોકી રાખવામાં આવ્યો હતો તેને પણ છોડી દેવાયો. એ એક વિશાળકાય સફેદ સાંઢ હતો. બીજાઓ જે રસ્તે ગયા તેને અનુસરવાને બદલે તે અમારી સામેના નીચે ઉતરના જમણી બાજુના માર્ગે વળ્યો. એકાદ ક્ષણ બાદ તે થોભ્યો, કાંઈક જોવા માટે. પણ એ દેખાયું નહિ. તેથી પાછો વળ્યો. અને એકદમ મારી સામે આવીને ઉભો રહ્યો. પછી મેં જોયું કે એ ત્રિમુખી સાંઢ હતો. ત્રણ સાંઢો ભેગા થઈને આ સાંઢ બન્યો હતો. એમાંથી એક (મને લાગે છે કે વચલો) બીજા બે કરતાં કાંઈક ઓછો સફેદ હતો. મારી બાજુમાં એક પુજારી હતો. આ વિશાળકાય જાનવરને અમારી તરફ ધસી આવીને એકદમ મારી સામે આવીને ઊભું રહેલું જોઈને તે ગભરાઈ ગયો હતો, અને બીકનો માર્યો ધ્રૂજતો હતો. પછી મેં એને કહ્યું કે "તો પછી તારી ઈશ્વરની શ્રદ્ધા કયાં ગઈ? જો ઈશ્વરે એ નક્કી કર્યું હશે કે આ સાંઢ તને કચડી નાખશે, તો તને એમ નથી લાગતું કે ઈશ્વરની એ ઈચ્છા પણ શુભ જ હશે? એ થોડોક શરમાયો અને એણે

બહાદુર દેખાવાનો યત્ન કર્યો. અને સાંઢ સાથે એણે વાત કરવાનું શરૂ કર્યું, એનું મોં હળવેથી પંપાળ્યું. પરંતુ તે શકિતશાળી જાનવર પોતાની ધીરજ ખોઈ રહ્યું હતું. મને લાગ્યુ કે "આ મુર્ખ એની બીકને કારણ ખરેખર કોઈ આફત નોતરશે" એટલે એના તરફ વળીને મે કહ્યું કે "ચાલો આપણે ચાલ્યા જઈએ." અને પેલા સાંઢની ચિંતા કર્યા વિના ફરીથી અમે અમારે રસ્તે પડયા. અમે થોડાંક ડગલાં આગળ વધ્યા હોઈશું અને અમે એ સાંઢને શાંતિથી અમારી પાસેથી પસાર થતો જોયો. થોડેક દૂર સામેની દિશામાંથી એક બીજા સાંઢને અમે આવતો જોયો, એ લાલ કથ્થઈ રંગનો હતો, એનો ચહેરો જંગલી અને વિકરાળ હતો અને એના મોટાંમસ શીંગડા આગળ ધરીને અમારી તરફ ધસી આવતો હતો. એ પૂજારી મારી પાછળ થોડાક ડગલે હતો એની તરફ જોઈને મેં કહ્યું કે "આ ખરેખર ભયાનક જાનવર છે. એ એકલું છે અને બધાની વિરુદ્ધ દિશામાં જાય છે, અને એનો ઈરાદો દુષ્ટ છે. એ આપણને જોઈ શકતું પણ નથી. કારણકે આપણે સીધા રસ્તે છીએ અને રક્ષાયેલા છીએ. પણ બીજા લોકોની બાબતમાં મને બીક લાગે છે. થોડેક આગળ જતાં અમે અમારી પાછળ એવો અવાજ સાંભળ્યો જાણે કે એ વિકરાળ સાંઢ બીજા જાનવરો સાથે છલંગો ભરતો પાછો આવતો હોય. મને લાગ્યું કે હવે લક્ષ્ય પર પહોંચવાનો સમય આવી પહોંચ્યો છે. એ વખતે રસ્તો પૂરો થતો જણાયો. અમારી સામે એક બારણું આવ્યું, જે હું ઉઘાડવા માગતી હતી, પણ મારો હાથ બારણાના મોગરા પરથી સરી જતો હતો અને હું એને ફેરવી શકી નહિ. સમયનું દબાણ વધતું જતું હતું. અને પછી મેં સ્પષ્ટપણે એક ગહન અવાજ સાંભળ્યો : "જો". મેં ઊંચે જોયું, અમારી સામે, બંધ બારણા પાસે. ત્યાં અમારું લક્ષ્ય હતું, તે ચોરસ ખંડમાં દોરી જતું બારણું પૂરેપૂરું ખુલેલું હતું. ફરી અવાજ આવ્યો. "દાખલ થા, અહીં બધા જ બારણા દેખાશે અને તું એ બધાને ખોલી શકીશ."

અગાધ શાંતિ અને અક્ષુબ્ધ બળની લાગણી સાથે હું જાગી ઊઠી.

**૧૯૧૪ (ઓગષ્ટ પછી.) ૩**

પ્રભુ, ગઈ રાતે તે મને એક સ્વપ્ન બતાવ્યું.

એ સ્વપ્ન મને એટલું યાદ રહ્યું છે.

એક ઊંચા પર્વત ઉપર ઊભેલા ઘણા ઊંચા મિનારાની ટોચે એક વિશાળ ખંડમાં, એટલો વિશાળ કે તે નીચો હોય તેમ લાગે. એક દૂરની દિવાલને અઢેલીને હું

બેઠી હતી. મારી ડાબી બાજુએ અનેક પગથિયાંવાળુ ઊંચુ સિંહાસન હતું અને સિંહાસન ઉપર રાષ્ટ્રોના માલીક [1] બેઠેલા હતા. આ હું જાણતી હતી, જો કે મેં એમની સામે જોયું ન હોતું. મારી જમણી બાજુએ એ વિશાળ ખંડના દૂરના ખૂણે ઉપરથી પ્રકાશિત એક ગોખલામાં એક યુવતી બેઠી હતી, એક રાષ્ટ્ર. એ અત્યંત કાળાં વાળ અને ફીકકી ખરબચડી ચામડી ધરાવતી એક નાની બટકી બાલિકા હતી. એણે લગ્નનો વેશ પહેર્યો હતો, માથે સફેદ ફુલનો મુકુટ હતો (આ વેશ કયાંક ભૂરાં રંગની ઝાંયવાળો તો કયાંક સોનેરી ઝાંય ધરાવતો શ્વેત રંગનો હતો). હું જાણતી હતી કે મેં આ રાષ્ટ્રને આ રીતનો વેશ પહેરવામાં અને આ પર્વત ચઢી મિનારા પરના આ ખંડ સુધી આવવામાં મદદ કરી હતી. તે રાષ્ટ્રોના માલીક સમીપ 'વધુ' તરીકે સમર્પિત થવાને તે અહીં આવી હતી. અને એ હેતુ માટે એણે અનેક કસોટીઓ પાર કરવાની હતી. તે એ બે માટે પાત્ર છે કે કેમ એ જાણવા માટે આ કસોટીઓ યોજાઈ હતી. આ કસોટીઓ ત્રાસદાયી હતી.

પહેલી કસોટી માટે એની પાસે એક ભરેલો પ્યાલો અને ચંબુ આણવામાં આવ્યો હતો. એને એમાં લોહી દેખાતું હતું, તાજું રેડાયેલું માનવ લોહી, અને એ એના સિંહાસનની ઊંચાઈએથી એને કહી રહ્યો હતો કે "તું કશાંથી ભય પામતી નથી એ બતાવવા માટે આ લોહી પી જા." આ ગરીબ બાલિકા સૂગથી થથરતી હતી અને એ બિહામણાં પીણાંને હાથ લગાડવાની હિંમત નહોતી કરી શકતી. પણ એ સમયે, પ્રભુ, તેં મને સત્યની પૂર્ણ ચેતના અને શકિત બક્ષ્યાં. તે પ્યાલા તથા ચંબુમાં ખરેખર સ્ફટિક જેવું નિર્મળ પાણી હતું અને હું ઊભી હતી ત્યાંથી મને એ સ્પષ્ટ દેખાતું હતું પણ એ બાલિકા હજી આનાકાની કરતી હતી અને પેલો પુરુષ એને ટોણાં મારતો હતો અને કડવાં વેણ સુણાવતો હતો કે "શું તું હજી ધ્રૂજી રહી છે! આ તો હજી પહેલી જ કસોટી છે અને સૌથી સરળ, તો હવે પછી તું શું કરીશ?" પછી મેં પરિણામોની પરવા કર્યા વિના પેલો રાષ્ટ્રોનો માલીક ન

૧ રાષ્ટ્રોના માલીક એ અસુર છે, એટલે કે મનોમય પ્રાણની ભૂમિકાની વિરોધી હસ્તી છે. એના વિષે માતાજીએ ૧૯૫૩માં કહ્યું છે; "હમણાં પણ જે સત્ત્વો, જે આસુરિક સત્તાઓ પૃથ્વી સાથે સંકળાયેલી છે, તેમાં એક સૌથી મોટો અસુર છે અને તે પોતાને રાષ્ટ્રોના માલીક તરીકે ઓળખાવે છે. એણે આ સુંદર નામ ધારણ કર્યું છે, એ રાષ્ટ્રોનો માલીક છે. અહીં જ્યાં કયાંય ખોટું થાય છે ત્યાં એનો હાથ હોય છે એ તમે ખાત્રીપૂર્વક જાણી લો, કાંતો એ ત્યાં હોય છે અથવા એનો કોઈ પ્રતિનિધિ."

પ્રશ્નો અને ઉત્તરો ૧૯૫૩ (૧૦ જુન) પૃષ્ઠ ૯૮

સમજે એવી ભાષામાં તે બાલિકાને બૂમ પાડીને કહ્યું : "કોઈ પણ ભય વિના તું આ પી જા, એ કેવળ પાણી છે, શુદ્ધ પાણી, હું સોગંદપૂર્વક કહું છું." અને લોહીનો ભ્રમ દૂર કરતાં મારા શબ્દોમાં વિશ્વાસ મૂકીને એ બાલિકાએ શાંતિથી પીણું પીવાનું શરૂ કર્યું.

પણ જે જોમથી હું બોલી હતી તેથી તે રાષ્ટ્રોના માલીકને કાંઈક શંકા ગઈ, એણે મારી તરફ રોષથી જોયું અને મને ન બોલવું જોઈએ ત્યાં બોલવા માટે ઠપકો આપ્યો. તેનો મેં ઉત્તર આપ્યો. તેના પરિણામોની ચિંતા કર્યા વગર, એ પરિણામો અનિવાર્ય હતાં એ હું જાણતી હોવા છતાં, "હું જે બોલું છું એથી તમારે શું, કારણકે મેં યોજેલી ભાષા તમે સમજી શકશો નહિ!" ...........

અને પછી એ યાદગાર ઘટના બની ......................................

એ ખંડ એકાએક રાત્રી જેવો અંધારિયો બની ગયો અને આ રાત્રીમાં એક વધુ ઘેરો આકાર ઉપસી આવ્યો, એવો આકાર જેને હું સ્પષ્ટ જોઈ શકતી હતી, પરંતુ બીજો કોઈ તેને જોઈ શકે નહિ.

અંધકારની આ આકૃતિ મારી અંદર રહેલા સત્યના પ્રકાશની છાયા જેવી હતી.

તરત સંગ્રામ શરૂ થઈ ગયો. બિહામણા આમળો લેતા ખીજાયેલા સર્પ જેવા વાળ ધરાવતી એ હસ્તી દાંત ભીંસીને મારા તરફ ધસી આવી. એની એક આંગળીથી એણે જો મારું હૃદય જ્યાં છે ત્યાં મારા વક્ષસ્થળને સ્પર્શ કર્યો હોત તો જગત માટે ઘણી મોટી આફત સર્જાઈ હોત; અને મારે કોઈ પણ ભોગે એ સ્થિતિ ટાળવાની હતી. સત્યની તમામ શકિત મારી ચેતનામાં એકાગ્ર થઈ અને ત્રાસની શકિત જેવ આ અવિજેય શત્રુની સામે લાડવા માટે આનાથી કાંઈ ઓછું ચાલે એમ નહોતું!

એની સહન શકિત અને લડવાની તાકાત નોંધપાત્ર હતી. અંતે સંગ્રામની પરમ ક્ષણ આવી. અમે એકબીજાની એટલા તો નિકટ આવી ગયા હતા કે અમે એક બીજાનો સ્પર્શ ન કરીએ તે અસંભવ હતું અને તેની સીધી આંગળીઓ મારી નજીક આવી રહી હતી, મારા વક્ષસ્થળમાં ભીતિ જન્માવતી ... ...

બસ આજ ક્ષણે રાષ્ટ્રોના માલીક જે આ કરુણ સંગ્રામનું કશું જ જોઈ શકતા ન હોતા તેમણે પોતાની બાજુના એક નાના ટેબલ પરથી કાંઈક લેવા માટે પોતાનો હાથ લંબાવ્યો. આ હાથ અજાણ્યે મારા શત્રુ અને મારી વચ્ચેથી પસાર થયો. અને પછી

હું એનો ટેકો લઈ શકી અને ત્રાસની શકિત તો આ ક્ષણે ચોક્કસપણે પરાજિત થઈને, જોમ વગરની ખાલીખમ બનીને કાળી રજકણની જેમ જમીનદોસ્ત થઈ ચૂકી હતી.

પછી સિંહાસન પર બેઠેલા તે પુરુષને પીછાણીને તેની શકિતને મેં નમન કર્યું તેના ખભે મેં મારું મસ્તક મૂકયું, અને આનંદપૂર્વક એને કહ્યું,, "આપણે ભેગા મળીને ત્રાસની શકિત પર વિજય મેળવ્યો છે."

આવું મારું સ્વપ્ન હતું. એની સાથે તમે મને એની પૂરી સમજ આપી હતી. આ સર્વ માટે, આ અમૂલ્ય બક્ષીસ માટે હું તમારી કૃતજ્ઞ છું.

**૩૧ જાન્યુઆર – ૧ ફેબ્રુઆરી (૧૯૫૧)**

*

## મારા વિષે

હું કોઈ રાષ્ટ્ર, કોઈ સભ્યતા, કોઈ સમુદાય કે કોઈ જાતિ સાથે જોડાયેલી નથી પણ ભગવાન સાથે જોડાયેલી છું.

હું કોઈ માલીક કે શાસક કે કાનૂન કે સામાજિક પરંપરાને અનુસરતી નથી પણ ભગવાનને અનુસરું છું.

ભગવાનને મેં બધું જ સમર્પી દીધું છે, મારો સંકલ્પ, જીવન અને આત્મા જો તેઓ ચાહે તો એમને માટે મારાં રકતનું બિંદુએ બિંદુ સમર્પવાને હું તૈયાર છું, અને એ સમર્પણ કોઈ બલિદાન નહિ હોય કારણકે એમની સેવામાં સર્વ કાંઈ પૂર્ણ આનંદમય બની ગયું હોય છે.

*

# શબ્દ સૂચી


**અ**

**અસંતુષ્ટ કામનાઓ**
સ્વપ્નોમાં તુષ્ટિ, ૨૧૩
**અદ્વૈતની સાધના**
અન્યની સલાહ, ૨૧૧
**અહંભાવ**
વ્યકિતનો અને વિશ્વનો, ૨૨૧
**અર્થઘટન**
સ્વપ્નોનું–બૌદ્ધિક સાવધાની, ૨૧૭
**અલગ વ્યકિતતા**
– છે જ નહિ, ૨૩૨
**અપૂર્ણતાનું કારણ**
સર્વસામાન્ય અને વ્યકિતગત, ૨૩૨
**અભીપ્સાની અવગણના,** ૨૩૦
**અનન્ય કાર્ય**
કેવળ અમુક વ્યકિતનું જ ૨૨૮
**અધમ અને ઊર્ધ્વ અવસ્થાઓ**
એકમાંથી બીજામાં જવાના માર્ગ, ૨૨૫.
**અર્થહીન શબ્દો,** ૨૪૧
**અગ્રદૂતો**
માનવ પ્રવૃત્તિના, ૨૫૨
**અતિમાનવત્વ**
પ્રાપ્ત કરવાનો સાચો માર્ગ, ૨૫૪
**અતિમાનવ,** ૨૪૯-૨૫૧, ૨૫૪,
૨૫૬-૨૫૭,
**અગ્નિની અભિવ્યકિત,** ૨૭૩
**અસ્વસ્થતા,** ૨૮૩
**અહંકાર,** ૨૮૭-૨૮૮
અને શંકા, ૨૮૬
**અનિષ્ટ,** ૨૮૮
**અસંભવ,** ૨૯૯
**અદેખાઇ,** ૩૦૨
**અપાત્રતા,** ૩૦૦
**અગવડ,** ૩૦૦
**અધિરાઈ,** ૨૯૯
**અપૂર્ણતા,** ૨૯૯-૩૦૦
**અજ્ઞાન,** ૨૯૮
**અવરોધ,** ૩૧૭
**અવાજ,** ૩૧૩
**અભિપ્રાયો,** ૩૧૯
**આકર્ષણ,**
વેદનાનું - નો ઈલાજ ૨૩૭
**આળસ,** ૩૦૬

**આ**

**આનુવંશિકતાનાં બંધન,** ૨૪૭
**આત્મ નિવેદન,** ૨૦૮
**આત્મ સંયમ,** ૧-૭
**આત્મ સમર્પણ,** ૨૨૪
**આત્મ બલિદાન,** ૨૩૬
**આત્મ ત્યાગ,** ૨૩૭
**આત્મ નિરીક્ષણ,** ૨૧૪
**આત્મા,** ૩૦૫
**આધ્યાત્મિક વાતાવરણ,**
શબ્દોની આપ-લે કરતાં વધુ સહાયક, ૨૩૯
**આદર્શ,** ૨૯૮
–નો વ્યકિતરૂપ પ્રતિનિધિ, ૨૧૦
– નો ઉપદેશ, ૨૧૦

**આદર્શ સમાજ**, ૨૦૯
**આદર્શો**
રાજપુરુષ વગેરેના, ૧૪૨-૧૬૫
**આદર્શ પ્રેમની કૃપા**, ૧૮૯-૧૯૧
**આધુનિક મનોદશા અને શબ્દબ્રહ્મ**, ૨૦૯
**આરામ**, ૩૪૧
**આરોહણ**, અગમ્ય પ્રતિ ૨૨૧
**આરોહણનું આદર્શ સોપાન**, ૧૭૬-૧૭૯
**આશા અને હિંમત**, ૨૨૫
**આસક્તિ**, ૨૩૭
**આનંદ**, ૨૯૦, ૩૦૩
**આપણી પ્રાર્થના** ૩૧૯, ૩૨૦
**આપત્તિ**, ૩૩૪
**આવિર્ભાવ**, ૩૧૧
**આરોહણનાં સોપાનો :** મર્યાદાઓ ૧૬૯, ૧૭૬
**આરોહણનાં સાત સોપાન**, ૧૬૬, ૧૬૯
**આશ્રય**, ૩૪૦

## ઈ

**ઈન્દ્રિયગમ્ય છાપો અને છાયાઓ**
–ની પ્રતિકૃતિઓ ૨૧૩
**ઈલાજ**, ૩૪૧

## ઉ

**ઉદાહરણ**, ૩૨૪
**ઉપહાસ**, ૩૧૩
**ઉચ્ચાર** : શબ્દબ્રહ્મનો, ૨૦૯

## ઊ

**ઊંચાઈ અને ગહનતા**, ૨૯૫

## એ

**એકાગ્રતા**, ૨૭૯, ૩૪૧, ૩૪૨
અભાન, ૨૧૫
અને આંતર સભાનતા, ૨૬૬
–ની તાલીમની નિદ્રામાં : અસર, ૨૧૮
**એકાંતવાસ અને મૌન**, ૨૬૫

## ઓ

**ઓમ્**, ૨૪૩
**ઓળખ**, ૩૪૦

## ઔ

**ઔચિત્ય**, ૩૦૪

## અં

**અંતઃસ્ફુરણા**, ૨૫૨–૨૫૩
**અંતઃસ્વરૂપ**, ૨૧૪
**અંતર્યામી**, ૩૦૨
**અંતરમાંની દિવ્યતા**, ૨૧૧
**અંતર અને બહાર**, ૩૦૧

## ક

**કર્મ**, ૩૦૪
**કાર્ય** – વ્યકિતનું, ૨૧૦
**કાળજી**, ૩૩૩
**કામના**
વ્યકિતતાને વિસ્તૃત કરવાની, ૨૩૨
**કામનાઓ**, ૨૩૦
**કાલી**, ૩૦૪

**કુટુંબ,** ૮૭–૯૭
**કેન્દ્રસ્થ મુશ્કેલી,** ૨૩૪
**કોષાણુઓ : ભૌતિક મનના**
વડે પ્રતિકૃતિઓનું ઘડતર, ૨૧૩
**કૃષ્ણ,** ૩૦૫
**કૃપા,** ૨૯૩–૨૯૪
**કૃતજ્ઞતા,** ૨૯૪

**ખ**

**ખામીઓ,** ૨૭૫
**ખુલ્લાપણું,** ૩૧૮
**ખોરાક,** ૨૯૧
**ખંત,** ૨૭–૩૧

**ગ**

**ગમા–અણગમા,** ૩૦૭
**ગતિ,** ૩૧૪
**ગૂઢદ્વાર,** ૩૧૫
**ગ્રહણશીલતા,** ૩૪૦
**ગપસપ,** ૨૯૩
**ગુરુકુળો,** ૨૬૫

**ઘ**

**ઘટનાને અનુરૂપ પદાર્થ,** ૨૬૯
ઘૃણા, ૨૯૫

**ચ**

**ચમત્કાર,** ૩૧૩
**ચર્ચા,** ૨૮૩
**ચિંતનના પ્રકાર**
સ્ત્રીઓ અને પુરુષોના, ૨૬૮
**ચૈત્ય સત્તા** ૩૨૮

**છ**

**છેતરામણ,** ૨૯૦

**જ**

**જાપાન**
–ની વિશિષ્ટતા, ૨૫૯
–નાં સંસ્મરણો, ૨૫૮, ૨૫૯
**જાણકારી**
વ્યક્તિના નિર્મિત કાર્યની, ૨૨૯
**જાગ્રત અવસ્થા**
સહસા પ્રાપ્ત ન કરવી, ૨૧૯
**જીવન,** ૩૦૬
**જ્યોતિ :** રૂપાંતરકારી, ૨૨૮

**ઝ**

**ઝગડાઓ,** ૩૩૯

**ત**

**તમસ્,** ૩૧૭
**તત્ત્વજ્ઞાન,** ૩૨૩
**તર્કબુદ્ધિ,** ૩૦૭
**તાઓ અને ઓમ્ ,** ૨૪૩
**તાદાત્મ્ય**
દિવ્ય ચેતના અને સંકલ્પ સાથે, ૨૩૨
**તાદાત્મ્યની ખોટી રીત**
વસ્તુઓનું કેન્દ્ર બનાવવામાં, ૨૩૨
**તાદાત્મ્યની પ્રાપ્તિની જરૂર,** ૨૩૨
**તાલીમ :** એકાગ્રતાને, જાગ્રત અવસ્થામાં, ૨૧૮
આંતર સ્વરૂપ અને સ્થૂલ મનનો ભેદ ૨૧૭
**ત્યાગ,** ૩૪૧

**થ**

**થાક,** સ્વપ્નોનો નિરર્થક, ૨૧૪

**દ**

**દાતા,** ૧૧૫-૧૧૮
**દિવ્યતા,** અંતરમાંની - , ૨૧૧
**દુ:ખ,** ૩૧૩-૩૨૦
**દંભ,** ૩૨૫
**દષ્ટાંત રૂપ સમાજ,** ૨૧૦

**ધ**

**ધર્મ,** ૩૪૧
**ધર્મપંથોનું ભાવિ,** ૨૫૫
**ધાતુરૂપ ઉદ્‌ગારો,**
વિચાર અને શબ્દોના પાયા, ૨૪૨
**ધારાઓ - બે સમાંતર,** ૨૪૮-૨૪૯
આત્મસભાનતા, આત્મ નિવેદન
**ધીરજ અને ખંત,** ૨૭-૩૧
**ધીરજ,** ૩૨૦
**ધોળો હાથી,** ૯૦-૧૦૦
**ધ્યેય પોતાની અંદર છે,** ૨૨૧

**ન**

**નવાં સ્વરૂપો,** ૨૫૭
**નમ્રતા,** ૩૨૫
**નવીનતા,** ૩૧૬
**નવીન જીવજાતિ,** ૨૫૧
**નાટક :** સત્ય પ્રતિ આરોહણ, ૧૫૬-૧૭૯
- ભાવિ તરફ, ૧૨૧-૧૪૦
-મહારહસ્ય, ૧૪૧-૧૬૫
**નિકટતા,** ૩૧૫
**નિરર્થક સ્વપ્નો**
અટકાવવાની રીત, ૨૧૪
- નિરૂપયોગી અને થકવનાર, ૨૧૪
**નિદ્રાની ગહરાઈઓ,** ૨૯૩
**નિદ્રા :** ભૌતિક, ૨૧૨
**નિદ્રા અને સ્વપ્નો,** ૨૧૨
- વિષે વૈજ્ઞાનિક પ્રયોગો, ૨૧૨
**નિ:સ્વપ્ન નિદ્રા,** ૨૧૨
**નિષ્ફળતા અને સફળતા**
- માં પ્રભુ કૃપાની હાજરી, ૨૮૮
**નિર્મિત કાર્ય વિષે સભાનતા,** ૨૨૯
**નિ:સ્વાર્થ કર્મ, પ્રકાશ માટે,** ૨૩૧
**નિત્યકર્મ પ્રકાશ માટે,** ૨૨૮, ૨૨૯
**નિર્લેપ ભાવ,** ૨૩૭
**નિરાશા,** ૨૯૦
**નીરવતા,** ૩૩૯
**નીલમકથા,** ૧૮૬-૧૯૧
**નૈતિકતા,** ૩૧૪
**નૈતિક પ્રશ્ન,** ૨૫૬
**નોંધ :** સ્વપ્નોનાં સ્મરણોની, ૨૧૯
**ન્યાય,** ૩૦૩

**પ**

**પરમ જ્યોતિ,** ૩૫૦
**પરિસ્થિતિ**
-ની વ્યકિત ઉપર અસર, ૨૧૦
**પરિસ્થિતિનું મૂલ્ય**
વ્યકિતના મૂલ્ય ઉપર આધારિત ૨૧૦-૨૧૧
**પરમ શોધ,** ૨૨૧
**પક્ષપાત,** ૩૨૦
**પસંદગી,** ૩૩૬-૩૩૭

**પરિવર્તન**, ૩૩૪, ૩૩૫
**પાણીદાર શબ્દો**, ૨૪૨
**પીછેહઠ**; ૩૪૦
**પુરુષ અને સ્ત્રી : અસમતુલા**, ૨૪૯
**પૂર્વગ્રહો અને વહેમો**, ૨૬૪
**પૂર્ણતા**, ૩૨૨–૩૨૩
**પૂર્ણ સાક્ષાત્કાર**. ૩૦૨
**પૂકાર**, ૩૩૩
**પૈસા**, ૩૧૩, ૩૧૪.
**પ્રણાલીગત વિચાર**, ૨૬૨
**પ્રભુના સામ્રાજ્યની સ્થાપના**, ૨૦૯
**પ્રભુની સંનિધિ** – વિષે સભાનતા
**પ્રભુત્વ**, ૩૧૨
**પ્રભુ**, ૩૦૮
**પ્રસન્નતા**, ૧૮-૨૧
**પ્રતિભા**, ૨૯૨
**પ્રક્રિયા**, ૩૨૫-૩૨૬
**પ્રગતિ**, ૩૨૬-૩૨૭
**પ્રશ્નો**, ૩૩૯
**પ્રકૃતિ**, ૩૧૫
**પ્રકાશ**, ૩૦૭
**પ્રગતિ**, ૨૯૧-૨૯૨
**પ્રભુ પ્રત્યે આરોહણ**,
ત્રણ પદ્ધતિ - સત્યનો, પ્રભુનો, માનવજાતિનો પ્રેમ. ૩૪૫-૩૪૭
**પ્રયત્ન**, ૨૮૬
**પ્રાણશક્તિનું માધ્યમ**, ૨૭૪
**પ્રાર્થના**, ૩૨૪
**પ્રેમ**, ૩૦૮-૩૧૦
**પૃથ્વી**, ૨૮૬

## બ

**બાળક**, ૩૩૫-૩૩૬
**બાહ્ય પરિસ્થિતિ** :
સ્વપ્નોનો આધાર, ૨૧૪
**બુદ્ધિ**, ૩૦૨-૩૪૦
**બોધિજ્ઞાનનું સ્વરૂપ**, ૨૬૬
**બ્રહ્માંડ ગોલકનું સંગીત**, ૨૨૭

## ભ

**ભય**, ૨૯૧
વિશાળતાનો - ૨૩૩
– અને મૃત્યુ, ૨૮૦
**ભવિષ્યવાણી**, ૩૨૮
**ભગવાન** અને આપણે, ૨૮૩–૨૮૬
**ભાવના** : અદ્વૈતની–૨૪૦
–સર્વભૂતમાં ઈશ્વરની, સ્વરૂપની, ૨૨૨.
**ભાવ પ્રગટ કરવાની શક્તિ**
પશ્ચિમની ભાષામાં ઓછી છે. ૨૪૩.
**ભાગવત દિવ્યતા** : અંતરમાંની, ૨૨૪
**ભૂતકાળ અને ભવિષ્ય**, ૩૨૦
**ભૂલો**, ૩૧૩
–સત્ય પ્રતિ પ્રયાસ રૂપ, ૨૫૭.
**ભૌતિક પદાર્થ**, ૩૧૨
**ભૌતિક મનના કોષાણુઓ**, ૨૧૩
**ભ્રમ** : અહંભાવનો, ૨૩૨.

## મ

**મગજ**
–ની તરજામો કરવાની પ્રવૃતિ, વિકૃત–૨૧૬
**મતાગ્રહ**, ૨૮૬
**મનની પ્રવૃત્તિ** : સ્વપ્નમાં, ૨૧૨
**મનોમય અંશનો સભાન પ્રક્ષેપ**, ૨૭૪

**મનોમય સમન્વય.** ૨૨૧
**મનુષ્ય,** ૩૧૦–૩૧૧
વચગાળાનું સ્વરૂપ, ૩૦૨.
–ની ઉદ્દંડ તોફાની વૃત્તિઓ, ૧
**મર્યાદાઓ,** ૩૦૭
**માનવ સ્વભાવ,** ૨૯૭
**માતૃત્વનો આદર્શ,** ૨૪૬
**માનસિક સચ્ચાઈ,** ૨૬૨
**માપદંડ :** નિર્ણયનો-૨૭૫
**માતાજી**
પોતાને વિષે, ૨૯૬, ૩૧૮, ૩૫૬
આપણી સાથે, ૨૯૬
ની–આપણે માટેની જવાબદારી, ૨૯૬.
વિવિધ સ્તરો ઉપર ૨૯૫
**માલિકી,** ૩૨૪
**મિત્ર,** ૨૯૨
**મુક્ત સ્વપ્નો,** ૨૧૪
**મુક્તિ,** ૩૦૬
**મુશ્કેલ,**
ભાગવત ચેતનાની બહારનું,-૨૮૨
**મુશ્કેલીઓ,** ૨૮૦-૨૮૨
**મંડળોની રચના,** ૨૩૮-૨૩૯
અને શરતો, ૨૩૯
**મંત્રો,** ૨૪૩
**માંદગી,** ૨૯૯
અને ભય, ૨૯૯
**મૃત્યુની ટેવ,** ૨૮૦
**મન – યાંત્રિક ભૌતિક**
–ની સ્વપ્નમાં પ્રવૃત્તિ, ૨૧૩

**ર**

**રચનાઓ:**
શબ્દોની-દ્વારા શક્તિ, ૨૪૩
**રચના અને વિનાશ,** ૭૦-૭૬
**રાષ્ટ્ર,** ૩૧૫
**રાત્રિની પ્રવૃત્તિની સજ્ઞાનતા,** ૨૧૮
**રાત્રિનાં ક્ષેત્રો,** ૨૧૭
**રીઢા લોકો,** ૨૩૭
**રૂપોનું ઘડતર :** વિચાર વડે, ૨૭૧
**રૂપઘડતરનાં સક્રિય કેન્દ્રો,**
કામનાઓ, ૨૧૩
**રૂપપરિવર્તનો,** ૨૧૬
**રૂપાંતરની પ્રક્રિયા,** ૨૦૯, ૨૧૦
**રૂપાંતર : સ્વપ્નોનું–,** ૨૧૫
– વ્યક્તિગત, ૨૧૦
સામાજિક, ૨૧૦
**રેતીનો કણ અને વિશ્વ,** ૨૬૮
**રંગાનંદ,** ૯૮

**લ**

**લક્ષ્ય:** ૩૧૭, ૨૯૨
**લગ્ન,** ૩૧૨
**લાભ અને હાનિ:** ૩૦૮
**લાંબો પંથ,** ૩૦૭

**વ**

**વરદાનો,** ૨૪૪
**વલણ :** રૂઢિચુસ્ત, ૨૩૩,
પ્રેમનું–રૂપાંતરકારી, ઈ., ૨૨૩,
**વાર્તા :** એક નેતાની, ૧૯૩–૧૯૯
**વિકૃતિ,** ૩૨૩
**વિચારનું સ્વામીત્વ,**
પ્રાપ્ત કરવાની શરતો અને ભલામણો, ૨૪૦–૨૪૧
**વિચારો : જીવંત અસ્તિત્વો**

૨૬૧, ૨૭૧, ૨૯૮
**વિચાર દર્શન-પ્રકાશ**, ૨૬૯
**વિચાર, ઉલ્કાનો સ્રોત**, ૨૬૯
**વિચાર એક સચેતન પ્રવૃત્તિ**, ૨૭૪
અવચેતનની અવસ્થામાંથી માર્ગ-૨૬૯
**વિચાર વિષે વાતચીત**, ૨૦૦-૨૦૮
**વિચારનો સંચાર** ૨૬૯
**વિચાર કયાંથી આવે છે** ૨૬૯
**વિચારનું આગવું મૂલ્ય**, ૨૬૪
**વિચારની કક્ષાનું દ્રવ્ય**,૨૭૦
**વિચારો અને લાલસા**, ૨૭૨
**વિજયો :** વ્યકિતગત, સામૂહિક,
વિધાયક, ક્રિયાશીલ,
નિષેધક, નિષ્ક્રિય, ૨૭૩
**વિનમ્રતા**, ૧૦૧-૧૦૯
**વિવેક**, ૪૦-૪૪
**વિશ્વ ઉદ્ધારકો**
માટેનાં વચગાળાનાં સ્વરૂપો, ૨૫૭.
**વિશ્વની ગાથા**, ૨૨૭
**વિશ્વ સંગીતની સંવાદિતા**, ૨૧૦, ૨૦૯
**વિશ્વ શકિતના અપ્રગટ સ્રોતો**, ૨૦૯
**વિરોધ**, ૩૧૯, ૨૭૯
ના સમન્વય, ૨૮૦
**વિરોધી બળો**, ૨૯૬, ૨૯૭
**વિશિષ્ટ સ્વભાવ**, ૨૨૯
– મુશ્કેલ, ૨૩૪
**વંદના**, ૨૩૫-૨૩૬
**વ્યકિત**, ૨૧૧, ૨૧૦, ૨૨૮, ૨૨૯, ૩૦૦-૩૦૧, ૨૧૦, ૨૬૬, ૨૩૨
**વ્યાયામ**, સ્વપ્નો સ્મૃતિ માટે, ૨૧૯
**વૃંદ સંગીતમાં વ્યકિતનું સ્થાન**, ૨૧૦

## સ

**સગર્ભાવસ્થા**, ૨૪૭
**સચ્ચાઈ**, ૩૦૩, ૪૫-૪૭
**સચેતના :** પ્રભુના સાંનિધ્યની, ૨૦૯
**સર્જક વિચાર :** જીવંત અસ્તિત્વ, ૨૭૦
**સમન્વય :–** સમસ્ત જ્ઞાનનો, ૨૦૯
– મનનો, ૨૨૧
**સમભાવ**, ૭૬-૮૬
**સમસ્યા**, ૩૨૫
**સમાજની પુનર્રચના**, ૨૧૦
**સભાનતા :** નિદ્રામાં, ૨૧૪, ૨૧૮
: અંતરની, ૨૨૮
**સનાતન શબ્દબ્રહ્મ**, ૨૦૯
**સત્ય**, ૨૬૭, ૨૬૫
**સદ્દગુણો**, ૩૩૮
**સહયોગ**, ૨૭૮
**સાચા સેવકો**, ૨૨૪
**સાચી આવશ્યકતા**, ૩૧૫
– વિનમ્રતા, ૨૯૭
– સહાય, ૨૯૫
**સાચો નિર્ણય**, ૫૮-૬૩
**સામાન્ય ઉદ્દેશ**, ૨૦૯-૨૧૦
**સાદું જીવન**, ૩૨-૩૯
**સાક્ષાત્કાર**, ૩૩૯
**સાક્ષીત્વ**, ૨૧૭
**સામીપ્ય**, ૨૭૮
**સામૂરાઈ**, ૨૫૯
**સાપેક્ષતા**, ૩૪૦
**સ્ત્રીઓ :** જાપાનની, ૨૪૬

–નું વસ્તવિક ચિંતન, ૨૬૮
–નું બૌદ્ધિક કર્તવ્ય, ૨૬૮
**સ્પંદન અને માધ્યમ**, ૨૬૯
**સ્મરણ**, ૩૪૧
**સ્વતંત્ર વિચાર**, ૨૬૯
**સ્વપ્નો**
સંકલ્પનો અંકુશ, ૨૧૩–૨૧૪
–ઉપર કાબૂ, ૨૧૮,
–માં સભાનતા, સ્મૃતિ, ૨૧૮,
–નાં સર્વસામાન્ય અર્થો, ૨૧૬
વિષે વહેમો, ૨૧૬
–ની કક્ષાઓ, ૨૧૩
–ની ફલદાયી પ્રવૃત્તિ, ૨૧૩
–ની જાણકારી, ૨૧૩
અને કામના, ૨૧૩
–ભવિષ્ય દર્શક, ૨૨૦
–અને સૂક્ષ્મ દર્શનો
–ના અર્થ, ૨૧૬
–ત્રણ સ્વપ્ન, ૩૫૧–૩૫૬
**સ્વરૂપનું કેન્દ્ર**, ૨૨૯
**સ્વતંત્રતા**, ૨૯૨
**સ્વભાવગત ચેતના અને અવચેતના**, ૨૧૫
**સ્વાશ્રય**, ૨૨–૨૬
**સ્વામીત્વ :** વિચારનુ–૨૪૦
**સ્વાર્પણ**, ૩૧૭
**સુખ**, ૨૯૪
**સુત્રો અને મંત્રો**, ૨૪૩
**સંકલ્પ બળ**, ૨૪૭
**સંખ્યા**, ૩૧૭
**સંગીત**, ૩૧૫
**સંજોગો**, ૩૩૬–૩૩૮
**સંપર્ક**, વિશ્વ શકિત સાથે, ૨૦૯
**સંબંધ**, ૨૪૦
**સંરક્ષણ**, ૩૨૮
**સંવાદિતા**, ૨૭૫
**સંવેદનશીલતા**, ૨૩૫,
**સંયોજનો** ; પૂર્વ નિર્ણિત, ૨૩૯
**સંસ્થાઓ**, ૨૩૯
**સંશય** ૨૮૬
**સ્મૃતિ**, સ્વપ્નોની, ૨૧૮, ૨૧૯
**સંસ્કૃતિનો અંત**, ૨૪૮
**સુવ્યવસ્થા**, ૬૪–૬૯

**શ**

**શકિત**, ૩૨૫, ૨૮૮
**શબ્દો**
–નું મૂળ, ૨૪૨
–રૂઢોના બળવાળા, ૨૪૨
–જીવંત વિચારોના, ૨૪૩
**શારીરિક તાલીમ**, ૩૨૩
–ભય, ૨૯૧
**શિસ્ત**, ૨૮૨
**શુભ** ૨૯૩
**શૂન્યનો કિલ્લો**, ૧૮૪–૧૮૫
**શાંતિ અને સમતા** ૩૩૩, ૩૨૧–૩૨૨
**શ્રદ્ધા** ૨૮૮–૨૯૦

**હ**

**હાજરી**, ૩૨૪
**હેતુ**, ૩૧૪
**હિંમત**, ૮–૧૭
'હું'–એક વ્યકિતમાં અનેક–૨૯૮
**હોકાયંત્ર** : અંતરની શોધનું, ૨૩૦

**ક્ષ**

**ક્ષતિપૂર્ણ કાર્ય** : મનનું, ૨૧૪

**જ્ઞ**

**જ્ઞાન** : અવચેતનામાં ૨૧૫
વિજય, ૧૧૦–૧૧૪
**જ્ઞાન**, ૩૦૪